View metadata, citation and similar papers at core.ac.uk

brought to you by CORE

provided by Etheses - A Saurashtra University Library Service

# Saurashtra University

Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Shukla, Harendra L., 2010, *કુંડલ પુરાણનું સાંસ્કૃતિક અધ્યયન*, thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/eprint/293

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

રજી. નં. ૩૦૭૫ શ્રીઃ તા.૧૭-૧૨-૨૦૦૩

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટની વિનયન વિદ્યાશાખાની**

**સંસ્કૃત વિષયમાં પીએચ.ડી. (Ph.D.) પદવી માટે રજૂ થનાર**

**મહાનિબંધ**

● શીર્ષક ●

# કંડુલ પુરાણનું સાંસ્કૃતિક અધ્યયન

(A Cultural Study of Kaṇḍula Purāṇa)

● પ્રસ્તુતકર્તા ●


પ્રા. હરેન્દ્ર એલ. શુક્લ

વ્યાખ્યાતા, સંસ્કૃત વિભાગ,

શ્રી ડી.વી. રાવલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ,

હળવદ, જિ. સુરેન્દ્રનગર


● માર્ગદર્શક ●


ડૉ. હંસાબેન હિંડોચા

પૂર્વ અધ્યક્ષા, સંસ્કૃત ભવન,

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,

રાજકોટ



જૂન ૨૦૧૦

## <u>પ્રખ્યાપન</u>

## (Declaration)

આથી હું પ્રતિજ્ઞાપૂર્વક જાહેર કરું છું કે પ્રસ્તુત મહાનિબંધ (thesis) રૂપે રજૂ થનારું સંશોધન કાર્ય મેં સંલગ્ન ગ્રન્થ સૂચિમાં નિર્દિષ્ટ મૂળ ગ્રંથો અને સંદર્ભ ગ્રંથોના આધારે તૈયાર કર્યું છે તેમાં આવતાં નિરૂપણ અને નિષ્કર્ષ સંપૂર્ણપણે મૌલિક છે. તેની મૌલિકતાની ખાતરીપૂર્વક જાહેરાત કરું છું. આ શોધકાર્યમાં રજૂ થયેલાં મંતવ્યો અને વિગતો માટેની જવાબદારી મારી પોતાની જ છે. મારી માન્યતા અને ઋણ અનુસાર પ્રસ્તુત સંશોધન અભ્યાસ કોઈપણ પ્રકારની પદવી માટે આ યુનિવર્સિટી કે અન્ય કોઈ યુનિવર્સિટીમાં રજૂ કરવામાં આવેલ નથી.

તા.  -૬-૨૦૧૦ **(પ્રા. હરેન્દ્ર એલ. શુક્લ)**

સ્થળ : રાજકોટ

<u>**પ્રમાણપત્ર**</u>

આથી હું પ્રમાણિત કરું છું કે પ્રા. હરેન્દ્ર એલ. શુક્લ દ્વારા પ્રસ્તુત થનાર મહાનિબંધ (thesis) **"કંડુલ પુરાણનું સાંસ્કૃતિક અધ્યયન"** તેમનું મૌલિક અને સ્વતંત્ર સંશોધનકાર્ય છે. આ સંશોધન તેમણે મારા માર્ગદર્શન નીચે આવશ્યક અભ્યાસ-પરામર્શન અને સૂચનો દ્વારા તૈયાર કરેલ છે.

તા. -૬-૨૦૧૦
સ્થળ : રાજકોટ

**(પ્રા. ડૉ. હંસાબેન હિંડોચા)**
પૂર્વ અધ્યક્ષા
સંસ્કૃત ભવન
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ (સૌરાષ્ટ્ર)

# નિવેદન

હું નરેન્દ્ર લાભશંકર શુક્લ મારા માતા-પિતા તથા ગુરદેવોને વંદન કરી નમ્રતાપૂર્વક સવિનય નિવેદન કરું છું કે, મારો જન્મ જામનગર-છોટી કાશીમાં થયો. પ્રાથમિકથી ઉચ્ચ શિક્ષણ સુધીનો અભ્યાસ જામનગરની શૈક્ષણિક સંસ્થાઓમાં કર્યો.

અભ્યાસ દરમ્યાન ગુરુદેવો પાસેથી પ્રેરણા મળી. એમ.એ. નો અભ્યાસ કરવા સંસ્કૃત એકેડેમી દ્વારકા ગયો અને ત્યાં અભ્યાસ કર્યો. ડૉ. શ્રી એમ. આઈ. પ્રજાપતિ સાહેબ તથા ડૉ. હંસાબહેન હિંડોચા પાસે અભ્યાસ કર્યો. મારા જીવન ઘડતરમાં આ મારા માતા-પિતા તુલ્ય શ્રી એમ. આઈ. પ્રજાપતિ સાહેબ તથા તેમના ધર્મપત્ની શ્રી પૂ. શારદાબહેન તેમજ મારા ગુરુ-માર્ગદર્શક-મોટાં બહેન સમાન ડૉ શ્રી હંસાબેન હિંડોચાનો ફાળો વિશેષ છે. તેમની પાસેથી મને સંશોધન અંગેની સંપૂર્ણ પ્રેરણા મળી છે. અમારી સંસ્કૃત એકેડેમી સંશોધનનું કેન્દ્ર છે. ત્યાંના અભ્યાસુ વાતાવરણમાં અનેક શાસ્ત્રો-ગ્રંથો વાંચવાની મને તક મળી તેમજ મારી સંશોધનની દૃષ્ટિનો વિકાસ થયો.

M.A..ના અભ્યાસ પછી શ્રી શારદાપીઠ કૉલેજ - દ્વારકાના પ્રિ. શ્રી સુરેશભાઈ કે. દવે સાહેબના માર્ગદર્શન પ્રમાણે યુ.જી.સી.ના સંશોધન પ્રોજેક્ટ ''પુરાણોમાં ગુજરાત દર્શન'' આ પ્રોજેક્ટમાં જુનિયર રીસર્ચ ફેલો તરીકે લગભગ બે વર્ષ સુધી સંશોધન કાર્ય કર્યું. આ કાર્ય દરમ્યાન કાલિકા પુરાણ, નાંદિ પુરાણ, વાલખિલ્ય પુરાણ, વાયુ પુરાણ, શ્રીમાળ પુરાણ, સ્કંદ પુરાણ જેવાં અનેક પુરાણોનો અભ્યાસ કરાની મને તક મળી. જ્ઞાતિ-ઉપપુરાણોના સંશોધન કાર્ય અંગે, ભો.જે. વિદ્યાલય, વેદવિજ્ઞાન અકાદમી, એલ.ડી., M.S. યુનિ. વગેરે સ્થળે જવાનું થયું અને લગભગ ૭-૮ પુરાણોનું સંશોધન કાર્ય કર્યું. આ સમય દરમ્યાન ડૉ. શ્રી ડી. જી. વેદિયા સાહેબ, ડૉ. આર. ટી. વ્યાસ, ડૉ. રમેશ બેટાઈ, ડૉ. નારાયણ કંસારા વગેરે સાહેબો પાસેથી સંશોધનનું માર્ગદર્શન મળ્યું. આ સમય દરમ્યાન જ્ઞાતિ-પુરાણમાં Ph.D. થવાની ઇચ્છા થઇ. મને કંડુલ પુરાણ પ્રાપ્ત થયું, અને આ પુરાણ પર મેં સંશોધન

કરવાનું નક્કી કર્યું. આ કાર્ય કરતાં કરતાં કૌટુંબિક અને સામાજિક જવાબદારીને કારણે તેમજ મારી માંદગીને કારણે વિલંબ થયો છતાં મેં કાર્ય ચાલુ રાખ્યું. મારા આ કાર્યમાં મારા ગુરુ શ્રી પ્રજાપતિ સાહેબ તથા મારા ગુરુ-માર્ગદર્શક શ્રી હંસાબહેન પાસેથી પ્રેરણા અને માર્ગદર્શન પ્રાપ્ત થયાં. તેને કારણે આ કાર્ય પૂરું કરી શક્યો છું. આ તકે મારા ગુરુજનો ડૉ. હંસાબેન તથા ડૉ. પ્રજાપતિ સાહેબનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. મારા આ કાર્યમાં મને પ્રેરણા પૂરી પાડનાર વિદ્વાન ડૉ. ડી. જી. વેદિયા સાહેબ, ડૉ. શ્રી વ્યાસ સાહેબ, ડૉ. બેટાઇ સાહેબ તથા મારા પરમમિત્ર ડૉ. નવનીતભાઈ જોષી સાહેબનો, ડૉ. મનસુખ મોલિયા તેમજ મારા ગુરુજનો, સુજ્ઞ મિત્રોનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

મારા આ કાર્યમાં મને વિશેષ પ્રેરણા-હૂંફ આપનાર મારાં ધર્મ પત્ની શ્રીમતી પૂજાબેન શુક્લનો પણ ખાસ આભાર વ્યક્ત કરું છું. તેમણે આ સમય દરમ્યાન મને મારા અભ્યાસમાં વિશેષ સાથ-સહકાર આપ્યો છે. આ ઉપરાંત મારા સ્વ. માતા-પિતા શાંતાબેન લાભશંકર શુક્લ તેમજ મારા સાસુ-સસરા સ્વ. હર્ષાબેન અરુણભાઈ દવે એ પણ મને પ્રેરણા આપેલી. તેમનો તથા મારો વ્હાલનો દરિયો મારી દિકરી અ.સૌ. જૈમિની યોગેશકુમાર તથા ચિ. હિમાની તથા મારા કુટુંબીજનો - નામી - અનામી સુજ્ઞજનોનો આ તકે અંતઃકરણ પૂર્વક આભાર માનું છું. આ મારા સંશોધન કાર્યમાં મને પ્રેરણા પૂરી પાડનાર સર્વનો આભાર માનું છું. સમયસર મારું કાર્ય પૂરું કરવામાં સહાયરૂપ થનાર શ્રી કેયૂર ભટ્ટને કેમ વિસરી શકું ?

**– પ્રો. હરેન્દ્ર લાભશંકર શુક્લ**

# પ્રાસ્તાવિક

જ્ઞાતિપુરાણ અને તીર્થ માહાત્મ્યો સંસ્કૃત વાઙ્મયના ઈતિહાસમાં પુરાણ સાહિત્યનો એક શાખા તરીકે સુપરિચિત અને સુપ્રતિષ્ઠિત સાંસ્કૃતિક દસ્તાવેજ છે. છેક વેદકાળમાં થઈ ગયેલા ઋષિઓ-વસિષ્ઠ, વિશ્વામિત્ર, ભારદ્વાજ વગેરેથી આરંભાયેલી ઋષિ પરંપરાની સૃષ્ટિના વિકાસમાં આગવી દેણગી ધરાવે છે. તેમાંય કાશ્યપી સૃષ્ટિ તો વિસ્તારનો સમગ્ર પ્રાણીસૃષ્ટિ સાથે સંકળાયેલો છે. નૃવંશ વિદ્યાને સમજવા આવા સાહિત્યના અધ્યયનની ભારે આવશ્યકતા છે. હજી આ ક્ષેત્રે ઘણું ઓછું સંશોધન અને ખેડાણ થયાં છે.

વૈદિક સાહિત્યને આદર અને ભક્તિભાવથી સૌથી પ્રાચીન સાહિત્ય તરીકે સ્વીકારવામાં આવે છે. આ સાથે પુરાણોને પણ મહત્ત્વ આપતાં અર્થવાદમાં કહેવામાં આવ્યું છે કે બ્રહ્માએ પ્રથમ પુરાણો સર્જ્યાં. અને પછી તેમના મુખમાંથી વેદો પ્રગટ થયા. अनन्तरं च वक्त्रेभ्यो वेदास्तस्य विनिसृताः । વિદ્વાનોમાં આ બંનેનો એક સાથે વિકાસ થયો હોવાની માન્યતા પણ પ્રવર્તે છે. તો કેટલાક વિદ્વાનો પુરાણ સાહિત્યને ઋષિ પરંપરા અને સૂતપરંપરાની દેણગી ગણાવે છે. ભારતીય સંસ્કૃતિની વિશેષતા તેની અનેકતામાં એકતા રહેલી છે. તીર્થયાત્રાના મિષે પરિભ્રમણ કરતાં કરતાં જ્યાં રોકાવાનું થાય ત્યાં કુતૂહલથી થતી પરિપૃચ્છામાં મળેલી વિગતોનું આદાન પ્રદાન થતું અને તે જ્ઞાનનું વિસ્તરણ અને પ્રસારણ થતું રહ્યું હતું. તેમાં નવું નવું ઉમેરાતું જતું હતું. તેમાંથી પુરાણ સાહિત્યના વિકાસ થયેલો છે. આમ પુરાણનો તો જન્મ માનવ સ્વભાવમાં રહેલી કુતૂહલવૃત્તિમાં છે. કુતૂહલવૃત્તિથી થયેલો સંવાદ પુરાણનું બીજ છે.

આ પુરાણનું પ્રથમ સંકલન વ્યાસે સંહિતા રૂપે કરી પુરાણ સંહિતા નામ આપ્યું. તેને પોતાના શિષ્ય, વૈશંપાયનને ભણાવ્યું. પુરાણ સંહિતા અઢાર પુરાણોમાં વહેંચાઈ અને વ્યાસ મુનિને ભાગવતપુરાણની રચનાથી પરમ શાંતિ મળી. તેમણે સાર રૂપે ઉદ્‌ઘોષણા કરી કે-

परोपकारः पुण्याय पापाय परपीडनम् । ધર્મ અને અધર્મના નિર્ણયનો ટૂંકો ટચ માર્ગ સૂચવ્યો.

પુરાણના પાંચ લક્ષણમાં સર્ગ લક્ષણનો વિસ્તાર વિવિધ સૃષ્ટિ દ્વારા થયો. ભાગવતે તેને વિસર્ગ નામ આપ્યું. આ વિવિધ સૃષ્ટિ દ્વારા ભૌગોલિક જ્ઞાન પણ આપ્યું. આ વિવિધ સૃષ્ટિ સાથે ભૌગોલિક જ્ઞાન પણ નિરૂપાયું. નવદ્વીપા કે સપ્તદ્વીપા વસુંધરાને વૈવિધ્ય ભરી સંસ્કૃતિનું દર્શન કરાવનારી સૃષ્ટિ તરીકે વર્ણવાઈ.

તીર્થક્ષેત્રો અને દિવ્યક્ષેત્રોનાં મહિમા વર્ણવાયાં. ઋષિઓનાં ક્રમના વિસ્તરણમાં, ગોત્ર, પ્રવરની વિગતો સમાવાઈ. વળી આસમાની-સુલતાની આફતોના પ્રસંગો લોકોનાં સ્થળાંતરણને પણ વણી લેવાયાં. ઋષિ પરંપરા, કુળદેવતા અને તીર્થો સાથે જણાવેલા ચમત્કૃતિ પૂર્ણ કથાઓના અંશો પણ મળ્યા. પરિણામે પુરાણોમાં આવતાં કથાનકો અને કથાઓને જન્મ આપ્યો. આવી કથાઓ પણ ક્યારેક પુરાણોમાં તો ક્યારેક તીર્થયાત્રાભ્યાયોમાં પણ ક્યારેક પુરાણના સારભૂત ગ્રંથોમાં નિરૂપાયેલી જોવા મળે છે. ક્યારેક પુરાણકાર પોતે પણ આવી કથાઓને ઘડી તે પુરાણમાં સ્થાન આપતા જણાયા છે.

ઈ.સ. તા. નવમી-દસમી સદીથી સોળમા સૈકા સુધીમાં વિદેશી પ્રજાઓના આક્રમણોના કારણે પણ સ્થળાંતરણ થયાં છે. તે વિવિધ જ્ઞાતિઓમાં વહેંચાયેલા ભારતીય સમાજે પોતાની

અસ્મિતા જાળવવા કરેલા પ્રયત્નોના પરિણામે પોતાનો ઈતિહાસ અને પરંપરાઓ જાળવવા જ્ઞાતિપુરાણો રચાયાં છે. તીર્થમાહાત્મ્યોનો પ્રસાર કર્યો છે. આવાં તીર્થમાહાત્મ્યો સ્થળપુરાણો તરીકે ભારતના તીર્થ સાથે સમાવાયાં છે. અલબત્ત પુરાણો ઉપપુરાણો કે ઉપોપપુરાણોમાં આવાં માહાત્મ્યો સચવાયાં છે. કેટલાંક જ્ઞાતિપુરાણો પણ મોટાં પુરાણોની અંતર્ગત સમાયાં છે. સ્કંદપુરાણના ખંડ તરીકે નાગરખંડ, શ્રીમાળપુરાણ વગેરે જાણીતા છે. સ્કંદપુરાણ અને પદ્મપુરાણ આવી વિગતોને સમાવતાં મહત્ત્વનાં પુરાણ છે. આવાં પુરાણોમાંથી જ્ઞાતિપુરાણો અને તીર્થમાહાત્મ્યોને સ્વતંત્રપુરાણોનું નામ અપાયું છે તો ક્યારેક તેમાં પરિવર્તન અને પરિવર્ધન થયું છે. તો ક્યાંક માત્ર સ્રોત તરીકે મૂળ પુરાણનો આધાર લઈ સ્વતંત્ર પુરાણો લખાયાં છે.

આવાં જ્ઞાતિપુરાણોમાં ગુજરાતનાં લગભગ ૨૧ જ્ઞાતિપુરાણો અને તીર્થમાહાત્મ્યો સ્થાન ધરાવે છે. આવાં જ્ઞાતિપુરાણો અને તીર્થ માહાત્મ્યોનું અધ્યયન બહુ ઓછા પ્રમાણમાં થયું છે.

ડૉ. એ. એન. જાની સાહેબે પ્રસિદ્ધ કરેલું કાલિકાપુરાણ કંસારા જ્ઞાતિનું જ્ઞાતિપુરાણ છે. પણ તેનો સંબંધ પ્રસિદ્ધ કાલિકા પુરાણ કે બૃહત્કાલિકા પુરાણ સાથે જણાયો નથી. ડૉ. ભભૂતિમલ પરમારે શ્રીમાલ પુરાણનું સાંસ્કૃતિક અધ્યયન કર્યું છે. તેને ડૉ. ડી.જી.વેદિયાએ પ્રકાશિત કર્યું છે. ડૉ. સુરેશચંદ્ર કે. દવેએ ધર્મારણ્ય પુરાણનું અધ્યયન કર્યું છે. આ સિવાયનાં પુરાણોના અધ્યયનનું ક્ષેત્ર હજી વણખેડાયેલું છે એમ જાણકાર વિદ્વાનો કહે છે.

કંડુલ પુરાણ કંડોળિયા બ્રાહ્મણો, વણિકો, આદિના જ્ઞાતિપુરાણ તરીકે જાણીતું છે. આ પુરાણના અધ્યયનથી આ જ્ઞાતિનો સાંસ્કૃતિક ઈતિહાસ જાણી શકાય અને તેની સાથે

સંકળાયેલા તીર્થોનું માહાત્મ્ય અભ્યાસુઓ સુધી પહોંચે એ આ અધ્યયનનો હેતુ છે. મારું આ અધ્યયન જ્ઞાતિપુરાણ અને તીર્થ માહાત્મ્યો કે સ્થળપુરાણોના વિવેચનાત્મક કે સાંસ્કૃતિક અધ્યયન માટે પ્રેરણારૂપ બનશે.

## કંડુલપુરાણની મુદ્રિત આવૃત્તિ

શ્રી માધવરાય કરસનજી અધ્વર્યુએ સિહોરમાંથી મેળવેલી હસ્તપ્રતનો અનુવાદ કરી જૂનાગઢથી સં. ૧૯૯૨માં પ્રસિદ્ધ કર્યો છે. તેની પ્રસ્તાવનામાં તેમણે જણાવ્યું છે કે આ ગ્રંથનો પ્રાયઃ ઉતારો બ્રાહ્મણોત્પત્તિ માર્તંડમાં મળે છે. રાજકોટથી 'જય સામુદ્રીય' માસિકમાં થોડા થોડા શ્લોકો આપવા માંડ્યા. શ્રેષ્ઠીઓની આર્થિક સહાયથી કપોલ વિપ્રો અને વણિકો, સોરઠિયા વણિકોના ઈતિહાસ અને વંશાવળીઓ મેળવી ત્રણ ભાગમાં આ ગ્રંથ પ્રકાશિત કર્યો છે. પ્રથમ ભાગમાં કંડુલપુરાણના ચૌદ અધ્યાયો ગુજરાતી અનુવાદ સાથે આપ્યા છે. બીજા ભાગમાં કપોલ જ્ઞાતિનો ઈતિહાસ, ગોત્ર અને ગોત્રોમાંથી ઊતરી આવેલી પેઢીઓ અને ત્રીજા ભાગમાં સોરઠિયા જ્ઞાતિનો ઈતિહાસ કેટલાક કુટુંબોની વિગતો સાથે આપી જ્ઞાતિનું ગૌરવ વધાર્યું છે.

આ પુરાણના શ્લોકો પ્રાયઃ અનુષ્ટુપ છંદના ૯, અનુષ્ટુપ છંદના કુલ ૧૪૮૭ શ્લોકો છે. ઉપજાતિ છંદના ૬ અને વસંતતિલકા છંદના ૮ શ્લોકો છે. આમ મૂળ પ્રતના કુલ ૧૫૦૪ શ્લોકો છે.

હસ્તપ્રતના આરંભે આપેલા ત્રણ મંગળ પદ્યોમાં પ્રથમ પદ્યમાં શિવપાર્વતીને અનુષ્ટુપ છંદમાં નમસ્કાર છે. બીજા દૂષિત રથોદ્ધતામાં ગણેશનું બ્રહ્મ તરીકે ધ્યાન ધર્યું છે. ત્રીજો દૂષિત છંદ છે. 'સસજગાગા' માં સરસ્વતીને પ્રાર્થના છે.

કંડુલપુરાણની આ પ્રતમાં પ્રકાશકે જણાવ્યા પ્રમાણે દૂષિત પાઠો અવાચ્ય અક્ષરોને લઈને થયા છે. પાઠશુદ્ધિની આવશ્યકતા છે. વળી ઘણીવાર અનુવાદમાં પણ જાતિઓ રહી ગઈ છે. છતાં પ્રકાશકશ્રી માધવરાય કરસનજી અધ્વર્યુએ કપોલ જ્ઞાતિ અને સોરઠિયાના વણિકો અને કપોલ વિપ્રો માટે આ ગ્રંથ સુલભ કરાવી આપી જ્ઞાતિજનો, પુરાણના અધ્યેતાઓ અને સંશોધકોને માટે ઘણું ઉપકાર-પરોપકારનું કાર્ય કર્યું છે. આ કાર્ય બિરદાવવા અને અભિનંદનને યોગ્ય છે. આ માટે જેટલાં અભિનંદન આપીએ તેટલાં ઓછાં છે. આ ગ્રંથને શુદ્ધિપૂર્વક પુનઃ પ્રકાશિત કરવાની આવશ્યકતા છે. મારા આ અધ્યયનમાં દૂષિત પાઠો, વ્યાકરણના દોષો તેમજ અનુવાદની મતિઓની ઉપેક્ષા કરી ગુણગ્રાહિણી મતિથી આ પુરાણની સારી બાબતો પ્રકાશમાં લાવવાનો પ્રયત્ન કર્યો છે.

આ પરિપ્રેક્ષ્યમાં મારું આ સંશોધન કાર્ય અંશતઃ નવીન, મૌલિક અને પ્રેરક બની રહેશે, એવો મારો નમ્ર અભિપ્રાય છે.

• • •

## અનુક્રમણિકા


નિવેદન

પ્રાસ્તાવિક

સંકેતાક્ષર સૂચી

| પ્રકરણ | વિષય | પેજ નં. |
|---|---|---|
| | **વિભાગ-૧** | |
| ૧. | પુરાણ સાહિત્ય | 1 |
| ૨. | ઉપપુરાણ | 70 |
| ૩. | જ્ઞાતિપુરાણ | 91 |
| | **વિભાગ-૨** | |
| ૪. | કંડુલપુરાણ કથાસાર | 142 |
| ૫. | કંડુલપુરાણ ઈતિહાસ-ભૂગોળની આરસીમાં | 273 |
| ૬. | કંડુલપુરાણમાં પ્રતિબિંબિત ધર્મ | 298 |
| ૭. | કંડુલપુરાણમાં સ્તુતિઓ | 380 |
| ૮. | કંડુલપુરાણનો સામાજિક સંદર્ભ | 415 |
| ૯. | કંડુલપુરાણનું સાંસ્કૃતિક મહત્ત્વ | 469 |
| ૧૦. | ઉપસંહાર | 483 |
| | **પરિશિષ્ટો** | |
| ૧. | (૧) કપોલ જ્ઞાતિનાં ગોત્ર, અટક, વેદ, શાખા અને પ્રવર વિપ્રો તેમજ સોરઠિયા વિણવણિકોની વિગતો | 491 |
| | (૨) રંકકાકુનો વૃત્તાંત અને કપોલ વિપ્રો | 492 |
| | (૩) સ્થળાંતરણ અને નિવાસ | 493 |
| ૨. | કપોલ જ્ઞાતિ વિષે મળતા અગત્યના ફોટોગ્રાફ્સ | 503 |
| ● | સંદર્ભગ્રંથ સૂચિ | 506 |




विद्युद्दामसमप्रभां मृगपतिस्कंधस्थितां भीषणाम्
कन्याभिः करवालखेटविलसद्धस्ताभिरासेविता ॥
हस्तैश्चक्रदरालिखेटविशिखांश्चापं गुणं तर्जनीम्
बिभ्राणामनलात्मिकां शशिधरां दुर्गा त्रिनेत्रां भजे ॥

प्रातःकाले कुमारी कुसुम(मृदुकरे) जाप्यमालीं जयन्तीं
मध्याह्ने प्रौढरूपां विकसितवंदनां चारूहासां त्रिनैत्राम्,
संध्यायां वृद्धरूपां गर्भितकुचयुगां रूणुमालां वहन्तीं
सा देवी पातुमां (श्री) त्रिभुवनजननीं सुन्दरि त्वां नमामि ॥

## વિભાગ-૧

### પ્રકરણ-૧

### પુરાણ સાહિત્ય

આ પ્રકરણમાં પુરાણ શબ્દનું નિર્વચન આપી તેના અર્થના સ્પષ્ટીકરણ સાથે પુરાણની ઉત્પત્તિ અને વિકાસક્રમ દર્શાવી પુરાણનાં વર્ણ્ય વિષયો તેની સંખ્યા અને પુરાણ સાહિત્યમાં પ્રવેશેલી સાંપ્રદાયિકતા વિષે વિચાર કરવામાં આવ્યો છે.

૧.૧ ભૂમિકા

૧.૨ પુરાણ શબ્દનો અર્થ અને નિર્વચન

૧.૩ પુરાણ : ઉત્પત્તિ અને વિકાસ

૧.૪ પુરાણ : વર્ણ્ય વિષય

૧.૫ પુરાણ - પ્રકારો - સંખ્યા

૧.૬ પુરાણોમાં સાંપ્રદાયિકતા

### પ્રકરણ-૨

### ઉપપુરાણ

કંડુલ પુરાણ એક જ્ઞાતિપુરાણ તરીકે જાણીતું હોવાથી પુરાણોની ઉપપુરાણ, ઉપપુરાણ, ઉપોપપુરાણ વગેરે પુરાણનાં સ્વરૂપોની વિશેષતા જાણવી જરૂરી હોઈ આ પ્રકરણમાં ઉપપુરાણના સ્વરૂપ અને વિકાસ વિષે ચર્ચા કરવામાં આવી છે.

૨.૧ ઉપપુરાણ - પ્રસ્તાવના

૨.૨ ઉપપુરાણ - અર્થ અને સ્વરૂપ

૨.૩ ઉપપુરાણ - ઉદ્ભવ અને વિકાસ

૨.૪ ઉપપુરાણ - સમય અને સંખ્યા

૨.૫ ઉપપુરાણ, ઉપોપપુરાણ અને ઔપપુરાણ

## પ્રકરણ-૩

## જ્ઞાતિપુરાણ

૩.૧ પ્રસ્તાવના

૩.૨ જ્ઞાતિપુરાણ - ઉદ્ભવ

૩.૩ જ્ઞાતિપુરાણ - સ્વરૂપ

૩.૪ ઉપલબ્ધ જ્ઞાતિપુરાણોનો સંક્ષિપ્ત પરિચય

## વિભાગ-૨

આ વિભાગમાં કંદુલપુરાણનું સાંસ્કૃતિક અધ્યયન કરવામાં આવ્યું છે. આ વિભાગમાં કુલ દસ પ્રકરણોમાં મહાનિબંધના મુખ્ય અંશ વિસ્તરેલો છે. તેના પ્રકરણો નીચે મુજબ છે.

## પ્રકરણ-૪

## કંડુલપુરાણ - સાર

આ પ્રકરણમાં પ્રાસ્તાવિક ચર્ચા સાથે કંડુલપુરાણના ચૌદ અધ્યાયમાં સાર આપવામાં આવ્યો છે.

૪.૧ કંડુલ પુરાણ : પ્રાસ્તાવિક

૪.૨ કંડુલપુરાણ : પ્રકાશિત આવૃત્તિ

૪.૩ કંડુલપુરાણ કથાસાર

## પ્રકરણ-૫

## કંડુલપુરાણ - ઈતિહાસની - ભૂગોળની આરસીમાં

આ પ્રકરણમાં કંડુલપુરાણની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ સ્પષ્ટ કરી આ પુરાણમાં ઉલ્લિખિત સ્થાનોમાં અભિજ્ઞાન આપવામાં આવી છે.

૫.૧ કંડુલપુરાણ : પ્રાચીન સ્રોત

૫.૨ સૌરાષ્ટ્ર - આનર્તનો સંબંધ

૫.૩ સ્થાનનગર : બ્રાહ્મણોનું સ્થળાંતરણ

૫.૪ કંડુલપુરાણ : સૌરાષ્ટ્રનાં ઉલ્લિખિત સ્થાનો, અને તેનાં અભિજ્ઞાન

## પ્રકરણ-૬

# કંડુલ પુરાણમાં પ્રતિબિંબિત ધર્મ

આ પ્રકરણમાં કંડુલપુરાણ પ્રાયઃ શાક્તધર્મ સાથે સંબંધિત હોઈ તે વિષયે ચર્ચા કરવામાં આવી છે.

૬.૧ ધર્મની વિભાવના

૬.૨ ધર્મ અને સંપ્રદાય

૬.૩ કંડુલપુરાણમાં નિરૂપિત સંપ્રદાયો

૬.૪ કંડુલપુરાણમાં શાક્તસંપ્રદાય અને સામુદ્રીમાતા

૬.૫ કંડુલપુરાણમાં ઉલ્લિખિત અન્ય દેવો

૬.૬ કંડુલપુરાણમાં ઉલ્લિખિત ધાર્મિક સ્થાનો/તીર્થો

## પ્રકરણ-૭

કંડુલપુરાણમાં આવતી સ્તુતિઓનો સાર આપી આ પ્રકરણમાં સ્તોત્ર કે સ્તુતિ કાવ્ય તરીકે તેમનું મૂલ્યાંકન કર્યું છે.

૭.૧ સ્તોત્રનો વ્યુત્પત્તિ જન્ય-અર્થ

૭.૨ સ્તોત્ર કે સ્તુતિનું સાહિત્યિક સ્વરૂપ

૭.૩ સ્તોત્ર કે સ્તુતિમાં સ્તોતાનો આત્મનિવેદનનો ભાવ

૭.૪ સ્તોત્રના અંતે ફળકથન

૭.૫ સ્તોત્ર કાવ્યના પ્રકારો

૭.૬ કંડુલપુરાણમાં આવતી સ્તુતિઓ

૭.૬.૧ સૂર્યસ્તવન (અ.૩)

૭.૬.૨ કામધેનુસ્તુતિ (અ.૪)

૭.૬.૩ બ્રહ્માની સ્તુતિ (અ.૬)

૭.૬.૪ પરબ્રહ્મસ્તુતિ (અ.૮)

૭.૬.૫ ગંગાસ્તુતિ (અ.૮)

૭.૬.૬ શંકરસ્તુતિ (અ.૮)

૭.૬.૭ ચામુંડાની સ્તુતિ (અ.૯)

૭.૬.૮ સામુદ્રીમાતા અને સપ્ત માતૃકાની સ્તુતિ (અ.૯)

૭.૬.૯ શ્રીકૃષ્ણની સ્તુતિ (અ.૧૩)

૭.૬.૧૦ શ્રી ગણેશની સ્તુતિ (અ.૧૩)

## પ્રકરણ-૮

# કંડુલપુરાણનો સામાજિક સંદર્ભ

કંડુલપુરાણ એક જ્ઞાતિપુરાણ હોવાથી તેને જ્ઞાતિ પુરાણ તરીકે મૂલવવા તેના સામાજિક સંદર્ભો તપાસવા જોઈએ. આ દૃષ્ટિએ આ પ્રકરણમાં ઉપલબ્ધ માહિતીના આધારે

કંડુલપુરાણનું સામાજિક અધ્યયન અહીં પ્રસ્તુત કરવામાં આવ્યું છે.

૮.૧ કંડુલપુરાણ : જ્ઞાતિપુરાણ

૮.૨ કપોલ બ્રાહ્મણ જ્ઞાતિનો ઉદ્ભવ અને વિકાસ

૮.૩ કપોલ વણિક જ્ઞાતિનો ઉદ્ભવ અને વિકાસ

૮.૪ સોરઠિયા વણિક જ્ઞાતિનો પરિચય અને તેનો ભેદ

૮.૫ કપોલ જ્ઞાતિના રીતરિવાજો

૮.૬ કપોલ જ્ઞાતિનું સામાજિક ક્ષેત્રે પ્રદાન

## પ્રકરણ-૯

## કંડુલપુરાણનું સાંસ્કૃતિક મહત્ત્વ

આ મહાનિબંધનો વિષય કંડુલપુરાણનું સાંસ્કૃતિક અધ્યયન હોવાથી સૌરાષ્ટ્રની ભૌગોલિક સ્થિતિના સંદર્ભમાં વિકસેલી સાંસ્કૃતિક પરંપરાઓને સામાજિક સંદર્ભમાં સમજી લીધા પછી સમાજ, ધર્મ, રાષ્ટ્રીય ક્ષેત્રે કંડુલપુરાણમાં આવતા સંદર્ભોના આધારે વિકાસની પરંપરા દર્શાવવામાં આવી છે.

૯.૧ ભારતીય સંસ્કૃતિ

૯.૨ ભારતીય સંસ્કૃતિની વિકાસ પરંપરા

૯.૩ ભારતીય સંસ્કૃતિ : જ્ઞાતિપુરાણો

૯.૪ કંડુલપુરાણનું સાંસ્કૃતિક મહત્ત્વ

## પ્રકરણ-૧૦

આ પ્રકરણમાં સમગ્ર મહાનિબંધનો સાર આપી અધ્યયન ઉપરથી તારણ આપવામાં આવશે.

૧૦.૧ મહાનિબંધના અધ્યયનનો ઉપસંહાર

૧૦.૨ કંડુલપુરાણના અધ્યયન ઉપરથી તારણ

આ મહાનિબંધના અંતે પરિશિષ્ટો આપવામાં આવ્યાં છે. આ બંને પરિશિષ્ટોમાં કપોલજ્ઞાતિનાં ગોત્ર, અટક, વેદ, શાખા અને પ્રવરનાં કોષ્ટકો આપવામાં આવ્યાં છે.

**પરિશિષ્ટ-૧ કપોલ જ્ઞાતિનાં ગોત્ર, અટક, વેદ, શાખા અને પ્રવર**

**પરિશિષ્ટ-૨ કપોલ જ્ઞાતિ વિષે મળતા અગત્યના ફોટોગ્રાફ્સ**

## વિધાન-૩ : આધાર સામગ્રી અને મૌલિકતા દર્શાવતું તૃતીય વિધાન

પુરાણ-ઉપપુરાણ-જ્ઞાતિપુરાણો અને તીર્થ માહાત્મ્યોના અધ્યયન માટેના આધાર ભૂત ગ્રંથો, સામાજિક અને સાંસ્કૃતિક અધ્યયન માટે જરૂરી આ ગ્રંથો અને આધાર સાહિત્ય સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, ભો. જે. સંશોધન વિદ્યાભવન, અમદાવાદ, એલ. ડી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડોલોજી, અમદાવાદ, પ્રાચ્યવિદ્યામંદિર વડોદરા અને કેટલીક પ્રકાશક સંસ્થાઓમાંથી મેળવી તેમજ કેટલાક વિદ્વાનોના અંગત

પુસ્તકાલયોમાંથી પ્રાપ્ત થયેલી સામગ્રીનો ઉપયોગમાં આ મહાનિબંધ તૈયાર કરવામાં કર્યો છે. તેમાંના નીચેના મૂળગ્રંથો અને સંદર્ભ ગ્રન્થોનો મેં આધાર લીધો છે. તેનો ઋણસ્વીકાર હું કરું છું.

આ સંદર્ભ - સહાયક સામગ્રીનો મેં મૂળગ્રંથો અને વિવેચન ગ્રંથો એમ વિભાજન કરી સંસ્કૃત, હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી એમ ભાષાનુસાર વર્ગીકૃત કરી આ ગ્રંથ સૂચિ આપી છે. અંતે ઉપયોગી નીવડેલાં સામાયિકો - કોશગ્રંથોની યાદી આપી છે :-

## આધારભૂત મૂળગ્રંથ

- कण्डुलपुराण
  ज्योतिषी माधवराय करसनजी अध्वर्युं
  पंचहाटडी, जुनागढ
  आ. प्रथम १९३५

આ સિવાય સંદર્ભગ્રન્થસૂચિ અને પૂરક સંદર્ભગ્રન્થસૂચિ આ પ્રમાણે છે.

# વિભાગ-1

## પ્રકરણ-1 : પુરાણ

### 1.1 ભૂમિકા :

પુરાણો તો ભારતીય સંસ્કૃતિનું સમગ્રલક્ષી ઉદ્‌ઘોષણા કરનારા ગ્રંથો છે. ભારતીય સંસ્કૃતિનાં સ્વરૂપની સાચી જાણકારી, સાચી સમજણ અને સાચું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે પુરાણોનું અધ્યયન અત્યંત મહત્ત્વનું છે. તે ભારતીય સંસ્કૃતિનો અમૂલ્ય નિધિ છે. ભારતીય સંસ્કૃતિના મૂલાધાર તરીકે વેદો પછી પુરાણોનું જ સન્માનનીય સ્થાન છે. વેદોમાં વર્ણવાયેલાં અગમ્ય રહસ્યોને પામવાની શક્તિ સામાન્યજનમાં નથી હોતી, પરંતુ ભક્તિરસ-પરિપ્લુત પુરાણોની મંગલમયી, શોક-નિવારિણી, જ્ઞાન-પ્રદાયિની દિવ્યકથાઓનું શ્રવણ, મનન, પઠન અને પાઠન કરીને સાધારણ જન પણ ભક્તિ-તત્ત્વ, પરમ-તત્ત્વનું અનુપમ રહસ્ય સહજતાથી જાણી લે છે. સ્વામી રામસુખદાસનું કથન છે કે —

"पुराणो में मानव-जीवन को ऊँचा उठानेवाली अनेक सरल, सरस, सुन्दर और विचित्र-विचित्र कथाएँ भरी पड़ी हैं । उन कथाओं का तात्पर्य राग-द्वेषरहित होकर अपने कर्तव्य का पालन करने में है ।"[1]

મહાભારતમાં પણ કહ્યું છે કે - "पुराणसंहिताः पुण्याः कथा धर्मार्थसंश्रिताः ।"[2] અર્થાત્ "પુરાણોની પવિત્ર કથાઓ ધર્મ અને અર્થની પ્રાપ્તિ કરાવનારી છે" અધ્યાત્મની દિશામાં આગળ વધવાની તથા કલ્યાણની કામના કરનાર સાધકોને પૌરાણિક કથાઓના અનુશીલનથી તાત્ત્વિક બોધની પ્રાપ્તિ થાય છે. પુરાણોની લોકપ્રિયતા અંગે શ્રી દેવરોહા બાબાનું વિધાન છે કે,

"लोकभाषा में वर्णित होने के कारण वेदों की अपेक्षा पुराण अधिक लोकप्रिय है। उनमें प्रतिपादित मधुरातिमधुर आख्यानों एवं कथाओं की सश्रद्ध चर्चा राजमहल से लेकर झोपड़ी तक होती है ।"[3]

વેદોનો મહિમા અપરંપાર છે. પરંતુ તેનો શબ્દાર્થ દુર્બોધ અને પ્રતિપાદન-પ્રક્રિયા અત્યન્ત જટિલ છે. તેને સારી રીતે સમજવા માટે નિરુક્ત, બ્રાહ્મણગ્રન્થો, શ્રૌતસૂત્રો તથા વ્યાકરણાદિ અંગો, ઋષિ, છંદ, દેવતા વગેરે અનુક્રમણી અને ભાષ્યાદિનો સહારો લેવો આવશ્યક બની જાય છે. જ્યારે પુરાણો તેના સમસ્ત અર્થોને સરળ શબ્દોમાં અને કથાની રમણીયશૈલી દ્વારા સામાન્ય બુદ્ધિવાળા પાઠક-ભાવકને પણ હૃદયંગમ બનાવી દે છે. તેથી પુરાણો દ્વારા જ સરળતાથી ભારતીય સભ્યતા અને સંસ્કૃતિ તથા ભારતના વિદ્યા-વૈભવના ઉત્કર્ષનું વાસ્તવિક જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે. પ્રાચીનકાળની ભારતીયતાની ઝાંખી અને પ્રાચીન ભારતના સર્વવિધ ઉત્કર્ષની ખરી ઝલક પુરાણોમાં જ પ્રાપ્ત થાય છે. ભારત આદિ-જગદ્ગુરુ હતું અને ભારતીય જનસમાજ જ આધિભૌતિક, આધિદૈવિક તથા આધ્યામિક ઉન્નતિની પરાકાષ્ઠાએ પહોંચેલ, એવા અકાટ્ય સત્યના દ્યોતક પુરાણો જ છે.

પુરાણોના માહાત્મ્યને દર્શાવતાં શ્રી જયદયાલ ગોયન્દકા કહે છે;

"हमारे शास्त्रों में पुराणों की बड़ी महिमा है। जिस प्रकार सम्पूर्ण जगत् को आलोकित करने के लिये भगवान् सूर्य रूप में प्रकट होकर हमारे बाह्य अन्धकार को नष्ट करते है, उसी प्रकार हमारे हृदयान्धकार - भीतरी अन्धकार को दूर करने के लिये श्री हरि ही पुराणविग्रह धारण करते है ।"[4]

મહામહોપાધ્યાય પંડિત ગિરિધર શર્મા ચતુર્વેદી પુરાણોનું ગૌરવ કરતાં નોંધે છે;

''पुराण-विद्या महर्षियों का सर्वस्व है । यह वह अटूट खजाना है जिसके प्रभाव से अनेक प्रकार की दरिद्रताओं का शिकार बनकर भी भारत आज धनी है, आज भी संसार की सभ्य जातियों के समक्ष यह अपना मस्तक ऊँचा रख सकता है ।''[5]

પુરાણોની મહત્તા અનેક વિદ્વાનોએ ગાઈ છે. આ ક્રમમાં બહુશ્રુત વિદ્વાન શ્રી હનુમાનપ્રસાદ પોદ્દારનું વિધાન પણ નોંધનીય છે –

''भारतीय संस्कृत-साहित्य-सागर अनन्त रत्नराशि से पूर्ण है । उस रत्नों में पुराण का स्थान अत्यन्त महत्त्वपूर्ण है ।''[6]

પુરાણોનું મહત્ત્વ સ્વયં પુરાણોએ પણ દર્શાવ્યું છે જેમ કે, નારદપુરાણ વેદ, સ્મૃતિ અને પુરાણના સંબંધને સ્પષ્ટ કરતાં જણાવે છે કે વેદ યજ્ઞાર્થને સમ્પન્ન કરવામાં સહાય કરે છે. સ્મૃતિ આચાર-વ્યવહારનું જ્ઞાન આપે છે, જ્યારે પુરાણમાં આ બન્ને કેન્દ્રસ્થાને હોય છે.[7] તો દેવીભાગવત કહે છે કે, શ્રુતિ અને સ્મૃતિ એ તે ધર્મપુરુષનાં બે નેત્રો છે, જ્યારે પુરાણ તેનું હૃદય છે.[8] પદ્મપુરાણાનુસાર, જે વ્યક્તિ સ્થિર-ચિત્ત બનીને પુરાણોનું પઠન અને શ્રવણ કરે છે તેને પ્રત્યેક અક્ષર દ્વારા એક કપિલા ગાયના દાનનું ફળ મળે છે. તેના કોટિ જન્મોનાં પાપો નષ્ટ થઈ જાય છે અને તે (વ્યક્તિ) ભગવદ્ધામને પ્રાપ્ત કરે છે.[9] વામન પુરાણના મતે, જેમાં ગંગાજળમાં સ્નાન કરવાથી બધા પાપોનો નાશ થઈ જાય છે તેમ પુરાણનું શ્રવણ કરવાથી પણ સમસ્ત પાપો નષ્ટ થઈ જાય છે.[10] આ ઉપરાંત સ્કન્દપુરાણ[11] પદ્મપુરાણ-સ્વર્ગખંડ[12], શિવપુરાણ[13], મત્સ્યપુરાણ[14], શ્રીમદ્‌ભાગવતપુરાણ[15], વાયુપુરાણ[16]વગેરેમાં પુરાણોનો મહિમા વૈદિક સાહિત્યમાં પણ દર્શાવવામાં આવ્યો છે. જેમકે, વાજસનેયિબ્રાહ્મણોપનિષદ્ વેદોની જેમ પુરાણોને પણ ઈશ્વરના નિઃશ્વાસ ગણાવે છે.[17] તો

અથર્વવેદ પુરાણના ધામ તરીકે ઈશ્વરને ગણાવે છે.[18] ઉપરાંત ગોપથબ્રાહ્મણ[19], શતપથબ્રાહ્મણ[20] તૈત્તિરીય આરણ્યક[21], બૃહદારણ્યકોપનિષદ્[22], છાન્દોગ્યોપનિષદ્[23] વગેરે પણ પુરાણનું મહત્ત્વ દર્શાવે છે.

આમ, પુરાણોનું અનેક દૃષ્ટિએ મહત્ત્વ છે. ધાર્મિક દૃષ્ટિએ તે વેદવિહિત ધર્મનું નિરૂપણ કરે છે, તો તેના દ્વારા સામાજિક દૃષ્ટિએ પ્રાચીન ભારતીય સમાજનું સ્વરૂપ જાણી શકાય છે. તેમાં આવતું તીર્થવર્ણન ભૌગોલિક મહત્ત્વ ધરાવે છે. વેદનાં ગૂઢ-રહસ્યો પુરાણો દ્વારા જ જનસામાન્ય સુધી પ્રસાર પામ્યા અને ઈશ્વરના સગુણ-સાકાર સ્વરૂપને નિરૂપીને પુરાણોએ પ્રાચીન ધર્મની પરંપરાને લોકોમાં દઢ બનાવી આથી પુરાણોનું અનેકવિધ મહત્ત્વ અને ગૌરવ છે. તેમાં શંકા નથી.

## 1.2 'પુરાણ' શબ્દનો અર્થ :

'પુરાણ' શબ્દનો સામાન્ય અર્થ 'પુરાતન' કે 'પ્રાચીન' એવો થાય છે. પરંતુ આ શબ્દ જ્યારે એક વિશેષ પ્રકારના સાહિત્યના અર્થમાં પ્રયોજાય છે ત્યારે તેનો અર્થ પણ વિશેષ કે વિશિષ્ટ બની જાય છે. પુરાણોની પ્રાચીનતા વિશે મત્સ્યપુરાણનું વિધાન છે કે - 'पुराणं सर्वशास्त्राणां प्रथमं ब्रह्मणा स्मृतम् ।' અર્થાત્ 'સર્વશાસ્ત્રોમાં બ્રહ્માએ સર્વપ્રથમ પુરાણનું સ્મરણ કર્યું.' અહીં સર્વશાસ્ત્રોમાં વેદોનો સમાવેશ પણ થઈ જાય છે. કેમ કે, આ શ્લોકનો ઉત્તરાર્ધ આ પ્રમાણે છે - 'अनन्तरं च वक्त्रेभ्यो वेदास्तस्य विनिर्गताः ।' [24] અર્થાત્ 'ત્યાર પછી તેનાં મુખમાંથી વેદો નીકળ્યા' તેથી જો પુરાણોના પ્રાચીનત્વની બાબતમાં વિચાર કરીએ તો તેને વેદો કરતાં પણ પ્રાચીન સિદ્ધ કરી શકાય. કેમ કે, મત્સ્યપુરાણકારે પોતાના આ વિધાનમાં એ બાબતને એકદમ સ્પષ્ટપણે પ્રસ્તુત કરી છે. પરંપરાથી એ સર્વસ્વીકૃત છે કે,

વેદો બ્રહ્માના મુખમાંથી પ્રગટ થયા છે. પરંતુ મત્સ્યપુરાણના આ વિધાનાનુસાર તો વેદોના પ્રાગટ્યથી પણ પૂર્વે બ્રહ્માએ પુરાણનું સ્મરણ કરેલું છે. એટલે પુરાણો વેદ કરતાં પણ પ્રાચીન છે, એમ કહી શકાય. ઉપરાંત સંહિતા, બ્રાહ્મણાદિ વૈદિક સાહિત્યમાં પ્રાપ્ત થતાં પુરાણના અનેક ઉલ્લેખો પણ પુરાણના પુરાણ અર્થાત્ પ્રાચીનપણાનો સિદ્ધ કરે છે.

'પુરાણ' શબ્દનો સૌપ્રથમ વ્યુત્પત્તિમૂલક અર્થ આપણને યાસ્કાચાર્યના 'નિરુક્ત'માં મળી આવે છે. તદનુસાર પુરાણની વ્યુત્પત્તિ છે - 'पुरा नवं भवति ।'[25] અર્થાત્, 'જે પ્રાચીન હોવા છતાંયે નવું છે' પુરાણો સંગ્રહગ્રંથો હોવાથી સમયે-સમયે તેમાં સુધારા-વધારા થતા રહ્યા છે અને તેના પરિણામે તેનું સ્વરૂપ સતત બદલાતું રહ્યું છે. નવાં-નવાં ઉમેરણોના કારણે પુરાણ, પ્રાચીન હોવા છતાંય નવું જ રહ્યું છે. તેથી યાસ્કાચાર્યે આપેલો 'પુરાણ' શબ્દનો અર્થ પણ આ દૃષ્ટિએ સાર્થક બની રહે છે. પાણિનિએ પણ 'पुरा भवम्' એ અર્થમાં 'પુરાણ' શબ્દ પ્રયોજ્યો છે. 'पुराभवम्' [26] અર્થાત્ 'પ્રાચીનકાળમાં થયેલું કે બનેલું' આમ, પાણિનિએ 'પુરાણ'નો એકદમ સરળ અને સ્પષ્ટ અર્થ આપેલો છે.

કેટલાક પુરાણો પણ 'પુરાણ' શબ્દને પોતાની રીતે સમજાવે છે. જેમ કે, વાયુ પુરાણાનુસાર 'પ્રાચીનકાળમાં જીવિત હોવાથી તે 'પુરાણ' કહેવાય છે.'[27] આવો જ ભાવ 'બ્રહ્માંડ પુરાણ'નો પણ છે. 'પુરાણ' શબ્દ વિશે આ પુરાણ નોંધે છે કે, – 'જે પ્રાચીનકાળમાં હતું, તેને પુરાણ કહે છે.'[28] તો 'પદ્મપુરાણ' આ શબ્દનું થોડું ભિન્ન નિર્વચન આપે છે. તેના મતે, 'જે પ્રાચીનતા કે પરંપરાની કામના કરે છે, તે પુરાણ છે.'[29] આ પુરાણકારનું એવું માનવું છે કે, પુરાણમાં પ્રાચીનતાનો યોગ હોવો જ જોઈએ. પુરાણની રચના કરનાર પુરાણકાર પ્રાચીનતા કે પરંપરાથી પોતાની જાતને દૂર રાખી શકે નહીં. જ્યારે મત્સ્યપુરાણકાર

'પુરાણ' શબ્દ વિશે સ્પષ્ટતા કરતાં જણાવે છે કે, 'પુરાતન કલ્પના છે, તેને વિદ્વાનો 'પુરાણ' કહે છે.'[30]

આ તમામ વ્યુત્પત્તિઓનો વિમર્શ કરતાં સ્પષ્ટ થાય છે કે, 'પુરાણ' શબ્દ પ્રાચીનકાળ-પુરાતન વિષયની સાથે સમબદ્ધ છે અર્થાત્ 'જે પ્રાચીન વિષય છે, તે પુરાણ છે.' અથવા તો જમાં પુરાતન વાતો કહેવાયેલ છે, તે પુરાણ છે આમ, 'પુરાણ' એ પ્રાચીનતાનો વાચક છે. પરંતુ સમય જતાં આ શબ્દ મહર્ષિ વ્યાસ રચિત 'અઢારપુરાણ' એ અર્થમાં રૂઢ થઈ ગયો. તેથી 'પુરાણ' શબ્દ સાંભળતાં જ વ્યાસરચિત-પુરાણનું સ્મરણ થાય છે. છાન્દોગ્યોપનિષદ્[31], ગોપથબ્રાહ્મણ[32] વગેરેમાં પુરાણોને 'વેદ' પણ કહેવામાં આવ્યા છે. ઉપરાંત, પ્રાચીનતમ લૌકિક, પારલૌકિક તથા સૃષ્ટિ સંબંધી પરંપરામાંથી પ્રાપ્ત થયેલા વિષયો-વિવરણોના આધારે જ પુરાણોનું સાંપ્રતકાલીન વિશાળ સ્વરૂપ ઉદ્‌ભવ્યું છે. આ બધી બાબતો પણ 'પુરાણ' એવા નામને સાર્થક કરનારી છે.

## 1.3 પુરાણ : ઉત્પત્તિ અને વિકાસ :

પુરાણોની ઉત્પત્તિ અંગે પુરાણો તથા અન્ય ગ્રંથોમાં અનેક ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. મહર્ષિ વ્યાસે પુરાણસંહિતાનું નિર્માણ કરી, તેને વ્યવસ્થિત બનાવી. પરંતુ પુરાણો ખરેખર વધુ પ્રાચીન કાળનું સાહિત્યિક પ્રદાન જણાય છે. 'પુરાણ' શબ્દની વ્યુત્પત્તિ સાથે સંકળાયેલી પરંપરા મુજબ તેનો સંબંધ પ્રાચીન કાળની ઘટના સાથે છે. ઋગ્વેદમાં પુરાણ શબ્દનો પ્રયોગ અનેક મંત્રોમાં પ્રાપ્ત થાય છે[33] પરંતુ ત્યાં 'પુરાણ' શબ્દ કેવળ પ્રાચીનતાનો જ બોધક છે. તથા ઋગ્વેદમાં જ અન્યત્ર 'પુરાણ' શબ્દ 'ગાથા'ના વિશેષણના રૂપમાં પ્રયુક્ત થયેલો છે.[34] આથી એક વાત એ સ્પષ્ટ થાય છે કે, ઋગ્વેદના સમયમાં કેટલીક એવી ગાથાઓ

પણ અસ્તિત્વ ધરાવતી હતી કે જેનો ઉદય અતિ પ્રાચીન એટલે કે ઋગ્વેદ કરતાં પણ પ્રાચીનકાળમાં થયો હતો. 'અથર્વવેદ'માં 'પુરાણ' શબ્દ ઈતિહાસ, ગાથા તથા નારાશંસી શબ્દોની સાથે પ્રયોજાયેલો છે. જ્યાં તેનો એક વિશિષ્ટ વિદ્યાના રૂપમાં ઉલ્લેખ છે.[35] અહીં ઈતિહાસાદિની સાથે કરવામાં આવેલો 'પુરાણ' શબ્દનો પ્રયોગ તે બધાના સમાન સાહિત્યિક રૂપ તરફ અંગુલિનિર્દેશ કરે છે. અર્થાત્, આ સમય સુધીમાં પુરાણોએ પોતાનું સાહિત્યિક સ્વરૂપ લગભગ નિશ્ચિત કરી લીધું હતું. આથી પુરાણનો ઉદ્ભવ અતિશય પ્રાચીનકાળમાં એટલે કે પ્રાગ્વેદકાળમાં થઈ ચૂક્યો હશે.

વાયુપુરાણ તતા મત્સ્યપુરાણમાં નોંધાયેલી પરંપરા અનુસાર બ્રહ્માએ પ્રથમ નિત્ય, શબ્દમય, પવિત્ર અને શતકોટિપ્રવિસ્તર એવા પુરાણનું સ્મરણ કર્યું પછી તેના મુખમાંથી વેદો ઉત્પન્ન થયા.[36] પુરાણની ઉત્પત્તિ અંગેનો પુરાણોનો આ મત પણ તેની પ્રાચીનતાનો દ્યોતક છે.

પુરાણના આવિર્ભાવ અંગે સ્કન્દપુરાણ[37], પદ્મપુરાણ[38] અને મત્સ્યપુરાણની[39]ની માન્યતા છે કે, કલ્પાંતરમાં એક જ 'પુરાણ' હતું. તે ધર્મ, અર્થ, કામ જેવા ત્રિવર્ગનું પ્રતિપાદક અને તેની પ્રાપ્તિનું સાધન તથા સો કરોડ શ્લોકોના વિસ્તારવાળું હતું. અનેક પુરાણો જણાવે છે, તેમ આ વિશાળ સાહિત્ય દેવલોકમાં પ્રતિષ્ઠિત હતું. સમય જતાં આ વિશાળ પુરાણને ગ્રહણ કરવાનું મંદબુદ્ધિવાળા અને પરિમિતશક્તિવાળા મનુષ્યથી શક્ય ન બન્યું. આથી ભગવાન વિષ્ણુએ કૃષ્ણ દ્વૈપાયન વ્યાસનું સ્વરૂપ ધારણ કરી મનુષ્યોનું કલ્યાણ કરવાની ઈચ્છાથી આ વિશાળ પુરાણ સાહિત્યને ચાર લાખ શ્લોકોમાં સંક્ષિપ્ત કર્યું અને આ રીતે મર્ત્યલોકમાં તેનું ચતુર્લક્ષાત્મક શ્લોકોવાળું સ્વરૂપ અસ્તિત્વમાં આવ્યું. ફરી પાછું વ્યાસે (વ્યાસોની

પરંપરાએ) તેને અઢાર વિભાગોમાં વિભક્ત કર્યું.[40] માર્કણ્ડેયપુરાણ મુજબ ઋષિઓએ વેદમંત્રો અને મુનિઓએ પુરાણો ગ્રહણ કર્યા.[41] ભાગવત પુરાણ નોંધે છે કે તેમ પુરાણની ઉત્પત્તિ પ્રથમ વિદ્યારૂપે થઈ હતી. પરંતુ તેના અવ્યવસ્થિત રૂપને વેદ વ્યાસે ગ્રંથસ્થ અને વ્યવસ્થિત કર્યું અને પછી તે 'પુરાણસંહિતા'ના નામે પ્રચલિત બન્યું.[42]

પુરાણોનો વિકાસ વિભિન્ન સ્તરોમાં થયેલો છે. પુરાણોનો વિકાસ પ્રકારાન્તરે આર્યો ના ઇતિહાસનો, સભ્યતાનો કે સંસ્કૃતિનો વિકાસ છે. તેથી આર્યસંસ્કૃતિની અને તેના સાહિત્યની પશ્ચાદ્ભૂમાં જ પુરાણોના વિકાસની ચર્ચા શક્ય બને છે. પુરાણ-સાહિત્ય કેવાં કેવાં સ્તરોએ વિકસ્યું તે નીચે મુજબ દર્શાવી શકાય.

**( अ ) પ્રાથમિક સ્તર :** વૈદિક સાહિત્યમાં પ્રાચીનકથાઓ અથવા તો સૃષ્ટિ-વિવરણના રૂપમાં પુરાણનાં પ્રારંભિક ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. જેમ કે, પુરુરવા-ઉર્વશી વગેરે જેવાં કથાનકો અથવા તો 'असद् वा इदमग्र आसीत्' વગેરે જેવાં વર્ણનો. આ સંદર્ભમાં અથર્વવેદ-11/7/24, 15/6/10-11, શતપથબ્રાહ્મણ - 11/5/6/8, ગોપથબ્રાહ્મણ - 1/21, આશ્વલાયનશ્રૌતસૂત્ર - 10/7, ગૌતમધર્મસૂત્ર - 10/9 વગેરે દ્રષ્ટવ્ય છે. આ બધાં સ્થાનોમાં પ્રયુક્ત 'પુરાણ' શબ્દનો પ્રયોગ પરંપરાથી પ્રાપ્ત થયેલાં આખ્યાનોના અર્થમાં અથવા તો સૃષ્ટિ-પ્રક્રિયાના વિવરણના અર્થમાં પ્રાપ્ત થાય છે. આ પ્રયોગોથી બૃહદ્ પુરાણ-સાહિત્યના અલગ અસ્તિત્વનું સૂચન પણ પ્રાપ્ત થાય છે.

**( ब ) દ્વિતીય સ્તર :** આ સ્તરે પુરાણ-સાહિત્યનું સ્વરૂપ સૃષ્ટિવિદ્યા તથા સ્મૃતિ-વિષયોના નિરૂપણ કરનાર ગ્રંથનું છે. તૈત્તિરીય આરણ્યક[43] તથા આપસ્તંબધર્મસૂત્ર[44] વગેરે પુરાણના પૃથક્ અસ્તિત્વનો સ્પષ્ટ નિર્દેશ કરે છે. તૈત્તિરીય આરણ્યકમાં 'પુરાણ' શબ્દનું

બહુવચનનું રૂપ પ્રયોજાયેલું છે, જ્યારે આપસ્તમ્બ ધર્મ સૂત્રમાં તો કેટલાક પૌરાણિક શ્લોકોને જ ઉદ્દ્ધૃત કરવામાં આવ્યા છે. આમાંથી કેટલાક શ્લોકો હાલના કોઈ જ પુરાણમાં પ્રાપ્ત થતા નથી. જ્યારે કેટલાક શ્લોકો પાઠભેદે મનુસ્મૃતિમાં મળી આવે છે.[45] ઉપરાંત, બે શ્લોકો વાયુ પુરાણ[46], બ્રહ્માંડપુરાણ[47], મત્સ્યપુરાણ[48] અને વિષ્ણુપુરાણ[49]માં મળી આવે છે. તેમજ આપસ્તમ્બ ધર્મસૂત્રમાં ઉદ્દ્ધૃત કેટલોક ગદ્યાંશ [50] સ્પષ્ટતયા મત્સ્યપુરાણ - 227/115-117નું સંક્ષિપ્ત રૂપ છે. તથા આપસ્તમ્બ ધર્મસૂત્ર - 2/9/24/6માં ઉદ્દ્ધૃત સંક્ષિપ્ત ગદ્યાંશ ભવિષ્યપુરાણના કેટલાક શ્લોકોની સાથે બંધબેસતો આવે છે. આમ, આપસ્તમ્બધર્મસૂત્રના આ ઉદ્ધરણોથી સ્પષ્ટ થાય ચે કે તે સમયમાં પુરાણોનું વર્તમાન સ્વરૂપ અસ્તિત્વમાં હતું તથા તેમાં સર્ગ, વિસર્ગાદિનાં વર્ણનોની સાથે સાથે સ્મૃતિ તથા સૂત્રગ્રંથોના વિષયો પણ સમાવિષ્ટ હતા.

**( क ) तृतीयस्तर :** પુરાણોની વ્યાખ્યા - 'पुराणं पञ्चलक्षणम्' ના રૂપમાં જ મહદંશે થયેલી છે. સર્ગ, પ્રતિસર્ગ, વંશ, મન્વન્તર અને વંશાનુચરિતનું વર્ણન પુરાણોના મુખ્ય વર્ણ્ય-વિષયો હોવાથી પુરાણોને 'પંચલક્ષણાત્મક' કહેલ છે. પુરાણોનું આ સ્વરૂપ ક્યારથી અસ્તિત્વમાં આવ્યું, એ અંગે સ્પષ્ટપણે તો કોઇ પુરાણના આધારે કહી શકાય તેમ નથી. પરંતુ 'અમરકોશ'ના સમય સુધીમાં પુરાણોની આ પરિભાષાને માન્ય ગણી લેવામાં આવી હશે. એવું કહી શકાય તેમ છે. કેમ કે, અમરકોશકાર 'પુરાણ' ને पुराणं पञ्चलक्षणम्' ના રૂપે સમજાવે છે.[51] 'અમરકોશ'નો સમય લગભગ ઈ.સ. ના પાંચમી કે છઠ્ઠી સદીનો માનવામાં આવે છે.[52] તેથી પુરાણોનું આ પંચલક્ષણાત્મક સ્વરૂપ, આ સમય સુધીમાં ચોક્કસપણે અસ્તિત્વમાં આવી ચૂક્યું હશે. જો કે આનો અર્થ એવો પણ નથી કે પુરાણોમાં આ પાંચ

વિષયોનું જ વર્ણન હોય છે. વસ્તુતઃ આ પાંચ બાબતો ઉપલબ્ધ બધા જ મહાપુરાણોમાં સમાન રીતે પ્રાપ્ત થતી હોવાથી, તે તેનું લક્ષણ બની ગયેલ છે.

**( ड ) વર્તમાન સ્તર :** પુરાણના પંચલક્ષણાત્મક સ્વરૂપનું કેવળ વિષ્ણુપુરાણમાં જ સાંગોપાંગ વર્ણન થયેલું છે. જ્યારે અન્ય પુરાણોમાં એ પાંચ લક્ષણો-વિષયો ઉપરાંત દેવપૂજા, વ્રત, દાન, તીર્થ, શ્રાદ્ધ વગેરે જેવા અન્ય વિષયો પણ વિસ્તારથી વર્ણવાયેલા છે. અગ્નિપુરાણ, નારદપુરાણ, ગરુડપુરાણ વગેરે જેવા પુરાણો તો એક પ્રકારે વિશ્વકોશ સમાન છે, જે પુરાણોના ક્રમિક વિકાસ અને વિસ્તારને દર્શાવે છે. સમય જતાં પુરાણોનો વ્યાપ અતિશય વિસ્તર્યો, અનેક ખિલ ભાગો પૂરકના રૂપમાં અસ્તિત્વમાં આવ્યાં. મહાપુરાણોના આવા ખિલ ભાગો 'ઉપપુરાણો' તરીકે ઓળખાવા લાગ્યા. આ ઉપપુરાણોના પણ ખિલ ભાગોની રચના થઈ, જે 'ઔપપુરાણ' કહેવાય છે. પુરાણોનો આ વિકાસ હજુ આટલેથી પણ ન અટકતાં જ્ઞાતિપુરાણો, સ્થાનમાહાત્મ્યો વગેરે સુધી વિસ્તર્યો છે. આમ, હજારો વર્ષ પૂર્વે જન્મેલું પુરાણ છેક ઇ.સ.ની 19મી કે વીસમી સદીના પ્રારંભ સુધી સતત-સતત વિકસતું અને વિસ્તરતું રહ્યું છે.

## 1.4 પુરાણના વર્ણ્ય-વિષયો :

પુરાણોનો પ્રતિપાદ્ય વિષય મુખ્યત્વે પાંચ વિભાગોમાં વહેંચાય છે. સર્ગ, પ્રતિસર્ગ, વંશ, મન્વન્તર અને વંશાનુચરિત.[53] જેમાં સર્ગ એટલે સૃષ્ટિ, પ્રતિસર્ગ એટલે સૃષ્ટિનું પુનરુજ્જીવન કે પ્રલય, વંશ એટલે ઋષિઓ, રાજાઓ વગેરેની વંશાવળી, મન્વન્તર એટલે સ્વાયંભૂ વગેરે મનુઓના ઉદ્ભવ, શાસનકાળ વગેરેનું વર્ણન, અને વંશાનુચરિત એટલે સૂર્ય-ચન્દ્રાદિ વંશોનો ઇતિહાસ. પરંતુ આ ઉપરાંત પણ અનેકાનેક વિષયોનું નિરૂપણ પુરાણોમાં

થયેલું છે. વ્રત, દાન, તપ, શ્રાદ્ધ, તીર્થ, રાજનીતિ, ધર્મ, ઇતિહાસ, ભૂગોળ, સમાજવિજ્ઞાન, ખગોળ, આયુર્વેદ, અલંકાર, વ્યાકરણ, કાવ્ય, જ્યોતિષ, વિજ્ઞાન વગેરે તમામ બાબતોનું પ્રતિપાદન પુરાણોમાં થયેલું છે. ભારતીય સંસ્કૃતિનું વિશિષ્ટ જ્ઞાન આપણને પુરાણોના અધ્યયન દ્વારા પ્રાપ્ત થાય છે. પંચલક્ષણાત્મક પુરાણોમાં અન્ય કયા કયા વિષયોનું નિરૂપણ થયેલું હોય છે, તે અંગે મત્સ્યપુરાણકાર નોંધે છે કે,

"પાંચ લક્ષણોવાળં બધાં જ પુરાણોમાં સર્જન, પાલન-પોષણ અને સંહાર કરનારા બ્રહ્મા, વિષ્ણુ, સૂર્ય અને રુદ્ર તથા ભુવનના માહાત્મ્યનું વર્ણન કરવામાં આવ્યું છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું પણ તેમાં વિસ્તૃત વર્ણન થયેલું છે. આ બધાથી વિરુદ્ધ આચરણ કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે, તેનું નિરૂપણ પણ કરવામાં આવ્યું છે."[54]

પુરાણોના વિષય વૈવિધ્યને શ્રી હનુમાનપ્રસાદ પોદ્દાર વિસ્તારથી નીચે પ્રમાણે દર્શાવે છે –

"भारतीय संस्कृत-साहित्य-सागर अनन्त रत्नराशिसे पूर्ण है । उन रत्नों में पुराण का स्थान अत्यन्त महत्त्व का है । पुराण अध्यात्मशास्त्र है, पुराण दर्शनशास्त्र है, पुराण धर्मशास्त्र है, पुराण नीतिशास्त्र है, पुराण तन्त्र-मन्त्रशास्त्र है, पुराण कलाशास्त्र है, पुराण इतिहास है, पुराण जीवनी-कोष है, पुराण सनातन आर्यसंस्कृति का स्वरूप है, और पुराण वेद की सरस और सरलतम व्याख्या है । पुराण में तीर्थ-रहस्य और तीर्थमाहात्म्य है, पुराण में तीर्थों का इतिहास और उनकी विस्तृत सूची है, पुराण में परलोक-विज्ञान, प्रेत-विज्ञान, जन्मान्तर और लोकान्तर-रहस्य, कर्म-रहस्य तथा कर्म-फलनिरूपण, नक्षत्रविज्ञान, रत्नविज्ञान, आयुर्वेद और शकुनशास्त्र आदि-आदि इतने महत्त्वपूर्ण और उपादेय विषय है कि जिनकी पूरी जानकारी

के साथ व्याख्या करना तो बहुत दूर की बात है, बिना पढ़े पूरी सूची बना पाना भी प्राय: असम्भव है ।"[55]

શ્રી ગોપાલવૈષ્ણવપીઠાચાર્ય શ્રી વિઠ્ઠલેશજીનું કથન છે કે, –

"पुराणों में सर्ग-विसर्गादि पांच लक्षण, व्रतोपवास, तीर्थ, उपासना, योग-यज्ञादि का समास-व्यास-रूप से वर्णन किया गया है । यह सभी साधन अन्त:करण की शुद्धि द्वारा भगवत्प्राप्ति में सहायक सिद्ध होते है ।"[56]

સ્વામી શ્રી અખંડાનંદ સરસ્વતીનું કથન છે કે, –

"संस्कृत वाङ्मय में पुराणों का एक विशिष्ट स्थान है । इनमें वेदार्थ का स्पष्टीकरण तो है ही, कर्मकाण्ड, उपासनाकाण्ड तथा ज्ञानकाण्ड के सरलतम विस्तार के साथ साथ कथा-वैचित्र्य द्वारा साधारण जनता को भी गूढ़- से - गूढ़तम तत्त्व को हृदयंगम करा देने की अपनी अपूर्व विशेषता भी है । इस युग मैं धर्म की रक्षा और भक्ति के मनोरम विकास का जो यत्किंचित् दर्शन हो रहा है, उसका समस्त श्रेय पुराण-साहित्य को ही है।"[57]

આચાર્ય બલદેવ ઉપાધ્યાયે અઢારેય પુરાણોના વિષયોનું વિવેચન 'पुराण-विमर्श' નામના પોતાના પુસ્તકનાં પ્રથમ પરિશિષ્ટમાં વિસ્તારથી કર્યું છે.[58] પુરાણો સામાન્ય રીતે તો વૈદિક ધર્મને જ પ્રતિપાદિત કરે છે. છતાં તે કેવળ આ ક્ષેત્ર પૂરતાં જ મર્યાદિત નથી. પુરાણોનું નિર્માણ ખાસ કરીને તેવા લોકો માટે થયું, જેમને વેદ ભણવાનો અધિકાર ન હતો. એવી માન્યતા પણ છે. આમ, સ્ત્રી તેમજ શૂદ્રાદિ માટે એમની રચના થઈ હશે, કેમ કે તેમને વેદ ભણવાનો અધિકાર નથી. આનું કારણ તિરસ્કારની ભાવના નહીં, પણ સરળતા હતી, જેથી સ્ત્રીઓ વગેરે માટે અગમ્ય તત્ત્વ પણ પુરાણોની મદદથી સરળરૂપે રજૂ કરી

શકાય. પુરાણોમાં મળતી ઘણીખરી હકીકતો, ઐતિહાસિક દૃષ્ટિએ સાચી છે, ભલે એમાં કલ્પનાની અતિશયતા પ્રવર્તતી હોય, પુરાણોમાં મળી આવતી હકીકતો હવે શિલાલેખો, દાનપત્ર વગેરે પુરાતાત્ત્વિક સામગ્રી દ્વારા પણ પુષ્ટ થતી જાય છે. ભૌગોલિક દૃષ્ટિએ પુરાણો ખૂબ ઉપયોગી છે. વિશિષ્ટ તીર્થો, નદીઓ, રાજ્યો વગેરેનાં વર્ણનોથી તે વખતની ભારતીય ભૌગોલિક સ્થિતિ જાણી શકાય છે. વળી પુરાણોમાં અત્યંત સુંદર કાવ્યતત્ત્વ પણ મળી આવે છે. અગ્નિપુરાણમાં તો કાવ્યનું શાસ્ત્રીય વિવેચન પણ મળે છે. પ્રાર્થનાઓ, વર્ણનો, કથાતત્ત્વો, છંદોવૈવિધ્ય વગેરે જોતાં પુરાણોની કાવ્યત્વ-શ્રેષ્ઠતા વિષે જરાય શંકા રહેતી નથી. અનેક રસો અને ભાવોનું નિરૂપણ પુરાણકારે કરેલું છે. પુરાણના વિષયો દુઃખ શ્રમ અને શોકથી પીડિત લોકોને સુખ અને આનંદ પ્રદાન કરનારા છે. આ બધા જ વિષય ધર્મ, અર્થ, યશ, આયુર્વર્ધક, હિતકારી, બુદ્ધિનો વિકાસ કરનારા અને ઉપદેશાત્મક છે. સંસારનું એવું કોઇ જ જ્ઞાન, શિલ્પ, વિદ્યા, કલા, યોગ કે કર્મ નથી કે જે કોઈને કોઈ રૂપે પુરાણોમાં વર્ણવવામાં ન આવ્યું હોય. વિષય-વૈવિધ્ય કે વિષય-વ્યાપની દૃષ્ટિએ પુરાણ-સાહિત્ય જગતનું સૌથી વધારે સમૃદ્ધ સાહિત્ય છે. સર્ગાદિ પાંચ મુખ્ય વિષયોપરાંતના પણ અગણિત વિષયોનું નિરૂપણ આ સાહિત્યને 'વિશ્વજ્ઞાનકોશ' (Universal encyclopeadia) બનાવી દે છે.

## 1.4.1 પુરાણ પંચલક્ષણ :

પૌરાણિક સાહિત્ય એટલું વિશાળ છે કે તેને લક્ષણોની દિશામાં ઢાળવું અતિદુષ્કર કાર્ય છે. તેમ કરતાં પુરાણો માટે સર્વમાન્ય એવા પાંચ લક્ષણો નિર્ણીત થયા છે જે તેના વિવિધ વિષયો પર પ્રકાશ પાડે છે.[59]

(1) સર્ગ - સૃષ્ટિની રચના

(2) પ્રતિસર્ગ - જગતનો લય

(3) વંશ - સૂર્યવંશ અને ચંદ્રવંશની ઉત્પત્તિ અને વર્ણન

(4) મન્વન્તર - જગતનાં આદિથી અંત સુધીનાં ગાળાઓમાં થયેલા ચૌદ મનુઓની કથા.

(5) વંશાનુચરિત - સૂર્ય અને ચંદ્રવંશમાં ઉત્પન્ન થયેલા નામાંકિત રાજાઓનાં ચરિત્રવર્ણન.

શ્રી મધુસૂદન ઓઝા ત્રૈલોક્ય વિશ્વવિદ્યા, જ્યોતિષચક્ર ભુવનકોશ, પ્રાસંગિક અને વંશાવલીએ પાંચ લક્ષણો ગણાવે છે.[60] ડૉ. અરુણોદય જાની ''લક્ષણ'' શબ્દનો અર્થ લક્ષણીય અર્થ અર્થાત્ 'વર્ણ્યમાન વિષયો' એવો કરે છે.[61]

પુરાણની ઉપર્યુક્ત પરિભાષા અમરકોશમાં પણ આવી છે, પરંતુ ત્યાં પંચલક્ષણોની વ્યાખ્યા આપી નથી.[62] અમરકોશનાં સમય સુધી જેટલા પુરાણોનાં સંસ્કાર પ્રાપ્ત થાય છે તે બધામાં આ પાંચલક્ષણો અનુસાર જ થયેલું જણાય છે.

## (1) સર્ગ :

જગત્ તથા તેના વિવિધ પદાર્થોની ઉત્પત્તિને 'સર્ગ' કહે છે. સર્ગ એટલે સર્જનની પ્રક્રિયા, સર્ગ અને પ્રતિસર્ગની ગંગોત્રી ઋગ્વેદનાં નાસદીયસૂક્ત, હિરણ્યગર્ભ સૂક્ત અને પુરૂષસૂક્ત જેવા સૂક્તોમાંથી મળે છે.

જ્યારે મૂળ પ્રકૃતિમાં લીન થયેલા ગુણો ક્ષુબ્ધ થાય છે ત્યારે તત્ત્વથી ત્રણ પ્રકાર-સત્ત્વ, રજસ્ અને તમસ્નાં ગુણ, તેમાંથી રૂપ-રસાદિ પાંચ મહાભૂતોની ઉત્પત્તિ તે સર્ગ.[63]

પુરાણોમાં સર્ગનું વર્ણન સાંખ્ય અને વેદાન્તાનુસાર જણાય છે. પરમાત્માનાં અધિષ્ઠાન નીચે પ્રકૃતિ અને પુરૂષના સંયોગ સર્જનનો આરંભ થાય છે. આમ છતાં પુરાણની સર્ગવિદ્યા અનોખી છે.[64] પુરાણમાં બ્રહ્મ પ્રકૃતિ-પુરુષનાં અધ્યક્ષ છે તેને વૈષ્ણવલક્ષી પુરાણોમાં વિષ્ણુ સાથે, સૂર્ય સંબંધી પુરાણોમાં સૂર્ય સાથે, શૈવ સંબંધી પુરાણોમાં શિવ સાથે, શાક્ત સંબંધી પુરાણોમાં શક્તિ સાથે તથા ગાણપત્યનાં પુરાણોમાં ગણપતિ સાથે તાદાત્મ્ય ધરાવે છે. પ્રકૃતિ-પુરુષના દ્વૈત પ્રતિપાદક સાંખ્ય તથા અદ્વૈત બ્રહ્મના દ્યોતક વેદાંતનું મિશ્રસ્વરૂપ પુરાઓમાં દૃષ્ટિગોચર થાય છે. મનુસ્મૃતિ અને મહાભારતમાં પણ તેની અસર સ્પષ્ટપણે જોઈ શકાય છે.

પ્રકૃતિ-પુરુષનાં સાન્નિધ્યથી ત્રૈગુણ્ય ચંચળ બનતાં મહત્નું સર્જન થાય છે અને તે સાથે સૃષ્ટિનો આરંભ થાય છે. આ સર્જન - સર્ગ નવ પ્રકારના છે તેમાં ત્રણ મુખ્ય છે.

(1) પ્રાકૃત સર્ગ

(2) વૈકૃત સર્ગ

(3) પ્રાકૃત-વૈકૃત સર્ગ

## (1) પ્રાકૃત સર્ગ :

આ સર્ગ નૈસર્ગિક છે. તેના ત્રણ પ્રકાર છે. : બ્રહ્મસર્ગ, ભૂતસર્ગ અને વૈકારિક સર્ગ.

ભગવદ્ગીતા (14.3) અનુસાર મહત્ તત્ત્વ બુદ્ધિ તત્ત્વનો દ્યોતક છે. જ્યારે સાંખ્યાનુસાર બુદ્ધિએ પુરુષ પ્રકૃતિનાં સંયોગનું પ્રથમ પરિણામ છે. આ જ મહત્ તત્ત્વનો સર્ગ એ બ્રહ્માનો પ્રથમ સર્ગ મનાય છે. અહંકારના તામસરૂપથી પંચતન્માત્રાઓની ઉત્પત્તિ તે ભૂતસર્ગ છે. આ પંચ તન્માત્રાઓ પૃથવ્યાદિ પંચ ભૂતોની અત્યંત સૂક્ષ્માવસ્થા સૂચવે

છે. સંસારરૂપી વૃક્ષનાં પાંદડાં-રૂપ, રસ, ગંધ, શબ્દ અને સ્પર્શ એ પાંચ તેમાંથી જન્મે છે. તેને વૈકારિક સર્ગ કહેવાય છે. આ ઈન્દ્રિય સંબંધી સૃષ્ટિનું નામ છે. સાંખ્યાનુસાર અહંકારથી તામસરૂપે પાંચ તન્માત્રાઓ ઉત્પન્ન થાય છે અને સાત્ત્વિક ઈન્દ્રિયો ઉત્પન્ન થાય છે તથા રાજસી રૂપે તે બંનેની ક્રિયાશીલતા હોવા છતાં સમાનભાવે રહે છે. પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય તથા ઉભય સંકલ્પ-વિકલ્પાત્મક મન થઈને અગિયાર ઈન્દ્રિયો બને છે.

## (2) વૈકૃત સર્ગ :

વૈકૃત સર્ગ પાંચ પ્રકારે રચાય છે. મુખ્યસર્ગ, તિર્યક્સર્ગ, દેવસર્ગ, માનુષસર્ગ અને અનુગ્રહસર્ગ.

## મુખ્ય સર્ગ :

પંચપર્વ અવિધારૂપ મુખ્યસર્ગ છે. તેને ઐન્દ્રિયસર્ગ પણ કહેવાય છે. તમોગુણપ્રધાન આ પાંચ પર્વ અવિદ્યા તે - તમ, મોહ, મહામોહ, તામિસ્ર અને અંધતામિસ્ર બ્રહ્મનાં આ સર્જનમાં વૃક્ષ,વેલ, ઔષધિ, વનસ્પતિ અને ત્વક્સારની ઉદ્ભિજ્જ સૃષ્ટિનો સમાવેશ થાય છે.

## તિર્યક્સર્ગ :

આ સૃષ્ટિમાં તમોમય, વિવેકરહિત, અનુચિત માર્ગ પર આધારિત તથા વિપરીત જ્ઞાનને સત્ય માનવાવાળા હોય છે. પશુ,પક્ષી,કૃમિ,કીટ, પતંગિયાં વગેરે 28 પ્રકારની સૃષ્ટિમાં માત્ર આહાર, નિદ્રા, ભય અને મૈથુન જેવી સ્વાભાવિક વૃત્તિઓ જ હોય છે. સ્થાવર સૃષ્ટિનાં સર્જન બાદ જંગમ સૃષ્ટિનું પ્રથમ પગથિયું છે.

### દેવસર્ગ :

તિર્યક્યોનિ પછી આવતી દેવયોનિ સાત્ત્વિક અહંકારથી ઉત્પન્ન થયેલી ઈન્દ્રિયોની

અધિષ્ઠાત્રી તરીકે ઓળખવામં આવે છે. સમગ્ર સંવેદનતંત્રના આધારરૂપ મન દેવસર્ગનું પરિણામ છે. ભોગનું હોય છે તે જ મોક્ષના અંતરાયરૂપ છે.

## માનુષ સર્ગ :

આંતરબાહ્ય ચેતનાવાળી માનવસૃષ્ટિ સુખ દુઃખ અને મોહની અનુભૂતિ ધરાવે છે. માનુષસર્ગમાં સામાન્ય વૃત્તિઓ ઉપરાંત બુદ્ધિ પણ ધરાવે છે. તિર્યક્સૃષ્ટિની માફક માનુષસર્ગ પણ અર્વાક્ સ્રોતસ હોવાથી મુખથી ખોરાક લે છે. દુઃખની વિશેષતાવાળા અત્યંત ક્રિયાશીલ તથા બાહ્ય અભ્યન્તર જ્ઞાનથી સંપન્ન હોય છે. અહીં સત્ત્વ, રજસ્ અને તમસ્નું આધિક્ય હોય છે.

## અનુગ્રહ સર્ગ :

માર્કંડેય પુરાણમાં આ સર્ગના ચાર પ્રકાર જણાવ્યા છે. સિદ્ધિ, શાંતિ, તુષ્ટિ, વિપર્યય[65] તેમાંથી સ્થાવર, શક્તિ (શાંતિ) તિર્યક્સૃષ્ટિમાં સિદ્ધિ મનુષ્યોમાં અને સૃષ્ટિ દેવો અંતર્ગત આવે છે. આ સર્ગનો વિષ્ણુપુરાણમાં "સાત્ત્વિક તામસ" તરીકે ઉલ્લેખે છે.[66]

## (3) પ્રાકૃત વૈકૃત સર્ગ :

કૌમારસર્ગને પ્રાકૃત-વૈકૃત ઉભયાત્મક સર્ગ પણ કહે છે. તે ભગવદ્જ્ઞાનજન્ય અને ભગવજજન્ય એમ ઉભયાત્મક છે. સનત્, સનક, સનંદન, સનાતન એ આ સૃષ્ટિનું પરિણામ છે.

આ સર્ગના ઉભયાત્મક સ્વરૂપ વિશે મતમતાંતર જોવા મળે છે.[67] વિશ્વનાથ ચક્રવર્તી ધ્યાનથી પવિત્ર થયેલા મન વડે અન્ય વ્યક્તિઓની સૃષ્ટિ રચાઈ તેમ કહે છે. વલ્લભાચાર્ય

દેવ અને મનુષ્ય બંને યોનિમાં સર્જન થાય છે તેમ સુબોધિનીમાં જણાવે છે. તેનું ખંડન કરતાં ભાગવતના વ્યાખ્યાકાર નિમ્બાર્કના મતે સનત્કુમારાદિ મનુષ્યકોટિમાં ગણાય જ નહિ.

આ પ્રાણીસૃષ્ટિમાં વિવિધ પ્રાણીઓમાં અસુર રાત્રિ સાથે, સુર દિવસ સાથે, પિતૃઓ સાયં-સંધ્યા સાથે અને મનુષ્ય પ્રાતઃકાળ સાથે સંબંધિત છે. આ ઉપરાંત બ્રહ્માએ બ્રહ્મસૃષ્ટિ, માનસીસૃષ્ટિ અને રૌદ્રી સૃષ્ટિનું પણ સર્જન કર્યું છે.

## બ્રાહ્મી સૃષ્ટિ :

ભગવાન વિષ્ણુની પ્રેરણાથી તેમના નાભિ કમળ પર બેઠેલા બ્રહ્માએ સૃષ્ટિના વિચારથી આકાશવ્યાપી કમળમાં સ્વયં પ્રવેશી ત્રણ ભાગ પડ્યા તે ભૂઃભુવઃ અને સ્વઃ લોક બન્યા. તે રાજ્ય,કર્મ રાજ્ય તરીકે પ્રખ્યાત બન્યા. ત્યાર પછી નિષ્કામ કર્મના સંપાદકો માટે મહ,જન,તપ અને સત્ય એ ચાર લોક બનાવ્યા. આગળ સૃષ્ટિના વિસ્તાર માટે બ્રહ્મસમાન શક્તિસંપન્ન અને અધ્યાત્મથી મંડિત નવ માનસપુત્રો ઉત્પન્ન કર્યા. જે ભૃગુ, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ, અંગિરસ, મરીચિ, દક્ષ, અગ્નિ તથા વસિષ્ઠ તેમને ખ્યાતિ, ભૂતિ વગેરે કન્યાઓ આપી હતી.

## માનસી સૃષ્ટિ :

બ્રહ્મના નવ માનસપુત્રોથી થતું સૃષ્ટિનું સંચાલન તે તેમની માનસી સૃષ્ટિ છે. મરીચિ, કશ્યપ આદિ અનેક અધિકારી પુરુષો છે. જે બ્રહ્માની સાથે રહીને તેમની પ્રેરણાથી સૃષ્ટિ કાર્ય સંપાદન કરે છે. પ્રજાપતિ કશ્યપ દ્વારા દેવ-દૈત્ય, પશુ-પક્ષી, સ્થાવર-જંગમ બધી જ પ્રકારના જંતુઓ જન્મ લે છે. 'કશ્યપ' શબ્દ સૃષ્ટિ શક્તિના દ્યોતક છે. તેથી જ બ્રાહ્મણગ્રંથોમાં

''कश्यपः पश्यको भवति'' કહી કશ્યપનું નિર્વચન અપાયું છે. પોતાની જ દૃષ્ટિથી જ સૃષ્ટિની રચના કરી શકે તે ''કશ્યપ'' છે.

માનસીસૃષ્ટિની પરિભાષા છે જે સૃષ્ટિ દેવ બ્રહ્મા દ્વારા દેવમૂલક, અક્ષય, અવ્યય તથા ધર્માનુકૂળ હોય.

## રૌદ્રી સૃષ્ટિ :

સનક, સનત, સનન્દન, સનાતન એ ચાર કુમારોની સંસાર પ્રત્યેની ઉદાસીનતા અને નિરપેક્ષભાવ જોઈ ક્રોધિત થયેલા તેમના ભ્રૂકુટિ-કુટિલ લલાટમાંથી પ્રચંડ સૂર્યસમાન પ્રકાશમાન ચંદ્રનો આવિર્ભાવ થયો. ચંદ્રનું અર્ધું શરીર નરરૂપે અને અર્ધુ નારી રૂપે હતું. પુરુષરૂપ અગિયાર ભાગમાં વિભક્ત કર્યું અને સ્ત્રીરૂપને સૌમ્ય-ક્રૂર, શાંત-અશાંત, શ્યામ-ગૌર વગેરે રૂપોમાં વિભક્ત કર્યું. ચંદ્ર દ્વારા આવિર્ભાવ પામેલી સૃષ્ટિને રૌદ્રી સૃષ્ટિ કહે છે. રૌદ્રી સૃષ્ટિનું વર્ણન વિષ્ણુપુરાણ 1.7, 11-15, માર્કંડેય પુરાણ ૫૨ 2-10 માં વિસ્તૃતરૂપે મળે છે.

સૃષ્ટિવાદ એ હિંદુ સંસ્કૃતિમાં હંમેશાં ચર્ચાનો વિષય રહ્યો છે. આમ તો કપિલમુનિ દ્વારા પ્રણીત સાંખ્યાના સૃષ્ટિવાદને જ એ અનુસરે છે. તેમણે પ્રકૃતિ અને પુરુષને જ મૂળ તત્ત્વ માન્યા છે. જ્યારે પુરાણમાં આ બંને તત્ત્વોને પરમાત્માનું સર્જન માને છે. પ્રલય વખતે પણ પ્રકૃતિ-પુરુષને પરમાત્મામાં લીન થતા દર્શાવાય છે. વિષ્ણુપુરાણ પણ આ મતને સમર્થન આપે છે.[68]

આમ જોઈ શકાય કે પુરાણમાં સૃષ્ટિવાદમાં સાંખ્યનો આધાર લીધો હોવા છતાં પૌરાણિક સૃષ્ટિપ્રકૃતિ પોતાની મૌલિકતાથી મંડિત છે. પુરાણે અધ્યાત્મવાદી દૃષ્ટિકોણ

અપનાવ્યો છે. આમ મુખ્યસર્ગ, સ્થાવર જડાની સૃષ્ટિ, પશુ પક્ષીઓની તિર્યક્-સૃષ્ટિ, ભોગપ્રધાન, દેવસૃષ્ટિ, સુખ દુઃખાત્મક માનુષી સૃષ્ટિ સંકલ્પથી જન્મેલી માનસી સૃષ્ટિ, કૌમાર સૃષ્ટિ અને દક્ષ પ્રજાપતિથી આરંભાયેલી મૈથુની સૃષ્ટિથી સંસારચક્ર નિરંતર ચાલ્યા કરે છે.

## (2) પ્રતિસર્ગ :

સર્ગની જેમ પ્રતિસર્ગનું વર્ણન લગભગ દરેક પુરાણોમાં મળે છે. પ્રતિસર્ગ એટલે પ્રલય, સર્ગથી વિપરીત સ્થિતિ[69] પ્રતિસર્ગ માટે પુરાણોમાં અનન્તર પ્રલય,[70] અનન્તરાલા ઉપસંહૃતિ[70A] આભૂત સંપ્લવ ઉદાપ્લુત[71] નિરોધસંસ્થા[72] ઉપસંહૃતિ એકાર્ણવાવસ્થા, તત્ત્વપ્રતિસંયમ[72A] પ્રતિસંક્રમ, પ્રતિસંચર, પ્રતિસંસર્ગ, સંપ્લવ[73] વગેરે શબ્દો પ્રયોજાયા છે.

પ્રલય ચાર પ્રકારના છે.[74]

(1) નૈમિત્તિક પ્રલય

(2) પ્રાકૃત પ્રલય

(3) આત્યંતિક પ્રલય અને

(4) નિત્ય પ્રલય

## (1) નૈમિત્તિક પ્રલય :

નૈમિત્તિક પ્રલય બ્રહ્માન દિવસનાં કે કલ્પના અંતે થાય છે. નિમિત્ત બનાવીને થતો પ્રલય તે નૈમિત્તિક પ્રલય છે. એક હજાર ચતુર્યુગી બ્રહ્માના એક દિવસ (કલ્પ)ના અંતે પ્રલય થાય છે. આ પ્રલયને બ્રહ્માની રાત્રિ પણ કહે છે. બ્રહ્માની રાત્રિના સમયે ભૂ(પૃથ્વી), ભુવ (ચંદ્રલોક), સ્વ(સૂર્યલોક)નો પણ લય થાય છે. આ પ્રલય સમયે વિષ્ણુ એકાર્ણવ

(મહાનિદ્રા)માં પોઢે છે. બ્રહ્મા પણ સમસ્ત વિશ્વને પોતાનામાં સમેટી લઈ નિદ્રા દ્વારા વિશ્રામ કરે છે.

## (2) પ્રાકૃત પ્રલય :

આ પ્રલય નૈમિત્તિક પ્રલયની અપેક્ષાએ અધિક વર્ષો ચાલે છે. બ્રહ્માની આયુની સમાપ્તિ સાથે પ્રાકૃત પ્રલયની શરૂઆત થાય છે. તે સમયે સાતેય પ્રકૃતિઓ પંચ તન્માત્રાઓ અને અંહાકર તથા મહત્-તત્ત્વ-કારણભૂત અવ્યક્ત પ્રકૃતિમાં લીન થાય છે. આ પ્રલય સમયે સમગ્ર વિશ્વમાં ભીષણ દૃશ્ય ઉત્પન્ન થાય છે. તેજ, વાયુ, આકાશાદિ પણ પોતાનાં વિશિષ્ટ ગુણોને ત્યજીને પ્રવૃત્તિમાં જ લીન થાય છે. તે સમયે કેવળ અનંત, અનાદિ, અવ્યક્ત પ્રકૃતિ અને પુરુષ જ રહે છે. આને જ પ્રાકૃતિક પ્રલય કહે છે. પ્રાકૃતિક પ્રલયમાં મહ,જન, તપ અને સત્યલોકનો સૃષ્ટિના સર્જનના પ્રતિલોમ ક્રમે પ્રકૃતિમાં લય થાય છે. પ્રાકૃત શબ્દ પણ આજ બાબતનો નિર્દેશ કરે છે.

## (3) આત્યંતિક પ્રલય :

નૈમિત્તિક પ્રલય બ્રહ્માના કલ્પના અંતે થાય છે. પ્રાકૃત પ્રલય બ્રહ્માની આયુની સમાપ્તિ વખતે થાય છે. પ્રથમ પ્રલયની કાળની સાથે સંબંધિત છે. જ્યારે આત્યંતિક પ્રલયને કાળની સીમામાં બાંધી શકાતો નથી.

દુઃખની નિવૃત્તિ જ બીજું નામ આત્યંતિક પ્રલય છે. જ્ઞાન, કર્મ કે ભક્તિ દ્વારા માયાથી મુક્તિ મળતાં આત્યંતિક પ્રલય થાય છે. તે પ્રલય સાથે એક ક્ષણમાં અથવા શત પ્રતિશત વર્ષો સુધી પણ તે સ્થિતિ પ્રાપ્ત થઈ શકતી નથી. પરંતુ જ્યારે તેની સાધનસામગ્રી ઉપસ્થિત

થાય અને ઈશ્વરની કૃપા થાય ત્યારે આત્યંતિક પ્રલય થાય છે. ભાગવતપુરાણમાં આનું અવિસ્તૃત વર્ણન છે.[75]

## (4) નિત્ય પ્રલય :

પુરાણો અનુસાર સૃષ્ટિ પણ નિત્ય છે અને પ્રલય પણ નિત્ય છે. તણખલાથી માંડીને પૃથ્વી પર રહેલા સમગ્ર પદાર્થોનું પ્રતિક્ષણ સર્જન થાય છે અને પ્રતિક્ષણ નાશ પણ થાય છે. જો કે સંસારના પરિણામી પદાર્થોનું પરિવર્તન જોઈ શકાતું નથી. તે એટલું સૂક્ષ્મ છે કે માનવબુદ્ધિ તેને ગ્રહણ કરી શકતી નથી. પ્રતિક્ષણ થતા આ વિનાશને જ નિત્યપ્રલય કહે છે. આ પંચામૃતાત્મક શરીરમાં પણ પ્રતિક્ષણ કોષો ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે.

વિશ્વની પ્રલયકથાઓ પણ આવું જ કંઈક કહે છે. મનુના નૌકાબંધનની કથા એક પ્રાચીન પ્રલયકથા તો છે જ. સાથે સાથે ગ્રીક, રોમ, બેબિલોનની પ્રલયકથાઓ પણ જાણીતી છે. બેબિલોનની પ્રલયકથાને ભવિષ્યપુરાણે યથાવત્ લીધી છે. દક્ષિણ એશિયાની પ્રલયકથાઓમાં પૃથ્વીનું પાણીમાં ડૂબવું અને ઘણાખરા પ્રાણી-પદાર્થોના નાશ અને પુનઃ સર્જનનું વર્ણન પ્રાપ્ત થાય છે. ચીન અને જાપાનની પ્રલયકથાઓમાં સર્વતોમુખી વિનાશ જ દર્શાવાયો છે. જો કે આફ્રિકાની પ્રલયકથાઓમાં આવા પ્રકારના પ્રલયનો ઉલ્લેખ નથી.

ભૌગોલિક દૃષ્ટિએ જોઈએ તો સમગ્ર બ્રહ્માંડમાં બધા ગ્રહો અને તારામંડળ પરસ્પર ગુરુત્વાકર્ષણના બળથી રહેલાં છે. પૃથ્વી પોતાની ધરીની આસપાસ 23.5 નો ખૂણો રાખીને ફરે છે. આવા જ કારણોસર થતાં પરિવર્તનોને પુરાણોએ પ્રલયની ભાષામાં સમજાવ્યા છે. ભારત, રશિયા, આફ્રિકા વગેરેની ભૌગોલિક રચના એક કાળે તે બધાને એક હોવાનું અનુમાન કરવા પ્રેરે છે.

## (3) વંશ :

राज्ञां ब्रह्मप्रसूतानां वंशस्त्रैकालिकेऽन्वयः ।

અર્થાત્ બ્રહ્મા દ્વારા થયેલા રાજાઓની સૃષ્ટિ તેનાં ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાલીન રાજાઓની સંતાન પરંપરા તે વંશ.[76]

રાજાઓના વંશ સૂર્ય-ચંદ્રમાંથી ઉત્પન્ન થવા હોવાનું પુરાણો નોંધે છે. મનુના વંશજો માનવ કહેવાયા છે. શ્રૌત કર્મમય અને કર્મકાંડપ્રધાન વેદપરંપરામાં યજ્ઞસૂત્રો ચાલતા હતા. યજ્ઞસત્રોમાં હાજર રહેલા મુનિઓ, ઋષિઓ અને સૂતો દ્વારા વંશાવલીઓ અને વીરચરિતોનાં આદાનપ્રદાન થતાં હતાં તેમાં વેદપરંપરાના સર્ગ અને પ્રતિસર્ગ, સૂતપરંપરાના વંશ અને વંશાનુચરિત સાથે ભળ્યાં.

સૂર્યવંશના વૈવસ્વત મનુ, ઈક્ષ્વાકુ, ધુન્ધુકુમાર, માન્ધાતા, સોભરિ, સત્યવ્રત, રાજા હરિશ્ચંદ્ર, સગર, ભગીરથ, કુશ, અતિથિ, નિષધ, નલ, પુંડરીક, ક્ષેમધન્વા, દેવાનીક, અહીનગુ, પરિપત્ર, દલ, ભલ, વજ, નાભ, વિશ્વસહ, હિરણ્યનાભ, વસિષ્ઠ, પુષ્ય, ધ્રુવસંધિ, સુદર્શન, અગ્નિવર્ણ, શીઘ્રક, મનુ, પ્રસુશ્રુત, સુસંધિ, અમર્ષ, વિશ્રુતવાન, બૃહદ્બલ વગેરે રાજાઓ થયા છે.

ચંદ્રવંશમાં બુધ,ઈલા, સુદ્યુમ્ન, યક્ષ, પુરુરવા, યયાતિ, દુષ્યંત,ભરત વગેરે રાજાઓ થયા છે. અંગિરા, ભૃગુ, આદિ અગ્નિવંશ, વસિષ્ઠ, વિશ્વામિત્ર વગેરે ગોત્રપ્રવર્તક ઋષિઓનાં ઋષિવંશ, અગ્નિષ્વાત્ત, સોમપ, આજ્યપ, ધૂમપ, નવગ્વ, દશગ્વ વગેરે પિતૃઓના વંશનું વર્ણન થયેલું છે. ધર્મમાં વંશનું વર્ણન પણ પુરાણોમાં મળે છે.

પુરાણોમાં રાજવંશોની સાથે બ્રાહ્મણવંશનું પણ વર્ણન મળે છે. કેટલાક ઋષિગણ રાજનૈતિક અને સાર્વજનિક કાર્યમાં ભાગ લેતા, વસિષ્ઠ અને વિશ્વામિત્ર આવા ઋષિગણનું સચોટ ઉદાહરણ છે.

## (4) મન્વન્તર :

આ શબ્દ પુરાણોની સૃષ્ટિ અનુસાર વિભિન્ન કાળનો દ્યોતક છે. સૃષ્ટિનાં આરંભથી માંડી પ્રલયપર્યંત કઈ ઘટના ક્યારે થઈ અથવા અમુક વ્યક્તિઓનો પ્રાદુર્ભાવ કઈ ભૂમિ પર ક્યારે થયો અથવા તેનું રહસ્ય જાણવા માટે મન્વન્તર નામની પદ્ધતિ અપનાવી છે.

બ્રહ્માના દિવસ કે કલ્પનાં ચૌદ ભાગોને મન્વન્તર કે અન્તર તરીકે ઓળખાય છે. નિમેષ, કાષ્ઠ, કલા, મુહૂર્ત, અહોરાત્ર, સપ્તાહ, પક્ષ, માસ અને વર્ષ માનવીય કાલગણના છે. માનવીનો એક વર્ષ અર્થાત્ એક દિવ્ય-દિવસ ઉત્તરાયણ દેવોનો દિવસ અને દક્ષિણાયન દેવોની રાત્રિ છે. એક હજાર દિવ્ય દિવસનો એક કળિયુગ થાય. દ્વાપર, ત્રેતા અને સત્યયુગ અનુક્રમે બમણા, ત્રણગણા અને ચાર ગણા થાય. સંધિકાળ સહિતનું તેનું એક આવર્તન એક મહાયુગ થાય છે. એક હજાર મહાયુગનો એક કલ્પ તે બ્રહ્માનો એક દિવસ કે રાત્રિ થાય છે. 71 કલ્પમાં મનુઓ થાય છે. દરેક મન્વન્તરમાં મનુ, મનુપુત્રો, સપ્તર્ષિ, વ્યાસ, દેવગણ અને દેવરાજ ઈંદ્ર પણ બદલાય છે.[77]

અત્યારે વૈવસ્વત મન્વન્તરના અઠ્યાવીસમાં કળિયુગનું પ્રથમ ચરણ છે. દરેક મન્વન્તરમાં ભગવાનનાં વિવિધ અવતારો હોય છે. 3030 માનવવર્ષનું એક સપ્તર્ષિ વર્ષ, 9090 માનવવર્ષનું એક ક્રૌંચવર્ષ, 36000 માનવવર્ષનું એક દિવ્યવર્ષ થાય છે. સૃષ્ટિ વિકાસ સંબંધી પુરાણો એક વિકાસ સિદ્ધાંત આપે છે. જે અનુસાર સત્યયુગ, ત્રેતા, દ્વાપર અને

કલિયુગ એમ ચાર સોપાન છે. સત્યયુગમાં મનુષ્ય ગુફામાં રહેતા હતા. તેઓ પાપ-પુણ્ય, સત્કર્મ-દુષ્કર્મના ભેદથી પર હતા. તેમનું જીવન અત્યંત સરળ હતું. તેણે જે મળે તે ખાઈ લેતા. વાસ્તવમાં સત્યયુગ એ માનવ વિકાસની આદિમ અવસ્થા હશે તેમ અવધારણા કરી શકાય. ત્રેતામાં કૃષિવિકાસ અને દ્વાપરમાં પશુપાલન શરૂ થયું.

યુગોની કલ્પના વિવિધ પ્રકારે થઈ છે. સીમિત સાધનોના કારણે સીમિત સુખોના યુગ તે સત્યયુગ છે. ખેતીધર્મના પ્રસારનો યુગ તે ત્રેતા, સુખ, સંપન્નતા અને રાજ્યોના પરસ્પર સંઘર્ષનો યુગ તે દ્વાપર અને સનાતન ધર્મના મૂલ્યો હ્રાસ તે કળિયુગ છે અથવા તો એમ પણ કહી શકાય કે ઋષિઓનાં મંત્રદર્શનનાં મૂલ્યોનો યુગ તે સત્યયુગ, મંત્રો અનુસાર કર્મ કરવાનો યુગ ત્રેતા, કર્મફળમાં સંદેહનો યુગ તે દ્વાપર અને સત્કર્મોના ત્યાગનો યુગ કળિયુગ છે. ધર્મના ચાર ચરણોના ક્રમિક હ્રાસને પણ ચારેય વર્ણવે છે તેમ કહી શકાય. જેમ જેમ મનુષ્યોનો બૌદ્ધિક વિકાસ થતો ગયો તેમ તેમ તે ધર્મ વિશે સ્વતંત્ર ચિંતન કરવા લાગ્યો. રૂઢિવાદી વિચારધારાઓ તોડી સ્વતંત્ર ચિંતનના વિકાસને પણ ચાર યુગ તરીકે ગણાવી શકાય. ત્રેતામાં વેદત્રયીનો જ આધાર હતો. દ્વાપરમાં અગમ-નિગમ બંનેનું મહત્ત્વ વધ્યું અને કળિયુગમાં વેદોનું અધ્યયન અને અધ્યાપન સમાપ્ત થઈ ગયું.[77A]

ચાર યુગને મનુષ્યની ચાર અવસ્થાઓને પણ ઘટાવી શકાય, વિચરણ કરવાની અવસ્થા સત્યયુગ ઊઠીને ચાલવાનો યુગ, ત્રેતા ઊઠીને જાગવાનો, દ્વાપર અને સુષુપ્ત અવસ્થા તે કળિયુગ, આ ચાર યુગો ભૌતિક દૃષ્ટિએ વિકાસનાં ચાર સોપન બને છે જ્યારે વૈદિક દૃષ્ટિએ પતનની ચારે અવસ્થાઓ છે.

સત્યયુગમાં પ્રકૃતિ ઋતુધર્મી હતી, પ્રકૃતિ માનવની નિઃસ્વાર્થતા જોઈ તેની જરૂરિયાતો

પૂરી પાડતી. રાગદ્વેષનો હંમેશાં અભાવ રહેતા. ઘર નહીં પણ ગુફામાં નિવાસ કરતા. ત્રેતાયુગના ક્ષોભનો પ્રવેશ થવા છતાં માનસી સિદ્ધિ થતી હતી. પર્ણકૂટીનો પ્રારંભ થતાં પ્રકૃતિનું ઔદાર્ય સંકોચાયું. દ્વાપરનો પ્રભાવ વધતા શોક-લોભ અને સ્વાર્થ વધ્યા. પ્રવૃત્તિનું ઔદાર્ય ઘટતું ચાલ્યું. ખેતીનો આરંભ થતા ધર્માધર્મ અને વર્ણભેદ પણ વધ્યા. ત્રેતામાં ધ્યાનાદિ ક્રિયાઓનું પ્રાધાન્ય ઘટ્યુ. પથ્થર અને લોહયુગનો આરંભ દ્વાપરમાં થયો. કળિયુગમાં ઘરનું બંધન વધુ પ્રબળ બન્યું. ભૌતિક સુખ જ માનવીનાં જીવનનું કેન્દ્રબિંદુ બન્યું. કળિયુગમાં કલાપીની ગ્રામમાતાની કવિતા ‘હજુ છે મુજને તૃષા’ દ્વારા લોભની મર્યાદાનું ઉલ્લંઘન કરે છે.

## (5) વંશાનુચરિત :

वंशानुचरित तेषा वृत्तं वंशधराश्च ये ।[78]

ઉપરોક્ત રાજાઓનાં વંશમાંથી ઉત્પન્ન થયેલાં સુપ્રસિદ્ધ રાજાઓનાં ચરિત્રનું વર્ણન કરવામાં આવ્યું છે. તે જ વંશાનુચરિત છે. પાર્જિટર, વિલ્સન,ડૉ. હાજરા, ડોલરરાય માંકડ વગેરેએ આવી વંશાવલીઓની ઐતિહાસિકતા અને વિશ્વસનીયતાને ચકાસી છે. અહીં વંશાનુક્રમમાં યુગાદિ પરંપરાને બદલે વારસાનુક્રમ જણાય છે. કલિવંશ વર્ણન મહાભારતના યુદ્ધ પછીની વંશાવલીઓ આપે છે.

મન્વન્તરોના 14 મનુઓ છે. સ્વાયંભુવ મનુ, સ્વરોચિષ મનુ, ઉત્તમ, મનુ, તામસ, રૈવત, ચાક્ષુષ, વૈવસ્વત, સાવર્ણિ મનુ, દક્ષ સાવર્ણિ, બ્રહ્મ સાવર્ણિ, ધર્મ સાવર્ણિ, રૂદ્ર સાવર્ણિ, દેવ સાવર્ણિ અને ઈંદ્ર સાવર્ણિ માર્કંડેય પુરાણમાં અનુક્રમે મનુઓના નામ વિષ્ણુપુરાણ અને માર્કંડેયપુરાણમાં અનુક્રમે ‘રૂચિ’ તથા ‘ભૌમ’ અને ‘રૌચ્ય’ તથા ‘ભૌત્ય’ મળે છે.

રાજાઓની વંશાવલીઓના સૂર્યવંશ અને ચંદ્રવંશ એમ બે વિભાગમાં વર્ણન મળે છે.

## સૂર્યવંશ

સૂર્યની પાંચ પત્નીઓ પ્રભા, સંજ્ઞા, રાત્રિ, વડવા અને છાયા છે. સૂર્યને સંજ્ઞાથી વૈવસ્વત મનુ, યમ અને યમુના ત્રણ સંતાન થયાં.

સમય જતાં સંજ્ઞા, છાયા ઉત્પન્ન કરી છાયાને પોતાના સંતાનો સોંપી વનમાં જાય છે. ત્યાં તે વડવા રૂપ ધારણ કરે છે. છાયાથી સાવર્ણિ, મનુ, શનૈશ્વર, તપતી અને વિષ્ટિ નામના ચાર સંતાન થયા. વડવારૂપધારી સંજ્ઞાથી નાસત્ય અને દસ અશ્વિનીકુમારો થયા.

આ કથાને તપાસતાં જણાય છે કે સૂર્યમંડળની ચારેબાજુ પ્રભા વ્યાપ્ત છે. પ્રભા હંમેશાં સૂર્ય પાસે જ રહે છે. આથી તેને તેની પત્ની, સહચારિણી રૂપે સ્વીકારે છે. પ્રભાત એ પ્રભાનો પુત્ર અને સૂર્ય અસ્તાચળે પહોંચે ત્યારે રાત્રિ થાય તેનો સંબંધ પણ સૂર્ય સાથે જ છે. સૂર્ય જ્યારે પ્રકાશ ફેલાવે છે ત્યારે બારીબારણામાંથી - (ભા.પુ. 12.7.16) આવતાં તેજોપુંજથી પ્રતિબિંબિત થતો પડછાયો તે સંજ્ઞા છે. જેનું સૂર્યની પત્ની તરીકેનું વર્ણન પુરાણોમાં મળે છે. ત્વષ્ટા અને સંજ્ઞા બંને પ્રાણશક્તિ આપનાર છે. આથી જ સંજ્ઞાને ત્વષ્ટાની પુત્રી કહી છે. જાળિયામાંથી આવતો પ્રકાશ ત્રાંસી રીતે આવતો હોવાથી છાયા કે સાવર્ણિ કહેવાય છે.

સૂર્યપુત્ર વૈવસ્વત મનુના વંશજો તરીકે ઈક્ષ્વાકુ, ધુંધુમાર માંધાતા, હરિશ્ચંદ્ર, સગર, દિલીપ, દશરથિ રાજા વગેરે રાજાઓ, સૂર્યવંશી તરીકે ઓળખાય છે.

## ચંદ્રવંશ

ચંદ્રવંશ પણ સૂર્યવંશની જેમ મનુથી જ આરંભાય છે. સૂર્યવંશ જયેષ્ઠપુત્ર ઈક્ષ્વાકુથી શરૂ થાય છે જ્યારે ચંદ્રવંશ પુત્રી ઈલાથી શરૂ થાય છે.

ચંદ્ર અત્રિપુત્ર હોવાનું મનાય છે. અત્રિ-પ્રાણરૂપ અને મનુષ્યરૂપે એમ બંને પ્રકારો ગણાવી શકાય. પ્રાણરૂપી રાત્રિથી ચંદ્રમંડળની ઉત્પત્તિ થઈ હોવાનું રઘુવંશમાં કહેવાયું છે.[79]

પુરાણોમાં ચંદ્ર ઉત્પત્તિ પાંચ પ્રકારે વર્ણવાઈ છે.

(1) સમુદ્ર મંથનથી[80]

(2) તપસ્યામાં રત અત્રિનાં નેત્રમાંથી

(3) દિવ્યાંગનાઓનાં રજ અને અત્રિના વીર્યથી[81]

(4) કર્દમ મુનિની કન્યા અનસૂયા અને બ્રહ્માપુત્રા અત્રિ દ્વારા[82]

(5) ભદ્રાશ્વ રાજાની કન્યા અને અત્રિઋષિ દ્વારા[83]

દશપ્રચેતસની 27 પુત્રીઓ ચંદ્રની પત્નીઓ છે. તેના પરથી દેવયુગમાં 27 નક્ષત્રોના નામ રખાયાં. તેમાં જ્યેષ્ઠ રોહિણી હતી અને અન્ય પરિચારિકાઓ હતી.

યદુવંશની ક્રોષ્ટુ શાખામાં અંધક અને વૃષ્ણિ નામે બે શાખાઓ ચાલી. અંધક શાખામાં ક્રૂર અને પરાક્રમી રાજા કંસ થયો અને વૃષ્ણિશાખામાં બલરામ, કૃષ્ણ વગેરે રાજાઓ થયા. તે જ શાખાનાં પ્રસેન રાજાની ભગવાન સૂર્યની ઉપાસનાથી મેળવેલ સ્યમન્તક મણિની કથા મત્સ્યપુરાણ (અ.45) ભાગવતપુરાણ (10.1) વિષ્ણુપુરાણ (4.13) માં આવે છે.

યદુવંશની હૈહયશાખાનો કૃતવીર્ય અર્જુન ખૂબ બળવાળો અને અલૌકિક યોગશક્તિ ધરાવતો હતો. તેણે કર્કોટક નાગ પાસેથી માહિષ્મતી મેળવી નર્મદાથી માંડી હિમાલય સુધી રાજ્ય વધાર્યું હતું. તે 'કાર્તવીર્ય' અને 'સહસ્રબાહુ' તરીકે પણ ઓળખાય છે. તેણે ઋષિ જમદગ્નિને મારી નાંખવાથી પરશુરામે વેર વાળવા પૃથ્વીને એકવીસવાર નક્ષત્રિય કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. તેની અનેક ગાથાઓ મહાભારત અને પુરાણોમાં પ્રાપ્ત થાય છે.

## તુર્વસુવંશ :

અભિશપ્ત આ વંશનું વર્ણન મત્સ્યપુરાણ[84] માં મળે છે. આ વંશના લોકો પશ્ચિમ અને દક્ષિણમાં જઈને વસ્યા હતા.

## દ્રુહ્યુવંશ :

દ્રુહ્યુવંશના ગાંધાર રાજાએ મ્લેચ્છોમાં પણ પોતાનું રાજ્ય સ્થાપિત કરી ગાંધાર પ્રદેશ વસાવ્યો હતો.[85]

## અનુવંશ :

ગંગા-યમુનાના ઉત્તરભાગ તેમને રાજ્યમાં મળ્યો હતો.

## પુરુવંશ :

યયાતિને કસમયે વાર્ધક્ય પ્રાપ્ત થતાં કનિષ્ઠ પુત્ર પુરુ દ્વારા યૌવનનો વિનિમય થયો હતો.

પુરુના વંશજોમાં દુષ્યંતની કીર્ત આભને આંબી જાય તેવી હતી. મહાકવિ કાલિદાસે 'અભિજ્ઞાન શાકુંતલ'માં નાયક બનાવી તેની કીર્તિને અમર બનાવી દીધી હતી.

## ભરત :

દુષ્યંતપુત્ર ભરત પરાક્રમી અને પ્રભાવશાળી હતો. તેના પરથી દેશનું નામ 'ભારત' પડ્યું હોવાની માન્યતા છે. ઐતરેય બ્રાહ્મણ (8.36) અને શતપથ બ્રાહ્મણ (13.5.4.12) માં ભરત માટેની અને પ્રાચીન ઐતિહાસિક ગાથાઓ ઉદ્ધૃત થયેલી મળે છે. તેણે દીર્ઘ તમામ સાતેય ઋષિના અધ્યક્ષપદે યમુના તટે 78 અશ્વમેધ અને યમુનાતટે 75 અશ્વમેઘ

યજ્ઞો કર્યા હતા.

**કુરુ :**

રન્તિદેવ હસ્તિ પછી મહાન વંશધર કુરુએ કુરુપ્રદેશને કૃષિયોગ્ય બનાવી હતી. કુરુ પરથી જ કૌરવવંશની સ્થાપના થઈ હતી. કુરુક્ષેત્ર યજ્ઞ-યાગાદિનાં સંપાદનનાં કારણે ‘ધર્મક્ષેત્ર’ તરીકે પણ વિખ્યાત છે.

**શન્તનુ :**

કુરુના વંશજ શન્તનુ અત્યંત પરાક્રમી રાજા હતો. તેના સ્પર્શથી અન્યને શાંતિ મળતી હોવાથી શન્તનુ કહેવાયો છે. તેનો ગંગાપુત્ર દેવવ્રત જે પાછળથી ભીષણ પ્રતિજ્ઞાને લીધે ભીષ્મ તરીકે ઓળખાયો હતો. તેણે પિતાના હિત માટે ‘આજીવન બ્રહ્મચર્ય’ની ભીષ્મ પ્રતિજ્ઞા લીધી હતી. ધૃતરાષ્ટ્ર, વિદુર, પાંડુની કથા મહાભારતમાં આલેખાઈ છે.

## ઋષિવંશ

જે પ્રકારે સૂર્યવંશ અને ચંદ્રવંશ વૈવસ્વત મનુથી ઉત્પન્ન થયેલા મનાય છે તે પ્રકારે ઋષિવંશ પણ બ્રહ્માના આઠ માનસપુત્રોમાં પુલહ, પુલસ્ત્ય અને ક્રતુથી માનવેતર જાતિ તથા અન્ય પાંચ ભૃગુ, મરીચિ, અંગિરસ, વસિષ્ઠ, અત્રિથી પ્રાચીન ઋષિવંશ (મૂળગોત્ર)નું નિર્માણ થયું હતું.

## પુરાણનાં દસ લક્ષણ

ભાગવતપુરાણ[86]માં બે સ્થળોએ અને બ્રહ્મવૈવર્તપુરાણમાં[87] એક સ્થળે મહાપુરાણમાં દસ લક્ષણ નિર્દિષ્ટ થયા છે. અગાઉ આપેલાં પુરાણનાં પાંચ લક્ષણો ક્ષુલ્લક પુરાણનાં હોવાનું

જણાવાયું છે. ભાગવતપુરાણમાં દ્વિતીય સ્કંધ અને દ્વાદશ સ્કંધના દસ લક્ષણોમાં માત્ર પાતળી ભેદરેખા જ છે. તેમાં ઘણુબધું સામ્ય અને અલ્પપ્રમાણમાં વૈષમ્ય મળે છે.

**દ્વાદશ સ્કંધ અનુસાર દસ લક્ષણો :**

ભાગવતપુરાણનાં દ્વાદશ સ્કંધ અનુસાર મહાપુરાણનાં દસ લક્ષણો આ પ્રમાણે છે.

(1) સર્ગ (2) વિસર્ગ (3) વૃત્તિ (4) રક્ષા (5) અન્તરાણિ (6) વંશ (7) વંશાનુચરિત (8) સંસ્થા (9) હેતુ (10) અપાશ્રય

## (1) સર્ગ :

પંચલક્ષણનો સર્ગ અને દસલક્ષણનો સર્ગ સમાન જ છે.

## (2) વિસર્ગ :

વિસર્ગ એટલે વિશિષ્ટ પ્રકારની સૃષ્ટિ, પરમેશ્વરનાં અનુગ્રહથી બ્રહ્મા મહત્ તત્ત્વાદિ પૂર્વ કર્માનુસાર વાસનાઓથી પ્રધાનતાને કારણે ચરાચર શરીરાત્મક ઉપાધિથી થતી વિશિષ્ટ જીવસૃષ્ટિને 'વિસર્ગ' કહે છે.

## (3) વૃત્તિ :

માનવ જીવન ચલાવવા માટે જે જે વસ્તુઓનો ઉપયોગ કરે છે તે તેની 'વૃત્તિ' છે કેટલીક વૃત્તિઓને શાસ્ત્રનાં આદેશ અનુસાર સ્વીકારે છે.

## (4) રક્ષા :

રક્ષા અવતારો સાથે સંબંધિત છે. ઈશ્વરીય તત્ત્વ દરેક યુગે પશુપક્ષી, મનુષ્ય, ઋષિ,

દેવતા, આદિ દ્વારા અવતાર લઈને અનેક લીલાઓ કરે છે. આ લીલાઓ દ્વારા સજ્જનોની રક્ષાનું કાર્ય પણ તે કરે છે.

## (5) અન્તરાણિ :

અન્તરાણિ પૂર્વવર્ણિત મન્વન્તર સાથે સંબંધિત છે.

## (6-7) વંશ-વંશાનુચરિત :

પંચલક્ષણમાનાં વંશ અને વંશાનુચરિત સાથે સમાનતા ધરાવે છે.

## (8) સંસ્થા :

પ્રતિસર્ગનો સમાવેશ દસ લક્ષણમાંના સંસ્થા અંતર્ગત કરી શકાય.

## (9) હેતુ :

અવિદ્યા દ્વારા જીવ કર્મનો કર્તા બને છે. સાંસારિક સૃષ્ટિમાં જીવ અદ્રષ્ટ સ્વરૂપે વિશ્વના સર્ગ-પ્રતિસર્ગાદિ માટે કારણભૂત બને છે. તેથી જ જીવો હેતુ શબ્દનું પ્રતિનિધિત્વ કરે છે. કેટલાક તેને 'અવ્યાકૃત' પણ માને છે.

## (10) અપાશ્રય :

શરીર તથા વિશ્વ બ્રહ્માંડની ઉત્પત્તિથી માંડી મૃત્યુ અને મહાપ્રલય પર્યંત જેટલા પ્રકારની અવસ્થાઓ છે તે દરેકમાં પરમ સત્ય અર્થાત્ બ્રહ્મ સમાયેલું છે તથા તેનાથી અલગ સ્વરૂપ પણ છે. અધિષ્ઠાન અને સાક્ષીરૂપે રહેતું બ્રહ્મ જ અપાશ્રય તત્ત્વ બને છે.

આ બ્રહ્મનું જ્ઞાન જ્યારે પ્રાપ્ત થાય છે ત્યારે નિવૃત્તિ પણ આપમેળે મળી જાય છે.

જ્યારે ચિત્ત સ્વયં યોગાભ્યાસ અથવા આત્મચિંતનથી સત્ત્વ, રજ, તમ ગુણોવાળી વ્યાવહારિક પ્રવૃત્તિઓનો ત્યાગ કરે છે, ત્યારે જીવ માટે કશું જ બાકી રહેતું નથી. આત્મચિંનત એજ તેનું મુખ્ય કાર્ય બને છે. તે આત્મજ્ઞાની પુરુષ અવિદ્યાજન્ય કર્મવાસનાથી પણ લેવાતો નથી. તે કર્મપ્રવૃત્તિથી નિવૃત્તિ લઈ લે છે. આ આશ્રય તત્ત્વ જ અંતિમ ધ્યેય બની રહે છે. તેની વિશુદ્ધ માટે પૂર્વલક્ષણોનું વર્ણન થયું છે.[88] વાસ્તવમાં આત્માની ઉપલબ્ધિ જ પરમધ્યેય છે પરંતુ તે જ્ઞાનની સબળ સમર્થન માટે, રજૂઆત માટે સર્ગાદિ નવલક્ષણોને લેતા નિમિત્તથી વિવરણ થયેલું છે.

## દ્વિતીય સ્કંધ અનુસાર દસ લક્ષણો :

ભાગવતપુરાણમાં દ્વિતીય સ્કંધનાં પૂર્વોક્ત દ્વાદશ સ્કંધનાં લક્ષણો સાથે વિશેષ સામ્યતા ધરાવે છે.[89] તે દસ લક્ષણો આ પ્રમાણે છે.

(1) સર્ગ (2) વિસર્ગ (3) સ્થાન (4) પોષણ (5) ઊતિ (6) મન્વન્તર (7) ઈશાનુકથા (8) નિરોધ (9) મુક્તિ (10) આશ્રય.

(1) સર્ગ : પૂર્વવત્ છે.

(2) વિસર્ગ : પૂર્વવત્ છે.

## (3) સ્થાન :

પૂરાણોમાં પ્રાપ્ત થતું ખગોળ અને ભૂગોળનું વર્ણન સ્થાન અંતર્ગત આવે છે. એક બ્રહ્માંડમાં સ્થિત લોક, તે લોકનો વિસ્તાર, તેનો ધારણ કેવી રીતે કરે છે ? કઈ કઈ મર્યાદાઓના પાલનથી બ્રહ્માંડમાં સ્થિરતા આવે છે ? વગેરે ખગોળ અને ભૂગોળ વિષયક પ્રશ્નોનો વિચારવિમર્શ 'સ્થાન' નામનાં લક્ષણમાં સમાવિષ્ટ છે.

**પોષણ :**

પોષણ અર્થાત્ ઈશ્વરની કૃપા, પરમેશ્વરની દયા કે કૃપાથી જ સૃષ્ટિનું સંચાલન થાય છે. જીવ જ્યારે પરમાતત્ત્વની માયા શક્તિને, તેના રહસ્યને જાણે છે તથા આ સમગ્ર સૃષ્ટિનું તેમના વિલાસ માટે આ સર્જન થયું છે તેવું જ્ઞાન જ્યારે જીવને થાય છે ત્યારે પરમાત્મા હેતુ વગર જ તેના પર કૃપા વરસાવે છે. આમ 'પોષણ' એ જીવને માટે ઈશ્વર પ્રતિ અનુગ્રહ જગાડવા માટેનું એક પ્રેરક તત્ત્વ બની રહે છે.

**ઊતિ :**

ઊતિ એટલે કર્મવાસના, પરમાત્માનો અનુગ્રહ હોવા છતાં જીવ કેટલીક વાર દુઃખ અનુભવે છે. તેના માટે પુરાણો ઊતિ અર્થાત્ કર્મવાસનાને કારણભૂત માને છે. કર્મ કરવાથી ઉત્પન્ન થતી વાસનાને કારણે જીવ પરમતત્ત્વની કૃપાદૃષ્ટિનો અનુભવ કરી શકતો નથી. શુભ અને અશુભ બંને પ્રકારની વાસનાને કારણે જીવ બંધનમાં પડે છે.

**(6) મન્વન્તર :**

કાલતત્ત્વની ગણના મન્વન્તર અંતર્ગત થાય છે.

**(7) ઈશાનુકથા :**

ઈશાનુકથામાં ભગવાન તથા તેમના નિત્ય પાર્ષદોની અવતાર કથા આવે છે. એક મન્વન્તર પછી બીજો મન્વન્તર, એક કલ્પ પછી બીજો કલ્પ એમ સૃષ્ટિનો પ્રવાહ નિરંતર ચાલ્યા જ કરે છે. આ સૃષ્ટિમાં ફસાયેલા જીવ બહાર નીકળવા અથાગ પ્રયત્નો કરે છે

તે સફળતા પ્રાપ્ત કરવા જીવે ઈશ્વરની લીલાઓનું અમૃતપાન કરવું જોઈએ ઈશ્વરની લીલા એટલે જ ઈશાનુકથા.

## (8) નિરોધ :

જ્યારે પરમાત્મા પોતાની શક્તિઓ સાથે ગાઢ નિદ્રામાં આવે છે ત્યારે જગતનો પ્રલય થયો કહેવાય છે. આ પ્રલય એ જ નિરોધ છે. આ લક્ષણ પંચલક્ષણમાંના 'પ્રતિસર્ગ' સાથે સરખાવી શકાય.

જીવ જ્યારે સાંસારિક અવસ્થાને ત્યજી મૂળ અવસ્થાને પામે છે. ત્યારે તે 'મુક્તિ' પામે છે. સાંસારિક અવસ્થામાં આત્મા ઈન્દ્રિયોમાં ઓતપ્રોત થઈ દરેકનો કર્તા હોવાના ભ્રમમાં રાચે છે પરંતુ જ્યારે વિવેક બુદ્ધિ થાય છે તે અવસ્થાનો ત્યાગ કરી બ્રહ્મનાં સચ્ચિદાનંદ રૂપની પ્રાપ્ત કરે છે. આ અવસ્થામાં દુઃખનો આત્યંતિક લય થતાં તે 'મુક્તિ' ને પ્રાપ્ત કરે છે.

## (9) આશ્રય :

શાસ્ત્રોક્ત પરબ્રહ્મ તથા પરમાત્માના નામે વર્ણવાયેલું તત્ત્વ જ આશ્રય છે. જે તત્ત્વથી સૃષ્ટિ પ્રકાશિત થાય છે તથા લયને પામે છે તે તત્ત્વ આશ્રય છે.

## ભાગવતપુરાણમાં દ્વાદશ અને દ્વિતીય સ્કંધનાં લક્ષણોની તુલના :

ભાગવતપુરાણમાં દ્વાદશ અને દ્વિતીય સ્કંધનાં દસ લક્ષણોમાં વિશેષ રૂપે કોઈ ભિન્નતા જોવા મળતી નથી. જો કે તેમાં ઊતિ જેવા લક્ષણો ઉમેરાયા છે ખરા, તે બંને દસ લક્ષણોની તુલના આ પ્રમાણે કરી શકાય.

| દ્વાદશ સ્કંધ | દ્વિતીય સ્કંધ |
|---|---|
| (1) સર્ગ | (1) સર્ગ |
| (2) વિસર્ગ | (2) વિસર્ગ |
| (3) વૃત્તિ | (3) સ્થાન |
| (4) રક્ષા | (4) પોષણ |
| (5) અન્તરાણિ | (5) ઊતિ |
| (6) વંશ | (6) મન્વન્તર |
| (7) વંશાનુચરિત | (7) ઈશાનુકથા |
| (8) સંસ્થા | (8) નિરોધ |
| (9) હેતુ | (9) મુક્તિ (મોક્ષ) |
| (10) અપાશ્રય | (10) આશ્રય |

શ્રીમદ્ ભાગવતપુરાણ ઉપરાંત બ્રહ્મવૈવર્તપુરાણમાં[90] પુરાણના દસ લક્ષણો ગણાવ્યા છે, જે આ પ્રમાણે છે. સર્ગ, પ્રતિસર્ગ, વંશ, મન્વન્તર, વંશાનુચરિત, આ પાંચ ઉપપુરાણોનાં લક્ષણો છે. જ્યારે મહાપુરાણનાં વર્ણ્ય વિષયોમાં સૃષ્ટિ, વિસૃષ્ટિ, સ્થિતિ, પાલન, કર્મોની વાસના, મનુઓની વાર્તા, પ્રલયવર્ણન, મોક્ષ નિરૂપણ હરિકીર્તન, વેદોનું વિભાજન.

બ્રહ્મવૈવર્તપુરાણનાં આ દસ લક્ષણો ભાગવતપુરાણના દસ લક્ષણોમાં સમાવેશ કરી શકાય છે. તેથી તેમાં ભિન્નતા જોવા મળતી નથી.

આગમો "પરમશિવ" શબ્દથી પરમેશ્વરને પાંચ કાર્યોનું સંપાદન કરતાં બતાવે છે. (1) સૃષ્ટિ (2) સ્થિતિ (3) સંહાર (4) વિલનય-નિગ્રહ (5) અનુગ્રહ, આ પાંચ કાર્યોથી

પરમેશ્વર જીવને બંધનમાં નાખે છે અનેપછી તેના પર અનુગ્રહ કરી મુક્ત કરે છે. આ ઈશ્વરનાં પાંચ કાર્યોમાં પુરાણનાં દસ લક્ષણો સર્ગ, સ્થાન, નિરોધ, વિસર્ગ, પોષણ, આશ્રય, મન્વન્તર, ઊતિ, ઈશાનુકથા અને મુક્તિ લાક્ષણિક રીતે સમાવાયા છે.

ઉપર્યુક્ત પાંચ લક્ષણ અને દસ લક્ષણની સમીક્ષા કરતાં લાગે છે કે પાંચલક્ષણમાં જ દસ લક્ષણોનો સમાવેશ થઈ જાય છે. જેમ કે સર્ગમાં જ વિસર્ગ, અપાશ્રય અથવા આશ્રય, હેતુ, ઊતિ (કર્મવાસના) સમાવેશ કરી શકાય. તેવી જ રીતે ભગવાનનાં અવતારોની ઉત્પત્તિની કથા વંશમાં અને વૃત્તિ અથવા સ્થાન ઈશાનુકથા, પોષણ સ્થાન રક્ષાનો અંતર્ભાવ વંશાનુચરિતના યથાર્થ રીતે કરી શકાય. અન્તરાણિ કે મન્વન્તરનો તો સ્પષ્ટ ઉલ્લેખ છે જ.

## પુરાણનાં ઈતર લક્ષણો :

પુરાણનાં પાંચ લક્ષણો ઉપરાંત તેમાં ક્યારેક અન્ય વિષયોનું પણ સમાવી લેવાયા છે, કારણકે તેનો ઉપદેશ મિત્ર સંમતિ છે. પુરાણોએ દાન, વ્રત, ઉપાસના, અવતાર, જપ, તપ, યજ્ઞ, દાન, દક્ષિણા, પશ્ચાત્તાપ વગેરે વિષયો આવરી લીધા છે. વળી પુરાણોને વધુ રસપ્રદ કરવા ગાથા, આખ્યાન, ઉપાખ્યાન, કલ્પજોક્તિઓનો પણ સમાવેશ થયો છે.[91]

સ્વયં જોયેલી કથાને આખ્યાન અને સાંભળેલી કથાને ઉપાખ્યાન કહે છે અથવા તો દૃષ્ટાંતરૂપે આવેલા કથાનકને આખ્યાન કે ઉપાખ્યાન નામ અપાયેલું છે, જેમ કે મહાભારતમાં નળ અને સાવિત્રી ઉપાખ્યાન, માર્કંડેય પુરાણમાં મદાલસા આખ્યાન વગેરે વેદમાં અપાયેલી આખ્યાયિકાઓએ કદાચિત્ પુરાણોમાં આખ્યાનનું સ્વરૂપ ધારણ કર્યું હશે. જે પ્રાચીન વાઙ્મયમાં સંકેતિત નથી. તેને ઉપાખ્યાન કહી શકાય. ગાથાનો ઉલ્લેખ વેદનાં બ્રાહ્મણ ભાગથી થયેલો મળે છે. કોઈ મહિમાશાળી પુરુષ પોતાનો અનુભવ પ્રગટ કરે અથવા સજ્જન પુરુષો

જેવો આદરપૂર્વક સ્વીકાર કરે તે ગાથાને મહાભારતમાં યયાતિ સ્વાનુભવ ''ગાથાના રૂપે'' પ્રકાશિત કરે છે. ગાથાઓ ઉપદેશના રૂપે અત્યંત ઉપયોગી હોવાથી પુરાણોમાં પણ અનેક જગ્યાએ ગાથાઓ મળે છે. કલ્પશુદ્ધિ એટલે કલ્પોની ગાથા, ધર્મશાસ્ત્રનાં કલ્પસૂત્રોમાં આવતા કર્મકાંડના શુદ્ધિ વિષયક વિધાનોને પણ કલ્પશુદ્ધિ ગણાવી શકાય.

આમ પુરાણોમાં ઉપદેશ આપવા માટે જપ, તપ, દાન, વ્રત તીર્થયાત્રા વગેરેનો મહિમા દર્શાવવા આખ્યાન, ઉપાખ્યાન ગાથા કે કલ્પજોક્તિનો આશ્રય લે છે.

પંડિત મધુસૂદન ઓઝાના મતે પુરાણના પંચલક્ષમાં ત્રૈલોક્ય વિશ્વવિદ્યા, જ્યોતિચક્ર, ભુવનકોશ, પ્રાસંગિક અને વંશાવલી આવે છે.[92] જે સર્ગ, પ્રતિસર્ગ, વંશ, વંશાનુચરિત, મન્વન્તરનાં જ પર્યાય બને છે. તેમના તમે સૃષ્ટિ (સર્ગ) પાંચ પ્રકારની છે. (1) સૃષ્ટિ-પ્રણથ ષટ્પર્વા (2) મધ્યમ ચતુર્વિધ (3) ઉત્તરા ષડ્વિધા (4) સંપરાય સૃષ્ટિ (5) નામાયતન સૃષ્ટિ.

પ્રતિસૃષ્ટિ પણ પાંચ પ્રકારની છે : (1) જ્યોતિચક્ર (2) ભુવનકોશ (3) શાસ્ત્રાનુ વ્યૂહ (4) કલ્પશુદ્ધિ (5) સૃષ્ટિનો ઉપસંહાર. તે જ રીતે વંશનાં પણ પાંચ પ્રકાર છે. ઋષિવંશ, ચંદ્રવંશ, પિતૃવંશ, સૂર્યવંશ અને અગ્નિવંશ છે. વંશાનુચરિતનાં ઋષિચરિત, દેવચરિત, સૂર્યવંશચરિત, ચંદ્રવંશચરિત અને અગ્નિવંશચરિત છે. તે જ પ્રમાણે મન્વન્તર પણ યુગ, દિવ્યયુગ, નિત્ય કલ્પ, સપ્તકલ્પ, ત્રીસ કલ્પ એમ પાંચ પ્રકારના છે. પ્રાસંગિક ચતુર્વિધ છે. તેમાં ગાથા, આખ્યાન, ઉપાખ્યાન અને કલ્પશુદ્ધિનો સમાવેશ થાય છે.[93]

શ્રી ગિરિધર શર્મા ચતુર્વેદીના મતે સર્વજ્ઞાન સંગ્રહ સ્વરૂપ હોય તેના વિવિધ વિષયો સ્વીકૃત થયા છે.[94]

(1) સર્ગ-પ્રતિસર્ગ-ઋષિ પરંપરામાંથી પ્રાપ્ત થાય છે.

(2) આખ્યાન-ઉપાખ્યાન-વેદકાળમાં પણ ઋષિપરંપરારૂપે બ્રાહ્મણ ગ્રંથોમાં ઈતિહાસરૂપે પ્રાપ્ત થાય છે.

(3) વંશ, વંશાનુચરિત, મન્વન્તર :- ગાથા સાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે. જે સૂત પરંપરાથી પુરાણોમાં ભળી ગયા છે. તદ્દુપરાંત ભૂગોળ અને ખગોળના વર્ણનો પણ પ્રાપ્ત થાય છે.

(4) પુરાણનાં દસલક્ષણોમાં ભક્તિ આંદોલિત થઈ છે તેવા ભક્ત માટે મોક્ષ એકમાત્ર જ લક્ષ્ય હોય છે. પુરાણમાં તે માટે અવતારલીલાનું વર્ણન મળે છે.

(5) કલ્પાદિયુગ વર્ણન માનવ ઈતિહાસને રજૂ કરે છે સામાન્ય માણસના સંસ્કરણ માટે પુરાણોએ વ્રત, દાન, આચાર, શ્રદ્ધાદિ વિષયો સમાવ્યા છે.

આ ઉપરાંત પુરાણોમાં તીર્થના મહિમાનું વર્ણન વિપુલ પ્રમાણમાં મળે છે. તેના સાંગોપાંગ વર્ણનથી ભૂગોળનું ચિત્ર તાદશ ઊભું થાય છે. તેથી જ તીર્થયાત્રાને પૌરાણિક પ્રસંગની ભૂગોળનું પૂરક માનવું રહ્યું. જેમ કે સ્કંદપુરાણનાં રેવાખંડનું સમીક્ષણ કે કાશીખંડનું વિવરણ પણ ભૌગોલિક વૃત્તની સર્વથા પૂર્તિ કરે છે. કાશીસ્થ શૈવલિંગોનાં સુંદર વર્ણનથી કાશીનાં પ્રખ્યાત સ્થળોનો નિર્દેશ મળે છે. કોઈ સ્થાન પર કોઈ વિશિષ્ટ વ્યક્તિ દ્વારા કરેલી તપસ્યામાંથી પવિત્ર થયેલ સ્થળ વિશેષ તીર્થ જ છે. વળી નદીનો તટ હોવાથી પવિત્રતાની દિવ્ય ભાવનાથી મંડિત ધાર્મિક તાત્પર્યવાળો વિસ્તાર તીર્થ રૂપે સંજ્ઞિત થાય છે. તીર્થ મૂળતઃ નદી સાથે સંબંધિત છે. પવિત્ર સ્થળ કે જે પર્વત પર પણ વિદ્યમાન છે તેને પણ તીર્થ કહી શકાય.

બ્રહ્મપુરાણમાં યમતીર્થ, વિષ્ણુતીર્થના પ્રસંગે મૌદગલ્ય આખ્યાન, ઉર્વશી તીર્થના પ્રસંગે, પુરુરવા જોવા મળે છે. અગ્નિપુરાણમાં એ તીર્થસૂચિ જ આખ્યાન છે. જેમાં પાંચ તીર્થને અગ્રિમતા અપાઈ છે. ગંગાપ્રયાસ, વારાણસી, નર્મદા અને ગયા. આ ઉપરાંત પિતૃતીર્થ સૂચિ (મ.પુ. 22) દેવપીઠ સૂચિ 913) બ્રહ્મતીર્થ સૂચિ (પ્રભાસક્ષેત્ર 105) ગણેશતીર્થ સૂચિ (મ.પુ.6.28) માં મળે છે.

## પુરાણોમાં શાસ્ત્રીય કે વૈજ્ઞાનિક વિષયો :

સામાન્ય જનતાને પણ અનેક રીતે ઉપયોગી થાય એવી અનેક વિદ્યાઓનું વર્ણન પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે પ્રાપ્ત થાય છે. અગ્નિપુરાણ, ગરુડપુરાણ, નારદીયપુરાણમાં આ પ્રકારનું વર્ણન વિશદતાથી મળે છે. પુરાણોમાં નીચે પ્રકારની વિદ્યાઓ પ્રાપ્ત થાય છે.

(1) અશ્વશાસ્ત્ર, (2) આયુર્વેદ, (3) રત્નપરીક્ષા, (4) જ્યોતિષ, (5) ધનુર્વિદ્યા, (6) વાસ્તુવિદ્યા, (7) સામુદ્રિક શાસ્ત્ર

## પુરાણોમાં ભૂગોળ :

પુરાણોમાં ભૂગોળ અને ખગોળ વર્ણન એ વર્ણ્ય વિષય બન્યો છે.

પુરાણોમાં સમગ્ર વિશ્વની ભૂગોળ અને ભારતવર્ષની ભૂગોલ એમ બે પ્રકારે વર્ણન મળે છે. એકમાં કલ્પના વધુ જોવા મળે છે તો બીજામાં સંપૂર્ણ યથાર્થતા પૃથ્વીનું સાતદ્વીપમાં વિભાજન એ તેમની આગવી કલ્પના છે. સાત દ્વીપોમાં કુશદ્વીપ, શાકદ્વીપ અને જમ્બુદ્વીપનું વર્ણન પૂર્ણપણે યથાર્થરૂપે થયેલું છે.

કપ્તાન સ્પીકે પુરાણમાં આપેલા સંકેતને આધારે મિસ્ર દેશમાં વહેતી આફ્રિકાની નીલ

(નાઈલ) નદીનું ઉદ્‌ગમ સ્થાન શોધી કાઢ્યું હતું. શાકદ્વીપ વિશે યૂનાની લેખકો દ્વારા વર્ણિત ''સિથિઓ''થી થાય છે. પુરાણોમાં પ્રાપ્ત થતાં શાકદેશની અવાંતર જાતિઓ ત્યાંના ક્ષીરસાગર તથા નદીઓનું યથાતથ વર્ણન મળે છે. હિંદુઓએ પોતાની સંસ્કૃતિ અને સભ્યતાનો પ્રચુર પ્રમાણમાં પ્રસાર કર્યો હતો. ભારતવર્ષની જગ્યાઓનું વર્ણન પણ પ્રાપ્ત થાય છે. એશિયાની વ્યાપારિક દૃષ્ટિથી ઉપયોગી સાત નદીઓનું વર્ણન પણ જેમનું તેમ મળે છે. પાતાળની ઓળખાણ પશ્ચિમી ગોળાર્ધથી આપવામાં આવી છે, તેની અંતર્ગત મધ્ય અમેરિકાની મયસંસ્કૃતિનું ક્રીડાક્ષેત્ર મેક્સિકો અને પેરૂને ભૂવૃત્ત તરીકે ઓળખાય છે.

પુરાણોમાં ભુવનકોશનું વર્ણન અલૌકિક છે. સમગ્ર ભુવનોનાં ભૌગોલિક નામ, વિસ્તાર તથા સ્વરૂપનું વર્ણન વિશદતાથી આપવામાં આવ્યું છે. મેરુપર્વત તેમાં કેન્દ્રસ્થાને છે. સમસ્ત પૃથ્વીને કમળ કલ્પી અને કર્ણિકામાં મેરુ પર્વતનું સ્થાન દર્શાવાયું છે.[95] વાયુપુરાણમાં પ્રજાપતિનાં સોનાથી બનેલા (હિરણ્યમય) મેરુપર્વતને ગર્ભ કલ્પ્યો છે તથા સમુદ્ર ગર્ભથી પ્રાપ્ત થતું જળ શિરાઓ તથા હાડકાના પર્વત છે.[96] ઈલાવૃત્તની ચારેય બાજુ ચાર પર્વત મેરુને ટેકો આપે છે.[97] પૂર્વમાં મંદાર પર્વત, દક્ષિણમાં ગંધમાદન, પશ્ચિમમાં વિપુલ, ઉત્તરતમાં સુપાર્શ્વ મેરુની આસપાસ વિટળાયેલો મેરુની ઉત્તરમાં નીલપર્વત, તેની ઉત્તરમાં શ્વેત, તેની ઉત્તરે શૃંગી પર્વત છે. પૂર્વદિશામાં જઠર તથા દેવકૂટ, દક્ષિણમાં નિષધ પર્વત, તેની દક્ષિણે હિમવાન (હિમાલય) પર્વત આવેલા છે. પશ્ચિમ દિશામાં માલ્યવાન અને ગંધમાદન પર્વતનો ઉલ્લેખ થયો છે. મેરુની પૂર્વ દક્ષિણમાં શ્વેત રંગની કલ્પના થઈ છે. તેનાથી બ્રાહ્મણોની ઉત્પત્તિ પણ મનાય છે. દક્ષિણમાં પિત્ત વર્ણથી વૈશ્ય પશ્ચિમમાં ભૃંગરાજના પયી સમાન શ્યામ રંગથી શૂદ્રત્વ અને ઉત્તરના રક્તવર્ણથી ક્ષત્રિયત્વની કલ્પના કરાઈ છે.

## પુરાણોમાં ઈતિહાસ :

પુરાણોનો ઈતિહાસ વંશ અને વંશાનુચરિતમાંથી જાણવા મળે છે. પુરાણોમાં વર્ણન પામેલ ઈતિહાસની સત્યતાની ચકાસણી પણ પ્રામાણિક શિલાલેખો, મુદ્રાલેખો અને તામ્રપત્રથી થાય છે. ડૉ. મિરાશી[98] મુદ્રાલેખો પરથી પુરાણગત અનેક રાજચરિત્રની સત્યતા પ્રામાણિત કરે છે. 'માન' નામના શકરાજાનો ઉલ્લેખ હૈદરાબાદમાંથી મળ્યો છે. તે 'મહિષ્ય' દેશનો રાજા હતો અને દક્ષિણ ભારતનો વિશિષ્ટ રાજા હતો. શિશુનાગ, નંદ, શૃંગ, કણ્વ, આંધ્ર તથા આંધ્રભૃત્ય, મિત્ર, નાગવંશી રાજાઓની સમગ્ર ઐતિહાસિક સામગ્રી પુરાણોમાં પણ મળે છે. પુરાણોમાંથી મળતી વંશાવલીઓને આધારે સૂતપરંપરાએ ઈતિહાસને સુરક્ષિત રાખ્યો છે.

## પુરાણની નિત્યતા :

પરમાત્મા એ જ નિત્ય, શાશ્વત, પુરાતન છે. આથી જ વેદ અને વેદાખ્યાનરૂપ પુરાણ પણ નિત્ય અને પુરાતન છે. વેદનાં સમાધિગમ્ય કઠિન વિષયને ભિન્નભાવથી, ભિન્નભાષામાં અને ભિન્ન ભિન્ન આલંકારિક ગાથાઓથી વિસ્તૃતપૂર્વકનું વર્ણન કરવું તે પુરાણોની સહજ લાક્ષણિકતા છે આથી જ પુરાણને વેદના આખ્યાન કહ્યા છે તથા પુરાણ પણ વેદને અનુકૂળ છે.

જેવી રીતે મુખમાંથી નિઃશ્વાસ આપોઆપ નીકળે છે તેવી રીતે આદિપુરુષ પરમાત્માના મુખથી વેદ અને પુરાણ પણ અનાયાસે નીકળ્યા છે. મનુષ્યનાં શરીરમાં પરેચ્છા સેવક અને સ્વેચ્છાસેવક એમ બે પ્રકારના યંત્રો છે. હાથ,પગ, આદિ પરેચ્છાસેવક છે. જે જીવની ઈચ્છા અનુસાર કાર્ય કરે છે તે પરેચ્છાસેવક છે તે અન્ય પર આલંબિત છે.

શરીરમાં રહેલ શ્વાસયંત્ર સ્વેચ્છાસેવક છે તે જીવની ઈચ્છા વિના જ સ્વયં અનવરત કાર્યમાં મગ્ન હોય છે. સ્વેચ્છા આ સેવક યંત્રનો જીવની સાથે સંબંધ અધિક છે કારણકે જીવતા મનુષ્યનાં હાથપગ કાપવા પડે તો પણ જીવતો રહે છે. જ્યારે શ્વાસયંત્ર બગડી જવાથી માનવનું મૃત્યુ નિશ્ચિત જ બને છે. આમ જેમ પુરાણ અને નાશ સંભવ નથી તેથી વેદ અને પુરાણ પણ નિત્ય જ છે. આમ જે પ્રકારે શ્વસનયંત્રનો સંબંધ જીવ સાથે ઘનિષ્ઠ છે તે પ્રકારે પરમાત્માનો સંબંધ પણ વેદ અને પુરાણ સાથે અંતરંગ છે.

## 1.4.2 પુરાણોનું વૈશિષ્ટ્ય :

પુરાણ પરમાત્માના નિઃશ્વાસભૂત હોઈ જેમ ઈશ્વરપૂર્ણ છે તેમ પુરાણ પણ પૂર્ણ છે. પુરાણોની પૂર્ણતા અને વિશેષતા અનેક પ્રકારે સિદ્ધ થાય છે. તે ચાર પ્રકારે વર્ણવી શકાય :-

(1) પુરાણો પણ અન્ય દાર્શનિક ગ્રંથોની જેમ સત્ત્વાદિ ગુણોનું ત્રિગુણાત્મક વર્ણન આપે છે. પુરાણ સાત્ત્વિક અધિકારીને માટે પરમહંસ સંહિતા છે. જેમાં મુમુક્ષુ જીવ માટે વૈજ્ઞાનિક તત્ત્વોનું નિરૂપણ છે જેમ કે, પરબ્રહ્મ પરમાત્મા થકી જ સૃષ્ટિનું સર્જન છે અને માયાથી વ્યાપ્ત કરે છે છતાં તેઓ પ્રવૃત્તિ અને માયાથી પર છે. તેમની સત્તા સંપૂર્ણ જીવો પર વ્યાપ્ત છે. ઉપાધિભેદથી જીવ અને બ્રહ્મમાં અંતર છે તેવી જ રીતે રાજસી ગુણોવાળા માટે સકામ કર્મ અને સકામ ઉપાસનાના ઉપદેશ આપી પુરાણ તેમને સ્વર્ગાદિ દિવ્યલોકનો સુખોપભોગ કરાવી ઉત્તરોતર ઉન્નતલોક પ્રાપ્ત કરાવે છે. પુરાણોમાં સકામવ્રત અને સકામ કર્મનું વર્ણન વિપુલ પ્રમાણમાં મળે છે. ઈશ્વરની સકામ ઉપાસના દ્વારા ઉપાસક ઈહલોક અને પરલોકમાં અનેક પ્રકારે સુખ પામે છે. અધર્મને

ધર્મ અને ધર્મને અધર્મ સમજનારા તામસિકોને પુરાણ નરકનો ભયંકર ભય દર્શાવી ધર્મનો પથ દર્શાવે છે તેમ કરીને તેમને અધર્માચરણમાંથી અટકાવે છે.

(2) જ્ઞાન, કર્મ અને ઉપાસના (ભક્તિ)નો ત્રિવેણી સંગમ ધરાવતા પુરાણો કર્મયોગીઓનો આત્મત્યાગ, જ્ઞાનની ગંભીરતા અને ભક્તિની માધુરીનું વર્ણન કરે છે. આ પૃથ્વી પર વસતા ત્રિગુણના અધિકારીઓ માટે જ્ઞાન, કર્મ અને ભક્તિનો માર્ગ ખુલ્લો કરે છે. પુરાણ પોતાના વિરાટ શરીરને આ ત્રણ વિભાગમાં વિભાજન કરી સાત્ત્વિક પ્રવૃત્તિના જીવ માટે જ્ઞાનમાર્ગ, રાજસી અને તામસ પ્રકૃતિના જીવ માટે કર્મમાર્ગ, રાજસી અને સાત્ત્વિક માટે ભક્તિમાર્ગના દર્શન કરાવે છે.

(3) પ્રત્યેક જીવનોની આધ્યાત્મિક ઉન્નતિ આનંદમાં સાધનમાં છે. નિત્યાનંદવાસી જીવ આનંદ માટે ભટકતો રહે છે તથા આનંદના બદલે વિષયસુખમાં લાગ્યો રહે છે. જ્ઞાનપિપાસુ જીવ જે જ્ઞાનની શોધમાં સદા તત્પરતા દાખવતો હોવા છતાં માયાથી મુગ્ધ થઈ અજ્ઞાનમયી બની ભટકતો રહે છે તે જ્ઞાનભ્રાન્ત અને પ્રેમભ્રાન્ત જીવોને માટે પુરાણ પથદર્શક બને છે. પુરાણ સંસાર સમુદ્રનો વિપત્તિ તરંગોમાં વહેતી જીવરૂપી નૌકા માટે ધ્રુવતારા સમાન છે.

(4) પુરાણોમાં આસ્તિક્તાને સમર્થન આપવામાં આવે છે. સંતપ્ત હૃદયને આસ્તિકતારૂપી અમૃતધારાથી પુરાણો ભીજવી દે છે. પુરાણ દુઃખદાવાનળથી બળેલા હૃદય માટે ગંગાની શીતલધારા છે. તે અમૃતધારા બને છે. પુરાણો નિર્ગુણ ઉપાસના દ્વારા ઉચ્ચ અધિકારીઓ અને સગુણ ઉપાસના દ્વારા

મૂર્તિપૂજા, મૂર્તિવિજ્ઞાન, ઋષિ, પિતૃ અને દેવનો મહિમા, ભૂત-પ્રેત આદિ નિકૃષ્ટ ઉપાસના પણ પુરાણોમાં જોવા મળે છે. ધાર્મિક સાહિત્યમાં અવતારવાદનું જેટલું સંવર્ધન થયું છે તેટલું અન્યત્ર ક્યાંય થયું નથી.

(5) પુરાણોમાં બધા જ પ્રકારના ભાવો વિદ્યમાન છે. ગંભીર વિચારસરણીવાળાઓ માટે જ્ઞાનનું ગાંભીર્ય, ભાવુકો માટે ભક્તિભાવની મધુરતા, કર્મકાંડીઓ માટે કર્મમાર્ગ, ગંધપ્રિય જીવો માટે પારિજાત, હરિચંદન આદિ પુષ્પોના વર્ણન તથા સુકવિઓ માટે પુરાણોના અપૂર્વ કવિતા કાનન વિદ્યમાન છે.

(6) પુરાણોમાં પ્રાચીન સામાજિક, રાજનૈતિક અને ધાર્મિક આચારોનું વિશિષ્ટ વર્ણન મળે છે. વેદોના ગૂઢ રહસ્યોનું સૃષ્ટિ, સ્થિતિ અને પ્રલય તત્ત્વનું તથા સ્મૃતિઓનું પુરાણોમાં સરળ અને રોચક શૈલીમાં વિસ્તૃતરૂપે પણ વર્ણન છે. નિર્ગુણ ઉપાસના, સગુણ ઉપાસના (મૂર્તિપૂજન), વ્રત, દાન, તપ, તીર્થ, દર્શન, આદિનું મહત્ત્વ પુરાણોમાં વર્ણન રોચક રીતે થયું છે. ભૂમિદાન, અન્નદાન, જલદાન, આદિ વિષયોમાં મન્વાદિ સ્મૃતિઓનાં વર્ણન પ્રમાણે પુરાણોમાં નવીન રીતે વર્ણન થયું છે. પુરાણાંકિત ચરિત્રોથી સ્પષ્ટ થાય છે કે જે મનુષ્ય ધર્મના માર્ગે ચાલે છે તે ઉન્નતિને પામે છે તથા જે અધર્મને આચરે છે તે પતનને પામે છે. આધર્મિક અને અત્યાચારી વેણુ (વન) રાજ્યથી ભ્રષ્ટ નરકગામી બને છે.

પુરાણોમાં વ્રતકથા, દાનધર્મનું વર્ણન માનવહૃદયને બીજાના કલ્યાણ માટે પ્રોત્સાહિત કરે છે. તીર્થોના માહાત્મ્ય, કીર્તન, દેવદર્શન અને પુણ્યનાં

અનુષ્ટાનથી ધર્મભાવના જાગૃત થાય છે. તેનું વિસ્તૃતરૂપે વર્ણન પુરાણોમાં પ્રાપ્ત થાય છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર આ ચારવર્ણોના કર્મવિભાગ, રાજ્યધર્મવર્ણન, વિવાહ, આચાર પદ્ધતિ, શ્રાદ્ધ, પ્રાયશ્ચિત, વિધિ, વગેરેના વર્ણન પ્રત્યેક પુરાણોમાં મળે છે. અહિંસા, કામ, ક્રોધ, લોભ, ત્યાગ, દયા, પરોપકાર, શરણે આવેલાનું રક્ષણ, સત્યનિષ્ઠા આદિ સાધારણધર્મનું વર્ણન અને વર્ણાશ્રમધર્મ, જનકર્મ વ્યવસ્થા આદિ વિશેષધર્મનું પ્રતિપાદન પુરાણોમાં ખૂબીથી કરવામાં આવ્યું છે.

(7) ઘણાં પુરાણોમાં ધર્મસંકટની મીમાંસા આપે છે. પૌરાણિક ચરિત્રસમૂહમાં ઘણીવાર ધર્મસંકટ આવે છે અને તેનું નિરાકરણ પણ પુરાણો દર્શાવે છે. પુરાણો ઉપદેશનો ભંડાર છે અને સંસારવનમાં ભટકતા જીવ માટે રાજમાર્ગ પ્રદર્શક છે. આ આપદ્ ધર્મ કેડી રૂપ છે તે રાજમાર્ગ ન બનવો જોઈએ.

(8) પુરાણોમાં આવતા ચરિત્ર વર્ણન એ પણ એક તેની વિશેષતા છે. માત્ર શુષ્ક ઉપદેશ મનુષ્યોના મન પર પ્રભાવ પાડી શકતો નથી પરંતુ પૌરાણિક ચરિત્ર પ્રેમની પવિત્ર ધારાથી તો ક્યારેક ધ્યાન પ્રવાહ, ક્યારેક સ્વાર્થત્યાગની પરંપરા, ક્યારેક સત્યપાલનનો ઉત્સાહ તો ક્યારેક ધર્મમય જીવન જીવવાની ફરજ પાડે છે. પુરાણોમાં આદર્શપુરુષ, આદર્શજ્ઞાની, આદર્શ બ્રહ્મચારી, આદર્શ સતી, આદર્શ ઋષિ, આદર્શ વીર, આદર્શ કર્મવીર, આદર્શ ભક્તોના ચરિત્ર પ્રાપ્ત છે.

પુરાણોમાં વિચિત્ર ભાવોનું અને વિભિન્ન મતોનું વર્ણન આવે છે. ઈશ્વર જગતનું

કારણ છે અને સંસાર તેમનું કાર્ય છે, કારણનો ગુણ કાર્યમાં હોય છે કારણ કે કાર્ય કારણનો જ વિસ્તારમાત્ર છે. તેથી પરમાત્માનો ભાવ સંસારના પ્રત્યેક પદાર્થનાં જોવા મળે છે. પરમાત્માનો અધ્યાત્મભાવ પ્રકૃતિથી પર નિર્ગુણ બ્રહ્મ, આધિદેવ ભાવ માથાના પ્રેરક અગુણ બ્રહ્મ અને અધિભૂતભાવ વિરાટ છે. સંસારની પ્રત્યેક વસ્તુમાં આ ત્રણેય ભાવ હોવા સ્વાભાવિક છે.

ક્યારેક પુરાણોમાં વિવિધ મતો જોવા મળે છે. ક્યારેક ગંગાની ઉત્પત્તિ હિમાલયમાંથી તો ક્યારેક શિવજીની તો વળી ક્યારેક વિષ્ણુના ચરણકમળમાંથી બતાવાઈ છે. ગંગાના આધિભૌતિક (સ્થૂળરૂપ) આધિદૈવિક (સૂક્ષ્મશક્તિમય દૈવીસ્વરૂપ) અને આધ્યાત્મિક (જ્ઞાનસ્વરૂપ) સ્વરૂપનું વર્ણન પુરાણોમાં મળે છે. વૈજ્ઞાનિક સિદ્ધાંત અનુસાર સૂક્ષ્મશક્તિ જ વનીભૂત થઈ સ્થૂળ વસ્તુ બને છે. સૂક્ષ્મશક્તિમાં અધિક સિદ્ધાંત અનુસાર સૂક્ષ્મશક્તિનાં રૂપે પરિણત થાય છે. પુનઃ સૃષ્ટિના સમયે તે સૂક્ષ્મશક્તિ જ સ્થૂળ સમયે સ્થૂળ દૃશ્યમાન જગત નષ્ટ થઈ જાય છે વિલીન થઈ જાય છે પ્રકૃતિ પરમાત્માની શક્તિ છે, તે જ પરમાત્મામાં વિલીન થઈ જાય છે. સૃષ્ટિ સર્જન સમયે પરમાત્માથી અલગ થઈ સ્થૂળ જગતનું નિર્માણ કરે છે. આમ, હિંદુશાસ્ત્રોમાં સૂક્ષ્મશક્તિથી સ્થૂળ સંસારનો વિકાસ વર્ણવાયો છે. ગંગા સૂક્ષ્મ ચેતન શક્તિ મંદાકિનીરૂપે દિવ્યલોકમાં વિદ્યમાન હતી. તે જ ભક્ત ભગીરથની ઘોર તપસ્યાને કારણે દ્રવિત થઈ સ્થૂળ ગંગાના રૂપે શિવજીની જટાનો આશ્રય કરી વહેતી મહર્ષિ કપિલના શાપથી દગ્ધ સગરપુત્રોને પાવન કરે છે.

## 1:5 પુરાણ : પ્રકારો અને સંખ્યા અને વર્ગીકરણ :

પુરાણોનો વિકાસ અતિ દીર્ઘકાલીન છે. તેથી જેમ જેમ પુરાણ-સાહિત્યનો વિકાસ

થતો ગયો તેમ તેમ તેના સ્વરૂપમાં પણ ફેરપારો થતા ગયા છે. પુરાણના પ્રકારો તેના આ સ્વરૂપ-ભેદના કારણે જ અસ્તિત્વમાં આવ્યા છે. પુરાણ-સાહિત્ય જેમ જેમ સમય માર્ગ પર આગળ વધતું ગયું અને વિકસતું ગયું, તેમ તેમ તેમાં અનેકવિધ નૂતન વિષયો પણ પ્રચુર માત્રમાં જોડાતા ગયા. આ વિષય-વૈવિધ્ય અને વિષય-પ્રાચુર્ય પણ તેના અવનવા પ્રકારોના સર્જનમાં કારણરૂપ બનેલ છે. અને આના લીધે જ પુરાણોના મહાપુરાણ, ઉપપુરાણ, ઔપપુરાણાદિ પ્રકારો પ્રચલિત બન્યા છે. કેટલાક વિદ્વાનોએ તો પુરાણોના આનાથી પણ વધારે પ્રકારો દર્શાવ્યા છે.[99] પરંતુ મહાપુરાણો, ઉપપુરાણો અને ઔપપુરાણોને જ વધારે માન્યતા પ્રાપ્ત થયેલી છે. 'પુરાણ' શબ્દ સામાન્યતઃ મહાપુરાણો માટે પ્રયોજાય છે. પરંતુ વસ્તુતઃ આ શબ્દ મહાપુરાણોની સાથે જ ઉપપુરાણો અને ઔપપુરાણોને પણ લક્ષિત કરે છે. જ્યારે પુરાણોની સંખ્યા અતિશય બની ગઈ, ત્યારે મુખ્ય અને પ્રાચીન પુરાણોને કંઈક વિશિષ્ટતાથી ઓળખાવવાની આવશ્યકતા ઊભી થઈ. આથી 'પુરાણ' શબ્દની સાથે 'મહત્' વિશેષણનો પ્રયોગ કરીને તેનો અઢાર પુરાણોનો દ્યોતક એવો 'મહાપુરાણ' શબ્દ અસ્તિત્વમાં આવ્યો. બ્રહ્મવૈવર્તપુરાણ[100] શ્રીમદભાગવતપુરાણ[101] ભવિષ્યપુરાણ[102] તથા વાયુપુરાણ[103] અને મત્સ્યપુરાણ[104]માં અઢાર પુરાણોને માટે 'મહાન્' કે 'બૃહદ્' જેવા વિશેષણોનો પ્રયોગ કરવામાં આવ્યો છે, જ્યારે અન્ય પુરાણોમાં ફક્ત 'પુરાણ' શબ્દ જ પ્રયોજાયેલ છે. બ્રહ્મવૈવર્ત અને શ્રીમદ્ભાગવતપુરાણમાંય મહાપુરાણોને માટે 'પુરાણ' શબ્દનો પણ પ્રયોગ થયેલો છે. શ્રીમદભાગવતપુરાણ અઢાર મહાપુરાણોના નામો આ પ્રમાણે દર્શાવે છે. (1) બ્રહ્મ, (2) પદ્મ, (3) વિષ્ણુ, (4) શિવ (વાયુ), (5) લિંગ, (6) ગરુડ, (7) નારદ, (8) ભાગવત, (9) અગ્નિ, (10) સ્કન્દ, (11) ભવિષ્ય, (12) બ્રહ્મવૈવર્ત, (13) માર્કણ્ડેય, (14) વામન, (15) વારાહ, (16) મત્સ્ય, (17) કૂર્મ, (18) બ્રહ્માંડ.[105] જ્યારે દેવીભાગવતકાર અઢાર

પુરાણોની ગણના સાંકેતિક અને સંક્ષિપ્તરૂપે આ પ્રમાણે કરે છે – મ (થી શરૂ થતાં) બે, ભ (થી શરૂ થતાં) થી શરૂ થતાં એક-એક, એમ અઢાર પુરાણો છે.[106]

પરમ્પરાનુસાર પુરાણો - મહાપુરાણોની સંખ્યા અઢાર જ માનવામાં આવી છે. જો કે, શિવપુરાણમાં પુરાણોની સંખ્યા છવ્વીસ દર્શાવવામાં આવી છે.[107] પરંતુ ત્યાં આમ થવાનું કારણ એ હોઈ શકે છે કે, 'પુરાણ' શબ્દ દ્વારા અન્ય ઉપપુરાણો કે ઔપપુરાણોને પણ લક્ષિત કરવામાં આવ્યા હોય / હશે. અનેક પુરાણોમાં અઢાર પુરાણોની યાદી આપવામાં આવી છે. તે યાદીઓમાં પણ ભિન્નતા જોવા મળે છે. ક્યાંક નામ-ભેદ છે તો ક્યાંક ક્રમ-ભેદ છે. જેમ કે, કૂર્મપુરાણમાં બ્રહ્માંડ પુરાણને વાયવીય કહેવામાં આવ્યું છે. જ્યારે મત્સ્ય, સ્કન્દ, નારદીય અને અગ્નિ આ ચારેય પુરાણોમાં ચતુર્થપુરાણને વાયવીયપુરાણ કહેવામાં આવેલું છે. અન્ય તમામ મહાપુરાણોમાં આ સૂચી આ ચારેય પુરાણો જેવી જ છે પરંતુ તેમાં વાયવીયપુરાણના સ્થાને શિવપુરાણનો નામોલ્લેખ થયેલો છે. વસ્તુતઃ એક જ પુરાણનું નામ શિવ કે વાયવીયપુરાણ છે. આ પુરાણમાં ચોવીસ હજાર શ્લોકો છે. અને તે બે ભાગોમાં વહેંચાયેલું છે. વાયુપ્રોક્ત હોવાથી, તેને વાયુપુરાણ અને તેના પ્રતિપાદ્ય દેવતા શિવ હોવાથી શિવપુરાણ કહેવામાં આવે છે. 'तेन प्रोक्तं एवं साऽस्य देवता' – આ સૂત્રથી એ બાબતને સિદ્ધ કરી શકાય છે અને આથી બ્રહ્માંડપુરાણને પણ તે વાયુપ્રોક્ત હોવાથી વાયવીયપુરાણ કહેવામાં આવ્યું હશે. પુરાણોમાં આપવામાં આવેલી અઢાર પુરાણોના નામોની સૂચી અંગે ચૌધરી શ્રીનારાયણ સિંહનું કથન છે કે, –

''पुराणों की समस्त तालिकाओं में प्रायः नाम साम्य होते हुए भी क्रमभेद दिखलायी पड़ता है । स्थूलदृष्टया पुराणों की नामतालिका का पाँच क्रम प्राप्त होता है । इन्हें क्रमशः

(1) विष्णुपुराणीय (2) कूर्मपुराणीय (3) लिङ्गपुराणीय (4) संयुक्तक्रमीय एवं (5) यथेच्छक्रमीय कहा जा सकता है ।"[108]

– અને જે પુરાણોમાં આવી નામાવલી આપવામાં આવી છે, તે બધા પુરાણોનું પોતાનું અવલોકન દર્શાવીને કહે છે કે –

"महापुराणों के उपर्युक्त क्रमों के अवलोकन से यह सुस्पष्ट होता है कि प्रायः विष्णुपुराणीय क्रम पुराणों में अङ्गीकृत हुआ है । अपि च, किसी एक पुराण में स्वीकृत उसी पुराण की संख्या से भी इस क्रम की पुष्टि होती है ।"[109]

અઢારેય મહાપુરાણોનો વિષ્ણુપુરાણીય ક્રમ આ પ્રમાણે છે - (1) બ્રહ્મપુરાણ, (2) પદ્મપુરાણ, (3) વિષ્ણુપુરાણ, (4) શિવપુરાણ, (5) ભાગવતપુરાણ, (6) નારદીયપુરાણ, (7) માર્કણ્ડેયપુરાણ, (8) અગ્નિપુરાણ, (9) ભવિષ્યપુરાણ, (10) બ્રહ્મવૈવર્તપુરાણ, (11) લિંગપુરાણ, (12) વરાહપુરાણ, (13) સ્કન્દપુરાણ, (14) વામનપુરાણ (15) કૂર્મપુરાણ, (16)મત્સ્યપુરાણ, (17) ગરુડપુરાણ અને (18) બ્રહ્માણ્ડપુરાણ.[110] પુરાણોનો આ ક્રમ શ્રીમદ્ભાગવતપુરાણ[111] તથા મત્સ્યપુરાણમાં[112] પણ જોવા મળે છે.

## પુરાણોનું વર્ગીકરણ :

પુરાણોનું વર્ગીકરણ ચાર પ્રકારે કરી શકાય :- સાત્ત્વિક, રાજસ, તામસ અને સંકીર્ણ પુરાણો.

મત્સ્યપુરાણ વિષ્ણુ સંબંધી પુરાણોના સાત્ત્વિક, બ્રહ્મસંબંધી પુરાણોને રાજસ, શિવસંબંધી પુરાણોને તામસ અને સરસ્વતી તથા પિતૃગણ સંબંધી પુરાણોને સંકીર્ણ પુરાણો

ગણાવે છે.[113] જો કે અહીં પુરાણોનાં નામનિર્દેશન આપ્યા નથી. જ્યારે પદ્મપુરાણ પ્રમાણે વિષ્ણુ, નારદ ભગવાન, ગરુડ, પદ્મ, વરાહ એ સાત્ત્વિક પુરાણો, બ્રહ્માંડ, બ્રહ્મવૈવર્ત, માર્કંડેય, ભવિષ્ય, વામન, બ્રહ્મપુરાણ એ રાજસ અને મત્સ્ય, કૂર્મ, લિંગ, શિવ, સ્કંદ, અગ્નિ એ તામસ પુરાણો છે.[114]

સ્કંદપુરાણમાં કેદારખંડ પ્રમાણે દસ પુરાણોમાં શિવનું ચારમાં, બ્રહ્માનું બેમાં, દેવી તથા હરિનું પણ બેમાં માહાત્મ્ય દર્શાવેલું છે.[115] અહીં પુરાણોનાં નામ જણાવાયા નથી.

શ્રી હરિપ્રસાદ શાસ્ત્રી પુરાણોનું આધુનિક શ્રેણીમાં વિભાજન છ સમૂહમાં કરે છે :-

(1) વિશ્વકોષાત્મક :- ગરુડ, અગ્નિ તથા નારદપુરાણ

(2) તીર્થ તથા વ્રતવિષયક : પદ્મ સ્કંદ અને ભવિષ્યપુરાણ

(3) જે પુરાણોનું બે વાર વિભાજન થયું છે તે - બ્રહ્મ, ભાગવત તથા બ્રહ્મવૈવર્ત.

(4) શિવ-શિવ, સ્કંદ, લિંગ, કૂર્મ, વામન, વરાહ, ભવિષ્ય, માર્કંડેય, મત્સ્ય, બ્રહ્માંડપુરાણ

(5) વિષ્ણુ - નારદ, ભાગવત, ગરુડ તથા વિષ્ણુપુરાણ

વિષ્ણુધર્મોત્તર પુરાણ (17.2.3) માં પુરાણોને ચતુષ્પાદવાળા કહ્યા છે. જો કે વાયુ અને બ્રહ્માંડપુરાણો જ ચતુષ્પાદમાં વિભક્ત છે. પુરાણોમાં વિશિષ્ટ, અવશિષ્ટ અને વર્ણસામ્ય એમ ત્રણ પ્રકારે ગણનાક્રમ થાય છે.[116]

## (1) વર્ણસામ્યક્રમ :

વર્ણસામ્યક્રમ દેવી ભાગવતમાં મળે છે. તેમાં વાસ્તવિક પૌર્વાપર્યનો ત્યાગ કરીને કેવળ તુલ્ય વર્ગોની સમાનતા પ્રમાણે પુરાણોના 18 નામોની ગણના કરવામાં આવી છે.

## (2) વિશિષ્ટક્રમ :

વિશિષ્ટક્રમમાં જીવાત્મા અને પરમાત્માનો વ્યાવહારિક ભેદમાત્ર છે. બ્રહ્મમાંથી ઉત્પન્ન થયેલું બ્રહ્મમાં જ લીન થાય છે. લિંગ માર્કન્ડેય તથા ભાગવતપુરાણ આ ક્રમમાં આવે છે.

## (3) અવશિષ્ટ ક્રમ :

અવશિષ્ટ ક્રમમાં જીવાત્મા અને પરમાત્મામાં તાદાત્મ્યતા સાધેલી બતાવાઈ છે. પરમાત્માનું નામ, રૂપ, ઉપાધિ દ્વારા સંસારમાં ભાસ થવો અને અંતે ત્રૈગુણ્યરહિત, અવિદ્યા નિવૃત્તિ પરક પરમાત્મામાં વિલીન થવાનું વર્ણવે છે. આ ક્રમમાં વિષ્ણુ, મત્સ્ય, શિવ,કૂર્મ અને પદ્મપુરાણનો સમાવેશ થાય છે.

## પુરાણોનો સમય :

વેદ સમાન પુરાણ વિદ્યા પણ અનાદિ હોવાથી તેનો સમય પણ અનિશ્ચિત છે પરંતુ વેદવ્યાસ અને તેમના શિષ્યો દ્વારા રચાયેલા પુરાણોનો સમય નક્કી કરી શકાય ખરો.

ઈતિહાસ પુરાણોનો ઉલ્લેખ અથર્વવેદ મળે છે. પુરાણના સામાન્ય નિર્દેશ પણ અથર્વવેદમાં મળે છે. પરંતુ તે મૂળપુરાણ હોવાનું મનાય છે. મહાભારતમાં "પુરાણ" શબ્દનો ઉલ્લેખ વારંવાર આવે છે. વનપર્વ, આદિપર્વ અને ભીષ્મપર્વમાં આવતી કેટલીક વાર્તાઓનો સ્રોત પુરાણોમાંથી મળે છે પરંતુ મહાભારતમાં મળતા આ ઉલ્લેખો પ્રક્ષિપ્ત હોવાનું મનાય છે. મહાભારતમાં વનપર્વમાં એક સ્થળે વાયુપુરાણ અને કેટલીક પ્રતોમાં વાયુ અને મત્સ્ય બંનેનો નિર્દેશ મળે છે. પરંતુ વનપર્વનો આ ભાગ પ્રક્ષિપ્ત હોવાનું મનાય છે. વળી ઉપલબ્ધ પુરાણોની રચના પછી તેમાં ઓછાવત્તા અંશે અનેકવાર ઉમેરા થયેલા જણાય છે. કેમ્બ્રીજ

હિસ્ટ્રીમાં પ્રો-રોસન કહે છે તેમ કોઈપણ મકાનનો અથવા કોઈપણ સાહિત્ય રચનાનો સમય તેમાં થયેલા અંતિમ સ્વરૂપ ઉપરથી નક્કી ન કરી શકાય.

કવિ રાજશેખર બાલચરિતમાં વાલ્મીકિના મુખે વ્યાસને અષ્ટાદશપુરાણોના રચયિતા તરીકે સંબોધે છે.[117] કવિ રાજશેખર કનોજના રાજા મહેન્દ્રપાલ અને તેમના પુત્ર મહિપાલના સમયમાં થયા હોવાનું મનાય છે (ઈ.સ. 910 થી 940) અર્થાત્ અઢાર પુરાણોની સંખ્યા ઈ.સ. 900 ની આસપાસ નક્કી થઈ હશે. જૂનામાં ધર્મ નિબંધોમાં હાલનાં ઉપપુરાણોમાંથી ઉતારા ટાંકેલા જોવા મળે છે. વિજ્ઞાનેશ્વરની મિતાક્ષરા (ઈ.સ. 1100)માં અપરાર્ક (ઈ.સ. 118ની આસપાસ) નાં બ્રાહ્મણો સર્વસ્વમાં પુરાણોનાં ધર્મના મૂળરૂપ મન્વાદિ ધર્મશાસ્ત્રોની સમકક્ષાનાં અને આર્ષ પરંપરાના પ્રાચીન ગ્રંથ ગણ્યા છે.

યાજ્ઞવલ્ક્ય સ્મૃતિમાં ટીકાકાર અપરાદિ મત્સ્યપુરાણમાં આવેલા ઉપપુરાણો સિવાયની આખી પુરાણાનુક્રમણિકા ઉતારી છે. અપરાદિત્યનો સમય ઈ.સ. બારમા સૈકાનો મધ્યભાગ છે. અપરાદિત્ય પહેલા થઈ ગયેલા અલ્બેરૂનીએ પુરાણોની બે નામાવલિ આપી છે. અલ્બેરૂનીનો ગ્રંથ ઈ.સ. 1030 માં લખાયેલો મનાય છે. આમ, ઈ.સ. 1000 માં પુરાણોની નિશ્ચિત સંખ્યાનો ઉલ્લેખ ઘણી જગ્યાએ મળે છે. ધાર્મિક નિબંધોની માફક ભક્તિમાર્ગનાં સાંપ્રદાયિક સાહિત્યમાં પણ બારમા શતકથી પુરાણો, વેદ અને મહાભારતને પ્રમાણરૂપ ગણાવા માંડ્યા છે. આવી પ્રતિષ્ઠા મેળવવા માટે ઓછામાં ઓછી બસોથી ત્રણસો વર્ષ લાગ્યા હશે. આમ રાજશેખરના વચન, વિજ્ઞાનેશ્વર, અપરાર્કાદિનાં ઉલ્લેખો પરથી નક્કી કરી શકાય કે નવમા-દશમા શતકમાં અઠ્યાવીસ કે ઓગણત્રીસ પુરાણો વિદ્યમાન હતા. 18 પુરાણોની યાદી પણ તે જ સમયે તૈયાર થઈ હશે.[118]

મિ.જેક્સન પુરાણોના સમય માટે કહે છે કે વૈદિક તથા ઈ.સ. પૂર્વે બીજા શતક સુધીના સાહિત્યમાં જે પુરાણ માટે ઉલ્લેકો મળે છે અને જેમાંથી હાલના પુરાણોએ કેટલીક વસ્તુઓ લીધી છે તે મૂળ પુરાણ મેગેસ્થનીએ જોયું હોવું જોઈએ. માટે તે ઈ.સ. પૂર્વે ચોથા શતક પછી રચાયા નથી. અલબત્ત, તેમાં કેટલાક સુધારાવધારા અવશ્ય થયા છે. પ્રો.વિલ્સન પુરાણોના સમય માટે ગુપ્ત રાજાઓ સાતમા શતકમાં થઈ ગયા હોવાનું માનીને પુરાણો 9 થી 17 સદીમાં રચાયાં હોવાનું મનાય છે. પરંતુ ગુપ્ત રાજાઓનો સમય ચોથી થી પાંચમી સદી નક્કી મનાય છે. પુરાણોમાં આવતા યવન, શક, હૂણ, તુરુષ્ક વગેરે શબ્દો મુસલમાન ઉપરાંત તેમની પહેલા આવતા પરદેશી વાચક છે. આમ, હાલના પ્રાચ્યવિદ્યાભિજ્ઞો વિલ્સને નક્કી કરેલા સમયમાંથી ત્રણસો ચારસો વર્ષ પાછળ ગણે છે.[119]

આ ઉપરાંત મહાકવિ કાલિદાસ, ભાસ,બાણભટ્ટ, હર્ષ વગેરે એ પોતાની કૃતિનાં આધારસ્રોત તરીકે કાંતો પુરાણને અથવા વેદ ઈતિહાસને રાખ્યા છે.

પુરાણોના સમય નિર્ણયમાં રાજાઓનો વંશક્રમ રીતે સહાયક થાય છે. વિષ્ણુપુરાણમાં મૌર્યવંશ, મત્સ્યપુરાણમાં દક્ષિણના આંધ્ર રાજાઓ તથા વાયુપુરાણમાં ગુપ્તવંશીય રાજાઓનું પ્રારંભિક સામ્રાજ્ય નિરૂપિત છે. ભાગવતપુરાણ અનુસાર દ્વાપર અને કલિસંધિમાં 18 પુરાણોની રચના લોમહર્ષણનાં પુત્ર ઉગ્રશ્રવા પાસેથી શૌનકઋષિએ પિતાએ વર્ણવેલા વંશાનુક્રમ સાંભળવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

## 1.6 પુરાણોની સાંપ્રદાયિકતા :

મત્સ્યપુરાણે પુરાણોનું ચતુર્વિધ વિભાજન કરેલું છે - (1) સાત્ત્વિક, (2) રાજસિક, (3) તામસિક અને (4) સંકીર્ણ,[120] એમાંથી જે પુરાણોમાં વિષ્ણુનું માહાત્મ્ય અધિકતાથી

વર્ણવાયું હોય, તે બધાં પુરાણોને સાત્ત્વિક, જેમાં અધિકાંશ બ્રહ્મા અને અગ્નિની મહત્તા દર્શાવી હોય, તે રાજસિક, જે પુરાણોમાં શિવનું અધિક મહત્ત્વ વર્ણવવામાં આવ્યું હોય, તે બધાં પુરાણો તામસિક અને જેમાં સરસ્વતી તથા પિતૃગણનું માહાત્મ્ય વધારે પ્રમાણમાં ગાવામાં આવ્યું હોય, તે પુરાણો સંકીર્ણ કોટિનાં પુરાણો છે. પરંતુ અન્ય પુરાણોમાં કરવામાં આવેલાં આ પ્રકારનાં વિભાજનોમાં ઘણો જ ભેદ છે. પદ્મપુરાણમાં જે સાત્ત્વિક પુરાણોની ગણના કરવામાં આવી છે, તે આ મુજબ છે - વૈષ્ણવ, નારદ, ભાગવત, ગરુડ, પદ્મ તથા વરાહ.[121] પરંતુ આ વિભાજનમાં પણ અન્ય પુરાણો સાથે એકમત નથી. ગરુડપુરાણમાં તો સ્પષ્ટપણે શિવભક્તિનું પ્રતિપાદન કરનાર વાયુપુરાણને સાત્ત્વિક શ્રેણીનું કહેવામાં આવ્યું છે. દેવતાઓના પ્રાધાન્યથી પુરાણોનું આ પ્રમાણે કરવામાં આવેલું વિભાજન તની સાંપ્રદાયિકતાને પણ સિદ્ધ કરે છે. જે તે ઉપાસ્ય દેવોની પ્રધાનપણે સ્તુતિ કરવા પાછળનો હેતુ, તે તે સંપ્રદાયની પ્રતિષ્ઠા કરવાનો છે. સ્કન્દપુરાણાનુસાર દસ પુરાણોમાં શિવ ચારમાં બ્રહ્મા અને બે બે માં દેવી શક્તિ અને વિષ્ણુનું પ્રતિસ્થાપન કરવામાં આવ્યું છે.[122] આ જ પુરાણમાં અન્યત્ર ભિન્ન રીતે આ પ્રમાણે વિભાજન કરવામાં આવ્યું છે –

(अ) શૈવપુરાણો - શિવપુરાણ, ભવિષ્યપુરાણ, માર્કણ્ડેયપુરાણ, લિંગપુરાણ, વારાહપુરાણ, સ્કન્દપુરાણ, મત્સ્યપુરાણ, કૂર્મપુરાણ, વામનપુરાણ તથા બ્રહ્માંડ પુરાણ.

(ब) વૈષ્ણવપુરાણો - વિષ્ણુપુરાણ, ભાગવતપુરાણ, નારદપુરાણ અને ગરુડપુરાણ.

(क) બ્રાહ્મપુરાણો - બ્રહ્મપુરાણ તથા પદ્મપુરાણ.

(ड) આગ્નેયપુરાણ - અગ્નિપુરાણ.

(य) સાવિત્રપુરાણ - બ્રહ્મવૈવર્તપુરાણ.[123]

સ્કન્દપુરાણના આ વિભાજનમાં પણ સંદિગ્ધતા જોવા મળે છે. કેમ કે પદ્મપુરાણ સ્પષ્ટતયા ભગવાન વિષ્ણુના મહિમાનું સવિશેષ પ્રતિપાદન કરે છે. જ્યારે આ વિભાજનમાં પુરાણકારે તેને બ્રાહ્મપુરાણ કહેલ છે. આમ, પુરાણોના આ પ્રકારના વિભાજનથી તેની સાંપ્રદાયિકતા એકદમ સ્પષ્ટ થઈ શકતી નથી. આમ થવા પાછળનું કારણ કદાચ એ હોય શકે કે દરેક પુરાણકાર પોતાના સંપ્રદાયનાં પુરાણોની સંખ્યા વધારે છે, એવું દર્શાવવા કે સિદ્ધ કરવા માગતો હશે. જેમ કે, સ્કન્દપુરાણના ઉપરોક્ત વિભાજનમાં તે શૈવપુરાણ હોવાથી શિવ-વિષયકપુરાણોની સંખ્યા અધિક દર્શાવવામાં આવી છે. નહીંતર વારાહ, મત્સ્ય, કૂર્મ અને વામનપુરાણ સ્પષ્ટપણે વિષ્ણુના જ અંશાવતારો સાથે સંકળાયેલાં પુરાણો છે. અને તેથી સ્વાભાવિક જ, તેને સાત્ત્વિક શ્રેણીનાં પુરાણો ગણી શકાય. ગરુડપુરાણે કૂર્મપુરાણને વૈષ્ણવપુરાણ ગણાવેલ છે. પરંતુ અહીં પણ એક બાબત નોંધનીય છે કે, આ પુરાણની બ્રાહ્મીસંહિતામાં શિવ અને શિવાનું માહાત્મ્ય જ વર્ણવવામાં આવ્યું છે. શિવને જ પરમતત્ત્વ માનવામાં આવેલું છે. તો શિવાનું પણ વિશિષ્ટ વર્ણન થયેલું છે. સ્વયં શ્રીકૃષ્ણ પણ શિવની સ્તુતિ કરતાં જોવા મળે છે. આવી પરિસ્થિતિમાં પુરાણોના આધારે પુરાણોની સાંપ્રદાયિકતા નિશ્ચિત કરવી અઘરી બની જાય છે. કેમકે, સાંપ્રદાયિકતાની બાબતમાં લગભગ બધા જ પુરાણોનો દૃષ્ટિકોણ સમન્વયવાદી રહ્યો છે.

પ્રાચીન ભારતના ઐતિહાસિક દસ્તાવેજો, મહાભારત અને બીજા પ્રાચીન સંસ્કૃતગ્રંથોના અધ્યયન પરથી જણાય છે કે પ્રાગ્ - ગુપ્તકાળમાં નાસ્તિક સંપ્રદાયો (વેદ-બાહ્યના અર્થમાં) ઉપરાંત, બ્રાહ્મ (બ્રહ્માના પૂજકો, પાંચરાત્ર અને પાશુપત, અધિક પ્રબળ અને લોકપ્રિય ધાર્મિક સંપ્રદાયો હતા. તેના પુરસ્કર્તાઓ સ્માર્તમતવાદી હતા. તેમણે સૌપ્રથમ વર્ણાશ્રમધર્મ

અને વેદોના પ્રામાણ્યને પ્રસ્થાપિત કરવા પુરાણોને પસંદ કર્યા હોય તથા તત્કાલીન પુરાણોમાં સાંપ્રદાયિક દેવો અથવા તેમનાં સ્વરૂપોના આધારે શીર્ષકો આપીને નવી પુરાણકૃતિઓનો ઉમેરો કર્યો હોય, તે સંભવિત છે. વર્તમાન પુરાણોના પરિશીલનથી આને સમર્થન મળે છે. કારણ કે, આમાંના જે અંશો ઈ.સ. 500 પહેલાંના પુરવાર થાય છે તેમાં આ સ્માર્તબ્રાહ્મ, સ્માર્તપાંચરાત્ર અને સ્માર્તપાશુપતનો પ્રબળ પ્રભાવ જોવા મળે છે.[124] જેમકે, વાયુપુરાણ અને બ્રહ્માંડપુરાણ પાશુપતપ્રભાવ ધરાવે છે. જ્યારે વિષ્ણુપુરાણ અને કૂર્મપુરાણ પાંચરાત્ર લક્ષણવાળાં છે. આ ઉપરાંત ભાગવતોનો પણ ઘણો પ્રભાવશાળી સમૂહ છે. પુરાણોની રચના અને સંકલનમાં તેઓનું પણ ઘણું મોટું પ્રદાન છે. ગુપ્તકાળમાં તેમનું ખૂબ વર્ચસ્વ હતું. તેઓએ ભાગવત પુરાણની રચના કરી હતી. આ પણ એક સ્માર્તવાદી સંપ્રદાય હતો. આ ચારેય સ્માર્ત સંપ્રદાયોના અનુયાયીઓએ પુરાણો પર ચોક્કસ કયા સમયે પ્રભાવ પાડી પરિવર્તન લાવવાનું શરૂ કરેલ તે કહેવાનું અશક્ય છે. ઉપરાંત તે સમયે કેટલાં પુરાણો ખરેખર અસ્તિત્વ ધરાવતાં હતાં, તે અંગે પણ નિશ્ચિત રૂપે કશું કહી શકાય તેમ નથી, છતાં એમ ચોક્કસ પણે કહી શકાય તેમ છે કે ઈ.સ.ના પ્રારંભમાં અમુક પુરાણો અવશ્ય અસ્તિત્વ ધરાવતાં હતાં. આપણો આગળ જોયું તે મુજબ આપસ્તમ્બધર્મસૂત્રમાં ભવિષ્યપુરાણનો ઉલ્લેખ થયેલો છે. આના પરથી એવું પુરવાર થાય છે કે આ સૂત્રગ્રંથ રચનાકાળે ‘પુરાણ’ નો ‘પ્રાચીન’ એવો મૂળ અર્થ બદલાઈ ગયો હતો. અને ‘અમુક સાહિત્ય કે ગ્રંથનો પ્રકાર’ એવો અર્થ પ્રચલિત થયો હતો. આવા અર્થ - પરિવર્તન માટે ઠીક ઠીક સંખ્યામાં પુરાણગ્રંથો અસ્તિત્વ ધરાવતાં હોવાં જોઈએ. કેમકે ‘ભવિષ્યત્પુરાણ’ એ શીર્ષકમાં ‘પુરાણ’ શબ્દનો પ્રાચીન અર્થ ગ્રહણ કરવાથી અતિ-વ્યાપ્તિદોષ આવે. તેથી ‘વિશિષ્ટ સાહિત્ય’ એવા અર્થમાં જ ‘પુરાણ’ શબ્દ પ્રયોજાતો હોવો જોઈએ.[125]

આમ, આપણે સ્વીકારવું પડે કે, આપસ્તમ્બ ધર્મસૂત્રના સમય પહેલાં પુરાણોની સંખ્યા વધવા લાગી હતી. તે અઢાર પુરાણોનાં શીર્ષકો પરથી જણાય છે કે, ઉપરોક્ત ચારેય સંપ્રદાયોના અનુયાયીઓએ પુરાણોની વૃદ્ધિને વેગીલી બનાવી હશે, અને સમય જતાં અઢારની સંખ્યા ચુસ્તપણે સ્થાપિત બની હશે. પરંતુ સમય જતાં વિધર્મીઓનાં આક્રમણો સામે સંગઠિત બનવાના ભાગરૂપે કે કોઈ અન્ય કારણોસર પુરાણોની આ સાંપ્રદાયિકતામાં સમન્વયાત્મક દૃષ્ટિકોણ પ્રક્ષેપો દ્વારા ઉમેરાવો શરૂ થયો હશે. આ બાબતનું સાક્ષ્ય આપણને પદ્મપુરાણમાંથી મળી આવે છે. એ પુરાણમાં સાત્ત્વિક, રાજસિક અને તામસિક ત્રણેય પ્રકારના પુરાણોમાં એક સરખી છ છ ની સંખ્યાનું નિર્ધારણ કરવામાં આવ્યું છે. વિષ્ણુ નારદ, ભાગવત, ગરુડ, પદ્મ અને વરાહ આ છ પુરાણોને સાત્ત્વિક માનવામાં આવ્યા છે, તો બ્રહ્માંડ, બ્રહ્મવૈવર્ત, માર્કણ્ડેય, ભવિષ્ય, વામન અને બ્રહ્મપુરાણને રાજસિક તથા મત્સ્ય, કૂર્મ, લિંગ, શિવ, સ્કન્દ અને અગ્નિપુરાણને તામસિકપુરાણો કહેલા છે.[126] હજારો વર્ષના સમયગાળા પછી અને સદીઓ સુધી વિદેશીઓના શાસન તળે રહ્યાં, છતાંય ભારતીય સમાજ આજે પણ એક સૂત્રે બંધાયેલો જોવા મળે છે. તેનું એક કારણ પુરાણોનો આ સામ્પ્રદાયિક સમભાવ પણ છે. ભારતીય સમાજમાં આજે પણ જોવા મળતી એકતામાં વિવિધતા અને વિવિધતામાં એકતાની ભાવનાને આ રીતે પુરાણોએ જ પોષી છે. પુરાણોના સમન્વયવાદી દૃષ્ટિકોણે જ વિવિધતામાં એકતા લાવવાનું મહનીય કાર્ય કર્યું છે. તો હવે પછીના પ્રકરણમાં આપણે જેની ચર્ચા કરવાના છીએ તે પુરાણોના જ ખિલ / ભાગો રૂપ ઉપપુરાણો અને ઔપપુરાણો તથા જ્ઞાતિપુરાણો વગેરેના સંકલન દ્વારા એકતામાં પણ વૈવિધ્યને ટકાવી રાખીને, એક સુગઠિત સમાજના ઘડતરનું કાર્ય પણ કર્યું છે.

આ ઉપરાંત પુરાણોની આ સાંપ્રદાયિકતા એક અન્ય બાબત તરફ પણ અંગૂલીનિર્દેશ કરે છે. પ્રાચીન ભારતમાં આગળ જણાવ્યા તે ચાર સ્માર્તસંપ્રદાયો ઉપરાંત પણ ઘણા સંપ્રદાયો અસ્તિત્વ અને પ્રતિષ્ઠા ધરાવતા હતા. જે સર્વવિદિત છે. એ ચાર સંપ્રદાયો ઉપરાંત સૌર, ગણેશ વગેરે અન્ય સંપ્રદાયોના પુરાણો પણ મળી આવે છે, તો યક્ષ, ઐન્દ્રાદિ લગભગ લુપ્ત થઈ ચૂકેલા અને એક સમયે પ્રતિષ્ઠિત રહી ચૂકેલા સંપ્રદાયોનાં પણ કોઈને કોઈ પુરાણો હશે જ, જે એક અન્ય સંશોધનનો વિષય છે.

• • •

## વિભાગ-1

## પ્રકરણ-1

## પાદટીપ

1. 'कल्याण' मासिक, पुराणकथाङ्क, पृ. 31
2. महाभारत, आदिपर्व, 1/16
3. 'कल्याण' मासिक, पुराणकथाङ्क, पृ. 38
4. એજન, પૃ. 23
5. એજન, પૃ. 24
6. એજન, પૃ. 28
7. નારદપુરાણ, 2/24/15-18
8. 'श्रुतिस्मृती उभे नेत्रे पुराणं हृदयं स्मृतम् ।' દે.ભા., 11/1/121
9. 'ये पठन्ति पुराणानि शृण्वन्ति च समाहिताः ।
   प्रत्यक्षरं लभन्त्येते कपिलादानजं फलम् ॥
   ये शृण्वन्ति पुराणानि कोटिजन्मार्जितं खलु ।
   पापजालं तु ते हित्वा गच्छन्ति हरिमन्दिरम् ॥' પ.પુ. બ્રહ્મખંડ, 25/29, 31
10. 'यथा पापानि पूयन्ते गङ्गावारिविगाहनात् ।
    तथा पुराणश्रवणाद् दुरितानां विनाशनम् ॥' વા.પુ., 69/2

11. સ્કં.પુ. કાશીખંડ, 2/96 - 97
12. પ.પુ. સ્વર્ગખંડ, 62/58-66
13. શિ.પુ. ઉમાસંહિતા, અ.13 તથા વાયવીયસંહિતા, 1/31
14. મ.પુ. 53/3
15. ભા.પુ. 1/4/20
16. વા.પુ. 1/203, 1/180
17. 'अस्य महतो भूतस्य निश्वसितमेतद्............पुराणम् ।' वाजसनेयि ब्राह्मणोपनिषद्, 2/4/10
18. 'इतिहासस्य च वै स पुराणस्य च गाथानां च नाराशंसीनां च प्रियं धाम भवति च एवं वेद ।' અ.વે. 15/6/12
19. ગો.બ્રા. પૂર્વભાગ, 2/10
20. શ.બ્રા. 11/5/6/8, 11/5/7/9, 14/6/10/6, 13/4/3/12
21. તૈ.આ., દ્વિતીય પ્રપાઠક, 9મો અનુવાક
22. બૃ.ઉ. 2/4/11
23. છાં.ઉ. 7/1/2, 7/1/4, 7/2/1
24. મ.પુ. 53/3
25. નિરુ. 3/19

26. પા.સૂ. અષ્ટાધ્યાયી, 2/1/49 તથા 4/3/105

27. 'यस्मात् पुरा ह्यनतीदं पुराणं तेन संस्मृतम् ।' વા.પુ. 1/203

28. 'यस्मात्पुरा ह्यभूच्चैतत् पुराणं तेन तत्स्मृतम् ।' બ્ર.પુ. 1/1/173

29. 'पुरा परम्परां वष्टि कामयते ।' પ.પુ. 5/2/53

30. 'पुरातनस्य कल्पस्य पुराणानि विदुर्बुधाः ।' મ.પુ. 53/71

31. 'ऋग्वेदं, भगवोऽध्येमि यजुर्वेदं सामवेदमाथर्वणमितिहासपुराणं पञ्चमं वेदानां वेदः ।' છાં.ઉ. 7/1

32. पञ्चवेदान् निरमिमत सर्पवेदं पिचशवेदमसुरवेदमितिहासवेदं पुराणवेदम् । ગો.બ્રા. પૂર્વભાગ, 1/10

33. ઋ.વે., 3/5/4/9, 3/58/6, 10/130/6

34. ઋ.વે., 9/99/4

35. અ.વે., કાણ્ડ-15, પ્રથમ અનુવાક, 6/12

36. વા.પુ. 3/3/4, મ.પુ. 53/3, પ.પુ. સૃષ્ટિખંડ, 1/45

37. સ્ક.પુ. રેવાખંડ, 1/24

38. પ.પુ. 1/1/46

39. મ.પુ. 53/4

40. વિ.પુ. 3/3/6

41. મા.પુ. 45/20-22

42. ભા.પુ. 3/12/37-39

43. તૈ.આ. 2/10

44. આપ.ધ.સૂ. 1/6/19/13

45. મનુ. 4/248-249

46. વા.પુ. 1/5/213 અને 218

47. બ્ર.પુ. 2/7/180

48. મ.પુ. 124/102-103

49. વિ.પુ. 2/8/93-94

50. આપ.ધ.સૂ. 1/10/29/7

51. અમરકોશ, 1/6/5

52. પ્રિન્સીપાલ, સી. એલ. શાસ્ત્રી, સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ, પૃ.258

53. 'सर्गश्च प्रतिसर्गश्च वंशो मन्वन्तराणि च ।
वंश्यानुचरितं चैव पुराणं पञ्चलक्षणम् ॥' મ.પુ. 53/64.

54. 'ब्रह्मविष्णवर्करुद्राणां माहात्म्यं भुवनस्य च ।
ससंहारप्रदानां च पुराणे पञ्चवर्णके ॥
धर्मश्चार्थश्च कामश्च मोक्षश्चैवात्र कीर्त्यते ।
सर्वेष्वपि पुराणेषु तद्विरुद्धं च यत् फलम् ।' મ.પુ. 53/65-66

55. कल्याण, मत्स्यपुराणाङ्क, पूर्वार्द्ध, प्रस्तावना, पृ.13

56. कल्याण, पुराणकथाङ्क, पृ. 22

57. कल्याण, पुराणकथाङ्क, पृ. 16

58. पुराण - विमर्श, परिशिष्ट 1 : पुराणों का विषयविवेचन, पृ. 621 - 675

59. सर्गश्च प्रतिसर्गश्च वंशो मन्वन्तराणि च ।
वंश्यानुचरितं चेति पुराणं पंचलक्षणम् ॥

આ લક્ષણો પાઠભેદથી અથવા સમાનરૂપે વિ.પુ. - 3.6.24, મા..પુ. - 134.13, અ.પુ.- 1.14, ભવિ.પુ. - 2.5, બ્ર.વૈ. - 133.6, વ.પુ. - 2.4, સ્કં.પુ. - 2.84, કૂ.પુ. (પૂર્વાર્ધ) 1.12, મ.પુ. - 53.64, ગ.પુ. - 2.28, બ્ર.પુ. - 1.38, શિ.પુ. (વાયવીયસંહિતા) 1.41 મળે છે.

60. चतुर्वेदी गिरिधरशर्माः, पुराणपत्रिकाः । 1960

61. ડૉ.અ.જાની : સ્વાધ્યાય : ઓક્ટોબરના લેખમાંથી ઉદ્‌ધૃત

62. आचार्य बलदेव उपाध्यायः, पुराणविमर्शः પૃ. 127

63. अव्याकृतगुणक्षोभात् महतस्त्रिवृत्तोऽवमः ।
भूतमात्रोन्द्रियार्थानां जन्मसर्ग उदाहृतः ॥

(ભા.પુ. 12.7.11 અને 2.10.2)

64. The Sanskhyization of the Emanation doctrine shown in a critical analysis of the texts. - Purāṇ Bulletin Vol IV No.2 P.218-338.1963

65. વિ.પુ. - 1.5.24

66. મા.પુ. - 47.28.29

67. उपाध्याय बलदेवः, पुराण-विमर्शः सप्तम परिच्छेदः પૃ 280

68. વિ.પુ. 6.39-40

69. ભા.પુ. - 2.10.5

70. બ્ર.પુ- 232.11

70A. વિ.પુ. - 6.2.40

71. ભા.પુ. - 3.8.10

72. ભા.પુ. - 12.7.10

72A. વા.પુ. - 102.47

73. ભા.પુ - 12.4.64

74. नैमित्तिकः प्राकृतिको नित्य आत्यन्तिको लयः ।

संस्थेति कविभिः प्रोक्तं चतुर्थोऽस्य प्रभावतः ॥ (ભા.પુ. - 12.7.1)

75. यदेवमेतेन विवेकहेतिना मायामयहंकारणात्मबन्धनम् ।

छित्वाऽच्युतात्मानुभावोऽवतिष्ठते तमाहुरात्यन्तिकमङ्गसंप्लवम् ॥ (ભા.પુ. - 12.4.34)

76. ભા.પુ. - 12.7.16

77. मन्वन्तर मनुर्देवा मनुपुत्राः सुरेश्वरः ।
ऋषयोंऽशावताराश्च हरेः षड्विधमुच्यते ॥ (ભા.પુ. - 12.7.15)

77A. आर.एन.वैद्यः, पुराणों का संक्षिप्त वैज्ञानिक अध्ययनः पृ. 19,20

78. ભા.પુ. - 12.7.16

79. अथ नयसमुत्थं ज्योतिरत्रैरिव द्यौः ॥ २घु.

80. વા.પુ. - 35

81. માર્ક. 17.1.5

82. ભા.પુ. - 4.11

83. અ.પુ. - 20,21, બ્ર.પુ - 3.8.77

84. મ.પુ. - 48.5

85. प्रचेतसः पुत्रशतं राजानः सर्व एव हि ।
म्लेच्छराष्ट्रश्रिया ह्युदीर्चीं दिशमाश्रिताः ॥ (મત્સ્ય. - 48.9)

86. सर्गश्च प्रतिसर्गश्च वृत्ति रक्षान्तराणि च ।
वंशो वंशानुचरितं संस्था हेतुरपाश्रयः ॥ (ભા.પુ. - 12.7.9)

87. બ્ર.વૈ. - 123.6.12

88. दशमस्य विशुद्ध्यर्थं नवानामिह लक्षणम् । (ભા.પુ. - 12.7)

89. अत्र सर्गो विसर्गश्च स्थानं पोषणमूतयः ।

मन्वन्तरेशानुकथा निराधो मुक्तिराश्रयः ॥ (ભા.પુ. - 2.10.1)

90. બ્રહ્મ. વૈ.-કૃષ્ણખંડઃ 133

91. आख्यानैरुपाख्यानैर्गाथाभिः कल्पशुद्धिभिः ।

पुराणसंहितां चक्रे पुराणार्थविशारदः ॥ (વિ.પુ.અંશ. - 6.15)

92. पुराणम् - 1960 गिरिधर शर्मा चतुर्वेदी भा.2, पुराणापञ्च लक्षणम् લેખમાંથી

93. એજન

94. એજન

95. अव्यक्तात् पृथ्वीपद्मं मेरुपर्वत कर्णिकम् । (વા.પુ. - 34.37)

96. हिरण्यमस्तु यो मेरुतस्योल्पं तन्महात्मनः ।

गर्भोदकं समुद्राश्च सिराद्यस्थैनि पर्वताः ॥

(વા.પુ.- 5.80, કૂ.પુ. - 4.40 અને 7.5.108.9, 108.3)

97. વા.પુ. 1.35.11.16, અ.પુ. 108.11.12, કૂ.પુ.45.15.16

98. ડૉ. વી.વી. મિરાશીનો લેખ - पुराणम् ભાગ - 1માં, સંખ્યા -1, પૃ. - 31.38

99. જ્ઞાનાનન્દ સરસ્વતીએ ધર્મકલ્પદ્રુમ' માં પુરાણોના મહાપુરાણ, ઉપપુરાણો, ઔપપુરાણો, ઉપોપપુરાણો અને ઉપૌપપુરાણો જેવા પાંચ પ્રકારો દર્શાવ્યા છે.

100. બ્ર.વૈ. 4/133/7

101. ભા.પુ. 12/7/10, તથા 12/7/22

102. ભવિ.પુ. 3/4/25/220

103. વા.પુ. 104/2/-14

104. મ.પુ. 53/61

105. ભા.પુ. 12/7/23-24

106. 'मद्वयं भद्वयं चैव ब्रत्रयं वचतुष्टयम् ।
अनापल्लिंगकूस्कानि पुराणानि पृथक् पृथक् ॥' દે.ભા. 1/3/20

107. શિ.પુ., ઉમા.સં. 13/41

108. વ.પુ. ભૂમિકા. પૃ. 13

109. એજન, પૃ. 15

110. વિ.પુ. 3/6/20-24

111. ભા.પુ. 12/13/3-8

112. મ.પુ. 53/12-56

113. सात्त्विकेषु पुराणेषु माहात्म्यधिकं हरेः ।
राजसेषु च माहात्म्यधिकं ब्रह्मणो विदुः ॥
तद्वदग्नेर्माहात्म्यं तामसेषु शिवस्य च ।
संकीर्णेषु सरस्वत्याः पितृणां च निगंद्यते ॥ (મ.પુ.53.67.68)

114. પ.પુ.ઉત્તરાખંડ-163.81.84

115. अष्टादश पुराणेषु दशभिर्गीयते शिवः ।
चतुर्भिस्तुभगवान् ब्रह्मा द्वाभ्यां देवी तथा हरिः ॥ (સ્કં.પુ.કેશર ખંડ-1)

116. Dr.R.C. Hazara : Studies in the Puranic Records of Hindu rites and customs - Part - I Chapter 2 and 3

117. अष्टादश पुराणसार संग्रहाकारिन - काव्यमाला - अ.1

118. દુર્ગારામ કેવલરામ શાસ્ત્રી, પુરાણવિવેચન

119. પાર્જિટર માર્કન્ડેય પુરાણનો અંગ્રેજી અનુવાદ, ઉપોદ્ઘાત

120. મ.પુ. 53/67-68

121. પ.પુ., ઉ., 163/81-84

122. સ્ક.પુ. કેદારખંડ

123. સ્ક.પુ., શિવ. સં., 2/30/38

124. Dr. R.C. Hazra, 'Studies in the Puranic Records on Hindu rites and Customs', PP. 8-13, 120.

125. F.E. Pargiter, Ancient Indian Historical Tradition, PP. 50-51

126. પ.પુ., ઉ., 163/81-84.

• • •

## પ્રકરણ : 2

# ઉપપુરાણ

## 2:1 પ્રસ્તાવના :

પુરાણો સદીઓ સુધી અવિરતપણે વિકસતું સાહિત્ય રહ્યું છે. જે-તે સમયનાં પ્રસિદ્ધ લોક-વૃત્તાંતો, કથાઓ વગેરેને આત્મસાત્ કરતું-કરતું આગળ પ્રવહ્યું છે. અનેક નવા-નવા વિષયો તેમાં સમાવિષ્ટ થતા રહ્યા છે. પરિણામે તેનું કદ અતિ- વ્યાપક બનવા લાગ્યુ. અદ્ય પર્યંતનાં વિશાળ પુરાણ- સાહિત્યનો સ્વરૂપગત વિકાસ પણ થયો છે. પુરાણોની સાથે-સાથે ઉપપુરાણોની રચના પણ ઘણા જ પ્રાચીન કાલથી થવા લાગી હતી, જેનું પ્રમાણ પણ વિપુલ હતું. આ ઉપપુરાણો પણ પ્રાચીન ભારતીય સમાજ અને વિચારધારાનો અતિમૂલ્યવાન દસ્તાવેજી પુરાવો છે. સંભવતઃ સૈકાઓથી મહાપુરાણો એવાં અઢાર પુરાણોનું વર્ચસ્વ અને મહત્ત્વ પ્રસ્થાપિત થયેલાં છે. તેથી મહાપુરાણોથી અલગ પાડવા માટે પુરાણને 'ઉપ' પદ લગાડવામાં આવ્યું હશે. આથી પુરાણોની અપેક્ષાએ ઉપપુરાણો પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ પ્રવર્તે છે. ઉપપુરાણો વિશે થયેલું સંશોધન કાર્ય પ્રમાણમાં અલ્પ છે. પ્રો. એચ. એચ. વિલ્સને પાંચેક પૃષ્ઠોમાં ઉપપુરાણો વિશ માહિતી આપી છે.[1] જ્યારે મહામહોપાધ્યાય હરપ્રસાદ શાસ્ત્રીની બંગાળની એશિયાટિક સોસાયટીની સંસ્કૃત હસ્તપ્રતોની વર્ણનાત્મક સૂચીમાં ફકત નામ-નિર્દેશથી વિશેષ કશું નથી મળતું[2] પ્રો.એમ.વિન્ટરનિત્ઝે પોતાના ઇતિહાસ- ગ્રંથમાં સાતેક પાનામાં થોડાંક ઉપપુરાણોના પરિચય આપેલ છે.[3] તેવી જ રીતે જે. એન. ફર્કુહરે ભારતીય ધાર્મિક સાહિત્યની રૂપરેખા આપતા ગ્રથમાં અમુક જ ઉપપુરાણોની ટૂંકમાં માહિતી આપી છે.[4] પ્રો.મેકડોનલે સંસ્કૃત સાહિત્યના ઇતિહાસમાં માત્ર ચાર લીટીમાં જ ઉપપુરાણોનો ઉલ્લેખ કરેલો છે.[5] ધર્મ અને નીતિના વિશ્વકોષમાં ચૌદ લીટીઓ જ ઉપપુરાણો માટે પર્યાપ્ત

ગણી છે.[6] ડૉ. આર. સી. હાઝરાએ સૌપ્રથમવાર ઉપપુરાણો વિશે ત્રણ ભાગમાં વિશાળ ગ્રંથ રચીને તેને પૂરતો ન્યાય આપવાનો પ્રશસ્ય પ્રયત્ન કરેલ છે.[7] આથી, આધુનિક યુગને અનુરૂપ વૈજ્ઞાનિક અને વિવેચનાત્મક અભિગમ અપનાવીને લાંબા સમયથી ઉપેક્ષિત એવા આ સાહિત્ય-ક્ષેત્ર પ્રત્યે પૂરતાં ધ્યાન અપાવું આવશ્યક જણાય છે. પ્રસ્તુત પ્રકરણમાં ઉપલબ્ધ ઉપર્યુક્ત સામગ્રી તથી પુરાણો અને સ્વયં ઉપપુરાણોમાં પ્રાપ્ત થતી માહિતીઓના આધારે ઉપપુરાણ વિષયક ચર્ચા થયેલી છે.

## 2.2 ઉપપુરાણ : અર્થ અને સ્વરૂપ :

પૌરાણિક સાહિત્ય એટલું બધું વ્યાપક છે કે, તેની ચોક્કસ સંખ્યા હજુ સુધી નિયત થઇ શકી નથી. મહાપુરાણોની સંખ્યા અઢાર નિશ્ચિત હોવાં છતાં ભિન્ન-ભિન્ન સ્થળોએ દર્શાવવામાં આવેલાં કે ગણવામાં આવેલાં મહાપુરાણોની જો એક સ્વતંત્ર યાદી બનાવવામાં આવે તો તે સંખ્યા અઢાર કરતાં ઘણી વધારે હશે. અર્થાત્, કયાં અઢાર પુરાણોને મહાપુરાણ ગણવા તેમાં પણ મતભેદ પ્રવર્તે છે. જો કે, ઉપપુરાણો પણ અઢાર જ છે. પરંતુ જેવું મહાપુરાણોની બાબતે છે, તેવું જ ઉપપુરાણોની બાબતમાં છે. કયા અઢાર પુરાણો ઉપપુરાણ છે તે ચોક્કસપણે કહી શકાય તેમ નથી. હા,એટલું તો ચોક્કસ કહી શકાય કે, જે મહાપુરાણો નથી, તે ઉપપુરાણો છે. અર્થાત્ જેને મહાપુરાણોમાં ન સમાવી શકાય તે ઉપપુરાણો છે. અને આ બાબત જ તેના અર્થને સિદ્ધ કરવામાં સહાયક બની રહે છે. અઢાર મહાપુરાણોથી જુદાં પડવાં અને સ્વતંત્ર સાહિત્ય તરીકે પ્રસ્થાપિત કરવા માટે જ ‘ઉપપુરાણ’ શબ્દ પ્રચાર પામ્યો હોય તેમ લાગે છે. આ શબ્દમાં રહેલ ‘ઉપ’ પદનો અર્થ ‘ગૌણ’ કે ‘અલ્પ’ એવો થાય છે. ‘મહાપુરાણ’ શબ્દ પ્રમાણમાં પરવર્તી કાળમાં પ્રચલિત બન્યો છે. મત્સ્ય, શ્રીમદ્ભાગવત અને બ્રહ્મવૈવર્તપુરાણમાં તે પ્રયોજાયેલો છે.[8] આમ છતાં તે ખૂબ જ પ્રચલિત

બની ગયો હોવાથી સર્વત્ર તેનો સ્વીકાર થયેલો છે. અઢાર મહાપુરાણોને ચુસ્તપણે માનનારાઓ તો મત્સ્યપુરાણમાં પ્રતિપાદિત કરેલ સિદ્ધાંત મુજબ ઉપપુરાણોને મહાપુરાણોની સમકક્ષ સ્થાન આપવા સંમત કે તત્પર ન હતા. પરંતુ પરવર્તી પુરાણ- કૃતિઓ એટલી બધી પ્રખ્યાત અને લોકપ્રિય બની હતી કે તેની સદંતર ઉપેક્ષા થઇ શકે તેમ ન હતી. તેથી જ સમન્વયાત્મક દષ્ટિકોણ ધરાવનાર મત્સ્યપુરાણકારે એક સિદ્ધાંત પ્રસ્થાપિત કર્યો, જે મુજબ, પ્રસ્થાપિત અઢાર મહાપુરાણોથી ભિન્ન જે કોઇ પુરાણ ગ્રંથ હોય, તેને મહાપુરાણોમાંનાં કોઇ એકમાંથી ઉદ્‌ભવ પામેલો માનવો જોઇએ.[9] આમ અઢાર મહાપુરાણોની ગૌરવપૂર્ણ સ્થિતિ અને સંખ્યા પણ યથાવત્ જળવાઇ રહી અને તેની સાથોસાથ ઉપપુરાણોને પણ ઉચિત સ્થાન મળ્યું. જો કે, અહીં એ નોંધનીય છે કે, મત્સ્યપુરાણમાં ‘ઉપપુરાણ’ ને બદલે ‘ઉપભેદ’ શબ્દનો પ્રયોગ થયેલા છે. પરંતુ આ શબ્દ ઉપપુરાણના સંદર્ભે એટલે કે મહાપુરાણોના ઉપ-ભેદનાં રૂપમાં પ્રયોજાયેલો છે, તેથી ઉપપુરાણનો એક અર્થ ‘મહાપુરાણોના ઉપ-ભેદ’ એવો આપમેળે જ સિદ્ધ થઇ જાય છે.

આના પરથી સ્પષ્ટ થાય છે કે, નવી અને ઓછી પ્રતિષ્ઠિત પુરાણ-રચનાઓને ‘ઉપપુરાણ’ એવું સામાન્ય શીર્ષક આપવામાં આવ્યું અને તેને પેલાં અઢાર પ્રચલિત મહાપુરાણોનાં ‘ખિલ’(પરિશિષ્ટ) ગણવામાં આવ્યાં. આ જ કારણથી કેટલાંક પુરાણોમાં આ નવી પુરાણ રચનાઓને ‘ઉપપુરાણ’ શીર્ષક હેઠળ એકત્રિત કરવામાં આવી. એટલું જ નહીં પણ તે પોતે જ (ઉપપુરાણો) પોતાને કોઇ એક મહાપુરાણ સાથે-ખિલ સ્વરૂપે- સંકળાયેલ ગણાવે છે. જેમકે, સૌરપુરાણ પોતાને બ્રહ્મપુરાણનું ‘ખિલ’ ગણવે છે. તેના દરેક અધ્યાયની પુષ્પિકામાં તેને બ્રહ્મપુરાણનું ઉપપુરાણ કહેલ છે.[10]

સામાન્ય રીતે, ‘પુરાણના નિયત સર્ગાદિ પંચલક્ષણોનું નિરૂપણ જેમાં ન થયેલું હોય

તે ઉપપુરાણ' એમ કહી શકાય. પરંતુ શિવપુરાણ, શ્રીમદ્ દેવીભાગવતરપુરાણ વગેરે જેવા કેટલાંક ઉપપુરાણોમાં[11] સર્ગ, વિસર્ગ વગેરેનું વર્ણન થયેલું છે. અને આ કારણે જ શિવપુરાણાદિ પોતાને 'મહાપુરાણ' તરીકે ઘટાવે છે. તેથી પુરાણોના આ પંચલક્ષણોના આધારે ઉપપુરાણોનું સ્વરૂપ સ્પષ્ટ થઈ શકતું નથી. તેનાં સ્વરૂપને સ્પષ્ટ કરવા એક અન્ય બાબતને આધાર રૂપ ગણીએ - ઉપપુરાણમાં કોઈ ગૌણ દેવતાને મહત્ત્વપ્રદાન કરવામાં આવ્યું હોય છે. જેમકે, ગણપતિ-ગણેશપુરાણ, શ્રીમદ્દેવીભાગવતપુરાણ વગેરે-તો પણ ઉપપુરાણનું સ્પષ્ટ સ્વરૂપ દર્શાવી શકાતું નથી. કેમકે, શિવ, દેવીભાગવત જેવાં પુરાણોમાં શિવ અને શિવાનો મહિમા ગાવામાં આવ્યો છે. આ બન્ને પુરાણો ઉપપુરાણો છે. પરંતુ તેમાં નિરૂપિત શિવ અને શક્તિ હિંદુધર્મના અતિ મહત્ત્વના દેવતાઓ છે. પુરાણોની રચનાનો સમય અતિવ્યાપક છે તથા પુરાણો આમજન-સમુદાયનું સાહિત્ય છે. સમગ્ર પૌરાણિક સાહિત્યના સ્વરૂપનાં ઘડતરમાં આ બન્ને બાબતોએ ઘણો જ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. જે-તે સમયના સમાજમાં પ્રવર્તતી માન્યતાઓ ધાર્મિક રીતિ-રિવાજો તથા નીતિ-નિયમો, રાજકીય અને ભૌગોલિક સ્થિતિ, અનુશ્રુતિઓ, જનશ્રુતિઓ વગેરે બાબતોએ પુરાણના ક્લેવરને પોષ્યું છે. અતિ પ્રાચીનયુગમાં પુરાણને ઈતિહાસથી ભિન્ન અને વિશિષ્ટ માનવામાં આવતું હતું. પરંતુ જેમ-જેમ પુરાણોના સ્વરૂપમાં અભિવૃદ્ધિ થતી ગઈ, તેમ-તેમ આ ભિન્નતા અને વિશિષ્ટતા ઘટતી ગઈ. પરિણામે (1) ઈતિહાસ અને પુરાણ, (2) ઈતિહાસ-પુરાણ તથા 93) પુરાણ એવા ક્રમથી પણ પુરાણના સ્વરૂપને વિકસેલું કહી શકાય. પુરાણમાં ધીમે ધીમે થયેલો ઈતિહાસનો અંતર્ભાવ અને પરિણામ-સ્વરૂપ ઉદ્ભવેલા પુરાણના સ્વરૂપને ઉપપુરાણની એકદમ નિકટનું સ્વરૂપ ગણાવી શકાય.

સૌરપુરાણ સ્પષ્ટતામાં જણાવે છે કે,-“પુરાણમાં સર્ગ, પ્રતિસર્ગ, વંશ, મન્વન્તર

અને વંશાનુચરિત એમ પાંચ લક્ષણો હોય છે, આ બધાં બ્રાહ્મ વગેરે પુરાણોનાં પણ લક્ષણો છે. તેથી મહાપુરાણોનાં 'ખિલ' સમાં ઉપપુરાણોમાં પણ આ જ પાંચ લક્ષણો હોય છે, એમ સ્વીકારવામાં આવ્યું છે.''[12] જ્યારે બ્રહ્મવૈવર્તપુરાણ પ્રમાણે ઉપપુરાણમાં સર્ગાદિ પાંચ લક્ષણો હોય છે અને મહાપુરાણમાં સૃષ્ટિ, વિસૃષ્ટિ, સ્થિતિ, પાલન, કર્મવાસના, મનુવાર્તા, પ્રલયવર્ણન, મોક્ષનિરૂપણ, હરિકીર્તન અને દેવકીર્તન હોય છે.[13] ઉપપુરાણોના મૂળભૂત સ્વરૂપમાં સંભવતઃ ઉપર્યુક્ત પાંચ વિષયોનું નિરૂપણ નહીં હોય. કારણકે, હાલ પ્રાપ્ત થતાં ઉપપુરાણોના પરીક્ષણથી જણાય છે કે, તેમાંનાં મોટા ભાગનાં પાંચ લક્ષણો ધરાવતાં નથી. એ ખરું છે કે, પુરાણોમાં ઉપર જણાવેલાં પાંચ લક્ષણોનું નિરૂપણ થવું જોઈએ. એવી પ્રબળ પ્રાચીન પરંપરા હતી. તેમ છતાં ઉપપુરાણમાં રાજાઓ અને ઋષિઓની વંશાવળીના નિરૂપણ પર ગંભીરપણે ભાર મૂકવામાં આવ્યો હોય તેમ જણાતું નથી. તેનું સંભવિત કારણ એમ જણાય છે કે, ઉપપુરાણો સ્થાનિક ધાર્મિક માન્યતાઓ અને જરૂરિયાતોને અનુલક્ષીને તથા તેની અપેક્ષાઓને સંતોષવા રચાયાં હતાં. તેથી તે મહાપુરાણોથી જુદાં પડે છે. ઉપરાંત એ પણ નોંધનીય છે કે, તેની રચના થઈ, તે સમયમાં વંશાવળીઓ ઉપેક્ષિત થવા લાગી હતી. જે ઉપપુરાણોમાં સૂર્યવંશ અને ચંદ્રવંશના રાજાઓની વંશાવળીઓ આપવામાં આવી છે, તેનો મુખ્ય આશય પોતાની પ્રાચીનતાની છાપ ઊભી કરવાનો હતો. વળી, કલિયુગના રાજાઓની વંશપરંપરા વિશે કશું કહેવામાં આવ્યું નથી. એટલું જ નહીં પણ ઉપપુરાણોમાં નિરૂપિત વંશાવળીઓને યથાર્થ રૂપે રજૂ કરવાની પણ દરકાર રાખવામાં આવી હોય તેમ જણાતું નથી. તથા આ વંશવળીઓમાં અમુક મહત્ત્વના રાજાઓનાં નામ સાથે નવી દંતકથાઓ કલ્પીને અસંગત રીતે જોડવામાં આવેલી છે. સંભવતઃ આ કારણે જ ઉપપુરાણ-સાહિત્ય પ્રત્યે ઉપેક્ષા દાખવવામાં આવી હશે. પરંતુ આ સઘળી મર્યાદાઓ હોવા છતાં ધર્મ અને સંસ્કૃતિના ઈતિહાસની દૃષ્ટિએ ઉપપુરાણોનું અત્યંત મૂલ્ય છે. તેના દ્વારા ભારતીય સમાજ

અને જીવનનાં વિવિધ પાસાંઓ, પુરાણકથા, મૂર્તિપૂજા, દેવતાવાદ, ભક્તિ, દર્શન, શ્રદ્ધા-અંધશ્રદ્ધા, ઉત્સવો, નૈતિક માન્યતાઓ વગેરે વિશે ઊંડી સૂઝ સાંપડે છે. પ્રાચીન ભારતમાં વિકસિત વિજ્ઞાન અને સાહિત્યની વિવિધ શાખાઓ અંગે અગત્યની માહિતી પૂરી પાડતાં હોવાથી સંસ્કૃત સાહિત્યના કાયમ માટે લુપ્ત બનેલા કેટલાક આકર ગ્રંથોની પુનઃ રચના કરવામાં તે અકલ્પ્ય સહાય કરે છે. આમ, ઉપપુરાણોનું સ્વરૂપ અને મહત્ત્વ પણ મહાપુરાણો જેટલું અને જેવું જ છે. ઉપરાંત, મહાપુરાણો ખૂબ જ ગૌરવપૂર્ણ અને પ્રમાણભૂત સ્થાન પામ્યા હોવાથી વિવિધ સાંપ્રદાયિકોએ તેમાંના આખે આખા ભાગના સ્થાને પોતાની નવી માહિતી ઉમેરી દીધી છે. આથી અત્યારે પ્રાપ્ત થતાં મહાપુરાણોનું સ્વરૂપ અનેક પરિવર્તનો તથા પ્રક્ષેપોવાળું હોવાના કારણે, તે ઓછાં વિશ્વસનીય બન્યાં છે. આનાથી ઊલટું ઉપપુરાણો ગૌણ મહત્ત્વનાં ગણાતાં હોવાથી તેમાં બહુ થોડાં ઉમેરણો થયાં છે. આથી, તેમાં અમુકનું મૂળભૂત સ્વરૂપ તથા વિશિષ્ટ સાંપ્રદાયિક માળખું યથાવત્ જળવાઈ રહ્યું છે. તેનાથી જ કેટલાંક ઉપપુરાણો તો હાલના ઘણાં મહાપુરાણો કરતાં વધારે પ્રાચીન પુરવાર થાય છે.

## 2.3 ઉપપુરાણ : ઉદ્ભવ અને વિકાસ

કૂર્મપુરાણ[14], સ્કંદપુરાણ[15] અને પારાશર ઉપપુરાણ[16] નોંધે છે તે પ્રમાણે, વ્યાસ પાસેથી અઢાર પુરાણોનું શ્રવણ કર્યા પછી ઋષિઓએ ઉપપુરાણોને પ્રકટ કર્યાં. નિબંધકારો આ પરંપરાને સત્ય માને છે. તેથી ઉપપુરાણોનો સમય મુખ્ય પુરાણોના રચનાકાળ પછીનો ગણવામાં આવે છે. વળી ઉપપુરાણોને મુખ્ય પુરાણો કરતાં ઉતરતી કોટિનાં સ્વીકારેલાં છે. મત્સ્યપુરાણ મુજબ તો ઉપપુરાણો મહાપુરાણોના માત્ર ઉપભેદો જ છે. ઉપરાંત, મુખ્ય અઢાર પુરાણોથી ભિન્ન કોઈ પણ પુરાણ કૃતિ કોઈ એક મુખ્ય પુરાણમાંથી ઉદ્ભવ પામી હોવી જોઈએ.[17] ઉપપુરાણોના ઉદ્ભવને લગતો આ સિદ્ધાંત ખૂબ પ્રચલિત થયો છે. કારણકે કેટલાંક

પુરાણો અને નિબંધકારો આ સિદ્ધાંતને અનુસરે છે.[18] આની પાછળનો તેઓનો ઉદ્દેશ ઉપપુરાણોના ઉદ્ભવ અને વિષય કે સ્વરૂપને આ સિદ્ધાંતને અનુરૂપ સમજાવવાનો જણાય છે. અથવા તો જે-તે લેખકને પરિચિત સૂચિમાં અનિર્દિષ્ટ પુરાણકૃતિને ઉપપુરાણવર્ગમાં સમાવિષ્ટ કરવાનું અભિપ્રેત લાગે છે. આ રીતે ઉપપુરાણોને મુખ્ય પુરાણો જેટલી જ પ્રમાણભૂતતા પ્રાપ્ત થાય, તેવો આશય પણ જણાય છે. મિત્રમિશ્ર તથા મધુસૂદન સરસ્વતી એવો નિર્દેશ કરે છે કે, ઉપપુરાણો મુખ્ય પુરાણોમાંથી ઉદ્ભવ પામ્યાં હોવાથી તેનો અલગ ઉલ્લેખ થયો નથી, અને તેને મુખ્ય પુરાણોમાં જ સમાવી લીધાં છે.[19] અગાઉ નોંધ્યું છે, તેમ સૌરપુરાણાનુસાર ઉપપુરાણો મુખ્યપુરાણોનાં ખિલ(પુરવણી) છે.[20] તેમાં આ સિદ્ધાંતનું સમર્થન મળે છે. આ બધા પરથી સ્પષ્ટપણે પ્રતિપાદિત કરી શકાય કે, ઉપપુરાણોનો ઉદ્ભવ મુખ્ય પુરાણોમાંથી થયો છે, એ સિદ્ધાંત લાંબા સમયથી પ્રચલિત થઈ ચૂક્યો હતો.

જો કે, ઉપપુરાણો આ સિદ્ધાંતને યોગ્ય આદર આપતાં નથી, ઊલટું મોટા ભાગનાં ઉપપુરાણો પોતાને ઉપપુરાણને બદલે માત્ર 'પુરાણ' તરીકે જ ઓળખાવે છે. એટલું જ નહીં, પોતાની પ્રમાણભૂતતા પ્રસ્થાપિત કરવા તે પોતાને કોઈપણ પુરાણ સાથે સંબંધ હોવાનું પણ દર્શાવતા નથી.[21] વળી, ઉપપુરાણોમાંથી કેટલાંક એવાં પણ છે કે, જે પોતાનાં સ્થાન અને મહત્ત્વને પ્રતિપાદિત કરવા મુખ્ય પુરાણોની સ્પર્ધા કરે છે.[22] ઉપરાંત, કેટલાંક ઉપપુરાણો તો પોતાને મહાપુરાણો કરતાંય ચડિયાતાં ગણાવે છે.[23] એ ખાસ નોંધપાત્ર છે કે, હાલ ઉપલબ્ધ થતાં પ્રાચીનતર ઉપપુરાણોની યાદી આપતાં નથી. તેમજ તેને માટે પ્રયોજાતા 'ઉપપુરાણ' એવા શીર્ષકથી પણ માહિતગાર નથી. ઉપરાંત આગળ દર્શાવેલ 'ઉપપુરાણો મુખ્ય પુરાણોમાંથી ઉદ્ભવ્યાં છે'-એ સિદ્ધાંતથી પણ તે પરિચિત નથી.[24] આમ, ઉપપુરાણોની ઉત્પત્તિ અંગે પ્રચલિત સિદ્ધાંત અને ઉપપુરાણોનાં પોતાનાં મંતવ્યો વચ્ચે ભારે વિસંવાદ જોવા મળે છે. જેથી આ સિદ્ધાંતની સત્યતા વિશે શંકા ઊભી થાય છે. તેથી ઉપપુરાણોના

ઉદ્‌ભવ અંગે સ્પષ્ટ નિર્ણય દર્શાવતાં પહેલાં મહાપુરાણો અને ઉપપુરાણોની તુલનાત્મક તલસ્પર્શી અને સર્વાંગીણ સમીક્ષા અને અધિક અન્વેષણની આવશ્યક્તા જણાય છે.

'ઉપપુરાણ' એવો શબ્દ-પ્રયોગ 'અમરકોષ' માં જોવા મળતો નથી. તેમજ વિષ્ણુપુરાણ જેવાં ઘણાં પુરાણોમાં એકપણ ઉપપુરાણનો નામોલ્લેખ નથી. આ અંગે આચાર્ય બલદેવ ઉપાધ્યાયનું કથન છે કે-

"उपपुराण का उल्लेख तथा विशिष्ट नामों का अनुल्लेख यही सिद्ध करता है कि इन पुराणो में पृथक् तथा भिन्न 'उपपुराण' का सामान्य उदय तो हो गया था, परन्तु सम्भवतः विशिष्ट उपपुराणों की रचना नहीं हुई थी ।"[25]

આના પરથી એવું અનુમાન થઈ શકે કે, ઉપપુરાણો અસ્તિત્વમાં આવ્યાં, તે પહેલાં અઢાર મહાપુરાણો સાકાર બની ચૂક્યાં હતાં. વળી, આગળ નોંધ્યું છે, તે મુજબ કૂર્મપુરાણ વગેરેમાં નોંધાયેલી પરંપરા અનુસાર વ્યાસે અઢાર મહાપુરાણોની રચના પૂરી કરી, ત્યારપછી જુદા-જુદા ઋષિઓએ ઉપપુરાણોનું સર્જન કર્યું હતું. આથી શક્ય છે કે, મુખ્ય પુરાણો અસ્તિત્વમાં આવ્યાં પછી ધાર્મિક સમ્પ્રદાયોમાંથી ઘણા પેટા સમ્પ્રદાયો વર્ચસ્વ પામતા ગયા હશે. તેમાં સ્થાનિક દેવતાને મુખ્ય સંપ્રદાયના કોઈક દેવતા સાથે અભિન્ન ગણવાનું વલણ મુખ્યત્વે કારણભૂત જણાય છે. ઉપરાંત સૌર, શાક્ત વગેરે અન્ય સંપ્રદાયો અગાઉથી પ્રસ્થાપિત થયેલા સમ્પ્રદાયો સાથે સ્પર્ધા કરવા લાગ્યા અને એ રીતે પોતાનું વર્ચસ્વ જમાવવા લાગ્યા.[26] આ પેટા સમ્પ્રદાયો અને સ્વતંત્ર સમ્પ્રદાયોના પોત-પોતાના સ્માર્ત અનુયાયીઓ હતા. તેમણે અગાઉથી પ્રચલિત બનેલાં પુરાણોમાં અમુક અધ્યાયો પ્રક્ષેપરૂપે ઉમેર્યા. ઉપરાંત, અમુક કિસ્સાઓમાં પોતાની વિશિષ્ટ વિચારધારાના પ્રચાર માટે તેમણે તદ્દન નવા અને સ્વતંત્ર પુરાણગ્રંથોની રચના કરી. તેને પણ 'પુરાણ' સંજ્ઞા આપવામાં આવી. આમ સમય વીતતાં

પુરાણોની સંખ્યામાં ઉમેરા થતા ગયા. આ પરંપરા દિન-પ્રતિદિન વધતી ચાલી. પરંતુ પ્રસિદ્ધ અઢાર મહાપુરાણોના પુરસ્કર્તાઓ દૃઢપણે માનતા હતા કે, આ અઢાર મહાપુરાણો સિવાય બીજી કોઈ વધારાની પુરાણ-કૃતિ હોઈ શકે નહીં. તેથી આવાં નવાં પુરાણોને પ્રચલિત અઢાર મહાપુરાણોને સમકક્ષ સ્થાન આપવા તેઓ તૈયાર ન હતાં. જ્યારે બીજી બાજુ આ નવી પુરાણ-રચનાઓ એટલી પ્રખ્યાત અને લોકપ્રિય બની ગઈ હતી કે, તેની સદંતર ઉપેક્ષા કરવાનું શક્ય ન હતું. પરિણામે મત્સ્યપુરાણમાં એવા ભાવાર્થના શ્લોકો ઉમેરવામાં આવ્યા કે, અઢાર પુરાણોથી ભિન્ન જે કોઈ પુરાણ-ગ્રંથ હોય, તે તેમાંના કોઈ એકમાંથી ઉદ્ભવ પામેલો માનવો જોઈએ.

આમ, અઢાર મહાપુરાણોનું ગૌરવ અને સંખ્યા બરાબર જળવાઈ શક્યાં અને સાથે-સાથે ઉપપુરાણોને પણ ઉચિત સ્થાન મળી શક્યું.

## 2.4 ઉપપુરાણ : સમય અને સંખ્યા :

ઉપપુરાણો રૂપી વિપુલ સાહિત્યનો પ્રારંભ પ્રમાણમાં પ્રાચીનકાળમાં થયો હશે, તેમાં શંકા નથી. પરંતુ સાથે-સાથે એ પણ સ્વીકારવું જોઈએ કે તેમાંના અમુક અધિક અર્વાચીન સમયમાં રચાયાં હશે. કૂર્મપુરાણના જે શ્લોકોમાં અઢાર ઉપપુરાણોનો નિર્દેશ છે. તેને રઘુનંદન, મિત્રમિશ્ર અને હેમાદ્રિએ ઉદ્ધૃત કરેલ છે.[27] નરસિંહ વાજપેયીએ નોંધ્યું છે કે, ઉપપુરાણ-સૂચિમાં સમાવિષ્ટ થયેલાં શીર્ષકો કૂર્મપુરાણમાંથી લેવામાં આવ્યાં છે.[28] આને મળતી યાદી સ્કંદપુરાણ, પરાશરોપપુરાણ અને ગરુડપુરાણમાં પણ ઉપલબ્ધ થાય છે.[29] આમાંના ગરુડપુરાણનો સમય ઈ.સ. 850 થી 1000 સુધીનો ગણી શકાય.[30] વળી, બલ્લાલસેન કૂર્મપુરાણ અને આદિપુરાણમાં આવતી ઉપપુરાણોની યાદીઓનો ઉલ્લેખ કરે છે.[31] આ બધા પ્રમાણોના આધારે એવો નિષ્કર્ષ તારવી શકાય કે, કૂર્મપુરાણમાં મળી આવતાં

અઢાર ઉપપુરાણોના સમૂહનો સમય ઈ.સ. 850 પહેલાંનો છે. ઉપપુરાણોની રચનાની પૂર્વસીમા મત્સ્યપુરાણ, અધ્યાય-53 ના આધારે નિર્ધારિત કરી શકાય. તેમાં નારસિંહ, નંદી, સામ્બ અને આદિત્ય એમ ફક્ત ચાર જ ઉપપુરાણોનો નામોલ્લેખ થયો છે. સમ્ભવતઃ અન્ય કેટલાંક ઉપપુરાણોની પણ મત્સ્યપુરાણને જાણ હશે. પરંતુ તે કુલ અઢાર ઉપપુરાણો હોવા અંગે કશો ઉલ્લેખ કરતું નથી. મત્સ્યપુરાણના આ ભાગનો સંભવિત સમય ઈ.સ. 550-650 જણાય છે. જ્યારે ઉપપુરાણોનાં નામનો નિર્દેશ કરતા શ્લોકો પ્રક્ષિપ્ત હોવાનું વિદ્વાનો માને છે.[32] પરંતુ ભાષા વગેરેની વિશેષતાના આધારે તેને બહુ પાછળના સમયમાં મૂકી શકાતા નથી. તેથી ઉપપુરાણોના અઢારના સમૂહની રચના આશરે ઈ.સ. 650 થી 800 માં થઈ હોવાનું સ્વીકારી શકાય.

જો કે ઉપપુરાણોનો અઢારનો સમૂહ અસ્તિત્વમાં આવ્યો, તે સમયને તેમાંના દરેકનો રચનાકાળ ગણી શકાય નહીં. કારણકે, આ અઢારેય કોઈ એક સંપ્રદાય સાથે સંબંધ ધરાવતાં નથી, તેથી તે બધાંનો સમય એક જ હોઈ શકે નહીં. તેમ છતાં મત્સ્યપુરાણનો ચાર ઉપપુરાણોનો નિર્દેશ[33] પુરવાર કરે છે કે, બધાં ઉપપુરાણો અસ્તિત્વમાં આવ્યા તેનાથી ખૂબ પહેલાંના સમયમાં તેની રચના થયેલી હોવી જોઈએ. આથી એમ સ્વીકારી શકાય કે, ઉપપુરાણોની રચનાનો પ્રારંભ ગુપ્તકાળમાં એટલે કે, ઈ.સ.ની ત્રીજી કે ચોથી સદીમાં થયો હશે. જો કે પરંપરાનુસાર તો ઉપપુરાણોની રચનાનો સમય આનાથી પણ પ્રાચીન માનવામાં આવે છે.

પરંપરાગત રીતે મહાપુરાણોની સંખ્યા અઢાર નિશ્ચિત થયેલી છે. આ બાબતને ચુસ્તપણે વળગી રહીને ઉપપુરાણોની સંખ્યા પણ અઢારની જ મર્યાદિત કરવાનો સભાન અને સબળ પ્રયાસ થયેલો છે. આ પ્રમાણે સંખ્યાને સીમિત કરનારા વિદ્વાનો સારી રીતે

જાણતા હોય છે કે, ખરેખર ઉપપુરાણોની સંખ્યા વધારે છે. ઉપપુરાણોની યાદી કૂર્મપુરાણ, બ્રહ્મવૈવર્તપુરાણ, નિત્યાચારપ્રદીપ વગેરેમાં ઉપલબ્ધ થાય છે.[34] મત્સ્યપુરાણમાં નારસિંહ, નંદી, સામ્બ અને આદિત્ય એમ ફક્ત ચાર જ ઉપપુરાણોનો નામોલ્લેખ છે.[35] તેથી સંભવતઃ અઢાર ઉપપુરાણોથી મત્સ્યપુરાણકાર અજ્ઞાત હશે. જ્યારે બૃહદ્ધર્મોત્તરપુરાણ સ્પષ્ટતઃ જણાવે છે કે, ઉપપુરાણો અઢાર છે. ઉપરાંત, અઢારેય ઉપપુરાણોના નામ દર્શાવીને ઉમેરે છે કે, અન્ય મારીચ અને કાપિલસંહિતા જેવા ઉપપુરાણો પણ તે અઢાર જેટલાં જ પ્રમાણભૂત છે.[36] મહાપુરાણોનાં નામો અંગે લગભગ સર્વસંમતિ પ્રવર્તે છે. પરંતુ ઉપપુરાણોના નામો વિષે આવું ઐકમત્ય જોવા મળતું નથી. કૂર્મપુરાણ અઢાર ઉપપુરાણોને આ પ્રમાણે ગણાવે છે : (1) સનત્કુમારોક્ત, (2) નારસિંહ, (3) કુમારભાષિત (સ્કાંદ), (4) નંદીભાષિતશિવધર્મ, (5) દુર્વાસાપ્રોક્ત આશ્ચર્ય, (6) નારદીય, (7) કાપિલ, (8) વામન, (9) ઉશનસ્પ્રોક્ત, (10) બ્રહ્માંડ, (11) વારુણ, (12) કાલિકા, (13) માહેશ્વર, (14) સામ્બ, (15) સૌર, (16) પરાશરોક્ત, (17) મારીચ, (18) ભાર્ગવ.[37] નિત્યાચારપ્રદીપમાં નરસિંહ વાજપેયી 18 ઉપપુરાણોનાં નામો આપે છે, પરંતુ આ યાદી તેણે કૂર્મપુરાણાનુસાર જ આપી હોવાથી તેમાં નામોનો તફાવત નથી.[38] જ્યારે કૂર્મપુરાણના આધારે જ રઘુનંદને ઉદ્ધૃત કરેલ યાદીમાં ક્રમ-ત્રણ પર વાયવીય, સાતમા અને આઠમા ક્રમ પર નંદીકેશ્વરકૃત્ બે પુરાણો તથા પંદરમા ક્રમ પર બધા પુરુષાર્થોને સફળ બનાવનાર દૈવપુરાણ અને અઢારમું ભાસ્કરપુરાણ પ્રાપ્ત થાય છે. જેમાં ઘણી ભિન્નતા જોવા મળે છે.[39] હેમાદ્રિએ આપેલા કૂર્મપુરાણના અવતરણમાં અઢાર ઉપપુરાણોનાં નામોમાં નોંધપાત્ર તફાવત છે. તેમાં ક્રમ-ત્રણ પર નન્દીને બદલે નારદ એવું પાઠાંતર છે. તો ક્રમ-છ પર નારદોક્ત, ક્રમ-આઠ માનવ તથા ક્રમ-સોળ પર પરાશરોક્ત પ્રવર એટલે કે ઉત્તમપુરાણ અને સત્તરમા તથા અઢારમા ક્રમે ભાગવતદ્વય દર્શાવેલ છે. જો કે આ બન્ને ભાગવતનાં નામો અંગે કોઈ સ્પષ્ટતા નથી.[40] સ્કંદપુરાણમાં આપવામાં આવેલી

અઢાર ઉપપુરાણોની નામાવલી પણ ઘણો તફાવત છે. ઉપરાંત પ્રથમ છ ઉપપુરાણોને કયા મહાપુરાણ સાથે સંબંધ છે, તે ઉપપુરાણોનાં નામો સાથે દર્શાવેલ છે, જેમ કે -

(1) સૌર- બ્રહ્મપુરાણ સાથે સંબંધ ધરાવે છે. તેમાં બે સંહિતાઓ છે, જે સનત્કુમાર અને સૂર્ય એમ બન્નેએ વારાફરતી કહેલી છે.

(2) નારસિંહ-પદ્મપુરાણ સાથે જોડાયેલ છે.

(3) શૌનકેય - વૈષ્ણવપુરાણ સાથે સંલગ્ન છે.

(4) બાર્હસ્પત્ય - વાયવ્યપુરાણ સાથે સંબદ્ધ છે.

(5) દૌર્વાસસ્- ભાગવતપુરાણ સાથે સંકળાયેલ છે.

(6) નારદીય- ભવિષ્યપુરાણમાં સમાયેલું છે.

(7) થી (15) કૂર્મપુરાણમાં દર્શાવ્યા પ્રમાણે છે. પરંતુ (16) પારાશર, (17) ભાગવત અને (18) કૌર્મપુરાણ કહેલ છે.[41] આ ઉપરાંત, ગરુડપુરાણ[42], પદ્મપુરાણ[43], દેવીભાગવત[44], બૃહદ્ધર્મપુરાણ[45], એકામ્રપુરાણ[46], વારુણોપપુરાણ[47] વગેરેમાં આપવામાં આવેલાં અઢાર ઉપપુરાણોનાં નામોમાં ઘણી જ ભિન્નતા જોવા મળે છે. વળી, એકના એક પુરાણનો જુદી-જુદી યાદીઓમાં જુદાં-જુદાં શીર્ષકથી ઉલ્લેખ થયેલો છે. આથી એટલું નક્કી છે કે, ઉપપુરાણોની કુલ સંખ્યા અઢારથી ઘણી વધારે હતી. ઉપરાંત, આ યાદીઓમાં નિર્દિષ્ટ ઉપપુરાણો સિવાય બીજાં પણ કેટલાંક ઉપપુરાણો પ્રકાશિત થયેલાં છે. બીજા કેટલાંક હસ્તપ્રતરૂપે છે.[48] જ્યારે કેટલાંકના નામો ફક્ત સંદર્ભો અને અવતરણો મારફત જાણી શકાય છે. પરંતુ આ ઉપરાંત બીજાં પણ કેટલાંક પૂરાણો અવશ્ય હોવા જોઈએ, જેના અસ્તિત્વ અંગે સહેજ પણ અણસાર મળે નહીં, તે રીતે લુપ્ત થઈ ગયાં હશે. હાલ ઉપલબ્ધ થતાં

ઉપપુરાણો સંખ્યા અને તેમાં સમાવિષ્ટ સામગ્રીની બાબતમાં ખૂબ સમૃદ્ધ છે.[49] સંસ્કૃત સાહિત્યના વિશાળ ગ્રંથ-સમૂહના વ્યાપક સર્વેક્ષના આધારે એકસોથી પણ વધારે ઉપપુરાણોનાં નામો એકત્રિત કરી શકાય છે.

## 2.5 ઉપપુરાણ અને ઔપપુરાણ :

મહાપુરાણોના ખિલભાગ અર્થાત્ પૂરકના રૂપમાં ઉપપુરાણોની નિષ્પત્તિ માનવામાં આવી છે. સૌરપુરાણ ઉપપુરાણોને પુરાણોનો ખિલ ભાગ કહે છે. તે સ્વયંને પણ બ્રહ્મપુરાણનો ખિલ ભાગ માને છે.[50] મત્સ્યપુરાણ ફક્ત ચાર જ ઉપપુરાણોનો ઉલ્લેખ કરે છે.[51] પ્રચલિત પરંપરાનુસાર ઉપપુરાણોની સંખ્યા અઢાર માનવામાં આવે છે. 'Studies in the Uppurāṇas' નામના ગ્રંથમાં ડૉ. આર.સી.હાઝરાએ શતાધિક ઉપપુરાણોનો ઉલ્લેખ કરેલો છે. પરંતુ, સ્વયં પુરાણોમાં પ્રાપ્ત થતી માહિતીના આધારે ઉપપુરાણોની આધિકારિક સંખ્યા અઢાર જ માનવામાં આવે છે. વસ્તુતઃ ચતુર્વેદના પૂરક સ્વરૂપ, ચાર ઉપવેદોની જેમ કલ્પના-ગણના કરવામાં આવી છે. તેમ અઢાર પુરાણોના પૂરક રૂપમાં અઢાર ઉપપુરાણોની કલ્પના કે ગણના પણ ન્યાયસંગત જ છે. અને આ પ્રકારે જ, અઢાર ઉપપુરાણોના પણ ખિલભાગ રૂપ અઢાર ઔપપુરાણો માનવામાં આવે છે. શ્રી માધવાચાર્ય શાસ્ત્રી અઢાર ઔપપુરાણોનાં નામો 'बृहद्विवेकाध्याय' માંથી નીચે મુજબ ઉદ્ધૃત કરે છે - (1) સનત્કુમાર, (2) બૃહત્ નારદીય, (3) આદિત્ય, (4) માનવ, (5) નંદી, (6) કૌર્મ, (7) ભાગવત, (8) વાશિષ્ઠ, (9) ભાર્ગવ, (10) મુદ્ગલ, (11) કલ્કિ, (12) દેવી, (13) મહાભાગવત, (14) બૃહત્ ધર્મ, (15) પરાનંદ, (16) વહ્નિ, (17) પશુપતિ તથા (18) હરિવંશ.[52]

કેટલાંક ઔપપુરાણોનાં નામો ઉપપુરાણ કે મહાપુરાણનાં જેવાં જ છે. આ અંગે સ્પષ્ટતા કરતાં શ્રી આનન્દસ્વરૂપ ગુપ્ત નોંધે છે કે,-

"कतिपय औपपुराणों का नाम उपपुराणों के सदृश देखकर उन्हें उपपुराण ही मानने की प्रवृत्ति सम्भवित है । किन्तु, यह उचित नहीं प्रतीत होता । क्योंकि अपने तुल्य नाम वाले उपपुराणों का खिलभाग होने से उन औपपुराणों का तत्सदृश नामकरण होना सर्वथा सम्भव है।"[53]

જ્ઞાનાનન્દ સરસ્વતીએ પુરાણોના પાંચ પ્રકારો દર્શાવ્યા છે. (1) મહાપુરાણો, (2) ઉપપુરાણો, (3) ઔપપુરાણો, (4) ઉપોપપુરાણો અને (5) ઉપૌપપુરાણો.[54] પરંતુ પુરાણોના આવા પાંચ ભેદ બહુ સ્વીકાર્ય બન્યા નથી. તેમજ ઔપપુરાણોમાં ઉપપુરાણોનાં નામોનો સમાવેશ થયેલો જોવા મળે છે. સંભવતઃ ઉપપુરાણોના જ બાકીના ભેદ પાડવામાં આવ્યા જણાય છે. વળી, મહાપુરાણોના જેમ શૈવ, વૈષ્ણવ, સૌર અને શાક્ત એવા ભેદો પાડવામાં આવે છે, તેમ ઉપપુરાણોના પણ વિભાગો જોવા મળે છે. જેમ કે-(1) શૈવ-માહેશ્વર, પશુપતિ, સ્કંદ અને શૈવપુરાણ, (2) વૈષ્ણવ - વિષ્ણુધર્મોત્તર, વિષ્ણુધર્મ, નરસિંહ, બૃહન્નારદીય, નારદીય, આદિ, કલ્કિ, પરાશર, પરાનન્દ, સનત્કુમાર, વશિષ્ઠ, મરીચ, વરુણ, દુર્વાસસ્, ઔશનસ્ અને હરિવંશપુરાણ, (3) સૌર-સૌરધર્મોત્તર અને સૌરોપપુરાણ, (4) શાક્ત-કાલિકા, દૈવ, ભાગવત, નંદી, બૃહન્નંદિકેશ્વર અને શારદાપુરાણ, (5) ગણપતિ-ગણેશ અને મુદ્‌ગલપુરાણ.

આમ, સમગ્રપણે જોતાં કહી શકાય કે, ઉપપુરાણો અને ઔપપુરાણમાં મહાપુરાણોની કથા ક્યારેક સંક્ષિપ્ત તો ક્યારેક પરિવર્તિત થયેલી હોય છે. ક્યારેક તેમાં ચમત્કારપૂર્ણ કથાઓનો સમાવેશ કરવામાં આવે છે, તો ક્યારેક મૂળમાં આવતી કથાનો ત્યાગ થયેલો હોય છે. આમ, આ બધી વિશેષતાઓ પરથી જણાય છે કે, મહાપુરાણોની જેમ ઉપપુરાણો તથા ઔપપુરાણોમાં પરંપરાગત બાબતોનો સમાવેશ થતો હતો.

વિષ્ણુપુરાણ[55] અને સૌરપુરાણ[56] અનુસાર પંચલક્ષણાત્મિકા પુરાણ-પરિભાષા મહાપુરાણ અને ઉપપુરાણ બન્નેને લાગુ પાડી શકાય છે. પરંતુ ભાગવત[57] અને બ્રહ્મવૈવર્તપુરાણ[58] અનુસાર પંચલક્ષણી પરિભાષા ઉપપુરાણોને અને દશલક્ષણોવાળી પરિભાષા મહાપુરાણોને લાગુ પાડી શકાય છે. પરંતુ, આ લક્ષણ-ભેદ આભાસ જ છે. વસ્તુતઃ પોતાના વિશેષ પ્રયોજનના કારણે ભાગવતકારે પુરાણોની દશલક્ષણોવાળી પરિભાષા આપી છે. પ્રથમ લક્ષણોની જેમ દ્વિતીય લક્ષણો પણ બન્નેમાં વ્યાપ્ત છે. આથી વ્યાવહારિક દૃષ્ટિએ પુરાણો અને ઉપપુરાણોમાં એ જ ભેદ માની શકાય કે, સ્વયં પુરાણોમાં જેને-જેને મહાપુરાણોની નામાવળીઓમાં પરિગણિત કરવામાં આવ્યા છે, તે મહાપુરાણો અને અન્ય ઉપપુરાણો છે. પુરાણ, ઉપપુરાણ અને ઔપપુરાણ-ત્રણેયની સૂચીઓમાં અનેક સમાન નામોનો ઉલ્લેખ થયેલો છે. આથી એવો ભ્રમ થઈ શકે છે કે, એક જ ગ્રન્થ ત્રણેય સૂચીઓમાં સમાવિષ્ટ થયેલો છે. પરંતુ તે યોગ્ય નથી. વસ્તુતઃ મહાપુરાણોની નામાવળીમાં આવેલાં જે-તે નામના પુરાણોનો ખિલભાગ ઉપપુરાણમાં અને તે ઉપપુરાણોનો પણ ખિલ-ભાગ ઔપપુરાણોમાં સમાવિષ્ટ માનવો જોઈએ. અને છેલ્લે, શાસ્ત્રી રેવાશંકર મેઘજીના શબ્દો નોંધી સમાપન કરીએ;

"જેટલાં ઉપપુરાણો અને ઔપપુરાણો છે, તે બધાંની રચના અઢાર પુરાણોમાંથી જ થઈ છે. પ્રાચીન સુવિજ્ઞ પંડિતોએ પુરાણોની છાયા લઈને તેનું નિર્માણ કર્યું છે. વિસ્તાર ન થઈ જાય એ ભયથી મોટી મોટી કથાઓને ક્યાંક-ક્યાંક ટૂંકી કરીને લખી છે. અને ક્યાંક-ક્યાંક કથાઓને છોડી પણ દીધી છે. ક્યાંક-ક્યાંક વિલક્ષણ કથાઓનો સમાવેશ છે અને ક્યાંક કથાન્તર છે, આટઆટલું થવા છતાં તેનું મૂળ પુરાણો જ છે."[59]

• • •

# <u>પાદટીપ</u>

## (વિભાગ-1, પ્રકરણ-2)

1. Viṣṇupurāṇa, Eng. Tr., Introduction, P.P. 86 to 91.
2. Descriptive Catalogue of the Sanskrit Manuscripts (Vol-V) Bengal Royal Asiatic Society, PP. 110-215, Manuscripts of the purāṇās.
3. History of Indian Literature, Part-1.
4. Outlines of Indian Religious Literature of India.
5. History of Sanskrit Literature, PP. 302.
6. Encyclopaedia of Religion and Ethics, Vol X, PP. 455.
7. Dr. R.C. Hazra, Studies in the Upapuranas, Vol. I,II & III.
8. મત્સ્યપુરાણ, 53/59, શ્રીમદ્ ભાગવતપુરાણ-12/7/10 તથા 22 અને બ્રહ્મવૈવર્તપુરાણ-4/131/7 અને 10.
9. 'अष्टादशभ्यस्तु पृथक् पुराणं यत् प्रदिश्यते ।
   विजानीध्वं द्विजश्रेष्ठास्तदेतेभ्यो विनिर्गतम् ॥'' મત્સ્યપુરાણ, 53/62-63.
10. 'इदं ब्रह्मपुराणस्य खिलं सौरमनुत्तमम् ।' સૌરપુરાણની પુષ્પિકા.
11. અઢાર મહાપુરાણોની ગણના કરતો પ્રસિદ્ધ શ્લોક-
    मद्वयं भद्वयं चैव बत्रयं वचतुष्टयम् ।
    अनापलिङ्गकुस्कानि एतानि अष्टादशपुराणानि ॥' દેવીભાગવત 1/3/21 ના આધારે.

12. 'सर्गश्च प्रतिसर्गश्च वंशो मन्वन्तराणि च ।
वंशानुचरितं चैव पुराणं पञ्चलक्षणम् ॥
ब्राह्मादीनां पुराणानामुत्क्रमेतत्तु लक्षणम् ।
एतच्चोपपुराणानां खिलत्वाल्लक्षणं स्मृतम् ॥' સૌરપુરાણ, 9/4/5.

13. બ્રહ્મવૈવર્તપુરાણ, 4/131/6-10.

14. 'अन्यान्युपपुराणानि मुनिभिः कथितानि तु ।
अष्टादश पुराणानि श्रुत्वा संक्षेपतो द्विजाः ॥' કૂર્મપુરાણ, 1/1/16.

15. 'अष्टादशपुराणानि श्रुत्वा सत्यवतीसुतात ।
अन्यान्युपपुराणानि मुनिभिः कीर्तितानि तु ॥' સ્કંદપુરાણ, સૂતસંહિતા, શિવમાહાત્મ્ય-ખંડ, 1/12-13.

16. પરાશર ઉપપુરાણ, 1/27-28.

17. મત્સ્યપુરાણ, 53/59.

18. રઘુનન્દનકૃત स्मृतितत्त्वम्, पृ. 792.
– नित्याचारप्रदीपः, पृ. 19.
– चतुर्वर्गचिन्तामणिः, पृ. 532.
– वीरमित्रोदयः, परिभाषाप्रकाशः, पृ.13.

19. – ''एतान्युपपुराणानि पुराणेभ्य एव निर्गतानीति याज्ञवल्क्येन पुराणात्वेन संगृहीतानि ।'' वीरमित्रोदयः, परिभाषाप्रकाशः, पृ.15.
– ''अत्रोपपुराणानामपि पुराणेऽन्तर्भावः ।'' प्रस्थानभेदः, पृ.1.

20. સૌરપુરાણ, 9/4/5.

21. નરસિંહપુરાણ, દેવીપુરાણ, કાલિકાપુરાણ વગેરે.

22. - શિવપુરાણ, વાયવીયસંહિતા, 1/1/41.
    - દેવીભાગવતપુરાણ, 1/3/16.
    - चतुर्वर्गचिन्तामणिः, पृ.531 પર ઉદ્ધૃત કાલિકાપુરાણનો શ્લોક.

23. પરાશરોપપુરાણ, 1/28.

24. દેવીપુરાણ, સામ્બપુરાણ, નરસિંહપુરાણ વગેરે.

25. पुराणविमर्श, पृ.75.

26. સૌરપુરાણના વર્ચસ્વને માટે નીચેના સ્થાનો દર્શનીય છે.
    - J.N. Farquhar, Outlines of Religious Literature of India, PP. 151-153.
    - R.G. Bhandarkar, Vaiṣṇavism, Śaivism and minor religious Systems, PP. 153-155.
    - J.N. Banerjea, Development of Hindu Iconography, PP. 137-140, 198-199, 430-445.

27. – स्मृतितत्त्वम्, 1, पृ. 792–793.
    – वीरमित्रोदयः, परिभाषाप्रकाशः, पृ. 13–14.
    – चतुर्वर्गाचिन्तामणिः - 1, पृ. 532–533.

28. नित्याचारप्रदीपः, प्रकरण-1, पृ.19.

29. કૂર્મપુરાણ 1/1/16-20, સ્કંદપુરાણ-7/1/2/11-15, પરાશરોપપુરાણ-1/28/31 તથા ગરુડપુરાણ-1/223/17-20.

30. Dr. R.C. Hazra, Studies in the Purāṇic Records on Hindu Rites and Costoms, PP. - 141-145.

31. 'उक्ताभ्युपपुराणानि व्यक्तदानविधानि च ।' दानसागरः, पृ.3.

32. – नरसिंह वाजपेयी, नित्याचारप्रदीपः, प्रथमं प्रकरणम्, पृ. 18.

– लक्ष्मीघर, कृत्यकल्पतरुः, ब्रह्मचारीकाण्ड, पृ. 30.

33. મત્સ્યપુરાણ, 53/60.

34. કૂર્મપુરાણ, 1/1/16-20, બ્રહ્મવૈવર્તપુરાણ-કૃષ્ણજન્મખંડ, 133/22-26, नित्याचारप्रदीपः, प्रथमं प्रकरणम्, पृ.19.

35. મત્સ્યપુરાણ, 53/59-62.

36. બૃહદ્ધર્મોત્તરપુરાણ, 1/25-27.

37. કૂર્મપુરાણ- 1/1/17-20.

38. नित्याचारप्रदीपः, प्रथमं प्रकरणम्, पृ. 19.

39. मलमासतत्त्वम्, पृ. 792-793.

40. चतुर्वगचिन्तामणि, पृ. 532-533.

41. સ્કન્દપુરાણ, રેવાખંડ - 1/45-52.

42. ગરુડપુરાણ - 1/223/17-20.

43. પદ્મપુરાણ, પાતાલખંડ - 115/94-97.

44. દેવીભાગવતપુરાણ- 1/3/13-16.

45. બૃહદ્ધર્મપુરાણ-1/25/23-26.

46. એકામ્રપુરાણ - 1/20-23.

47. વારુણોપપુરાણ, પ્રથમાધ્યાય.

48. Asiatic Society of Bengal Catalogue - V.

49. "The Uppurāṇic Works are still rich in number and Content."

- Dr. R.C. Hajara, Studies in the Uppurāṇas, Vol. 1, PP.14

50. ''खिलान्युपपरुाणानि यानि चोक्तानि सूरिभिः ।

इदं ब्रह्मपुराणस्य खिलं सौरमनुत्तमम् ॥'' સૌરપુરાણ, 9/12.

51. મત્સ્યપુરાણ, 53/64.

52. ''आद्यं सनत्कुमारञ्च नारदीयं बृहच्च यत् ।

आदित्यं मानवं प्रोक्तं नन्दिकेश्वरमेव च ॥

कौर्मं भागवतं ज्ञेयं वाशिष्ठं भार्गवं तथा ।

मुद्गलं कल्किदेव्यौ च महाभागवतं तथा ॥

बृहद्धर्मं परानन्दं वह्निं पशुपतिं तथा ।

हरिवंशं ततो ज्ञेयमिदमौपपुराणकम् ॥'' पुराणादिग्दर्शन, पृ.5

53. वराहपुराणम्, भूमिका, पृ. XI.

54. धर्मकल्पद्रुम

55. વિષ્ણુપુરાણ, 3/6/25.

56. સૌરપુરાણ, 9/4-5.

57. શ્રીમદ્ભાગવતપુરાણ, 12/7/10.

58. બ્રહ્મવૈવર્તપુરાણ, 4/133/6.

59. નાંદીપુરાણ, નિવેદન, પૃ.13.

• • •

## પ્રકરણ : 3

# જ્ઞાતિપુરાણ

## 3.1 પ્રસ્તાવના :

ભારતીય હિન્દુસમાજમાં વર્ણવ્યવસ્થાનું ઘણું જ મહત્ત્વ છે. આ વર્ણવ્યવસ્થા સમાજવ્યવસ્થાનું એક મહત્ત્વનું અને પાયારૂપ અંગ છે. વર્ણવ્યવસ્થાના સૌ પ્રથમ ઉલ્લેખો વૈદિક સાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે. ઋગ્વેદના અતિ પ્રસિદ્ધ પુરુષસૂક્તમાં તેનાં મૂળ જોઈ શકાય છે. પુરુષસૂક્તના નીચેના મંત્રના આધારે ભારતીય આચાર્યો વર્ણવ્યવસ્થાને દૈવી ઉત્પત્તિ હોવાનું માને છે-

''ब्राह्मणोऽस्य मुखमासीद् बाहू राजन्यः कृतः ।
ऊरू तदस्य यद्वैश्यः पद्भ्यां शूद्रो अजायत ॥[1]

આ વર્ણવ્યવસ્થા સમાજના જુદા-જુદા વ્યવસાયોને કારણે અસ્તિત્વમાં આવી હોવાનું પણ સતર્ક લાગે છે. વ્યવસાયી વ્યક્તિની શક્તિ, બુદ્ધિ, વૃત્તિ, વંશપરંપરા વગેરે બાબતો પર આધાર રાખતો હોવાથી પરંપરાગત રીતે પણ કેટલાક વ્યવસાયો ઉતરી આવે છે. આ પરિસ્થિતિથી ભારતીય સમાજમાં બિનજરૂરી હરિફાઈ દૂર થઈ શકી હતી. અને સમાજના સૌ વર્ગો પોતપોતાના વ્યવસાયમાં રત રહી એકબીજાના પૂરક બન્યા હોવાનાં અનેક ઉદાહરણો મળી આવે છે. કેટલાક લોકોના શરીરનો રંગ આર્યોની રાજકીય અને સાંસ્કારિક મહત્ત્વ જાળવી રાખવાની મહેચ્છા વગેરેને વર્ણવ્યવસ્થાના મૂળમાં હોવાનું માને છે. પણ તે તર્કગ્રાહ્ય નથી. કારણકે ભારતીય આયો તો જે-જે પરદેશીઓ આ પ્રદેશ ઉપર ચડી આવ્યા તે સૌને પોતાનામાં ભેળવી સમન્વયવૃત્તિ અને સહિષ્ણુતાભાવે અપનાવી વિવિધતામાં

એકતાનાં દર્શન કરાવ્યાં છે.[2] ઋગ્વેદના ઉપર્યુક્ત મંત્રના આધારે કહી શકાય કે સૌ પ્રથમ એક જ વર્ણ 'બ્રાહ્મણ' હતો (आसीद्) તેમાંથી ક્રમશઃ બીજો વર્ણ થયો, જે ક્ષત્રિય (राजन्यः) તરીકે ઓળખાયો અને પછી વૈશ્ય અને સેવા માટે તેના બે પગમાંથી શૂદ્ર જન્મ્યો (अजायत). એટલે કે શૂદ્રો જન્મ્યા. સંહિતા અને બ્રાહ્મણકાળમાં વર્ણો થયા અને તેમનો વ્યવસાય, સામાજિક સ્થાન વધુ સુદૃઢ થયા. પરંતુ તે કાળમાં કોઈ પણ વર્ણની વ્યક્તિ પોતાના કર્મ અનુસારનો વ્યવસાય સ્વીકારીને પોતાનો વર્ણ બદલી શકતી. મુખ્યત્વે અન્ય વર્ણનો વ્યવસાય સ્વીકારવાને કારણે એક જ વર્ણમાં પણ ભેદ શરૂ થયા, જે ક્રમશઃ જાતિમાં પરિણમ્યા. મનુસ્મૃતિ અને અન્ય સ્મૃતિઓમાં આવા અનેક ઉલ્લેખો મળી આવે છે.[3] શ્રીમદ્‌ભગવતગીતામાં પણ શ્રીકૃષ્ણએ સાફ-સાફ કહ્યું છે કે, 'ગુણ અને કર્મ અનુસાર મેં ચાતુર્વર્ણ્યનું સર્જન કર્યું છે.'[4] આમ વર્ણ જન્મથી નહીં પણ કર્મથી હોવાનું સ્પષ્ટ થાય છે. આ વિશેના અનેક ઉદાહરણો ઉપનિષદો, મહાભારત, રામાયણ અને પુરાણોમાંથી પણ પ્રાપ્ત થાય છે. તો પણ બ્રાહ્મણો બુદ્ધિ, તપ, આધ્યાત્મિક જ્ઞાન અને અન્યને ભણાવવાની વિશિષ્ટ શક્તિને કારણે સમાજમાં ઉચ્ચ સ્થાન ધરાવતા હતા. અને તેઓ બે પ્રકારના દેવતાઓમાંથી માનવ દેવતા તરીકે માનતા હતા. બ્રાહ્મણોનું સ્થાન ઘણું ઊંચું હતું. ઋગ્વેદમાં તો સ્પષ્ટ ઉલ્લેખ છે કે, "જે રાજા બ્રાહ્મણને સર્વપ્રથમ આદર આપે છે, તે જ પોતાના ઘરમાં સુખશાંતિથી રહે છે."[5] અને શૂદ્રો સહિત સૌ ગુણ અને કર્મ દ્વારા આ સ્થાન પ્રાપ્ત કરી શકતા હતા.

આ મુખ્ય ચારેય વર્ણોને જે વ્યવસાયો સોંપાયા હતા, તે સિવાયના સમાજમાં લોક વ્યવહાર માટે કેટલાયે એવા વ્યવસાયો હતા અને તે ગમે તે વર્ણના લોકો પોતાની શક્તિ મુજબ સ્વીકારતા. તેથી તે કર્મ કરનાર સંબંધિત લોકોનો વર્ગ કાલાન્તરમાં વર્ણને બદલે જાતિ-સૂચક બની ગયો. અને વર્ણની સાથે સાથે જાતિઓ અસ્તિત્વમાં આવી. જેમકે, સુવર્ણ સંબંધિત કર્મ કરે, તે સુવર્ણકાર, કુંભ બનાવે તે કુંભકાર વગેરે. ઋગ્વેદકાળમાં પણ वक्षा

(હજામત કરનાર)[6], त्वष्टा (રથનું કામ કરનાર)[7], भिषक् (वैद्य)[8] વગેરે અનેક શબ્દો મળે છે. પણ તે સ્પષ્ટપણે જાતિસૂચક શબ્દો તરીકે વપરાયા નથી. તે માત્ર વ્યવસાયસૂચક શબ્દો જ હોવાથી કોઈપણ વર્ણની વ્યક્તિ જે-તે વ્યવસાય સ્વીકારી તે રીતે ઓળખાતી હશે પણ ત્યારપછીના કાળમાં તે શબ્દો જાતિસૂચક બની ગયા તેથી જાતિ-વ્યવસ્થા બ્રાહ્મણકાળ પછી જ અસ્તિત્વમાં આવી હોવાનું બધી જ સ્મૃતિઓની તાલિકાઓના આધારે ડૉ. પી.વી.કાણે એ નિશ્ચિત કર્યું છે.[9] આ પ્રકારની વર્ણવ્યવસ્થા અને વ્યવસાયને કારણે ઉદ્‌ભવેલી જાતિ-વ્યવસ્થામાંથી લગ્ન, વ્યવસાય, સ્થળાંતર, રાજકીય કારણોસર જ્ઞાતિ-વ્યવસ્થા અસ્તિત્વમાં આવી. વર્ણોમાં લગ્ન અને વ્યવસાય અંગે ચુસ્તતા ન હતી. અનુલોમ અને પ્રતિલોમ લગ્નો અનેક પ્રમાણમાં થતાં અને પરિણામે અનેક મિશ્ર વર્ણ કે જાતિ અસ્તિત્વમાં આવી જે પાછળથી જ્ઞાતિઓમાં પરિણમી. સ્મૃતિકારો તો તે માટે 'જાતિ' શબ્દનો પ્રયોગ સ્પષ્ટતાથી કરે છે.[10] છતાં આ જ અર્થમાં 'જ્ઞાતિ' શબ્દ પણ તેને અભિપ્રેત છે. ગૌતમ, મનુ અને યાજ્ઞવલ્ક્યે जात्युत्कर्ष અને जात्यपकर्ष નામનો સિદ્ધાંત પ્રતિપાદિત કરીને અનુલોમ-પ્રતિલોમ વિવાહોથી ઉત્પન્ન મિશ્ર જાતિઓની સંખ્યા અને સ્થાન નિશ્ચિત કરવાનો પ્રયત્ન કર્યો છે.[11] પરંતુ તેમાં મૂકાયેલી મર્યાદા[12]ને કારણે જાતિઓની સંખ્યાનું પ્રમાણ વધતું ચાલ્યું અને તેવા જ પ્રકારનું જન્મ, વ્યવસાય તથા પ્રાદેશિક પરિસ્થિતિને કારણે જ્ઞાતિ સંસ્થાના બીજ રોપાયા તે નિર્વિવાદ છે. અને ઉપર જણાવેલાં કારણોથી અસ્તિત્વમાં આવેલી જાતિઓ-જ્ઞાતિઓને નામે વ્યવસ્થિત અને સુદઢ બની એવું ભારતીય હિંદુ સમાજનો સામાજિક ઉત્ક્રાંતિનો ઈતિહાસ તપાસતાં લાગે છે.

આમ જાતિવ્યવસ્થામાંથી જ્ઞાતિવ્યવસ્થામાં સમાજની રચના પલટાઈ અને જ્ઞાતિએ ભારતની વિશિષ્ટ સામાજિક સંસ્થા બની. જ્ઞાતિસંસ્થા એ ઈશ્વરે સર્જેલી સંસ્થા છે, એવું દર્શાવી પવિત્ર-અપવિત્રતાના ખ્યાલો, પાપ-પુણ્યના ખ્યાલ કર્મ અને ફળના ખ્યાલ વગેરે

રજૂ કરી દરેકને જ્ઞાતિ પ્રત્યે ભાવ, અભિમાન વધે તેવા નિયમો-આચારો ઘડવામાં આવ્યા. દરેક જ્ઞાતિમાં અનેક સમ્પ્રદાયના સભ્યો હોવા છતાં જ્ઞાતિ કોઈ એક મુખ્ય સમ્પ્રદાયવાદી હોય છે. અને સર્વ એકસૂત્રે બંધાઈ રહે તેથી સર્વ સમ્પ્રદાય સમન્વય ભાવના કેળવાયેલી હોય છે. જ્ઞાતિ-વ્યવસ્થાના નિયમોનું ઉલ્લંઘન કરનાર પાપ કરે છે. એવી કલ્પના ઉભી કરી, પ્રભુકોપનો ભય સૌમાં પ્રગટાવી જ્ઞાતિ-વ્યવસ્થાને દઢ કરવામાં આવે છે. આ રીતે જોઈએ તો જ્ઞાતિસંસ્થા સારી કે નરસી છે, તે વિવાદાસ્પદ બાબતને લક્ષણાં ન લઈએ તો પણ તેમાં એક એવું શક્તિશાળી બળ છે, જે માનવજીવનને સ્પર્શે છે અને આજે પણ જ્ઞાતિસંસ્થા સમાજમાં પ્રભુત્વ ધરાવે છે.[13]

## 3.2 જ્ઞાતિપુરાણ; ઉદ્‌ભવ :

જ્ઞાતિપુરાણના ઉદ્‌ભવમાં જ્ઞાતિસંસ્થા કે જ્ઞાતિવ્યવસ્થાનું અતિ મહત્વ રહેલું છે. ભારતીય સમાજ અનેકાનેક જ્ઞાતિ-પેટાજ્ઞાતિઓમાં વિભક્ત થયેલો હોવા છતાં યુગોથી એકસૂત્રે બંધાયેલો રહ્યો છે, તેનું કારણ જ્ઞાતિવ્યવસ્થા જ છે. જ્ઞાતિસંસ્થાઓનું મહત્ત્વ સમજાવતાં ડૉ. એ.એસ.પટેલ લખે છે કે -

“કેટલાકને મતે જ્ઞાતિએ હિન્દુ સમાજને ઘણું નુકસાન પહોંચાડ્યું છે, પણ તે સાચું નથી. ઊલટું, રાજ્યની આપખુદી સત્તામાંથી પ્રજાનું રક્ષણ કરનાર, કલાકારીગીરી, ભારતીય સભ્યતા અને સંસ્કૃતિ સાચવનાર સંસ્થા બની રહી એટલું જ નહીં ; સામાજિક આપત્તિઓ, દુષ્કાળ જેવી કુદરતી આફતો, ધર્મવિરોધી ઉથલપાથલો આક્રમણો અને રાજ્યક્રાંતિથી પણ તેણે સમાજને ટકાવવામાં મોટો ફાળો આપ્યો છે.”[14]

જ્ઞાતિ, કેટલાંક કુટુંબોનો અથવા કેટલાંક કુટુંબોનાં જૂથોનો સમૂહ હોય છે. માનવ કે દૈવી એવા કોઈ પૌરાણિક પૂર્વજમાંથી ઊતરી આવ્યાનો તેનો દાવો હોય છે. આવી

જ્ઞાતિઓમાં સામાન્ય રીતે પેઢી-દર પેઢી ચાલ્યો આવતો વ્યવસાય સ્વીકારાતો હોય છે. પણ તેમને બીજો વ્યવસાય કરવાની પણ છૂટ હોય છે. કોઈપણ વ્યક્તિ પોતાનું જીવન કેવી રીતે જીવે, એ માત્ર ન દર્શાવી, તેનું સમાજમાં સ્થાન અને કર્તવ્ય પણ તે નક્કી કરે છે. આ આખી રચના જન્મ, પુનર્જન્મ અને કર્મના સિદ્ધાંત ઉપર નક્કી થઈ હોય છે.

પ્રાચીનકાળમાં દરેક વર્ણના સભ્યો સામાન્ય રીતે પોતાનો પરંપરાગત વ્યવસાય સ્વીકારતા. પરંતુ ક્યારેક આપદ્‌ધર્મ તરીકે પણ બીજા વર્ણનું કામ સ્વીકારવું પડ્યું, જેમાં ચારમાંથી એકેય વર્ણ અપવાદરૂપ ન હતો. વળી જેમ જેમ જીવનોપયોગી વસ્તુઓની જરૂરિયાતો વધતી ગઈ તેમ તેમ જુદા જુદા વ્યવસાયો અસ્તિત્વમાં આવ્યા અને એવા ધંધા કરનારાઓને સમાજ કારીગર તરીકે ઓળખવા લાગ્યો. આવા કારીગરો જરૂરિયાત પ્રમાણે સ્થળાંતરો પણ કરવા લાગ્યા અને જ્યાં સ્થિર થયા ત્યાં પોતાનો મૂળપ્રદેશ વતન ત્યજી ગયેલાઓએ પોતાનું જૂથ ઊભું કર્યું. આવા જૂથોમાંથી જે જૂથ અબ્રાહ્મણોનું હતું તેઓએ પોતાના પુરોહિત તરીકે જે બ્રાહ્મણોનો સ્વીકાર કર્યો હતો તે જ બ્રાહ્મણોનો સંપ્રદાય, કુળદેવ, દેવી આદિને પોતાના કુળદેવ વગેરે તરીકે સ્વીકાર્યા. અને આમ બ્રાહ્મણો અને બ્રાહ્મણેતરોની અનેક પેટાજ્ઞાતિઓ રચાઈ. આ જ્ઞાતિઓ ગોળ તરીકે વિશેષ ઓળખાઈ અને લગ્ન-વ્યવહાર પણ તેઓએ તે ટૂંકા વર્તુળ (ગોળ) માં જ કરવા માંડ્યો. આવી જ્ઞાતિઓએ પોતાના આ ટૂંકા સમાજની વિશિષ્ટતાઓ જળવાઈ રહે, સૌ સભ્યો એકસૂત્રે બંધાઈ રહે, તે માટે જ્ઞાતિગ્રંથો લખાવ્યા અને આવા જ્ઞાતિગ્રંથોનું વિશેષ મહત્ત્વ દર્શાવવા માટે તેને 'જ્ઞાતિપુરાણ' એવું નામ આપવામાં આવ્યું.

જ્ઞાતિઓ અને જ્ઞાતિઓના પેટા વિભાગોનો સૌ પ્રથમ ઐતિહાસિક ઉલ્લેખ દક્ષિણ ભારતમાંથી મળેલા અગિયારસી સદીના શિલાલેખોમાંથી મળે છે.[15] આ પહેલાં જ્ઞાતિઓના

કોઈ વ્યવસ્થિત ઉલ્લેખ મળતા નથી. ગુજરાતમાંથી પણ ઈ.સ.ની દસમી સદી પહેલાં જ્ઞાતિઓના કોઈ સ્પષ્ટ ઉલ્લેખો મળતા નથી. ભીમદેવ પહેલાએ ઈ.સ. 1030 (વિ.સં. 1086) માં એક દાન ઉદીચ્ય બ્રાહ્મણને અને બીજું મોઢ બ્રાહ્મણને આપ્યું હતું. એવા એક શિલાલેખને આધારે ડૉ.ભોગીલાલ સાંડેસરા જણાવે છે કે દસમી સદીથી જ્ઞાતિઓના વાડા બંધાવાની શરૂઆત થવા લાગી હતી.[16] પણ ગુજરાતમાં આ પ્રકારની જ્ઞાતિ-નાતના વાડા તેનાથી 300 કે 400 વર્ષ પહેલા બંધાવાની શરૂઆત થઈ હતી, એવો મત ડૉ. એસ.કે.દવેનો છે.[17] ગુજરાતની બધી જ જ્ઞાતિઓ ઉદીચ્ય, મોઢ, રાયકવાલ, શ્રીમાળી, વાયટીય (વાયડા), વાલખિલ્ય, આદિ પ્રાદેશિક ધોરણે રચાયેલી છે. આ પ્રદેશમાં જૂથો પહેલેથી જ સ્થિર હતાં અને તેઓએ પોતાના પ્રદેશના પોતપોતાના વર્ણના માણસોની એકતા ટકાવવા નીતિનિયમો ઘડ્યા હતા. રાજકીય અસ્થિરતા અને યાતાયાતમાં સાધનોની મુશ્કેલીને કારણે તેમને તેમ કરવું જરૂરી હતું. ઈ.સ.ની દસમી સદી પણ આ જ્ઞાતિઓ ખૂબ જ વિકસી અને તેની પણ ગોત્ર કે પેટાજ્ઞાતિઓ બની, એવું ત્યારપછી મળી આવેલા અનેક તામ્રલેખો, શિલાલેખો અને સાહિત્યમાંથી જાણવા મળે છે.[18] આવી જ્ઞાતિઓનું નામકરણ મુખ્યત્વે ગુજરાત અને મરુપ્રદેશના મહાનગરોના નામ પરથી પડ્યું હોવાનું વિશેષ લાગે છે. પરંતુ વ્યવસાયને કારણે પણ બ્રાહ્મણેતર જાતિઓ રચાઈ. જે જે ક્ષત્રિય,વૈશ્ય કે શૂદ્રે જે વ્યવસાય સ્વીકાર્યો તેઓનું જૂથ પ્રદેશ ઈત્યાદિ કારણોથી એક થઈ જતાં પેટાજ્ઞાતિ તરીકે અસ્તિત્વમાં આવ્યું. સોની, કંસારા, કુંભાર, સથવારા વગેરે જ્ઞાતિઓ આનાં ઉદાહરણો છે. આમ ચાતુર્વર્ણ્ય વ્યવસ્થામાંથી જ્ઞાતિરૂપી અનેક પેટાવિભાગો થયા. આવી જ્ઞાતિઓ લગ્ન અથવા વ્યવસાય કે અન્ય કારણથી બની, તેની ચર્ચા કેટલાક સંસ્કૃત ગ્રંથોમાં પણ વિગતે મળી આવે છે.[19] આવી જ્ઞાતિ અને પેટાજ્ઞાતિઓ કુલદેવ, દેવી, આચારવિચાર, કેટલાક રીતરિવાજો વગેરેની બાબતમાં ઐક્ય ધરાવે છે. અને તેઓએ પોતાના જ્ઞાતિગ્રંથ તરીકે પણ તે માટે રચાયેલ

પુરાણને માન્ય કરી તેમાંના આદેશોને સ્વીકારવાનો આગ્રહ કર્યો છે. આવા પુરાણકારોએ સામાન્ય રીતે બ્રાહ્મણોનું મહત્ત્વ તથા આચારો ઉપર ભાર મૂક્યો હોવા છતાં તેમની સાથે સંકળાયેલા બ્રાહ્મણેતર લોકો પણ તેટલા જ મહત્ત્વના છે, તેવું દર્શાવવા પૌરાણિક પ્રસંગો મૂકીને તેમની ઉત્પત્તિ ઈત્યાદિની કથાઓ અને આખ્યાન દ્વારા આચાર-વિચારો રજૂ કર્યા છે. વાલખિલ્યપુરાણમાં વર્ણવાયેલ સચ્છૂદ્રોની કથા, તેમની ઉત્પત્તિ, તેમનાં ગોત્રો, આચારવિચાર અંગેની હકીકતો આનાં ઉમદા ઉદાહરણો છે.[20] પોતાનું મૂળ વતન છોડીને જુદા જુદા પ્રદેશોમાં વસેલાં આવા જૂથો કે જ્ઞાતિઓ માટે વતનની યાદ વતનનું મહત્ત્વ પણ સતત જોડાયેલ રહે, તેવા હેતુથી આવા સ્થળો કે તીર્થોના મહાતામ્યોની પણ રચના કરવામાં આવી, જે આવાં જ્ઞાતિપુરાણોના જ અન્ય સ્વરૂપો કે પ્રકારો છે. અર્થાત્ એક રીતે આવા તીર્થમાહાત્મ્ય કે સ્થળમાહાત્મ્યો જ્ઞાતિપુરાણ જેવી જ વિશેષતાઓ અને મહત્ત્વ ધરાવે છે. જે તે જ્ઞાતિની ઉત્પત્તિની સાથે સંલગ્ન તીર્થરૂપ સ્થળોનું મહત્ત્વ દર્શાવી અને તે સ્થળ કે તીર્થરૂપી મૂળ સાથે ભિન્ન ભિન્ન સંપ્રદાય પાળતા હોવા છતાં પણ સમગ્ર જ્ઞાતિજનો એકસૂત્રે બંધાઈ રહે, એ આવા ગ્રંથોની રચના પાછળનો હેતુ હતો. આમ સદીઓથી ચાલી આવતી જ્ઞાતિવ્યવસ્થા અને તે દ્વારા સંપૂર્ણ સમાજને ટકાવી રાખવાના શુભ આશયથી જ્ઞાતિપુરાણોની રચના થયેલી છે.

## 3.3 જ્ઞાતિપુરાણ; સ્વરૂપ :

જ્ઞાતિપુરાણોના સ્વરૂપ-ઘડતરમાં મહાપુરાઓએ મહત્ત્વનો ફાળો આપ્યો છે. જ્ઞાતિપુરાણો, જે તે જ્ઞાતિની ઉત્પત્તિ, ઉન્નતિ-વિકાસ, તે જ્ઞાતિના રીતિરિવાજો, સંબંધો પવિત્ર સ્થળો વગેરેનું વર્ણન કરે છે. ઉપરાંત તત્કાલીન સ્થાનીય સામાજિક, ધાર્મિક અને ઐતિહાસિક સ્થિતિનું પણ તે દર્શન કરાવે છે. અને તે અંગેના મૂળભૂત ખ્યાલો તેને મહાપુરાણોમાંથી

પ્રાપ્ત થયા છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર - આ ચારેય વર્ણમાં પ્રથમ ત્રણ જન્મને કારણે જ હતા કે કેમ તે કહી શકાય તેમ નથી. કારણકે ઋગ્વેદની એક ગાથા પ્રમાણે બ્રાહ્મણો અને ક્ષત્રિયોનાં કર્મો વચ્ચે કોઈ ભેદ ન હતો. દેવાપિ અને શન્તનુ બન્ને ઋષિષેણના પુત્રો હોવા છતાં એક ભાઈ રાજા હતો અને બીજો તેનો પુરોહિત હતો.[21] જ્યારે વૈશ્ય કે વિશઃ આર્યજનનો જ દ્યોતક રહ્યો છે. માત્ર શૂદ્ર જ આ ત્રણેથી ભિન્ન હતો. આર્યો દ્વારા જિતાયેલા દાસ અથવા દસ્યુઓ શૂદ્રનું સ્થાન પામ્યા. સંહિતા અને સ્મૃતિકાળમાં પણ શૂદ્રનું સ્થાન ઘણું જ નીચું હતું. શૂદ્રે તો દાસત્વ જ કરવાનું પછી તે ખરીદાયેલો હોય કે ન હોય; કારણકે દાસત્વ માટે જ સ્વયંભૂ ભગવાને બ્રાહ્મણના મુખમાંથી તેને પેદા કર્યો છે.[22] મહાભારત, રામાયણ અને પુરાણકાળમાં પણ શૂદ્રોનું સ્થાન તેટલું જ નીચું હોવાના અનેક ઉદાહરણો મળે છે. જ્ઞાતિપુરાણકારોએ તેને અનુસરીને જ શૂદ્રોનું સ્થાન અન્ય ત્રણ કરતાં નીચું બતાવ્યું છે. પોતાના પૂર્વ-સાહિત્યનો પ્રભાવ જ્ઞાતિપુરાણો પર સવિશેષ પડ્યો છે. જ્ઞાતિઓની ઉત્પત્તિ અને વિકાસ માટે આ પૂર્વ-પૌરાણિક સાહિત્યમાંથી જ આધારો લઈને આલંકારિક શૈલીમાં કથાઓ રજૂ કરી છે. શ્રીમાળીપુરાણમાં શ્રીમાળી સોનીની કથા[23], ધર્મારણ્યમાં ગોભુજા વણિકો, મોઢ વણિકોની કથા,[24] કંડુલપુરાણમાં કપોળ વણિકોની કથા[25], વાલખિલ્યપુરાણમાં સચ્છૂદ્રોની કથા[26] તથા કાલિકાપુરાણમાં કંસારાજ્ઞાતિની ઉત્પત્તિની કથાઓ[27] આ જ પ્રકારની છે. સ્કન્દપુરાણ તો જ્ઞાતિપુરાણો માટે એક અતિ મહત્ત્વનો સ્રોત છે. સ્કન્દપુરાણમાં નાગરખંડ, મલ્લપુરાણ, શ્રીમાળપુરાણ, ધર્મારણ્ય, કૌમારિકાખંડ, પ્રભાસખંડ વગેરેમાં સ્થાનિક પરંપરાઓ સવિશેષ સચવાયેલી છે.

જ્ઞાતિપુરાણ સામાન્યતઃ મર્યાદિત પ્રદેશની કોઈ એક જ્ઞાતિ સાથે સંબંધિત હોય છે. જ્ઞાતિઓની ઉત્પત્તિ વિશે પ્રચલિત અનેક પ્રકારની કાલ્પનિક દંતકથાઓના આધારે જે તે જ્ઞાતિના પુરાહિતોએ અગર પુરાણીઓએ તે તે જ્ઞાતિના પુરાણોની રચના કરેલી છે. સ્થાનીય

પંડિતોનો આવાં પુરાણોની રચનામાં મહત્ત્વનો ફાળો રહેતો. અને તેથી આવાં જ્ઞાતિપુરાણો જે તે જ્ઞાતિના 'ગોર' (ગુરુ) રાખતા. જ્ઞાતિના કુળદેવ-દેવીઓના પૂજા-સ્થાનકોમાં પણ આવાં પુરાણો રખાતાં, જ્ઞાતિના સભ્યો માટે જ્ઞાતિપુરાણો અતિ મહનીય લેખાતા. આ અંગે નાંદીપુરાણમાં કહેલું છે કે -

"સ્વજાતિનું જે પુરાણ પ્રસિદ્ધ હોય (તે) તે જાતિઓને માટે સર્વદા સન્માનનીય હોવું જોઈએ. અર્થાત્ તે (પુરાણ)ને સન્માન આપવું જોઈએ, જે અભિમાન કે ગર્વથી (તે) પુરાણને માનતા નથી, તે દુર્ગતિરૂપ પાપના કૂવામાં પડે છે."[28]

જ્ઞાતિપુરાણો મોટેભાગે બ્રાહ્મણ અને વૈશ્યજ્ઞાતિઓનાં છે. બ્રાહ્મણ-જ્ઞાતિ સદીઓથી સમાજમાં સંસ્કારો અને સુવિદ્યાનું સિંચન કરતી આવી હોવાથી સ્વાભાવિક જ જે તે જ્ઞાતિના સંસ્કારો, આચારો અને વિચારોનું સુચારું વ્યવસ્થાન કરવાનું કાર્ય તેને સોંપવામાં આવતું. આ કર્મના બદલામાં સમાજ પણ બ્રાહ્મણોની આજીવિકા વગેરે માટે જવાબદાર રહેતો. બ્રાહ્મણો પહેલેથી જ વિદ્યાના ઉપાસકો હોવાથી તેમના દ્વારા રચાયેલું આવું સાહિત્ય અદર્ય જ નહીં, સ્તુત્ય લેખાતું વૈશ્યજ્ઞાતિનું કર્મ વેપાર-વણીજ દ્વારા અર્થોપાર્જનનું હોવાથી તેમના માટે ધન-પ્રાપ્તિ એક સાહજિક બાબત હતી. આથી ધન વગેરેના બદલામાં આ જ્ઞાતિઓ જે તે પુરોહિતો પાસે પોતાના પુરાણની રચના કરાવતા. આમ, જ્ઞાતિપુરાણો લક્ષ્મી(ધન) અને વિદ્યાના સહયોગથી નિષ્પન્ન થયેલું સાહિત્ય છે, એમ કહી શકાય અને પરિણામે જ આવાં જ્ઞાતિપુરાણો બ્રાહ્મણ અને વૈશ્યજાતીને સવિશેષ સાંકળે છે. જો સમાજશાસ્ત્રની દૃષ્ટિએ જ્ઞાતિપુરાણોનો અભ્યાસ કરવામાં આવે તો ઘણાં પરિણામો મેળવી શકાય તેમ છે. ઉપરાંત, જે તે પ્રદેશના સાંસ્કૃતિક ઈતિહાસને જાણવા માટે પણ જ્ઞાતિપુરાણો ઘણાં મદદરૂપ બની શકે છે. જે તે જ્ઞાતિના સંસ્કારોનું વર્ણન તો તે તે જ્ઞાતિનાં પુરાણોમાં કરવામાં આવેલું

જ હોય છે. સાથે સાથે સમગ્ર સમાજનું પણ એક અપ્રકટ રૂપ તેમાં વર્ણવાયેલું હોય છે. સમકાલીન સમગ્ર સમાજની વૈચારિકતા તથા સમાજના ઉત્થાનમાં જે તે જ્ઞાતિનો ફાળો વગેરે વ્યાવર્તક બાબતોનું આલેખન પણ આવાં પુરાણોમાં થયેલું હોવાથી સંસ્કૃતિના ક્રમિક વિકાસને નોંધવામાં આવાં પુરાણો ઘણી જ સહાય પૂરી પાડી શકે તેમ છે. પ્રાચીન ભારતનો ઈતિહાસ મહદંશે મૌશિકરૂપે સચવાયેલો રહ્યો છે. પછીના સમયમાં કેટલાક ઈતિહાસગ્રંથો લખાયા પરંતુ ભારતીય ઈતિહાસ પર ખરો પ્રકાશ પાથરનારા ગ્રંથો તો પુરાણો જ છે. સમગ્ર પૌરાણિક સાહિત્ય મૌખિક ઈતિહાસ (Oral History) નું જ સંકલન છે. અને જ્ઞાતિપુરાણોમાં આવા Oral History ની પરંપરા જળવાઈ રહેલી છે. તેથી ઈતિહાસને જાણવાનો એક મહત્ત્વપૂર્ણ સ્રોતના રૂપે પણ જ્ઞાતિપુરાણોનું મહત્ત્વ આંકી શકાય તેમ છે.

જ્ઞાતિપુરાણોનું ભાષારૂપ, રજૂઆતની શૈલી વગેરે એકદમ સરળ હોય છે. આમ પણ આવી બધી બાબતોમાં સરળતા, એ સમગ્ર પુરાણ-સાહિત્યનો એક મહત્ત્વનો ગુણ છે. શિક્ષિત, અર્ધશિક્ષિત કે અશિક્ષિત તમામ પ્રકારના લોકોને સહેલાઈથી સમજાય જાય તેવી સરળ ભાષામાં પુરાણકારો પોતાની રજૂઆત કરે છે. આ પરંપરા જ્ઞાતિપુરાણોમાં પણ સચવાયેલી છે. ખાસ કરીને શબ્દો વગેરેમાં પ્રાદેશિકતાની અસર જ્ઞાતિપુરાણને કે તેના ભેદને પ્રાપ્ત કરવામાં પડતી મુશ્કેલીને દૂર કરનારી નીવડે છે. સરળ અનુષ્ટુપ છંદ જ્ઞાતિપુરાણોને વધારે સરળ બનાવે છે.

આગળ આપણે જોયેલું કે ઈ.સ.ની દસમી સદીની આસપાસ ગુજરાતમાં જ્ઞાતિઓ-જૂથો કે વાડાઓ અસ્તિત્વમાં આવ્યા. આ બાબતને જો આધારરૂપ માનીએ તો જ્ઞાતિપુરાણોની રચના સંભવતઃ બારમી સદીથી થવા લાગી હશે. અનુમાનતઃ ઈ.સ.ની બારમીથી અઢારમી સદીના સમયને જ્ઞાતિપુરાણોનો રચનાકાળ ગણાવી શકાય.

જ્ઞાતિપુરાણો પર મહાપુરાણોનો સવિશેષ પ્રભાવ છે, તે એકદમ સ્પષ્ટ જ છે. અને આ બાબતનો આધાર વ્યક્ત કરતું હોય, તેમ લગભગ દરેક જ્ઞાતિપુરાણ અધ્યાયના અંતે કે અંતિમ પુષ્પિકામાં આ જ્ઞાતિપુરાણ અમુક મહાપુરાણના ભાગ કે અધ્યાયરૂપે છે, એવું કથન કરે છે. જેમ કે, કંડુલપુરાણ દરેક અધ્યાયના અંતે- ''इति श्री स्कंदपुराणे कण्वकण्डुलोपाख्याने अमुक नाम्नो (अमुक) अध्यायः ।'' – એમ લખે છે. આ ઉપરાંત, નાંદીપુરાણ[29], વાલખિલ્યપુરાણ[30] કાલિકાપુરાણ (કંસારાજ્ઞાતિનું પુરાણ)[31] વગેરે. આમ દર્શાવીને જ્ઞાતિપુરાણકારો પોતાના પુરાણને અધિકૃત ઠેરવવાનો પ્રયાસ કરે છે. આમાં જે તે પુરાણની પ્રાચીનતા અને પવિત્રતા બતાવવાનો ઉદ્દેશ પણ રહેલો હોય છે.

પરંતુ, જે તે જ્ઞાતિપુરાણે, તે તે જ્ઞાતિની મહત્તા અને પ્રાચીનતાને સિદ્ધ કરવા માટે મહાપુરાણોમાં આપવામાં આવેલી અનેક પુરાકથાઓને તે તે જ્ઞાતિ સાથે જોડી દીધેલી છે. પરિણામે યોગ્ય અર્થઘટન કરવામાં સમસ્યા ઉત્પન્ન થાય છે. જે જ્ઞાતિપુરાણોની એક મહત્ત્વની મર્યાદા છે. માહિતીની રજૂઆતમાં એવી પુરાકથાઓની સેળભેળ ઐતિહાસિકતાની દૃષ્ટિએ અનેક પ્રશ્નો ઊભા કરનારી નીવડે છે.

જો કે, આ બાબતને બાદ કરતાં એકંદરે જ્ઞાતિપુરાણોનું સ્વરૂપ પૌરાણિકશૈલીની સરળતા, વિલક્ષણતા અને વિશિષ્ટતાઓનું સુંદર નિર્વહણ કરનારું છે. આ ગ્રંથોના રચયિતાઓ શ્રુતિ, સ્મૃતિ, ધર્મશાસ્ત્ર, રામાયણ-મહાભારત, મહાપુરાણો, ઉપપુરાણો વગેરેના ઊંડા અભ્યાસી અને પુરાણ રચવાનું કૌશલ્ય ધરાવનારા વિદ્વાનો હતા, એમ કહી શકાય.

## 3.4 ગુજરાતનાં કેટલાંક જ્ઞાતિપુરાણોનો સંક્ષિપ્ત પરિચય :

મહાપુરાણો અને ઉપપુરાણો ઉપરાંત ભારતના જુદા જુદા પ્રદેશોમાંથી અન્ય પણ કેટલાંક 'પુરાણ' નામધારી ગ્રંથો સંસ્કૃતમાં રચાયેલા છે. તેમાં પ્રાયઃ તીર્થો, આશ્રમો અને

વિવિધ સ્થાનોના માહાત્મ્યો અને તેમની સાથે જોડાયેલી કથાઓ મુખ્યત્વે હોય છે. ભારતના જુદા જુદા વિભાગો કે રાજ્યોમાંથી આવાં પુરાણો અથવા માહાતમ્યગ્રંથો કેટલી સંખ્યામાં મળી આવે છે, તેમનાં નામો શાં છે, તેનાં વિશે કોઈ ચોક્કસ માહિતી હજુ સુધી પ્રાપ્ત થતી નથી. પરંતુ તીર્થસ્થાનનાં સ્વતંત્ર માહાત્મ્યો, તે તે તીર્થોમાંથી પ્રાપ્ત થાય છે. આવા તીર્થ માહાત્મ્યગ્રંથો તે તે તીર્થસ્થળ કે ગામની વિશેષતા સૂચવવા, પાછળના સમયમાં સ્થાનિક વિદ્વાનોએ કોઈક મહાપુરાણ કે ઉપપુરાણના આધારે રચેલા હોવાનું જાણવા મળે છે. બંગાળમાં રચાયેલાં આવાં માહાત્મ્યો કે 'પુરાણ' નામધારી ગ્રંથોની ઠીકઠીક આલોચના શ્રી ચિંતાહરણ ચક્રવર્તીએ "બંગદેશીય પૌરાણિક પરંપરા"માં રજૂ કરી છે.[32] જ્યારે ગુજરાતમાં તીર્થ માહાત્મ્યોની સાથે જ્ઞાતિપુરાણો પણ સંખ્યાબંધ રચાયેલાં છે. ભારતનાં અન્ય રાજ્યોમાં ગુજરાત જેટલા બ્રાહ્મણો કે વૈશ્યોના અવાંતર જ્ઞાતિભેદો તથા પુરાણો પ્રચારમાં છે કે કેમ તે અલગ સંશોધનનો વિષય છે. પરંતુ ગુજરાતમાં તો જેટલા બ્રાહ્મણો તેટલી જ વૈશ્યાની જ્ઞાતિઓ આજે પણ વિદ્યમાન છે. અને તેમાંથી મોટાભાગની જ્ઞાતિઓના પુરાણગ્રંથો કોઈને કોઈ રૂપે મળી આવે છે. સામાન્ય રીતે બ્રાહ્મણોની ચોર્યાસી જ્ઞાતિઓ ગણવામાં આવે છે. પરંતુ સમયના વહેણની સાથે સાથે બ્રાહ્મણોના સેંકડો જ્ઞાતિભેદો કે પેટાજ્ઞાતિઓ આજે ભારતભરમાં દષ્ટિગોચર થાય છે. આ પૈકી ગુજરાતના બ્રાહ્મણોની સાથે સંલગ્ન કેટલીક જ્ઞાતિઓનાં સ્વતંત્ર પુરાણો મધ્યકાળમાં રચાયેલાં છે. તેમનો પ્રચાર આપણે ત્યાં ગુજરાતમાં સારો એવો થયો છે. આવાં પુરાણોની રચના મુખ્યત્વે સોલંકીકાળથી શરૂ થઈ અઢારમી સદી સુધી ચાલુ રહી છે. હાલ લગભગ પચ્ચીસ ઉપરાંત આવાં પુરાણ-ગ્રંથો પ્રાપ્ત થાય છે. આવાં કેટલાંક મહત્ત્વનાં જ્ઞાતિપુરાણો કે સ્થળપુરાણોને નીચે પ્રમાણે દર્શાવી શકાય - (1) સરસ્વતીપુરાણ, (2) ધર્મારણ્ય કે મોઢેરકપુરાણ, (3) મલ્લપુરાણ, (4) વાયુ કે વાયુવાટપુરાણ, (5) શ્રીમાલપુરાણ, (6) વાલખિલ્યપુરાણ, (7) સાચીહરોપાખ્યાન કે

સાચોરાપુરાણ, (8) સિદ્ધવાટિકામાહાત્મ્ય, (9) કોટ્યર્કમાહાત્મ્ય, (10) બ્રહ્મક્ષેત્રમાહાત્મ્ય, (11) કંડુલપુરાણ, (12) શ્રીસ્થલમાહાત્મ્ય, (13) અનાવિલપુરાણ, (14) તાપીપુરાણ, (15) નર્મદા માહાત્મ્ય, (16) સાભ્રમતીમાહાત્મ્ય, (17) શ્રીગૌડપુરાણ, (18) નાપિતપુરાણ, (લિમ્બચ પુરાણ) (19) એકલિંગમાહાત્મ્ય, (20) નાન્દીપુરાણ, (21) શ્રીકાલિકાપુરાણ, (કંસારા જ્ઞાતિનું), (22) હિંગળાજપુરાણ, (23) પાંચાલપુરાણ, (24) સ્કન્દપુરાણનો નાગરખંડ, (25) લિંબજાપુરાણ, (26) સોરઠિયાપુરાણ, (27) ગદાધરમાહાત્મ્ય વગેરે.[33] અલગ નાપિત પુરાણ મળ્યું નથી. લિંબજાપુરાણ કે લિંબચપુરાણ એ જ નાપિત પુરાણ છે.

આ બધા પુરાણોમાંથી કેટલાંક મહત્ત્વના જ્ઞાતિ પુરાણોનો સંક્ષિપ્ત પરિચય નીચે પ્રમાણે આપી શકાય.

## (1) ધર્મારણ્ય કે મોઢેરક પુરાણ :

ગુજરાતના મોઢ બ્રાહ્મણો અને વૈશ્યોનું આ જ્ઞાતિપુરાણ છે. આ નામના બે પુરાણો મળે છે. (1) સ્કંદપુરાણનું ધર્મારણ્ય, જે 4500 શ્લોકો અને 39 અધ્યાયો ધરાવે છે. (2) પદ્મપુરાણનું ધર્મારણ્ય, જેમાં 69 અધ્યાયો છે. આ પુરાણ પોતાને પદ્મપુરાણના પાતાલખંડ સાથે જોડે છે. પણ મૂળમાં આ ભાગ નહીં હોવાથી આ એક સ્વતંત્ર પુરાણ છે, તેમ કહી શકાય. સ્કન્દપુરાણમાં બ્રહ્મખંડમાં ધર્મારણ્ય નામનો વિભાગ છે. જેમાં મોઢબ્રાહ્મણો અને મોઢેરાનો ઈતિહાસ વર્ણવાયેલો છે. પરંતુ એ धर्मारण्य-माहात्म्य અને પોતાને સ્કંદપુરાણનો ભાગ ગણાવતું આ જ્ઞાતિપુરાણ પણ ઘણા અંશે જુદાં પડે છે. આમ, આ બન્ને પુરાણોમાં વર્ણવેલી હકીકતો કંઈક અંશે જુદાં પડે છે. આમ બન્ને મૂળ એક જ હકીકતને આધારે યોજાયેલી રચનાઓ છે. સ્કન્દપુરાણના ધર્મારણ્યમાં ગુજરાતના પશ્ચિમ વિભાગમાં આવેલ પ્રાચીન મોઢેરા નગર, તેમાં રહેતા મોઢ બ્રાહ્મણોનો ઈતિહાસ, તેમનાં ગોત્રો, પ્રવરો, વેદશાખા, ગોત્રદેવીઓ અને તેમનાં ઐતિહાસિક વૃત્તાન્તો પ્રસ્તુત કરવામાં આવ્યા છે. આ પુરાણમાં મોઢેરાને મોહેરક

કે મોહેરા પણ કહ્યું છે. આ પુરાણમાં પાંચેય લક્ષણો જોવા મળતા હોવાથી 'ઉપપુરાણ' પણ કહી શકાય.

પદ્મપુરાણના ધર્મારણ્યપુરાણમાં ધર્મારણ્ય અને મોઢેરકપુર (મોઢેરા)ની ઉત્પત્તિ, મોઢેરા નગરની રચના, ત્યાંના મૂળ નિવાસી મોઢ બ્રાહ્મણોનો ઈતિહાસ, તેમના ચોવીસ ભેદોપભેદો, ગોભુજા બનિયા, ધર્મવાપી, બ્રાહ્મણોની અંતિમ ક્રિયાવિધિ, સૂર્યકુંડ, બકુલાર્કમંદિર, શ્રીમાતા, માતંગી વગેરેનું વર્ણન કરવામાં આવેલું છે. ઉપરાંત મોઢેરા ઉપર કર્ણાટ વગેરે અસુરોએ કરેલાં આક્રમણો શ્રીમાતા અને ભટ્ટારિકાએ કરેલો તેમનો સામનો અને વિનાશ ભગવાન રામચંદ્રનું સીતાજી સાથે મોઢેરામાં આગમન તેમણે કરેલાં વિવિધ યજ્ઞો, મોઢ બ્રાહ્મણોને તેમણે આપેલાં પંચાવન ગામોનાં દાન, હનુમાનને આ ભૂદેવોના રક્ષણને માટે તેમણે આપેલો આદેશ વગેરેની ચર્ચા પણ અહીં પ્રસ્તુત કરવામાં આવી છે.

ઐતિહાસિક વિગતોમાં મોઢ બ્રાહ્મણોએ કરેલા સ્થળાંતર તથા સુખવાસપુરમાં કરેલા નિવાસની વાતો આવે છે. સાથે સાથે વૈશ્યોના ગોભૂજા, માંડળિયા અને તૈલી વગેરે અવાંતર ભેદોની રસમય હકીકતો પણ આ પુરાણમાં રજૂ કરવામાં આવી છે. ઐતિહાસિક દસ્તાવેજ બની રહે તેવી નિમ્નલિખિત ઘટનાઓમાં અહેવાલો છે-

(1) પાટણની સ્થાપના

(2) વનરાજ ચાવડાનું જીવનચરિત્ર

(3) ચાવડાઓની વંશાવળી

(4) પાટણમાં સિદ્ધરાજ અને કુમારપાળના રાજ્યકાળે થયેલ જૈન અને જૈનેતર વિદ્વાનો વચ્ચેના વાદ-વિવાદ અને સંઘર્ષોની કથા

(5) અમાસે પૂજનની ઘટના

(6) લાખા ગોરજીના મરણની ઘટના

(7) રાજાને ફરીથી સનાતન ધર્મ તરફ વાળવા માટે બ્રાહ્મણો અને ભાટોએ કરેલી આત્મહત્યાઓની ઘટના-

આ બધા પ્રસંગોની રસપ્રદ હકીકતો આ પુરાણના વિવિધ અધ્યાયોમાં આપવામાં આવી છે. સૌથી વધુ જાણવાલાયક ઘટના મોઢેરાના નાશની છે. આ ઘટનાની રજૂઆત એકદમ પ્રભાવોત્પાદક રીતે કરવામાં આવી છે. વાચકના ચિત્તને સતત પકડી રાખવાને સક્ષમ એવી શૈલીથી આ બધી ઘટનાઓની ચોટદાર રજૂઆત થઈ છે. આ ઉપરાંત, નિમ્ન લિખિત ઘટનાઓ પણ તત્કાલીન ઈતિહાસ પર પ્રકાશ પાડનારી છે -

(1) અલાઉદ્દીન ખિલજીના સરદાર અલફખાનને નાગર માધવ ગુજરાત પર ચડાઈ કરવા લઈ આવ્યો.

(2) પાટણ સર કર્યા પછી મોઢેરા ઉપર ચડાઈ કરવા માટે મોઢેરાનો સોમૈયા નામનો મોઢ બ્રાહ્મણ મુસલમાનોને સમજાવી લાવ્યો હતો.

(3) છ માસ સુધી ચાલેલા હુમલાની વિગતો.

(4) સોમૈયાનો દંડ અને તેના કહેવાથી હુતાશનીના દિવસે મોઢેરામાં મુસ્લિમોએ કરેલો પ્રવેશ અને

(5) મોઢેરાના નાશની વિગતો.

આમ, મોઢ જ્ઞાતિના પુરાણ તરીકે આ ગ્રંથની રચના કરવામાં આવી હોવા છતાં તેમાંથી ગુજરાતના ઈતિહાસની ઘણી વિગતો પ્રાપ્ત કરી શકાય છે. ચાવડાઓનો છેલ્લો રાજા

સામંતસિંહ (ભૂવડ) દારૂડિયો અને સ્વચ્છંદી હતો, એ ઈતિહાસપ્રસિદ્ધ વાતનો પુરાવો પણ આ પુરાણમાંથી મળી આવે છે.[34] મધ્યકાળમાં ગુજરાતના મોઢ વૈશ્યોનો કેટલોક ભાગ જૈન થયો હતો, તેવી વિગતો આ પુરાણમાંથી મળી આવે છે.[35] જૈન સંપ્રદાયના મહાન આચાર્ય હેમચન્દ્ર મોઢ વણિક હોવા છતાં જૈન ધર્માવલંબી હતા.

આ પુરાણના 69 અધ્યાયોમાં મોટાભાગના શ્લોકો અનુષ્ટુભ છંદમાં છે. કેટલાક અધ્યાયોમાં ઉપેન્દ્રવજ્રા, વસંતતિલકા અને શાર્દૂલવિક્રીડિત છંદોમાં પણ શ્લોકો મળી આવે છે. આ પુરાણ તેના ગુજરાતી ભાષાંતર સાથે 'મોઢમાર્તંડ' માસિકના ભૂતપૂર્વ તંત્રીશ્રી પ્રભાશંકર જયશંકર પાઠકે ઈ.સ. 1924 માં પ્રકાશિત કરેલ.[36] મોઢેરા ઉપર મહમદ ગીઝની (ઈ.સ. 1024)ના કે અલાઉદ્દીન ખિલજી (ઈ.સ. 1445) ના આક્રમણનો સંદર્ભ, તેના સરદાર અલફખાન કે ઉલુખખાને કર્ણદેવ વાઘેલાને હરાવી નસાડી મૂક્યો અને ગુજરાતનું રાજ્ય મુસલમાન સલ્તનત નીચે આવ્યું વગેરે ઘટનાઓનાં નિરૂપણના આધારે આ પુરાણ ચૌદમી સદીના અંતભાગમાં કે મોડામાં મોડું પંદરમી સદીના પૂર્વાર્ધમાં રચાયું હશે, તેમ કહી શકાય. શ્રી રત્નમણિરાવ જોટે, આ પુરાણને ઈ.સ. 1300 થી ઈ.સ. 1500 ની રચના માને છે.[37]

## (2) મલ્લપુરાણ :-

પરંપરાગત રીતે મોઢબ્રાહ્મણોના છ વિભાગો માનવામાં આવ્યા છે.[38] તેમાંથી એક વિભાગ જ્યેષ્ઠીમલ્લોનો છે. મૂળ તો આ લોકો બ્રાહ્મણો છે. પરંતુ મલ્લકુસ્તીનો ધંધો તેમણે જીવનનિર્વાહ માટે અપનાવ્યો, તેથી તેઓ મલ્લો તરીકે જાણીતા થયા. તેમનું વતન મોઢેરા પછી દેવમાલ-પ્રાચીન દેવકુલમાલા-નામનું ગામ છે. આ ગામ આજે પણ ચાણસ્મા તાલુકામાં મોઢેરાથી છ માઈલ દૂર આવેલું છે. આ જ્ઞાતિનો પ્રાચીન ઈતિહાસ આલેખતું સ્વતંત્ર પુરાણ

પાછળથી રચાયું છે. તેના રચનાકાળ વિશે તેમાંથી કોઈ સ્પષ્ટ ઉલ્લેખ મળી આવતો નથી. પરંતુ તેમાં નોંધવામાં આવેલી જ્યેષ્ઠીમલ્લોની વિગતો અને દેવકુલમાલનું વર્ણન જોતાં, જ્યેષ્ઠીમલ્લો તથા દેવકુલમાલના ઉન્નતિકાળે તેની રચના થઈ હોય, એમ લાગે છે. મલ્લોનો સુવર્ણકાળ ગુજરાતના ચૌલુક્યોના સમયમાં ઉન્નતિના શિખરે પહોંચેલો એટલે ગુજરાતનું હિંદુરાજ્ય નાશ પામ્યું, તે પૂર્વે તેની રચના કરવામાં આવી હોય, એવું અનુમાન કરી શકાય છે. આથી મોડામાં મોડો તેનો રચનાકાળ ઈ.સ.ની ચૌદમી શતાબ્દી પહેલાંનો માનવો પડે.

આ પુરાણની રચના સાદી સંસ્કૃતભાષામાં કરવામાં આવી છે. એક જ છંદ, અનુષ્ટુપનો પ્રયોગ થયેલો છે. તેની એક પ્રત સંવત્ 1731 માં લખાયેલી, પૂનાની ભાંડારકર ઓરિએન્ટલ ઈન્સ્ટીટ્યૂટમાંથી મળી હોવાનું પુરાતત્ત્વવિહ ડૉ. ભોગીલાલ સાંડેસરા નોંધે છે.[31] આથી તેની રચના ઈ.સ. ની સોળમી સદી પહેલાં થઈ હોવાનું નિશ્ચિતપણે કહી શકાય.

આ પુરાણમાં અઢાર અધ્યાયો અને 780 શ્લોકો છે. મલ્લવિદ્યાનું શિક્ષણ આપતું આ પુરાણ છે. આમાં ધર્મારણ્યક્ષેત્રના 'मयूरम् बालम्' કે 'देवमालम्' નો સ્પષ્ટ ઉલ્લેખ છે. જે મોઢેરા પાસે બતાવ્યું છે. પુરાણની શરૂઆત નારદ અને બ્રહ્માના સંવાદથી થાય છે. જેમાં દેવમાલનું સુંદર વર્ણન કરવામાં આવ્યું છે. તેનાં ચારેય યુગોનાં જુદાં જુદાં નામો દર્શાવ્યા છે. જેમાં સત્યુગમાં રત્નમાલ, દ્વાપરયુગમાં કનકમાલ, ત્રેતાયુગમાં મયૂરબાલ અને કળિયુગમાં દેવમાલ-દેલમાલ જણાવવામાં આવ્યા છે. ભગવાન શ્રીકૃષ્ણ અને બલરામ મથુરાથી દ્વારકા જતાં ધર્મારણ્યના આ નગરમાં રોકાયા હતા. ત્યાં અગ્નિહોત્રી બ્રાહ્મણો નિવાસ કરતા હતા. તેથી કહેવામાં આવ્યું છે. કે આ નગર યજ્ઞધૂપથી સતત આચ્છાદિત રહેતું હતું. અહીં નગરની પૂર્વ દિશાએ વૃદ્ધિસર નામક તળાવ આવેલું હતું. તેના કાંઠા પર પાલિની દેવીનું સ્થાનક હતું. એવું પણ વર્ણન થયેલું છે કે, ભગવાન શ્રીકૃષ્ણ અને

બલરામજીનું સ્વાગત આ ગામના લોકોએ કર્યું અને બન્ને ભાઈઓ ત્યાં કેટલોક વખત રોકાઈ ગયા. તેમના એકનિષ્ઠ ભક્ત ગર્ગ ગોત્રના સોમેશ્વરને મલ્લવિદ્યાનો અભ્યાસ કરાવ્યો. મલ્લોના જ્યેષ્ઠી, આંતરજ્યેષ્ઠી, ગોપ અને ભવિષ્ય નામના ચાર પ્રકારો ગણાવવામાં આવ્યા છે. તેઓ એક એકથી ઉતરતી કોટિના મલ્લો છે. જ્યારે લક્ષણો પરથી અન્ય પ્રકારો - (1) अस्थिरसार, (2) मांससार, (3) मेदसार, (4) अस्थिमेदसार, (5) अस्थिमांससार તથા ગજ, સિંહ, વૃષભ અને મૃગ - એ ચાર પ્રકારના મલ્લોની વાત તેમનાં લક્ષણોનો નિર્દેશ કરી રજૂ કરવામાં આવી છે.

આ ઉપરાંત, મલ્લકુસ્તીના વિભિન્ન દાવપેચો, મલ્લવિદ્યાના સોળ પ્રકારો,મર્દન અથવા મસાજનાં લક્ષણો અને ફાયદાઓ વિવિધ આસનો, કસરત કરતી વખતે જાળવવાના નિયમો, કસરતોના ફાયદાઓ, કસરતોના સોળ પ્રકારો, તંદુરસ્તીની જાળવણી, રોગનાં કારણો અને તેના ઉપાયો, મલ્લ-સ્પર્ધાઓ, મલ્લશાસ્ત્રનો સાર, મલ્લોની દિનચર્યા વગેરેનો નિર્દેશ કરવામાં આવ્યો છે. મલ્લોના બાર ગોત્રો, પ્રવરો અને વેદશાખાઓનું પણ વર્ણન કરવામાં આવ્યું છે. અંતમાં સોમેશ્વરનું બલરામ સાથે મલ્લયુદ્ધ અને શ્રીકૃષ્ણ દ્વારા લીમડાના ઝાડમાંથી યોગમાયા निम्बजा નું સર્જન વગેરે બાબતો રજૂ થયેલી છે. જ્યેષ્ઠીમલ્લો દ્વારા અષાઢ માસમાં દેવી નિમ્બજા (કે લિમ્બજા) ની પૂજા-ઉપાસના થાય છે. દેવમાલમાં નિમ્બજાદેવીનું મંદિર આજે પણ વિદ્યમાન છે.

ભારતમાંથી મળી આવતા મલ્લશાસ્ત્રના ગ્રંથોમાં આ પુરાણનું વિશિષ્ટ યોગદાન છે. આ પુરાણની એક અનેય વિશેષતા તેમાંથી મળી આવતા ગુજરાતી શબ્દો છે. વડોદરા વિશ્વવિદ્યાલયના પ્રાચ્યવિદ્યા, મંદિરે, ગાયકવાડ પ્રાચ્ય ગ્રંથમાળામાં ડૉ. ભોગીલાલ જે. સાંડેસરા અને ડૉ. આર.એન. મહેતાએ સંશોધન કરી આ ગ્રંથનું પ્રકાશન કર્યું છે.

## (3) વાયુપુરાણ કે વાયુવાટ્પુરાણ :

ગુજરાતની અનેકવિધ જ્ઞાતિઓમાં વાયડા નામ ધરાવતી બ્રાહ્મણો તથા વૈશ્યોની એક જ્ઞાતિ છે. વાયડાઓનું આદિ વતન વાયટપુર અથવા હાલનું વાયડ ગામ છે. તેને સ્કંદપુરાણ તથા વાયુપુરાણમાં પવનપુર અથવા વાયુનગર તરીકે ઓળખાવવામાં આવેલું છે. આ વાયડ ગામ મહેસાણા જીલ્લાના પાટણ શહેરથી વાયવ્ય દિશામાં 15 (પંદર) માઈલ દૂર છે.[40] પુરાણપ્રસિદ્ધ मरुतोत्पत्तिप्रसङ्ग[41] અનુસાર જન્મેલો દીતિના 49 બાળકોનું સંવર્ધન વાડવઋષિએ કર્યું. તેમણે આ બાળકોની સેવા માટે 24000 બ્રાહ્મણો અને 48000 વૈશ્યો ઉત્પન્ન કર્યા. આ બ્રાહ્મણો અને વૈશ્યો ગામના નામ પરથી વાયડા બ્રાહ્મણ અને વૈશ્ય તરીકે જાણીતા થયા. વાયુપુરાણમાં જણાવ્યા પ્રમાણે આ ગામ વેદના પઠન અને પાઠનના ઘોષથી નિત્ય ગૂંજતું હતું.[42] આ વાયુપુરાણ કે વાયુવાટ્પુરાણ આ બ્રાહ્મણ-વૈશ્ય વાયડા જ્ઞાતિનું જ્ઞાતિપુરાણ છે.

આ પુરાણમાં કુલ 568 શ્લોકો અને ચૌદ અધ્યાયો છે. કચ્છની એક પ્રતમાં 632 શ્લોકો મળી આવે છે. આ પુરાણમાં વાયુદેવ તથા હનુમાનની ઉત્પત્તિની કથાઓ મળી આવે છે. તદુપરાંત વાયડા બ્રાહ્મણોનાં ગોત્રો, પ્રવરો અને વૈદિકશાખાઓની નોંધ પણ આપવામાં આવી છે. આ પુરાણનો મુખ્ય આધાર સ્કન્દપુરાણમાંથી અક્ષરશઃ લેવામાં આવ્યા છે. સ્કન્દપુરાણના નાગરખંડમાંથી અધ્યાય 4 થી 7, 12, 14 થી 16 અને 25 થી 29 લઈને તેમાં વાયડ નગરને અનુકૂલ કેટલાક ફેરફારો કરી, આ પુરાણની રચના કરી હોવાનું માલૂમ પડે છે. વાયુમહાપુરાણમાંથી પણ કેટલીક વિગતો આ પુરાણમાં લેવામાં આવી છે. બેઝવાડાથી મળી આવેલી આ પુરાણની અન્ય પ્રતમાં દશ અધ્યાય વધારે છે. જેમાં વાયડનગર અને વાયડા જ્ઞાતિની કેટલીક વિશિષ્ટ વિગતો મળી આવે છે. જેમ કે, અત્રિના પુત્ર વાડવે

આ સ્થળે તપસ્યા કરેલી અને મરુ તથા ધન્વની સંધિ પર નિવાસ કરેલો.[43] આ વાડવ જ વાડવાદિત્ય ઋષિ તરીકે પ્રખ્યાત થયેલા. તેમણે માનસી પ્રજા ઉત્પન્ન કરવા અયોનિજ કુશમાંથી બ્રાહ્મણો તથા વૈશ્યો ઉત્પન્ન કર્યા, તેઓ બધા વાયડા કહેવાયા.[44] અહીં (વાડવનગરમાં) એક વાવ બનાવીને તેના કાંઠા ઉપર ઋષિએ નિવાસ કર્યો. ત્યાં સૂર્યકુંડ, મહેશ્વરકુંડ, વિષ્ણુકુંડ અને બ્રહ્મકુંડ એમ ચાર કુંડો હતા.[45] આ વાવનું નામ સંજીવનીવાવ હતું. તેને વાયડનગરની ગ્રામદેવતા કહી, લેખક તેને વાયડા ગામમાં વિદ્યમાન ગણાવે છે. આ ઉપરાંત, વાયડનગર બનાસ કે બાણનદીના કિનારે આવેલું છે. એવી વિગત પણ પ્રાપ્ત થાય છે. બનાસનદીના બાણ, સુલોચના, સુવહા અને દ્વિનાશિની જેવા અન્ય નામોનો ઉલ્લેખ પણ પુરાણકાર કરે છે.

આ પુરાણની રચના પંદરમી સદીથી અર્વાચીન લાગતી નથી. વાયડા જ્ઞાતિ દશમી-અગિયારમી શતાબ્દી પહેલાંથી જાણીતી હોવાનું શિલાલેખો તેમજ અન્ય પ્રશસ્તિઓ પરથી માલૂમ પડે છે. આ જ્ઞાતિના કેટલાક વૈશ્યો જૈનાવલંબી થઈ ગયેલા. જૈન સંપ્રદાયમાં તેમનો ‘વાયડગચ્છ’ જાણીતો છે. આ લોકોમાં રાસિલ્લસૂરિ, જીવદેવસૂરિ, જિનદત્તસૂરિ અને અમરચંદ્રસૂરિ જેવા સંસ્કૃત-પ્રાકૃતના મહાપંડિત થઈ ગયા છે. કરણ ઘેલાની હાર બાદ વાયડનો વિનાશ મુસ્લિમોના હાથે દિલ્હીના સુલતાનોના શાસન દરમિયાન ચૌદમી સદીના પ્રથમ ચરણ બાદ થયો હતો. એવા ડૉ. શિવપ્રસાદ રાજગોરના વિધાનના આધારે પણ આ પુરાણનો રચનાકાળ ઈ.સ.ની પંદરમી સદી પહેલાનો નોંધી શકાય.

## (4) વાલખિલ્યપુરાણ :

વાલખિલ્યપુરાણ ગુજરાતની ઝારોળા જ્ઞાતિનું જ્ઞાતિપુરાણ છે. આ જ્ઞાતિના બ્રાહ્મણો તથા વૈશ્યો ઝારોળા નામથી ઓળખાય છે. વૈશ્યોમાં દશા તથા વિશાના ભેદો જોવા મળે

છે. આ જ્ઞાતિનું નામ 'ઝારોળા' શાંથી પડ્યું, તેની કોઈ પ્રમાણભૂત, માહિતી આ પુરાણમાંથી મળતી નથી. પરંતુ વાલખિલ્યપુરાણ તથા દ્વિજમંગલસ્તોત્ર'માં જણાવવામાં આવ્યું છે કે, જાલ્યોધર નામનું એક નગર હતું. નગરના આવા નામ પરથી જ્ઞાતિનું નામ 'ઝારોળા' પડ્યું હોય એવું અનુમાન કરી શકાય છે. ગુજરાતની કેટલીક જ્ઞાતિઓ રાજસ્થાનમાંથી ઊતરી આવેલી છે. રાજસ્થાનમાં ઝારોળનગર (ઝાલરાપત્તન) જાણીતું છે. તેને સંસ્કૃતમાં જાબાલિપુર તરીકે ઈતિહાસકારોએ ઓળખાવેલું છે. આથી અનુમાન કરી શકાય છે કે જાલ્યોધરમાં વસતા બ્રાહ્મણો તથા વૈશ્યો પૂર્વકાળમાં જાલોરનગરમાંથી આ બાજુ સ્થળાંતર કરી આવેલા હોય અને તેમણે વાલખિલ્યાશ્રમ પાસે આવેલા આદિસ્થાન ઝાલોરમાં વસવાટ કર્યો હોય અને નગરનું નામ જાલ્યોધર રાખેલું હશે. જૈનસંપ્રદાયમાં 'જાલ્યોધરગચ્છ' દસમી સદીથી પ્રચારમાં આવેલો હોવાના ઉલ્લેખો કેટલાક શિલાલેખો તથા પ્રશસ્તિગ્રંથોમાં મળી આવે છે.[47]

વાલખિલ્યોની ઉત્પત્તિ વિશે આ પુરાણ કહે છે કે, ભગવાન શંકરના લગ્ન વખતે બ્રહ્મા પુરોહિત બનેલા પર્વતીની સુંદરતાનું દર્શન કરતાં તેમનું વીર્ય સ્ખલિત થયું, તેમાંથી વાલખિલ્યો પ્રકટ્યા.[48] આ વાલખિલ્યોની સંખ્યા અઢાર હજારની હતી, તેઓ વાલખિલ્યાશ્રમ પાસે વાલખિલ્યનગરમાં રહ્યા. તેમની સેવા કરવા માટે બ્રહ્માએ છત્રીસ હજાર વૈશ્યોને ઉત્પન્ન કરી, તેમની પાસે રાખ્યા.[49] આ ઉપરાંત આ પુરાણમાં વાલખિલ્યનગરનું વર્ણન, ત્યાંના તીર્થો, મંદિરો, કુંડો અને વાવોના માહાત્મ્યો, ઝારોળા બ્રાહ્મણોનાં ગોત્રો, પ્રવરો અને શાખાઓ તથા પંદર ગોત્રદેવીઓની વિગતો, તેમની ઈષ્ટદેવી હીમજા કે હીંબડાનું ચરિત્ર તેમના લગ્ન વખતના રીતરિવાજો તથા મૃત્યુ પછીની ક્રિયાઓ વગેરેની માહિતી મળે છે. વાલખિલ્યનગરમાંથી 505 બ્રાહ્મણો દ્વારકા જઈ વસેલા, તેમણે ગૂગળનો હોમ કરી રાક્ષસોનો નાશ કરેલો તેથી તેઓ 'ગૂગળી' નામથી જાણીતા થયેલા.[50] પાશુપત સમ્પ્રદાયના સિદ્ધાંતો

પ્રમાણે ગુજરાતમાં પ્રચલિત શૈવમાર્ગની વિશિષ્ટતાઓની સાથે સાથે શક્તિપૂજાનું મહત્ત્વ જોડી દઈ, કુલદેવી હિમજાના કાર્યો, તત્સંબંધી આખ્યાયિકાઓ સ્તોત્રો વગેરે પણ વર્ણવ્યા છે. ઝારોળા વૈશ્યોમાંથી કેટલાક ડીસામાં જઈને રહ્યા હતા, તેમણે ત્યાંના રીતરિવાજો અપનાવી લીધા હતા. એમ પુરાણકાર કહે છે.[51] ઝારોળા વૈશ્યોના બે પ્રકારો સાંબાદિત્ય અને રતીશ્વર હતા, એમ પણ નોંધાયેલું છે.[52] એવું લાગે છે કે, આ પુરાણના રચનાકાળે તે પ્રકારો પ્રવર્તમાન હશે. આજે તો માત્ર દશા-વિશા એ બે જ ભેદો જોવા મળે છે. અર્ણનાશા (બનાસ) નદીના તીર ઉપરનાં તીર્થોનાં માહાત્મ્યો પણ વર્ણવાયેલાં છે. બનાસનદી માટે અરુણા, બાણા, વલમ, બાણનાશા, સુલોચના, સુવહા, શિવકામધૃક્ જેવાં અન્ય નામો પણ છે. પરંતુ 'અર્ણનાશા' કેવળ વાલખિલ્યપુરાણ જ પ્રયોજે છે.

આ પુરાણમાં 93 અધ્યાયો અને 6670 શ્લોકો છે. આ પુરાણ સ્કન્દપુરાણનો એક ભાગ હોવાનું તેની પુષ્પિકામાં કહેવામાં આવે છે.[53] પરંતુ વેંકટેશ સ્ટીમ પ્રેસ તરફથી પ્રકાશિત થયેલ સ્કન્દપુરાણમાં વાલખિલ્યખંડ જોવા મળતો નથી. તેથી આ એક સ્વતન્ત્ર જ્ઞાતિપુરાણ હોય તેમ લાગે છે. આ પુરાણના સંપાદક ડૉ. એસ.કે.દવે અનેક આધાર-પુરાવાઓ સાથે આ પુરાણ ઈ.સ.ની સત્તરમી સદી પછી રચાયું હોવાનું જણાવે છે.[54]

વાલખિલ્યપુરાણ એ સ્કન્દપુરાણ તથા અન્ય મહાપુરાણોને લક્ષમાં રાખી સંકલિત થયેલું જ્ઞાતિપુરાણ હોઈ, વાલખિલ્યસમાજની સમાજપ્રતિષ્ઠા, અર્બુદક્ષેત્રની વિશિષ્ટતા અને તત્કાલીન ધર્મવ્યાપકતા અને સાંપ્રદાયિક હરિફાઈઓ હોવા છતાં સર્વધર્મસમન્વય અને આચારલક્ષણ પુરાણશૈલીમાં રજૂ કરે છે અને વાલખિલ્યોની સર્વોપરિતા સરલશૈલીમાં રજૂ કરે છે. અને વાલખિલ્યોની સર્વોપરિતા સરલશૈલીમાં દર્શાવે છે. સાહિત્યિક મૂલ્યાંકનની દૃષ્ટિએ પુરાણકાર ગ્રંથારંભ નમસ્કારથી કરે છે. ગણપતિ અને ગુરુને નમસ્કાર કરી બ્રહ્મા, શંકર અને કુલદેવી હિંબડીની સ્તુતિ દ્વારા વસ્તુ-નિર્દેશ કરવામાં આવ્યો છે. પ્રથમ અધ્યાયમાં

મહાબુદ્ધિશાળી સૂત પૌરાણિકને ઋષિઓ પ્રશ્ન કરે છે. અને સૂત પૌરાણિક નમ્રતાપૂર્વક તેમના સંશયાત્મક પ્રશ્નોના જવાબોમાં જ પરોક્ષ રીતે પુરાણશૈલીના લક્ષણ જણાવે છે. તે પ્રમાણે પુરાણકથા શ્રવણ કરનારાઓને પાવન કરનારી, વેદનું અધિષ્ઠાન જેમાં મુખ્ય છે, તેવી સાંભળનારના ચિત્તને હરનાર, સાત સાધનયુક્ત નવરસ અને આઠગુણથી રંજિત થયેલી, ઉત્પત્તિ-સ્થિતિ અને સંહારાદિ નવગુણોથી વ્યાપ્ત, દશ દોષરહિત પુરાતનકથા હોવી જોઈએ.[55] પુરાણ શૈલીનું વિશેષ કરીને આ પુરાણમાં સ્વીકારાયેલ પદ્ધતિનો પરિચય કરાવી રજૂઆત કરી છે. આ પુરાણની ભાષા ખૂબ જ સાદી અને સરળ છે. તથા તેમાં ક્લિષ્ટ પ્રયોગો અને કઠિન શબ્દો કવચિત જ જોવા મળે છે. જો કે, પુરાણકારે ઘણા અધ્યાયોમાં સ્કન્દપુરાણ અને અન્ય પુરાણાદિ ગ્રંથોમાંથી શ્લોકો અનો કોઈ કોઈ અધ્યાયો સીધે સીધા સામાન્ય ફેરફારો સાથે લીધા છે અને આમાં સંકલિત કર્યા છે, તેટલા પૂરતી શૈલી સંકલનકારની ન ગણી શકાય તો પણ સ્થળમાહાત્મ્ય દર્શાવતા અનેક પ્રસંગોમાં મૌલિક રજૂઆતો છે. આવા અધ્યાયોમાં અને સર્વત્ર પુરાણમાં તેમની રજૂઆતકલાના દર્શન થાય છે.

## (5) શ્રીમાલપુરાણ :

શ્રીમાલપુરાણમાં શ્રીમાળી જ્ઞાતિનો ઈતિહાસ છે. શ્રીમાળી બ્રાહ્મણો, વણિકો અને સોનીઓનું આ જ્ઞાતિપુરાણ છે. શ્રીમાળ એ ગુજરાત અને રાજસ્થાનની સરહદે આવેલું પ્રાચીન મહાનગર હતું. જેની સમૃદ્ધિ અને વિનાશની કથા, આનુષંગિક પ્રસંગો, ઈતિહાસ, સામાજિક પરિસ્થિતિઓનું વર્ણન અહીં જોવા મળે છે. ગુજરાતની બીજી બધી જ્ઞાતિઓમાં શ્રીમાળી જ્ઞાતિ અતિ પ્રાચીનકાળથી ઊતરી આવી હોવાના અનેક પૂરાવાઓ પ્રાપ્ત થાય છે. શ્રીમાળનગરના મૂળ નિવાસી હોવાના કારણે જ આ જ્ઞાતિનું નામ 'શ્રીમાળી' પડ્યું છે. આ પુરાણમાં શ્રીમાલ નગરની શ્રી અને સમૃદ્ધિનો પૂર્ણ અહેવાલ આપવામાં આવ્યો

છે. ગુજરાત-રાજસ્થાનની સરહદે આવેલા આ મહાનગરની સ્થાપના ઈ.સ.ના બીજા કે ત્રીજા સૈકામાં થઈ હોવાનું ઈતિહાસ કહે છે.[56] ગુજરાતની રાજધાનીઓ સત્તાની ઉથલ-પાથલમાં અનેક સ્થળોએ બદલાતી રહી છે, તેમાં અનુક્રમે ગિરિનગર, વલ્લભી, શ્રીમાલ અને પછી અણહિલપુર પાટણ આવે છે. એટલે એમ લાગે છે કે, શ્રીમાલનગર એક વખત ગુજરાતપ્રદેશ અને ગુર્જરરાજાઓની ભવ્ય ભૂતકાળ ધરાવતી નગરી હતી. શ્રીમાલનગરનો ભંગ અનેકવાર થયો હતો. પરંતુ તેરમી સદીમાં તેનો ભયંકર રીતે નાશ થયો અને ત્યાંની પ્રજાનો મોટો ભાગ ગુજરાતના પાટનગર પાટણમાં આવીને વસ્યો. તે વખતે શ્રીમાળના બ્રાહ્મણો ભગવતી મહાલક્ષ્મી અને જગત્સ્વામીની પ્રતિમાઓ લઈ પાટણમાં આવ્યા અને તેમની સ્થાપના કરી. આજે પણ આ પ્રતિમાઓ પાટણના મહાલક્ષ્મી મંદિરમાં છે.

આ પુરાણ સિંધી બ્રાહ્મણો અને શ્રીમાળી બ્રાહ્મણો વચ્ચેના કલહની કથા વિસ્તારથી રજૂ કરે છે.[57] સિંધી બ્રાહ્મણોના વિભાગ અને ભિન્નમાલના શ્રીમાળીઓ વચ્ચે કલહ કદાચ દાન, દક્ષિણા કે ગરાસના કજિયાને કારણે થયો હોવાનું સંભવ છે. સારિકા નામની રાક્ષસી કે જેને સિંધી બ્રાહ્મણોએ શ્રીમાળી કન્યાઓનું અપહરણ કરવા મોકલેલી તે ભીલ કે મીના જાતિની સ્ત્રી હોવાની શક્યતા છે કારણકે આ પ્રદેશમાં શ્રીમાલનું 'ભિલ્લમાળ' નામ સૂચવે છે, તેમ ભીલોની ઘણી વસ્તી હતી. શ્રીપુંજ રાજાએ ઉજ્જડ શ્રીમાળને ફરી વસાવ્યું હતું. સિંધના આરબોના હુમલાને કારણે તેને ઘણું સહન કરવું પડ્યું હશે. ઈ.સ. 844 માં એનો વિનાશ આરબ હુમલાને કારણે થયો હશે. ઈ.સ. 438 અને ઈ.સ. 644 માં પણ તેનો નાશ થયો હતો.[58]

શ્રીમાલપુરાણમાં શ્રીમાલનગરનું સુંદર અને વિસ્તૃત વર્ણન, ઐતિહાસિક દૃષ્ટિએ શ્રીમાળી બ્રાહ્મણો તથા વૈશ્યોની ઉત્પત્તિ, તેમનાં ગોત્રો,પ્રવરો, શાખાઓ, કુલદેવીઓ,

ગોત્રદેવીઓ, આચાર-વિચાર, રીતરિવાજો વગેરેના વર્ણનો મળી આવે છે. સૂર્યપૂજા, જગત્સ્વામીની સ્થાપના તેમજ તેમના ઉત્સવો, તહેવારોની વિગતો, શ્રીમાળી વૈશ્યોના ભેદો, શ્રીમાળી સોનીઓની ઉત્પત્તિ, તેમનાં ગોત્રો, અટકો અને રીતરિવાજોની વિગતો પણ મળી આવે છે. શ્રીમાળનગરનો અદ્યતન ઈતિહાસ, આ પુરાણના લેખકે જાણે કે જાતે જ અનુભવી-જોઈને લખ્યો હોય એવી પ્રતીતિ થાય છે. કદાચ તે પરંપરાગત સચવાયેલી હકીકતોના આધારે રચાયો હોય તો પણ ચૌદમી શતાબ્દી પહેલાં રચાયો હોય એમ નિઃશંક લાગે છે. કારણકે આ પુરાણના પંચોતેરમાં અધ્યાયમાં મહાલક્ષ્મી શ્રીમાલના બ્રાહ્મણોને કહે છે કે- '' હું સંવત 1203 માં શ્રીમાલ છોડી, પાટણ જઈશ અને સુનંદ વૈશ્યની પ્રાર્થનાથી ભગવતી મહાલક્ષ્મી, તે વર્ષની વૈશાખ સુદ આઠમના દિવસે ગુજરાત રાજ્યના પાટણ નગરમાં પધારી, ત્યારથી શ્રીમાલ શૂન્ય થઈ ગયું. અને તેનું નામ ભિન્નમાલ પડ્યું.''[59] આ બાબતથી સિદ્ધ થાય છે કે, શ્રીમાલપુરાણની રચના 13 મી શતાબ્દી પછી થઈ હશે. આ પુરાણના દરેક અધ્યાયના અંતે સ્કન્દપુરાણના બ્રાહ્મખંડના શ્રીમાલમાહાત્મ્યનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.[60] પરંતુ વેકેંટશ સ્ટીમ પ્રેસ દ્વારા પ્રકાશિત સ્કન્દપુરાણના બ્રાહ્મખંડમાંથી શ્રીમાલમાહાત્મ્ય મળતું નથી, તેથી અનુમાન કરી શકાય છે કે, આ શ્રીમાલજ્ઞાતિનું પુરાણ અગર તો માહાત્મ્ય સ્વતંત્રપુરાણ છે અને તેની રચના ચૌદમી શતાબ્દીના અંતપૂર્વે થઈ હોય, તેમ કહી શકાય.

આ પુરાણમાં કુલ 3800 શ્લોકો છે અને તે પંચોતેર અધ્યાયોમાં વિભક્ત થયેલું છે. તેની ભાષા સદી પૌરાણિક-સાહિત્ય પ્રકારની છે. ઈ.સ. 1899 માં સ્વ.શ્રી જટાશંકર લીલાધર તથા શ્રી કેશવજી વિશ્વનાથે ગુજરાત આર્ય ઔષધશાળા, અમદાવાદમાંથી ગુજરાતી ભાષાંતર સાથે આ પુરાણનું પ્રકાશન કરેલું છે. ઉપરાંત ડૉ. આર.એન. મહેતાએ ઊંડો અભ્યાસ કરી આ પુરાણની સાચી હકીકતોના અભ્યાસપૂર્ણ લેખો લખ્યા છે.

## (6) સાચીહરાપોખ્યાન (સાચોરાપુરાણ) :

ગુજરાતમાં સાચીહર-સાચોરા બ્રાહ્મણોની એક જ્ઞાતિ છે. તેમનું મૂળ વતન મારવાડમાં આવેલું હાલનું સાચોર ગામ છે. 'સરસ્વતીપુરાણ'માં સિદ્ધરાજના પંડિત પ્રવર કેશવવ્યાસ આ જ સાચોર નગરથી પાટણમાં આવેલા એવો ઉલ્લેખ મળી આવે છે.[61] ચૌલુક્ય મૂળરાજ સોલંકીના એક દાનપત્રમાં સાચોર મંડળના એક ગામનું દાન પોતાના ગુરુ પાશુપતાચાર્યને આપ્યું હોવાની નોંધ મળી આવે છે.[62] સાચીહરોપાખ્યાનનો આધાર લઈને સાચોરા બ્રાહ્મણો વિશે ડૉ. શિવપ્રસાદ રાજગોરનું મંતવ્ય છે કે-

''સાચોરા બ્રાહ્મણો અગ્નિહોત્રી હતા. મહમૂદ ગઝનીની ફોજ પાછી જતી હતી ત્યારે તેઓએ સાચોરમાં લૂંટફાટ ચલાવી, અગ્નિકુંડો તોડી નાખીને પેશાબ કરી તેમને અપવિત્ર કર્યા હતા. આથી તેઓ બાલાર્ક, તરુણાર્ક, વૃદ્ધાર્ક વગેરેની મૂર્તિ લઈને સરસ્વતીના તીરે આવ્યા. જ્યાં બહુચરણા માતાનું સ્થાનક છે. કેટલાક આમ બસ્સો ગાઉ દૂર મેવાડ, મારવાડ અને ગુજરાતનાં સ્થાનોમાં આવીને વસ્યા.''[63]

સ્કન્દપુરાણના બ્રાહ્મણોત્તરખંડમાં આ નગરનું નામ 'સાચીહર' કેમ પડ્યું તેની કથા છે. શાકલ્ય ઋષિની પુત્રી સાચીની ઈચ્છાથી વિશ્વકર્માએ 'સાચીહર' નગર અથવા સતીપુર કે સાચોરની રચના કરી અને તેમાં છત્રીસ ગોત્રના ઋષિપુત્રોને વસાવ્યા. આ સાચોર ગામના વતની બ્રાહ્મણો હાલ સાચોરા બ્રાહ્મણો તરીકે પ્રસિદ્ધ છે. આ સાચોરા બ્રાહ્મણજ્ઞાતિનું આ સાચીહરોપાખ્યાન જ્ઞાતિપુરાણ છે. આ જ્ઞાતિપુરાણના લેખકનું માનવું છે કે, સાચીહર એક મોટો ભૂ-વિભાગ છે. તેમાં અગ્નિખંડ, સારહદ્દ, પારસ્કર અને સાચીહર આવેલા છે. આજે પણ આ નામો રાજસ્થાનમાં પ્રચલિત છે. પારસ્કરને બદલે પારકર થયું છે. ત્યાં મરુચંડેશ્વર મહાદેવ છે. તેની ઉત્તરે મારવાડ અને દક્ષિણે ગુજરાત આવેલું છે. આ મુખ્ય નગર આ

પુરાણકારે સતીપુર તરીકે ઓળખાવ્યું છે. આ શહેરના મુખ્ય અધિષ્ઠાત્રી ભગવાન શિવના પત્ની અને દક્ષના પુત્રી સતી દાક્ષાયણી છે. આ દેવી સાચોરા બ્રાહ્મણોની ઈષ્ટદેવી છે. સતી દાક્ષાયણીએ અહીં નગર વસાવી ગૌડ, શ્રીમાળ વગેરે સ્થળોએથી બ્રાહ્મણોને બોલાવી વસાવ્યા હતા.[64] સાચી નામની શાકલ્ય ઋષિની પુત્રીએ અહીં શિવની આરાધના કરી હતી અને તેમને પ્રસન્ન કર્યા હતા, તેથી આ સ્થળનું નામ 'સાચીહર' પડ્યું.[65] તેની એક સખી જયંતી નામની હતી, તે શાપથી ક્ષારયુક્ત લુણી નામની નદી બની ગઈ હતી અને તે સાચીહર પાસે વહે છે, એવું વર્ણન મળી આવે છે. આમ, સાચીહરનગરનો ઈતિહાસ આપી, તેનું વર્ણન આ પુરાણમાં આપવામાં આવ્યું છે.[66] ઉપરાંત, સાચોરા બ્રાહ્મણોની ઈષ્ટદેવી સતી દાક્ષાયણી અને કુળદેવી પ્રત્યંગિરાને ગણાવવામાં આવેલી છે. આ દેવીએ અહીં 2700 બ્રાહ્મણોનો સમૂહ વસાવેલો.[67] શ્રીમાળના બ્રાહ્મણોની માફક કોકિલમત છે. તેમના કેટલાક રીતરિવાજો બીજા કરતાં જુદા પડે છે.[68] ત્યારબાદ આ નગરના તીર્થો, મંદિરો, દેવો, વગેરેના વર્ણનો આપવામાં આવ્યા છે. તે પછી ઉપરોક્ત બ્રાહ્મણોના ગોત્રો, પ્રવરો, વેદ-શાખાઓ વગેરેની વિગતે માહિતી આપવામાં આવી છે.[69] છેલ્લે-છેલ્લે આખ્યાનકારે ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિ કરવાનો આદેશ આપેલો છે.[70]

સાચોરા બ્રાહ્મણો વૈષ્ણવ મંદિરોમાં મોટાભાગે મુખિયાજી તરીકે સેવા કરે છે. તેમની ગણતરી પંચદ્રવિડોમાં કરવામાં આવી છે. આ સાચીહરોપાખ્યાનમાં છ અધ્યાયો અને 692 શ્લોકો છે. શ્લોકોનો ક્રમાંક સળંગ આપવામાં આવેલો છે. આ પુરાણના લેખક તરીકે બાલકૃષ્ણ શાસ્ત્રીને જણાવવામાં આવ્યા છે. તેમણે પોતાની ઓળખાણ પોતાના મુખ્ય પૂર્વજ મધુસૂદન પંડ્યાના વંશજ તરીકે આપી છે. તેઓ સંવત્ 1601 માં વિદ્યમાન હતા, એમ જણાવવામાં આવ્યું છે. તેમનું મૂળવતન માળવાનું લોરવા ગામ છે, એમ કહેવામાં આવ્યું

છે. તેમની વંશાવળીમાં પાંચમી પેઢીએ આ બાલકૃષ્ણ શાસ્ત્રી આવે છે. આથી આ ગ્રંથ મૂળપુરુષ પછી સો વર્ષે રચાયેલો હોવાનું માની લઈએ તો એની રચના સંવત 1800 ની આસપાસમાં થઈ હશે, એમ કહી શકાય.

## (7) સિદ્ધવાટિકા માહાત્મ્ય :

ગુજરાતની ડીસાવાળ જ્ઞાતિનું આ જ્ઞાતિપુરાણ છે. ગુજરાતની ઉત્તરે બનાસ નદીના કાંઠા પર ડીસા આવેલું છે, તે આ જ્ઞાતિનું ઉદ્‌ભવસ્થાન છે. તેથી આ જ્ઞાતિના બ્રાહ્મણો તથા વૈશ્યો ડીસા-દીશાવાળ કહેવાય છે. આ માહાત્મ્યમાં ડીસાને દશ્યપુર તરીકે ઓળખાવેલ છે. અહીં બ્રહ્માએ બ્રાહ્મણો તથા વૈશ્યોને વસાવ્યા હોવાની વિગતો પણ આ માહાત્મ્યમાં મળી આવે છે. તેમનાં ગોત્રો, ગોત્રદેવીઓ, રીતરિવાજો, તીર્થો, આશ્રમો અને મંદિરોનાં વર્ણનો પણ મળી આવે છે. આ ગ્રંથમાં બનાસ નદીનાં ચારેય યુગોનાં જુદાં જુદાં નામો ગણાવવામાં આવ્યાં છે. સત્યયુગમાં વલજા, ત્રેતામાં શિવ કામધુક્, દ્વાપરમાં નંદિની અને કળિયુગમાં બાણનાશા-બણાશા-વર્ણાશા-બનાસ છે. દશ્યપુરનું રક્ષણ કરવા માટે બ્રહ્માએ યક્ષોને રાખ્યા હતા. છતાં તેનો નાશ રાક્ષસોએ કર્યો હોય, તેમ આ પુરાણ પરથી જણાય છે, સાથે સાથે એમ પણ જાણવા મળે છે કે, નવું નગર વસાવી ત્યાંના પ્રજાજનોને વસવાટ પૂરો પાડવામાં આવેલ. એવી વિગત પણ મળે છે કે, બ્રહ્માએ નાભિકપૂરમાંથી બ્રાહ્મણોને બોલાવી અહીં વસાવ્યા હતા. આ નાભિકપૂર કયું નગર હશે, તેના વિશે કશી માહિતી મળતી નથી. આ જ્ઞાતિના ઈષ્ટદેવી સિદ્ધવાટિકા ગણાય છે. તેમને 'સિદ્ધાંબિકા' પણ કહેવામાં આવે છે. તેમના વિષે કેટલીક વિગતો પણ આ પુરાણમાં રજૂ કરવામાં આવી છે. અને તે મુજબ તેમણે રાક્ષસોને મારી નાખી આ નગરના પ્રજાજનોને નિર્ભય બનાવ્યા હતા. અંતમાં દીશાવાળ જ્ઞાતિના કેટલાક રીત-રિવાજો, દીપક-સ્થાપન, ચોરીમાં આઠ ફેરા ફરવાની વિગત

તથા લગ્ન-સમયે નાગપાશ એટલે કે, વર-કન્યાને પગમાં બેડી નાખવી વગેરે બાબતોની માહિતી આ પુરાણમાંથી મળી આવે છે. ઉપરાંત સિદ્ધવાટિકાનું માહાત્મ્ય અને તે અંગેની કથાઓ પણ આપવામાં આવી છે.

આ પુરાણમાં આઠસો શ્લોકો અને વીસ અધ્યાયો રચાયેલા છે. આ પુરાણની રચના ઈ.સ.ની પંદરમી કે સોળમી સદીમાં થઈ હોવાનું અનુમાન કરવામાં આવે છે. તેના પ્રત્યેક અધ્યાયના અંતે 'ब्रह्मपुराणे उत्तरखण्डे' એવો અસ્પષ્ટ નિર્દેશ કરવામાં આવ્યો છે. પણ લાગે છે કે, આ સ્વતંત્ર જ્ઞાતિપુરાણ છે.

## (8) કોટ્યર્કપુરાણ :

કોટ્યર્કમાહાત્મ્ય એ ખડાયતા બ્રાહ્મણો તથા વૈશ્યોનું જ્ઞાતિપુરાણ છે. ગુજરાતમાં આ બન્ને જ્ઞાતિઓ પ્રાયઃ સાબરકાંઠા, મધ્યગુજરાત અને ઉત્તરગુજરાતમાં મળી આવે છે. આ પુરાણમાં કુલ 24 અધ્યાયો અને 816 શ્લોકો છે. આમાં ખડાયતા બ્રાહ્મણો તથા વણિકોનાં ગોત્રો તથા ગોત્રદેવીઓની વિગતો આપવામાં આવી છે. આ જ્ઞાતિના બ્રાહ્મણોનાં મુખ્ય સાત ગોત્રો છે. તેમની કુલદેવીઓમાં વારાહી, ખરાનના, ચામુંડા, બાલાગૌરી, સુરભિ અને આત્મછંદાના નામો ગણાવવામાં આવ્યા છે. વૈશ્યોનાં પણ અલગ અલગ ગોત્રો જણાવવામાં આવ્યા છે. જેમાં ગુંદાણું, નાંદોલું, નંદીયાણું, નાણું, નરસાણું, મેરુઆણું, વસીઆણું, ભીરઆણું, કલ્યાણું, સાવયાણું, સાલીસાણું અને કગરાણું વગેરેની નોંધ કરવામાં આવી છે. આ ગોત્રોનાં નામો વિચિત્ર હોઈ કોઈ ધર્મશાસ્ત્ર કે પુરાણમાંથી જાણવા મળતા નથી. આ ગોત્ર-નામો પણ કોઈ ગામડાં કે તેમના વ્યવસાય કે અટકો પરથી ઉપજાવ્યાં હોય, તેમ જણાય છે. તેમની કુળદેવીઓમાં ગુણમયી, નરેશ્વરી, નિત્યાનંદી, નારસિંહી, વિશ્વેશ્વરી, મહીપાલિની, ભાંડોદરી, શંકરી,સુરેશ્વરી, કાયાશ્રી, કલ્યાણી વગેરે મુખ્ય છે.

વિજાપુરથી ચાર માઈલ દૂર ખડાયત કે ખડાત (જિ. મહેસાણા) ગામ આવેલું છે. તેને લોકો ખડાત કે મહુડી નામથી પણ ઓળખે છે. તે પ્રાચીન ગામ છે. આ જ ગામના આદિ વતની બ્રાહ્મણો તથા વૈશ્યો ખડાયતા તરીકે પ્રસિદ્ધ થયા છે. આ ખડાયતાઓનું આનંદપુર (વડનગર)થી મહુડીમાં સ્થળાંતર થયું છે. તેથી તેઓ મૂળરૂપે આનંદપુરના નાગર બ્રાહ્મણો છે. તેમના ઈષ્ટદેવ 'કોટ્યર્કવિષ્ણુ' છે. આ પુરાણમાં ખડાત કે ખડાયતા નામ શાથી પડ્યું, તે અંગે એક સુંદર કથા આપવામાં આવી છે. એક સમયે વડનગરમાં ધીરેશ્વર નામનો એક ગરીબ બ્રાહ્મણ નિવાસ કરતો હતો. તેણે તેની આસપાસનાં તીર્થોની યાત્રા કરી અને ભગવાન હાટકેશ્વરની આરાધના કરી. આથી ભગવાન પ્રસન્ન થયા અને ત્યાં પ્રસન્ન થઈ કહેવા લાગ્યા કે, મેં તારા મૂળ નિવાસસ્થાન કોટ્યર્કમાં યજ્ઞ કર્યો હતો. તેમાં મુખ્ય અઢાર બ્રાહ્મણો હતા. તે બધા પર પ્રસન્ન થઈ, મેં તેમને વરદાન માંગવા કહ્યું, પણ તે બધા શું માગવું તે નક્કી ન કરી શક્યા. તેથી તેમણે ઘરે જઈને પત્નીઓની સલાહ લીધી. પણ તેમાંય વિચારભિન્નતા દેખાતાં અંદરોઅંદર ખટપટ થઈ અને સ્ત્રીઓએ તેમને હસી કાઢ્યા. આ વાત જાણીને મહાદેવે તેમને કહ્યું કે, તમારામાં ખટપટ થઈ, તેથી તમે બધા ખડાત કે ખડાયતા કહેવાશો.[71]

આ ખડાયતા ગામનાં પ્રાચીન દેવમંદિરોની વિગતો રજૂ કરતાં તેમનાં કુલદેવતા કોટ્યર્ક ભગવાનનાં મહાસ્થાન કપાલેશ્વર તથા નીલકંઠેશ્વરનાં વર્ણનો પ્રસ્તુત કરવામાં આવ્યા છે. તદુપરાંત આ પુરાણમાં ચર્મક્ષેત્ર, સૂર્યક્ષેત્ર, ગલિતેશ્વર, મહાદેવ, શુકલેશ્વરતીર્થ અને વાલ્મીકિ આશ્રમનું માહાત્મ્ય તથા તેને લગતી આખ્યાયિકાઓની ચર્ચા પણ મળી આવે છે. આ જ્ઞાતિના કેટલાક વિશિષ્ટ રીતરિવાજો-ખાસ કરીને લગ્ન-સમયે કંસારભક્ષણમાં વાલની દાળ જ કંસાર તરીકે રાખવાનો રિવાજ-વર્ણવાયેલ છે.[72] આ પુરાણની ભાષા સાવ સાદી અને વ્યાકરણની દૃષ્ટિએ અશુદ્ધ છે. તેની રચના ક્યારે થઈ હશે, તેની કોઈ નોંધ મળી

આવતી નથી. આ પુરાણના પ્રત્યેક અધ્યાયને અંતે 'इति श्री पद्मपुराणे कोट्यर्कमाहात्म्ये' એવી નોંધ મળી આવે છે. અર્થાત્, આ પદ્મપુરાણનો એક ભાગ છે. એમ સૂચિત કરવામાં આવ્યું છે. પરંતુ વેંકટેશ સ્ટીમ પ્રેસ તરફથી પ્રકાશિત થયેલ પદ્મપુરાણમાં આ માહાત્મ્ય મળી આવતું નથી, તેથી આ પુરાણની રચના સ્વતંત્ર રૂપે કરવામાં આવી હશે, એમ કહી શકાય. એક એવું અનુમાન કરવામાં આવ્યું છે કે, આ પુરાણ મોડામાં મોડું સોળમી કે સત્તરમી શતાબ્દીમાં રચાયું હશે. આ કોટ્યર્કમાહાત્મ્ય ગુજરાતી અનુવાદ સાથે સંવત 1929, ઈ.સ. 1873 માં કવિ પ્રભાશંકર શામળજીએ અમદાવાદથી પ્રકાશિત કરેલ છે.

## (9) બ્રહ્મક્ષેત્રમાહાત્મ્ય :

'બ્રહ્મક્ષેત્રમાહાત્મ્ય' કે 'પુરાતનબ્રહ્મક્ષેત્ર' તરીકે ઓળખાતા આ જ્ઞાતિપુરાણમાં ખેડાવાળ બ્રાહ્મણજ્ઞાતિનો ઈતિહાસ રજૂ કરવામાં આવ્યો છે. તેમાં 18 અધ્યાયો અને 488 શ્લોકો છે. ડૉ. શિવપ્રસાદ રાજગોર આ બ્રાહ્મણોની મોટાભાગની વસ્તી ખેડામાં રહેતી હોવાથી તેઓ ખેડાવાળ તરીકે ઓળખાતા હોવાનું જણાવે છે.[73] પરંતુ આ પુરાણાનુસાર ખેડાવાળ બ્રાહ્મણોનું મૂળ નામ 'ખેટક' છે. પુરાણકાર લખે છે-''બ્રહ્માએ બ્રહ્મક્ષેત્ર-ખેડ ગામમાં યજ્ઞ કર્યો, એ યજ્ઞમાં બ્રહ્માના પત્ની સાવિત્રી આવ્યાં નહીં, તેથી યજ્ઞમાં ઉપસ્થિત ઋષિઓમાંથી એકને સાવિત્રીને લેવા માટે મોકલ્યા. આ ઋષિ જલ્દી બ્રહ્મલોકમાં જઈ શકે તે માટે બ્રહ્માએ તેને આકાશમાં જવાની શક્તિ પ્રદાન કરી, તેના પરથી તે ઋષિના વંશજોનું નામ 'ખટક' પડ્યું.''[74] 'ખે' એટલે 'આકાશમાં' અને 'અટ્' એટલે 'ઉડ્ડયન કરવું, જવું કે ભટકવું'. અર્થાત્ જેને આકાશમાં જવાની શક્તિ પ્રદાન કરવામાં આવેલી, તે પરથી તેનું નામ 'ખેટક' પડ્યું હોવાનું આ પુરાણકારનું માનવું છે. પરંતુ આ એક પૌરાણિક કલ્પના હોવાનું માલૂમ પડે છે.

આ બ્રાહ્મણોની આજીવિકા ચલાવવા માટે બ્રહ્માએ લાટ વૈશ્યોને ઉત્પન્ન કર્યા. આ વૈશ્યોના આદિપુરુષે બ્રહ્માજીનાં આયુધો રમવા લીધાં તેથી તેનું નામ 'લાટ' પડ્યું હોવાનું પુરાણકાર જણાવે છે.[75] પરંતુ એ તો સુવિદિત છે કે, લાટ એ ગુજરાતનો દક્ષિણ પ્રદેશ છે. અને ત્યાં વસતા હોવાથી આ વૈશ્યો 'લાટ' તરીકે ઓળખાતા. પાછળથી ભાષાની દૃષ્ટિએ અપભ્રંશ થતાં 'લાટ' ના વૈશ્યો 'લાડ' તરીકે જાણીતા થયા. બ્રહ્મક્ષેત્રમાં પ્રથમ નવ બ્રાહ્મણો આવ્યા હતા, તેમાંથી નવ હજાર જેટલી તેની સંખ્યા થઈ. બોમ્બે ગેઝેટીયર વોલ્યૂમ-9 માં જણાવ્યા પ્રમાણે ઈ.સ. 1891 માં તેમની વસ્તી 20342 હતી.[76] તેમના યજમાનો આ લાડ વૈશ્યો કુલ અઢાર હજારની સંખ્યામાં થયા. આ મૂળ નવ બ્રાહ્મણોનાં પરાશર, શાંડિલ્ય, કૌશિક, વશિષ્ઠ, કાત્યાયન, વત્સ, શૃંગી, અંગિરા અને ભરદ્વાજ ગોત્રો હતાં. વૈશ્યોના અઢાર ગોત્રો હોવાની માહિતી પણ આ પુરાણમાંથી મળે છે. તેમની ગોત્રદેવીઓની સ્થાપના પણ કરવામાં આવી હતી. આજે પણ ખેડબ્રહ્મા-બ્રહ્મક્ષેત્રમાં બ્રહ્માના મંદિર સામે આવેલી બ્રહ્મવાડીમાં 27 ગોત્રદેવીઓનાં મંદિરો આવેલાં છે. ત્યાં ખેડાવાળ બ્રાહ્મણો તથા વૈશ્યો પુત્રજન્મ તથા લગ્ન વગેરે મંગલકાર્યોમાં પોતાની દેવીઓનું પૂજન કરવા જતા હોવાનું નોંધાયેલું છે. આ બ્રહ્મક્ષેત્રથી પાંચ માઈલ દૂર ખેડવા ગામ છે. લાગે છે કે, ખેડાવાળ બ્રાહ્મણોનું આ આદિસ્થાન હોવું જોઈએ. અને તેના પરથી બ્રાહ્મણોનું નામ ખેડાવાળ પડ્યું હશે, એમ પણ માની શકાય.

આ પ્રમાણે, ગોત્રો અને ગોત્રદેવીઓ ઉપરાંત ખેડાવાળોના કુલદેવી 'રજાંબા'(મહાલક્ષ્મી)ને માનવામાં આવે છે તેના વિશે કેટલીક માહિતી આ પુરાણના ચોથા અધ્યાયમાં આપવામાં આવી છે.[77] ખેડાવાળોના બે વિભાગ-બાજ ખેડાવાળ અને ભીતડા ખેડાવાળ - છે. આ બે વિભાગો પાડવાનું મુખ્ય કારણ દાનગ્રહણ કરવાનું હતું, એમ પુરાણકાર જણાવે છે. અને એક કથા પણ આ અંગે રજૂ કરે છે. ડૉ. શિવપ્રસાદ રાજગોર

પણ ખેડાવાળ બ્રાહ્મણોનો ઈતિહાસ નોંધતાં આ આખી કથાનો આધાર લે છે.[78] તદનુસાર જેમણે દાન ગ્રહણ કર્યું, તે ભીતરા ખેડાવાળ અને જેમણે દાન ગ્રહણ ન કર્યું, તે બાહ્ય ખેડાવાળ કહેવાયા. સમય જતાં આ બન્ને શબ્દો અપભ્રંશ થઈને 'ભીતડા' અને 'બાજ' બની ગયા. આમ, આ જ્ઞાતિપુરાણ ખેડાવાળ બ્રાહ્મણ જ્ઞાતિ વિશે ઘણી માહિતી પૂરી પાડે છે. બ્રહ્મક્ષેત્રના તીર્થો, મંદિરો, આશ્રમો અને તેની ચતુઃસીમાની માહિતી પણ આપવામાં આવી છે. બ્રહ્મક્ષેત્ર પ્રાચીન સ્થાન છે. ત્યાંથી પ્રાચીન અવશેષો પણ મળી આવે છે. અહીંની ભગવાન બ્રહ્માની પ્રતિમા તેમનું મંદિર અને તેની સામે આવેલી બ્રહ્મવાપી તેમજ પ્રાચીન અદિતિવાવનો શિલાલેખ આ મહાસ્થાનની પ્રાચીનતા સિદ્ધ કરે છે. વિક્રમ સંવત 1256 માં લખાયેલ અદિતિવાવના શિલાલેખમાંથી આ ખેડનગર (ક્ષેત્રનગર)નાં સત્યયુગમાં બ્રહ્મપુર, ત્રેતાયુગમાં, શંભુપુર, દ્વાપરમાં હિરણ્યપુર અને કલિયુગમાં તુલખેટ નામો હોવાનું જણાય છે.[79]

સંવત 1994 માં વડાલીના શ્રી ગણપતિશંકર જયશંકર શાસ્ત્રીએ તેના ઐતિહાસિક વિવેચન અને ગુજરાતી ભાવાનુવાદ સાથે આ જ્ઞાતિપુરાણનું સંકલન કરીને, તેને પ્રકાશિત કર્યું છે. ખેડાવાળ બ્રાહ્મણોની સાથે સાથે ગુજરાતના પ્રાચીન ઈતિહાસને જાણવા માટે આ પુરાણ ઉપયોગી સિદ્ધ થાય તેવું છે.

## (10) નાંદીપુરાણ :

નંદવાણા બ્રાહ્મણ જ્ઞાતિનું આ જ્ઞાતિપુરાણ છે. આ પુરાણમાં નાંદીમુખ (નંદવાણા) બ્રાહ્મણ જ્ઞાતિનો શાસ્ત્રીય ઈતિહાસ રજૂ થયો છે. વિક્રમ સંવત 1995 માં વજેશંકર દેવરામ બોલ, રાજકોટવાળાએ આનું સંપાદન અને દામોદર વિઠ્ઠલરામ પરખાણી, કલકત્તાવાળાએ પ્રકાશન કરેલું છે. આ ગ્રંથમાં નાંદીપુરાણ અને નાંદીમુખ માહાત્મ્ય બન્નેના મળીને કુલ

52 + 15 = 67 અધ્યાયો આપવામાં આવ્યા છે. આ પુરાણમાં દરેક અધ્યાયના અંતે પુષ્પિકામાં તેને વહ્નિપુરાણના એક ભાગ રૂપે ગણવામાં આવ્યું છે.[80] આથી પ્રશ્ન થવા સંભવ છે કે, વહ્નિપુરાણ અને અગ્નિપુરાણ બન્ને એક કે ભિન્ન ? જો એક માનીએ તો ઉપલબ્ધ અગ્નિપુરાણમાં આ નાંદીપુરાણનો-તેના કથાનકનો કોઈ અંશ પ્રાપ્ત નથી થતો અને જો જુદા માનીએ તો વહ્નિપુરાણ તે કયું ? તેની ગણના પુરાણોમાં કયાં સ્થળે કરવી ? વગેરે પ્રશ્નો થવા સંભવ છે. આ બન્ને પુરાણો એક છે અને અગ્નિપુરાણનો કેટલોક ભાગ નષ્ટ થયો છે, જેમાં નાંદીપુરાણ તથા નાંદીમુખ માહાત્મ્ય હોવાનું માનનાર પણ એક મત છે.તો વહ્નિપુરાણ એક ઔપપુરાણ છે અને તેમાં જ આ નાંદીપુરાણ હોવાની પણ એક માન્યતા છે.[81]

આ નાંદીપુરાણના પ્રથમ ત્રણ અધ્યાયમાં પ્રલય અને સૃષ્ટિસર્જનની કથા સંક્ષેપમાં કહેવામાં આવી છે. જ્યારે ચોથા અને પાંચમા અધ્યાયમાં લક્ષ્મી તથા પિતૃઓની ઉત્પત્તિ વર્ણવી છે. વિષ્ણુ-લક્ષ્મીનો વિવાહ વર્ણવી પુરાણકાર આઠથી અગિયારમા અધ્યાયમાં વેદો અને તેના શાખા ભેદોનું વર્ણન કરે છે.નંદીગ્રામનગર, કપાલેશ્વરતીર્થ અને ગંગા માહાત્મ્ય વર્ણવી ચૌદમા અધ્યાયથી વીસમા અધ્યાય સુધી બ્રહ્માએ કરેલ યજ્ઞ, બ્રહ્મા-સાવિત્રીનો વિવાહ, યજ્ઞકર્મોના પ્રથમાદિ દિવસો અનુસાર પ્રાપ્ત થતાં ફળો અને અતિથિનું માહાત્મ્ય વર્ણવવામાં આવ્યું છે. એકવીસમા અધ્યાયમાં નિષ્ફળ શ્રદ્ધાનું કથન, બાવીસ-ત્રેવીસમાં વક્રાંગી દેવીની ઉત્પત્તિ વગેરેની વાત, ચોવીસથી અઠ્ઠાવીસ સાવિત્રી, માહાત્મ્ય, ઓગણત્રીસથી એકતાલીસ સુધી શ્રીરામોપાખ્યાન, બેતાલીસમાં નાંદીમુખા બ્રાહ્મણોને નારદે આપેલો શાપ તથા તેતાલીસમા અધ્યાયમાં ઈન્દ્રના કોપથી નાંદીપુરના થયેલા વિનાશનું વર્ણન કરવામાં આવ્યું છે. ચુમાલીસમા શૂદ્ર રાજાઓ તથા પીસતાલીસમાં અધ્યાયમાં ગુપ્ત રહેલા લક્ષ્મીનારાયણના સ્થાનનું પ્રાગટ્ય અને નંદરાજાએ બોલાવેલા નાંદીમુખ બ્રાહ્મણોના આગમનની ક્રિયા કહેવામાં

આવી છે. અધ્યાય છેતાલીસમાં અપરાજિતાની સ્તુતિ, સુડતાલીસમાં હનુમાનની સ્તુતિ, અડતાલીસમાં દેવીની પ્રદક્ષિણાના માહાત્મ્યની કથા, ઓગણપચાસમાં દેવ-દાનવોનું યુદ્ધ અને દેવોના પરાજયની વાત, પચાસમા અધ્યાયમાં દેવોના કોપથી ઉત્પન્ન થયેલી કાત્યાયનીની કથા એકાવનમાં વક્રાંગી માહાત્મ્ય અને બાવનમાં અધ્યાયમાં નાંદીપુરાણના શ્રવણનું માહાત્મ્ય વર્ણવવામાં આવેલા છે.

આ પુરાણ વિશે તેના ઉપોદ્ઘાતમાં શાસ્ત્રી રેવાશંકર મેઘજી દેલવાડાકરનું કથન છે કે-"આ નાંદીપુરાણમાં નંદવાણા બ્રાહ્મણનો ઈતિહાસ છે એથી એમણે જ ઉપયોગી આ પુરાણ છે એમ કોઈ રખે માની લે કારણકે આમાં તે સિવાય બીજો જાણવા યોગ્ય પૌરાણિક ઘણો ભાગ છે જે સર્વને ઉપયોગી અને બોધ લેવા લાયક છે."[82]

નાંદીમુખ બ્રાહ્મણો જેનાથી પ્રખ્યાત છે, તે નાંદીમુખ શ્રાદ્ધની ઉત્પત્તિ વિશે નાંદી માહાત્મયમાં કહેવાયું છે કે, "લક્ષ્મી-નારાયણના લગ્નમાં બ્રાહ્મણોએ એક વૃદ્ધિ શ્રાદ્ધની પ્રકલ્પના કરેલી, જેનું નામ 'નાંદી' કહેવાય છે, જે કરાવનારા બ્રાહ્મણો નંદવાણા કહેવાય છે.[83] જ્યારે ત્રીજા અધ્યાયમાં લક્ષ્મીજી નાંદીમુખ બ્રાહ્મણોને લોભાવવા આવે છે. પરંતુ તેઓ દાનને સ્વીકારતા નથી. લક્ષ્મી દ્વારા પ્રયુક્ત 'लोभ' શબ્દથી બ્રાહ્મણો નારાજ થાય છે અને 'लोभशब्द दुर्वाक्यं' કહે છે. લક્ષ્મીનું આમ અપમાન થતાં વિષ્ણુ સહિત બધા દેવો ક્રોધે ભરાઈને શાપ આપે છે. 'સ્થાનભ્રષ્ટ થાઓ, ખેતીકર્તા બનો' ત્યારથી તે બ્રાહ્મણો નંદવાણા કહેવાયા હોવાની વિગતો પ્રાપ્ત થાય છે.[84] પુરાણના અંતે 'समाप्तमिदं नांदिमुखाख्यं नांदीपुराणम्' એટલું જ લખેલું હોવાથી તેના કર્તા વિશેની કશી માહિતી પ્રાપ્ત થતી નથી. સ્વરૂપની દૃષ્ટિએ ઉપપુરાણ કે ઔપપુરાણોમાં સ્થાન પામી શકે, તેવું આ પુરાણ છે. પરંતુ તેની ભાષા તથા અન્ય ઉલ્લેખોને જોતાં આ પુરાણ અતિ પ્રાચીન નથી, વળી, વહ્નિપુરાણના

એક ભાગ તરીકે પોતાને ઓળખાવતું હોવાથી તેના સમય-નિર્ણયની બાબત વહ્નિપુરાણ પર અવલંબે છે.

## (11) કાલિકાપુરાણ :

ગુજરાતની કંસારા જ્ઞાતિનું આ જ્ઞાતિપુરાણ છે. આ પુરાણ 30 અધ્યાયોમાં વિભાજિત થયેલું છે. અને તેની રજૂઆત પદ્મપુરાણના ઉત્તરખંડના એક ભાગ રૂપે થયેલી છે. કાંસ્યકારો (કંસારા)ની ઉત્પત્તિ અને તેમનો ઈતિહાસ આ પુરાણમાં વિસ્તૃત રીતે આપેલો છે. આ જ્ઞાતિ ગુજરાતમાં કંસારા, મારવાડમાં કસેરા, બંગાળમાં કંસારી, મધ્યપ્રદેશમાં કંસાર તરીકે જાણીતી હોવાનું આ પુરાણમાંથી જાણવા મળે છે. ગુજરાતના કંસારા પોતાનું મૂળ વતન ‘પાવાગઢ’ માને છે. પોતાની કુલદેવી કાલિકાને કારણે આ પુરાણને કાંસ્યકારપુરાણ કે અન્ય એવું નામ ન આપતાં ‘કાલિકાપુરાણ’ નામ અપાયેલું છે. કંસારાઓની ઉત્પત્તિ, કાલિકા માતાનું માહાત્મ્ય કંસારાઓનું ગુજરાતમાં અને ભારતના અન્ય ભાગોમાં નિષ્ક્રમણ વગેરે વિગતો પૌરાણિક ઢબે આલેખી, તત્કાલીન પરિસ્થિતિઓનું વર્ણન કરવામાં આવ્યું છે. આ પુરાણ પ્રમાણે કંસારાઓ ક્ષત્રિય સહસ્રાર્જુનના વંશજો છે. ગુ.રા.સંશોધન બોર્ડ વતી ડૉ. અરુણોદય એ. જાનીએ આ પુરાણનું સંપાદન કરેલું છે. તેમને પ્રાપ્ત થયેલ કાલિકાપુરાણની બે હસ્તપ્રતોમાં ઘણી જ ભિન્નતા હોવાથી બે કાલિકાપુરાણ હોવાનું અથવા એકના આધારે અન્યનું સંકલન થયું હોવાનું અનુમાન કરી શકાય છે. આ બે કાલિકાપુરાણમાંથી એકમાં કંસારાઓની ઉત્પત્તિ-કથા નથી, જ્યારે અન્યમાં તે છે, એ મહત્ત્વનો ભેદ છે. પોથીમાં કંસારાઓની ઉત્પત્તિકથા છે. 80 વર્ષ પહેલાં મથુરાથી આવતા બ્રાહ્મણ પાસે વિસનગરના ચીમનલાલે કાલિકાપુરાણની નકલ કરાવેલી. આ કાલિકાપુરાણની ભાષા ખૂબ જ અશુદ્ધ છે. જ્યારે અન્ય કાલિકાપુરાણમાં હૈહયવંશની ઉત્પત્તિની કથા છે. હૈહેયોની ઉત્પત્તિ લક્ષ્મી

અને વિષ્ણુ દ્વારા થયેલી હોવાની કથા વર્ણવાયેલી છે. આ કથા ઉપર દેવીભાગવતપુરાણનો કથાનો સ્પષ્ટ પ્રભાવ જોઈ શકાય છે. તદનુસાર લક્ષ્મી અને વિષ્ણુએ અનુક્રમે हयी (ઘોડી) અને हय (ઘોડા) તરીકે અવતરી. જે સંતાનને જન્મ આપ્યો તે हयीहय (=हैहय)વંશનો પ્રવર્તક બન્યો. આ કાલિકા-પુરાણમાં હૈહયવંશનો ઈતિહાસ મુખ્ય કથાના રૂપમાં છે. હૈહયવંશમાં ચંદ્રવંશી રાજા સહસ્રાર્જુનનો જન્મ, તેનું પરશુરામ સાથે યુદ્ધ, સહસ્રાર્જનના ચાર પુત્રોએ શરત પ્રમાણે સ્વીકારેલી કાંસુ વગેરે ધાતુના પાત્રો બનાવી વેચવાની વૈશ્યવૃત્તિ, ધંધાર્થે દક્ષિણમાં કાંચીમાં ગમન, ત્યાંના રાજા સાથે અણબનાવ થતાં ત્રણ ભાઈઓનો વધ, કુલદેવી કાલિકાની મદદથી છેલ્લા ભાઈનો બચાવ, રાજપુત્રી સાથે લગ્ન, હરદ્વારમાં પુનરાગમન, ત્યાંથી ભિન્ન ભિન્ન દેશોમાં પ્રયાણ અનેક રાજકન્યાઓ સાથે લગ્ન અને તે દ્વારા અઢાર જૂથોની ઉત્પત્તિ વગેરે વાતો વર્ણવાયેલી છે. જ્યારે આડકથાના રૂપમાં તારકાસુર-વધની કથા, જેમાં શંકર-પાર્વતી-વિવાહ, અમૃતમંથન વગેરેનું વર્ણન મળી આવે છે. આ પુરાણની પોથી ઈ.સ. 1969 માં નાસિકથી મળી આવેલી છે. આ કાલિકાપુરાણ તેના સ્વરૂપ વગેરેને જોતાં ઉપપુરાણ કે ઔપપુરાણ હોવાનું નકારી શકાય તેમ નથી. પ્રમાણમાં શુદ્ધ એવું આ પુરાણ પ્રથમ કરતાં પ્રાચીન હોવાનું માલૂમ પડે છે. જ્યારે અન્ય કાલિકાપુરાણ કે જેમાં કંસારા જ્ઞાતિનો ઈતિહાસ પ્રસ્તુત થયેલો છે. તે પ્રમાણમાં અર્વાચીન છે. અને લગભગ સોળમી સદીની રચના હોવાનું કહી શકાય. શક્ય છે કે, સહસ્રાર્જુનના વંશજ હોવાની પારંપરિક માન્યતાના આધારે પ્રાચીન કાલિકાપુરાણ સાથે આનું સંકલન કરીને તથા તેમાંથી કેટલોક ભાગ દૂર કરી, કંસારા જ્ઞાતિના ઈતિહાસને તેની સાથે જોડી દઈને રજૂ કરવામાં આવ્યું હોય. કેમ કે કદની દૃષ્ટિએ બન્ને પુરાણો એકસરખા-30 અધ્યાય છે. સંકલનકારે આ ફેરફાર પ્રારંભના ભાગમાં કરેલો હોવો જોઈએ. કારણકે હૈહયવંશની ઉત્પત્તિની મુખ્યકથા અહીં અધ્યાય 21 થી 30 સુધીમાં મળી આવે છે. ઉપરાંત, પ્રાચીન કાલિકાપુરાણનો ઉલ્લેખ

કૂર્મપુરાણ ઉપપુરાણ તરીકે કરે જ છે.[85] તેથી કંસારાજ્ઞાતિનો ઈતિહાસ દર્શાવતું તેમનું જ્ઞાતિપુરાણ-કાલિકાપુરાણ પ્રમાણમાં ઘણું જ અર્વાચીન હોવાનું સિદ્ધ કરી શકાય છે.

## (12) કંડુલપુરાણ :

આ જ્ઞાતિપુરાણ પોતાને સ્કન્દપુરાણ સાથે જોડે છે. કંડિલોયા બ્રાહ્મણ અને તેમના યજમાનો કપોલ વૈશ્યો તથા સોરઠિયા વૈશ્યોનો પ્રાચીન ઈતિહાસ આમાં પૌરાણિક પદ્ધતિએ રજૂ કરવામાં આવ્યો છે. આમાં 14 અધ્યાયો અને 1404 શ્લોકો છે. આ પુરાણની ભાષા તદ્દન સાદી અને સરળ હોવાથી સામાન્ય સંસ્કૃતનો જાણકાર અભ્યાસી પણ સમજી શકે તેવી છે. સૌરાષ્ટ્રમાં ઉત્તર વિભાગમાં પાંચાલ દેશમાં હાલના થાનથી દૂર સાત માઈલે પ્રાચીન કંડુલનગર આવ્યું હતું. બધાં જ્ઞાતિપુરાણો પોતાના આદિસ્થાનને ચારેય યુગનાં જુદાં જુદાં નામોથી ઓળખાવે છે. તે પ્રમાણે, કંડુલનગરનાં સત્યયુગમાં કાણ્વાલય, ત્રેતામાં કલુષાપણ, દ્વાપરમાં કાંપિલ અને કલિયુગમાં કંડુલક કે કંડુલનગર નામો આ પુરાણમાં દર્શાવ્યા છે.[86] કણ્વઋષિએ આ નગરની સ્થાપના કરીને ત્યાં અઢાર હજાર બ્રાહ્મણો તથા ત્રીસ અને છ હજાર ગાલવના વણિક શિષ્યો એમ કુલ છત્રીસ હજાર વૈશ્યોને વસાવ્યા હતા.[87] તેમનાં મુખ્ય 18 ગોત્રો તથા પ્રવરો, ગોત્રદેવીઓ વગેરેની વિગતો આ પુરાણમાં આપી છે.[88] આ છત્રીસ હજારમાંથી કણ્વઋષિના શિષ્ય ગાલવે છ હજાર વૈશ્યોને કપોળ સંજ્ઞા આપી જુદા વસાવ્યા હતા.[89] તેમના કુલદેવી સામુદ્રીમાતા છે. તદ્દુપરાંત રજકાવલી, નિત્યા, મંડિતા વગેરે પણ તે લોકોની ગોત્ર-દેવીઓ છે. અન્ય સોરઠિયા વૈશ્યોની કુલદેવી કનકાઈ છે, જેનું સ્થાન ગીરના જંગલમાં આવેલું છે.

આ સિવાય, આ પુરાણમાં કંડોલનગરની આજુબાજુ આવેલાં પાપનોદકકુંડ, બ્રહ્મશિલા-ધર્મશિલા, હરણમૌક્ષીતીર્થ, ત્રિનેત્રેશ્વર, બકુલાર્કનું સૂર્યમંદિર, બ્રહ્મગૂફા,

સપ્તમાતૃકાઓની મૂર્તિઓ, સામુદ્રીમાતા, તેમની પાસે આવેલ પાંડવો તથા ભગવાન શ્રીકૃષ્ણની મૂર્તિઓ, ભીમકુંડ, ભોજનવાવ, બાણગંગા, કણ્વેશ્વર મહાદેવ વગેરે તીર્થો, આશ્રમો અને મંદિરોમાં માહાત્મ્ય આપેલાં છે. આજે આ કંડોલનગરનો પત્તો લાગતો નથી, પણ કંડોળિયા, કપોળ તથા સોરઠિયા વૈશ્યોના કુલદેવી સામુદ્રીમાતાનું સ્થાનક હળવદથી છ-સાત માઈલ દૂર આવેલું છે. જે ભવ્ય અને પ્રાચીન સ્થાનક તરીકે આજે પણ દર્શનીય છે. ઐતિહાસિક દૃષ્ટિએ કંડોલજ્ઞાતિના બ્રાહ્મણોનો સંબંધ વલ્લભીના વાલમ બ્રાહ્મણો સાથે પૂર્વકાળમાં હોવાનું તેમના વહીવંચાઓ સૂચવે છે. કંડોલ જ્ઞાતિનો વાલમબ્રાહ્મણો સાથે કન્યાની લેવડદેવડનો સંબંધ હતો. વલ્લભીના નાશમાં અગત્યનો ભાગ ભજવનાર રંક કાકુની કેટલીક લોકકથાઓ સાથે વાલમ તથા કંડોળિયા બ્રાહ્મણો સંકળાયેલા હોવાનું ભાટ લોકો કહે છે. કંડુલગામના નાશ પછી કંડોળિયા બ્રાહ્મણો વલ્લભીપુરમાં વસ્યા હતા. બ્રાહ્મણો અને યજમાનોની તકરારના કારણે નવ કુટુંબો સિવાયના બધા નાશ પામ્યા હતા. આ હત્યાકાંડ સંવત 765 માં શિલાદિત્યના વખતમાં થયો હોવાનું કહેવાય છે. હત્યાકાંડમાં પુરુષો સિવાય બીજું કોઈ બચેલ ન હોવાથી તેઓ તેમનો વંશવેલો ચાલુ રહે તે માટે વાલમ બ્રાહ્મણોની કન્યાને પરણ્યા હતા.[90]

આ કંડુલપુરાણ તેના ગુજરાતી અનુવાદ સાથે જુનાગઢના વતની જોશી માધવરાય કરશનજીએ સંવત 1992 (ઈ.સ. 1935) માં પ્રસિદ્ધ કર્યું છે. જેમાં કંડોળનગરમાં સ્થાનો તેનો ઈતિહાસ કંડુલનગરમાં રહેવાસી બ્રાહ્મણો તથા વૈશ્યો-જે પાછળથી અન્યત્ર સ્થાયી થયેલા છે-તેમનાં ગોત્રો અને જ્ઞાતિના પ્રતિષ્ઠિત મહાનુભાવોની વંશાવળીઓ વિસ્તારપૂર્વક આપેલી છે. મધ્ય ગુજરાતના પ્રાચીન ઈતિહાસને જાણવા માટે આ પુરાણની અગત્યતા અને ઉપાદેયતા ઘણી જ છે.

## (13) નાગરખંડ (નાગરપુરાણ) :

સ્કન્દપુરાણ એક સંગ્રહકોશ છે. સદીઓ સુધી તેમાં ઘણું બધું ઉમેરાતું આવ્યું છે. સાત ખંડોમાં વિભાજિત આ પુરાણનો છઠ્ઠો ખંડ-નાગરખંડ છે. જે ગુજરાતના નાગર બ્રાહ્મણોના ઈતિહાસને રજૂ કરે છે. વિદ્વાનો આ ખંડને સત્તરમી સદીની રચના માને છે. તેથી શક્ય છે કે બુદ્ધિશાળી નાગર બ્રાહ્મણોએ પોતાના જ્ઞાતિપુરાણને અન્ય પુરાણોની જેમ સ્કન્દપુરાણનો એક ભાગ ગણાવીને અલગ રચના ન કરતાં, મૂળ પુરાણના એક ભાગના રૂપમાં, એ પુરાણના એક ખંડના રૂપે તેની સાથે જ જોડી દીધું હોય. અને એમ કરીને પોતાના જ્ઞાતિપુરાણની મહત્તા વધારી હોય ! સ્કન્દપુરાણનો આ ખંડ તેના નામ મુજબ નાગર બ્રાહ્મણોની ઐતિહાસિક વિગતો રજૂ કરે છે. આ પુરાણ કે ખંડમાં નાગર બ્રાહ્મણો અને વૈશ્યોમાં આચાર-વિચારો, પ્રસિદ્ધ હાટકેશ્વર માહાત્મ્ય, હાટકેશ્વરક્ષેત્રનો વિસ્તાર, રાજા ચમત્કારે સ્થાપેલું મૂળનું ચમત્કારપુર જે હાલનું વડનગર છે, તેની વિગતો, નગરનાં ગૌરીકુંડ, ચિત્રેશ્વરીપીઠ, ચમત્કારીદેવી, મૃગતીર્થ, હરિપાદ, સિદ્ધેશ્વરતીર્થ, સપ્તર્ષિ આશ્રમ, દુર્વાસાની કથા, વિશ્વામિત્રકુંડની કથા, પુષ્કરતીર્થ, સાંબાદિત્ય વગેરેનાં વર્ણનો પ્રાપ્ત થાય છે. નાગર બ્રાહ્મણોના ઈષ્ટદેવ હાટકેશ્વર મહાદેવનું સુંદર માહાત્મ્ય આ ખંડની વિશિષ્ટ પ્રસ્તુતિ છે. નાગરોના બે વર્ગ-ભિક્ષુ (કર્મકાંડી) અને ગૃહસ્થની વિગતો મળી આવે છે. વડનગરનો ભિક્ષુનાગરબ્રાહ્મણ આ ખંડનો રચયિતા છે. વડનગરના પૌરાણિક નામોની પ્રાપ્તિ પણ આ ખંડમાંથી થાય છે. न + गर મંત્રના પ્રભાવથી નાગો નાસી ગયા અને બ્રાહ્મણો ફરીથી એ શહેરમાં વસ્યા, તેથી નગરમંત્રના કારણે શહેરનું નામ 'નગર' રાખ્યું. સ્કન્દ અને તારકાસુરનો અહીં સંગ્રામ થયેલ, સ્કન્દે આ શહેરનો જીર્ણોદ્ધાર કરાવેલો અને એનું નામ 'સ્કન્દપુર' રાખ્યું.

સ્કન્દપુરાણનો આ ઘણો પ્રસિદ્ધ ભાગ છે. તેથી જ્યાં સુધી સ્કન્દપુરાણની પૂર્ણ સંશોધિત આવૃત્તિ તૈયાર ન થઈ જાય ત્યાં સુધી આ પુરાણ કે ખંડ વિશે વિશેષ કહેવું અસમયસરનું ગણાશે.

## (14) શ્રી સ્થળમાહાત્મ્ય કે શ્રીસ્થળપ્રકાશ :

શ્રી સ્થળ તે હાલનું સિદ્ધપુર-સોલંકી યુગમાં મૂળરાજદેવે રુદ્રમહાલય બંધાવતી વખતે ઉત્તર ભારતમાંથી પવિત્ર નદીઓના નિવાસી વિદ્વાન બ્રાહ્મણોને બોલાવ્યા હતા. જે અહીં સ્થિર થયા અને દાનાદિ કારણોને લીધે શ્રી સ્થળથી દૂર જઈને વસ્યા. ઉત્તર ભારતમાંથી આવેલા તે બ્રાહ્મણો મૂળે ઉદીચ્ય અને તે પરથી ઔદિચ્ય તરીકે ઓળખાયા. તેમનાં સ્થળાંતરના કારણો, તેમના પેટા વિભાગો અને તે માટેના કારણો વગેરેની વિગતો આપતું, તેઓના વસવાટના પ્રદેશોનો પરિચય કરાવતું, સોળમી સદી પછી રચાયેલું આ જ્ઞાતિપુરાણ છે. જે નામ પ્રમાણે શ્રીસ્થળપ્રદેશ પર વિશેષ પ્રકાશ પાડે છે. ગુજરાતમાં સરસ્વતી સંબંધી લખાયેલા ગ્રંથોમાં ત્રણ ઉપલબ્ધ છે. - (1) સરસ્વતીપુરાણ જેમાં કુલ અઢાર સર્ગો છે. આ પુરાણ તીર્થવર્ણનાત્મકપુરાણ છે. (2) સરસ્વતી માહાત્મ્ય જે સરસ્વતીપુરાણને જ મળતું છે. સરસ્વતી પોતાના પિતા બ્રહ્માજીની આજ્ઞાથી દેવોને ઉપદ્રવ કરનાર વડવાનળને સમુદ્રમાં પધરાવવા હિમાલયના ઔર્વાંગાશ્રમથી પ્રસ્થાન કરી પ્રભાસ આગળ સમુદ્રમાં વડવાનળને પધરાવી પરત આવે છે. સરસ્વતીનો હિમાલયથી પ્રભાસક્ષેત્ર સુધીનો સળંગ પ્રવાહ વર્ણવતાં માર્ગમાં આવતાં તીર્થોના આખ્યાનો તેમજ માહાત્મ્યોનાં વર્ણનો કરાયા છે. આ બન્ને ગ્રંથોમાં હિમાલયથી સિદ્ધપુર સુધીનું વર્ણન એકસરખું કરાયું છે. પરંતુ સિદ્ધપુર પાસેના તીર્થોનાં વર્ણનો આ માહાત્મ્ય ગ્રંથમાં વધારે છે. સિદ્ધપુર છોડ્યા પછી માહાત્મ્યકાર પ્રભાસ સુધીના વર્ણનો ટૂંકાવી નાખે છે. તેથી આ ગ્રંથની રચના કેવળ સિદ્ધપુરના તીર્થાશ્રમોનું મહત્ત્વ વધારવા

જ કરવામાં આવી હોય, તેવું લાગે છે. ત્રીજો જે ગ્રંથ છે, તે આ શ્રીસ્થળમાહાત્મ્ય કે શ્રીસ્થળપ્રકાશ છે. આમાં સરસ્વતીનો ઉત્પત્તિપ્રસંગ આગળના બન્ને ગ્રંથો જેવો જ છે. પરંતુ હિમાલયથી સિદ્ધપુર સુધીનું વર્ણન સંક્ષિપ્ત છે. આ પછી માહાત્મ્યગ્રંથોની જેમ ઘણાં તીર્થોનાં વર્ણનો છે. ત્યારબાદ મૂળરાજે ઉત્તરમાંથી ઔદિચ્યોને બોલાવી કરેલા ગામોમાં દાનોની વિગતો રસમય ભાષામાં આપી છે. આ ગ્રંથનો હેતુ ઔદિચ્ય વિપ્રોના ઈતિહાસને સંકલિત કરવાનો હોવાથી તેનું નામ પણ શ્રી સ્થળપ્રકાશ કે ઔદિચ્યપ્રકાશ રાખ્યું છે. સરસ્વતીપુરાણના અનુસંધાને લખાયેલું હોવાનું પણ કહી શકાય.

## (15) લિંબજપુરાણ :

આ પુરાણ બૃહત્કાલિકાપુરાણનો એક ભાગ હોવાનું કહેવામાં આવે છે. આમાં નાપિત(વાળંદ) જ્ઞાતિનો ઈતિહાસ પંદર અધ્યાયોમાં રજૂ થયો છે. લિંબજ કે લિંબચદેવીની નાસિકામાંથી ઉત્પત્તિ થઈ હોવાથી તેઓ 'નાપિત' કહેવાયા હોવાની વાત આ પુરાણમાં નોંધાયેલી છે. ઉપરાંત, દેવીનાં સહસ્રનામો, સ્તોત્રો, ઉપાસના-પદ્ધતિ, બીજમંત્રો, નાપિત-ચરિત્ર વગેરેનું વિગતે વર્ણન કરવામાં આવ્યું છે. આ પુરાણ અનુસાર નાપિતોની ઉત્પત્તિ ત્રેતાયુગમાં થઈ છે. પાટણના પ્રસિદ્ધ પાત્રો મદન અને મદયન્તી તેમજ તેમનાં સંતોનોની કથા પણ અહીં વર્ણવાયેલી છે. એક અજ્ઞેય 'નાપિતપુરાણ'ના ઉલ્લેખો પણ મળી આવે છે, પરંતુ હાલ તે મળતું નથી. આ પુરાણમાં 'નાપિત' શબ્દનો વારંવાર ઉલ્લેખ થયેલો હોવાથી, કદાચ આ 'નાપિતપુરાણ' હોવાની શક્યતાને નકારી શકાતી નથી. પાટણ તરફનો લેખકનો વધારે પડતો પક્ષપાત, આ પુરાણ પાટણમાં લખાયું હોવાની માન્યતાને અનુમોદન આપે છે.

આ સિવાય અન્ય પણ ઘણાં જ્ઞાતિપુરાણો રચાયા હોવાનું જાણવા મળે છે. જેમ

કે, શ્રીગૌડ બ્રાહ્મણોનું જ્ઞાતિપુરાણ, અનાવિલપુરાણ, તાપીપુરાણ, નર્મદામાહાત્મ્ય સાભ્રમતીમાહાત્મ્ય વગેરે. ગુજરાતમાં મધ્યકાળ પછી અને પહેલાં આવા જ્ઞાતિપુરાણોની રચના થવા માંડી હતી અને આવાં સંખ્યાબંધ જ્ઞાતિપુરાણો તથા તીર્થમાહાત્મ્યો બારમા સૈકાથી અઢારમા સૈકા સુધીમાં રચાયાં છે. પુરાણ તરીકે ઓળખાતાં આ ગ્રંથોના રચયિતાઓ શ્રુતિ-સ્મૃતિ, ધર્મશાસ્ત્ર રામાયણ-મહાભારત મહાભારત તથા ઉપપુરાણો જેવા વૈદિક તથા લૌકિક સાહિત્યના ઊંડા અભ્યાસુઓ હતા. તેઓમાંથી મોટાભાગનાઓએ સ્વનામનો નિર્દેશ કર્યો નથી, પરંતુ પોતાનું આ મહનીય કાર્ય કોઈ મહાપુરાણનો ભાગ હોવાનું દર્શાવી વિશાળ હૃદયનાં દર્શન કરાવ્યાં છે. તેઓએ જે તે જ્ઞાતિ અસ્તિત્વમાં આવવાનાં કારણો ભૌગોલિક મર્યાદાઓ વગેરેને ધ્યાનમાં રાખી ઉત્પત્તિ અને વિકાસ તથા વિસ્તરણ રૂપકો દ્વારા રજૂ કર્યા છે. મૂળ હેતુ જ્ઞાતિસ્વરૂપ પામેલાં જે તે વર્તુળો કે જૂથોમાં વિક્ષેપ ન પડે, રૂઢ થઈ ગયેલી પારંપરિક માન્યતાઓ વિફળ ન થાય, ઈષ્ટદેવ-દેવી પ્રત્યે ભક્તિ અને શ્રદ્ધા જળવાઈ રહે, કોઈ સાંપ્રદાયિક કારણો તેમને વિભક્ત ન કરે, તે હતો. આથી બધા સંપ્રદાયોના દેવો કોઈ એક જ મૂળ દૈવી તત્ત્વ-પરબ્રહ્મનાં વિવિધ સ્વરૂપો છે, તે સમજાવવાં રૂપકો, આખ્યાનો દ્વારા પ્રયત્ન કરેલો છે. આ કાળે ગુજરાતમાં વૈષ્ણવ, શૈવ, શાક્ત, સૌર, બ્રાહ્મ વગેરે સંપ્રદાયો પ્રચારમાં હતા. બૌદ્ધ અને જૈન ધર્મોનું પ્રાબલ્ય હતું. ગણપતિ, હનુમાન, ભૈરવ અને પક્ષમાં લોકોને શ્રદ્ધા હતી, વગેરે વિશૃંખલ કારણોથી યુક્ત સમયમાં પણ જ્ઞાતિ-આતિ વચ્ચે કે સમ્પ્રદાય-સમ્પ્રદાય વચ્ચેના ઐક્યને જાળવી રાખવાનું ઉમદા કાર્ય આ પુરાણોએ સિદ્ધ કર્યું છે.

જ્ઞાતિપુરાણકારોએ મહાપુરાણકારોએ અપનાવેલી પદ્ધતિ પ્રમાણે જ જે તે જ્ઞાતિના ઉપાસ્ય દેવોની પૂજાવિધિ, આચાર-વિચારના નિયમો, રસ-વૈવિધ્ય ધરાવતાં આખ્યાનો રચીને કે મહાપુરાણો, ઉપપુરાણોમાંથી થોડા ફેરફાર સાથે ગ્રહીને રજૂ કર્યા છે અને જ્ઞાતિથી અલગ થવાનો કોઈ વિચાર શુદ્ધા ન કરે એ માટે દૈવી/સામાજિક આફતો આવી પડવાની આલોચન

મૌલિક રચનાઓ દ્વારા કરીને સમાજને એકસૂત્રે બાંધી રાખવામાં પણ મહત્ત્વનો ફાળો આપ્યો છે. આ પુરાણકારોએ પોતાની રચનાના વિકાસ અને વિસ્તાર માટે પ્રાચીન કથાનકો અને જગતની ઉત્પત્તિની માન્ય વિગતો, સ્મૃતિઓ વગેરેમાં ચર્ચાયેલા ધર્મશાસ્ત્રીય સિદ્ધાંતો અને 'પુરાણપંચલક્ષણ'નો સાનુકૂળ ફેરફાર કરી સ્વીકાર કર્યો છે. તો, દેવપૂજા, વ્રત, દાન, તીર્થયાત્રા, સ્થાનિક તીર્થોનું મહત્ત્વ, શ્રાદ્ધ અને બ્રાહ્મણોની મહત્તા આખ્યાનો દ્વારા કે સીધેસીધી પ્રસ્તુત કરી છે. જે તેઓની મૌલિકતા છે. સ્થાનિક તીર્થો અને સ્થળોને મહત્ત્વ આપવા, તે ભારત-પ્રસિદ્ધ તીર્થ કરતાં શ્રેષ્ઠ છે. એમ સિદ્ધ કર્યું છે. ટૂંકમાં સ્થાનિક પરંપરા પ્રાદેશિક ઈતિહાસ, ભૂગોળ, વિશિષ્ટ જ્ઞાતિપ્રથા અને જ્ઞાતિનું ગૌરવ વર્ણવતા તથા તે તે કાળનું પ્રદેશનું સમાજનું સુંદર, સુરેખ, વિગતવાર વર્ણન અને માહિતી આપનારા સર્વસંગ્રહ જેવા અનન્યગ્રંથોની રચના આ જ્ઞાતિપુરાણોના રૂપમાં કરી છે.

• • •

## પાદટીપ

1. ઋગ્વેદ, 10/90/12.
2. S.A. Latif 'The Cultural History of India, PP. 20 ff.
3. મનુસ્મૃતિ, 3/31, 3/54, 3/264, 4/179, યાજ્ઞવલ્ક્યસ્મૃતિ, 1/90, 1/96.
4. चातुर्वर्ण्यं मया सृष्टं गुणकर्मविभागशः । શ્રીમદ્ ભગવતગીતા, 4/13.
5. डॉ. पी.वी.काणे, 'धर्मशास्त्र का इतिहास', प्रथम भाग, पृ.120.
6. ઋગ્વેદ, 10/142/4.
7. ઋગ્વેદ, 1/61/4 તથા 7/32/20.
8. ઋગ્વેદ, 9/112/14.
9. डॉ. पी.वी. काणे, 'धर्मशास्त्र का इतिहास', प्रथम भाग पृ.119-120.
10. મનુસ્મૃતિ, 3/54, 4/179, યાજ્ઞવલ્ક્યસ્મૃતિ, 1/90.
11. डॉ. पी.वी.काणे, 'धर्मशास्त्र का इतिहास', प्रथम भाग, पृ. 121.
12. वर्णान्तरगमनमुत्कर्षापकर्षाभ्यां सप्तमे पञ्चमे बाधार्यम् । सृष्ट्यन्तरजातानां च । ગૌતમધર્મસૂત્ર, 8/18/19.
13. ડૉ. એ.એસ.પટેલ, 'ભારતની સામાજિક સંસ્થાઓ', પૃ.92.
14. એજન, પૃ.93
15. ડૉ. અરુણોદય જાની, કાલિકાપુરાણ (કંસારાજ્ઞાતિનું પુરાણ), ઉપોદ્ઘાત, પૃ.3.

16. 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ', ગ્રંથ-4, પ્રકરણ-10, પૃ.229.
17. 'વાલખિલ્યપુરાણનો વિવેચનાત્મક અને સાંસ્કૃતિક અભ્યાસ', વિભાગ-2, પૃ.74.
18. શ્રી ગિ.વિ.આચાર્ય, 'ગુજરાતના ઐતિહાસિક શિલાલેખો, ભાગ-2 ના આધારે શ્રી નવીનચન્દ્ર આચાર્ય, 'ચૌલુક્ય ગુર્જરેશ્વરોના દાનશાસનો અને તેમાં વ્યક્ત થતું ગુજરાત દર્શન', પુ.12, અંક-1, પૃ. 25 થી 30.
19. जातिववेक, बृहज्जातिविवेक, माधवकल्पलता, परशुरामप्रताप, शूद्रकमलाकर વગેરે.
20. बालखिल्यपुराण, अध्याय-14.
21. યાસ્કાચાર્ય, નિરુક્ત, 2 : 10.
22. તૈત્તિરીયસંહિતા, 5/7/6/3-4, તથા

    शूद्रं कारयेद् दास्यं क्रीतमक्रीतमेव वा ।

    दास्यायैव हि सृष्टोऽसौ ब्राह्मणस्य स्वयंभुवा ॥ મનુસ્મૃતિ, 8/413.
23. શ્રી મણિલાલ બકોરભાઈ વ્યાસ, 'શ્રીમાળી વાણિયાઓના જ્ઞાતિભેદ', પૃ.45.
24. શ્રી ક.ભા.દવે, 'મોઢજ્ઞાતિ - એક ઐતિહાસિક નોંધ,' સ્વાધ્યાય, પુ.4, અંક-1.
25. કંડુલપુરાણ, જ્યોતિષી મા.ક. અધ્વર્યુ.
26. વાલખિલ્યપુરાણનો વિવેચનાત્મક અને સાંસ્કૃતિક અભ્યાસ ડૉ. એસ.કે.દવે.
27. ડૉ. અરુણોદય જાની, કાલિકાપુરાણ (કંસારાજ્ઞાતિનું પુરાણ).
28. ''स्वजातीयं यत्पुराणं प्रसिद्धं, तज्जातीयैः सर्वदा माननीयम् ।

    ये मन्यन्ते नैव गर्वात् पुराणं, ते पच्यन्ते दुर्गतौ पापकूपे ॥ नान्दीपुराण, નિવેદન, પૃ.15

29. "इति श्री वह्निपुराणे नांदीमुखोत्पत्तौ अमुक नाम अमुक अध्यायः ।" નાંદીપુરાણ.

30. "इति श्रीस्कन्दपुराणे वालखिल्यखण्डे अमुकाध्यायः ।"- વાલખિલ્યપુરાણ.

31. "इति श्री पद्मपुराणे उत्तरखण्डे कालिकाख्याने अमुकाध्यायः ।" કાલિકાપુરાણ- (કંસારા જ્ઞાતિનું પુરાણ).

32. 'પુરાણ', વસંતપંચમી અંક, પૃ.150-157.

33. ક.ભા.દવે, 'ગુજરાતનાં જ્ઞાતિપુરાણો તથા તીર્થમાહાત્મ્યો,' સ્વાધ્યાય, દીપોત્સવી અંક, પૃ.88.

34. "राजा भूवड नामेति तत्सुतो राजशासने ।
बहुमोदकभक्षी च कामिकामकलाविदः ॥
योषितावृंद आसक्ति हस्तिन्यौ हस्तिराट् समः ।
अन्तपुरे वसेन्नित्यं रंगरागमतिः सदा ॥" धर्मारण्यपुराण, 66/94-95.

35. "ये भिन्नहृदयाजातास्ते ययुर्वणिजस्तथा ।" धर्मारण्यपुराण, 61/41.

<u>તથા</u>

"नित्यमेवंविधैर्वाक्यैः पापात्मा दम्भरूपधृक् ।
प्रबोधयामास तदा गोभुजान् वणिजस्तथा ॥
जगृहुस्तेऽपि तद्वाक्यं मोहितास्तेन केचन ।
नित्यं प्रीतियुक्ताः सन्तः सुश्रुयुर्विविधाः कथाः ॥ धर्मारण्यपुराण, 60/74-75.

36. મોઢબ્રાહ્મણમિત્ર અનિલભાઈ ત્રિવેદી, સાવરકુંડલાની રૂબરૂ મુલાકાતના આધારે.

37. 'ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ,' પૃ. 278.

38. ડૉ. શિવપ્રસાદ રાજગોર,' ગુજરાતના બ્રાહ્મણોનો ઈતિહાસ', પૃ. 221.

39. 'જ્યેષ્ઠીમલ્લ જ્ઞાતિ અને મલ્લપુરાણ,' પૃ. 34.

40. ડૉ. શિવપ્રસાદ રાજગોર, 'ગુજરાતના બ્રાહ્મણોનો ઈતિહાસ', પૃ. 437.

41. મત્સ્યપુરાણ, અધ્યાય-7 વગેરે.

42. ડૉ. શિવપ્રસાદ રાજગોર, 'ગુજરાતના બ્રાહ્મણોનો ઈતિહાસ,' પૃ. 437.

43. "वाडवस्तपते घोरं तपः परमदुष्करम् ।
आत्रेयो मानसः पुत्रः संघौ च मरुधन्वयोः ॥" वायुवाट्पुराण, 3/14.

44. "यदैवोत्पत्स्यते वायुः सर्वलोकसुखावहः ।
तेषां शुश्रूषणार्थाय प्रजाते कुशसम्भवाः ॥ ...............
वायडाख्यं सुविख्यातं वणिग्विप्रविभूषितम् ।
ब्राह्मणा पुरनामानो वणिजः पुरनामकाः ॥" એજન, 3/24-31.

45. "तावत्तिष्ठ द्विजश्रेष्ठ कृत्वा वापीं महत्तराम् ।
चत्वारोऽत्र महाकुण्डान् विश्वकर्मा करिष्यति ॥" એજન, 3/25.

46. "संजीविनीति नामाख्यो वापीरूपा सुखप्रदा ।
पातु सा वायडाज्ञातिं वायटग्रामदेवता ॥" એજન, 3/26.

47. 'વાલખિલ્યપુરાણનો વિવેચનાત્મક અને સાંસ્કૃતિક અભ્યાસ,' પ્રકરણ-6, પૃ.110.

48. વાલખિલ્યપુરાણ, અધ્યાય-10, શ્લોક - 42 થી 52.

49. એજન, 14/15-16,46.

50. "दानवानां विनाशाय हुतो येनैव गुग्गुलः ।
तेनैव गुग्गुल्या वै सञ्जाता द्विजसत्तमः ॥" એજન, 54/123.

51. એજન, 15/27-28

52. "द्विधा वंशास्तु ते जाताः साम्बादित्या रतीश्वराः ॥" એજન, 14/69.

53. 'इति श्रीस्कन्दपुराणे वालखिल्यखण्डे अमुकोऽध्यायः ।'

54. 'વાલખિલ્યપુરાણનો વિવેચનાત્મક અને સાંસ્કૃતિક અભ્યાસ', પૃ. 46 થી 53.

55. વાલખિલ્યપુરાણ, 1/23-25.

56. બોમ્બે ગેઝેટીયર, ભાગ-1 પરિશિષ્ટ 'શ્રીમાલનો ઈતિહાસ'.

57. શ્રીમાળપુરાણ, અધ્યાય, 37-39.

58. ડૉ. શિવપ્રસાદ રાજગોર, 'ગુજરાતના બ્રાહ્મણોનો ઈતિહાસ, પૃ. 340.

59. "अग्निखाक्षिभूमितेऽब्दे वत्सरे विक्रमे तथा ।
वैशाखेशुक्लपक्षे च ह्यष्टम्यां च शुभ दिने ॥
गमिष्यति च सा देवी पट्टणे खण्डगुर्जरे ।
श्रियां गतायां श्रीमालं कान्तिहीनं भविष्यति ।
भिन्नमाल इति नाम भविष्यति ततो नृप ॥ श्रीमालपुराण, 75/26-28.

60. 'इति श्री स्कन्दपुराणे ब्रह्मखण्डे श्रीमालमाहात्म्ये अमुक अध्यायः ।'

61. સરસ્વતીમાહાત્મ્ય, સર્ગ-15, શ્લોક - 185.

62. ગિરિજાશંકર વી.આચાર્ય, 'ગુજરાતના ઐતિહાસિક શિલાલેખો, ભાગ-2, પૃ.13, લેખ નંબર - 138.

63. 'ગુજરાતના બ્રાહ્મણોનો ઈતિહાસ, પૃ.445.

64. સાચીહરોપાખ્યાન, શ્લોક-438.

65. એજન, શ્લોક-168.

66. એજન, શ્લોક-428-436.

67. એજન, શ્લોક-424.

68. એજન, શ્લોક-581.

69. એજન, શ્લોક-643-672.

70. એજન, શ્લોક-673-685.

71. ''ततस्ते ब्राह्मणा सर्वे स्त्रीणां प्रष्टुं गृहे गताः ।
ताभिः सार्धें खट्टपट्टे संप्रवृत्ते पुनः पुनः ॥
ततः सर्वे द्विजा जाता खडायता इति स्मृताः ।
तस्माद् भवद्वंशाना खडायतेति नाम च ॥'' कोट्यर्कमाहात्म्य, 8/34-35.

72. ''इयान् विशेषस्तु मयैव कथ्यते खडायतानां द्विजशुश्रुकाणाम् ।
निष्पापखण्डेस्तु चरुर्विधेयो मदाज्ञया सर्वमिदं विधेयम् ॥'' એજન, 8/39.

73. 'ગુજરાતના બ્રાહ્મણોનો ઈતિહાસ' પૃ.305.

74. બ્રહ્મક્ષેત્ર માહાત્મય, 2/4-5.

75. એજન, 4/5-6.

76. ડૉ. શિવપ્રસાદ રાજગોર, 'ગુજરાતના બ્રાહ્મણોનો ઈતિહાસ', પૃ. 306.

77. બ્રહ્મક્ષેત્ર માહાત્મ્ય, 4/23-30.

78. 'ગુજરાતના બ્રાહ્મણોનો ઈતિહાસ'. પૃ. 305-306.

79. 'પુરાતન બ્રહ્મક્ષેત્ર', પૃ. 167.

80. 'इति श्री वह्निपुराणे नांदीमुखोत्पत्तौ अमुको अध्यायः ।'

81. 'નાંદીપુરાણ', પ્રકાશકનું નિવેદન, પૃ. 1-2.

82. એજન, પૃ.15

83. ''कृष्णपरिग्रहे विप्रैः वृद्धिश्राद्धं प्रकल्पितं ।
ततस्तत्र नांदीमुखा (विप्राः) नंदवाणा इति स्थिता ।।'' नांदीमाहात्म्य, 2/1

84. 'નાંદીમાહાત્મ્ય; 3/69-78.

85. ''कापिलं वामनं चैव तथैवोशनसेरितम् ।
ब्रह्माण्डं वारुणं चैव कालिकाह्वयमेव च ।।'' कूर्मपुराण, 1/1/19.

86. કંડુલપુરાણ, 11/61 તથા 95.

87. એજન, 4/119-121.

88. એજન, અધ્યાય-5 અને 6.

89. ''गालवस्थापिताह्येते गालवाः सन्तु नामतः ।
तथापि कपोलाख्याः कपोलाद्भूत कुंडलाः ।।'' કંડુલપુરાણ, 5/58.

90. ડૉ. શિવપ્રસાદ રાજગોર, 'ગુજરાતના બ્રાહ્મણોનો ઈતિહાસ', પૃ. 501-502.

• • •

થઈ ગઈ. લોકો ત્યારથી તેમની મૂર્તિની પૂજા કરવા લાગ્યા (55)

ત્યાર પછી વિષ્ણુનાથ તથા માધવ સુશીલાનાં લગ્ન કરીને, યોગવિદ્યાનો આશ્રય લઈને પરમ દિવ્ય પદને પામ્યા (56).

આ આખ્યાનનું માહાત્મ્ય દર્શાવતાં પુરાણકાર કહે છે -

આ આખ્યાનનું શ્રવણ કરનાર મનુષ્યને શાન્તિ આપનાર પુત્રપૌત્રાદિક સુખને પામે છે તથા સર્વ સિદ્ધિઓને પામે છે (57).

**સમીક્ષા :**

આ અધ્યાયમાં સાસુ વહુ નિત્યા તથા મંડિતાનો પ્રાદુર્ભાવ વર્ણવાયેલ છે.

– આ બંને સન્નારીઓનાં ચરિત્રો અહીં વર્ણવાયાં છે.

– વિષ્ણુનાથ, માધવ, વેદ વગેરે બ્રાહ્મણોનાં ચરિત્રોનાં વર્ણનો અહીં મળે છે.

• • •

# વિભાગ-૨

## પ્રકરણ-4

## કંડુલપુરાણ  કથાસાર

4.1 આગળના પ્રકરણમાં ગુજરાતનાં જ્ઞાતિપુરાણો અને તીર્થ માહાત્મ્યો વિષે જોયું. કંડોળ પુરાણનો કણ્વપગાલવ વગેરે ઋષિઓ સાથે સંબંધ જોડી તેની પ્રાચીનતા દર્શાવી છે. તો બીજી બાજુ પુરાણોમાં વૈશ્યવૃત્તિથી જીવતા ક્ષત્રિયકુમાર ભલંદત વગેરેની કથા સાથે જોડી કંડોળ, સોરડિયા વગેરે વણિકો અને બ્રાહ્મણોની ઉત્પત્તિ પ્રાચીન અને પુરાણ પ્રસિદ્ધ હોવાનું જણાવ્યું છે. કઠિયારા-કાઠી-કાષ્ટિકનો વૃત્તાંત પણ આ જાતિની પ્રાચીનતા અને તેમના વ્યવસાયનો નિર્દેશ કરે છે. સૌરાષ્ટ્રના કાઠીઓની ઉત્પત્તિનો અલગ વૃત્તાંત કોઈ સત્ય પુરાણમાં નથી. મૂળે જંગલમાં રહી લાકડાં કાપી વેચીને આજીવિકા રળતી જાતિને લૂંટફાટ કરતી બતાવી છે. વાણિયા લૂંટારાનો વૃત્તાંત રામાયણકાલીન અસ્તિત્ સિદ્ધ કરે છે. પુરાણોમાં આવા અછડતાં સંદર્ભો મળે છે. મત્સ્યેન્દ્રિ-મત્સ્યરાજનો વૃત્તાંત મહાભારત કાલીન મત્સ્યોપજીવી જાતિ સાથે સંબંધ જોડે છે. આમ સાંસ્કૃતિક બાબતોમાં વ્યવસાય, વ્યવહાર, વૈવાહિક સંબંધો, રીતરિવાજો, સ્થાનાંતરણ આદિનું નિરૂપણ કરતું આ પુરાણ સાંસ્કૃતિક દૃષ્ટિએ વિશેષ અગત્ય ધરાવે છે.

4.2 કંડુલપુરાણની એકમાત્ર મુદ્રિત પ્રત મળે છે. તેમાં ઘણી અશુદ્ધિઓ પણ જણાય છે. મુદ્રણ દોષ અને વ્યાકરણના દોષોને બાજુએ રાખી તેનું અધ્યયન કરવું ઉચિત જણાયું છે. માત્ર આખ્યાનો ઉપાખ્યાનો અને પુરાણોમાં મળતાં વૃત્તાંતોને અનુલક્ષીને જ અધ્યયન કરી શકાય. આ પુરાણની અન્ય હસ્તપ્રતો મળે તો તુલનાત્મક પાઠ તપાસીને સમીક્ષિત આવૃત્તિ કરી શકાય તેમ છે.

આ પુરાણના અધ્યયન માટે જ્યોતિષી માધવરાય કરસનજી અધ્વર્યું દ્વારા ૧૯૩૫માં જૂનાગઢથી પ્રકાશિત કરવામાં આવેલી કંડુલપુરાણ પ્રતનો આધાર લેવામાં આવ્યો છે.

## 4.3 કંડુલપુરાણ કથાસાર :

કંડુલપુરાણને ક્વચિત 'કંડોલપુરાણ' પણ કહેવામાં આવે છે. આ પુરાણમાં 14 (ચૌદ) અધ્યાયો અને બધા મળીને 1504 શ્લોકો છે. અધ્યાય પ્રમાણે શ્લોકોની સંખ્યા નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| પ્રથમાધ્યાય | - | 132 શ્લોકો |
| દ્વિતીયાધ્યાય | - | 115 શ્લોકો |
| તૃતીયાધ્યાય | - | 132 શ્લોકો |
| ચતુર્થાધ્યાય | - | 167 શ્લોકો |
| પંચમાધ્યાય | - | 151 શ્લોકો |
| ષષ્ઠાધ્યાય | - | 098 શ્લોકો |
| સપ્તમાધ્યાય | - | 058 શ્લોકો |
| અષ્ટમાધ્યાય | - | 110 શ્લોકો |
| નવમાધ્યાય | - | 122 શ્લોકો |
| દશમાધ્યાય | - | 057 શ્લોકો |
| એકાદશાધ્યાય | - | 099 શ્લોકો |
| દ્વાદશાધ્યાય | - | 063 શ્લોકો |
| ત્રયોદશાધ્યાય | - | 081 શ્લોકો |
| ચતુર્દશાધ્યાય | - | 119 શ્લોકો |
| બધા મળીને | - | 1504 શ્લોકો |

આ એક જ્ઞાતિપુરાણ હોવાથી સ્વાભાવિક જ તેમાં જે તે જ્ઞાતિની ઉત્પત્તિ અને તેના વિસ્તારાદિને લગતી ઐતિહાસિક બાબતો, કથાઓ વગેરેનું વિગતે વર્ણન તેનું વિષયવસ્તુ બની રહે. કંડુલપુરાણ કપોળ કે કંડોળિયા બ્રાહ્મણો તથા કપોળ વણિકો અને દસા તેમજ વીસા સોરઠિયા વણિકોનું જ્ઞાતિપુરાણ હોવાથી, તે આ જ્ઞાતિઓનાં મૂળ - ઉદ્ભવસ્થાનની કથાના સંદર્ભથી વિસ્તરે છે અને આ વિસ્તાર જ તેનું કથાવસ્તુ બની રહે છે. સ્કન્દ અને શિવના પ્રશ્નોત્તરરૂપી સંવાદો દ્વારા આ પુરાણની રજૂઆત થયેલી છે.

કંડુલપુરાણમાં ચૌદ અધ્યાયો છે અને તે પ્રત્યેકનું વિષયવસ્તુ વિગતે દર્શાવી તેની સમીક્ષા આ પ્રકરણમાં કરવામાં આવી છે.

**પ્રથમ અધ્યાય :** 'व्याधमुनिसमागमः' નામના આ અધ્યાયનો પ્રારંભ સ્કન્દની જીજ્ઞાસાથી થાય છે. તે પિતા શિવજીને કંટુલસ્થાનપર્વના માહાત્મ્ય વિશે જીજ્ઞાસા કરતાં નીચે મુજબના પ્રશ્નો પૂછે છે –

(1) કંડુલ સ્થાનની સ્થાપના કોણે કરી ?

(2) બ્રાહ્મણો અને વણિકોની સંખ્યા કેટલી છે ?

(3) તે સ્થાનનો વિસ્તાર-સરહદ કેટલા પ્રમાણમાં છે ?

(4) રાજા માંધાતાએ શા કારણથી તેની રક્ષા કરી પાલન કર્યું ?

(5) શા કારણથી રામચન્દ્રના દૂત હનુમાનજીએ તેનું દૂતપણું કર્યું ?

(6) કર્મ-સાક્ષીરૂપ સૂર્યદેવ કયા કારણથી નિમાયા ?[1]

અને આ બધા પ્રશ્નોના ઉત્તરમાં જ કથાનક પ્રસ્તાર પામે છે. સૌરાષ્ટ્રના પાંચાલ પ્રદેશમાં આવેલા પાપાપનોદ નામના વનના વર્ણનથી કથાનક પ્રારંભાય છે. આ વનમાં

વિચરણ કરી રહેલા એક ભયંકર, પાપાચારી અને જીવ હિંસા પરાયણ વ્યાધે કણ્વ, ગાલવ, આતિથ્ય, આંગિરસ અને બાર્હસ્પત્ય નામના પાંચ મુનિઓને અતિશય ઠંડીથી અચેતન રૂપ બની ગયેલા જોયા. આ બ્રહ્મધના દયાર્દ્ર ભાવ અને પ્રયત્નથી ઠંડીની અસરમાંથી મુક્ત થયેલા ઋષિઓએ જિજ્ઞાસાવશ તેને તેણે કરેલી દયાનું કારણ પૂછ્યું, ત્યારે સ્પષ્ટતા કરતાં તે વ્યાધ કહ્યું છે કે - ''ઋષિઓના દર્શનમાત્રથી જ તેનાં પાપોનો નાશ થઈ ગયો છે અને દયાપૂર્ણ બુદ્ધિ ઉત્પન્ન થઈ છે.[2] વળી, આ પ્રકારના હૃદયપરિવર્તનથી વિહ્વળ બનેલો તે ઋષિઓને પ્રશ્ન કરે છે કે, હિંસાને વશ થઈને તેણે જે પાપાચરણ કરેલું છે, તેનાથી નરક-પ્રાપ્તિ નિશ્ચિત છે. તેથી હવે તેણે શું કરવું ?[3] ઋષિઓ તેને આશ્વાસન આપે છે કે, તે ખરેખર પાપરહિત થયો છે. નહીંતર, આ રીતની નિર્મળ બુદ્ધિ ઉત્પન્ન થાય જ નહીં. આ ઉપરાંત કહે છે કે - ''પૂર્વજન્મના સત્કર્મને લીધે જ તેને ઋષિદર્શન થયું છે અને દયા ઉત્પન્ન થઈ છે.''[4] ઋષિઓ તેના પૂર્વજન્મની વાત કરે છે. તે મુજબ, તે (વ્યાધ) વૈશ્ય જ્ઞાતિમાં જન્મેલો હતો. વેપાર, કૃષિ વગેરેમાં પ્રવીણ હતો. પરંતુ દયાહીન હતો. તે કોઈને દાન આપતો ન હતો, કટુવચન બોલતો હતો તે નિર્લજ્જ હતો, તેનું નામ કટુક હતું. તે ધનલોલુપ, વૈશ્યાગામી, જુગારી, અનાર્ય અને અસંસ્કૃત હતો. તેણે કદી અન્નનું કે જળનું પણ દાન કર્યું ન હતું. સેવા, વ્રત, તપ, તીર્થયાત્રા કરેલાં ન હતાં.

એક દિવસ દૈવયોગે તેને ત્યાં એક યોગીશ્વર આવ્યા. તેમનાં દર્શન થતાં જ તેના પૂર્વજન્મના સંસ્કાર જાગી ઉઠ્યા. તેણે યોગીશ્વરને ભોજન કરાવ્યું અને કહ્યું - ''ભગવન્, હું પાપકર્મ કરવાવાળો છું માટે મારો ઉદ્ધાર કરો. મને દુર્ગતિમાંથી બચાવનારું વ્રત કહો.''[5] પ્રત્યુત્તરમાં યોગીએ તેને કાલાષ્ટમીનું વ્રત બતાવ્યું. આ વ્રતના પ્રભાવથી જ આ જન્મમાં

તેને ઋષિઓનાં દર્શન થયા અને નિર્મળ બુદ્ધિ ઉત્પન્ન થઈ. પરંતુ પોતાના પારધીપણા વિશે થયેલી શંકાના સમાધાનમાં ઋષિઓ જણાવે છે કે, તેણે પૂર્વે વૈશ્ય જાતિમાં એક નિંદિત કર્મ કરેલું હતું. વિશાલનગરી નિવાસી વિષ્ણુસેન નામના પવિત્ર બ્રાહ્મણના સુવર્ણનાં આભૂષણો ગીરવે રાખી પૈસા ધીર્યા હતા. છ માસ પછી તે બ્રાહ્મણ ઠરાવ્યાં કરતાં ઓછા પૈસા લઈ પોતાના દાગીના લેવા આવ્યો ત્યારે તેણે ક્રોધથી બ્રાહ્મણને ધમકાવ્યો અને અપમાનિત કર્યો. તેની આજીજીને પણ ધ્યાનમાં ન લીધી. આથી બ્રાહ્મણે કહ્યું કે - ''આ દુષ્ટ કર્મનો બદલો તારે ભોગવવો પડશે. તું આવતાં જન્મમાં વૈશ્યને બદલે પારધી થઈશ.''[6] આવી કઠોર વાણી સાંભળીને પસ્તાવો થતાં, તેણે તે બ્રાહ્મણની ક્ષમા માગી અને બદલામાં પ્રસન્ન થયેલા બ્રાહ્મણે પંચર્ષિઓના દર્શનથી પાપના બંધનમાંથી મુક્તિ દર્શાવી.

આ પ્રમાણે તેના પૂર્વજન્મનું વૃત્તાંત દર્શાવી, પ્રસન્ન થયેલા પંચર્ષિઓ તે વ્યાધને વરદાન ગ્રહણ કરવા કહે છે. કણ્વમુનિએ વરદાન આપ્યું કે, 'તું રાજા થઈશ.' આતિથ્ય ઋષિએ ચક્રવર્તીપદ આપ્યું. અંગિરામુનિએ પૂર્વજન્મનું જ્ઞાન કાયમ રહેવાનું વરદાન આપ્યું અને બાર્હસ્પત્ય મુનિએ વરદાન આપ્યું કે, 'અત્યારે જ તારું મૃત્યુ થશે ![7] આવી રીતના વરદાનો મળતાં જ બાર્હસ્પત્યમુનિના વરદાનના પ્રભાવથી તે ત્યાં જ મૃત્યુ પામ્યો. મુનિઓએ તે વ્યાધનો અગ્નિસંસ્કાર કર્યો. આમ મુનિઓની કૃપાથી તે શાપ અને પાપમાંથી મુક્ત થયો.

## સમીક્ષા :

કંડુલપુરાણના આ પ્રથમ અધ્યાયનો પ્રારંભ સ્કન્દ અને શંકરના સંવાદથી થાય છે. આ સમગ્ર પુરાણ જ શિવ-સ્કન્દના સંવાદરૂપે રચાયેલું છે. સ્કન્દના પ્રશ્નથી પુરાણના

કથાવસ્તુનો બીજન્યાસ થાય છે. બ્રાહ્મણો અને વણિકોના જ્ઞાતિપુરાણ તરીકેની માહિતી આપવાનો ઉપક્રમ પ્રથમ અધ્યાયથી જ પ્રારંભાય છે. સ્કન્દના વિવિધ પ્રશ્નોમાં પ્રથમ પ્રશ્ન પણ આ બાબતની સૂચના આપે છે. તે કહે છે કે - ''હે શંકર ! કંડોલસ્થાનપર્વનું માહાત્મ્ય અને વિસ્તારથી કહો. તે સ્થાનને કોણે સ્થાપ્યું છે ? બ્રાહ્મણો અને વણીકોની સંખ્યા કેટલી છે ? અને તેનો  વિસ્તાર કેટલા પ્રમાણમાં છે ? તે સર્વ મને વિસ્તારથી કહો''[8] આ સર્વ પ્રશ્નોના પ્રત્યુત્તર રૂપે ભગવાન શંકર કુમાર કાર્તિકેયને આ પુરાણની વાત કહે છે. વાતનો પ્રારંભ કૃતયુગથી થાય છે. જેનો ઉદ્દેશ સ્વાભાવિક જ જ્ઞાતિ અને પુરાણની પ્રાચીનતાને સિદ્ધ કરવાનો છે.

પાંચાલ દેશમાં આવેલ પાપાપનોદ નામનું વન જ્ઞાતિના ઈતિહાસનું પ્રારંભિક સ્થાન છે. પુરાણકારે આ વનનું સંક્ષિપ્ત છતાં રોચક વર્ણન કર્યું છે. જો કે સંક્ષેપનો આશય હોવાથી આ વર્ણન થોડું ચીલાચાલુ પણ થવા પામ્યું છે. વનમાં મળી આવતાં વૃક્ષો, હિંસક પશુઓ તથા પક્ષીઓનાં વર્ણન સિવાય વાત આગળ ચાલતી નથી. શિકારીનું વર્ણન આબેહૂબ કરવામાં આવ્યું છે. તેની અને ઋષિઓ વચ્ચે થયેલો સંવાદ રસપ્રદ બની રહે છે. પારધીના પૂર્વજન્મની રજૂઆતમાં વિષ્ણુસેન નામના બ્રાહ્મણની ઉપકથા જોડાઈ જાય છે. પુરાણોને અનુરૂપ જ કાલાષ્ટમીના વ્રતની વાત અતિ વિગતે પ્રસ્તુત કરવામાં આવી છે. ઋષિઓ પાસેથી વરદાન મેળવીને પારધિ મૃત્યુ પામે છે, તે વર્ણન જરાંક અસ્વાભાવિક લાગે તેવું છે. પરંતુ પુરાણના કથાનકના વિકાસ માટે એ જરૂરી બની રહે છે. ઉપરાંત, સુંદર સુભાષિતો દ્વારા પ્રસ્તુત જીવન-મૂલ્યોની ચર્ચા પણ આ અધ્યાયનું ઉલ્લેખનીય પાસું છે.

## દ્વિતીય અધ્યાય :

આ અધ્યાયનો પ્રારંભ પણ સ્કન્દના પ્રશ્નથી જ થાય છે. પાંચ મહર્ષિઓ માંહેના એક બાર્હસ્પત્ય મુનિના મૃતિ-મરણના વરદાનથી મૃત્યુ પામેલા પારાધિની વાત સાંભળી અચરજ પામેલ સ્કન્દ ભગવાન શંકરને આવા વિચિત્ર વરદાન અંગે પ્રશ્ન કરે છે કે, "હે દેવદેવેશ ! કીટક, કૃમિ કે પતંગિયાઓ પણ કદિ મરવાની ઈચ્છા કરતા નથી, તો પછી શાપ એ જ જેનું સ્વરૂપ છે, એવું મૃત્યુ પમાડનાર વરદાન બાર્હસ્પત્ય મુનિએ (તે પારધિને) શા માટે આપ્યું ?"[9] ભગવાન શંકર આનું કારણ વિસ્તારથી સમજાવે છે.[10] મૃત્યુ પામ્યા પછી પારધી આ વરદાનની કારણે જ વિશેષ મહત્તાને શી રીતે પામ્યો ? (2) બીજા જન્મમાં કયા નામથી વિખ્યાત થયો ? અને (3) તેણે કયાં કયાં કાર્યો કર્યા ?[12] આ બધા પ્રશ્નોના ઉત્તરમાં શિવ રાજા યુવાનાશ્વ અને તેના પુત્ર માંધાતાના જન્મની કથા વિસ્તારથી રજૂ કરે છે. શ્રીમદ્ભાગવતાદિ અન્ય પુરાણોમાં પણ આ કથા વર્ણવાયેલી છે. યુવનાશ્વના ઉદરથી ઉત્પન્ન થયેલો માંધાતા ઈન્દ્રના વરદાનના પરિણામે ચક્રવર્તી રાજા બન્યો અને પ્રજાનું પાલન કરવા લાગ્યો. અધ્યાયના ઉત્તરાર્ધમાં રાજા યુવનાશ્વે કરેલા કૃષ્ણાષ્ટમીના વ્રતનું વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. તે વ્રતનો વિધિ, તેનું ફળ તથા પહેલાં આ વ્રત કોણે કરેલું હતું, વગેરે બાબતોની પૌરાણિક શૈલીમાં રજૂઆત થયો છે.

## સમીક્ષા :

એકસો પંદર શ્લોકોમાં રચાયેલા આ અધ્યાયનું શીર્ષક પુરાણકારે 'માંધાતાનૃપોત્પત્તિ કૃષ્ણાષ્ટમીવ્રતોપદેશ' એવું આપેલું છે. શીર્ષકાનુસાર સમગ્ર અધ્યાયને બે વિભાગમાં વહેંચી સકાય. પ્રથમ વિભાગમાં રાજા યુવનાશ્વના ઉદરથી જન્મેલ માંધાતાની કથા અને બીજા

વિભાગમાં કૃષ્ણાષ્ટમીના વ્રતનું વિસ્તૃત વિધાન. તેથી કથાનકની દૃષ્ટિએ આ અધ્યાયમાંખાસ કશું નવીન રજૂ થતું નથી. માંધાતાની કથા તો પુરાણ પ્રસિદ્ધ છે. કૃષ્ણાષ્ટમીના વ્રતનું વિસ્તૃત વર્ણન કથા-પ્રવાહમાં અંતરાય ઊભો કરે છે. આ વ્રત અંગે પ્રાપ્ત માહિતી અનુસાર આ વ્રત શિવ સાથે જોડાયેલું છે કૃષ્ણ અર્થાત્ કૃષ્ણપક્ષ એવો અર્થ અહીં ગ્રહણ કરવાનો છે. મૃગશીર્ષ માસની કૃષ્ણપક્ષની અષ્ટમીના દિવસે આવૃત્ત કરવાનું હોવાથી તેનું નામ કૃષ્ણાષ્ટમીવ્રત રાખવામાં આવેલું છે. નિઃસંતાનને સંતાનની પ્રાપ્તિ કરાવી આપનારા આ વ્રતને રાજા યુવનાશ્વના નિઃસંતાનપણા સાથે જોડી દેવામાં આવેલ છે. વ્રત-વિધાન, એ પુરાણોનો માન્ય વર્ણ્ય-વિષય છે. જો કે કૃષ્ણાષ્ટમીના વ્રતની વિગતોની ઝીણવટભરી રજૂઆત થોડી કંટાળાજનક લાગે છે. પરંતુ ગ્રંથના પુરાણ-સ્વરૂપને ધ્યાનમાં લેતાં તે ક્ષમ્ય બને છે.

## તૃતીય અધ્યાય :

આ અધ્યાયમાં માંધાતાનું ચરિત્ર વિસ્તારથી રજૂ થયેલું છે. રાજા બન્યા પછી માંધાતા પ્રજાને ત્રાસ આપવા લાગ્યો. પૂર્વજન્મના પારાધિઅવસ્થાના અશુભ સંસ્કારોના કારણે હિંસ અને દયારહિત બન્યો. તે બ્રાહ્મણોની આજીવિકા ટાળવા લાગ્યો અને દુઃસહ પરાક્રમો કરવા લાગ્યો. તેણે પોતાના બાહુબળ વડે આસપાસના રાજાઓને જીતીને વશ કરી લીધા. રાજાના આવા ચારિત્ર્યથી ધર્મનો નાસ થવા લાગ્યો અને પાપનું જોર વધવા લાગ્યું. આથી નિરાશ અને દીન બ્રાહ્મણો કણ્વમુનિને શરણે થયા અને રક્ષણની માગણી કરી.[13] બ્રાહ્મણોના વચનો સાંભળી - 'तत्करिष्ये यथा विश्वं पाति धर्मेण पार्थिवः ।' – એ પ્રકારે સાન્ત્વન આપ્યું.[14] પોતાના શિષ્ય ગાલવને રાજા માંધાતા પાસે મોકલીને તેના પૂર્વજન્મની સ્મૃતિ અને કર્મના પ્રભાવની યાદ દેવડાવી. રાજા માંધાતાએ વિચાર્યું કે, જે સામ્રાજ્ય તેને મળ્યું છે, તે કણ્વ

વગેરેના દર્શનને આભારી છે. તદુપરાંત, તેને પાપાપનોદ વન, કૃષ્ણાષ્ટમીનું વ્રત, પારધિનો જન્મ વગેરે વાતોની સ્મૃતિ થઈ આવી. પૂર્વજન્મનું જ્ઞાન થતાં તેણે ગાલવમુનિનું ફરીવાર સ્વાગત કર્યું. ગાલવ મુનિએ તેને ઉપદેશ આપીને કણ્વમુનિનાં દર્શન કરવા પધારવાનું નિમંત્રણ આપ્યું. પછીના દિવસે સૈન્ય સહિત તે પોતાના નગરમાંથી નીકળ્યો. રસ્તામાં સોમનાથના દર્શન કર્યા, સરસ્વતીમાં સ્નાન કરીને પિતૃઓનું તર્પણ કર્યું અને સૌરાષ્ટ્રની મધ્યમાં થઈને પંચાલ દેશમાં આવીને મુનિનાં દર્શન કર્યા. બ્રાહ્મણોની ક્ષમા-યાચના કરીને તેના મહત્ત્વને સ્વીકાર્યું. મુનિઓ તેને વિષ્ણુના ચક્રનું પ્રદાન કર્યું. વિસ્મય પામેલા રાજાએ તેને ધારણ કર્યું. કણ્વમુનિ તે સ્થાને બ્રાહ્મણો તથા વણિકોને રહેવા યોગ્ય અને શાલાતાલાથી યુક્ત તથા ઉત્તમ સૂર્યની સાક્ષીરૂપ બ્રાહ્મણો સ્થાન સ્થાપવાની ઈચ્છા પ્રગટ કરી. કણ્વમુનિની સ્તુતિથી પ્રસન્ન થયેલા સૂર્યે કહ્યું કે – ''હે મુનિ ! તમારાથી સ્તુતિ કરાયેલો હું બકુલ નામથી પ્રગટ થયો છું અને તેથી કરીને પૃથ્વી પર બકુલાર્ક નામથી પ્રસિદ્ધ બનીશ.''[15] આ પ્રમાણે કહીને સૂર્યનારાયણ અંતર્ધાન થઈ ગયા અને સ્થાન સ્થાપવાની ઈચ્છાથી મહર્ષિ કણ્વે ફરી ધ્યાન ધર્યું ત્યારે તેની સમક્ષ કપિરૂપ મહેશ્વર પ્રગટ થયા. 'તમે કોમ છો ?' વગેરે પ્રશ્નોના ઉત્તરમાં તે વાનરેન્દ્રે પોતાનું નામ હનુમાન જણાવી કેસરી વાનર તેની પત્ની અંજની અને મહેશ્વરની વાયુ નામની મૂર્તિ દ્વારા પોતાની ઉત્પત્તિ થઈ હોવાની કથા કહી. મુનિ કણ્વ હનુમાનને તેમના નામ વિશે જિજ્ઞાસા પ્રગટ કરે છે અને અધ્યાય સમાપ્ત થાય છે.

## સમીક્ષા :

'हनुमानजन्म' નામના આ અધ્યાયમાં વિગતોનું પ્રાચુર્ય જોઈ શકાય છે. જે વિગતો વર્ણવાયેલી છે. તેને નીચે પ્રમાણે દર્શાવી શકાય -

– માંધાતા રાજાનું દુશ્ચરિત્ર

– કણ્વ - બ્રાહ્મણોનો સંવાદ

– ગાલવનું માંધાતા પ્રતિ પ્રયાણ

– ગાલવ-માંધાતાનો સંવાદ અને માંધાતાને પૂર્વજન્મનું સ્મરણ

– માંધાતાનું કણ્વાશ્રમગમન

– બ્રાહ્મણોની મહત્તા

– કણ્વનો ઉપદેશ અને રાજ્ય-કારભાર અંગે માર્ગદર્શન

– કણ્વની બ્રાહ્મણો તથા વણિકો માટે સ્થાન સ્થાપવાની ઇચ્છા

– કણ્વ દ્વારા સૂર્યનું ધ્યાન અને સ્તુતિઓ

– સૂર્યની પ્રસન્નતા અને વરદાન

– હનુમાનનું પ્રાક્ટ્ય અને તેના જન્મની કથા.

આ બધી વિગતોથી પૂર્ણ આ અધ્યાય રસપ્રદ બની રહે છે. માંધાતાઓ કરેલી બ્રાહ્મોની પ્રશંસા અને સામર્થ્યનો સ્વીકાર, તેનામાં જાગૃત થયેલી પુણ્યકારી બુદ્ધિનો પરિચય આપે છે. રાજ્ય તથા રાજાઓની નિંદાના શ્લોકો નોંધવા જેવા છે. પોતાને આવું રાજ્ય કે આધિપત્ય ખપતું નથી. એવું જણાવી માંધાતા વિષ્ણુ ભગવાનના ધામની પ્રાપ્ત્યર્થે ઋષિઓનું માર્ગદર્શન યાચે છે. તેની આવી ઉત્કટ ત્યાગવૃત્તિને આવકારીને ઋષિઓ તેને ધન્યવાદ આપે છે અને તેનામાં ઉત્પન્ન થયેલા વૈરાગ્યના વખાણ કરે છે. મમતાના નાશની દુર્લભતા દર્શાવે છે.

તો સાથે સાથે મોહની વ્યાપકતાનો પણ નિર્દેશ કરે છે. ઋષિઓ કરેલું આત્માનું વર્ણન પણ રસપ્રદ છે. 'જેમ ચંદ્ર જુદાં જુદાં જલાશયોમાં એક હોવા છતાં પણ અનેક દેખાય છે તેમ આત્મા પણ અવિકારી અને એક હોવા છતાંય દરેક રૂપવાન પદાર્થમાં રહેલો અને ગુણોના સંબંધથી અનેક પ્રકારે દેખાય છે.' - માં રહેલ ઉપમાની તાજગી અને નાવિન્ય ધ્યાનાકર્ષક છે. વિષ્ણુનું ચક્ર આકાશમાંથી ઊતરી આવે છે. અને આશરીરિણી વાણી રાજાને પ્રજાનું પાલન કરવાનો ઉપદેશ આપે છે, તેનું ચમત્કારપૂર્ણ વર્ણન પણ નોંધનીય છે. હનુમાનના પ્રાકટ્યની કથા પણ રસપ્રદ બની રહે છે. અનુષ્ટુભ્ સિવાયના છંદોનો વિનિયોગ પણ આ અધ્યાયની વિશેષતા ગણી શકાય. ત્યાગ અને દાન વિશેના શ્લોકો સુંદર સુભાષિતો પૂરાં પાડે છે.

## ચતુર્થાધ્યાય :-

આ અધ્યાયનો પ્રારંભ હનુમાનના ચરિત્રથી થાય છે. 'હનુમાન' નામ પડવા પાછળની પ્રસિદ્ધ સૂર્યબિંબને ગળી જવાની કથા અહીં પણ વર્ણવાઈ છે. હનુમાનનું આગમન બ્રહ્માના સંદેશવાહકના રૂપમાં થાય છે. સંદેશમાં બ્રહ્મા એ જણાવ્યા મુજબના સ્થાનની સ્થાપના કરવાનું તે કણ્વમુનિને કહે છે. સ્થાનની ચતુઃસીમા અંગે પણ તે કણ્વને જણાવે છે.[16] અને તદનુસાર પૂર્વ દિશામાં સારંગ નામનો પર્વત તથા શાંબુ નગરી, પશ્ચિમમાં મચ્છ નાનો ધરો, ઉત્તરમાં તાલ નામનો પર્વત તથા દક્ષિણમાં ચૌલુક્ય નામનો પર્વત તથા બ્રહ્મગુફા એમ ચારે બાજુથી સાત કોશથી યુક્ત સીમાનું વર્ણન છે. આ સ્થાનમાં વસાવવા માટે બ્રાહ્મણો તથા સૌરાષ્ટ્ર દેશની અંદર રહેતા છત્રીસ હજાર વણિકોની આપ સ્થાપના કરો.'[17] કણ્વ મુનિ જે નગરી વસાવવા છે, તેનાં ભાવિનામો અંગે હનુમાન જણાવે છે કે - 'સત્યયુગમાં 'કણ્વાલય',

ત્રેતા યુગમાં ‘કલુષાપહ’ દ્વાપરયુગમાં ‘કાંપિલ’ અને કલિયુગમાં ‘કંડુલ’ એવાં નામો અનુક્રમે થશે.’[18] કણ્વમુનિ દ્વારા સ્થાપનારા આ સ્થાનમાં બ્રહ્મકુંડ હશે. આ કુંડમાં સ્નાન કરીને તથા બ્રહ્મગુફાના દર્શન કરીને બ્રહ્મશાલામાં નિવાસ કરસે, તે બધાં પાપોથી મુક્ત થશે અને હું દૂત તરીકે કાર્ય કરનાર હોવાથી જગતમાં આ સ્થાન વિખ્યાતિ પામશે, એવી ભવિષ્યવાણી કરીને હનુમાન અંતર્ધાન થઈ જાય છે. ત્યાર પછી કણ્વમુનિએ પોતાના શિષ્ય ગાલવને સૌરાષ્ટ્ર દેશમાંથી સત્કર્મ પર પ્રીતિવાળા તથા નિર્મળ ધર્મવાળા બ્રાહ્મણો અને વણિકોને લઈ આવવાની આજ્ઞા કરે છે. આજ્ઞા મળતાં ગાલવ પ્રભાસક્ષેત્ર તરફ રવાના થાય છે. માર્ગમાં રૈવત પર્વત તથા સ્વર્ણરેખા અને પ્રાચી સરસ્વતી નદીનાં દર્શન કરે છે. આ ક્ષેત્રમાં રહેલા બ્રાહ્મણોએ ગાલવમુનિનો સત્કાર કર્યો અને ગાલવ સાથ પાપાપનોદક વનમાં જવા તૈયાર થાય છે. ત્યાં હનુમાનની આજ્ઞાથી સ્ત્રીપુત્રપરિવાર સાથે છત્રીસ હજાર વણિકો પણ ત્યાં આવી ચડ્યા.ે તમામને લઈ ગાલવ કણ્વમુનિ પાસે જવા પ્રભાસથી રવાના થાય છે. શિષ્યના આ ઉત્તમ કાર્યથી પ્રસન્ન થયેલાં કણ્વએ તેને વરદાન માંગવા કહ્યું ત્યારે ગાલવે તે છત્રીસ હજાર વણિકોમાંથી છ હજારની માગણી કરીને તેઓને પોતાના નામે પ્રખ્યાત કર્યા. આ તમામ અઢાર હજાર બ્રાહ્મણો અને છત્રીસ હજાર વણિકો વગેરેના નિવાસાદિને માટે વ્યવસ્થા કરવા કણ્વમુનિએ વિશ્વકર્માની સ્તુતિ કરી અને પ્રસન્ન થયેલા વિશ્વકર્માએ પોતાના મનથી નિમેષમાત્રમાં એક સુંદર નગરની રચના કરી આપી. ત્યાર પછી કણ્વએ કામધેનુનું સ્મરણ કર્યું અને પ્રસન્ન થયેલી કામધેનુની કૃપાથી તે નગર ધન, ધાન્ય, યજ્ઞસમૃદ્ધિ વગેરેથી પૂર્ણ બન્યું અને કણ્વમુનિએ વાજપેય યજ્ઞનો પ્રારંભ કર્યો.

**સમીક્ષા :**

‘कामधेनुवरप्रदानः’ નામનો આ અધ્યાય સમગ્ર કંડુલ પુરાણમાં વિસ્તારની દૃષ્ટિએ

દીર્ઘતમ છે. કંડોળ કે કપોળ (બ્રાહ્મણ તથા વણિક) જ્ઞાતિના મૂળ સ્થાનનો વિગતો અહીં વર્ણવાયેલી છે. પ્રારંભમાં હનુમાનચરિત વર્ણવાયેલું છે. રામાયણના હનુમાનના પ્રશંસનીય દૂતકાર્યને જાણનાર પુરાણકાર અહીં પણ તેને સંદેશવાહકના રૂપે પ્રસ્તુત કરે છે. હનુમાન દ્વારા પ્રસ્તુત બ્રહ્માના સંદેશમાં સ્થાનનગરનો પૂર્વ પરિચય પ્રાપ્ત થાય છે. એ નગરના ચારેય યુગોમાં પ્રસિદ્ધ થનારા નામોનું સૂચન, જ્ઞાતિપુરાણનું એક લક્ષણ સિદ્ધ કરનારું છે. સ્થાનનરની ચતુઃસીમાનો નિર્દેશ, એ નગરને તેમજ કંડોલપુરાણને 200થી 250 વર્ષો કરતાં વધારે પ્રાચીન સિદ્ધ થવા દેતો નથી. બ્રહ્મકુંડ, બ્રહ્મગુફા તથા બ્રહ્મશાલા જેવાં સ્થાનો આજે પણ અસ્તિત્વ ધરાવે છે. રૈવત પર્વત તથા સ્વર્ણરેખા (જેનું વર્તમાન નામ સોનરખ છે) અને પ્રાચીસરસ્વતીનદીનાં વર્ણનો, પ્રભાસક્ષેત્ર, બ્રાહ્મણો, વણિકો વગેરેનાં વર્ણનો, સ્થાન નગરનુ વર્ણન, કામધેનું પ્રદત્ત યજ્ઞસમૃદ્ધિનું વર્ણન એમ વર્ણનોની એક આખી પરંપરા આ અધ્યાયમાં પ્રસ્તુત થયેલી છે. સમગ્ર અધ્યાયમાં ભાવવાહી વાતાવરણ જોઈ શકાય છે.

• • •

# અધ્યાય-5

## સ્થાન નગરીની રચના, તથા બ્રાહ્મણો અને વણિકોના વેદ, ગોત્ર અને પ્રવરાદિ

ચોથા અધ્યાયમાં અંતે કણ્વઋષિના વાજપેય યજ્ઞના આરંભનું વર્ણન છે. તેમાં કોને કોને નિમંત્રણ આપવામાં આવ્યું હતું, તેના નિર્દેશ સાથે પુરાણકાર ભગવાન શંકરના શબ્દોમાં રજૂઆત કરે છે -

"ગૌતમ વગેરે ઋષિઓ, બ્રહ્મા, ઈન્દ્ર વગેરે દેવતાઓ, નારદાદિ દેવર્ષિઓ, ગંધર્વો, અપ્સરાઓ વગેરેને યજ્ઞમાં નિમંત્રણ આપવા માટે ગાલવ ઋષિને મોકલવામાં આવ્યા અને બધા દેવતાઓ યજ્ઞશાળામાં પધાર્યા પછી કણ્વ મુનિએ યજ્ઞનો પ્રારંભ કર્યો. (1-2)

પ્રસ્તુત યજ્ઞમાં કઈ જવાબદારી કોને સોંપવામાં આવી તેનું વર્ણન કરતાં પુરાણ કહે છે -

"કણ્વમુનિએ યજ્ઞ કરવાની દીક્ષા લીધી. બ્રહ્માને બ્રહ્માસન આપવામાં આવ્યું, સભાના અધિપતિ વિષ્ણુ થયા અને રુદ્રકુંભના સ્થળે જપ કરવા માટે ગુરુની નિમણૂંક કરવામાં આવી. ભંડારના અધિપતિ ઐલપિલને, જળની વ્યવસ્થા માટે વરુણને, અનાજ પૂરું પાડવા માટે ઈન્દ્રને તથા પુરાણવક્તા તરીકે વ્યાસમુનિની નિમણૂંક કરવામાં આવી. ગૌતમમુનિ અધ્વર્યુપદે રહ્યા, પરાશર વગેરેની ઋત્વિજનાપદે નિમણૂંક કરવામાં આવી. (3-6)

ગીતો ગાવા માટે નિમ્નલિખિત સ્ત્રીસમુદાયની નિમણૂંક કરવામાં આવી.

સાવિત્રી, લક્ષ્મી, ગૌરી, ઈન્દ્રાણી, અરુંધતી, અનસૂયા, સ્વધા, સ્વાહા, જયા, વિજયા, ધૃતિ, શ્રદ્ધા વગેરે દેવર્ષિઓની શુભાંગનાઓ તથા અન્ય શુભ ચરિત્રવાળી પતિવ્રતા સ્ત્રીઓ વિસ્મયકારક ગીતો ગાવા લાગી. ગાર્ગી, મૈત્રેયી વગેરે યજ્ઞની સ્તુતિ કરવા લાગી. (7-9)

આ યજ્ઞમાં સૌને ઈચ્છા મુજબ અન્ન તથા ચીજવસ્તુઓનાં દાન દેવામાં આવ્યાં. ચારેય વેદોનું પારાયણ કરવામાં આવ્યું તથા પુરાણકથાનું આયોજન કરવામાં આવ્યું. રંભા વગેરે અપ્સરાઓ નિત્ય નાચ કરવા લાગી, નારદાદિ દેવર્ષિઓ, ગંધર્વો તથા કિન્નરો ગાન કરવા લાગ્યા. ત્યારપછી યજ્ઞની પૂર્ણાહુતિ કરીને મુનિએ નિમંત્રણ આપેલા બ્રાહ્મણોમાંથી ગોત્રદીઠ એકએક એમ અઢાર બ્રાહ્મણોની પૂજા કરી. (10-14)

ત્યાર પછી દરેક બ્રાહ્મણનું પાદપ્રક્ષાલન કર્યું તથા ગાયો આપી અને નીલોત્સર્ગ શ્રાદ્ધ વિધિ કરીને આનંદપૂર્વક સ્થાન બ્રહ્માર્પણ કર્યું. બ્રાહ્મણોએ "સ્વસ્તિ" શબ્દ કહી સ્થાનનો સ્વીકાર કર્યો અને આશીર્વચનોથી કણ્વ મુનિનું અભિવાદન કર્યું. (15-19)

કણ્વ મુનિ બોલ્યા : "હે બ્રાહ્મણો ! વિનયવાળા આ ત્રીસ હજાર વણિકો તમારી ઈચ્છિત વસ્તુઓ આપનારા તથા તમારી સેવા કરનારા થશે. ગાલવમુનિએ પણ તેમાં પોતાનો સૂર પુરાવ્યો." (20-22)

આ દાન આપવાની ક્રિયા ચાલુ હતી ત્યારે બકુલાર્ક (સૂર્ય) કહેવા લાગ્યા : "હે બ્રહ્મા વગેરે દેવો ગૌતમ વગેરે મહર્ષિઓ મારી વાત સાવધાન થઈને સાંભળો : કણ્વ

મુનિએ પહેલાં કર્મની સાક્ષી માટે આ ઉત્તમ સ્થાનમાં રહેવા મને પ્રાર્થના કરી હતી. ત્યાર પછી કણ્વ ઋષિએ આ સ્થાનની સ્થાપના કરી. સાક્ષી તરીકે હું આ સ્થળે રહેલો છું. આ સ્થાન કલ્પના અંત સુધી ચિરસ્થાયી બની રહો. કણ્વ મુનિની, શંકર તથા બ્રહ્માના જેવી કીર્તિ બ્રહ્માંડમાં કાયમ રહો. હું આ સ્થાનનું નિરંતર પાલન કરીશ. (23-25)

આ સ્થાનના ભવિષ્ય વિષે વાત કરતાં સૂર્યે કહ્યું : "જે દુર્જન આ સ્થાનનું અહિત કરવાનું મનથી પણ વિચારશે તે મારા પ્રભાવથી ક્ષય પામશે. આ સ્થાનમાં રહેલા બકુલાર્ક" નામથી વિખ્યાત મને જે દૂરથી પણ યાદ કરશે તે ઈચ્છિત ફળને પામશે અને પુત્રપૌત્રાદિક તથા મોક્ષનાં પરમ સુખને પ્રાપ્ત કરી શકશે.[19]

આ સ્થાન સાથે સંકળાયેલ મહિનાઓ તથા તિથિઓ વિષે નિર્દેશ કરતાં બકુલાર્ક કહે છે :

"ચૈત્ર તથા ભાદ્રપદ માસના શુક્લપક્ષની છઠને દિવસે સ્વસ્થ ચિત્તથી મારી પૂજા કરનારના બધા મનોરથો હું પૂર્ણ કરીશ. વિશેષ કરીને રવિવારને છઠને દિવસે જે મારી પૂજા કરશે તે મારા પદને પામશે. ઉપર્યુક્ત દિવસે ઉપવાસ કરીને નૃત્ય, ગીત વગેરેથી જે રાત્રિજાગરણ કરશે તે પોતાના સર્વ મનોરથને પૂરા કરી શકશે. વળી મારા મંદિરને ધ્વજા, તોરણ, પતાકા વગેરેથી શણગારી, વસ્ત્ર, માળા વગેરે મન પરિધાન કરાવશે તે આલોકની અંદર વિપુલ સુખો ભોગવીને અંતે સૂર્યના પદને પામશે. મને ઉદ્દેશીને છઠ અગર તો રવિવારને દિવસે થોડું પણ દાન આપશે તો તે આ સ્થાનના પ્રભાવથી અક્ષય પુણ્ય આપનારું બનશે. હે દેવો, આપ સર્વ અહીંયાં નિવાસ કરીને કણ્વસ્થાનમાં રહેલી પ્રજાનું રક્ષણ કરો." (32-37)

કણ્વની પ્રાર્થનાના પ્રત્યુત્તરમાં બ્રહ્માએ વચન આપ્યું : "હું આ બ્રહ્મકુંડ તથા બ્રહ્મગુફામાં અહીં રહીશ. જે મનુષ્ય અહીં આવીને બ્રહ્મકુંડમાં સ્નાન કરશે અગર તો અહીં વાસ કરશે, તે અંતે સત્યલોકને પામશે. (38)

વિષ્ણુ ભગવાને કહ્યું : "પૂર્વે મેં વરાહ જેવી આકૃતિ ધારણ કરીને, પૃથ્વીનો ઉદ્ધાર કર્યો, ત્યારે હું આ પાપાપનોદક વનમાં રહેલો હતો અને તે વખતે રાક્ષસોનો નાશ કરનાર કપિલ, વરાહ વગેરે નામોથી પ્રખ્યાત બનેલો હું, આ સ્થળે લક્ષ્મીજી સાથે સમસ્ત જગતનું રક્ષણ કરી રહેલો છું. જે લોકો આ સ્થળે મારું સ્મરણ કરીને દર્શન કરશે અને સ્થિરમતિથી મારી પૂજા કરશે, તે અંતે પાપરહિત થઈને અંતે મારા સ્થાનને પ્રાપ્ત કરશે." (39-41)

રુદ્રદેવે કહ્યું : ત્રિનેત્ર એવો હું પૃથ્વી ઉપર વિખ્યાત હોઈને આ સ્થળે કણ્વે મને સ્તુતિ કરેલી છે, જે મનુષ્ય અહીં આવીને મારી પૂજા કરશે, તે શિવલોકમાં નિવાસ કરશે. હે મુનિ, તમે આ બ્રહ્મકુંડથી ઉત્તર દિશામાં ઈન્દ્રેશ્વર નામના લિંગની સ્થાપના કરીને ત્યાં તપ કરો અને ખરેખર સિદ્ધિ હાંસલ કરો. મેં સ્થાપેલા મહાદેવની ભક્તિભાવથી જે પૂજા કરશે તે સર્વ પાપોમાંથી મુક્ત થઈને સિદ્ધિ મેળવીને સ્વર્ગમાં જશે." (42-45)

ધર્મ કહે છે : "અહીંથી વાયવ્યમાં આવેલા ધર્મેશ મહાદેવની પૂજા કરતા હોઈને તેમની સમીપમાં રહેલી શિલા ઉપર બેસીને મેં તપ કર્યું હતું. તે શિલા પર બેસીને તપ કરવાથી મને સિદ્ધિ મળેલી હતી. અને તે કારણથી તે શિલાનું નામ "ધર્મશિલા" પડ્યું છે, તે સ્થળે પિતૃઓને અપાયેલું પિંડદાન અક્ષય ફળ આપનારું બની રહે છે અને તેની પાસે રહેલી પ્રેતશિલા તથા મારી ધર્મશિલા બંનેને સૂત્ર વીંટીને સાથવા વડે બંનેની પૂજા કરશે, તો તેનાથી તેનાં પ્રેતનો મોક્ષ થશે." (46-48)

વરુણે કહ્યું : ''મત્સ્યેન્દ્રી (-મચ્છુ)ના કાંઠા ઉપર આવીને, મહાનત કરીને મેં સિદ્ધિ મેળવી હતી. આથી અહીં આવીને વરુણેશની પૂજા કરશે તે સુખી થશે.'' (49)

વાયુએ કહ્યું : ''આ વનમાં તપ કરીને હું સ્પર્શ માત્રથી પાપનો નાશ કરનારો થયો, તેથી તે દિવસથી આ વનનું નામ ''પાપાપનોદ'' - પાપનો નાશ કરનાર એવું પડેલું છે. માટે આ વનના દર્શન કરવાથી મનુષ્ય પાપરહિત થશે.'' (50)

કુબેરે કહ્યું : ''ઉત્તર દિશામાં આવેલી બ્રહ્મશાળામાં ''ધનદેશ્વર'' નામના શંકરનું આરાધન કરીને મેં શંકરની મૈત્રી મેળવી છે. માટે તે ધનદેશ્વરની પૂજા કરવાથી મનુષ્ય શિવલોકને પ્રાપ્ત કરશે.'' (51)

હનુમાને કહ્યું : ''કણ્વમુનિની કૃપા મેળવીને બ્રહ્માના વચનથી નિરંતર હું આ સ્થાનનું રક્ષણ કરતો હું આ ક્ષેત્રમાં ''બકુલાર્ક''ની સમીપમાં રહું છું.'' (52)

સર્વ દેવતાઓ કહે છે : અમે બધા દેવતાઓ યત્નપૂર્વક કણ્વમુનિના સ્થાનને સેવીને સદા દુષ્ટ મનુષ્યોનો નાશ અને પવિત્ર આચરણવાળાનું અમે રક્ષણ કરી રહેલા છીએ.'' (53)

આમ કહીને બ્રહ્માદિ દેવતાઓ અંતર્ધાન થઈ ગયા. કણ્વમુનિએ બ્રાહ્મણો તથા અન્ય લોકોને સૌ સૌની ઈચ્છા મુજબ ધન આપ્યું. કામધેનુએ પણ બધાં ઘરોને રત્નાદિ દ્રવ્ય વડે પરિપૂર્ણ કરીને કણ્વમુનિ પાસેથી વિદાય લીધી. (54-55)

કણ્વમુનિએ ઋષિઓ તથા વણિકોની આગતાસ્વાગતા કરી અને પછી ગાલવ ઋષિએ જેમની પ્રતિષ્ઠા કરી છે, તેવા વણિકો તરફ જોયું. અને કહેવા લાગ્યા :

"આ છ હજાર વણિકોની સ્થાપના ગાલવ મુનિએ કરેલી છે. માટે તે ગાલવના શિષ્યો 'ગાલવ' નામથી કહેવાયો. છતાં પણ તેમણે ગાલ સુધી લાંબાં કુંડલો પહેરેલાં છે. માટે તેઓ "કપોળ" નામથી વિખ્યાત થાઓ.[20]

આગળ જતાં તેમણે ઉમેર્યું : "પૂર્વ દિશામાં રહેનારા બ્રાહ્મણોની સેવા માટે, ગુરુ તથા દેવતાઓની પૂજામાં પ્રીતિવાળા જે વણિકો ફરી રહેલા છે, તે વણિકો "પ્રાગવાટ" નામથી પ્રખ્યાતિ પામો. તેમજ મેં સ્થાપેલા નગરમાં પૂર્વ દિશામાં જેનો વાટ એટલે વાડો હતો તેવા દેશને વધારનારાં સૌરાષ્ટ્રો (સોરઠિયા) છે. તેમને પ્રાગ્વાટ જાણવા.[21]

બ્રાહ્મણો તથા વણિકોનાં સમાન ગોત્રો મળી આવે છે, તેના વિષે વાત કરતાં કણ્વે કહ્યું હતું :

"બ્રાહ્મણોનાં ગૌતમાદિ જે ગોત્રો છે તે 4 ગોત્રો, જો કે વણિજો અલગ અલગ ગોત્રના છે, તથાપિ આ અઢાર હજાર બ્રાહ્મણોનાં ગોત્રો પ્રમાણે વણિકોનાં પણ ગોત્રો થાઓ.[22]

આ લોકોની કુલદેવતા (કુલદેવીઓ) વિષે નિર્દેશ કરતાં કણ્વ મુનિ કહે છે :

"તેમજ ચામુંડા, અંબિકા, ગંગા, મહાલક્ષ્મી, કલેશ્વરી, ભાગાદેવી, વગેરે તેમની કુલદેવીઓ થશે.[25]

ત્યાર પછી કણ્વ મુનિએ બ્રાહ્મણો તથા વણિકોને કહ્યું : "આ સ્થાનમાં ધર્મનું આચરણ કરતાં કરતાં તમારે આનંદથી રહેવું. હે વણિકો, તમારે બ્રાહ્મણોની સેવા ભેદભાવ રાખ્યા વિના નિરંતર કરવી, તેમજ બ્રાહ્મણોનાં વચનોનું ઉલ્લંઘન કરવું નહીં.

જે રીતે બ્રાહ્મણો અગ્નિહોત્રાદિક ફરીને સતત અગ્નિમાં હોમ તથા યજ્ઞયાગ કરે છે, તેવી જ રીતે તમારે પણ તેમની માફક ધર્મક્રિયાઓ કરવી. બ્રાહ્મણમુહૂર્તમાં ઊઠીને ગુરુ તથા દેવર્ષિઓનું ચિંતન કરવું તથા ઈશ્વરે કહેલું, પ્રભાતનું મંગલ સ્તવન કરવું. (63-67)

તેમની આ સૂચનાઓ વિષે સ્પષ્ટતા માગતાં તે વણિકો અને બ્રહ્મણોએ પ્રશ્ન કર્યો :

"ભગવાન શંકરે પ્રભાતમાં પાઠ કરવાથી મનુષ્યો કર્મનાં બંધનમાંથી મુક્ત થઈ શકે તે મંગલદાયક સુપ્રભાત સ્તોત્રમાં શું કહેલું છે ?[24]

ઈશ્વરે-હરે કહેલા સુપ્રભાતમાં બ્રહ્મા, વિષ્ણુ, શંકર તથા નવ ગ્રહોને સુપ્રભાત કરવા માટે પ્રાર્થના કરવામાં આવી છે. (70)

શ્લોકમાં સપ્ત ઋષિઓને સુપ્રભાત માટે પ્રાર્થના કરવામાં આવી છે.

72મા શ્લોકમાં સનક, સનંદન, સનાતન, સનત્કુમાર, આસુરિ, પિંગલ , સાત સ્વરો અને સાત પાતાલોને સુપ્રભાત માટે પ્રાર્થના કરવામાં આવી છે.

73મા શ્લોકમાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધયુક્ત પંચમહાભૂતો તથા મહત્ત્વને સુપ્રભાત માટે પ્રાર્થના કરવામાં આવી છે.

74મા શ્લોકમાં સાત સમુદ્રો, સાત પર્વતો, સાત ઋષિઓ, સાત દ્વીપો, સાત વનો અને પૃથ્વી સહિત સાત લોકોને સુપ્રભાત કરવા માટે પ્રાર્થના કરવામાં આવી છે. આ સ્તોત્રની ફલશ્રુતિ 75 મા શ્લોકમાં રજૂ કરવામાં આવી છે. ફલશ્રુતિ છે કે ખરાબ સ્વપ્નો ન આવે અને નવસુપ્રભાત દુઃસ્વપ્નનાશ કરે.

આ સ્તોત્રગાન પછી શય્યાત્યાગ અને અન્ય પ્રાતર્વિધિ કરવા માટે આચારસંહિતા આપવામાં આવી છે. આ આચારસંહિતાના કેટલાક મુદ્દા નોંધવા જેવા છે. તેમાંથી કેટલાક સાવ પ્રાથમિક કક્ષાના છે, પણ તે છતાં સેંકડો વરસ પહેલાં પુરાણકાર આના વિષે વિચાર કરતા હતા તે વાત મહત્ત્વની બની રહે છે –

– દેવ, ગાય, બ્રાહ્મણ, અગ્નિની સમીપમાં, રાજમાર્ગ, ચૌટામાં તેમજ ગોશાળામાં મળમૂત્રત્યાગ ન કરવો.

– મલોત્સર્ગ કરતી વખતે પૂર્વ તથા પશ્ચિમ દિશા તરફ મોંઢુ રાખીને ન બેસવું.

– મળત્યાગ પછી ક્યાં અંગોને કેટલી વાર ધોવાં તેના વિષે સૂચના આપવામાં આવી છે.

– હાથપગ ધોવા માટે કેવી માટીનો ઉપયોગ ન કરવા જણાવ્યું છે.

– આ આચાર સંહિતામાં શૌચક્રિયા, સ્નાન, સંધ્યા વગેરે કરવાના સમય તથા રીતો દર્શાવેલ છે.

– દંતશુદ્ધિ, દેવપૂજા, પિતૃતર્પણ, અગ્નિહોમ, વસ્ત્રપરિધાન વિષે સૂચનો આપવામાં આવ્યા છે.

– શુભ શુકન સૂચવતા પદાર્થોની યાદી આપી છે.

– કુલધર્મનો ત્યાગ ન કરવાનું કહ્યું છે.,

– કેવી સ્ત્રીઓનો ત્યાગ કરવો તે વિષે કહ્યું છે.

– કેવી વાણી બોલવી તેના વિષે કહ્યું છે.

તદુપરાંત નિમ્નલિખિત નિષેધોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

વૃથાટન, વ્યર્થદાન, વ્યર્થ પશુમારણ, અસત્સંગ, વૃથાદાર પરિગ્રહ. (87)

નીચેનું સૂચન તેના સચોટપણા માટે નોંધવા જેવું છે.

પારકું દ્રવ્ય નરક માટે અને પરદારા મૃત્યુ માટે થાય છે.[25]

સ્ત્રીઓ સાથેના વ્યવહારની બાબતમાં આ પુરાણકારની વિચારધારા પ્રાચીનકાળના મનુઆદિ સ્મૃતિકારોને જ અનુસરે છે. થોડાંક ઉદાહરણો જોઈએ તો -

– નગ્ન સ્ત્રીદર્શનનો નિષેધ, રજસ્વલા-સ્પર્શનો નિષેધ તેમજ તેના મુખદર્શનનો પણ નિષેધ.(89)

– મિત્રની સ્ત્રી અથવા અન્યની સ્ત્રી સાથે એકાસને બેસવાનો નિષેધ.

– માતા, બહેન તથા પુત્રી સાથે પણ એકાસને બેસવાનો નિષેધ.[26]

દરરોજના જીવનની આચારસંહિતાનું આલેખન આગળ ચાલે છે.

– વસ્ત્રરહિત અવસ્થામાં ફરવાનો નિષેધ

– વસ્ત્રરહિત અવસ્થામાં સ્નાન તથા શયનનો નિષેધ

– તૂટેલી શય્યા તથા ભાંગેલાં વાસણમાં ભોજનનો નિષેધ (91)

– પૂર્વ તથા પશ્ચિમ તરફ માથું રાખીને સૂવાનો નિષેધ

- દક્ષિણ દિશા તરફ મુખ રાખીને તથા શત્રુને ઘરે જમવાનો નિષેધ
- અજ્ઞાન જાતિવાળાને ત્યાં ભોજનનો નિષેધ (92)
- અન્ય લોકોએ વાપરેલાં અન્ન, જલ, વસ્ત્ર, માળા ધારણ કરવાનો કે વાપરવાનો નિષેધ
- સ્નાન પછી કેશ અને શરીરના અવયવોને તથા વસ્ત્રને પોતાના હાથથી ચોળવા કે સાફ કરવાનો નિષેધ (93)
- પાખંડી, કુકર્મી, પુરાણ તથા ધર્મશાસ્ત્રને દૂષિત કરનારા તથા બકવૃત્તિ રાખનારા સાથે બોલવાનો નિષેધ. (94)
- ચૈત્ય, ચતુષ્પથ (ચોક), વિદ્યા અને ગુણથી અધિક વિદ્વાન દેવાલય તથા ગુરુ વગેરેને પ્રદક્ષિણા કરીને આગળ ચાલવાની ભલામણ. (95)
- માથા પર બહુ સ્નાન કરવાનો નિષેધ, શાસ્ત્ર નિંદાનો નિષેધ, મધ્યરાત્રિએ સ્નાનનો નિષેધ. (96)
- જે દેશમાં ધાર્મિક રાજા ધર્મથી રાજ્ય ચલાવતો હોય અને જે સ્થળે જનસમૂહ સંપીને વાસ કરતો હોય તે દેશમાં વાસ કરવાનું વિધાન.
- સખત દંડ દેનાર તથા વેર રાખનાર રાજા હોય ત્યાં રહેવાનો નિષેધ. (97)
- ઈન્દ્રિયોનું દમન, શાન્તિ, દયા, દાન, નમ્રતા, સત્ય, પવિત્રતા, શ્રદ્ધા, બ્રાહ્મણોની ભક્તિ, દેવપૂજા, પુરાણ કથા શ્રવણ, તીર્થયાત્રા, ગુરુસેવા,

સ્નાન, પિતૃશ્રાદ્ધ, શ્રીહરિનું ધ્યાન, તથા 'ૐ નમો ભગવતે વાસુદેવાય' મંત્રનો જપ વગેરે કાર્યો કરવાનું વિધાન[27]

- શાન્તિકારક હોમ, મંત્રજપ, પારાયણ, જન્મથી માંડીને સંસ્કારો બ્રાહ્મણો દ્વારા કરવાનું વિધાન (100)
- વેપાર, પશુપાલન, નિયોગ, ખેતી, મંત્રીપણું, નોકરોને આજ્ઞા આપવી, ધનસંગ્રહ વગેર કામ કરવાનું વિધન (101)

વણિક લોકોના જીવનનિર્વાહ માટે કયાં કયાં સાધનો છે, તેનું વર્ણન આગળ ચલાવતાં પુરાણકાર દર્શાવે છે.

- રાજ્યના સલાહકાર બની રાજસેવા કરવી.
- બ્રાહ્મણ પ્રજાનું પાલન કરવું.
- ગાય, દહીં, દૂધ, રાંધેલું અન્ન, મીઠું, દારૂ, તલ તથા લોખંડ વગેરે વસ્તુઓનું વેચાણ કરવાનો નિષેધ છે. (102-103)

તેમની નીતિમત્તા વિષે માર્ગદર્શન પૂરું પાડતાં કહે છે

- કલ્યાણની ઈચ્છા રાખનારે ખોટી સાક્ષી ન પૂરવી,
- તોલમાં ઓછું ન આપવું,
- પવિત્રતાથી વ્યવહાર ચલાવવો,
- મનુષ્યોને છેતરવાનો ધંધો ન કરવો.

- સત્પુરુષોનું પાલન કરવું,
- સત્સંગ કરવો, સત્કથા સાંભળવી,
- ધર્મકાર્યોમાં શ્રદ્ધા રાખવી
- વૃદ્ધ તથા ગુરુની આજ્ઞાને માન આપવું
- વૃદ્ધ તથા ગુરુની આજ્ઞાની માન આપવું.[28]

બ્રાહ્મણોને તેમનાં ગોત્રોનું માર્ગદર્શન આપતાં કહેવામાં આવ્યું છે –

બ્રાહ્મણોના અઢાર ગોત્રો – (1) ગૌતમ (2) સાંક્રત (3) ગર્ગ (4) વત્સ (5) પારાશર (6) ઉપમન્યુ (7) બંધિલ (8) વશિષ્ઠ (9) કુત્સ (10) પૌલ્કસ (11) કશ્યપ (12) કૌશિક (13) ભારદ્વાજ (14) કપિષ્ઠિલ (15) સારંગિરિ (16) હારિત (17) શાંડિલ્ય અને (18) સનકિ.

ઉપર્યુક્ત ગોત્રોનાં પ્રવરોનો નિર્દેશ કરતાં પુરાણકાર કહે છે –

તેમાંના અગિયાર ગોત્રોનાં પ્રવરો કહેવામાં આવ્યાં છે. અગિયાર ગોત્રોમાં કેટલાંકના પ્રવરો પાંચ, ચાર, ત્રણ અથવા તો એક પણ છે.[29]

આ પ્રવરો નીચે પ્રમાણે છે –

| | **ગોત્ર** | **પ્રવર** |
|---|---|---|
| 1. | ગૌતમ | – ગૌતમ, ઉતથ્ય, આંગિરસ = 3 |
| 2. | સાંક્રત | – સાંક્રત, આંગિરસ, ગૌરિ, વત્સ = 4 |

3. ગર્ગ – ગર્ગ, વત્સ, અંગિરા = 3

4. વત્સ – વત્સ, ચ્યવન, ઔર્વ, આપ્નવાન તથા જમદગ્નિ = 5

5. પારાશર – પારાશર, વશિષ્ઠ, અને મચ્છુ = 3

6. ઉપમન્યુ – ઉપમન્યુ, ચ્યવન, અને આંગિરસ = 3

7. બંધિલ – અત્રિ, ઔતિથ્ય, આંગિરસ = 3

8. વશિષ્ઠ અને કપિષ્ઠલ – બન્ને ગોત્રમાં વશિષ્ઠ નામનું એક જ પ્રવર છે. =1

9. કુત્સ – કુત્સ, આંગિરસ અને બાર્હસ્પત્ય

10. સારંગિરિ તથા પૌલ્કસ ગોત્રમાં ભાર્ય વાદિ પાંચ પ્રવરો છે = 5

11. કશ્યપ – કાશ્યપ, વત્સ, અને નૈડ્વ = 3

12. કૌશિક – કૌશિક, આંગિરસ, તથા બોર્હસ્પત્ય = 3

13. ભારદ્વાજ – ભારદ્વાજ, આંગિરસ અને બાર્હસ્પત્ય = 3

14. સનકિ – ગૃહનમદ (ગૃત્સમદ?) = 1

15. શાંડિલ્ય – શાંડિલ્ય, દેવલ અને અસિત = 3

16. હારિત – હારિત, કુશ, શંખદર્ભ તથા પૈત્રિક = 4 (111-118)

આ બ્રાહ્મણકુળોની વેદ તથા વેદશાખાઓનો નિર્દેશ કરતાં કહેવામાં આવ્યું છે.

(1) ગૌતમ, (2) સનક, (3) કુશ, (4) વત્સ, (5) પારાશર, (6) કશ્યપ, (7) કૌશિક, (8) ઉપમન્યુ તથા (9) બંધિલ.

– આ નવ ગોત્રોની શાખા માધ્યંદિની તથા વેદ યજુર્વેદ છે.

આ બ્રાહ્મણો યજ્ઞયાગાદિકની ક્રિયાઓમાં કુશલ હોય છે. (120-121)

ઋગ્વેદનું અધ્યયન કરનારા સાંક્રત, પૌલ્કસ તથા ભારદ્વાજ, ગોત્રના બ્રાહ્મણોની શાખા ચલાયિની જાણવી. (119)

– શાંડિલ્ય, ગર્ગ તથા હારિત એ ત્રણ ગોત્રોનો સામવેદ અને શાખા કૌથમી છે. (122)

– કપિષ્ઠિલ, વશિષ્ઠ અને સારંગિરિ એ ત્રણ ગોત્રોનો અથર્વવેદ તથા શાખા દાધ્યંગિકી છે. (123)

કણ્વમુનિ આ બ્રાહ્મણ કુટુંબોને આશીર્વાદ પાઠવતાં કહે છે.

– મેં તમારા બધાની સ્થાપના કરી છે, તેથી તમે કાણ્વ (કણ્વમુનિના શિષ્યો) કહેવાશો.

– પરોપકાર પર પ્રીતિવાળા, સારા આચરણવાળા, દયાર્દ્રભાવવાળા તપઃસ્વાધ્યાયયુક્ત, યજ્ઞવિદ્યાકુશલ તથા આપત્તિને દૂર કરનારા થશો. (124, 125)

– ઉત્તમ વણિકજનો તમારું યોગક્ષેમ ચલાવશે. (126)

- તમારે અંદરોઅંદર દાન દેવું તથા લેવું. આમ કરવાથી પ્રતિગ્રહનો દોષ તમને લાગશે નહીં, કેમ કે યજ્ઞમાં અર્પણ થયેલી વસ્તુ યજ્ઞ કરાવનારને ગ્રાહ્ય જ છે.[30] (127)

- તમારા આશીર્વાદથી વણિકોની વંશવૃદ્ધિ થાઓ.

- વણિકજનો તમારી આજ્ઞાનું પાલન કરો.

- વણિકજનો પણ સ્વસ્થમનથી બકુલાદિત્યની સેવા કરો, ભજન કીર્તન કરો, લક્ષ્મી તથા યશની પ્રાપ્તિ કરો. (128-130)

આ સ્થાન સાથે સંકળાયેલા દેવોની કૃપા બ્રાહ્મણો તથા વણિકો પર ઊતરો એવી કામના વ્યક્ત કરતાં કણ્વ ઋષિ કહે છે –

બકુલાદિત્ય કુંડલોથી શોભતા ગાલવાળા, અનુપમ કંકણોવાળા, હાથમાં સુંદર પાશવાળા, કમર પર સુંદર આયુધ ધારણ કરેલ હોય તેવા, સફેદ ઘોડા પર સવારી કરતાં, આજાનુબાહુ, પદ્મહસ્ત, બકુલાદિત્ય તમારું રક્ષણ કરો. (131-133)

રુદ્રાવતારહનુમાન – હનુમાન દ્વારા રક્ષણની કામના કરતાં કણ્વ ઉમેરે છે.

- શ્રીમાન્ રુદ્રના અવતારરૂપ, યોગવિદ, અપાર બળવાળા, પવનપુત્ર હનુમાન કલ્પ સુધી તમારું રક્ષણ કરો. (134-135)

પ્રસ્તુત બ્રાહ્મણો તથા વણિકજનોની કુલદેવીઓ વિષે નિર્દેશકરતાં કણ્વ કહે છે –

બ્રાહ્મણોની કુળદેવીઓ - ચામુંડા, સામુદ્રી, રજકાવલી, નિત્યા, મંડિતા, સિદ્ધિ તથા પિપ્પલવાસિની છે.

# વણિકોની કુળદેવીઓ

ચામુંડા, અંબિકા, ગંગા, મહાલક્ષ્મી, કલેશ્વરી, ચોરવાટેશ્વરી, ભોગા, વારાહી વગેરે (138)

કણ્વ આ બન્ને જ્ઞાતિઓના સભ્યોને શીખ આપતાં કહે છે-

– તમે જ્યાં જ્યાં વાસ કરો ત્યાં ત્યાં કુલદેવીઓની પ્રતિષ્ઠા કરી આનંદથી રહેજો.
– આથી આ દેવીઓ તમારા કુલને આબાદી બક્ષશે.
– તમારો રક્ષક ક્ષેત્રપાલ થાઓ. (139-141)

ક્ષેત્રપાલનું સ્મરણ કરવામાં આવતાં તે દેવ પ્રકટ થયા અને કણ્વની આજ્ઞા માગી.

આ દેવનું વર્ણન કરતાં કણ્વ કહે છે -

મસ્તક પર ચંદ્રવાળા, ગોળ આંખોવાળા, હાથમાં તલવાર વાળા, હસતા મુખવાળા, સફેદ વસ્ત્રવાળા, ત્રિનેત્ર, અનુપમ કુંડલવાળા, હાથમાં ડમરુવાળા, ચાર હાથવાળા, દેવ ક્ષેત્રપાલ (142-144)

આગળ ચાલતાં કણ્વઋષિએ ગોરસ ભૈરવને આ સ્થાનના રક્ષણ માટે પ્રાર્થના કરી છે.

– રાક્ષસાદિના અંતરાયોથી રક્ષણ કરો. (145)

આગળ ચાલતાં ભૈરવને પ્રાર્થના કરે છે –

"દરેક કુલમાં કુલદેવીઓ સાથે તમારા ભૂતગણો સહિત દિવ્ય બલિદાન ગ્રહણ કરો અને આ સ્થાનનું કુશળ કરો. (146)

ભૈરવની રક્ષા માટે સ્થાપના કરીને કણ્વ – આગળ ભલામણ કરતાં 'કર' શબ્દનો વિશુદ્ધ ગુજરાતી અર્થમાં ઉપયોગ કરીને કહે છે –

"પહેલાં તમે જે ગોત્રદેવતાનો 'કર' કરતા હતા તે 'કર' રક્ષણ કરનાર ભૈરવનો અવશ્ય કરજો. તેમ કરવાથી તમને કશો દોષ લાગશે નહીં. તમારું કલ્યાણ થશે.[31] (147,148)

અહીં 'કર' શબ્દનો અર્થ સાથે જોડણીકોષ તથા ભગવદ્ ગોમંડલમાં જોતાં કર-કરવેરા થાય છે. અહીં તેનો અર્થ પ્રતિવર્ષ દેવદેવીઓને ઉદ્દેશીને થતાં પૂજન, અર્ચન, નૈવેધ અભિપ્રેત બને છે.

આશીર્વાદ આપતા કણ્વના શબ્દો છે –

– ધનધાન્યની સમૃદ્ધિવાળા, પુત્રપૌત્રાદિક સંતતિવાળા, ગુરુ દેવ-બ્રાહ્મણોને માનનારા થઈને વૃદ્ધિ પામો (149)

અધ્યાયના અંતમાં ઉપસ્થિત રાજા માંધાતાને કણ્વ ભલામણ કરીને પ્રજાજનોને તેના હાથમાં સોંપે છે. (149-151)

**સમીક્ષા :**

આ અધ્યાયમાં

– સ્થાનનગરની રચના

– બકુલાર્કની પ્રસન્નતા

– બ્રહ્મા, વિષ્ણુ વગેરે દેવો સ્થાનની રક્ષા કરવા વચન આપે છે.

– કણ્વ મુનિ ગાલવ મુનિના છ હજાર શિષ્યોને કપોલસંજ્ઞા આપે છે.

- બાકીના ત્રીસ હજાર વણિકોને પ્રાગ્વાટ સોરઠિયાની સંજ્ઞા આપે છે.
- બન્ને જ્ઞાતિઓને કણ્વનો ઉપદેશ
- પ્રાતઃસ્મરણ, આહ્નિક કર્તવ્ય, ધર્મોપદેશ
- બન્ને જ્ઞાતિઓનાં ગોત્રો તથા પ્રવરો
- બન્ને જ્ઞાતિઓની કુલદેવીઓ, ક્ષેત્રપાલ, ભૈરવની સ્થાપના. જ્ઞાતિના પ્રવર

તથા ગોત્ર આપીને પુરાણકાર આ પુરાણની જ્ઞાતિપુરાણ તરીકે સ્થાપના કરે છે.

• • •

## અધ્યાય-6

## બ્રાહ્મણો તથા વણિકોનાં વેદ તથા શાખા

અધ્યાયની શરૂઆતમાં સ્કન્દ ભગવાન શંકરને નિમ્ન લિખિત પ્રશ્નો પૂછે છે, તે પ્રશ્નોના ઉત્તરમાં આ અધ્યાયની રચના કરવામાં આવી છે. પ્રશ્નો છે –

(1) કણ્વમુનિએ સ્થાપના કર્યા પહેલાં સોરઠિયા વણિકો કઈ જાતના હતા ?

(2) તેમના આચારો કયા હતા ?

(3) તેઓ કયા દેશમાંથી આવ્યા હતા ?

(4) કણ્વે યજુર્વેદમાં પોતાનાં નવ ગોત્રોને ઋગ્વેદ, સામવેદ અને અથર્વવેદમાં નવ વિભાગ કરીને કેવી રીતે સ્થાપ્યાં ?

(5) નવ ગોત્રોની શાખા હોવા છતાં કણ્વે પોતે વાજિમાધ્યંદિની શાખા કેવી

રીતે કરી ? (1 - 4)

ભગવાન શંકર જવાબ આપે છે -

કલ્પના આરંભમાં તે વનમાં બ્રહ્માએ મહાન તપ કર્યું હતું. તિલોત્તમવિધિ કરીને મનની વિકલતાથી થયેલા પાપને તેમણે હણી નાખ્યું હતું. તે વખતે બ્રહ્માએ સ્તુતિ કરતા કણ્વને જોઈને તેને સ્થાન સ્થાપન કરવાનું વરદાન આપ્યું. વરદાન આપ્યા પછી બ્રહ્માને વિચાર આવ્યો કે આ કણ્વ મુનિ બ્રાહ્મણોની તથા વણિકોની સ્થાપના કેવી રીતે કરશે? આ વિચારના સમાધાન માટે તેમણે છત્રીસહજાર વણિકોને ઉત્પન્ન કર્યા.[32] (5-9) સાથે સાથે તેમણે તેટલી જ સંખ્યામાં સ્ત્રીઓ પણ ઉત્પન્ન કરી. (11)

આ વણિગ્જનોની ગુણસંપત્તિનું વર્ણન કરતાં પુરાણકાર કહે છે - (1) સુંદર કુંડલવાળા (2) શાન્ત (3) યજ્ઞોપવીતવાળા (4) દયાના ભંડારરૂપ (5) સારા વેશવાળા (6) સર્વશાસ્ત્રો તથા બ્રહ્મવિદ્યાના જાણકારો હતા.[33] (10)

તે દરેકને તે સ્ત્રીઓ ગૃહિણીરૂપે આપીને બ્રહ્મા વ્યવહારશીલ વણિકોને કહેવા લાગ્યા :

– તમે સૌરાષ્ટ્ર પ્રદેશમાં શાન્તિપૂર્વક રહો
– મારી કૃપાથી તમે સોરઠિયા વણિકના નામથી પ્રસિદ્ધ થાઓ[34] (13).

તેમની પ્રવૃત્તિઓનો ખ્યાલ આપતાં પુરાણકાર કહે છે - તમે

– આ પ્રદેશમાં નાણાવટીનો ધંધો કરનારા
– ખેડ અને વ્યાપારથી જીવન ચલાવનારા

- ગુરુ તથા દેવની પૂજા કરનારા તથા
- બ્રાહ્મણની ભક્તિ કરનારા
- જ્યારે પ્રભાસક્ષેત્રમાં જશો ત્યારે હનુમાનના આદેશથી સરસ્વતીને પ્રાપ્ત કરજો અને બ્રાહ્મણોનાં વચન માન્ય કરજો. (14-16)

બ્રહ્માએ આશીર્વાદ આપ્યા કે -

તે બ્રાહ્મણોમાંથી કોઈ એક તમારા સ્થાનની સ્થાપના કરશે ત્યારે તમે મહાસ્થાનના મહિમાવળા બ્રાહ્મણો થશે. (17) આ ઘટના પછી વણિકો સૌરાષ્ટ્ર પ્રદેશમાં વસ્યા (18)

આ વણિકો અને દ્વિજો સાથે કણ્વ અને ગાલવ ઋષિઓનાં નામો ગૌરવપૂર્ણ રીતે સંકળાયેલાં રહ્યા છે. હનુમાનની આજ્ઞાથી તથા હનુમાનનાં આ વણિકો તથા દ્વિજો ભેગા થયા. ગાલવે તેમનું સન્માન કર્યું અને કણ્વે તેમની સ્થાપના કરી. (19)

આ દ્વિજોની સ્થાપના કણ્વ મુનિ દ્વારા કરવામાં આવી તેની ઐતિહાસિક ઘટનાનું વર્ણન કરતાં પુરાણકાર યાજ્ઞવલ્કય મુનિ સાથે સંકળાયેલી ઘટનાઓનો નિર્દેશ કરે છે. પુરાણકાર યાજ્ઞવલ્ક્ય અને કણ્વ એક જ હતા. એમ દર્શાવતો શ્લોક આપે છે. “આ યાજ્ઞવલ્ક્ય નામના મહાયોગીશ્વર એવા કણ્વ મુનિ તે યજુર્વેદ ભણવા માટે કોઈ એક ગુરુને ત્યાં ગયેલા હતા.[35] (20-21)

યાજ્ઞવલ્ક્યના વિદ્યાર્થી જીવનના એક પ્રસંગનું વર્ણન કરતાં પુરાણકાર કહે છે :

નિઃસંતાન, પરમ ધાર્મિક રાજા વૈદેહ હમેશાં ગુરુના એક શિષ્યને ભોજન કરાવતા હતા. દરેક શિષ્યના વર્ષમાં એક વાર ભોજનનો વારો આવતો હતો. તદનુસાર એક દિવસ યાજ્ઞવલ્ક્યનો જમવાનો વારો આવ્યો. યાજ્ઞવલ્ક્ય રાજાને ઘરે ગયા. તે દિવસે

રાજા શિકાર કરવા વનમાં ગયા હતા. યાજ્ઞવલ્ક્યને જોઈને પતિવ્રતા રાણીએ ઊભા થઈને ભક્તિપૂર્વક તેમનું પાદપ્રક્ષાલન કર્યું. ઊભા થતાં મુનિને ઠેસ લાગવાથી પડતાં પડતાં જમણો હાથ રાણીના હૃદય ઉપર પડ્યો. આથી રાણીએ ખેદયુક્ત થઈને તેને ભોજન કરાવ્યું. કોઈ પણ જાતના વિકારથી રહિત શિષ્યે ભોજન પછી કહ્યું : ''હે રાજ્ઞી, ફલસહિત મંત્રેલા આ અક્ષતોને આપ ગ્રહણ કરો. અંતઃકરણમાં ક્રોધવાળી રાણીએ કહ્યું : ''હે મુનિ, અક્ષતોને પુષ્કલમાં ફેંકી દો. મુનિ અક્ષતોને ત્યાં મૂકી પોતાને સ્થાને ગયા. તે ચોખા મૂકવામાં આવ્યા કે તરત જ સૂકો પુષ્કલ વડ ઘણી શાખાઓ અને પ્રશાખાઓથી પલ્લવિત થયો અને શીતલ છાયાવાળો થઈ ગયો. શિકારેથી પાછા ફરેલા રાજાએ તે વડલાને જોઈને આશ્ચર્યથી રાણીને પૂછ્યું. રાણીએ બનેલી ઘટનાનું બયાન કર્યું (22-32).

આ સાંભળીને રાજા બોલ્યા, ''હે અનાર્યા, તેં આ શું કર્યું ? એવા સત્પુરુષો દુષ્ટ મનના હોતા નથી. ખરેખર ભાવિ બળવાન છે. હવે મને પુત્રી પણ થશે નહીં.''[36] (33-34)

આમ કહીને રાજા તરત જ ગુરુ પાસે ગયા અને કહ્યું : ''હે બ્રહ્મન્ ! હું આવતી કાલથી વર્ષ પર્યંત ભોજન માટે આજના શિષ્યને નિમંત્રણ આપું છું. (35)

ગુરુએ યાજ્ઞવલ્ક્યને બોલાવીને રાજાને ત્યાં એક વર્ષ સુધી જમવા જવાની આજ્ઞા કરી. યાજ્ઞવલ્ક્યે કહ્યું કે, 'હું વર્ષ સુધી રાજા ઘરે ભોજન માટે જવાનો નથી.'[37]

યાજ્ઞવલ્ક્યનો જવાબ સાંભળીને ગુરુએ કહ્યું : 'તું મારી આજ્ઞાનો ભંગ કરે છે માટે મારો યજુર્વેદ મને જલદી પાછો આપી દે.'[38]

ગુરુની આજ્ઞા સાંભળીને મદવિહ્વલ યાજ્ઞવલ્કયે એકદમ વેદનું વમન કર્યું. લોહીથી

ખરડાયેલાં મોતી જેવા ઓકી કાઢેલા તે વેદને ગુરુએ તેતર પક્ષીનું રૂપ લઈને એકદમ ચણી પાછા ગ્રહણ કરી લીધા.[39] (38-39)

ગુરુએ તેતર પક્ષીનું રૂપ લઈને વેદને પાછા ગ્રહણ કરી લીધા ત્યારથી યજુર્વેદની તૈત્તિરીય શાખા અસ્તિત્વમાં આવી અને યાજ્ઞવલ્ક્ય વેદરહિત થવાથી જડ બની ગયા. [40]

ત્યાર પછી યાજ્ઞવલ્ક્ય સૂર્યક્ષેત્રમાં ગયા અને સૂર્યનું ધ્યાન અને જપ કરતાં કરતાં તપસ્ કરવા લાગ્યા. તપથી પ્રસન્ન થયેલા સૂર્યે કહ્યું : "હે વત્સ ! તારા આ તપથી હું સંતોષ પામ્યો છું. તું મારી પાસેથી વરદાન માંગ.[41] (41-42 अ)

સૂર્યનું વચન સાંભળીને યાજ્ઞવલ્ક્યે કહ્યું "મહારાજ, આપ જો મારા પર પ્રસન્ન થયેલા હો તો મે યજુર્વેદ આપો.[42]

પછી સૂર્યે યાજ્ઞવલ્ક્યને પોતાના રથમાં બેસાડ્યા અને જુદી જુદી રીતે યજુર્વેદનું અધ્યયન કરાવ્યું. સૂર્યનું તેજ સહન ન થવાથી યાજ્ઞવલ્ક્ય ઘોડાના કાનમાં વાસ કરીને રહ્યા. તેથી યાજ્ઞવલ્ક્યનું નામ સૂર્યથી "કણ્વ" રૂપે પ્રસિદ્ધ થયું[43] (43-44).

કણ્વ મુનિએ પોતાની કણ્વ શાખા કરી ત્યાર પછી બધા બ્રાહ્મણોએ યાજ્ઞવલ્ક્યથી આ શાખા ગ્રહણ કરી.[44]

યજુર્વેદની વાજિમાધ્યંદિની શાખાની ઉત્પત્તિ વિષે પુરાણકાર કહે છે કે, 'યાજ્ઞવલ્ક્યે સૂર્યના ઘોડાના કાનમાં બેસીને યજુર્વેદ પ્રાપ્ત કર્યો હતો તેથી તેની શ્રુતિ સંમત વાજિમાધ્યંદિની શાખા થઈ.[45]

કણ્વઋષિએ આ શાખા દરેકને સામાન્ય કરી આપી અને તેથી મંત્ર બ્રાહ્મણની આ શાખા સ્તુતિપ્રિય અને મનોહર થઈ પડી. તેના મંત્રોમાં ઉદાત્તાદિ ત્રણ સ્વરો કર્યા

અને જાતિ, અંગ અને પ્લુતાદિ બીજા સુંદર સાત સ્વરો કર્યા. કણ્વે જે વાણી સૂર્ય પાસેથી ગ્રહણ કરી હતી, તે હજાર ધારવાળી થઈ અને યાજ્ઞિકોની ઈચ્છા પૂર્ણ કરનારી બની રહી. ત્યાર પછી યોગીશ્વર યાજ્ઞવલ્ક્ય કણ્વમુનિએ માધ્યંદિની શાખાને કાણ્વી શાખારૂપે સ્થાપિત કરી અને માધ્યંદિની શાખાવાળાં નવ ગોત્રોની પણ તેણે સ્થાપના કરી. તદુપરાંત મુનિએ ચાર વેદોની પણ સ્થાપના કરી અને તેમના અડધો ભાગ કરીને બાકી રહેલાની ત્રણ વર્ણોમાં વહેંચી આપ્યા (47-53).

યાજ્ઞવલ્ક્ય (કણ્વ) સાથે પરંપરાગત રીતે સંકળાયેલાં ત્રણ પાત્રો મૈત્રેયી, ગાર્ગી અને વૈદેહ (જનક)નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પુરાણકાર કણ્વમુનિને બ્રહ્મા, વિષ્ણુ અને શંકર સ્વરૂપે વર્ણવે છે. સાથે સાથે તેમને પરબ્રહ્મના અવતાર તથા વેદના પ્રકાશકર્તા તરીકે પણ વર્ણવે છે (54-55).

ભગવાન શંકર જગતના સર્જન વિષેની કથા સંભળાવે છે. જ્યારે પ્રલય સમયે જગત જલમય થયું અને સ્થાવર જંગમ નાશ પામ્યું ત્યારે તેની સાથે ભૂમિ, પાતાલ, ગ્રહો અને નક્ષત્રો પણ નાશ પામ્યાં. તે વેળાએ રુદ્રાગ્નિને લીધે જલ સુકાઈ ગયું અને બ્રહ્માંડનો લય થયો. ત્યારે વિશ્વાત્મા આખા જગતને પોતામાં લીન કરીને ક્ષીરસમુદ્રમાં પોઢ્યા હતા. ત્યાર પછી સૃષ્ટિ ઉત્પન્ન કરવાનો સમય થયો ત્યારે ભગવાન જાગ્રત થયા. તે વખતે તેમણે માયા સાથે મળીને બ્રહ્માને યાદ કર્યા. તેમના નાભિકમળમાંથી બ્રહ્મા પ્રકટ થયા અને પોતાના કર્તવ્ય વિષે ભગવાન વિષ્ણુની આજ્ઞા માગી ભગવાને તેમને જલદીથી સ્થાવર જંગમાત્મક સૃષ્ટિનું સર્જન કરવની આજ્ઞા આપી. બ્રહ્માએ તે વિષયમાં પોતાનું અજ્ઞાન પ્રકટ કર્યું ત્યારે ભગવાને કહ્યું : ‘તમે મારા ઉદરમાં પ્રવેશ કરો. બ્રહ્માએ એ પ્રમાણે કરતાં તેમના જોવામાં લય પામેલી પૃથ્વી આવી બ્રહ્મા ઉદરમાંથી પાછા બહાર આવ્યા (56-61).

બ્રહ્મા અને વિષ્ણુ વચ્ચે ઘટતી આ ઘટના વિષે પુરાણકાર લખે છે. વિસ્મિત બનેલા બ્રહ્મા પુનઃ ભગવાનના ઉદરમાં ગયા અને ત્યાંથી બધી ઘટનાને જોઈ પાછા આવ્યા. આ પ્રમાણે વિસ્મૃતિ પામેલા બ્રહ્માએ તે વેળાએ તેજોમય અજન્મા પરમાત્માની સ્તુતિ કરી.[46]

બ્રહ્મા ભગવાનની સ્તુતિ કરતાં તેમને માટે નિમ્નલિખિત વિશેષણોનો ઉપયોગ કરે છે - પરમ જ્યોતિ, બ્રહ્મ, સચ્ચિદાનંદ, અવ્યય, બ્રહ્મસ્વરૂપ, જગન્નાથ, આત્મા, માયા, સત્ત્વ-રજસ્ અને તમસાદિ ગુણો સ્વરૂપ, જગતના સ્રષ્ટા, પાલક, સંહારક, રસરૂપ, વાણી-અગ્નિ-તેજોમય સૂર્ય, ગંધયુક્ત પૃથ્વી, સ્પર્શયુક્ત વાયુ અને શબ્દયુક્ત આકાશ, વ્યક્તાવ્યક્ત છે. (63-65)

પોતાના સૃષ્ટિનું કર્તૃત્વ પ્રાપ્ત થાય એ માટે પ્રાર્થના કરતાં બ્રહ્મા વિષ્ણુ માટે નિમ્નલિખિત વિશેષણો યોજે છે જગતના આદિ, મધ્ય અને અંત (66).

તેમની પ્રાર્થના સાંભળીને ભગવાન કહે છે :

"તમે વેદોનું સ્મરણ કરો." તેથી અંગો સહિત ચારેય વેદો પ્રકટ થયા. વેદોના સામર્થ્યથી બ્રહ્માએ પહેલાં પાણી ઉત્પન્ન કર્યું અને તેમાં વીર્ય મૂક્યું. તેમાંથી સોનાનું ઈંડું ઉત્પન્ન થયું. એ અંડમાં બ્રહ્માએ પૃથ્વી આદિ ઉપરનાં સાત ભુવનો અને અતલાદિ સાત નીચેનાં ભવનોનું નિર્માણ કર્યું. તે પછી તેમણે પંચમહાભૂતો તથા પાંચ ભૌતિક સ્થાવર જંગમ જગત, સનકાદિ યોગીઓ, કશ્યપાદિ પ્રજાપતિઓ, અને બ્રાહ્મણાદિ ચારવર્ણોનું સર્જન મુખાદિથી કર્યું (67-71).

ત્યાર પછી બ્રહ્માના આદેશથી કશ્યપ પ્રજાપતિએ દેવો, દૈત્યો, મનુષ્યો, મનુઆદિ દેવયોનિ અને ઋષિઓનું સર્જન કર્યું (72).

ત્યાર પછી રંભાદિ અપ્સરાઓને ઉત્પન્ન કરીને તે બધીના રૂપમાંથી તલ તલ ભાર રૂપ લઈને એક શ્રેષ્ઠ અપ્સરાનું સર્જન કર્યું. તેને જોઈને કામાતુર બ્રહ્મા પણ ચલિત બની મોહ પામ્યા (73-75).

પોતાની આવી સ્થિતિના કારણની ખોજ કરવા જતાં બ્રહ્માને લાગ્યું એ કામદેવ આ પરિસ્થિતિનું કારણ છે. આથી તેમણે તે અપ્સરાને સ્વૈરિણી કન્યા બનવાનો શાપ આપ્યો. આગળ ચાલતાં બ્રહ્મા બોલ્યા - ''બધી અપ્સરાઓના રૂપમાંથી થોડું થોડું રૂપ એકત્ર કરીને મેં તેને ઉત્પન્ન કરેલી છે. તેથી તારું નમ તિલોત્તમા થાય અને તું અપ્સરાઓમાં શ્રેષ્ઠ થઈને ઈન્દ્ર પાસે જા[48] (76-77).

પોતાના પાપને દૂર કરવા માટે આખી પૃથ્વી પર ફરીને બ્રહ્મા આ પાંચાલ દેશમાં આવ્યા. આ સુંદર સ્થાનમાં બ્રહ્મકુંડની સ્થાપના કરી અને બ્રહ્મગુફામાં તપ કરવા લાગ્યા. તેમણે કૃચ્છ્રાદિક વિવિધ વ્રતો કર્યાં. પરિણામે આકાશવાણી થઈ. ''આ વનમાં તપ કરવાથી તમારાં પાપમાત્રનો નાશ થયેલો છે. માટે આ વન પાપાપનોદ નામથી પ્રસિદ્ધ થશે (78-82). પછી નિષ્પાપ બનેલા બ્રહ્માએ વેદશાળાનું નિર્માણ કર્યું અને ચારેય મુખથી બ્રાહ્મણોને વેદ ભણાવ્યા. ત્યાર પછી તે વનમાં ગૌતમ, શાતાતપ, બૃહત્તપા, દીર્ઘતપ આદિ મુનિઓ તે સ્થળે આવ્યા અને વેદાધ્યયન કરવા લાગ્યા. ઈન્દ્રાદિ દેવોએ પણ ત્યાં આવીને બ્રહ્માની સ્તુતિ કરી, અપ્સરાઓ નૃત્ય કરવા લાગી, અને ગંધર્વો ગાન કરવા લાગ્યા. ત્રણેય લોકના લોકોએ બ્રહ્માની સ્તુતિ કરી (83-89).

લોકોની સ્તુતિમાં બ્રહ્માના નિમ્નલિખિત ગુણધર્મોનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

સ્વયંભૂ, પંકજયોનિ, સૃષ્ટિકર્તા, રજોગુણવિલાસી, વિશ્વરૂપ, રક્ષક, સત્ત્વગુણી, સંહારક શંકરરૂપ જગતને આનંદ આપનાર, સદા આનંદમાં રહેનારા, વગેરે દેવતાઓ વગેરેએ બ્રહ્માને સત્યલોકમાં પધારી સર્વને આનંદ આપવા પ્રાર્થના કરી (90-92).

પ્રસ્તુત પ્રાર્થનાો જવાબ આપતાં બ્રહ્મા કહે છે - "નિષ્પાપ થયેલા મેં અહીં અધ્યયન કર્યું છે. માટે આ બ્રહ્મસભા, પાપનો નાશ કરનારી વેદશાળા થયેલી છે માટે જે કોઈ ચાર વેદ તથા પુરાણોના અહીં અભ્યાસ કરશે તે બધાં પાપોમાંથી મુક્ત થઈને બ્રહ્મલોકને પામશે" (93-94).

બ્રહ્માએ કણ્વ મુનિને કહ્યું :

"આ પાપાપનોદ વનમાં બ્રાહ્મણો તથા વણિકોની સ્થાપના કરવાથી તમે મોટી ખ્યાતિ પામશો (97).

આ શબ્દો કહીને ઋષિઓ તથા દેવોની સાથે બ્રહ્મા સત્યલોકમાં પધાર્યા અને કણ્વમુનિએ તે વનમાં સ્થાની સ્થાપના કરી (98).

**સમીક્ષા :**

આ અધ્યાયમાં –

– બ્રાહ્મણો તથા વણિકોનાં ગોત્ર, વેદ, શાખા, વગેરેની સમજણ આપવામાં આવી છે.

– યજુર્વેદની તૈત્તિરીય તથા વાજિ માધ્યંદિની શાખાઓ થવાનાં કારણની ચર્ચા.

– કણ્વમુનિનું બ્રહ્મસ્વરૂપ બતાવ્યું છે.

– વિશ્વની ઉત્પત્તિ

– તિલોત્તમા અપ્સરાની ઉત્પત્તિ

– બ્રહ્મા દ્વારા વિવિધ સ્થાનોની સ્થાપના

– બ્રહ્માની સ્તુતિ

– પાપાપનોદવન કેમ કહેવાયું તેના વિષે ખુલાસો.

• • •

## અધ્યાય-7

## સ્થાન નગરીની પ્રભુતા

આ અધ્યાયના પ્રારંભમાં સ્કન્દ પ્રશ્નો પૂછે છે :

"હે શંભુ, અતિપરાક્રમી હનુમાને કૃતયુગમાં બ્રહ્માનું દાસત્વ અને ત્રેતાયુગમાં રામનું કાર્ય કેવી રીતે કર્યું ?[49]

ભગવાન શંકર જવાબ આપે છે –

"હે સ્કંદ ! ઋષ્યમૂક પર્વત પર રહેતા સુગ્રીવના મિત્ર અને ઈચ્છા પ્રમાણે સ્વરૂપો

ધારણ કરનારા હનુમાન, લક્ષ્મણ સાથે રહેલા રામને જોઈને તે તરફ ગયા. તે હનુમાને અતિયોગી, બળવાળા અને મિત્રતા માટે આવેલા તે બન્નેની રાજા સુગ્રીવ સાથે મિત્રતા કરાવી. વાનરોના રાજા વાલીને હણીને સુગ્રીવને રાજગાદી પર બેસાડ્યા અને સુગ્રીવે રામના કાર્ય માટે સમુદ્રનું ઉલ્લંઘન કર્યું (2-4).

(અહીં પુરાણકાર 'સુગ્રીવે સમુદ્રનું ઉલ્લંઘન કર્યું' એમ કહે છે. ખરેખર તો હનુમાને એ કાર્ય કર્યું. ખરેખર તો હનુમાને એ કાર્ય કર્યું એમ હોવું જોઈએ.)

આ માર્ગે હનુમાનનાં કાર્યોનો નિર્દેશ કરતાં કથાપ્રવાહ આગળ વધે છે. સરમાને છેતરીને મૈનાકપર્વતને ઓળંગીને સિંહિકાને ચીરીને હનુમાન લંકામાં પ્રવેશ્યા (5).

લંકામાં જઈને તેનું નિરીક્ષણ કર્યું અને અશોકવનમાં વિયોગિની સીતાને જોયાં, રાક્ષસોને હણીને લંકાને ભસ્મીભૂત કરી દીધી. સીતાને રામની વીંટી આપીને તથા વારંવાર પ્રણામ કરીને તથા સીતાના સંદેશો લઈને રામને પહોંચાડ્યા (6-7).

રામનું સૈન્ય સમુદ્રને ઓળંગીને તથા કાંઠા ઉપર સૈન્યનો પડાવ નાખીને રાક્ષસોને કંપાવવા લાગ્યા. અંગદ વિષ્ટિ કરી આવ્યા પછી શુકસારિન્ (શુક-સારણ) નામના રાક્ષસ જાસૂસે ત્યાં આવીને રામના સૈન્યની ગણતરી કરી (8-9).

યુદ્ધ દરમ્યાન હનુમાન ધૂમ્રાક્ષ, પ્રકમ્પન, અકમ્પન, આદિ રાક્ષસોને હણીને લક્ષ્મણની મૂર્છા ઉતારવા દ્રોણાચલ પર્વત ઊંચકી લાવ્યા અને હોશમાં લાવ્યા. આ પ્રમાણે હનુમાનનું પરાક્રમ કૃતયુગમાં થયેલું તે મેં સાંભળ્યું છે (10-12).

રામના સંદર્ભમાં હનુમાનના કાર્યકલાપનું શ્રવણ કરીને સ્કન્દ ભગવાન શંકરને બ્રહ્માના સંદર્ભમાં હનુમાને બજાવેલી કામગીરી વિષે પૃચ્છા કરે છે –

"મહારાજ, બ્રહ્માના વાક્યથી પ્રેરાયેલા હનુમાને કણ્વમુનિના કાર્યમાં કેવી રીતે મુનિની સેવા કરી"[50]

ભગવાન શંકર જવાબ આપતાં જણાવે છે –

"હનુમાનની ઉત્પત્તિ કૃતયુગના આદિકાળમાં થઈ હતી. તેનું પરાક્રમ રામાવતારમાં પ્રકટ થયું. હનુમાનનું પરાક્રમ દરેક યુગમાં તેમના વ્યાખ્યાનથી વૃદ્ધિ પામતું ગયું. તેમાં પણ ત્રેતાયુગમાં રામની સેવા કરતા હનુમાનની કીર્તિ વિશેષ વૃદ્ધિ પામી છે (14-16).

હનુમાને માંધાતા રાજાને શી મદદ કરી હતી એની માહિતી આપતાં ભગવાન શંકર કહે છે –

"સત્યયુગમાં માંધાતા નામના રાજાના સમયમાં તેણે પર્ણશાળાવાળું વિશાળ, શ્રેષ્ઠ બ્રાહ્મણો તથા વણિકોથી પૂર્ણ, સૂર્યની સાક્ષીએ અને હનુમાનની સહાયતાથી કંડુલ નામનું સ્થાન કણ્વમુનિએ સ્થાપિત કર્યું (17-18).

આ નગરીની વિશેષતાઓ દર્શાવતાં પુરાણકાર લખે છે.

– અહીંના બ્રાહ્મણો સ્વાધ્યાય અને ધ્યાન તત્પર તથા રાજ્ય સન્માનિત હતા. સવાર-સાંજ યજ્ઞ કરતા હતા.

– તેઓ પોતાની દૃષ્ટિમાત્રથી લોકોના પાપનો નાશ કરતા હતા.

– કેટલાક સૂર્યનું ધ્યાન ધરે છે, કેટલાક સાયંકાલ અગ્નિમાં હોમ કરીને અગ્નિની સ્તુતિ કરતા હતા.

– આ બ્રાહ્મણો તેજમાં સૂર્ય જેવા , ક્ષમામાં પૃથ્વી જેવા, સદાચાર તથા

વિચારના જાણકાર હતા. આ બ્રાહ્મણો બ્રહ્માની મૂર્તિ જેવા હતા.

– મંદહાસ્યવાળા સત્ય વચન, બોલનારા અને સંયમી બ્રાહ્મણો બકુલાદિત્યનું પૂજન કરતા હતા.

– સાંગ ચતુર્વેદનું નિયમિત પારાયણ કરનારા આ બ્રાહ્મણો હતા. (17-24)

આ શહેરનાં પવિત્ર સ્થળોનો ઉલ્લેખ કરતાં પુરાણકાર કહે છે – ‘‘સરસ્વતીનું જલપાન કરવાથી પાપરહિત થયેલા તે બ્રાહ્મણો હમેશાં ત્રિનેત્રેશ્વરનું દર્શન કરતા હતા.[51]

તે લોકો ઝિલ્લાનંદનામક કુંડમાં સ્નાન કરીન ભગવાન ત્રિલોવનની પૂજા કરતા હતા.

– આ બ્રાહ્મણો સાથે બધા લોકો બાલકૂપના પાણીનું આચમન કરીને સર્વ કામનાની સિદ્ધિ માટે ચામુંડા દેવીનું પૂજન કરે છે (28).

– આર્ય લોકો આરોગ્ય માટે બકુલાદિત્યની પ્રાર્થના કરે છે.

– સિંહવાહિની સામુદ્રી દેવીની પૂજા કરવામાં આવે છે. સામુદ્રીના સ્થાનમાં રહેલી બધી દેવીઓ રજકાલી નામથી પ્રસિદ્ધ હોઈને રાક્ષસોથી હમેશાં સર્વનું રક્ષણ કરે છે[52] (29-31).

અહીં અનુવાદક નોંધે છે કે મંદિરમાં સામુદ્રીની સાથે રજકા, પિપ્પલવાસિની અને અન્નપૂર્ણાની મૂર્તિઓ બિરાજે છે.[52A]

વણિક વેપારીઓ પિપ્પલવાસિની દેવીની પ્રાર્થના પોતાના વાણિજ્યની રક્ષા માટે કરતા રહે છે.

આ વણિકજનો નાના પ્રકારના વ્યાપાર કરવાથી જાણે રાજાઓ હોય એવા શોભે છે (32-34).

આ વણિકો બ્રાહ્મણોનું રક્ષણ કરનારા તેમને માન આપનારા, વ્યવહારકુશળ અને બ્રાહ્મણોને પ્રસન્ન કરી રહેલા છે. તેઓ ઘરે ઘરે પુરાણોનું શ્રવણ કરતા રહે છે. દેવતાઓનાં અનેક મંદિરો બંધાવે છે, જલાશયો બાંધીને પોતાનું ઈષ્ટ સિદ્ધ કરે છે. બ્રાહ્મણોના આશીર્વાદથી વણિકોનાં સ્ત્રીપુત્ર વગેરે અનેક સુખો ભોગવે છે. આ વણિકો વેપારમાં હરીફાઈ કરનારા હોય છે. તેઓ સત્કર્મ અને ધર્મના તત્ત્વને જાણનારા તથા જ્ઞાન વિજ્ઞાનકોવિદ છે (35-39).

આગળ ચાલતાં આ વણિકોની નીતિમત્તા તથા અન્યાન્ય ગુણો પર પ્રકાશ ફેંકતાં પુરાણકાર કહે છે :

આ વણિકો દયાળુ હૃદયવાળા ગરીબોની ગરીબીને હરનારા, મણિ તથા રત્નોનું દાન આપનારા છે. આ લોકો પોતાની સ્ત્રીમાં પ્રીતિ રાખનારા હોય છે. (40-42)

આ નગરના નગરનિયોજન પર પારંપારિક રીતે પ્રકાશ પાડતાં પુરાણકાર નોંધે છે-

આ નગર ચારે તરફ ખાઈઓ તથા કિલ્લાઓથી વીંટળાયેલી, ઊંચા માળવાળી અને ઘણા જ વિસ્તારવાળી છે. તેમાં સુંદર બગીચાઓમાં પુરુષોના ખોળામાં મસ્તક રાખી શયન કરી રહેલી તથા પતિના યશનું ગાન કરતી સ્ત્રીઓ આનંદથી ક્રીડા કરે છે[53] (43-44).

આ નગરના બગીચાઓની પરંપરા રાજપુરુષોથી સુરક્ષિત છે.

અહીં ઘણા જ ઊંચા મહેલોન લીધે જાણે કે આકાશમાં ચિત્રપટ લખતી ચિત્રલેખા જેવી શોભે છે. બગીચાઓમાં વાવોમાં પ્રફુલ્લિત કમળો શોભે છે. આથી તે સ્થળે સાક્ષાત્ લક્ષ્મીજી વાસ કરતાં હોય એવું લાગે છે (45-48).

આ નગરીની સ્ત્રીઓ વિષે પુરાણકાર લખે છે –

જેમ લક્ષ્મીએ વિષ્ણુને પ્રાપ્ત કરીને અનેકરૂપો ધારણ કર્યા હતાં. તેમ આ નગરીમાં રહેલી સ્ત્રીઓ પતિને પ્રાપ્ત કરીને ઘરમાં અનેક રૂપો ધારણ કરતી હતી.[54]

અહીં નૃપાંગનાઓ સ્વર્ગમાં રહેલી કલ્પલતાની જેમ શોભે છે. બકુલાદિત્યની ભક્તિને લીધે કોઈ રોગથી પીડાતું નથી. બધા જ ચિંતા, પાપકર્મ, તથા રાગદ્વેષ વગરનાં હતાં. ધર્મ, અર્થ અને કામની સંપત્તિવાળા, સ્ત્રીઓ સાથે વિલાસ કરતા નાગરિકો સ્વર્ગ સુખને પણ ભૂલી જાય છે. કણ્વાલય નામની આ નગરી દેવોની અમરાવતીની જેમ શોભતી હતી. કણ્વથી સ્થપાયેલી આ નગરીનું રક્ષણ માંધાતા રાજા કરે છે. કણ્વમુનિ પણ તે નગરીની સ્થાપના કરવાને લીધે પરમ ખ્યાતિ પામ્યા છે.'' (50-54)

ભગવાન શંકરના આ વિધાન સામે સ્કન્દ શંકા રજૂ કરે છે.

''માંધાતા રાજાએ કણ્વને તે ઉત્તમ સ્થાન આપ્યું હોય તો બીજાએ આપેલા સ્થાનને કણ્વ મુનિ કેવી રીતે સ્થાપી શકે ?[55]

ભગવાન શંકર જવાબ આપે છે -

માંધાતા આખી પૃથ્વીનો રાજા હતો. તેણે કણ્વનું પૂજન કરીને તેમની આજ્ઞાથી પૃથ્વી મેળવી અને કણ્વે ત્યાં બ્રાહ્મણોની સ્થાપના કરી. સ્થાન અને પૃથ્વી બધાનાં

આશ્રયરૂપ છે. માટે કણ્વ તેના સ્થાપનાનું ઉત્તમ કારણ બની રહ્યા. દાન દેનારા તથા પાલક રાજા છે. તેથી તે બધાનો ગુરુ છે'' (57-58).

### સમીક્ષા :

આ અધ્યાયમાં રામાયણનું કથાવસ્તુ અત્યંત ટૂંકમાં રજૂ કરવામાં આવ્યું છે. હનુમાન સ્થાનનગરીના નિર્માણમાં કઈ રીતે કારણભૂત બન્યા હતા, તે દર્શાવવાનો હેતુ છે. પરંતુ આગળ એ વાત થઈ ગઈ છે એટલે અહીં વાર્તા આગળ ચાલતી નથી. આ અધ્યાયમાં નગરીનું વર્ણન આકર્ષક બની રહે છે. તેના નાગરિકોનાં ચારિત્ર્ય તથા દૈનંદિન નીતિપૂર્ણ જીવનનો ખ્યાલ પુરાણકાર સરસ રીતે આપી શક્યા છે. આ નગરીનાં અગત્યનાં સ્થળોનો પરિચય મહત્વપૂર્ણ અંગ બની રહે છે.

• • •

## અધ્યાય-8

## બ્રહ્મકુંડ તથા ત્રિનેત્રેશ્વરનું વર્ણન

આ અધ્યાયની શરૂઆતમાં સ્કન્દ ભગવાન શંકરને પ્રશ્નો પૂછે છે :

– ગૌમુખી ગંગા ત્યાં કેવી રીતે આવી ?

– ત્યાં પાર્વતી સાથે ભગવાન શંકર કેવી રીતે સ્થિત થયા ?

– અગાધ જલવાળી સત્યવાવ તથા જ્ઞાનવાવ ત્યાં કેવી રીતે થઈ ?[56](1-2)

ઉત્તરમાં ભગવાન શંકર કહે છે –

પહેલાં શ્રેષ્ઠ મહર્ષિ કણ્વ આતિથ્યાદિમુનિઓની સાથે તીર્થયાત્રા કરવા માટે પૃથ્વી ઉપર ફરતા હતા. ફરતાં ફરતાં તેઓ પાંચાલ પ્રદેશમાં આવ્યા અને પાપાપનોદ નામનું વન જોયું. પુરાણકાર વિવિધ વૃક્ષોનાં નામો આપી વનનું વર્ણન કરે છે અને છેલ્લે ઉમેરે છે કે જુદી જુદી જાતનાં પક્ષીઓનાં શબ્દો વડે જાણે બ્રાહ્મણોને આપતું હોય એવું લાગતું હતું[57] (3-10).

તે વનને જોઈને કણ્વ મુનિએ બ્રહ્માનાં વચનને યાદ કરીને તે વનમાં નિવાસ કર્યો અને તે વનમાં તેમણે ઋષિઓ માટે પર્ણશાળા આયુક્ત આશ્રમો બનાવ્યા. તે આશ્રમમાં જ વાસ્તુ આદિ માંગલિક કાર્યો તથા અગ્નિમાં હોમ વગેરે કરીને તેઓ મહાન તપ કરવા લાગ્યા.  અહીં પદ્માસન કરીને તેઓ મહાન તપ કરવા લાગ્યા. અહીં પદ્માસન વાળીને બેઠેલા મુનિ બ્રહ્મનું ચિંતન કરતા હતા (11-17).

કણ્વ મુનિ એક દિવસ બ્રાહ્મમુહૂર્તમાં યજ્ઞ માટે વનમાં રડ્યા ત્યાં જળ જોવામાં ન આવતાં બ્રહ્મકુંડ ક્યાં હશે એમ વિચારવા લાગ્યા. ત્યાં જ અગાધ તેમજ નિર્મલ જળવાળો બ્રહ્મકુંડ તે ઠેકાણે પ્રકટ થયો. એ જ વેળાએ તેમની નજીકમાં આશ્ચર્ય પમાડનારું તેજ પ્રકટ થયું. મુનિ તેને પ્રણામ કરીને તેની સ્તુતિ કરવા લાગ્યા (18-20).

આ તેજને માટે પુરાણકારે યોજેલાં સંબોધનો છે. "અનંત, બ્રહ્મસ્વરૂપ, અમૂર્તમૂર્ત અને મારા આશ્રયરૂપ પરમજ્યોતિ" ઋષિ આ તેજમાં બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર ત્રણેય દેવતાઓનું દર્શન કરે છે. તેઓ તે તેજને હિરણ્યગર્ભ, વિશ્વગર્ભ, ત્રણેય ગુણોનો આશ્રય કરીને દેહને ધારણ કરનારા અને મોહનો નાશ કરનારા જગદાધાર તરીકે સંબોધન કરીને નમસ્કાર કરે છે (21-23).

આવી રીતે સ્તુતિ કરતા કણ્વને પેલા તેજરૂપી દેવે કહ્યું : ‘તમે કુંડમાં સ્નાન કરીને બ્રહ્મનું ધ્યાન ધર્યું છે. માટે જે કોઈ મનુષ્ય આ બ્રહ્મકુંડમાં સ્નાન કરશે તે પાપરહિત થઈ બ્રહ્મલોકમાં જશે. વળી જે મનુષ્ય દૂરથી જ બ્રહ્મકુંડનું સ્મરણ કરશે તે પાપરહિત થઈને અખંડ સુખ મેળવશે. વળી તમે કરેલા સ્તોત્રના જે કોઈ પાઠ કરશે તે પણ શાશ્વત બ્રહ્મલોકમાં જશે. આ ઘટના પછી બ્રહ્મકુંડ ત્રણ લોકમાં પ્રસિદ્ધ થયો (24-25).

ત્યાર પછી કણ્વ મુનિ બ્રહ્મકુંડમાં સ્નાન કરીને પોતાના આશ્રમમાં પધાર્યા અને કઠોર તપની શરુઆત કરી. તેમણે કરેલા તપના પ્રકારો વિષે માહિતી આપતાં પુરાણકાર કહે છે –

– ઉનાળામાં પંચાગ્નિ સેવન કરીને
– વર્ષાઋતુમાં ખુલ્લા મેદાનમાં બેસીને
– શરદઋતુમાં મિતાહરી થઈને
– કાર્તિક માસમાં કૃચ્છ્રચાંદ્રાયણાદિ વ્રતો કરીને તપસ્યા કરી.

આ તપસ્યા દરમ્યાન તેમણે નિમ્નલિખિત દેવોને પ્રસન્ન કર્યા -

શ્રીહરિ, પરબ્રહ્મ, હર, પાર્વતી સાથે રહેલા શંકર (29 - 34)

આ સમયગાળા દરમ્યાન તેમણે પોષમાસમાં કુશ - હસ્ત અને કુશવાસ ગ્રહણ કરીને ગંગાજીની સ્તુતિ કરી. સ્તુતિ દરમ્યાન તેમણે ગંગા માટે કરેલાં સંબોધનો છે. ત્રિપથગા, માતા, કામધેનુ, ભાગીરથી, સુરભિ, વિષ્ણુપાદોદકી, ભાસ્કરનાં બહેન, મહાભાગા, રુદ્રમાનિની વગેરે (35-37).

કણ્વમુનિ દ્વારા કરવામાં આવેલી આ સ્તુતિ સાંભળીને ગંગાના મુખમાંથી જળની ધારા પ્રકટ થઈ અને તે કામધેનુ સ્વરૂપે પ્રકટ થઈ અને કણ્વમુનિને કહેવા લાગી. "હે વત્સ, તમારા આ સ્તોત્રથી કામધેનુ સહિત હું તમારા પર પ્રસન્ન થઈ છું. ઈચ્છિત વરદાન માગો. વળી હે મુનિ, તમે કામધેનુના અંતર્ગતમાં મારી સ્તુતિ કરેલી છે. માટે કામધેનુના ગર્ભમાં વાસ કરીને હું કામધેનુના મુખમાંથી પ્રકટ થઈ છું. તેથી મારું નામ લોકમાં 'ગોમુખી ગંગા' એવી રીતે પ્રસિદ્ધ થશે.[583] તેમાં સ્નાન કરવાથી તથા તેનું જલપાન કરવાથી મનુષ્યો પાપરહિત થશે (38-42).

પોતાના માહાત્મ્યનું પ્રતિપાદન કરતાં ગંગા કહે છે –

માઘ માસમાં પ્રયાગમાં ગંગાસ્નાન કરવાથી જે પુણ્ય મળે છે તે જ પુણ્ય ગોમુખી ગંગાનાં દર્શન કરવાથી મનુષ્યોને મળશે. કુરુક્ષેત્રમાં સૂર્યગ્રહણ વેળાએ ગંગાસ્નાન કરવાથી જે ફળ મળે છે, તેના કરતાં લાખગણું ફળ ગોમુખી ગંગમાં સ્નાન કરવાથી મળશે. અહીંયા સ્નાન કરીને જે કોઈ મનુષ્ય જપ, તપ, દાન તથા દેવપૂજન કરશે તેને અનંતપુણ્યનું ફળ મળશે તથા બધી અર્થ સિદ્ધિઓ પ્રાપ્ત થશે. કામધેનુએ પણ મુનિસ્થાપિત સ્થાન લોકોમાં પ્રસિદ્ધ થશે એવા આશીર્વાદ આપ્યા (43-48).

કણ્વમુનિની તપસ્યા ચાલુ જ રહે છે. તેઓ સૂર્યના તેજ અને પોષમાસના હિંમત સહન કરતા કરતા પરબ્રહ્મનું ધ્યાન ધરતા રહે છે. માઘ માસમાં તેઓ ત્રિષવર્ણને (જળ, સૂર્ય, અગ્નિ) ને ધારણ કરીને બ્રહ્મરંધ્રમાં અક્ષર બ્રહ્મનું ધ્યાન ધરે છે. તેમની સાથે ગાલવ આદિ મુનિઓ પણ તપ કરે છે. આ જ વખતે સત્યતપા નામના મુનિ તીર્થયાત્રા કરતા કરતા ત્યાં આવી પહોંચ્યા. કણ્વ મુનિએ પરંપરાગત રીતે તેમનું સ્વાગત કરી તેમને આસન પર બેસાડ્યા અને કુશલ વિષે પૃચ્છા કરી (49-54अ).

કુશલ પ્રશ્નના ઉત્તરમાં દરેક પ્રાણીનું કુશલ દર્શાવે છે અને કણ્વના તપનો કેવો વ્યાપક પ્રભાવ પડ્યો છે, તે વિગતે બતાવે છે.[59] (54ब)

આ વનમાં સિંહો, હાથીઓ તથા મૃગો પોતાના સ્વાભાવિક વેરનો ત્યાગ કરીને એક સ્થાનમાં વાસ કરી રહ્યાં છે.

- વળી કાળિયાર મૃગો ચમરી મૃગોને ખજવાળે છે અને બિલાડી ઉંદરને ચાટી રહી છે.
- સર્પને નોળિયો સ્નેહપૂર્વક આલિંગન આપે છે અને વાઘ ગાયને પ્રણામ કરે છે.
- વાનરો વેરનો ત્યાગ કરીને મેંઢાં સાથે રમે છે.
- તમારા પ્રભાવથી ગોમુખી ગંગા પવિત્ર જળ વડે અનેક પાપીઓને પવિત્ર કરી રહેલ છે (55-59).

તપના પ્રભાવથી પ્રાણીઓ પારસ્પરિક વેરનો ત્યાગ કેવી રીતે કરી દે છે, તે દર્શાવવા માટે આ શ્લોકો અગત્યના છે.

સત્યતપા મુનિ પોતાનું વક્તવ્ય આગળ વધારતાં કણ્વઋષિને વિનંતી કરે છે -

"મારી ઈચ્છા શંકરની કીર્તિ માટે તીર્થ સ્થાપવાની છે. માટે આપ મને યોગ્ય સ્થળ બતાવો" કણ્વમુન સંમતિ દર્શાવતાં કહે છે - "હે મુનિ, આપ કોઈ પણ તીર્થની સ્થાપના કરો અને તેના દ્વારા આપતાં નામ, તપ અને તેજ પ્રખ્યાતિ મેળવો.(60-62)

ઉપર્યુક્ત કણ્વનાં વચન સાંભળીને સત્યતપા મુનિએ સત્યવાપીની સ્થાપના કરી.

તે વખતે બધા મુનિઓની હાજરીમાં આકાશવાણીએ કહ્યું : "આ વાવનું નામ સત્યવાપી રાખજો[60] (63-64).

આ વાપી સત્યતપા મુનિએ પોતાના તપ વડે બનાવેલી છે તથા સત્યવાણી વડે સેવાયેલી છે, માટે આ તીર્થ સત્ય લોકને આપનાર સત્યવાપી કહેવાશે. કાશીમાં જેમ જ્ઞાનવાપી છે, તેમ પાપાપનોદ તીર્થમાં આ વાપી સત્યવાપી કહેવાશે. (65-66)

ઉપર્યુક્ત આકાશવાણી સાંભળીને બ્રાહ્મણો સત્યતપા શંકરની ભાવભક્તિપૂર્વક પૂજા કરવા લાગ્યા. શંકરનું પૂજન કરતા, ધ્યાન ધરતા, હરહર એમ શબ્દો બોલતા તથા શંકરની સ્તુતિ કરતા નિરાહારી તે મુનિ સમાધિસ્થ થયા[61] (65-69).

મુનિના તપથી પ્રસન્ન થઈ ભગવાન ત્રિનેત્રેશ્વર ત્યાં પ્રકટ થયા. આ ભગવાનનું પુરાણકાર પરંપરાગત વર્ણન કરે છે. ભગવાન શંકર મુનિને વાંછિત વરદાન માગવા કહે છે. (70-74)

કણ્વ મુનિએ ભગવાન શંકરની સુદીર્ઘ સ્તુતિ કરી. આ સ્તુતિ વિષે અલગ પ્રકરણમાં નિરૂપણ કરવામાં આવ્યું છે. (75-97)

ભગવાન ત્રિનેત્ર આ સ્થાનનું રક્ષણ કરવાનું વચન આપે છે અને ઉમેરે છે કે એ સ્થાન અત્યંત પવિત્ર ગણાશે અને તમે રચેલા સ્તોત્રના પાઠ કરશે તે સર્વ પાપમાંથી મુક્ત થશે અને સર્વસંપત્તિને પ્રાપ્ત કરશે. વિદ્યાર્થી વિદ્યા, પુત્રાર્થી પુત્ર અને જયની ઈચ્છાવાળા જયને મેળવશે, વગેરે વરદાન આપીને ભગવાન અંતર્ધાન થઈ ગયા.

કણ્વ મુનિ પણ વરદાન મેળવીને કૃતકૃત્ય થયા. (98-110)

**સમીક્ષા :**

- આ અધ્યાયમાં બ્રહ્મકુંડ તથા ત્રિનેત્રેશ્વરનાં વર્ણનો તથા માહાત્મ્ય રજૂ કરવામાં આવ્યાં છે.
- ગોમુખી ગંગાનું પ્રકટ થવું.
- સત્યતપા મુનિ દ્વારા સત્યવાપીની સ્થાપનાનું વર્ણન
- ભગવાન ત્રિનેત્રેશ્વરનું પ્રકટ થવું અને કણ્વ દ્વારા ભગવાનની સ્તુતિ

શંકરની સ્તુતિઓમાં મહત્ત્વપૂર્ણ સ્થાન મેળવી શકે એવી આ સ્તવનની ભાષા છે. વ્યક્ત થયેલા ભાવ પણ ઉદાત્ત અને ભક્તિપૂર્ણ છે.

## અધ્યાય-9

## સ્થાન પ્રદેશમાં સામુદ્રી તથા અન્ય દેવીઓનું આગમન

આ અધ્યાયનો પ્રારંભ સ્કન્દના નિમ્નલિખિત પ્રશ્નોથી થાય છે –

(1) દેવતાઓથી પૂજાયેલાં ચામુંડા દેવીએ તે સ્થાનમાં કેવી રીતે વાસ કર્યો?

(2) ઝીલ્લાનંદ નામનો કુંડ કેવી રીતે સ્થપાયો ?

(3) સિંહવાહિની દેવી સામુદ્રી તથા રજકાવણી વગેરે સાત માતાઓએ તે સ્થળે કેવી રીતે તેમજ શા માટે વાસ કર્યો ?

(4) બાલકૂપ કેવી રીતે કહેવાયા ?

(5) પિપ્પલવાસિની, નિત્યા તથા મંડિતા બધી દેવીઓ કોણ હતી ?[62]

ઉપર્યુક્ત પ્રશ્નોના જવાબ આપતાં ભગવાન શંકર કહે છે -

“જ્યારે ભગવતી દેવી ચંદ્રિકાએ ચંડ તથા મુંડ નામા રાક્ષસોને હણ્યા ત્યારે તેઓ ચામુંડા નામથી પ્રસિદ્ધ થઈ ત્રણેય લોકમાં વિચરણ કરવા લાગ્યાં.[63]

કણ્વ મુનિએ નગરીની સ્થાપના કરી ત્યારે તેની રક્ષા માટે દેવી ચામુંડાની સ્તુતિ કરી અને પોતાના પર પ્રસન્ન થવા પ્રાર્થના કરી. આ સ્તુતિમાં ઋષિએ દેવીએ રાક્ષસોના કરેલા વધનો વારંવાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ રાક્ષસોમાં મુખ્ય છે. મધુકૈટભ અને મહિષ, ધૂમ્રલોચન, રક્તબીજ અને ચંડમુંડ, નિશુંભ અને શુંભ, આવા આવા રાક્ષસોને હણવાનું મહાન પરાક્રમ કરનારાં દેવીને હું નમસ્કાર કરું છું (5-13).

આવાં દેવીને કણ્વ વિનંતી કરે છે કે તમે સમાધિ નામના વૈશ્ય તથા સુરથ નામના રાજા પર પ્રસન્ન થઈને તેમનો ઉદ્ધાર કર્યો હતો. એવાં આપ સત્યતપા મુનિ પર પ્રસન્ન થઈ સિદ્ધિ આપનારાં બની રહો (14-15).

આગળ ચાલતાં કણ્વ દેવીનાં અન્ય નામોનો ઉલ્લેખ કરી તેમની પ્રસન્નતા માટે પ્રાર્થે છે[64] (16-17).

આ સ્તુતિ વિષે કંડુલપુરાણમાં આવતી સ્તુતિઓ પ્રકરણમાં નિરૂપણ કરવામા આવ્યું છે (16-26).

જ્યારે દેવી ચામુંડાએ કણ્વ મુનિએ સ્થાપેલા નગરમાં રહેવાની તૈયારી દાખવી અને બધી સખી દેવીઓ સાથે તે સ્થાનમાં રહેવાની ઈચ્છા વ્યક્ત કરી ત્યારે દેવીઓ કહેવા લાગી : “આપે કહેલું વચન અમારે પાળવું જ જોઈએ. પણ તમે સમુદ્રની પુત્રી

સામુદ્રીનું સ્મરણ કરેલું છે ? અમે તે દેવીનું સ્મરણ કરીએ છીએ. તેમના વિના અમે અહીં ક્ષણવાર પણ રહી શકીશું નહીં'' (27-28).

દેવીઓએ કહેલાં ઉપરનાં વચનો સાંભળીને તે દેવીઓની સાથે ચામુંડાએ તે સ્થળે સામુદ્રીનું સ્મરણ કર્યું અને સ્મરણ માત્રમાં જ સિંહવાહિની સામુદ્રી તે સ્થળે પ્રકટ થયાં અને કહેવાં લાગ્યાં :

''તમે મારું સ્મરણ શા માટે કર્યું છે, તે મને કહો'' દેવીઓએ જવાબ આપ્યો : ''કણ્વમુનિના વચનથી અમે અહીં વાસ કરવાનું વચન આપ્યું છે. અમે ઈચ્છીએ છીએ કે આપ પણ આ સ્થાનમાં વાસ કરો. આપના વિના અહીં રહેવું અમને યોગ્ય લાગતું નથી.'' (29-31)

દેવી સામુદ્રીએ જવાબ આપ્યો : ''તમે જે કહો છો તે સાચું છે. મને પણ એ યોગ્ય લાગે છે. પણ મારા પિતા સમુદ્રની આજ્ઞા વિના હું કેવી રીતે અહીં વાસ કરી શકું ?[65]

સમુદ્રી દેવીનાં આ વચનો પછી કણ્વમુનિ સાથે સમુદ્રનું ધ્યાન કર્યું અને ક્ષણવારમાં મૂર્તિમાન સમુદ્રદેવ ત્યાં હાજર થયા અને પૂછ્યું : ''તમે મારું, સ્મરણ શા માટે કર્યું છે. મને જલદીથી કહો. દેવીઓએ જવાબ આપતાં કહ્યું- ''કણ્વમુનિના વચનથી આ સ્થાનની રક્ષા કરવા માટે અહીં રહેવાનું અમે તેમને વચન આપ્યું છે. તેથી આપ આપની પુત્રી સામુદ્રીને અમારી સાથે રહેવાની આજ્ઞા આપો અને અમારી સૌની ઇચ્છા પૂર્ણ કરો. આપની પુત્રી સામુદ્રી અમારી પ્રિયવાદિની સખી છે. તેના વિના અમે અહીં રહી શકવાને સમર્થ નથી. માટે કૃપા કરી તેને અહીં રહેવાની આજ્ઞા આપો[66] (34-36).

દેવીઓના સૂરમાં સૂર પુરાવતાં કણ્વ પણ પ્રાર્થના કરી : "આ દેવીઓ જે કહે છે તે પ્રમાણે સામુદ્રી દેવીને અહીં રહેવાની આજ્ઞા આપીને અમારું કાર્ય સફળ કરો"[67] (37-38).

મુનિનાં વચન સાંભળી સમુદ્રે કહ્યું :

"ભલે તમારી ઈચ્છા પૂર્ણ થાઓ. મારી પુત્રી તમારે અધીન છે. જે સામુદ્રી દરેક દેવીની માતા છે, તેના ભાગ્યનું શું વર્ણન કરવું ?[68]

દેવી સામુદ્રીને આજ્ઞા આપતાં સમુદ્રદેવ કહે છે :

"વિશ્વની માતા, તું ખુશીથી આ દેવીઓની સાથે અહીંયાં વાસ કર તથા કણ્વ મુનિની કૃપા મેળવીને આ સ્થાનની રક્ષા કર."[69]

પોતાના પિતાની આજ્ઞા માનીને દેવી સામુદ્રી દેવીઓની સાથે તે સ્થાનમાં વાસ કરવા લાગ્યાં. આ દેવી આ વિસ્તરને કેવી રીતે ઉપયોગી થતાં હતાં, તેનાં વિષે પુરાણકાર કહે છે : "પોતાનાં દર્શન કરવા માટે આવતા યાત્રાળુ જંગલમાં ભૂલા પડી જતા હતા, તે યાત્રાળુઓને (સ્વરૂપ બદલીને) રસ્તો બતાવવા માટે પોતાના વાહન સિંહ વગરને પ્રેરણા કરતાં હતાં[70] (41-42).

પુરાણકાર તીર્થનું માહાત્મ્ય ગાય છે અને મા સામુદ્રી સ્થાન નગરથી ઉત્તર દિશામાં તાલ નામના પર્વતની નજીકમાં વાસ કરીને રાત અ દિવસ તેનું રક્ષણ કરે છે, એ દર્શાવે છે (43-44).

ચામુંડા તથા અન્ય દેવીઓ અન્યાન્ય રૂપો ધારણ કરે છે અને નગરને દિવ્યતા

બક્ષે છે, એની વાત પુરાણકાર કરે છે. ત્યાર પછી દેવી ચામુંડાએ બીજું અતિસુંદર સ્વરૂપ ધારણ કર્યું. તેને જોઈને કણ્વ મુનિ બોલી ઊઠ્યા, "હે અંબિકા, આપ પ્રસન્ન થાઓ." આ રીતે બોલી રહેલા મુનિને ચંડમુંડનામક દૈત્યોનો નાશ કરનારાં દેવી અંબિકા પ્રસન્નતાથી કહેવા લાગ્યાં : "હે મુન તમે મારું બીજું સ્વરૂપ જોઈને 'અંબિકા' નામે બોલાવી છે, તેથી હું અંબિકા નામથી પ્રખ્યાત થઈશ" (45-47).

અંબિકાની મૂર્તિની પૂજાનું માહાત્મ્ય પુરાણ સુલભ રીતે પુરાણકાર દર્શાવે છે. બધી દેવીઓ સ્થાનનું રક્ષણ કરે છે. એવું દર્શાવીને પુરાણકાર કહે છે કે તપોનિધિ મુનિ તપ કરવા માટે આશ્રમમાં ચાલ્યા ગયા (48-50).

સ્કન્દ પોતાની પ્રશ્ન માળાને આગળ ચલાવે છે - "પિપ્પલાદ મુનિ કોણ હતા?"

- તેઓ કોના પુત્ર હતા ?

- તેમણે પિપ્પલવાસિની દેવીની સ્તુતિ શા માટે કરી હતી ? (51)[10]

ભગવાન શંકર આ પ્રશ્નોના ઉત્તરમાં વાર્તાપ્રવાહ આગળ ધપાવે છે :

62મો શ્લોક અહીં 'नानातरु गुहा च भृत् । એ પ્રયોગ વ્યાકરણની રીતે નોંધવા જેવો છે. गुहामृत જોઈએ भृत् ને જુદું ન પાડી શકાય.

"વિંધ્યાચલ ઉપર દાનેશ્વરી દધીચિ નામના ઋષિ વાસ કરતા હતા. તે ઋષિની સુભદ્રા નામની પત્ની હતી. એક વખત કપટભાવથી દેવતાઓ દૈત્યના સૈન્યને જીતીને મુનિના આશ્રમમાં આવ્યા અને કહ્યું :

"અમારાં આ શસ્ત્રો આપના આશ્રમમાં સાચવવા માટે અમે મૂકી જઈએ છીએ.

આપનો દેહ જ્યાં સુધી રહેશે ત્યાં સુધી અમે તેને પાછાં લઈ જઈશું નહીં.'' મુનિએ તે શસ્ત્રાસ્ત્રો પોતાના આશ્રમમાં રાખ્યાં. ત્યારપછી તે પોતાને દેવતાઓનાં સો વર્ષો વીતી ગયાં (52-58).

## ક્યા પ્રવાહ આગળ ચાલે :

''હવે દધીચિ મુનિ પાસે કોઈ શિષ્ય ન હોવાથી સુભદ્રાએ તે શસ્ત્રોનો હિમાલયમાં ત્યાગ કર્યો. એક વખત ઋષિએ તે શસ્ત્રોની માગણી કરી. પરંતુ સુભદ્રા તે શસ્ત્રો આપી શક્યાં નહીં. આથી ઋષિ ક્રોધે ભરાયા અને સુભદ્રાને શાપ આપ્યો અને કાષ્ઠની પેઠે તેનો ત્યાગ કરીને મુનિ હિમાલય પ્રદેશમાં ચાલ્યા ગયા. અને ત્યાં ગંગાકિનારે મુનિઓની વચ્ચે રહેવા લાગ્યા (59-61अ).

આ દંપતીના જીવનમાં એક ઘટના ઘટે છે, તેનું આલેખન કરતાં પુરાણકાર કહે છે -

''કોઈ એક વખતે દધીચિ મુનિએ લોહીથી ખરડાયેલા પોતાના કૌપીનને બહાર ફેંકી દીધું. સુભદ્રા પણ ત્યાં અકસ્માત આવી ચડ્યાં અને તે વસ્ત્રને પહેરીને ગંગામાં સ્નાન કરવા ગયાં. કૌપીનનો સ્પર્શ થતાં જ તેને ગર્ભ પ્રાપ્ત થયો. અને તે ગર્ભ વૃદ્ધિ પામવા લાગ્યો[72] (61 ब - 62).

આમ થવાથી વિસ્મિત બનેલાં સુભદ્રાએ તે ગર્ભનો પિપ્પલવનમાં ત્યાગ કર્યો અને પછી પાછા ફરીને ગંગામાં સ્નાન કર્યું. અને પવિત્ર થઈ સૂર્યનારાયણનું ધ્યાન ધરીને પતિવ્રતાએ પોતાને દૂષિત કરનારને શાપ આપ્યો (63).

''જેના વડે હું સાધ્વી સ્ત્રીને દૂષિત થયેલી છું, તે મને દૂષિત કરનાર પુરુષ હમણાં જ મૃત્યુ પામો[73] (64 अ).

ઉપર પ્રમાણે શાપ આપીને અતિવિસ્મય પામેલાં સુભદ્રાએ ફરી વખત સ્નાન કર્યું. તે વખતે દેવો દધીચિ ઋષિ પાસે આવ્યા અને પોતાનાં શસ્ત્રો પાછાં દધીચિ ઋષિ પાસે આવ્યા અને પોતાનાં શસ્ત્રો પાછાં માગ્યાં. દધીચિએ તે વખતે પરબ્રહ્મનું ધ્યાન ધર્યું. અને યોગમાર્ગથી પોતાના દેહનો ત્યાગ કરી દીધો. ઋષિને મૃત્યુ પામેલા જોઈને ઈન્દ્રે કામધેનુનું સ્મરણ કર્યું[74] (65-66).

કામધેનુ તે સ્થળે આવીને ઈન્દ્રના આદેશથી મુનિના દેહને જીભથી ચાટવા લાગી. માત્ર હાડકાં જ બાકી રહ્યાં. ત્યારે દેવોએ તેને સ્પર્શ કર્યો (67).

આ ઘટનાને બ્રહ્મહત્યા ગણીને બ્રહ્મહત્યા ત્યાં આવીને ઊભી રહી. કામધેનુએ તેના આગમનનું કારણ પૂછ્યું. ત્યારે બ્રહ્મહત્યાએ કહ્યું : "તમે બ્રાહ્મણના શરીરનું માંસ ચાટેલું છે, તેથી." કામધેનુએ કહેવા માંડ્યું : "તારાં ખરાબ વચનોથી હું બળું છું. માટે તું અહીંથી દૂર થા. નહીંતર હું તને બાળી મૂકીશ." તે વખતે બ્રહ્માએ કામધેનુને કહ્યું : "તમે માત્ર દેવતાઓનું કામ કર્યું છે. તેથી તમે નિષ્પાપ છો." આગળ ચાલતાં બ્રહ્માએ ઉમેર્યું : "તમે પવિત્ર છો અને લોકોને પવિત્ર કરો છો. કારણ કે ગાય સર્વદેવમય છે." ત્યાર પછી મુનિનાં હાડકાંના સમૂહને લઈને દેવતાઓ શાકદ્વીપમાં ગયા (68-70).

તે અસ્થિઓ વડે વિશ્વકર્માએ વજ્ર વગેરે આયુધો બનાવ્યાં (71).

તે પછી સુભદ્રા દધીચિમુનિના આશ્રમમાં આવ્યાં પણ ત્યાં પોતાના પતિને જોયા નહીં. તેથી અગ્નિમાં પ્રવેશ કરી બળી મરવા તૈયાર થયાં. તે વખતે આકાશવાણી થઈ કે, હે સતી, તમે તમારા પતિની મરણોત્તર ક્રિયા કરો.' એ ક્રિયા કર્યા પછી સુભદ્રા પિપ્પલવનમાં ગયાં. અને જે સ્થળે ગર્ભનો ત્યાગ કર્યો હતો, તે સ્થળે ગયાં. ત્યાં તેમણે પીપળાના વૃક્ષના રસનું પાન કરી રહેલા બાળકને જીવતો જોયો. તેને પોતાના ખોળામાં

બેસાડ્યો. પછી પોતાના પતિનું અચાનક મરણ થયું જાણીને, તેના હત્યારા વિષે વિચાર કરવા લાગ્યાં. તે વખતે મનોમન તેમણે શ્રીહરિનું ધ્યાન ધર્યું. શ્રીહરિ ત્યાં પ્રકટ થયા (72-75).

સુભદ્રાએ શ્રીહરિને નમસ્કાર કરીને સુભદ્રાએ પૂછ્યું : "આ પુત્ર કોનો છે ?" શ્રીહરિએ જવાબ આપ્યો : "આ પુત્ર દધીચિ મુનિનો છે. તેણે પીપળાના રસનું પાન કરેલું છે, માટે એ પિપ્પલાદ નામે પ્રખ્યાત થશે"[75] (76-77).

ઉપર્યુક્ત વચનો પછી શ્રીહરિ અંતર્ધાન થયા. ત્યાર પછી સુભદ્રા તે બાળક સાથે દધીચિમુનિના આશ્રમમાં આવ્યાં અને પુત્રનું પાલન કરવા લાગ્યાં. પછી પૂર્વજન્મના અભ્યાસ તથા દધીચિમુનિના તપોબળને લીધે તે પુત્ર વૃદ્ધિ પામવા લાગ્યો (77બ-78).

ત્યારપછી તે બાળકના સમવયસ્કો તેને કહેવા લાગ્યા : "તું પિતા વિનાનો છે." મિત્રોનાં આવાં વચન સાંભળીને પિપ્લાદે પોતાની માતાને પૂછ્યું : "મારા પિતા કોણ છે ? અને ક્યાં છે ?" (79)

પુત્રનાં વચન સાંભળીને સુભદ્રાએ દેવતાઓએ જે કાર્ય કરેલું હતું, તેની વાત વિસ્તારથી કહી સંભળાવી. આથી ગુસ્સે ભરાયેલા પિપ્લાદે કહ્યું : "મારા પિતાનું વેર લેવા માટે દેવતાઓ સાથે હું વેર બાંધીશ"[76].

માતાને આ પ્રમાણે કહીને પિપ્પલાદ મુનિ ત્યાંથી ચાલી નીકળ્યા અને હિમાલયનાં શિખર પર ગયાં. ત્યાં જઈ તપ કરી વિનાશક **કૃત્યાગ્નિને** ઉત્પન્ન કર્યો. તે અગ્નિએ ઋષિને પૂછ્યું : "હું શું કરું ? ત્યારે ઋષિએ કહ્યું કે મારા પ્રભાવથી તમે બ્રહ્મા સિવાય બધા દેવોને બાળીને ભસ્મ કરી દો"[77] (81-82).

પછી ઈન્દ્ર વગેરે દેવતાઓ અગ્નિની જ્વાળાઓથી ભયભીત થઈને બ્રહ્માસહિત વિષ્ણુ ભગવાનને ચરણે ગયા (83). ભગવાને તેમને નિર્ભય બનવા આશ્વાસન આપ્યું અને દેવતાઓને કહેવા લાગ્યા કે આ પૃથ્વીના આરંભમાં સૌથી પહેલાં મહત્ તત્ત્વ ઉત્પન્ન થયેલું હતું અને તેમાંથી ક્રમશઃ જળ ઉત્પન્ન થયેલું છે (83-85).

ઉપર્યુક્ત વચનો કહીને ભગવાન સરસ્વતીને બોલાવીને આજ્ઞા આપી. તદનુસાર સરસ્વતી મસ્તક ઉપર અગ્નિનો ઘડો ધારણ કરીને હિમાલયમાં આવેલા પીપળાના મૂળના પ્રદેશમાં જઈને ત્યાંથી પશ્ચિમ દિશા તરફ ચાલ્યાં. ગંગા વગેરે નદીઓ, બધાં તીર્થો, દેવતાઓ તેમજ અપ્સરાઓ વગેરેએ સરસ્વતીના મસ્તક ઉપર રહેલા અગ્નિકુંભમાં વાસ કર્યો (86-87). અને 'સરસ્વતી જે અગ્નિના કુંભનું વહન કરી રહેલાં છે, તે અગ્નિનો કુંભ આપણા સર્વ દેવતાઓ વહન કરી રહેલાં છે, તે અગ્નિનો કુંભ સર્વ દેવતાઓ વડે કરીને પ્રાચી સ્વરૂપ થાઓ' (88). તે પછી સરસ્વતી તે પ્રવાહરૂપ અગ્નિના કુંભને લઈને પશ્ચિમ સમુદ્રના કિનારા પર પ્રભાસક્ષેત્રમાં ગયાં. અને ત્યાં શુચીનું મુખ કરીને અગ્નિકુંભની સ્થાપના કરી. તેથી તે સ્થલ પ્રભાસમાં અગ્નિતીર્થરૂપે પ્રસિદ્ધ થયું. તે સ્થળે પાપનાશક પંચસ્રોતા સરસ્વતી વહન કરી રહેલાં છે[78] (89-90).

આ વિગતો પછી દધીચિ ઋષિના પુત્ર પિપ્પલાદ મુનિનું ઉપાખ્યાન શરૂ થાય છે : "પિપ્પલાદ મુનિ કણ્વઋષિના આશ્રમમાં જઈને કહેવા લાગ્યા : "આ મોટું તીર્થ છે. આ સ્થળે અંબિકાનું આરાધન કરીને હું સિદ્ધિને મેળવીશ એમ મારું માનવું છે. ત્યાર પછી કણ્વ મુનિની મંજૂરીથી તે સ્થળે સ્નાન કરીને પીપળાના વૃક્ષની નીચે વાસ કરી રહેલાં ચામુંડા દેવીનું ભક્તિભૂપ્રવક બિલ્વપત્રથી પૂજન, ધ્યાન તથા સ્તુતિ કરવા

લાગ્યા. તેમના તપથી સંતોષ પામેલાં જગદ્ધાત્રી ચામુંડા પ્રસન્ન થયાં અને મુનિને તેમની ઈચ્છા પૂર્ણ કરવાનું વરદાન આપ્યું. આગળ ચાલતાં મુનિ તથા પેલા વૃક્ષની સાથે પોતાનું નામ જોડીને દેવીએ કહ્યું : "હે મુનિ, તમે આ પિપ્પલમાં વાસ કરતી મારું ધ્યાન ધરેલું છે. માટે પિપ્લવનમાં પ્રકટ થયેલું હું પિપ્લવાસિની નામે પ્રખ્યાત થઈશ"[79] (91-95).

પછી દેવી પૌરાણિક પરંપરાને અનુસરીને પોતાનાં સ્મરણ પૂજન વગેરેને સિદ્ધિનાં સાધનો તરીકે દર્શાવીને વચન આપે છે કે, 'હું આ સ્થળે વાસ કરીને આ સ્થાનનું નિરંતર રક્ષણ કરીશ.' આમ કહીને દેવી અંતર્ધાન થઈ ગયાં અને મુનિ પોતાના આશ્રમે ગયા (96-97).

આ સ્થાન સાથે જોડાયેલાં અન્ય તીર્થસ્થળોની ઉત્પત્તિ કથા આગળ વધારતાં પુરાણકાર ઝિલાનંદ નામના કુંડની વાત કરે છે - "ત્યાર પછી કોઈક વેળાએ તે સ્થાનનું રક્ષણ કરનારી દેવીઓએ જલક્રીડા કરવા માટે સુંદર ઝિલાનંદ નામનો કુંડ બંધાવ્યો. આ કુંડ દેવીઓને આનંદદાયક થઈ પડ્યો. તેથી તે કુંડનું નામ ઝિલ્લાનંદ પડ્યું. જલક્રીડા વખતે એકબીજા પર પાણી ઉડાડવું, ઝીલવું વગેરે ક્રિયાઓને લીધે આ નામ પડ્યું[80] (98-99).

આ તીર્થોનું માહાત્મ્ય દર્શાવતાં પુરાણકાર કરે છે : "આ કુંડમાં સ્નાન કરીને દેવીઓની પૂજા કરનાર બધાં પાપમાંથી મુક્ત થઈને ઈચ્છાઓને પૂર્ણ કરશે. દેવીઓએ રચેલા ક્રીડાકૂપમાં સ્નાન કરવાથી મનુષ્ય પુત્રપૌત્રાદિક પરિવાર તથા પુષ્કળ ધનને પ્રાપ્ત કરી શકે છે (100-101).

આ તીર્થો સાથે સંકળાયેલી એક ઉપકથા રજૂ કરતાં પુરાણકાર એક ઘટના વર્ણવે

છે – "કોઈ એક વખતે તે કૂવામાં સર્વ દેવીઓ જલક્રીડા કરતી હતી તે વેળાએ ભરદ્વાજ મુનિનો પુત્ર રમતો રમતો પોતાની માતા સાથે તે કૂવાના કાંઠા પર દેવીઓ પાસે આવ્યો. એ કૂવામાં પડી ગયો. દેવીઓએ તેને ઝીલી લીધો. પરંતુ એને જોઈને અન્ય લોકો તથા બાળકની માતા કોલાહલ કરવા લાગ્યાં. અન્ય લોકો પણ ત્યાં દોડી આવ્યા. પરંતુ તે બાળકને રમતો જોઈને મનુષ્યો વિસ્મય પામીને કહેવા લાગ્યા." આ બાળક જેમ વનમાં મનુષ્યો રમે તેમ જળમાં રમી રહેલા છે. જલદેવીઓએ તેની રક્ષા કરી છે. તે પોતાના કર્મબળથી જલમાં રમી રહેલો છે. લોકોને કૂવામાં જલક્રીડા કરી રહેલી દેવીઓનાં દર્શન થયાં. તે પછી દેવીઓએ તે બાલકનો હાથ પકડીને તેની માતાને અર્પણ કર્યો (102-108).

આ ઘટનાના ઉપલક્ષમાં દેવીઓ કહે છે : અમે અમારી ઈચ્છાથી જ આ બાળકને કૂવામાં પાડી દીધો હતો. તેથી આ કૂવો **બાલકૂપ** ના નામે પ્રસિદ્ધ થશે.[81]

પુરાણપરંપરાનુસાર પુરાણકાર આ તીર્થનું માહાત્મ્ય દર્શાવતાં કહે છે - આ સ્થળે સ્નાન કરી, એકાગ્ર મનથી આ કૂવાની પૂજા કરનારને કદાપિ પુત્રવિયોગ થશે નહીં. તેનું સ્મરણ કરનારને કદી પુત્રવિરહ થશે નહીં, આમ કહી દેવીઓ અન્તર્ધાન થઈ ગઈ, લોકો તે કૂપની પૂજા કરીને તે સ્થળે મહોત્સવ કર્યો (109-112).

આ રીતે તે દેવતાઓ તે સ્થળે ક્રીડા કરી રહેલા છે અને રાક્ષસો તેમજ દુષ્ટ મનુષ્યોનાં વિઘ્નોથી તે સ્થાનનું રક્ષણ કરે છે અને માતૃસ્થાનની સમીપમાં ઘરની હારો બાંધીને તે સ્થળે **રજકલોકો** માતાઓની સેવા કરી રહેલા છે[82] (113-114).

આ રજક લોકો દ્વારા કરવામાં આવતી પૂજાની સામગ્રી તથા પ્રકારનો નિર્દેશ કરતાં પુરાણકાર લખે છે -

તે લોકો ભક્તિભાવથી, ધૂપ, દીપ, બિલિપત્ર, વિવિધ પુષ્પો, બલિદાન, નૃત્ય, ગીત વગેરેથી રાતદિવસ દેવીઓનું પૂજન કરે છે (115-116).

તે લોકોની ભક્તિથી પ્રસન્ન થયેલી દેવીઓ તેમના મનોરથ પૂરા થાય એવું વરદાન આપે છે. સાથે બીજું વરદાન આપતાં કહે છે - તમે લોકોએ અમારી સમીપમાં રહેવાનાં. ઘરોની હારો બાંધેલી છે, તેથી પૃથ્વી ઉપર અમે બધી દેવીઓ ''રજકાવલી'' નામથી પ્રખ્યાત થઈશું''[83] (117-119).

આ પ્રમાણે રજક લોકોને કહીને દેવીઓ અન્તર્ધાન થઈ ગઈ અને તે દિવસથી એ લોકો પણ દેવીઓનું પૂજન કરવા લાગ્યા. પુરાણકાર અધ્યાયની સમાપ્તિમાં ગાય છે કે - ''આવી રીતે બલિદાનપૂર્વક તે દેવીઓની ભક્તિ કરશે તે આ પૃથ્વી પર નિષ્કંટક રાજ્ય ભોગવીને, નિષ્પાપ બનીને સ્વર્ગમાં જશે તથા પશુ, પુષ્પ, ધૂપ, દીપ, તથા નૈવેદ્ય વગેરે સામગ્રીથી મહાશક્તિઓની જે પૂજા કરશે તેને કદી કોઈનો ભય રહેશે નહીં.''

સમીક્ષા :

આ અધ્યાયમાં સ્થાન પ્રદેશમાં સામુદ્રી તથા અન્ય દેવીઓના આગમનનું આલેખન કરવામાં આવ્યું છે -

કણ્વમુનિ દ્વારા ચામુંડા દેવીની સ્તુતિ - તે પ્રદેશનું રક્ષણ કરવાની કણ્વ દ્વારા માગણી તથા દેવી દ્વારા તેનો સ્વીકાર -

ચામુંડા દ્વારા સમુદ્રી દેવીનું સ્મરણ - તેમનું આગમન - દેવીઓ દ્વારા સાથે રહેવા માટે પ્રાર્થના - સમુદ્ર - પુત્રી એનો સ્વીકાર કરે છે.

- તે સ્થળે અંબિકાનું પ્રાક્ટ્ય થયું છે.
- દધીચિ ઋષિનું આખ્યાન અહીં છે.
- કામધેનુ અને બ્રહ્મહત્યાનો સંવાદ પણ મળે છે.
- પિપ્લાદ મુનિના જન્મનું કથાનક અહીં છે.
- દેવી પિપ્પલવાસિનીનું પ્રાકટ્ય નિરૂપાયું છે.
- ઝિલ્લાનંદ કુંડ, બાલકૂપ તીર્થસ્થાનોની સ્થાપના અહીં મળે છે.
- દેવી રજકાવલીનું પ્રાકટ્ય અહીં નિરૂપાયું છે.

● ● ●

# અધ્યાય-10

## નિત્યા તથા મંડિતાનો પ્રાદુર્ભાવ

આ અધ્યાયનો પ્રારંભ ભગવાન શંકરની ઉક્તિથી થાય છે - તેઓ વિષ્ણુ નામના આદર્શ બ્રાહ્મણની કથા કહે છે - આ બ્રાહ્મણના તેમણે નિમ્નલિખિત ગુણો દર્શાવ્યા છે-

– તે ઉપમન્યુકુલમાં જન્મેલો હતો.

– અગ્નિહોત્રી, દૈવજ્ઞ, અતિથિપૂજક, સર્વશાસ્ત્રાર્થ-કુશલ, યજ્ઞવિદ્યાવિશારદ, કપિલસ્થાનનો નિવાલી, સદાચારી અને દયાળુ. (1-2) તેની પત્નીનું વર્ણન છે કે તેનું નામ નિત્યા હતું. તે સારા સ્વભાવવાળી, સાચું બોલનારી, પતિસેવાપરાયણ, સ્વરૂપવતી, પુણ્યશાળી, સાધ્વી સ્ત્રી હતી. તેને શાન્તસ્વભાવનો, પિતાની આજ્ઞાનું પાલન કરનાર અને ભક્તિથી માધવભગવાનનું આરાધન કરનાર માધવ નામનો પુત્ર હતો. તે પુત્રનું કશ્યપકુળમાં જન્મેલી, પતિવ્રતા તેમજ સૌભાગ્યવતી મંડિતા નામની કન્યા સાથે લગ્ન થયું હતું. તે કન્યા પતિને દેવ માનવાના વ્રતવાળી, મન-વાણી-કર્મથી પતિની સેવા કરનારી અને સાસુ-સસરાની પ્રિય હતી. (3-6)

આ વિષ્ણુ બ્રાહ્મણને ત્યાં તીર્થયાત્રા કરી રહેલા ગાલવ નામના ઋષિની પધરામણી થઈ. વિષ્ણુએ તે ગાલવ મુનિનો અર્ઘ્ય, પાદ્ય વગેરેથી સત્કાર કર્યો અને પછી હાથ

જોડીને કહેવા લાગ્યો : ‘‘આપના પધારવાથી મારો જન્મ સફળ થયો છે, બધી ક્રિયાઓ સફળ થઈ છે, જીવન પણ સુજીવિત થયું છે. મારો ધર્મ સફળ થયો છે, મારું કુળ પણ પવિત્ર થયેલું છે[84] (7-10).

ઉપર્યુક્ત વચનો પછી વિષ્ણુએ પોતાની પત્ની, પુત્ર તથા પુત્રવધૂ વગેરે કુટુંબીઓને મુનિના ચરણમાં પાડ્યાં. આવા વિનયી કુટુંબને જોઈને પ્રસન્ન થયેલા ગાલવ મુનિ કહેવા લાગ્યા : (11-12)

‘‘હે વિષ્ણુ, તું ખરેખર ગૃહસ્થોમાં શ્રેષ્ઠ છે, કારણ કે તારા કુટુંબમાં સાધ્વી સ્ત્રી, વિનયી પુત્ર અને સતી પુત્રવધૂ છે. જો આવું કુટુંબ હોય તેવા માણસને પૃથ્વી ઉપર જ સ્વર્ગ છે. આ તારી પત્ની તથા પુત્રવધૂ જ્ઞાન મેળવીને કુલની સંતતિની વૃદ્ધિ કરીને પરમ સિદ્ધિ પ્રાપ્ત કરશે. આ બંને સ્ત્રીઓ યોગસિદ્ધિ પ્રાપ્ત કરીને આ સ્થાનની દેવીઓ બનશે. તેમની પૂજા કરીને અન્ય લોકો પણ સિદ્ધિ હાંસલ કરશે. આ બાબતમાં કોઈ શંકા નથી. તમે બંને પિતા-પુત્ર પણ યોગની સાધના કરીને યોગીઓને પણ દુર્લભ એવા સ્થાનને મેળવશો. તારા પુત્રની સંતતિ અક્ષય, વિષ્ણુ ભક્તિપરાયણ તથા ધનશાસ્ત્ર સમૃદ્ધ થશે. ઉપર્યુક્ત વરદાનો આપીને ગાલવ મુનિ ત્યાંથી રવાના થયા અને બ્રાહ્મણ વિષ્ણુ પણ સંતુષ્ટ મનથી ઉચિત કાર્યો કરવા લાગ્યો (13-20).

પછી આ વિષ્ણુની વંશપરંપરા આગળ ચાલે છે. તેનું વર્ણન કરતાં પુરાણકાર કહે છે :- ત્યારપછી વિષ્ણુના પુત્ર માધવને ત્યાં ચાર પુત્રો તથા લક્ષ્મી જેવી એક પુત્રીનો જન્મ થયો. તે બધાં સંતાનો શાસ્ત્રસંપન્ન, વેદવેદાંગનાં જ્ઞાતા, સદાચારી, પવિત્ર, વિનયી, માતાપિતા તથા દાદા-દાદીની ભક્તિ કરવાવાળાં તથા સત્શાસ્ત્રનું શ્રવણ કરવામાં શ્રદ્ધાવાળા થયાં[85] (21-23).

આ વંશના સભ્યોનું વર્ણન આગળ વધારતાં પુરાણકાર કહે છે - તે બધાનાં લગ્ન કરવામાં આવ્યાં અને યુવાવસ્થામાં પણ તેઓ ગુરુ તથા દેવપૂજામાં પ્રીતિવાળા, ધાર્મિક અને દર્શનથી મનુષ્યોનાં પાપનો નાશ કરવાવાળા થયાં[86] (24).

હવે જે પુત્રી હતી, તેના સંદર્ભમાં વાર્તા પ્રવાહને આગળ ચલાવતાં પુરાણકાર લખે છે :-

તે માધવની સૌભાગ્ય તથા ભાગ્યથી સંપન્ન તેમજ સર્વ લક્ષણોથી યુક્ત સુલક્ષણા નામની પુત્રી વિવાહયોગ્ય થઈ. હવે યુવાવસ્થામાં આવેલી તે સુલક્ષણાને જોઈને તેના પિતા તથા દાદા ચિંતા કરવા લાગ્યા. તે તેમની ચિંતાનો વિષય હતો". આ રૂપસંપત્તિયુક્ત કલ્યાણી આ સુલક્ષણાને યોગ્ય વર સાથે પરણાવવામાં આવે તો સારું. નહીંતર આપણને પાતક લાગશે (25-27).

આ સુલક્ષણાના ભાવિ પતિ વિષેની તેમની અપેક્ષાને વાચા આપતાં પુરાણકાર દર્શાવે છે :

આપણી જ્ઞાતિમાં કુલીન, રૂપવાન, શાસ્ત્રવેત્તા, માતા-પિતાની હયાતીવાળો તથા સદાચારી કયો વર છે કે જે તેની સાથે સુલક્ષણાનાં લગ્ન કરવાં ?[87]

પિતાપુત્ર બંને આ પ્રમાણે વિચાર કરી રહ્યા હતા, તેવામાં પોતાના જ ગામમાં રહેતો વેદ નામનો, પોતાની જ જ્ઞાતિનો બ્રાહ્મણ તેમની પાસે આવ્યો. તે બ્રાહ્મણને પોતાને ત્યાં આવેલો જોઈને તેઓ બંને જણાએ ઊભા થઈને અર્ધ્યપાદ્યાદિક વડે તેની પૂજા કરી અને વિષ્ણુ કહેવા લાગ્યો (29-30).

"હે વિદ્વાન, આપ કૃપા કરીને મારે ઘરે પધાર્યા, તેથી મારું ખર ખરેખર પવિત્ર થયેલું છે. આપના આવવાનું કારણ શું છે, તે આપ કૃપા કરીને કહો. (31)

વેદનો જવાબ છે : "પોતાને ત્યાં આવેલા અતિથિની પૂજા કરવી તે ખરેખર આપની કુલપરંપરાનો સ્વભાવ જ છે. અને નમ્રતાપૂર્વક બોલવું એ પણ કુલીનતાનું ચિહ્ન છે."[88]

વેદ પોતાના આગમનનું કારણ દર્શાવતાં કહે છે -

"આપની સુલક્ષણા સુશીલા નામની કન્યા જો આપને યોગ્ય લાગે તો મારા પુત્ર માટે આપો." વળી આપ મારા પુત્રને જાણો છો. તેમજ આપના પુત્રે તેને જોયેલો છે. જો આપના કુટુંબીઓની મરજી થતી હોય તેમ કરો. આપના કુટુંબના સમાન જેના કુટુંબની દ્રવ્ય, બુદ્ધિ વગેરેની બાબતમાં સમાનતા હોય તો તે સંબંધ કરવો યોગ્ય છે" (32-34).

વિષ્ણુનો ઉત્તર : આપ કશ્યપ ગોત્રના છો. વળી મારી સ્ત્રીના કાકા છો. તેથી આપ પહેલેથી જ અમારા સગા છો. તેથી નવો સંબંધ જોડવો તે પણ ખરેખર યોગ્ય છે. પરસ્પર સંબંધીઓએ ફરી વખત સંબંધ જોડવો તે પ્રશંસનીય છે. એકબીજાના સ્વભાવથી જે પરિચિત હોય છે, તે સંબંધ પણ સુખકારક બની રહે છે[89] (35-36).

ત્યારપછી વિષ્ણુનાથે ઉપર્યુક્ત વચનો સાંભળીને વેદ નામના બ્રાહ્મણનું પાદપ્રક્ષાલન કર્યું અને પછી સ્વજનોને બોલાવીને કહેવા લાગ્યો : "મારી સુલક્ષણા સુશીલા નામની પૌત્રી આપના સત્ય નામના તમારા પુત્ર વેરે હું આપું છું"[90] (37-38)

પછી બંને વડીલોએ સુશીલા તથા સત્યનો પાણિગ્રાહ મહોત્સવ કર્યો તેની વાત પુરાણકાર કરે છે. (39)

વિષ્ણુનાથ અને વેદનાં કુટુંબો આ રીતે વૈવાહિક સંબંધોથી જોડાયાં તે પછીની કૌટુંબિક ઘટનાઓનો નિર્દેશ કરીને પુરાણકાર જણાવે છે :

"ત્યારપછી સુશીલાએ ઉપવાસ કરવાની શરૂઆત કરી પણ તે વાત ઉભયપક્ષોથી અજાણ રાખી. આનું કારણ જણાવતાં પુરાણકાર જણાવે છે કે માતા સમજે છે કે સુશીલા તેના સસરાને ત્યાં જમે છે અને સાસુ સમજે છે કે વહુ તેના પિયરમાં આવ-જા કરતી હોવાથી તે ત્યાં જમતી હશે"[91] (40-41)

ત્યારપછી થોડા સમયમાં સુશીલાની પતિભક્તિ અને ગાલવ ઋષિના વરદાનને લીધે તેના શ્વસુર પક્ષમાં અણિમાદિ સિદ્ધિઓ પ્રાપ્ત થઈ અને તેને પોતાને શ્રેષ્ઠ જ્ઞાન પ્રાપ્ત થયું (42).

ત્યારપછી વિષ્ણુનાથના પુત્ર માધવ તથા પુત્રવધૂ મંડિતાના મરણ સમયે તે સ્થળે એકઠા થયેલા મનુષ્યોનો મધ્ય ભાગમાં મંડિતાના શરીરમાંથી દિવ્ય તેજ ઉત્પન્ન થયું. તે તેજ સુંદર શરીરવાળું અને આભૂષણોથી શોભી રહેલું હતું. તેથી લોકોને આશ્ચર્ય થયું (43,44).

આ તેજને જોઈને લોકો તર્કવિતર્ક કરવા લાગ્યા :

- અહો વધૂ મંડિતાના દેહમાંથી આવું દિવ્ય તેજ ક્યાંથી અને કેવી રીતે ઉત્પન્ન થયું ?
- શું દેવતાઓએ તેના શરીરમાં વાસ કરેલો છે ? (45)
- જો દેવોએ મંડિતાના શરીરમાં વાસ કરેલો ન હોય તો કદાપિ આવું દિવ્યરૂપ પ્રાપ્ત થઈ શકે નહીં.

- જે દિવ્ય રૂપ પ્રાપ્ત થયેલું છે તે માત્ર દુઃખના સમયમાં ધીરજ રાખી પતિસેવા તથા સાસુ-સસરાની સેવા કરવાનું ફળ છે (46).
- આ મંડિતાના શરીરમાં કોઈ સિદ્ધિ અગર તો યોગિનીએ પ્રવેશ કરીને પોતાનું સ્વરૂપ બતાવેલું હોવું જોઈએ (45-47).

આ રીતે લોકો વાત કરી રહ્યા હતા ત્યારે મંડિતાની સાસુ નિત્યાને પણ ગાલવ મુનિની કૃપાથી મંડિતાના જેવી જ્ઞાનપ્રાપ્તિ થઈ (48). પાતિવ્રત્યના પ્રભાવથી નિત્યાએ તે જ્ઞાન ગ્રહણ કરી લીધું. તેને પણ પોતાની પુત્રવધૂ જેવું દિવ્ય સ્વરૂપ પ્રાપ્ત થયું (49). નિત્યાને પણ આવી રીતે દિવ્ય રૂપ ધરીને આકાશમાં ઊભી રહેલી જોઈને વિસ્મય પામેલા લોકો કહેવા લાગ્યા કે આ શું વિસ્મયકારક ઘટના છે ? (50)

આ રીતે નિત્યાએ પણ પુત્રવધૂની માફક દિવ્યરૂપ ધારણ કર્યું. (51)

આ વિસ્મયકારક ઘટનાઓ જોઈને લોકો સ્તુતિ કરવા લાગ્યા : "દિવ્ય મૂર્તિને ધારણ કરનાર સિદ્ધિ સ્વરૂપ નિત્યા તથા મંડિતા બંને સન્નારીઓને વારંવાર નમસ્કાર હો. સંસારના તાપનો નાશ કરનારી બે દેવીઓ આપ આ સ્થાનની અંદર નિવાસ કરનારા મનુષ્યોનું રક્ષણ કરો"[92] (52-53)

પ્રત્યુત્તરમાં બંને દેવીઓ કહે છે : અમે બંને દેવીઓ ગાલવ મુનિની કૃપાથી દેવતારૂપ ધારણ કરીને આ સ્થાનમાં નિવાસ કરીશું (54).

આ શબ્દો કહીને બંને દેવીઓ પોતાની મૂર્તિઓની સ્થાપના કરીને અન્તર્ધાન થઈ ગઈ. લોકો ત્યારથી તેમની મૂર્તિની પૂજા કરવા લાગ્યા (55)

ત્યાર પછી વિષ્ણુનાથ તથા માધવ સુશીલાનાં લગ્ન કરીને, યોગવિદ્યાનો આશ્રય લઈને પરમ દિવ્ય પદને પામ્યા (56).

આ આખ્યાનનું માહાત્મ્ય દર્શાવતાં પુરાણકાર કહે છે -

આ આખ્યાનનું શ્રવણ કરનાર મનુષ્યને શાન્તિ આપનાર પુત્રપૌત્રાદિક સુખને પામે છે તથા સર્વ સિદ્ધિઓને પામે છે (57).

**સમીક્ષા :**

આ અધ્યાયમાં સાસુ વહુ નિત્યા તથા મંડિતાનો પ્રાદુર્ભાવ વર્ણવાયેલ છે.

– આ બંને સન્નારીઓનાં ચરિત્રો અહીં વર્ણવાયાં છે.

– વિષ્ણુનાથ, માધવ, વેદ વગેરે બ્રાહ્મણોનાં ચરિત્રોનાં વર્ણનો અહીં મળે છે.

• • •

# અધ્યાય-11

## સ્થાનનગરમાં સત્યાદિયુગોમાં પડેલાં વિવિધ નામો

આ અધ્યાયના આરંભમાં સ્કન્દના કેટલાક પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા છે. આ પ્રશ્નો સ્થાનનગરમાં વિવિધ નામોને લગતા છે -

- સત્યયુગમાં સ્થાન નગરનું નામ કણ્વાલય હતું.
- ત્રેતાયુગમાં તે કલુષાપહ કેવી રીતે પ્રખ્યાત થયું ?
- દ્વાપરયુગમાં તેનું નામ કાંપિલ અને
- કલિયુગમાં કંડુલ કેવી રીતે પડ્યું ?[93] (1-2)

ઉપર્યુક્ત પ્રશ્નના ઉત્તરમાં ભગવાન શંકર પ્રત્યેક નામ સાથે જોડાયેલ ઐતિહાસિક વિગતો રજૂ કરે છે. તેઓ શરૂઆત કરે છે ત્રેતાયુગથી. આ યુગમાં સૂર્વંશને માટે ભૂષણરૂપ બની રહેલા રાજા દશરથથી પ્રારંભ કરે છે. તેનો પરિચય નિમ્નલિખિત વિશેષણો વડે કરે છે -

- અજપુત્ર, પ્રતાપવાન
- વીર, સૂર્યવંશવિભૂષણ
- અનાપત્ય, પ્રજા માટે વ્રતતીર્થપરાયણ
- વૃદ્ધ, વંધ્ય હોવાને લીધે શોકાકુલ (3-4).

તેને ત્રણ રાણીઓ હતી - કૌશલ્યા, કૈકેયી અને સુમિત્રા. છતાં વૃદ્ધત્વ પ્રાપ્ત થતાં સુધી તેને સંતાનસુખ પ્રાપ્ત થયું ન હતું. (5) શિકારના શોખીન તે રાજાને શ્રવણના

પિતાનો શાપ મળ્યો. એ શાપમાં કહેવામાં આવ્યું હતું કે તારા મૃત્યુપ્રસંગે તું પ્રજા વિષે શોકાતુર હશે.[94]

રાજાએ તે શાપને પણ વરદાન માનીને પોતાના નગરમાં આવીને ઋષ્યશૃંગ નામના ઋષિને પોતાને ત્યાં બોલાવ્યા. તેમના દ્વારા પુત્રેષ્ટિ નામનો યજ્ઞ કરાવ્યો. તે યજ્ઞનો ચરુ તેણે ઋષિની આજ્ઞાથી પુત્રપ્રાપ્તિ માટે કૌશલ્યા તથા કૈકેયીને ભોજન માટે આયો. તે બંને રાણીઓએ પોતાને મળેલા ચરુના ભાગમાંથી થોડો થોડો ભાગ રાણી સુમિત્રાને આપ્યો. આમ ચરુના ચાર ભાગ થયા અને તેનું ભોજન કરવાથી ત્રણેય રાણીઓ સગર્ભા બની. ત્યારપછી કૌશલ્યાએ રામને, કૈકેયીએ ભરતને અને સુમિત્રાએ લક્ષ્મણ તથા શત્રુઘ્નને જન્મ આપ્યો (7-10).

પુરાણકાર દશરથના જીવનના ઘટનાચક્રને આગળ ચલાવતાં લખે છે - પોતાને ત્યાં પુત્રોનો જન્મ થયેલો જોઈને રાજા દશરથે મંગલવિધિ કરીને બ્રાહ્મણોને પુષ્કળ દાન આપ્યું અને આનંદસમુદ્રમાં ડૂબી ગયા. દશરથ રાજાએ તે પુત્રોને યોગ્ય સમયે યજ્ઞોપવીત ધારણ કરાવ્યાં અને તે વેળાએ રામ વગેરેને જોઈને વિશ્વામિત્ર રાજા પાસે રામ તથા લક્ષ્મણની માગણી કરી. રાજાએ બંને ભાઈઓને ઋષિ વિશ્વામિત્રને અર્પણ કર્યા (11-13).

ઋષિની સાથે જતાં રામે બાણ વડે તાડકા નામની રાક્ષસીનો નાશ કર્યો. ત્યાર પછી યજ્ઞશાળામાં જઈને ત્યાં લોહીનો વરસાદ વરસાવતા સુબાહુ તથા મારીચ નામના બે રાક્ષસોનો વધ કરીને તેમને પૃથ્વી ઉપર પછાડ્યા (14).

રામચંદ્ર અને લક્ષ્મણના જીવનચક્રને પુરાણકાર આગળ વધારતાં કહે છે : ત્યાંથી વિશ્વામિત્ર સાથે બેઉ ભાઈઓ જનકરાજાના યજ્ઞમાં જવા માટે નીકળ્યા. રસ્તામાં તેમણે અહલ્યાનો ઉદ્ધાર કર્યો અને મિથિલા પહોંચ્યા ત્યાં સીતાસ્વયંવરમાં શંકરના ધનુષ્યનો

ભંગ કર્યો અને સીતા સાથે લગ્ન કર્યું. લક્ષ્મણનું લગ્ન ઊર્મિલા સાથે થયું. ભરત અને શત્રુઘ્નનાં લગ્ન શતાનીકની બે પુત્રીઓ સાથે થયાં (15-18).

સીતાને પ્રાપ્ત કરીને અયોધ્યા જતાં પરશુરામ પર રામે જીત મેળવી અને અયોધ્યા પધાર્યા. લગ્નનાં બાર વર્ષ પછી રામના રાજ્યાભિષેકની તૈયારી વખતે કૈકેયીએ વિઘ્ન ઉત્પન્ન કર્યું. તેના વચનથી દશરથે રામચંદ્રને રાજગાદી પર બેસતાં અટકાવ્યા. સીતા અને લક્ષ્મણ સાથે રામ વનમાં ગયા (19-21).

વનમાં રામ ભરદ્વાજ મુનિના આશ્રમમાં પધાર્યા અને તે પછી ભરતને સમજાવીને અયોધ્યા પાછા મોકલ્યા. ચિત્રકૂટ પર્વત પર નિવાસ કર્યો. ત્યાંથી આગળ ચાલતાં વિરાધ નામના રાક્ષસનો નાશ કર્યો. શરભંગ, સુતીક્ષ્ણ તથા અગસ્ત્ય મુનિઓને પ્રણામ કરીને રામે ગોદાવરીના કાંઠા પર પંચવટીમાં નિવાસ કર્યો. તે સ્થળે શૂર્પણખા નામની રાક્ષસીને લક્ષ્મણે નાક વિનાની કરી મૂકી. ત્યારપછી ખર વગેરે ચૌદ હજાર રાક્ષસોનો બાણોથી નાશ કરીને દંડકારણ્યમાં નિવાસ કર્યો (22-25).

ત્યારપછી રાવણે મોકલેલા મૃગરૂપધારી મારીચના છલથી રામ મૃગને મારવા ગયા. તે વખતે લક્ષ્મણની ગેરહાજરીમાં રાવણ સીતાનું અપહરણ કરી ગયો. રામ અને લક્ષ્મણ ıથી શોક કરવા લાગ્યા. જટાયુએ સીતાની ખબર આપી. કબંધ નામના રાક્ષસને માર્યો. ત્યારપછી પંપા સરોવરના કિનારે આવ્યા ત્યાંથી માલ્યવાન પર્વત પર હનુમાન સાથે વાતચીત કરીને સુગ્રીવ સાથે મૈત્રી કરી (26-28).

વાલીનો નાશ કરીને સુગ્રીવને રાજગાદી પર બેસાડીને રામે ચોમાસું પર્વત પર પસંદ કર્યું. સુગ્રીવને બોલાવ્યો. તેણે વાનરસૈન્યને બોલાવીને જુદી જુદી દિશાઓમાં સીતાની ખબર મેળવવા માટે મોકલ્યા. હનુમાનને દક્ષિણ દિશામાં જવાની આજ્ઞા આપી. રામે પોતાની ઓળખાણવાળી વીંટી સીતાને બતાવવા કહ્યું (29-31).

તે વીંટીને લઈને પવનપુત્ર હનુમાન સમુદ્રના કિનારા પર આવ્યા. સમુદ્રને પાર કરી લંકામાં ગયા. ત્યાં વનમાં જાનકીને જોઈને રાક્ષસોનો નાશ કર્યો અને લંકાને બાળીને ત્યાંથી ઊડવાની તૈયારી કરી. રામ પાસે આવીને સીતા વિષેની હકીકત જણાવી. આ સાંભળીને રામ વાનરોનું સૈન્ય લઈને સમુદ્રતટે આવ્યા અને પેલે પાર જવા માટે સમુદ્ર પર પુલ બાંધ્યો. પોતાને શરણે આવેલા વિભીષણનો અંગીકાર કર્યો. સમુદ્ર પર પુલ બાંધીને લંકાને ઘેરો ઘાલ્યો અને રાવણ વગેરેનો નાશ કર્યો. તે પછી લંકાની રાજગાદી પર વિભીષણનો અભિષેક કર્યો (32-36).

દોષરહિત સીતાને લઈ, પુષ્પક વિમાનમાં બેસી રામ અયોધ્યામાં આવ્યા અને રાજ્યાભિષેક પછી રાજ્યનો કારભાર કરવા લાગ્યા (37).

ત્યારપછી બ્રહ્મહત્યા તથા સ્ત્રીહત્યાદિનાં પાપોથી ત્રસ્ત અને શોક કરી રહેલા રામે પોતાને ત્યાં પધારેલા ગુરુ વશિષ્ઠને કહ્યું : ''મેં અનેક બ્રહ્મરાક્ષસો તથા બ્રહ્મરાક્ષસી તાડકાને મારેલાં છે. તેથી મારું મનખિન્ન થાય છે. તો પાપોનો નાશ કરનારું કોઈ તીર્થ હોય તો કૃપા કરીને મને કહો (38-40).

આ સાંભળીને વશિષ્ઠે જવાબ આપ્યો : ''બધાં પાપોનો નાશ કરનારું તથા કણ્વ ઋષિએ સ્થાપેલું ઉત્તમ તીર્થ પાંચાલ દેશમાં છે.''[95]

આવા તીર્થનો સામાન્ય રીતે ખ્યાલ આવ્યા પછી વશિષ્ઠ તેની વિગતે વાત કરે છે અને પાપાપનોદ વન, ગોમુખી ગંગા, ત્રિનેશ્વર મહાદેવ, વગેરેનો નિર્દેશ કરે છે. અને ખાતરી આપે છે કે આપ પ્રભાસની સમીપમાં આવેલા તે તીર્થનું સેવન કરશો તો આપનાં સર્વ પાપોનો નાશ થશે અને નિર્મલ યશ મેળવશો[96] (41-44).

મુનિનાં વચનો સાંભળીને સીતા, લક્ષ્મણ, ગુરુવશિષ્ઠ તથા સૈન્ય સાથે રામ કણ્વ ઋષિના આશ્રમે ગયા. અને તે તીર્થમાં ધાર્મિક ક્રિયાઓ તથા પિતૃશ્રાદ્ધાદિક કર્યાં. બકુલાદિત્ય તથા સર્વદેવીઓનું પૂજન કર્યું અને બ્રહ્મકુંડાદિકમાં સ્નાન કરીને પાપમુક્ત થયા. અને અધિક તેજવાળા બની સોભવા લાગ્યા. તેમણે બધા લોકોના સાંભળતાં કહ્યું : ''તે સ્થળે સૌત્રામણિ નામનો યજ્ઞ કરીને, વસ્ત્રો તથા અન્ય દાનો આપીને તે સ્થળનું નામ રામતીર્થ પાડ્યું''[97] (45-50).

આ તીર્થનું મહિમાગામ કરવાની તક ઝડપી લઈને પુરાણકાર કહે છે : જે મનુષ્ય રામતીર્થમાં સ્નાન કરી, પુષ્કળ દક્ષિણા આપી પિતૃશ્રાદ્ધ કરશે તે પિતૃઋણમાંથી મુક્ત થઈને વિષ્ણુલોકમાં વાસ કરશે. રામ કહે છે કે આ તીર્થનું સેવન કરવાથી મારાં સઘળાં પાપોનો નાશ થઈ ગયેલો છે. માટે આ તીર્થ તેત્રાયુગમાં કલુષાપહ નામનથી વિખ્યાત થશે. આમ કહીને તેમણે દ્વારકાપુરી તરફ પ્રસ્થાન કર્યું. આમ પાપરહિત રામચંદ્રજી આનંદથી રાજ કરવા લાગ્યા (51-54). ત્રેતાયુગમાં હાલની દ્વારકાનું અસ્તિત્વ ન હતું. આથી અનુમાન કરવા આવે છે કે પ્રભાસથી પૂર્વમાં વીસ માઈલ દીર કોડીનારની નજીક મૂળ દ્વારકા આવેલી છે. ત્યાં રામ-સીતા વગેરેની મૂર્તિઓ મળે છે. તેથી આ દ્વારકા કોડીનાર પાસેની દ્વારકા હોવી જોઈએ. (જુઓ શ્લોક ૫ર ઉપરથી નોંધ)

હવે ભગવાન શંકર દ્વાપરમાં આ તીર્થનું નામ કાંપિલ કઈ રીતે પડ્યું તેનું વર્ણન કરે છે. પાંચાલ દેશમાં ચંદ્રવંશના પરમ ધાર્મિક, સત્યવાદી તથા પ્રજાનું પાલન કરવામાં તત્પર કપિલ નામનો એક રાજા હતો. તે દ્રુપદ રાજાનો પૂર્વજ હતો. તે દાતા, પુષ્કળ ધનવાળો અને અક્ષૌહિણી સેનાનો નાયક હતો[98] (55-57).

તે રાજા તીર્થયાત્રા કરતાં કરતાં કોઈક વખતે કલુષાપહ તીર્થમાં આવ્યો અને પાપરહિત બની આનંદિત થયો. રાજાએ તે તીર્થનું માહાત્મ્ય પોતાના ગુરુને પૂછ્યું. ગુરુએ બતાવ્યું કે આ સ્થાનનું નામ કૃતયુગમાં કણ્વાલય હતું અને ત્રેતાયુગમાં કલુષાપહ નામથી જાણીતું થયું. હે રાજા, આ તીર્થ મહાન પાપોનો નાશ કરનારું છે (58-60).

આ સાંભળીને રાજાએ કહ્યું : કૃતયુગમાં કણ્વમુનિથી કણ્વાલય નામથી પ્રસિદ્ધ થયું, ત્રેતાયુગમાં રામચંદ્રજીથી કલુષાપહ નામથી જાણીતું થયું, તો દ્વાપર યુગમાં મારા નામ વડે કાંપિલ નામથી ખ્યાતિ પામો. આ પ્રમાણે દ્વાપર યુગમાં કપિલ નામના રાજાએ પોતાના નામ પરથી તે સ્થાનનું નામ કાંપિલ પાડ્યું. તેણે લાંબા સમય સુધી રાજ્ય કર્યું (61,62).

ભગવાન શંકર કથાપ્રવાહને આગળ વધારતાં કહે છે - "હવે કલિયુગમાં તે સ્થાનનું નામ કંડુલ કેવી રીતે પડ્યું તેના વિષે હું કહું છું. પૂર્વે કોઈક વખતે કુંડ નામના મુનિનો પુત્ર કંડુલ નામનો એક બ્રાહ્મણ હતો. તે કાણો હતો. બાલ્યાવસ્થાથી જ પોતાના પિતા મરણ પામેલા હોવાથી બ્રાહ્મણવૃત્તિને બદલે ગોપાલકવૃત્તિ સ્વીકારી હતી."

જે બ્રાહ્મણને અંગે કોઈ પણ જાતની ખોટ હોય તો તે વ્યંગ બ્રાહ્મણ એ ક્રિયામાં ઉયોગી થઈ શકતો નથી. તેથી જ આ કુંડલ, ગોપાલકવૃત્તિ સ્વીકારેલી હોવી જોઈએ[99] (63-64). વ્યંગ-યાંત્રિક ખોડવાળી વ્યક્તિ યજ્ઞીય કર્મકાંડ માટે નિષિદ્ધ છે.

તે કાણો હોવાથી યજમાનોએ તેની આજીવિકા બંધ કરી દીધી, કુટુંબીઓએ પણ તેનો ત્યાગ કર્યો. પછી તેને ગોસેવા કરવાની બુદ્ધિ ઉત્પન્ન થઈ. તેથી તે કાંપિલ નગરમાં નિવાસ કરતા બ્રાહ્મણોની ગાયોને ચરાવવા માટે દિવસે વતમાં લઈ જવા લાગ્યો. ગાયોને

ચરાવીને સાંજે પાછી સોંપી દેતો. આ ગોચારણમાં ગાયોને ખજવાળવું, લીલા ઘાસવાળા પ્રદેશમાં ગાયોને ચરવા માટે લઈ જવું, જળ પાવું, છાયામાં બેસાડવી વગેરે કામોથી તે ગાયોની સેવા કરતો હતો[100] (65-67).

આ રીતે ગાયોની સેવા કરવાથી તે બ્રાહ્મણ ઉપર ગાયોને પ્રસન્ન થઈ માનુષી વાણીથી તેને કહ્યું : "અમે તારા ઉપર પ્રસન્ન થઈ છીએ. માટે તું અમારી પાસેથી વરદાન માગ. તું જે માગશે તે પ્રમાણ તારી ઈચ્છાને અમે પૂર્ણ કરીશું" (68-69).

કંડુલક વરદાન માગે છે - હે રુદ્રની માતાઓ, વસુઓની પુત્રીઓ તથા સૂર્યની બહેનો ! તમે સર્વે આ જગતના જીવનરૂપ મનાયેલી છો. વળી, તમારાથી આ સ્થાવર જંગમ જગત વ્યાપ્ત છે. અને જો તમે મારા ઉપર પ્રસન્ન થયેલ હો તો નિરંતર તમારી ભક્તિ મને પ્રાપ્ત થાઓ[101] (70-71).

ગાયો કહે છે - "અમારી કૃપાથી તારી કાયમ યાદગીરી રહે એટલા માટે આ સ્થાનનું નામ તારા નામ પરથી કંડુલ એ નામથી વિખ્યાત થશે"[103] (72).

આ પ્રમાણે વરદાન આપીને ધેનુઆ પોતપોતાના માલિકને ઘરે ગઈ અને પોતાનાં વાછરડાંને મળીને સુખી થઈ. ત્યારપછી બીજે દિવસે સવાર થતા કંડુલક મુનિ ગોમુખી ગંગામાં સ્નાન કરીને વનમાં ગાયોનું પાલન કરવા લાગ્યો. તેની સેવાના પ્રકારો હતા - ઘાસના કોળિયા આપવા, માખી વગેરે ઉડાડવાં, ખંજવાળવું વગેરે (73-75).

કોઈ એક વખતે મધ્યાહ્ન સમયે છાયામાં ગાયોની વચ્ચે મુનિ બેઠા હતા અને ગાયો વાગોળી રહી હતી ત્યારે પથ્થરોનો વરસાદ વરસાવતો, ધૂળથી અંધકાર ફેલાવતો અને વૃક્ષોનો નાશ કરતો પ્રચંડ વંટોળિયો ઉત્પન્ન થયો. તે વંટોળિયાથી છવાઈ ગયેલા

અંધકારને જોઈને કંડુલ મુનિ ગાયોને લઈને સ્વસ્થ મનથી ત્યાંથી રવાના થયા (76-78).

કથાવસ્તુને આગળ વધારતાં પુરાણકાર કહે છે - “કંડુલક ગાયોને લઈને પોતાના ગામ તરફ જતા હતા ત્યારે ઊંટ તથા ઘોડા પર સવાર થયેલા, દુષ્ટ બુદ્ધિવાળઆ, વિવિધ પ્રકારનાં આયુધોવાળા પાપિષ્ઠો, ભાલાં, બાણ તથા ફરસી સાથે ગાયોનો નાશ કરવા લાગ્યા”[104] (79-80).

ગાયોના ધણે ક્રોધમાં આવી જઈને તે દુષ્ટ લોકોનો પોતાનાં શીંગડાં વગેરેથી નાશ કરી નાખ્યા અને કંડુલક મુનિએ ગુસ્સે થઈને ગાયોના ધણને ગંભીર સ્વરથી પોતાના તરફ બોલાવ્યું. પોતે નિર્ભય બનીને દુષ્ટ લોકો પર લાકડીઓના પ્રહાર કરવા લાગ્યા. આ ઘા દુષ્ટો માટે પ્રાણઘાતક બની રહ્યા. ગોધણે કેટલાક દુષ્ટોને ચીરી નાખ્યા અને કપિલ વર્ણના એક બળદે વજની માફક તે લોકોને કાપી નાખ્યા (81-84).

આ રીતે તે દુષ્ટ લોકોની આખી ટોળીનો ગાયો તથા બળદોએ નાશ કરી નાખ્યો. પરંતુ જે કેટલાક બચી ગયા તે લોકો ઊંટ પર બેસીને ભાગવા લાગ્યા. આમ તે સ્થળે કોલાહલ થઈ ગયો. લોકોએ કઠિયારા લોકોનો પરાભવ જોયા. બિલકુલ ઈજા પામ્યા વિનાના કંડુલક મુનિ ગાયોના સમૂહને લઈને નગરમાં આવ્યા. તેમણે લોકોને બધી હકીકત કહી સંભળાવી. આથી બ્રાહ્મણો તથા વણિક લોકો તે દુષ્ટ લોકો પર ગુસ્સે થયા. તેમણે કંડુલકને ધન્યવાદ આપ્યા અને કહ્યું : “આ સાધુપુરુષ ગાયોના ધણની રક્ષા કરી છે. એ ખરેખર શૂરવીર છે. એણે એકલાએ જ ઘણા લોકોને જીતી લીધા છે. ખરેખર તે ન હોત તો શું થાત ?”[105] (86-91).

લોકો આ પ્રમાણે કહેતા હતા ત્યાં જ આકાશવાણી થઈ : "તે બ્રાહ્મણો તથા વણિકો, તમે એકાગ્રમનથી સાંભળો. બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ આ કંડુલકે ખરેખર કાંપિલનગરની ગાયોનું રક્ષણ કરેલું છે. માટે તે કંડુલક હમણાં જ તમારી દૃષ્ટિ માત્રમાં સિદ્ધ બનો. તેમજ આ બળદો તથા ગાયો પણ ખરેખર આ સ્થાન પ્રદેશમાં સિદ્ધપુર બની રહો. ગાયોના વરદાનથી તથા કપિલ નામના નગરનું રક્ષણ કરવાથી ભગવાન ત્રિનેત્રેશ્વરે તેને સિદ્ધરૂપ થવાની આજ્ઞા આપેલી છે. માટે શંકરનો આદેશ તમે સૌ ગ્રહણ કરો. કલિયુગમાં કંડુલક નામનું નગર સમૃદ્ધિથી ભરપૂર થાઓ.[106] જે મનુષ્ય આ બળદની પૂજા કરીને તથા ભગવાન ત્રિનેત્રેશ્વરની પાસે જઈને ભક્તિભાવથી પૂજા કરશે તે શિવલોકમાં જશે." આમ કહીને જેણે પોતાનું પરાક્રમ બતાવેલું છે એવો બળદ અને આકાશવાણી અન્તર્ધાન થઈ ગયાં. ગાયો તથા કંડુલક બધાં સ્વયંભૂરૂપ બની ગયાં. લોકો વિસ્મય પામીને એ સ્થાનનાં વખાણ કરવા લાગ્યા[107] (92-99).

**સમીક્ષા :**

- સત્યાદિયુગોમાં સ્થાનનગરનાં જુદાં જુદાં નામો પડવાને લગની આખ્યાધિકાઓ આ અધ્યાયમાં રજૂ કરવામાં આવી છે.
- ટૂંકમાં રામચરિત રજૂ કરવામાં આવ્યું છે.
- કપિલ નામના રાજાનું સ્થાનપ્રદેશમાં આગમન અહીં વર્ણવાયું છે.
- કંડુલક મુનિનું આખ્યાન-તેમને મળેલી સિદ્ધિનું વર્ણન અહીં છે.

# અધ્યાય-12

## સાંબકુંડ તથા મચ્છધરાનું વર્ણન

આ અધ્યાયનો આરંભ સ્કન્દના પ્રશ્નથી થાય છે -

– તે સાંબ કોણ હતા ?

– તેણે બનાવેલી સાંબ નામની નગરી (સાંબુ નગરી) કયે સ્થળે હતી ?[108] (1)

ઉપર્યુક્ત પ્રશ્નોના ઉત્તરમાં ભગવાન શંકર સાંબનું ઉપાખ્યાન રજૂ કરે છે -

વસુદેવના પુત્ર, યાદવોના અધિપતિ અને બલરામના નાનાભાઈ વિષ્ણુના અંશરૂપ જિતેન્દ્રિય શ્રીકૃષ્ણ દ્વારકામાં વાસ કરતા હતા. તેમને જાંબવતી નામની સ્ત્રીથી જન્મેલો મહાબળવાન રૂપમાં સાક્ષાત્ કામદેવ જેવો સાંબ નામનો સ્વરૂપવાન અને ગર્વિષ્ઠ પુત્ર હતો[109] (2-3).

કથાપ્રવાહને આગળ વધારતાં પુરાણકાર કહે છે - "કોઈ એક વખતે નારદમુનિ દ્વારકા પધાર્યા. તે વખતે નારદજીને સાંબ સિવાય કૃષ્ણના સર્વે પુત્રોએ નમસ્કાર કર્યા. તેથી ક્રોધ પામેલા નારદ મુનિ તત્કાળ તે સ્થળેથી ઊઠીને સાંબ પાસે ગયા અને તેને કહેવા લાગ્યા." ગોપીજનોની સાથે ક્રીડા કરી રહેલા શ્રીકૃષ્ણ મંત્રણા કરવા માટે બોલાવે છે." મુનિનાં વચનો સાંભળીને જે સ્થળે શ્રીકૃષ્ણ ગોપીજનોની સાથે ક્રીડા કરી રહ્યા હતા તે સ્થળે સાંબ જલદીથી ગયો અને દિવ્ય વનિતાઓની સાથે ક્રીડા કરી રહેલા

ભગવાનનાં દર્શન કર્યાં. તે વખતે તે સ્થળે આવેલા સાંબને મદિરાનું પાન કરવાથી મદોન્મત્ત બનેલી ગોપીઓ પૂછવા લાગી: "આ કોણ છે ? શું અહીં કામદેવ આવ્યા છે ?"[110] (4-8)

આ શબ્દો સાથે ગોપીઓ સાંબ પર પાણી ફેંકવા લાગી. તેમની આ ચેષ્ટાથી કૃષ્ણ ગુસ્સે થયા અને ગુસ્સાથી મૂર્છિત બનીને સાંબને શાપ આપતાં કહ્યું : "તું તારી માતાઓને પણ મોહ પમાડી રહ્યો છે, માટે તું કોઢિયો બની જા"[111] (9-10).

પોતાના કાર્ય માટે ખુલાસો કરતાં સાંબ કહે છે : "નારદજીના વચનથી હું તમારી પાસે આવ્યો છું. તેમના કહેવા મુજબ તમે મને સલાહસૂચના માટે બોલાવેલો છે. તમે મને શાપ શા માટે આપો છો ?"[112] (11)

આ ખુલાસાના સંદર્ભમાં ભગવાને સમાધિમાં તેનું કારણ જોયું અને કહ્યું : "ભાવિ ભાગ્યબલવશાત્ તેમજ નારદમુનિની અવજ્ઞા કરવાથી મારાથી તને ખોટી રીતે શાપ અપાઈ ગયો છે. હે કુમાર ! પ્રભાસની નજીકમાં આવેલા કણ્વઋષિએ સ્થાપેલા કાંપિલ સ્થાનમાં જઈને ત્યાં બકુલાદિત્યની આરાધના કર અને તેમ કરવાથી તું તારા મૂળ સ્વરૂપને મેળવીશ" (12,13).

ત્યારપછી ઉપર્યુક્ત અનુગ્રહ મેળવીને સાંબ સ્થાન પ્રદેશમાં આવ્યો. કોઢથી પીડિત શરીરવાળા તેને જોઈને ત્યાંના લોકો તેને કહેવા લાગ્યા : "હે કુષ્ઠી, તું અહીં રહીશ નહીં તને રક્ષકો માર મારશે."

સાંબને ત્યાંના રક્ષક લોકો રોકે છે. છતાં કણ્વાલયમાં આવેલા સારંગ પર્વત પર

જઈને બકુલાદિત્યને પ્રસન્ન કરવા માંડ્યો. તે સ્થળે તેણે સૂર્યકુંડ પર આસન બાંધ્યું, આહારનો ત્યાગ કર્યો, મૂર્તિની પ્રતિષ્ઠા કરી અને પૂજા, સ્તોત્ર વગેરે દ્વારા સૂર્યને પ્રસન્ન કરવા લાગ્યો. ત્યારપછી ભગવાન કૃષ્ણના વચનથી અલ્પકાળમાં જ પ્રસન્ન થયેલા સૂર્યે, શાપ અને વિઘ્નોથી મુક્ત થયેલા સાંબને કહ્યું : "તું નિષ્પાપ થયેલો છે. માટે શીઘ્ર તારા મૂળ સ્વરૂપને પામ" (14-18).

આગળ ચાલતાં સૂર્યે ઉમેર્યું : "તેં સેવેલો આ કુંડ સાંબકુંડના નામથી પ્રખ્યાત થાઓ અને આ સ્થળે સ્નાન કરનારા મનુષ્યો સર્વ પીડામાંથી મુક્ત થશે. સૂર્યના અનુગ્રહથી સાંબને મૂળ સ્વરૂપ પ્રાપ્ત થયું. (કોઢમુક્તિ મળી) અને તે સ્થળે પોતાના નામથી પુણ્ય આપનારી સાંબ નામની નગરી - સાંબપુરી-ની સ્થાપના કરી અને દ્વારકા ગયા. અને સૂર્યનારાયણ પણ જે સ્થળે સારંગ નામનો પર્વત તથા સાંબપુર નામની નગરી છે, તે સ્થળે નિવાસ કરવા લાગ્યા" (19-21).

કથાપ્રવાહને આગળ વધારતાં ભગવાન શંકર કહે છે : "કૃતયુગમાં તે સ્થાનના દક્ષિણ ભાગમાં શૈલ નામના પર્વતના સુંદર શિખર ઉપર ચૌલક્ય નામનો રાજા નિવાસ કરતો હતો. ચંદ્રવંશમાં જન્મેલો તે રાજા પંચાલ પ્રદેશ સમાન સૌરાષ્ટ્ર પ્રદેશનું રક્ષણ કરતો હતો. પરંતુ તે રાજાએ શૈલ નામના પર્વત પર વાસ કર્યો હતો. તેથી તે પર્વત ચૌલક્ય નામથી પ્રસિદ્ધ થયો. તે પર્વત સ્થાનપ્રદેશની નજીક આવેલો છે"[113] (22-23).

અન્ય સ્થાનોની માહિતી આપતાં કહેવામાં આવ્યું છે : "તે સ્થાનની પશ્ચિમ દિશામાં મત્સ્યેન્દ્રી (મચ્છુ) નદીના કાંઠા પર મત્સ્ય નામનો ધરો છે[114] (24). આ ધરા અને નદી વિષે પૌરાણિક માહિતી આપતાં પુરાણકાર લખે છે કે પ્રાચીન સમયમાં

મહાતપસ્વી બ્રહ્મચારી જાજલિમુનિએ મચ્છુ નદીમાં આવેલા મચ્છુ નામના ધરામાં પ્રવેશ કર્યો. તે મુનિને જોઈને તે સ્થળે રહેલો મચ્છ પોતાનાં પુત્રપૌત્રાદિક પરિવાર સાથે તે મુનિ પાસે આવ્યો. તેને જોઈને મુનિ વિચાર કરવા લાગ્યા કે આ મચ્છ પરિવાર સહિત હોવાને લીધે કેટલો સુખી છે ? તેમની આ વિચારધારાને શબ્દબદ્ધ કરતાં પુરાણકાર કહે છે : "બધા આશ્રમો કરતાં ગૃહસ્થાશ્રમ કેટલો શ્રેષ્ઠ છે ? આ ગૃહસ્થાશ્રમની દેવતાઓ, પિતૃઓ તથા મનુષ્યો તથા નિરંતર કામના કરતા રહે છે. માટે ગૃહસ્થાશ્રમથી અધિક મોક્ષનું સુખ આપનાર બીજા એકેય આશ્રમ નથી. આ આશ્રમમાંથી પ્રાપ્ત થયેલા સંતાનો પોતાનાં પૂર્વજોનો ઉદ્ધાર કરે છે"[115] (28-29).

આ વિચાર સાથે તે સંકલ્પ કરે છે : "હું પણ આ જળમાંથી બહાર નીકળીને કોઈ કન્યાની પ્રાપ્તિ કરું અને પુત્રપૌત્રાદિકનું સુખ જેમાં રહેલું છે, તેવો ગૃહસ્થાશ્રમ ભોગવું. અને આ મત્સ્યની માફક પુત્રપૌત્રાદિકથી વીંટળાઈને પૃથ્વી પર ગૃહસ્થાશ્રમનો ઉપભોગ કરું"[116] (30-32).

આ રીતનો સંકલ્પ કરીને, શરીર પર શેવાળવાળા અને વૃદ્ધત્વને લીધે જેનાં હાડકાં, ચામડી અને નસો સ્પષ્ટ દેખાઈ રહ્યાં હતાં તેવા જાજલિમુનિ પાણીમાંથી બહાર નીકળ્યા અને કન્યા વિષે વિચાર કરવા લાગ્યા. તેમણએ સમાધિમાં માંધાતા રાજાને જોયો. અને તેની પચાસ કન્યાઓમાંથી એકની માગણી કરવાનો નિર્ધાર કરી મુનિ રાજા પાસે ગયા (33,34).

રાજાએ પણ મુનિની પૂજા કરી અને હર્ષભેર કહેવા લાગ્યો : "મહારાજ, આપ માર ત્યાં પધાર્યા તેથી હું ધન્ય બની ગયો છું. મારે ત્યાં આપના પધારવાનું કારણ શું

છે ? તે કહો, જેથી હું એ કાર્ય જલદીથી કરું ?''[117] (35).

જાજલિ ઋષિએ જવાબ આપ્યો :

''હે રાજા ગૃહસ્થાશ્રમની ઈચ્છાથી તારે પાસે હું કન્યાની માગણી કરવા આવ્યો છું. તેથી તારી પચાસ કન્યાઓમાંથી એક કન્યા મને આપીને મારી ઈચ્છા પૂર્ણ કર'' (36)

તારી ઘણી બધી કન્યાઓ છે, તેમાંથી તું મન એક આપ[118] (36-37अ).

ઋષિની આ માગણીથી રાજા કેવો ધર્મસંકટમાં મુકાઈ ગયો તે બતાવતાં પુરાણકાર કહે છે : ''આ વખતે ખરેખર મને ધર્મસંકટ પ્રાપ્ત થયેલું છે. કેમકે વૃદ્ધ અને કદરૂપા મુનિને કન્યા આપવી યોગ્ય નથી.'' મનમાં આ વિચાર સાથે તેણે મુનિને કહ્યું : ''મહારાજ, અમારા કુટુંબનો ધર્મ છે કે કન્યા પોતાની ઈચ્છા પ્રમાણે વરને પસંદ કરે. આથી મારી કન્યાઓમાંથી જે તમને પસંદ કરે તેનું જ દાન હું તમને આપી શકું.''

મુનિરાજાની યુક્તિને પારખી ગયા તેમણે મનોમન નક્કી કર્યું : ''હું વૃદ્ધ છું તેથી એકેય કન્યા મને વરશે નહીં. માટે એક તો શું પણ પચાસેય કન્યાઓ મને પસંદ કરે એવો ઉપાય કરું.'' આ પ્રમાણે વિચાર કરીને રાજાને તેમણે કહ્યું : ''ભલે તેમ હો.'' ઋષિનાં વચન સાંભળીને રાજા ખુશ થઈ ગયા. તેણે ઋષિને કહ્યું : ''મહારાજ, કંચુકીની સાથે આપ કન્યાઓના અંતઃપુરમાં પધારો''[119] (38-41).

એ વખતે જાજલિ મુનિએ કરોડો કામદેવના સમાન સ્વરૂપ ધારણ કર્યું. અને કંકુચી સાથે અંતઃપુરમાં ગયા ત્યાં ગયા પછી કંચુકીએ કન્યાઓને કહ્યું : ''આ મહર્ષિ જો તમોને

પસંદ પડે તો તેની સાથે તમે લગ્ન કરો. રાજાજીએ એ પ્રમાણે સંદેશો કહેવડાવેલો છે. માટે તમારી ઈચ્છા પ્રમાણે કરો. કંચુકીના આ વચન સાંભળીને અને ઋષિનું સૌન્દર્ય જોઈને પરસ્પર કહેવા લાગી : "આ વરની સાથે હું વરી છું, તું વરી નથી. તેઓ અહીં આવ્યા તેની પૂર્વે મેં તેમની પસંદગી કરી લીધી હતી." આમ માંધાતા રાજાની પચાસેય પુત્રીઓએ ઋષિને વર તરીકે પસંદ કરી લીધા. મુનિ પણ હર્ષની તેમની સાથે વર્યા[120] (42-45).

ત્યારપછી આશ્ચર્યચકિત થયેલા રાજાએ તે બધી કન્યાઓ ઋષિને અર્પણ કરી દીધી. ઋષિ પણ તે પચાસેય કન્યાઓને સાથે લઈને આનંદપૂર્વક પોતાના આશ્રમે ગયા અને ત્યાં પોતાની યોગવિદ્યાથી વિશ્વકર્માને બોલાવ્યાને કહેવા લાગ્યા : "આ રાજકન્યાઓને રહેવા માટે જુદા જુદા મહેલો બાંધી આપો"[121] (46-48अ).

ઋષિના વચન સાંભળીને વિશ્વકર્માએ જુદા જુદા સેંકડો સુંદર મહેલો બાંધી આપ્યા. આ મહેલો સર્વે સંપત્તિઓ અને સુવર્ણ તથા રત્નાદિથી શોભતા હતા. તેમાં રાજકન્યાઓને રાખીને મુનિ ગૃહસ્થાશ્રમમાં અતૃપ્તિ બતાવતા તેમની સાથે ભોગ ભોગવવા લાગ્યા. કોઈક વખત રાજા પોતાની કન્યાઓની ખબર કાઢવા માટે મુનિના આશ્રમમાં આવ્યો. મુનિએ રાજાને આસન અર્પણ કરીને પૂજા કરી. પછી રામ સૌથી મોટી કન્યાના મહેલમાં ગયો. ક્ષેમકુશળ પૂછવામાં આવતાં મોટી કન્યાએ જણાવ્યું કે મને અત્યંત સુખ છે. આ મુનિ મારા સિવાય બીજી બહેનોને ઘરે જતાં નથી. અને જો તે મુનિને દુઃખ હોય તો જ મને દુઃખ છે. મને બીજું કોઈ દુઃખ નથી[122] (48ब -53अ).

આ રીતે માંધાતાએ પોતાની પચાસેય કન્યાઓને ત્યાં જઈને તેમની ખબર લીધી

અને રાજાએ સર્વ કન્યાઓને ત્યાં જાજલિમુનિએ જોયા. અને બધી કન્યાઓની વાણી એકસરખી જ રહી. તેથી વિસ્મય પામી મુનિને નમસ્કાર કરી રાજા પોતાની રાજધાનીમાં પાછો ફર્યો (53-ब-54).

ત્યારપછી થોડા સમય બાદ જાજલિમુનિ પુત્રપૌત્રાદિક પરિવારથી વીંટળાઈ ગયા. કોઈ એક વખતે મુનિએ મનમાં વિચાર કર્યો કે, 'મેં માત્ર મારા તપનો ગેરઉપયોગ કર્યો છે.' આ વિચાર સાથે તે નગર પરિવારને સોંપી દઈને મુનિ એકદમ ત્યાંથી રવાના થઈ ગયા (55-56).

અને સ્ત્રીઓ સાથે વનમાં ગયા અને પરબ્રહ્મનું ધ્યાન ધરી તપસ્યા કરીને સ્વર્ગમાં ગયા. તે દિવસથી માંડીને મચ્છુ નદીમાં આવેલા તે ધરાનું નામ મત્સ્યહ્રદ પડેલું છે. તેમાં સ્નાન કરવાથી મનુષ્ય પારિવારિક સુખ પામે છે[124] (57-58अ).

આ પ્રદેશની ચતુઃસીમાનું વર્ણન આગળ વધારતાં પુરાણકાર કહે છે - "તે સ્થાન પ્રદેશના ઉત્તર ભાગમાં તાલ નામનો પર્વત છે. તે પર્વત ઉપર મહાભયંકર તાલ નામનો રાક્ષસ પડેલો હતો. તેના બે પુત્રો હતા - પાતાલકેતુ અને તાલકેતુ[125] (58-59).

તાલ નામનો રાક્ષસ પર્વત પર રહીને મુનિઓને તથા પૃથ્વીને ત્રાસ આપતો હતો. તેથી ઈન્દ્રે ક્રોધથી વજ્ર વડે તેનું માથું કાપીને તેનો નાશ કર્યો. ત્યાર પછી તે સ્થળ મુનિઓના પુત્રપૌત્રાદિકને તથા લક્ષ્મીને નિવાસ કરવાનું સ્થાન બની ગયું (60-61).

ત્યાર પછી ઉપર્યુક્ત વર્ણનવાળા ઔભરિ ઋષિઓ અન્ય મુનિઓ સાથે ત્યાં નિવાસ

કરેલો હતો. તેથી તે પર્વતનું નામ તાલપર્વત પડ્યું છે. સિદ્ધો, ગંધર્વો, મુનિઓ બકુલાકથી કૃપાથી તે પર્વતનું સેવન કરીને આનંદ માણે છે[126] (62-63).

इतिश्री पद्मपुराणे कण्वकंडुचतुःसीमान्तस्थितिकथनो नाम द्वादशोऽध्यायः ।

## સમીક્ષા :

આ અધ્યાયમાં શ્રીકૃષ્ણના પુત્ર સાંબના ચરિત્રનું વર્ણન મળી આવે છે. સાંબનું નારદ સાથે અવિનયપૂર્ણ વર્તન શ્રીકૃષ્ણનો શાપ વગેરે પ્રસંગોની આસપાસ આ સ્થાનપ્રદેશના તીર્થોની વાત જોડી દેવામાં આવી છે. ખાસ કરીને સાંબકુંડ અને મચ્છુધરાની વાત પૌરાણિક રીતે વર્ણવાયેલી છે.

આ અધ્યાયનું બીજું મહત્ત્વનું વિષયવસ્તુ જાજલિમુનિનું આખ્યાન છે. તેમને ગૃહસ્થાશ્રમ ભોગવવાની લાલસા થાય છે, તેઓ માંધાતા રાજા પાસે કન્યાની માંગણી કરે છે - માંધાતા ધર્મસંકટમાં મુકાઈ જાય છે અને અંતે મુનિની ચમત્કારપૂર્ણ વિદ્યાથી કામદેવ જેવું રૂપ ધરવાથી પચાસેય કન્યાઓ તેમની પતિ તરીકે વરણી કરી છે. અંતમાં મુનિના સુખી ગૃહસ્થાશ્રમનું વર્ણન કરવામાં આવ્યું છે.

સાથે સાથે તાલ-પાતાલ દૈત્યોને આ પ્રદેશની ચતુઃસીમા સાથે પુરાણકારે જોડી છે.

• • •

# અધ્યાય-13

## યુધિષ્ઠિરે કરેલી શ્રીકૃષ્ણની સ્તુતિ

સ્થાનપ્રદેશના માહાત્મ્યનું વર્ણન આગળ વધારવા માટે ભગવાન શંકર નવા અધ્યાયનો આરંભ કરે છે પહેલાં કોઈ એક વખતે લાંબા સમય સુધી પૃથ્વી પર અનાવૃષ્ટિ થઈ હતી. તેથી તે પ્રદાશના લોકો તેનો ત્યાગ કરીને અન્યત્ર ચાલ્યા ગયા હતા. ત્યાં ઘણાં વર્ષો વ્યતીત થયા બાદ સારો વખત (સુભિક્ષિ) પ્રાપ્ત થતાં તે લોકો ફરીથી તે પ્રદેશમાં આવ્યા[127] (1-2).

ઘણા વરસો પછી પાછા ફરેલા હોવાને લીધે તેમણે જોયું કે પ્રદેશની ભૂગોળમાં ઘણા બધા ફેરફારો થઈ ગયા હતા. તે સ્થળે પોતાના રહેવાનાં સ્થળો, દેવતાઓનાં મંદિરો વગેરે કાંઈ પણ જોવામાં આવ્યું નહીં તેથી તેઓ અનુમાન કરીને ગાઢ વનમાં રહેવા લાગ્યા. તેમણે ભગવાન ત્રિનેત્રેશ્વરનું લિંગ પણ જોયું નહીં. પરંતુ એક વખત તેમણે જોયું કે કપિલ વર્ણની એક ગાયના આંચળોમાંથી દૂધ ઝરી રહ્યું હતું. તે સ્થળે ઉત્ખનન કરતાં ત્યાં દટાયેલું શિવલિંગ જોવામાં આવ્યું. ગોવાળે જળથી અભિષેક કર્યો અને બિલ્વપત્ર વગેરેથી પાર્વતીપતિનું પૂજન કર્યું[128] (3-6).

આથી ભગવાન ત્રિનેત્રેશ્વર ગોવાળ પર પ્રસન્ન થયા અને કપિલા ગાયની આજ્ઞાથી તેણે નાશ પામેલું પોતાનું સ્થાન માગ્યું. સાથે સાથે આ ભગવાનની કૃપાથી નાશ પામેલાં અનેક સ્થળો, વૈભવો તથા સમૃદ્ધિ પ્રાપ્ત થયાં (7-8).

આ સ્થળની દિવ્યતાનું વર્ણન કરતાં પુરાણકાર કહે છે કે તે સ્થળે આવેલ ત્રિનેત્રેશ્વર ગોમુખી કુંડમાં રહેલા જ્ઞાનવાન માછલાં બીજા જીવોનું ભક્ષણ કરતાં નથી. તથા જિલ્લાનંદ કુંડમાં સ્નાન કરી બકુલાર્ક અને ચામુંડા સહિત બધી દેવીઓનું પૂજન કરનાર પોતાની ઈચ્છાઓને પૂર્ણ કરી શકે છે (9-10).

હવે આ સ્થળોનું ઐતિહાસિક મહત્ત્વ દર્શાવતાં પુરાણકાર લખે છે :

કોઈક વખતે દ્રૌપદી સહિત યુધિષ્ઠિર વગેરે પાંડવોએ આ સ્થાનની યાત્રા કરી, ત્યાં દેવીઓની નજીક નિવાસ કર્યો હતો. વનવાસમાં પણ ધાર્મિક વૃત્તિથી રહીને રહી, પોતાના નિવાસને લીધે અભિર્ન ચિહ્નોથી પ્રગટ થઈ જવાય તેમ જણાતાં ત્યાંથી વૈરાટનગર ગયા હતા[129] (11-12).

આ ઐતિહાસિક ઘટનાને લગતા કેટલાક પ્રશ્નો સ્કન્દ પૂછે છે-

– તે સ્થાનપ્રદેશમાં પાંડવો ક્યારે આવ્યા હતા ?

– તેમણે તે સ્થળે કેટલો સમય વાસ કર્યો હતો ?

– તેમણે તે સ્થળે કયા ચિહ્નો કર્યા હતાં ?[130]

આ પ્રશ્નોના ઉત્તરમાં ભગવાન શંકર કહે છે -

"પાંડવોને દ્યૂત રમાડીને કૌરવોએ તેમની પાસેથી રાજ્ય હરી લીધું હતું અને તેથી તેઓ દુઃખી થઈને દ્રૌપદી સહિત પાપાપનોદ વનમાં ગયા હતા. તેમની સાથે અગ્નિહોત્રી તેમજ કુટુંબ સાથે મુનિઓ પાંડવો પ્રત્યેના પ્રેમને લીધે રહેવા લાગ્યા હતા[131] (14-15).

પાંડવોના આ વનનિાસ દરમ્યાનની ઘટનાઓ વિષે વાત કરતાં પુરાણકાર કહે છે :

તે સ્થાનમાં રહીને પાંડવોએ બકુલાદિત્યની ઉપાસના કરી અને તેમની પાસેથી સિદ્ધાન્ન આપનાર અક્ષયપાત્ર પ્રાપ્ત કર્યું. આ પાત્રની વિશેષતા એ હતી કે જયાં સુધી દ્રૌપદી તથા ધર્મરાજા જમી ન લે ત્યાં સુધી અખૂટ અન્ન તેમાં રહેતું હતું. બ્રાહ્મણો ધૌમ્ય

ઋષિ તથા સર્વ પરિવારને ભોજન કરાવી લીધા પછી બાકી રહેલું અન્ન દ્રૌપદી તથા ધર્મરાજા લેતા[132] (16-17).

આ રીતે લગભગ બાર વર્ષ અહીં પસાર કરીને તેઓ ગુપ્ત રહેવાના તેરમા વર્ષમાં ત્યાંથી રવાના થયાં.[133] તે વખતે ધૌમ્યને અગ્નિહોત્રનું કામ સોંપીને તથા સર્વ મુનિઓની અનુજ્ઞા લઈને ત્યાંથી કાંપિલ નામના અજ્ઞાત સ્થળમાં આવ્યા. ત્યાંથી તાલપર્વત ઉપર આવીને ત્યાં સામુદ્રી માતાને નમસ્કાર કર્યા અને યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણ ભગવાનની સ્તુતિ કરી.

(અહીં એક નોંધ લેવા જેવી છે કે આજે પણ સામુદ્રી માતાના મંદિર પાસે પાંડવો,દ્રૌપદી તથા કૃષ્ણની મૂર્તિઓ જોવા મળે છે) (18-20).

અહીં સ્તુતિમાં એક વસ્તુ નોંધપાત્ર છે કે તેમાં ભગવાન કૃષ્ણનાં પરંપરાગત નામો સાથે તેમની ભાગવતી લીલાનાં સૂચક નામોનો પણ સમાવેશ કરી દેવામાં આવ્યો છે.

## શ્રીકૃષ્ણના પરંપરાગત નામો :

વાસુદેવ, દ્વારકાવાસી, દેવકીસુત, નંદાનંદ, મુકુન્દ,યશોદાનંદદાયી, વસુદેવસુત, અનંતદેવ, અનંતપરાક્રમ, દેવેશ.

## ભાગવતી લીલા પર આધારિત નામો :

પૂતના વિષસ્તનવાળ, સંકટઘ્ન, યમલાર્જુનપાતી, નવનીતહર, દામાદેહ, વત્સપાલ, બ્રહ્મણઃ સંસ્તુત, ગોપહસ્ત-ગૃહીતાન્ન, કાલિયજિત્, કાલિન્દીદોષહારી, તાલીવનક્રીડાશીલ ગોપાલપાલી, ધેનુકદન, પ્રલંબઘ્ન, ગિરિમહાવ્યામદ, ઈન્દ્રકોપકર, ગોવર્ધનાત્મન્ ગોપાલ ગોવર્ધનધૃત્ શરદની રાતે ગોપીઓ સાથે રાસક્રીડા કરનાર, યોગદાયી, કેશિઘ્ન,

અઘોસુરઘાતી અક્રૂરવરદાતા, કંસચાણૂરમર્દિન્, જનની અને પિતાની પીડાને હરનાર, દત્તોગ્રસેનરાજ્ય, અધીતવિદ્યાત્મા, સાંદીપનિગુરુપુત્રદાયી, માયિન્, વિરોધિતજરાસંઘ ધૃણોમંતકાદિ, યવનવ્યાજમુચુકુંદનદાયી, સમુદ્રના કાંઠા પર વિશ્વકર્માએ બનાવેલી દ્વારકાપુરીમાં મથુરાથી લોકોને યોગબળથી લઈ જનાર, રુક્મિણી ભર્તા, જાંબવત્યધિપ, સત્યભામાધિનાથ, નરકઘ્ન, સત્યભામા માટે પારિજાતનું વૃક્ષ લાવનાર, સોળહજાર કન્યાઓથી વીંટળાઈને રહેનાર (21-36).

આ બધાં નામોનો ઉપયોગ રીને યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણની સ્તુતિ કરી ત્યારે ચતુર્ભુજસ્વરૂપ, ઘનશ્યામ તથા માળા, ચક્ર, ગદા વગેરેને ધારણ કરનાર શ્રી હરિ તે વખતે પ્રકટ થયા. તેમનાં દર્શન કરીને ધર્મરાજાએ અર્જુનને આજ્ઞા કરી કે, 'તું જલ્દીથી પાણી લાવ અને જગત્પતિના ચરણોનું પ્રક્ષાલન કર (37-35).

યુધિષ્ઠિરની આજ્ઞા, સાંભળીને તત્કાળ અર્જુન બાણથી પૃથ્વીના પડને ભેદી નાખ્યું અને પાતળમાંથી ગંગાને પ્રકટ કરી. પછી ધર્મરાજાએ પાપનો નશ કરનર ગંગાજલ વડે કૃષ્ણનાં ચરણ ધોયાં. તે વખતે ગંગા વિષ્ણુ ભગવાનના ચરણકમળમાંથી પ્રકટ થયેલ છે. તે વાત સાચી પડી ત્યારે પછી યુધિષ્ઠિરે ભગવનની પૂજા કરીને કહેવા લાગ્યા[134] (40-41).

"હે કૃષ્ણ ! વનવાસથી દુખી થયેલા અમને આપ કેમ ભૂલો જાઓ છો ? આપે તો અમારી સતત સંભાળ રાખવી જોઈએ. વનવાસનાં દુઃખો વેઠતાં અમારાં બાર વર્ષો પસાર થઈ ગયાં પરંતુ જેની ગતિવિધિ જાણવામાં ન આવી શકે તેવા અમોએ એક વર્ષ સુધી ગુપ્ત રહેવાનું છે. અમારે તે વર્ષ ક્યાં પસાર કરવું તે આપ અમને સૂચવો. મત્સ્ય વગેરે દેશો સર્વસંપત્તિ વાળા અને સુભિક્ષ છે. પરંતુ તેમાં નિવાસ કરવાથી અમે જાહેર

થઈ જઈએ માટે અમારે ગુપ્ત કયે સ્થળે રહેવું તે અમોને બતાવો (42-44).

આ વિષે માર્ગદર્શન આપતાં શ્રીકૃષ્ણ કહે છે – મત્સ્યદેશનો રાજા વિરાટ ધાર્મિક વૃત્તિનો છે અને વિદ્યા કર્મ તથા યશુ યુક્ત છે. માટે તમે ત્યાં એક વર્ષ વાસ કરો[135] (45). આગળ ચલતાં પાંડવોએ જે સ્થળે નિવાસ કરેલો હતો. તે સ્થળનું માહાત્મ્ય વધારવા માટે શ્રીકૃષ્ણ ઉમેરે છે – "આ સ્થળે તમારે વરદાન પનાર ગણપતિની સ્તુતિ કરવી કેમ કે તેમની કૃપાથી તમે એક વર્ષ સુખેથી પસાર કરી શકશો. વળી આ સ્થળે અર્જુન પોતાના બાણ વડે ગંગાને પાતાળમાંથી લઈ આવેલ છે. માટે તેનો જલપ્રવાહ બાણગંગા નામથી પ્રસિદ્ધ થશે. અહીં સ્નાન કરનારા મનુષ્યો પાપમુક્ત થઈને વિષ્ણુપદન પ્રાપ્ત કરશે. જે મનુષ્યો આ સ્થળે વિધિપૂર્વક શ્રાદ્ધ કરશે તેમનાં પિતૃઓને અક્ષય તૃપ્તિ મળશે અને પ્રેતનો મોક્ષ યશ વળી તમે આ સ્થળે મારા પગ ધોયેલા છે માટે આ સ્થળ "વિષ્ણુપદ" નામે વિખ્યાત થશે. અહીં શ્રાદ્ધ કરવાથી ગયા શ્રાદ્ધ સમાન તૃપ્તિ પિતૃઓને મળશે" (46-52).

આગળ સૂચના આપતાં શ્રીકૃષ્ણ કહે છે –

ગણપતિની કૃપાથી તમે લોકો અહીં એક માસ સુધી નિવાસ કરો અને ત્યાર પછી વિરાટનગર જાઓ. તેમ કરવાથી તમે સુખપૂર્વક રહી શકશો. સાથે સથે કાંપિલનગરની યાત્રા તથા સામુદ્રીનું પૂજન કરવાથી નિષ્પાપ બનીને તમે સુખેથી એક વર્ષ સુધી ગુપ્ત રહી શકશો. આમ કહીને શ્રીકૃષ્ણ અંતર્ધાન થયા પછી યુધિષ્ઠિર ગણપતિનું ધ્યાન ધરીને સ્તુતિ કરવા લાગ્યા (53-55).

યુધિષ્ઠિરે કરેલી ગણપતિની સ્તુતિની કેટલીક લાક્ષણિકતાઓ આ પુરાણકારની

વ્યક્તિગત છે. તેથી પાદટીપમાં એના ચારેય શ્લોકો યથાવત ઉતાર્યા છે. તેમાં ગણેશનાં પરંપરાગત નામો અને વિશેષણોનો સમન્વય સાધવામાં આવ્ય છે[136] (13.56-59).

આ સ્તુતિ સાંભળીને ગણપતિ તે સ્થળે પ્રકટ થયા અને પાંડવોને કહેવા લાગ્યા - "મારી કૃપા વડે તમે ગુપ્ત રીતે સુખેથી એક વર્ષ પસાર કરી શકશો." આગળ ચાલતાં તેમણે ઉમેર્યું : "જે લોકો ભક્તિભાવથી મારું તથા આશ્વિન માસમાં નવરાત્રિ દરમિયાન ચામુંડા વગેરે દેવીઓનું પૂજન તથા ઉત્સવ કરશે તે લોકો ઇચ્છિત ફળ મેવશે અને મારી કૃપાથી બધી કામનાઓને પૂરી કરશે. વળી જે બ્રાહ્મણો બ્રહ્મકુંડના જલમાં સ્નાન કરીને અને બ્રહ્મશાળામાં વેદ-પાઠ કરશે તેઓ બ્રહ્મસ્વરુપ થશે. વળી કાર્તિકેશ એવા મારી તથા ચામુંડાદેવીની જે કાર્તિક માસમાં ગંધ, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય વગેરેથી જે પૂજા કરશે તે અંતે સ્વર્ગમાં જશે[137] (60-64).

પૌરાણિક પરંપરાનુસાર ગણશપણ કણ્વમુનિએ સ્થાપેલા સ્થાનનું માહાત્મ્ય દર્શાવે છે.

- યાત્રી ઇચ્છિત ફળ મેળવશે.
- શ્રવણ કરનાર પાપમુક્ત થશે.
- ભક્તની ઇચ્છાપૂર્તિ થશે.
- પુત્રેચ્છાવાળાને પુત્રપ્રાપ્તિ થશે
- ધનેચ્છા વાળાને ધનપ્રાપ્તિ તથા ભયમુક્તિ થશે
- ગ્રહાદિકની પીડામાંથી મુક્તિ મળશે.
- વાચકને સુવર્ણ, વસ્ત્ર, ગાય વગેરેની પ્રાપ્તિ અને અક્ષય ફળ પ્રાપ્તિ થશે.

આ પ્રકારનું દાન કરવાથી બકુલાર્ક તથા ત્રિનેત્રેશ્વર તથા ચંડિકા પ્રસન્ન થાય છે. (65-71)

આ અધ્યાયની સમાપ્તિ કરતાં ભગવાન શંકર કહે છે –

"આ રીતે સ્થાનપ્રદેશમાં બ્રાહ્મણો તથા વણિકોને સ્થાપવાની વ્યવસ્થા ચાલતી હતી, ત્યારે કણ્વમુનિએ પ્રીતિપૂર્વક બારોટે (વંશવક્તૃન્) કહેવા માંડ્યું - "હે બારોટો, તમે આ બ્રાહ્મણો તથા વૈશ્યોનાં નિર્મળ ચરિત્રો, સારાં કાર્યો, ગોત્ર, પ્રવર, શાખા વગેરેના વિભાગ સુંદર ગ્રંથોમાં લખીને તેમના શુભયશનો વિસ્તાર કરો[138] (72-74).

બારોટોના આ પ્રકારના કાર્યથી સમાજ હિત કઈ રીતે સધારો તેનો નિર્દેશ કરતાં આ પુરાણનાં કર્તા લખે છે. "આથી કરીને તેઓ પોતાના ગોત્રોમાં તથા અન્ય બીજી જાતિમાં પોતાના ધર્મનું પાલન કરતા રહીને કન્યાઓની આપ-લે ન કરે[139] (75).

બારોટોને આ સૂચના આપ્યા પછી કણ્વમુનિ પેલા બ્રાહ્મણો તથા વણિકોને ભલામણ કરે છે –

"આજથી શરૂ કરીને તમારાં ગોત્રો, પ્રવરો તથા પૂર્વજોનાં શુભાશુભ ચરિત્રો તથા તમારી પ્રજાનો વિસ્તાર વગેરે તમને સંભળાવીને બારોટો તમને ઇતિહાસ પૂરો પાડશે. તમે તેમનાં વચનો પર દૃઢ વિશ્વાસ રાખજો અને પોતાનાં ગોત્રીઓનો ત્યાગ કરીને અન્ય ગોત્રવાળાઓમાં કન્યાની આપ-લે કરજો. બારોટોની ભક્તિભાવથી પૂજા-આગતા સ્વાગતા કરજો અને તેમના વાચન દ્વારા કુળનું ગૌરવ જાળવજો[140] (76-80).

આગળ ભલામણ કરતાં કહ્યું છે : "તેમનાં બાળકોનું અને વંશપરંપરાનું પાલન કરજો. આમ કરવાથી તમે સમૃદ્ધ અને સુખી થશો.[141]

इतिश्री स्कन्दपुराणे कण्वकण्डुलोपाख्याने पांडवविराटगमनफलश्रुतिवर्णनो नाम त्रयादशो ध्यायः ॥

**સમીક્ષા :**

આ અધ્યાયમાં યુધિષ્ઠિરે કરેલી કૃષ્ણની સ્તુતિ રજૂ કરવામાં આવી છે.

- સામુદ્રી દેવીની નજીકમાં પાંડવોના નિવાસનું આલેખન કરવામાં આવ્યું છે.
- બકુલાર્ક પાસેથી અક્ષયપાત્રની પ્રાપ્તિ પાંડવોને થાય છે તેનું આલેખન.
- શ્રીકૃષ્ણ પાંડવો પાસે પધારે છે અને બાણગંગાનું પ્રાક્ટ્ય વર્ણવાયું છે.
- યુધિષ્ઠિર ગુપ્તવાસ માટે શ્રીકૃષ્ણની સલાહ માગે છે કૃષ્ણ તેમને વિરાટદેશમાં જવા ભલામણ કરે છે.
- યુધિષ્ઠિર ગણેશની સ્તુતિ કરે છે.
- ગણેશ તીર્થોનું માહાત્મ્ય દર્શાવે છે.
- બરોટની વ્યવસ્થા બનાવાઈ છે.

અહીં બારોટો વિષે જે ઉદ્‌ગારો કાઢવામાં આવ્યા છે, તેથી એમ લાગ્યા વિના રહેતું નથી કે આ ગ્રંથનો કર્તા કોઈક બારોટ હોવો જોઈએ.

• • •

# અધ્યાય-14

## કપોલ તથા સોરઠિયાના વિભાગો

આ અધ્યાયનો પ્રારંભ થાય છે સ્કન્દના પ્રશ્નથી આ પ્રશ્નો છે –

– ચંદ્ર વગેરે લોકપાલો હોવા છતાં કણ્વ ઋષિએ
  સૂર્યની શા માટે સાક્ષીરૂપે સ્થપના કરી ?

– હનુમાને તે વનમાં બ્રહ્માના દૂત રૂપે આવીને
  કણ્વમુનિના કાર્યની સિદ્ધિ કેવી રીતે કરી ?[142] (1-2)

આ પ્રશ્નોના જવાબમાં ભગવાન શંકર બતાવે છે –

"પહેલાં કોઈ એક વખતે કણ્વમુનિએ સૂર્યની આરાધના કરી હતી. તેથી સૂર્યની કૃપાથી તેમણે સર્વ વિદ્યાઓ કરી હતી. તેથી સૂર્યની કૃપાથી તેમણે સર્વ વિદ્યાઓ પ્રાપ્ત કરી હતી. આમ સૂર્ય તેમના ગુરુ થયા. અને ગુરુ જ ઈષ્ટદેવ બની ગયા. ઋષિ તેમને શરણે ગયા. બ્રહ્માના વચનથી હનુમાને તે મુનિનું દાસત્વ કર્યું.

હનુમાન બાલ્યાવસ્થામાં કૌતુક પામીને સૂર્યને પકડવા તેની પાછળ દોડ્યા, તે વેળાએ ઈન્દ્રે વજ્રનો પ્રહાર કરીને તેમને પૃથ્વી ઉપર ફેંકી દીધા હતા. પોતાના પુત્રની આવી સ્થિતિ જોઈન વાયુદેવ એકદમ ગુસ્સે થયા. તેથી બ્રહ્માએ ત્યાં આવીને હનુમાન વિષે કહેવા માંડ્યું, "આ મહા બળવાન વાનરોનો રાજા હનુમાન કણ્વ મુનિના સ્થાનની સ્થાપના કરવાના કામમાં મદદરૂપ થશે અને તેમનું દૌત્ય કરશે. તે મહર્ષિની બધી

ઇચ્છઓની પૂર્તિ કરશે''. માટે જ હનુમાને બ્રહ્માના વચનથી કણ્વ મુનિનું દૂતકર્મ કરેલું છે[143] (3-9).

હવે વણિકજનોની વાત આગળ ચલાવતાં પુરાણકાર બતાવે છે કે તે લોકોએ શા માટે યજ્ઞોપવીત ધારણ કર્યું હતું ? બ્રાહ્મણો, વેદો અને ગાયો બ્રહ્માના મુખમાંથી ક્ષત્રિયો બાહુમાંથી, વૈશ્યો સાથળમાંથી, શૂદ્રો પગમાંથી,પગના આગલા ભાગમાંથી પ્રકૃતિ વગેરે ખોળામાંથી નારદ અને મનથી સનકાદિ ઋષિઓ ઉત્પન્ન થયેલાં છે[144] (10-12).

કણ્વ ઋષિને આપેલા પોતાના વચનને પૂર્ણ કરવા માટે બ્રહ્માએ આનંદપૂર્વક આ વણિકોનો મનમાંથી ઉત્પન્ન કર્યા[145] (13).

વણિકોના ઇતિહાસનું વર્ણન આગળ વધારતાં પુરાણકાર કહે છે - ''પહેલાં બ્રહ્માએ તે વણિકોને 'સૌરાષ્ટ્ર વણિક' (સોરઠિયા) એવી સંજ્ઞા આપેલી હતી. ત્યાર પછી કણ્વે કરેલી સ્થપનથી તેઓ 'પ્રાગ્વાટ' કહેવાયા[146] (14-15અ). આ સોરઠિયા વણિકોના ગુણધર્મોનો નિર્દેશ કરતાં પુરાણકાર લખે છે કે બ્રાહ્મણો, દેવતાઓ અને ગુરુની ભક્તિ કરનારા તેમજ દયાળુ હતા[147] (15બ).

હવે કપોલ વણિકો વિષે પુરાણકાર કહે છે - ''ગાલવ મુનિના શિષ્યો એ કાનમાં તેજસ્વી કુંડલો પહેરેલાં હતાં. તેમને કણ્વ ઋષિએ 'ગાલવ મુનિના શિષ્યો' એમ કહીને જુદી જુદી પંક્તિમાં મૂકેલા હતા. તેથી તેઓ 'કપોળ' નામથી ઓળખાયા[148] (16).

વણિકજનોના આ ઇતિહાસ પછી એક નવા વિષયની ચર્ચા શરૂ કરતાં સ્કન્દ નિમ્નલિખિત પ્રશ્નો કરે છે.

– તે મહામુનિએ શા માટે નીલ વૃષોત્સર્ગ કર્યો હતો ?

– વૃષ (વાછરડો) ક્યાંથી લાવવામાં આવ્યો હતો ?

– વાછરડીઓ ક્યાંથી લાવવામાં આવી હતી ?[149] (17)

ઉપર્યુક્ત પ્રશ્નોના ઉત્તર વિગતે આપતાં ભગવાન શંકર કહે છે - જ્યારે દક્ષ પ્રજાપતિની કન્યા સતીએ દક્ષના યજ્ઞમાં પોતાના દેહનો ત્યાગ કર્યો, તે વખતે કામથી મોહિત થયેલો હું આખી પૃથ્વી પર ફરવા લાયો અને કામદેવ જેવું રૂપ ધારણ કરીને દિગંબર અવસ્થામાં મુનિઓના આશ્રમમાં ફરવા લાગ્યો અને તેમની સ્ત્રીઓને મોહ પમાડવા લાગ્યો. તે સ્ત્રીઓને મારી પાછળ પાછળ આવતી જોઈને તે ઋષિઓએ ગુસ્સો કરીને શાપથી મારું લિંગ કાપી નાખ્યું[150] (18-20).

વાર્તાતંતુને આગળ વધારતાં ભગવાન શંકર કહે છે - 'ત્યાર પછી હું ગોલોકમાં ગાયોને શરણે ગયો અને છુપાઈને તેમની વચમાં રહેવા લાગ્યો. અંતે ગાયોએ પ્રસન્ન થઈને પોતાની વચ્ચે રહેવાની છૂટ આપી. મારો ઉદ્ધાર કર્યો. હું ત્યાં નીલ બળદરૂપે રહેવા લાગ્યો (21).

આ રીતે જગતને ઈશ્વર વિનાનું તેમજ નાશ પામતું જોઈને દેવો બ્રહ્માને શરણે ગયા. પછી બ્રહ્મા તે દેવતાઓને સાથે લઈને ઋષિઓ પાસે ગયા. બ્રહ્મા વગેરે દેવોએ ઋષિઓની સ્તુતિ કરી. તે વખતે સમાધિમાં મારી તપાસ કરી, 'તે વખતે ગાયો સાથે ગોલોકમાં ક્રીડા કરતો  હું તેમના જોવામાં આવ્યો. તેથી બ્રહ્મા વગેરે દેવતાઓને સાથે લઈને તે બધા ગોલોકમાં આવ્યા અને મારી સ્તુતિ કરી મને પ્રસન્ન કરવાનો પ્રયત્ન કરવા લાગ્યા. ગાયોની વચ્ચે ક્રીડા કરતા નીલ સ્વરૂપવાળા મને જોઈને દેવો તથા મુનિઓએ મને પ્રણામ કર્યા (22-24).

નીલ વૃષનું વર્ણન કરતાં પુરાણકર કહે છે : "જે બળદ લાલ રંગનો, પુચ્છભાગે તથા મુખે પાંડુ અને ખરી તથા શીંગડાના ભાગમાં સફેદ વર્ણવાળો હોય તેને નીલવૃષ કહેવામાં આવે છે." સફેદ રંગનો શરીરમાં પીળા ડાઘાવાળા, મુખ ભાગમાં લાલ તથા શીંગડાં અને ખરીઓના ભાગમાં કપિલ વર્ણવાળો હોય તેને પણ નીલવૃષ કહેવામાં આવે છે[151] (25-26).

ડાબી બાજુએ ચક્ર તેમજ જમણી બાજુએ ત્રિશૂળનું ચિહ્ન જોઈને ગાયોની વચ્ચે મને જોઈને મુનિઓએ મારો ઉદ્ધાર કર્યો અને શાપમાંથી મુક્ત કર્યો. અને આ પ્રમાણે કહેવા લાગ્યા. "હવે પછી જે મનુષ્ય પૃથ્વી ઉપર નીલવૃષભનાં વાછડી સાથે લગ્ન કરી તેમને છૂટાં મૂકશે તો તેના પુણ્યથી તેનાં પિતૃઓને અક્ષય સુખ મળશે અને તે મનુષ્ય પોતે ભાગ્યશાળી ગણાશે. વળી જે મનુષ્ય મરણ પામેલા પોતાના કુટુંબીઓના એકાદશાહને દિવસે (અગિયારમાની ક્રિયાના દિવસે) વાછડા વાછડીના ઉત્સર્ગ કરશે નહીં તો મરણ પામેલા મનુષ્યનો પછીથી સેંકડો શ્રાદ્ધો કરવાથી પણ પ્રેતપણામાંથી ઉદ્ધાર થશે નહીં." ઉપર્યુક્ત વ્યવસ્થા કરીને ઋષિઓ તથા બ્રહ્મા વગેરે દેવતાઓ પોતપોતના સ્થાને ગયા (27-30 अ).

આગળ ચાલતાં ભગવાન શંકર પેલા સિંગ અને વીર્ય વિષે માહિતી આપતાં કહે છે -

"પેલા ઋષિઓએ પાત્ કરેલું જે લિંગ તે ત્યારથી અમરકંટક નામનું લિંગ થયું અને તેનું વીર્ય તે નર્મદા નદી થઈ"[152] (30-अ).

વાતને આગળ વધારતાં ભગવાન શંકર કહે છે – " પછી કણ્વે મારી સ્તુતિ

કરી અને હું (નીલવૃષ) ગાયો તથા વાછરડીઓ સહિત યજ્ઞશાળામાં ગયો. કર્મકાંડીઓમાં શ્રેષ્ઠ તે મુનિએ નીલવૃષનો વાછરડીઓ સાથે વિવાહ કરીને વનપ્રદેશમાં તેને છોડી મૂક્યો (31-32).

આ પરથી સ્કન્દ પ્રશ્ન પૂછે છે -

"મુનિઓએ પહેલાં જે નીલવૃષને છોડી મૂક્યો હતો તે જ નીલવૃષને જાણતા હતા છતાં ય કણ્વમુનિએ ફરીથી તેનો વિવાહ (ઉત્સર્જ) શા માટે કર્યો ?[153] (33)

આ પ્રશ્નનો ઉત્તર આપતાં ભગવાન શંકર કહે છે : "ઋષિઓ પોતાની ભાર્યાઓનું પ્રતારણા કરતો મને જોઈને ક્રોધથી આકુળવ્યાકુળ બની ગયા હતા અને તેથી મને ત્રણ રંગવાળો બળદ બનાવી મને ત્યાંથી કાઢી મૂક્યો. ત્યાર પછી તે નીલવૃષની સ્તુતિ કરીને મહામુનિ પોતાને ત્યાં લઈ આવ્યા અને ચાર વાછડીઓ સાથે નીલોદ્વાહ કર્યો. છતાં પણ પહેલાંના રોષને લીધે ઋષિઓએ તે વખતે તે વૃષને ત્રિશૂળ, ચક્ર વગેરેનું ચિહ્ન કરીને શ્રદ્ધા વિના જ તેનો ઉત્સર્ગ કર્યો એવી રીતે શ્રદ્ધ વિના તેનો ઉત્સર્ગ કર્યો તેથી તે અનુત્સર્ગ કહેવાયો (34-36).

આ સંદર્ભમાં પોતાનો પરિચય આગળ વધારતાં ભગવાન કહે છે : "વિશ્વ જેને ગાય રૂપ છે વિશ્વ જેનાં ચક્ષુરૂપ છે, વિશ્વ જેનું સ્વરૂપ છે તથ જે નિરંજન, નિરાકાર છે એવો ઉત્સર્ગ થયા છતાં ઉત્સર્ગ નહીં થયેલો હું પોતે જ છું"[154] (37).

તે છતાંય તે ત્રણ સ્વરૂપવાળા અને એક વખત જેનો ઉત્સર્ગ થયેલો છે, છતાં પણ કપિલ તેમજ તે નીલવૃષનો આનંદ હૃદયથી કણ્વ મુનિએ ઉત્સર્ગ કર્યો. ત્યાર પછી તે નીલવૃષ ગાયોની સાથે વનમાં ફરવા લાગ્યો અને તે સ્વયંભૂ કેવી રીતે થયો તે કહું છું (38-39).

"પહેલાંના વખતમાં કૃતયુગના અંત ભાગમાં ધર્મનામના કોઇ એક ચારણ હતા. ધાર્મિક વૃત્તિવાળા તે ખરાબ સ્વભાવવાળા કઠિયારા લોકોની વચ્ચે નિવાસ કરતા હતા[155] (40).

આ કઠિયારા લોકોનો રસિક પૌરાણિક ઇતિહાસ રજૂ કરતાં પુરાણકાર લખે છે - "તે કઠિયારા લોકો મુનિઓ મંથન કરેલા વેન રાજાના દેહમાંથી પાપરૂપે ઉત્પન્ન થયેલા હતા. અને તેથી તેઓ ધર્મથી રહિત, પાપિષ્ઠ, શક જાતિના ગણાતા હતા. તે લોકો વેનના શરીરમાંથી કાષ્ઠની માફક ઉત્પન્ન થયેલા હતા. તેથી તેઓ પશ્ચિમ સમુદ્રના કાંઠા પર નિવાસ કરનારા પાપિષ્ઠ કઠિયાર તરીકે ઓળખાતા હતા[156] (41-42).

તેવા લોકોની વચ્ચે આ ધાર્મિક ચારણ રહેતો હતો.

છતાં તે સંગદોષથી રહિત હતો અને વિષ્ણુની ભક્તિમાં મગ્ન રહેતો હતો. તે વિષ્ણુ ભગવાનનું જ ગાન કર્યા કરતો હતો. તે કઠિયારા તે ચારણને ભગવત્પરાયણ માનતા ન હતા. તેના ગાનને સાંભળતા ન હતા. તેને કાંઈ પણ આપતા પણ ન હતા[157] (43-44).

'તે ચારણ છે,' એમ માનીને કઠિયારા તેને મારી નાખતા ન હતા. આવી સ્થિતિમાં તે નિર્ધન અને પશુ વગરનો છતાં પણ સદ્બુદ્ધિવાળો હોવાને લીધે પાપીઓની વચ્ચે ખૂબ કષ્ટથી રહેતો હતો. કોઈ એક વખતે તે ચારણ ચૈત્રમાસમાં યાત્રા માટે કણ્વાશ્રમમાં આવ્યો અને ત્યાં તેણે બકુલાર્ક, ત્રિનેત્રેશ્વર તથા અન્ય દેવતાઓનાં દર્શન કર્યા. ત્યાંના તીર્થોમાં સ્નાન કરીને શ્રદ્ધા વડે તેણે દેવતાઓનું પૂજન કર્યું, દેવોની સ્તુતિ કરી. તે કોઇક વખત ગાન કરતો હતો અને કોઇક વખત નાચી લેતો હતો (47-48).

આ તીર્થસ્થળોમાં આવત યાત્રિકોનો ખ્યાલ આપતાં પુરાણકાર કહે છે : “તે તીર્થોમાં વિવિધ દેશોમાંથી લોકો હાથી, ઘોડા, રથ વગેરે પર બેસીને આવતા હતા. કેટલાક પગે ચાલીને, ઉઘાડ પગે, કેટલાક ઉપવાસ કરીને, કેટલાક માળા ધારણ કરીને આવતા હતા. ચારેય વર્ણના લોકો શ્રદ્ધાથી ત્યાં એકત્ર થતા હતા. ઘરે જ નિવાસ કરતા હોય તેમ આંબાની છાયામાં નિવાસ કરી શોભતા હતા. ત્યાંના દેવતાઓનો જયજયકાર સંભળાતો હતો. સંગીતમાં તેઓ શંખ, દુંદુભિ, વેણુ, વીણા વગેરેનો ઉપયોગ કરતા હતા (49-54).

કણ્વાલયમાં આવતા યાત્રિકોના સંઘો વિષે વાત કરતાં પુરાણકાર એક સંઘપતિ અને સંઘના અન્ય સદસ્યોનું સુંદર શબ્દચિત્ર રજૂ કરે છે –

સંઘનો અધિપતિ દાનવીરો તથા લોકસમૂહથી ઘેરાયેલો રહેતો હતો. તે સેના સાથે ચાલી રહેલા રાજા જેમ શોભતો હતો. લોકોને તે રસ્તામાં આરામ કરાવતો હતો. જ્યાં જ્યાં વિસામો લેવામાં આવતો ત્યાં ત્યાં વિવિધ મિષ્ટાન્નોથી સદસ્યોને તૃપ્ત કરતો હતો. અર્થીઓને તેમની ઇચ્છા પ્રમાણે ધનવસ્ત્રાદિક આપતો હતો. આમ તે જાણે કે ચક્રવર્તી હોય એમ વર્તતો હતો. અન્ય ગૃહસ્થ સદસ્યો શુદ્ધ મન તથા પુષ્કળ દાન આપવાને લીધે રાજાની જેમ શોભતા હતા. ચારણો, બંદીઓ તથા ગંધર્વો તે સંઘપતિની સ્તુતિ કરતા હતા[158] (55-59).

કણ્વપુરીમાં આવતા યાત્રિકો કયા સમયે આવતા, પૂજામાં કઈ સામગ્રીનો ઉપયોગ કરતા, અન્ય કઈ ધાર્મિક વિધિઓ કરતા તેની વાત કરતાં પુરાણકાર કહે છે –

“યાત્રિકો કણ્વાલયની યાત્રા ચૈત્ર તથા ભાદ્રપદ માસમાં કરે છે. ધૂપ, દીપ, નૈવેદ્ય, વસ્ત્ર, અલંકાર તથા રત્નાદિ સામગ્રી વડે બકુલાર્કની પૂજા કરે છે, તે દેવને માળા પહેરાવે

છે, તોરણો વગરે બાંધે છે, પુરાણકથા સાંભળે છે, ઝિલ્લાનંદ તથા બ્રહ્મકુંડમાં સ્નાન કરીને, ગૌમુખી ગંગામાં શ્રાદ્ધ કરીને, પાપરહિત બનીને શોભે છે (60-63).

ગોમુખી ગંગા અને ગૌતમ તીર્થની ઉત્પત્તિ વિષે વાત કરતાં પુરાણકાર કહે છે –

"જે સ્થળે પૃથ્વીને ભેદીને ગોમુખી ગંગા પ્રકટ થયેલ અને ગૌતમમુનિએ તેની ઉપાસના કરેલી છે તે ગૌતમતીર્થ કહેવાય છે"[159] (64).

આ ગોમુખી ગંગા અને ગૌતમતીર્થ સાથે ગૌતમ ઋષિનો સંબંધ દર્શાવતાં પુરામકાર નિર્દેશ કરે છે -

જ્યારે ગૌતમઋષિનાં પત્ની અહલ્યા શિલા બની ગયાં હતાં ત્યારે ગૌતમમુનિએ આ ગંગાના કિનારા પર આવીને તીવ્ર તપ કરેલું હતું (65).

આ નિર્દેશ કરવામાં આવતાં સ્કન્દ પ્રશ્ન કરે છે –

– અહલ્યા કોનાથી દૂષિત થયેલાં હતાં ?

– તેમને શિલારૂપ થવાનું કારણ શું હતું ? અને ગૌતમ ઋષિએ શા કારણથી આ તીર્થમાં તપ કરેલું હતું ?[160] (66)

ઉપર્યુક્ત પ્રશ્નોના ઉત્તરમાં ભગવાન શંકર આ ઋષિ દમ્પતીનું ઉપાખ્યાન કહે છે–

"પહેલાં બ્રહ્માએ આનંદિત મનથી અતુલ રૂપ તેમજ લાવણ્યથી યુક્ત, સર્વ લોકોને મોહ પમાડનાર તથા કામી પુરુષોનું આકર્ષણ કરનાર એક સ્ત્રી રત્નને ઉત્પન્ન કર્યું. તેના શરીરમાં કોઈ પણ જાતની અપૂર્ણતા જોવામાં આવતી ન હતી, એવી તે સ્ત્રીને જોઈને બ્રહ્માએ તેને અહલ્યા નામથી સંબોધી[161] (67-68).

ઉપાખ્યાનના કથાવસ્તુને આગળ વધારતાં પુરાણકાર કહે છે - 'રૂપ તથા લાવણ્યથી યુક્ત અને યુવાવસ્થાના મદથી ભરપૂર તે સ્ત્રીને જોઈને વિસ્મય પામેલા બ્રહ્મા કહેવા લાગ્યા : 'હે ગૌતમ વગેરે મુનિઓ, ઈન્દ્ર વગેરે દેવો, મનુ વગેરે રાજાઓ, મારાં વચનો સાંભળો. પૃથ્વીની પ્રદક્ષિણા કરીને સૌથી પહેલાં જે કોઈ આવશે તે રૂપ અને લાવણ્યયુક્ત આ અહલ્યા સાથે પરણશે[162] (69-71).

બ્રહ્માના ઉપર્યુક્ત વચનો સાંભળીને દેવતાઓ પોતપોતાનાં વાહનો ઉપર બેસીને ઉતાવળથી અને ઉત્સાહપૂર્વક પ્રદક્ષિણા કરવા લાગ્યા. તે વખતે ગૌતમઋષિ બન્ને તરફ મુખવાળી (પ્રસૂતિ કરતી) ગાયને જોઈને તેની પ્રદક્ષિણા કરી જલદીથી બ્રહ્મા પાસે આવ્યા[163] (72-73).

પોતાના આ કાર્યને સાચું ઠરાવવા માટે ગૌતમ મુિકહે છે - 'પુરાણના જાણનાર બ્રાહ્મણો કહે છે કે પ્રસવ કરતી (વીંયાતી) ગાય જ્યાં સુધી ગર્ભનો ત્યાગ ન કરે ત્યાં સુધી તે પૃથ્વી સ્વરૂપ ગણાય છે[164] (74).

'વળી જે મનુષ્ય પ્રસવ કરતી ગાયને જોઈને તે જ વખતે તેની પ્રદક્ષિણા કરી તેનું દાન આપે છે, તો તેને પૃથ્વીનું દાન આપ્યા જેવું પુણ્ય મળે છે'. એમ મુનિઓ કહે છે. અને તેથી તે ગાયનું દાન આપનાર તથા લેનાર બન્નેનો તે ગાય ઉદ્ધાર કરે છે. યોગ્ય પાત્રને તેનુ દાન આપવાથી દાતાની એકસોએક પેઢીનો ઉદ્ધાર થાય છે.

વળી તે ગાયનું દાન જો શુદ્ધ અંતઃકરણથી અને શ્રદ્ધાપૂર્વક ખૂબ દક્ષિણા સાથે આપવામાં આવે તો તેણે કઈ વસ્તુનું દાન આપ્યું ન કહેવાય ? તદુપરાંત આવી ગાય જે સ્થળે જોવામાં આવે છે, તે સ્થળે બધા તીર્થો વાસ કરે છે. માટે મેં પ્રસવ કરતી

ગાયની પ્રદક્ષિણા કરેલી છે અને તેથી આખી પૃથ્વીની પ્રદક્ષિણા થઈ ગઈ છે. તેમાં જરા પણ શંકા નથી. માટે શરત મુજબ સૌથી પહેલાં આવેલા મારી સાથે અહલ્યાનું લગ્ન કરો અને તે ગાય પણ વિધિસર મને આપો. આમ કહીને તે બન્નેનો ગૌતમે સ્વીકાર કર્યો. આમ ન્યાયના જાણકાર, ગૌતમમુનિએ ન્યાયથી પ્રાપ્ત થયેલ તે અહલ્યાને લઈને પોતાના આશ્રમમાં આવ્યા અને પછી તેની સાથે લગ્ન કર્યાં[165] (75-81).

ઉપાખ્યાનના વિષયવસ્તુને આગળ વધારતાં કહેવામાં આવ્યું છે - "તે વખતે અહલ્યાને મેળવવા માટે ઈન્દ્ર પણ આવેલો હતો. પરંતુ તે સફળ ન થતાં મોહ પામીને કામથી પીડાા લાગ્યો અને યોગ્ય વિચાર કરીને તેને મેળવવા માટે મૂઢતાથી ગૌતમમુનિનું રૂપ લઈને તેમના આશ્રમમાં આવ્યો અને સારા વચનોથી તે નવયુવતિને છેતરીને ઈન્દ્રે તેના પર આક્રમણ કર્યું[166] (82-84).

વાર્તાપ્રવાહને આગળ વધારતાં પુરાણકાર કહે છે - 'એટલા વખતમાં મુનિ આવી પહોંચ્યા. તે વખતે ઉંબરા પાસે ઊભેલી દોષયુક્ત અહલ્યાને તેમણે જોઈ. વળી તેમણે બિલાડાનું રૂપ લઈને નાસી જતા ઈન્દ્રને જોઈને શાપ આપ્યો. "હે ઇન્દ્ર તને ધિક્કાર છે, તારે શચી વગેરે સ્ત્રીઓ છે, છતાં પણ તેં મહાન પાપનું આચરણ કર્યું છે. માટે તું હજાર છિદ્રોવાળા બની જા[167] (85-86).

ઉપર પ્રમાણે ઈન્દ્રને શાપ આપીને ક્રોધ પામેલા ગૌતમઋષિએ અહલ્યાને પણ શાપ આપ્યો કે હે દુરાચારી સ્ત્રી, તું પણ શિલા બની જા"[168] (87).

આ શાપનો પ્રતિકાર કરતાં અહલ્યા મુનિને વિનંતી કરે છે - 'હે સ્વામી, આપનું

સ્વરૂપ ધારણ કરીને આવેલા ઈન્દ્રને હું ઓળખી શકી ન હતી. તો મને શા માટે શાપ આપો છો ? મારા પર અનુગ્રહ કરો''[169] (88).

ત્યાર પછી અહલ્યાનાં વચન સાંભળીને મુનિએ ધ્યાન દોર્યું અને બધી હકીકત જાણી તેને કહ્યું, 'ત્રેતાયુગમાં રામચંદ્રજીના ચરણનો સ્પર્શ થવાને લીધે તું પાપમુક્ત થઈશ'[170] (89).

ગૌતમ ઋષિના શાપથી તેમજ પોતાના પાપને લીધે ઈન્દ્ર સહસ્રાક્ષ થયો અને ત્યાર પછી મુનિ પોતાન આશ્રમમાંથી રવાના થઈ આ પાપાપનોદ તીર્થમાં આવ્યા અને પરબ્રહ્મનું ધ્યાન ધરવા લાગ્યાં. થોડા વખતમાં ત્રિનેત્રેશ્વર પ્રસન્ન થયા અને ઋષિને વરદાન માગવા કહ્યું. મુનિએ માત્ર ભક્તિ જ માગી (90-91).

આ સાંભળીને ભગવાન ત્રિનેત્રેશ્વર કહે છે - 'હે મુનિ, તમે મારી કૃપાથી સારા વિચારશીલ, ન્યાયશાસ્ત્રના પ્રવક્તા અને શંકરની ભક્તિ કરનારા થાઓ અને તમારું આ તીર્થ ગૌતમતીર્થ નામથી પ્રખ્યાત થાઓ. જે મનુષ્ય આ સ્થળે સ્નાન કરીને મારી પૂજા કરશે તેને સિંહસ્થના ગુરુમાં ગોદાવરીમાં સ્નાન કરવાથી જે ફળ મળે તે ફળ મેળવશે. તે સ્થળે ભાદ્રપદ માસા કૃષ્ણપક્ષમાં શ્રાદ્ધ કરવાતી પિતૃઓને ગયા શ્રાદ્ધ જેટલી તૃપ્તિ મળે છે. આ સ્થળે કૌશિક ઋષિએ કુંડની બાજુમાં તપ કરીને કુંડની સ્થાપના કરેલી છે. તેથી બ્રહ્મકુંડની નજીકના તે કુંડ કૌશિકકુંડ નામે જાણીતો થશે. તે કુંડમાં સ્નાન કરવાથી મનુષ્ય પાપમુક્ત થાય છે. તેથી લોકો તે તીર્થની યાત્રા કરે છે (90-96).

હવે પુરાણકર્તા ફરીથી પેલા ચારણની વાત ચાલુ કરતાં કહે છે - ''તે નિર્ધન ચારણ તે તીર્થની યાત્રા કરીને પોતાના સ્થાનમાં પાછો આવ્યો અને થોડું ઘણું ધન મેળવીને

પોતાના કુટુંબનું ભરણપોષણ કરવા લાગ્યો. તે નિરંતર 'બકુલાર્ક' નામનું ઉચ્ચારણ કર્યા કરતો હતો. તેથી તેની સાથે રહેવાવાળા લોકો તેને પૂછતાં કે બકુલાર્ક જો તમારા દેવ હોય તો તમારી પાસે એક પણ પશુ કેમ નથી ? તે બકુલાર્ક તથા ત્રિનેત્રેશ્વર પોતાના ભક્તોને ઘણાં પશુ આપે છે. (ચારણે કહ્યું) તેમ જ છે. તો હે ચારણ ! તું તે સ્થળે જઈને પશુઓને લઈ આવ (એમ અન્ય લોકોએ તેને કહ્યું) (97-99). તે ચારણની કુટુંબકથાને આગળ વધારતાં પુરાણકાર કહે છે, 'તે ચારણની ધનિકા નામની પતિવ્રતા પત્ની હતી. દુઃખી થયેલા મનવાળી તે સ્ત્રીએ પોતાના પતિને કહ્યું, 'જો બકુલાદિત્ય પશુઓનું દાન કરતા હોય તો તે સ્થળે જઈને તેમની પૂજા કરીને પશુઓને લઈને પાછા આવો (100-101).

પોતાની પત્નીનું આ વચન સાંભળીને ક્ષુધાથી વ્યાકુલ, ધ્રૂજતો ધ્રૂજતો તે ચારણ કણ્વાલયે જવા તૈયાર થયો. માર્ગમાં તે બકુલાદિત્ય અને ત્રિનેત્રેશ્વરનું સ્મરણ કરતો રહ્યો. ઘણા દિવસે તે પેલા સ્થળે પહોંચ્યો અને બકુલાદિત્યની નજીકમાં જઈ એકદમ પૃથ્વી ઉપર પડી ગયો. ભાનમાં આવતાં તેણે ભગવાન પાસે પશુઓ માટે પ્રાર્થના કરી. તેને આ શબ્દોના ઉચ્ચાર સાથે જ ત્યાં જુદીજુદી ગાયો તથા કપિલ વૃષબ, પૃથ્વીના પડને ભેદીને પ્રકટ થયાં. કપિલ બળદ ભગવાન ત્રિનેત્રેશ્વરનું સ્મરણ કરતો હતો અને પ્રકટ થયો ત્યારે યુદ્ધની તૈયારી કરતો હોય એવો લાગતો હતો (102-106).

આના વિષે સ્પષ્ટતા કરતાં ભગવાન કહે છે - "વૃષભ સહિત ગાયોને પાછળ આવતી જોઈને તે ચારણ ઈશ્વરસ્મરણ કરવા લાગ્યો. પ્રકટ થયેલા તે વૃષભ અને ગાયો આગળ વર્ણિત ગાયો તથા બળદ હતાં. તે વખતે સિદ્ધ સ્વરુપ બની ગયેલા તે ચારણ,

વૃષભ અને ગાયોને જોઈને લોકો વિસ્મય પામ્યા (107-108). કણ્વમુનિ દ્વારા ઉત્સર્ગ પામેલો જે કપિલ બળદ હતો તે જ તે બધી ગાયોની સાથે તે વખતે ત્યાં સિદ્ધ પોઠિયા સ્વરૂપ બની ગયો. આ કારણથી પહેલાં પોઠિયાની પૂજા કરીને શંકરની પૂજા કરવાથી મનુષ્ય શિવલોકને પામે છે આ જે બળદ હતો તે ખરેખર શંભુ સ્વરૂપ જ હતો તે સ્વયંભૂપણાને પામ્યો. ત્રિનેત્રેશ્વરની પાસે રહેલા તેનાં દર્શન કરવાથી સર્વ પાપો નાશ પામે છે (109-111).

આ અધ્યાયની સમાપ્તિ કરતાં ભગવાન કહે છે - ' જેને શત્રુ તતા મિત્ર સરખા જ છે, જે રાગદ્વેષથી રહિત છે, તેવા મહાત્માઓ પોતાના આત્મા વડે સર્વમાં એક જ સરખો આત્મા વ્યાપી રહેલો છે, એમ જુએ છે. તે સર્વવ્યાપી મહેશ્વર શ્રેષ્ઠ તેજ સ્વરુપ છે, તે નિર્ગુણ છે છતાં પણ તેને ગુહ્ય આત્મસ્વરૂપને જ્ઞની આ જુદાં જુદાં સ્વરૂપોથી જોઈ શકે છે (112-114).

પરબ્રહ્મની આજ્ઞાથી બ્રહ્મજ્ઞ અને બ્રહ્મસેવા પરાયણ તે મુનિએ બ્રહ્માર્પણ બુદ્ધિથી તે સ્થાનની સ્થાપા કરી હતી. બ્રહ્મવિદ્યાના જાણકાર હોવા છતાં સર્વદેહધારી પ્રાણીઓનું કલ્યાણ કરવાની શુદ્ધ અમૃત જેવી ઈચ્છા ઉત્પન્ન થયા કરે છે. બ્રહ્માર્પણ બુદ્ધિવાળા, સત્કર્મ પર પ્રીતિવાળ યોગીજનો જલકમલવત્ પ્રાણીહિતનાં કામો કરે છે છતાં પણ તે કર્મો વિઘ્નકારક બનતાં નથી (115-117).

સમાપ્તિમાં ભગવાન કહે છે - હે સ્કન્દ, તમારા પૂછવાથી મેં તમને સ્થાનનું માહાત્મ્ય કહી સંભળાવ્યું છે. તેના શ્રવણથી મનુષ્યને પાપમુક્તિ થાય છે. અને ભગવતી સામુદ્રીની કૃપાથી તેની ઇચ્છાઓ પૂર્ણ થાય છે (118-119).

इति श्रीकुंडलापाख्याने नीलवृषोत्सर्गादिनिरूपणो नाम चतुर्दशोऽध्याय:

**સમીક્ષા :**

– આ અધ્યાયમાં બ્રહ્માએ કણ્વમુનિ માટે બ્રાહ્મણો તથા વણિકોની જે ઉત્પત્તિ કરી તેનું વર્ણન કરવામાં આવ્યું છે.

– નીલોત્સર્ગવિધિ એ આ અધ્યાયનું મૂળ કથાવસ્તુ છે. તેના અનુસંધાનમાં ઋષિઓના શાપથી શંકર બળદ થાય છે તેની વાત કહેવામાં આવી છે.

– આ જ વાતના અનુસંધાનમાં ધર્મનામના ચારણની કથા પ્રસ્તુત કરવામા આવી છે.

– આ જ અનુસંધાનમાં ગૌતમ અને અહલ્યાનું ઉપાખ્યાન રજૂ કરેલું છે.

– ગૌતમે વાપહેલા બુદ્ધિબળની વાત પણ આનું જ અંગ છે.

– ઈન્દ્ર કુકડારૂપે આવે છે અને અહલ્યા પર ઘર્ષણ કરે છે. ગૌતમ બન્નેને શાપ આપે છે.

– ત્રિનેત્રેશ્વરનું માહાત્મ્ય અન્ય તીર્થોની ઉત્પત્તિની વાત તથા માહાત્મ્ય.

• • •

# પાદટીપ

1. કંડુલ પુરાણ - 1/1-4, 8, 9
2. 'भवतां दर्शनादद्य जातो मे पापसंक्षयः ।
   निर्मला बुद्धिरुत्पन्ना सर्वभूतानुकम्पना ॥' कंडुलपुराण, 1/34
3. એજન 1/38-45
4. શ્લોક - 1/46-48
5. 'भगवन् पापकर्मोऽहं पापाब्धेर्मां समुद्धर ।
   तद्व्रतं वद योगीश सर्वदुर्गतिनाशनम् ॥' કંડુલપુરાણ, 1/67-68
6. કંડુલપુરાણ, 1/124.
7. 'अयोनित्वं तु कण्वोऽदाद् भूपतित्वं तु गालवः ।
   आतिथ्यश्चक्रवर्तित्वं प्रददौ देवदुर्लभम् ॥
   जातिस्मरत्वमतुलं ददावांगिरसो मुनिः ।
   बार्हस्पत्यो मृतिं प्रादात्तत्क्षणात्स ममारह ॥' કંડુલપુરાણ, 1/130-131
8. ''कण्डुलस्थानपर्वस्य माहात्म्यं वद शङ्कर ।
   केन तत्स्थापितं स्थानं विप्राश्च वणिजः कति ।
   किं तत्प्रमाणमापन्नं ब्रूहि विस्तरतोऽखिलम् ॥'' કંડુલપુરાણ, 1/3-4
9. ''बार्हस्पत्येन किं दत्तो वरोऽयं शापलक्षणः ।
   कृमिकिटपतङ्गाद्या जन्तवो न मुमुर्षवः ॥'' કંડુલપુરાણ, 2/1
10. એજન, 2/6-12

11. એજન, 2/13

12. એજન, 2/14

13. એજન, 3/2-8

14. એજન, 3/9

15. ''त्वत्स्तुतो बकुलानाम्ना प्रादुर्भूतोऽस्मि यन्मुने ।
बकुलार्क इति ख्यातो भविष्यामि महितल ॥' એજન, 3/107.

16. કંડુલપુરાણ, 4/24-29

17. 'अष्टादशसहस्राणि स्थापयात्र द्विजन्मनः ।
षट्त्रिंशत्सहस्राणि सौराष्ट्रवणिजस्तथा ॥ એજન, 4/30

18. એજન, 4/31.

19. बकुलार्केति विख्यातमेतत् स्थानस्थितं च माम् ।
समरिष्यंत्यपि दूरस्थाः प्राप्स्यन्ते त समाहितम् ॥ 30

20. गालवस्थापिता ह्येते गालवाः सन्तु नामतः ।
तथापि कपोलाख्याः कपोलादभुतकुंडलाः ॥ 58

21. ये च प्राग्वाडवा नित्यं शुश्रूषार्थमटन्ति वै ।
प्राग्वाटाः स्युरभिख्याता गुरुदेवार्चने रताः । 59

22. गोत्राणि यानि विप्राणां गौतमादीनि सन्ति वै ।
तान्येव सन्तु वणिजां नानागोत्रोद्भवान्यपि ॥ 61

23. चामुण्डा चांबिका गंगा महालक्ष्मी कलेश्वरी ।
भोगादेवी वराघीघा नामैषां कुलदेवताः ॥ 62 ॥

24. वणिजो द्विजाश्चोचुः –
किं तदुक्तं सुप्रभातं शंकरेण महात्मना ।
प्रभात यः पठेन्मत्यो मुच्यते सर्वबन्धनैः ॥ 68 ॥

25. परस्वं नरकायैव परदाराश्च मृत्यवे ॥ 88 ॥

26. नैकासनेन स्थातव्यं सखिपत्न्यान्यजायया ।
जनन्यापि भगिन्यापि दुहित्रापि किमन्यया ॥ 90 ॥

27. इन्द्रियाणां दमः शान्तिर्दया दानमथार्जवम् ।
सत्यं शौचं व्रतं श्रद्धा विप्रभक्तिः सुरार्चनम् ॥ 98 ॥
पुराणश्रवणं तीर्थं यात्रा च गुरुसेवनम् ।

2. (i) गौतमः सांक्रतो गार्ग्यो वत्सः पाराशरस्तथा ।
उपमन्युर्बंधिलश्च वशिष्ठः कुत्सपौल्कसौ ॥ 107 ॥

(ii) कश्यपः कौशिकश्चैव भारद्वाजः कपिष्ठिलः ।
सारंगिरिश्च हारीतः शांडिल्यः सनकिस्तथा ॥ 108)

29. तथापि प्रवराण्यत्र गोत्राण्येकादशैच च ।
पंचर्षीणि च चत्वारि त्रिण्येकप्रवराणि च ॥ 110 ॥

30. प्रदत्तमादयानानामेभिर्यो व्यवहारिभिः ।
मास्तु प्रतिग्रहदोषो ग्राह्यं हि यज्वनार्पितम् ॥ 127 ॥

31. भैरवस्थापनं कृत्वा रक्षार्थमाह तान्मुनिः ।
भवद्भिर्याः पुरागोत्रदेवतायाः करः कृतः ॥ 147)
सोऽवश्यं करणीयो वै तत्कर्ता सोऽस्य रक्षितुः ।
एवं कृते न दोषो वः कल्याणं परिवर्धते ॥ 148 ॥

32. कथं विप्रांश्चवणिजः कण्वोऽयं स्थापयिष्यति ।
ततोऽसृजत् स षट्त्रिंशत् सहस्राणि वणिग्जनान् । ॥9॥

33. वरकुंडलिनः शांतान् सोपवीतान् दयानिधीन् ।
सन्वेषान् सर्वशास्त्रज्ञान् ब्रह्मविद्याविदश्च तान् ॥10॥

34. सौराष्ट्रे निवृताः श्रेष्ठे वसन्तु वणिगुत्तमाः ।
सौराष्ट्रा एव विख्याता भवन्तु मत्प्रसादतः ॥13॥

35. कण्वोऽयं याज्ञवल्क्यारव्यो महायोगीश्वरो मुनिः ।
प्राप्यापठद् यजुर्वेदं समीपं कस्यचिद् गुरोः ॥21॥

36. त्वया कृतमनार्ये किं तादृशा न तथाविधाः ।
भाव्यं हि बलवत् कितु भवित्री मे न पुत्रिका ॥ 34॥

37. न यास्ये वर्षपर्यन्तं भोक्तुं नृपतिमंदिरे । 37 (अ)

38. यजूंषि देहि मे शीघ्रमाज्ञाभंग करोषि यत् । 38 (अ)

39. इत्युक्तः शीघ्रमुद्वान्तः तानि किंचन्मदविह्वलः । (38-ब)
तानि मुक्ताफलाभानि शोणिताक्तानि भूतले ।
तैत्तिरं रूपमादाय गुरुर्जग्राह सत्वरम् ॥ 39 ॥

40. तैत्तिरीयाभवच्छाखा गुरोस्तित्तिरीरूपतः ।
विना यजूंषि सपदि याज्ञवल्क्यो जडोऽभवत् ॥ 40 ॥

41. वरं वरय भद्रं ते तपसानेन तोषितः । (42-अ)

42. यजूंषि देहि मे स्वामिन्निति उवाच तं मुनिः ॥ (42-ब)

43. वाजिनः कर्णमध्यस्थोऽसहमानो रवेर्महः ।
तदाकण्वेति नामोऽभूद्याज्ञवल्क्यस्य सूर्यतः ॥ 44 ॥

44. कण्वः कण्वाभिधां शाखां चक्रे वेदोपबृंहिताम् ।
शाखां सर्वेऽपि जगृहे याज्ञवल्क्यात् द्विजाश्चताम् ।. (45)

45. स वाजिकर्णमध्यस्थश्चण्डांशोर्यजूंष्यध्यगात् ।
वाजिमाध्यंदिनी शाखां तदा श्रुतिमतां ह्यभूत् ॥ 46 ॥

46. विस्मितः स पुनर्विष्णोर्मध्यमालोक्य निर्गतः ।
विस्मृतः स च तुष्टाव ज्योतिर्मयमजं विभुम् ॥ 62 ॥

47. त्वं धरित्री गंधयुता त्वं वायुः स्पर्शयुक् प्रभो ।
सशब्दं त्वमाकाशं च त्वमव्यक्तिस्त्वं महान् ॥ 65॥

48. तिलशा रूपमादाय सर्वेभ्यो यन्मया कृता ।
अतस्तिलोत्तमासि त्वं शक्रं गच्छाप्सरोवरा ॥ 77 ॥

49. कथं स हनुमान् शंभो वायुपुत्रोऽतिविक्रमः ।
कृतेऽब्जदौत्यं कृतवान् त्रेतायां रामकार्यकृत ॥ 1 ॥

50. तत्कथं ब्रह्मवाक्येन प्रेरितः प्लवगोत्तमः ।
स्थानस्थापनकार्ये तु कण्वर्षे दौत्यमागमत् ॥ 13 ॥

51. सरस्वत्याः पयः पानान्निष्पापाः प्राणिनोऽनिशम् ।
स्वयंभूवृषभं नत्वा प्रपश्यन्ति त्रिलोचनम् ॥ 26 ॥

52. रजकालीति विख्याताः समंतात् सर्चमातरः ।
रक्षन्ति राक्षसादिभ्यो यत्स्थानमनिशं स्थिताः ॥ 31 ॥

52A. कौ.पु. पृ. 104

53. आरामेष्वभिरामेषु यत्र रामा रमंति च ।
दयितोत्संगशायिन्यो गायंत्यो वाल्लभं यशः ॥ 44 ॥

54. कमलां कमलाकांतः कान्ताः कांतकलेवर ।
निलये शयने यत्र नैकधा रूपमाप सा । 49 ॥

55. दत्तं कण्वाय च राज्ञा मांधात्रा स्थानमुत्तमम् ।
तदन्यद्दत्तमृषिणा कण्वेन स्थापितं कथम् ॥ 55 ॥

56. कथं सा गोमुखीगंगा तत्रायात् पापहारिणी ।
त्रिनेत्रश्च समं गौर्यास्थाने तस्मिन् कथं स्थितः ॥
ज्ञानवापी वसत्यत्र सत्यवापी कथं विभो । 2 (अ)

57. नानाविहंगमरावैरामंत्रयदिव द्विजान् ॥ 10 ॥

58. धेनुस्तवनगर्भं यत् स्तोत्रं मे व्याकृतं त्वया ।
तत्प्राप्य सुरभिग मे निःसृतं गोमुखाच्चकम् । (41)
नाम मे गोमुखीगंगेत्येव ख्यातिं समेष्याति ॥ (42अ)

59. भवत्प्रसादतो ब्रह्मन् शिवं सर्वशरीरिणाम् ॥ (54 ब)

60. आश्चर्यं भजतां तेषां मुनीनां पश्यतां सताम् ।
अनंगा वागुवाचति सत्यवापीयमुच्यताम् ॥ 64 ॥

61. हरमर्चन्हरं ध्यायन् हरेति सततं ब्रुवन् ।
निराहारो हरं देवं स्तुवत् सोऽभूत् समाहितः ॥ 69 ॥

62. कथमत्र समायाता चामुंडा चर्चिता सुरैः ।
झील्लानंदाभिधं कुंडं संमूतं च जगत्पतै ॥ 1 ॥

कथं तथा च सामुद्री जातासौ सिंहवाहिनी ।
मातरः सप्तकोस्तत्र रजकावलि विश्रुता ॥ 2 ॥

बालकूपः कथं जातः का सा पिप्पलवासिनी ।
नित्या च मंडिता क त तत्सर्वें शंकरोदिशा ॥ 3 ॥

63. यदा चंडं च मुंडं च हत्या सा परमेश्वरी ।
चामुंडेति च विख्याता त्रैलोक्ये विचचार ज्ञा ॥ 4 ॥

64. त्वमैव देवि चामुंडे विशाका विंध्यवासिनी ।
रक्तदंति शताक्षी त्वं दुर्गाशाकंभरीति च ॥ 16 ॥

त्वं भीमा भ्रामरी त्वं च सिद्धिः सिद्धिदानृणाम् ।
त्वं माता च पिता त्वं च त्वं सर्वं च म प्रसीदतु ॥ 17 ॥

65. भवतीभिरिदं सत्यमुक्तं तनोऽपि रोचते ।
किन्तु तातनिदेशेन कार्यं किं मयि तन्मया ॥ 32 .॥

66. अस्माकं सा सखी ह्येषा त्वत्पुत्री प्रियवादिनी ।
विनैनां शक्यते स्थातुमस्माभिर्न तां समादिशा ॥ 36 ॥

67. प्रसीद सरितां नाथ ममोपरि कृपां कुरु ॥
संसाध्यतामिदं कार्यं देवीभिर्यन्निगद्यते ॥ 38 ॥

68. एवं भवतु मत्पुत्री त्वदधीना मुनीश्वर ।
या माता विश्वमातृणां तस्या भाग्यं किमुच्यते ॥ 39 ॥

69. सेवस्व विश्वमातृंस्त्वं तनये विनयावहे ।
मुनः प्रसादमासाद्य स्थानं त्वमपि पालय ॥ 40 ॥

70. पांथान् परिभ्रष्टान् सामुद्रीवीक्ष्य कानने ।
सिंहादीन् प्रेरयातेषां मार्गसंदर्शनाय सा ॥ 42 ॥

71. पिप्पलादो मुनिः कोऽसौ कस्य पुत्रः कथंत्विह ।
यः समागम्य तुष्टावस्थानं पिप्पलवासिनीम् ॥ 51 ॥

72. रक्तोक्तं बहिरुत्सृष्टं भर्तुः कौपीनमुत्तमम् ॥ 61 ॥

सुभद्रा तत्परिधाय सस्नौ गंगाम्भसि ऋतौ ।
कौपीनस्पर्शतो गर्भस्तन्मध्ये ववृधे क्षणात् ॥ 62 ॥

73. येनाहं दूषिता साध्वी सोऽद्य मृत्युमुपैत्वतः । (64-अ)

74. एतस्मिन्नंतरे देवास्तं दधीचिमुपागमन् ।
याचितान्यथ शस्त्राणि देवैराकर्ण्य तन्मुनिः ॥ 65 ॥

ध्यायन् ब्रह्म् निषण्णः सन् योगेन तनुमत्यजत् ।
तं परासुं ततो ज्ञात्वा शक्रः सस्मार कामगाम् ॥ 66 ॥

75. कस्यायमिति पृष्टः सदधीचिरिदमाह च ।
यत्पीतं पिप्लप्लं दुग्धमनेन च पतिव्रते ॥ 76 ॥
पिप्लाद इति ख्यातो दधीचितनयस्त्वयम् । (77-अ)

76. मात्रा तदखिलं वृत्तं सुराणां तस्य शंसितम् ।
ततः कुद्धोऽब्रवीद् वैरं विधास्ये दैवतैः सहे ॥ 80 ॥

77. किं कुर्यामिति तस्मिन् ब्रुवीणे मुनिराह तम् ।
देवान् दह सपादः सन् मत्प्रभावाद् विना विधिम् ॥ 82 ॥

78. अग्नितीर्थमिति ख्यातं प्रभासे तद्बमूव ह ।
सर्वपापहरा तत्र पंचस्रोता सरस्वती ॥ 90 ॥

79. पिप्पलेऽस्मिन् यतो ध्याता पिप्लाद त्वयाद्यतरम् ।
भवित्री पिप्लाद्भूता ख्याता पिप्पलवासिनी ॥ 95 ॥

80. आनंदोऽभवदेतासां सलिलैर्झिल्लने सति ।
झिल्लानंदाभिधं ख्यातं सर्वपातकनाशनम् ॥ 99 ॥

81. बालोऽयं पातितोऽस्माभिरत्र कूपे महाजनाः ।
यहच्छया रमंतीमिः बालकूपोऽस्त्वतः स्वयम् ॥ 109 ॥

82. मातृस्थानसमीपे च मातृपूजां विधाय च ।
मिलित्वा रजकैः सर्वैर्गृहावलिभिरर्चितत्त ॥ 114 ॥

83. कृतायदस्मदभ्यासे युष्माभिः स्वगृहावलीः ।
रजकावलीति विख्यातो भविष्यामो महीतलै ॥ 119 ॥

84. (i) अद्य मे सफलं जन्म चाद्य सफलाः क्रियाः ।
अद्य मे सफलं नाम जीवितं च सुजीवितम् ॥9॥

(ii) अद्य मे सफलो धर्मो ममाद्य विमलं कुलम् ।
कृपां कृत्वा मम गृहे गालवो यत्समागतः ॥10॥

85. ते सर्वे शास्त्रसंपन्ना वेदवेदांगपारगाः ।
सदाचाराः पवित्रांगा विनयावनतकंधराः ॥22॥

पितुः पितामहीं भक्तिं मातुर्मातामहीं तथा ।
दधानाः श्रद्धधानास्व सच्छास्त्रश्रवणेषु ते ।।23।।

86. कृतदारक्रियाः सर्वे यौवनेऽपि सुधार्मिकाः ।
गुरुदेवार्चनरताः दृष्टाः पापहरा नृणाम् ।।24।।

87. कुलीनो रुपसंपन्नः शास्त्रवित् पितृमातृमान् ।
सदाचारो वरः कोऽस्ति परमै दया सुलक्षणा ।।28।।

88. पूजा यदतिथेः कार्या सुस्वभावः कुलेन वः ।
कुलीनानामिदं चिह्नं **नम्रो** मुर्द्धा**गिरिः** शुभाम् ।।32।।

89. (i) भवान् कश्यपवंशो हि मम वध्वाः पितृव्यकः ।
संबंधित्वमितः पूर्वं पुनः सांबंध्ययम**र्हसि** ।।35।।

(ii) नैकसंबंधः सुश्लाद्ध वरं संबंधिनो मिथः ।
संबंधः सुखकृत ज्ञेयोऽन्योऽन्यविज्ञानशीलयोः ।।36।।

90. सुलक्षणेयं मत्पौत्री त्वत्पुत्राय शुभात्मेने ।
सुशीलानामधेया सा सत्यनाम्ने मयार्पिता ।।38।।

91. मात्रा ज्ञातं भर्तृगृहेयं दुहिता मम् ।
श्वस्पा ज्ञातं पितृगृहे भुक्ता द्वाम्यां तमोजितो ।।41।।

92. (i) नमोऽस्तु मंडितायै ते नित्यायै ते नमो नमः ।
नमः सिद्धिमुपेयुष्यै दिव्यमूर्ति नमोऽस्तु वाम् ।।52।।

(ii) भगवत्यौ भवतापार्तिनाशिन्यौ देवते युवाम् ।
जनन्यौ पालयतं नित्यमोतत्स्थाननिवासिनः ।।53।।

93. (i) कृत कण्लायं चैतत् त्वया ख्यातं महेश्वर ।
त्रेतायां तत् कथं ज्ञातं कलुषापहसंज्ञकम् ॥1॥

(ii) कांपिलं द्वापरे कस्मात् कलौ कंडुलसंज्ञकम् ॥2(अ)॥

94. मृगयारसिको बाणैर्विद्धै श्रवणे तत्पितुः ।
व्यसुर्भवात्मजशुच इति शापमवाप सः ॥6॥

95. अस्ति तीर्थं रघुश्रेष्ठ सर्वकल्मषनाशनम् ।
कण्वेन स्थापितं स्थानं पांचाले देश उत्तमे ॥41॥

96. तत्कुरुष्व महातीर्थं प्रभासाभ्याससंस्थितम् ।
निर्धूतपापसंघातो निर्मलो भविता ननु ॥44॥

97. तत्र सौत्रामणियज्ञं कृत्वा वासः शतानि च ।
दत्वा दानान्यनेकानि रामतीर्थमिति व्यधात् ॥50॥

98. (i) कपिलो नाम राजाभूत् पांचले सोमवंशजः ।
धार्मिकः सत्यवादी च प्रजापालने तत्परः ॥56॥

(ii) महीपते महासेन द्रुपदस्य च पूर्वजः ।
वदात्यश्च बहुधनोऽक्षौहिणीचमूनायकः ॥57॥

99. कंडुलको द्विजः कुंडपुत्रः काजा बभूव ह ।
पितर्युपरते बाल्य गोपालत्वमुपागतः ॥64॥

100. नित्यं शुश्रूषते धेनूर्विप्रः कंडुयनादिभिः ।
हरित्स्वैच्छाविहारैश्च जलैः छायानिषेवणैः ॥67॥

101. कंडुलक द्विजश्रेष्ठः तुष्टाः स्म तव भक्तितः ।
वरं वरय भद्रं ते मनसा यदभीप्सितम् ॥69॥

102. (i) जनन्य सर्वरुद्राणां वसूनां तनयाः शुभाः ।
आदित्यानां स्वसारो वा जगज्जीवातमो मताः ॥70॥

(ii) भवतीभिर्वृत्तं विश्वं त्रैलोक्यं विश्वमातरः ।
प्रसन्नास्तु भवत्यश्चेत् युष्मद्भक्तिः सदास्तु मे ॥71॥

103. अस्मत्प्रसादतो विप्र तव सिद्धस्य नामतः ।
कंडुलकेति विख्यातं स्थानमेतद् भविष्यति ॥72॥

104. अभिग्राम प्रयातासु गोषु सार्द्धं द्विजन्मना ।
उष्ट्राश्च वाहना ये तु काष्ठिका दुष्टबुद्धयः ॥79॥
नानायुधधराः सर्वे पापिपिष्ठाः पृष्ठतः स्थिताः ।
अभिजग्मुः शरैर्भल्लैर्भभल्लिभिर्गोधनं क्षयम् ॥80॥

105. क्षणेन काष्ठिनः पापास्ते वनेषु पराजिताः ।
कोलाहलो महानासीत् ह्रियमाणेऽथ गोधने ॥87॥

106. (i) ब्राह्मणा वणिजः सर्वे शृण्वंतु सुसमाहिताः ।
कंडुलको द्विश्रेष्ठो धेनूः कांपिलरक्षिताः ॥92॥

(ii) भवतां पश्यतामद्य सिद्धोऽसु गोप्रसादतः ।
वृषभोऽयं तथा गावः काश्चित् सिद्धा भवन्तित्वह ॥93॥

(iii) कंडुलकस्य नाम्नैव पुरं कंडुलकं कलौ । ॥94॥

107. (i) स्वयंभूत्वमगात्तत्र गावः कंडुलकस्तथा ।
आश्चर्यं त तथा दृष्ट्वा ब्राह्मणा वणिजस्तथा ॥98॥

(ii) सर्वाः प्रकृतयस्तत्र स्थानं कंडुलकं जगुः । ॥99अ॥

108. क्वासौ सांबपुरी तत्र प्रसिद्धः सांब एव कः ।
एतद्वद महादेव संशयो वर्तते मम ॥1

109. (i) वसुदेवसुतः कृष्णो यादवेश्वर उच्यते ।
विष्णोरंशो द्वारकायां वसन् रामानुजो वशी ॥ 2

(ii) तस्यामभवत्सुतः सांबो जांब्वत्यां महाबलः ।
रूपेणाप्रतिमो लोके रुपयौवनगर्वभाक् ॥ 3

110. स दृष्टो पूर्वं गोपीभि दृष्टो मत्ताभिरासवैः ।
कोऽयं स्मराम इति ता क्षरंत्यो मदनातुराः ॥8

111. पश्चात् दृष्टवाथ सांबं स पुनः कोपेन मूर्छितः ।
मातृणां मोहनात् कुष्ठी त्वं भवेति शशाप तम् ॥10

112. अहं नारदवाक्येन समायातस्त्वदन्तिकम् ।
त्वयैपहितस्तात मिथ्या शप्तोऽस्मि तत्कथम् ॥11

113. पांचालसमं सौराष्ट्रं पपाल सोमवंशजः ।
चौलक्य इति तन्नाम्ना ख्यातोऽद्रिः स्थानसीमनि ॥23

114. पश्चिमायां च मत्स्येन्द्री नदी मत्स्यो ह्रदश्च यः ॥ (24अ)

115. अहो गृहाश्रमः श्रेष्ठः सकलेष्वाश्रमेषु च ।
यमर्थयन्ति सततं पितृदेवनरादयः ॥28
गृहाश्रमात्परं किंचिन्न परं स्वर्गमोक्षदम् ।
यत्र संतानमतुलं संतारयति पूर्वजान् ॥29

116. यथैष विहरत्यत्र मत्स्यः सहपरिच्छदैः ।
तथाहं भूतले स्थास्ये पुत्रपौत्रादिभिर्वृतः ॥31

117. धन्योऽहं कृतकृत्योऽहं यन्मे त्वं गृहमागतः ।
कार्यं तदादिश ब्रह्मन् तत्करिष्यामि जाजले ॥35

118. गृहाश्रमं करिष्यामि कन्यार्थी त्वामुपागतः ।
दत्त्वा च कन्यामेकां त्वं सफलं कुरु वांछितम् ॥36
कन्यां प्रदेहि मे राजन् बहुकन्यायुतो भवन् । 37अ

119. अस्माकं कुलधर्मोऽस्ति कन्या वरयते वरम् ।
त्वां चेद् वरयते कन्या मया तुभ्यं प्रदीयते ॥ 39

120. (i) मया वृतोऽयं वरितो न त्वयायं मया वृतः ।
मया वृतोपमागच्छन् तत्पूर्वं हि मया वृतः ॥ 44
(ii) पञ्चाशद्भिःकन्यकभिरित्येवं जाजलिर्वृतः ।
वृतोऽयं सर्वकन्याभिर्महर्षिर्जालीर्भुदा ॥ 45

121. कुरु क्रीडार्थमेतासां प्रासादांश्च पृथक् पृथक् ।
तेन तद्वचनाद्रम्याः प्रासादाः शतशः कृताः ॥48

122. पृष्टा कुशलमाहैषां सुखमत्यंतमेव मे ।
किन्त्वन्यासां मुनिर्गृहं मत्स्वसृणां न यात्यसौ ॥ 52

123. तस्य दुःखेऽहं दुःखी नान्यददुःखं ममास्ति वै ।
एवं सर्वदुहितृणां गत्वा गेहं स भूपतिः ॥ 53
अपश्यन्मुनिमेवैनं तासां चैकाशया गिरः ।
विस्मितो नृपतिर्नत्वा मुनिं स्वगृहमागमत् ॥ 54

124. सभार्यश्च तपस्तप्त्वा ब्रह्म ध्यायन् दिवं गतः ।
ततः प्रभृति मत्स्यद्रयां मत्स्यो ह्रद इति स्मृतः ॥ 57

125. यत्र दैत्यो महाभीमस्तालकाख्यो निपातितः ।
पापः पातालकेतोश्च तालकेतोश्च यः पिता ॥ 59

126. यस्तं बिभर्ति मुनिभिः स सौभरिरुदीरितः ।
ततस्तालामिधेयोऽसौ गिरीन्द्रो भुवि विश्रुतः ॥62

127. (i) पुनः स्थानस्य माहात्म्यं कथयिष्यामि तच्छृणु ।
आसीत्पूर्वमनावृष्टिः पृथिव्यां बहुवार्षिकी ॥ 1 ॥

(ii) सुभिक्षेति शुभप्राप्ते गताः स्थाननिवासिनः ।
बहुवर्षैरतिक्रान्तैः पुनः स्थानमुपागताः ॥2॥

128. (i) ददृशुर्नैव लिंगं त्रिनेत्रस्य तरुद्रुमान् ।
एकदा कपिला क्षीरं स्त्रवन्ती तरुखण्डका ॥ 4।

(ii) मध्याह्ने ददृशेधेनुः केनचितुं कुलान्विना ।
तत्र गत्वा खनित्वा सोऽपश्यल्लिंगमनुत्तमम् ॥5॥

129. ततः स्ववासचिह्नास्ते वनवासेऽपि धार्मिकाः ।
ततेत्रोषित्वा कियत्कालं वैराटं पुरमाययुः ।12।।

130. पांडवाश्च समायाताः कदा स्थानेऽत्र शंकर ।
कतिकालमुषित्वा ते कानि चिह्नानि चक्रिरे ।13।।

131. सार्धं तैर्मुनयः सर्वे साग्निकाः सपरिग्रहाः ।
प्रणयं पाण्डुपुत्रेषु बिभ्राणाः समुपाययुः ।।15।।

132. (i) तत्रोपास्य रविं प्राप सिद्धान्नानि युधिष्ठिरः ।
नाश्नितौ द्रौपदी-धर्मौ तवत्स्यादन्नमक्षयम् ।।16।।

(ii) ब्राह्मणान् भोजयित्वा तौ परिवारं च दंपती ।
शेषमन्नं च भुंजाते तथा धौम्यं पुरोधसम् ।17।।

133. धरातलं तु पार्थोऽयं बाणेनाहत्य रंहसा ।
पातालादानयद्गंगां पावमानां जगज्जलैः ।39।

134. गंगाभवत्तदा सत्या विष्णुपादोदकीति च ।
तमर्घादिभिरभ्यर्च्य कृष्णमाह युधिष्ठिरः ।41।।

135. मत्स्यदेशधिपो राजा विराटो नाम धार्मिकः ।
विद्याकर्मयशोवृत्तस्तत्र वर्षं नयन्तु तत् ।45।

136. वरदायैकदंताय चतुर्दंताय तो नमः ।
चतुर्भुजाय वरदाय भयदुस्त्यायपासिने ।।56।।

नमस्ते कुशहस्ताय द्विनेत्रायोपवीतिने ।
वरकल्पतरुछायाश्रितपद्मासनाय ते ।57।

केयूरिणे हारीणिने वरकुंडलधारिणे ।
आणिमादोश्च दात्रे कामधेनुश्रिये नमः ॥58॥

नमो मूकवाहाय गौरीपुत्राय ते नमः ।
भक्तप्रियाय देवाय हेरंजाय नमो नमः ॥59

137. कार्तिके कार्तिकेशोहं चामुंडां च चर्चयेत् ।
पुष्पैः दीपैः सुधूपाद्यैः भुक्त्वा भोगान् दिवं व्रजेत् ॥64॥

138. वैश्यानां ब्राह्मणानां चारित्र्यं भुवि निर्मलम् ।
यशश्च सुकर्माणि कुर्वते यानि भूतले ॥73।

लिखित्वा पुस्तके रम्ये शाखाश्च प्रवरांस्तथा ।
गोत्राणां हि विभागांश्च तनुते तद्धिताये वै ॥ 74॥

139. यतस्तेषु गोत्रेषु न कुर्युर्भिन्नजातिषु ।
कन्यानां व्यवहारं च स्वस्वधर्मे स्थिताः सदा ॥75॥

140. विश्वासं च तदुक्तेषु कुरुध्वं सततं द्दढम् ।
परस्परं विहायैवं स्वेषु गोत्रेषु कन्यकाः ॥79॥

141. पालयध्वं च तनयांस्तेषां वंशपरंपरान् ।
समृद्धाः सुखिनो लोके तेन यूयं भवियथ ॥81॥

142. (i) सर्वेषु लोकपालेषु सत्सु चंद्रादिषु प्रभो ।
वृतः कण्ववने मुनिना साक्षित्वे सविता कथम् ॥1॥

(ii) कथं स हनुमान् धातुदौर्त्यनागत्य तद्‌वनम् ।
तथा कण्वमहर्षेस्तत्कार्यसिद्धिं व्यधात् विभो ॥2॥

143. (i) एष वानरराजोऽयं म्त्द्वाक्येन महाबलः ।
स्थानस्थापनजे कार्ये कण्वप्रेर्दौत्यमेष्यति ॥8॥

(ii) सर्वे महर्षः कण्वस्य साधयिष्यति चेप्सितम् ।
तस्मात्कपिः विधेर्वाक्यात् कण्वकार्यं चकार सः ॥9॥

144. ब्रह्मणोवनाज्जाता विप्रा वेदाश्च धेनवः ।
क्षत्रिया बाहुतो जाता वैश्या ह्यूरुसमुद्भवाः ॥11॥

शूद्राः पद्भ्यामजायन्स प्रकृत्याद्या पदाग्रतः ।
नारदोत्संगात्वै जातः सनकाद्याश्च मानसात् । ॥12॥

145. ब्रह्मणो मनसो जातास्तदमी वणिजो मुदा ।
कण्वार्थं ब्रह्मणा सृष्टाः स्वदत्तवरदानतः ॥13॥

146. पूर्वं सौराष्ट्रसंज्ञा ये वणिजो विधिनोदिताः ।
ततः संस्थाप्य कण्वेन प्राग्वाटा इति ते कृताः ।
अतस्ते खलु सौराष्ट्राः प्राग्वाडा इति ते मताः ॥15अ

147. देवद्विजगुरूणां च भक्तियुक्ता दयालवः ॥15ब

148. गालवा गालवोक्ता ये धृतचंचत्कुण्डलाः ।
पृथक्स्थितास्तु कण्वेन कपोला इति त कृताः ॥16

149. कथं नीलवृषोत्सर्गं चकार स महामुनिः ।
कुतो वृषः समानीतो वत्सर्यः कुतश्च ताः ॥17

150. मत्पृष्ठमागतान् दृष्टवा स्वभार्यान् मुनयस्तदा ।
क्रुद्धा मल्लिंगपातं च चक्रुः शापेन तत्क्षणात् ॥20

151. (i) वर्णेन लोहितो योऽसौ पुच्छे वक्त्रे च पांडुरः ।
क्षुरेषु शृंगयोः श्वेतः स नीलवृष उच्यते ॥25

(ii) श्वेतवर्णः पीतचिह्नो मुखे लोहित चिह्नभृत् ।
क्षुरशृंगेषु कपिलो नीलः स कपिलोऽपि वा ॥ 26

152. तद्रेतो नर्मदा जाता लिंगं चामरकण्टकम् ॥30ब

153. स पूर्वं मुनिभिरुप सृष्टः स नीलो वृषभोत्तमः ।
स एव कथमुत्सृष्टो पुनः कण्वेन जानता ॥33

154. विश्वागौ विश्ववैश्चक्षु विश्वरूपो निरंजनः ।
उत्सृष्टोऽपि त्वनुत्सृष्टः स एवाहं षडानन । 37

155. पुरा कृतयुगस्यान्ते धर्माख्यो कोऽपि चारणः ।
काष्ठिकानां कुशीलानामन्तर्वसति धार्मिकः ॥40

156. (i) मुनिभिर्मथ्यमानात्ते वेनदेहातसमुदभूताः ।
पापिष्ठाः शकजातीयाः सर्वधर्मबहिष्कृताः ॥41

(ii) काष्ठवज्जातवनस्य शरीरात्ते पुरोद्गताः ।
पापिष्ठाः काष्ठिन इति विख्याताः पश्चिमाब्धिगाः ॥42

157. काष्ठिनस्ते न मन्यन्ते तं गोविन्दपरायाणम् ।
तद्गानं च न शृण्वन्ति किञ्चित् कोऽपि न यच्छति ॥4

158. चारणैश्चारुनिनादैर्गन्धर्वबन्दिभिस्तथा ।
स्तूयमानः सदा भाति स सार्थः प्रार्थितार्थदः ॥59

159. भित्त्वा भुवं समायाति गोमुखी यत्र निर्मला ।
गौतमोपाश्रितत्वात् तद्गौतमतीर्थमुच्यतै ॥64

160. कथं स गौतमः शंभो तपस्तीर्थेऽत्र तप्तवान् ।
अहल्या दूषिता केन शिलात्वं कुत आप सा ॥66

161. (i) पुरा विरंचिरसृजत् स्त्रीरत्नमतुलं मुदा ।
मोहनं सर्वलोकानां कर्षणं कामिनां परम् ॥67

(ii) यस्यां तनौ न हल्यं चेत् दृश्यते क्वापि नामतः ।
अहल्येत्यस्त्रियं दृष्ट्वा तामिति प्राह पद्मभूः ॥68

162. पृथिवीं प्रदक्षिणीकृत्य पूर्वं योऽस्य समेष्यति ।
अहल्यां रूपसंपन्नामिमां स परिणेष्यति ॥71

163. (i) स्वं स्वं वाहनमारुह्य सत्वरा देवतास्तथा ।
भूमिं प्रदक्षिणीकर्तुं सर्वा जग्मुमुदान्विताः ॥72

(ii) गौतमोऽथ समालोक्य स गामुभयतो मुखीम् ।
तां तु प्रदक्षिणीकृत्य ब्रह्मांतिकमगात् ध्रुवम् ॥73

164. सूयमाना यदा क्वापि यावद् गर्भं न मुञ्चति ।
तावद् गौः पृथिवी ज्ञेयत्यूचुः पौराणिका द्विजाः ॥74

165. निजाश्रमे समागम्य तामादाय महामुनिः ।
न्यायविन्न्यायचेतः प्राप्तमुपयेमे स गौतमः ॥81

166. विप्रतार्यसुवाक्येन तामहल्यां यवीयसीम् ।
बिडौजाः घर्षयामास साध्वीमपि रहोगताम् ॥84

167. धिगिन्द्रत्वं दुराचारः पापमाचरितं महत् ।
सति शच्यादियोषित्सु तत्सहस्रभगो भव । 86

168. शिला भव दुराचारे यदीहक् पापमाचरन् ॥87ब

169. स्वामिन्न वेदम्यहं शक्रं तव रूपमुपाश्रितम् ।
कथं शप्तास्मि तदज्ञात्वा ममानुग्रहवान् भव ।88

170 त्रेतायां रामपादाब्जस्पर्शात् पापादविमुच्यसे । 89ब

• • •

# પ્રકરણ-5

## કંડુલ પુરાણ - ઇતિહાસની ભૂગોળની આરસીમાં

**5.1** ગુજરાતનાં જ્ઞાતિપુરાણો પ્રાયઃ ઈ.સ. ચૌદથી સોળમા સૈકા સુધીમાં રચાયાં છે. આ પુરાણોને પદ્મપુરાણ અને સ્કંદ પુરાણના એક ખંડ તરીકે પ્રાયઃ બતાવવામાં આવે છે. પરંતુ આ પુરાણોની પ્રસિદ્ધ આવૃત્તિઓમાં ભાગ્યે જ તેમનું વર્ણન મળે છે.

આવાં પુરાણોની પ્રાચીનતા સિદ્ધ કરવા પ્રાચીન ઋષિ-મુનિઓ કે કથાનકો સાથે તેનું અનુસંધાન કરવામાં આવ્યું છે. આ સાથે તીર્થ માહાત્મ્યોને પણ જોડી દેવામાં આવ્યાં છે. તીર્થ માહાત્મ્યોનો આધાર લોકોમાં પ્રચલિત અનુશ્રુતિ અને તીર્થના ચમત્કાર વિષે પ્રચલિત લોકકથાઓ હોય છે. આમ પ્રાચીનતા સિદ્ધ કરવા વેદ-પુરાણ પ્રસિદ્ધ વ્યક્તિઓ અને કથાઓનો આશ્રય લઈ તેમાં પરિવર્તન કરીને કે તેમાં નવીન અંશો ઉમેરી તેને પ્રાચીન છતાં અદ્યાપિ સંગૃહીત કૃતિ તરીકે પ્રચલિત કરવામાં આવે છે. જ્ઞાતિઓનાં સ્થળાંતરણનાં કારણોને પણ પ્રાચીન ઓપ આપવામાં આવે છે. ક્યારેક દુષ્કાળ કે અસુરોના આક્રમણને પણ સ્થળાંતરણના કારણભૂત ગણાવવામાં આવે છે.

**5.2** સૌરાષ્ટ્રની ભૂમિ પ્રાચીન સમયનો આનર્ત પ્રદેશ છે.

પુરાણ પ્રસિદ્ધ રાજા શર્યાતિના પુત્ર આનર્તના સંબંધના કારણે સમગ્ર ગુજરાતનો પ્રદેશ આનર્ત તરીકે ઓળખાવા લાગ્યો હતો. તેનો પુત્ર રેવત હતો (દે.ભા.2.5). તેણે કુશસ્થલી (આજના દ્વારકાનો વિસ્તાર) વસાવ્યો હતો (બ્રહ્મ 7 હ.વં. 1-10-32,33). આમ શર્યાતિના પુત્રના આનર્તનો આ ગુજરાત પ્રદેશ તેના સંતાનોની પરંપરામાં વિભક્ત થતાં જુદા જુદા નામે ઓળખાવા લાગ્યો.

આ સમગ્ર પ્રદેશ સુરાષ્ટ્ર - સૌરાષ્ટ્ર તરીકે જાણીતો થયો છે. પુરાણ પ્રસિદ્ધ આનર્તની ભૂમિમાં પાંચાલ પ્રદેશ સંબંધિત આ પુરાણ કંડુલ પુરાણ નામે ઓળખાય છે. તેમાં તીર્થ માહાત્મ્યનું પ્રમાણ વધુ છે અને જ્ઞાતિપુરાણ તરીકે તેમાં ઘણી જ અલ્પ વિગતો મળે છે. તીર્થ માહાત્મ્યો ઉપરથી સ્થળની ભૌગોલિક વિગતો તારવી તેનાં અભિજ્ઞાન પામવાં જરુરી છે. આ પ્રકરણનો આ પ્રધાન વિષય છે.

**5.3** સ્થાનનગર આજે થાન તરીકે ઓળખાય છે. આ સ્થાન નગરનો ચતુર્દિક વિસ્તાર સાત સાત કોશ ગણાય છે. આ વિશાળ સ્થાન ભૂમિ વિશૃંખલિત થઇ અનેક ગામડામાં વહેંચાઇ ગયેલ છે.

મૂળે પાપાપનોદન વનમાં કણ્વાદિ પાંચ બ્રહ્મર્ષિઓના નિવાસ અને શંકરના આરાધનથી આ નગરની રચના થઇ છે.

કણ્વના આદેશથી ગાલવે પ્રભાસક્ષેત્રથી કણ્વના નામે ઓળખાતા ત્રીસ હજાર અને પોતાના નામે ઓળખાતા છ હજાર વણિકો અને અઢાર હજાર વિપ્રો લાવીને વસાવ્યા હતા. કણ્વાલય, કલુષાપહ, કાંપિલ અને કંડુલ તરીકે અનુક્રમે ચારે યુગમાં ઓળખાતા આ નગરમાં પ્રભાસ ક્ષેત્રમાંથી આ સ્થળે મધ્ય સૌરાષ્ટ્ર કે કાઠિયાવાડમાં થયેલું વિપ્રો અને વણિકોનું સ્થળાંતરણ સૂચવે છે. પ્રભાસ ક્ષેત્ર અને વણિકોની સમૃદ્ધિ સાગર પાર વેપાર કરનારા વણિકોનું સૂચન કરે છે. સમૃદ્ધિ વધતાં આ લોકોએ કરેલા સ્થળાંતરણ અને થયેલ જ્ઞાતિ વિભાગોના નિર્દેશો આ પુરાણમાં મળે છે.

**5.4.1** કંડુલપુરાણ પાંચાલની ભૂમિ સાથે સંકળાયેલું પુરાણ છે.

પાપાપનોદનવન, ભીલ અને પાંચ બ્રહ્મર્ષિઓનો પ્રસંગ, કૃષ્ણાષ્ટમીનું વ્રત, વ્યાધના

પૂર્વજન્મનું કથન, પંચ બ્રહ્મર્ષિઓનાં વરદાન આ પુરાણને પાંચાલ સાથે સાંકળવાના પ્રયાસ રૂપે છે. પાપાપનોદનનું સ્થળ માહાત્મ્ય સિદ્ધ કરે છે. (અ.1)

આ પ્રદેશ અને પુરાણની પ્રાચીનતા સિદ્ધ કરવા યુવનાશ્વ-માંધાતા અને કણ્વનો પ્રસંગ કલ્પી તેમજ તીર્થમાહાત્મ્યને પ્રગટ કરવા બકુલાર્ક અને હનુમાન બ્રહ્માનો વૃત્તાંત કલ્પી આ પ્રદેશની ચતુસ્સીમા સિદ્ધ કરી છે.[1]

ચતુઃસીમાના ખંડેરો સૂર્યના દેવળથી આશરે છ-સાત ગાઉના અંતરે જોવા મળે છે. પૂર્વમાં સારંગ પર્વત પ્રસિદ્ધ છે. શાંબુપુરી એ જ સામ્બપુરી છે. પણ લોકો તેને શાંબુપુરી કહે છે. પશ્ચિમમાં મચ્છ ધરો છે. મચ્છુ નદીના કાંઠે છે. અહીં હોલા માતાનું મંદિર છે. ઉત્તરમાં તાલ પર્વત - તાલધર નામના ડુંગર તરીકે વાંકાનેરથી પાંચેક ગાઉ માથક ગામની નજીક છે. દક્ષિણમાં ચૌલુક્ય પર્વત અને બ્રહ્મગુહા ગણાવાયાં છે. ચૌલુક્ય પર્વત એ જ આ ચામુંડાનો ચોટીલાનો ડુંગર છે. પાપાપનોદન વનથી સાત સાત કોસનું સીમાંકન બતાવવામાં આવ્યું છે. 'ચૌલુક્ય' પર્વતનું નામાભિધાન જોતાં આ પુરાણની રચના ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં વધુ પ્રાચીન જણાતી નથી.

સૌરાષ્ટ્રમાંથી બ્રાહ્મણો અને વણિકોનો તેડી લાવવા કણ્વ દ્વારા ગાલવને પ્રભાસ ક્ષેત્રમાં મોકલવા અને સૌરાષ્ટ્રના વણિકોનો પ્રભાસમાં આગમન આ ઘટના બ્રાહ્મણો અને વણિકોનાં સ્થળાંતરણને પ્રાચીન સિદ્ધ કરવાનો પ્રયાસ છે. વણિકોમાંથી ગાલવ સંકળાયેલા 6000 અને કણ્વ સાથે સંકળાયેલા 30,000 મળી કુલ 36000 હજારની સંખ્યા ગણાવી છે. આ સાથે બ્રાહ્મણોની સંખ્યા 18000 ગણાવી છે. બ્રાહ્મણોના નિર્વાહની વ્યવસ્થા પૌરોહિત્યના પ્રાચીન પરંપરાનો પરિપાક છે (અ.પ.6).

આ સમગ્ર નગર સ્થાન નગર તરીકે ઓળખાવ્યું છે. (અ.7) સ્થાન એ જ આજનું થાનગઢ છે.

અ.8માં ત્રિનેત્રેશ્વરનું વર્ણન ત્રિનેત્રેશ્વરને પાપાપનોદન વન સાથે સાંકળે છે. ત્રિનેત્રેશ્વર એ જ તરણેતર. જ્યાં તરણેતરનો પ્રસિદ્ધ મેળો ભરાય છે. આ એક ઉત્સવ રૂપ બનેછે. શંકરના તપ અને ગંગાના પ્રાગટ્યની કથા કલ્પી સત્ય તપ મુનિના વૃતાંતને આપી ત્રિનેત્રેશ્વરની પ્રાચીનતા સિદ્ધ કણ્વના મુખમાં સ્તુતિ મૂકવામાં આવી છે. (અ.8)

અ.9માં સામુદ્રી અને અન્ય દેવીઓની પધરામણી, કણ્વ દ્વારા ચામુંડાની સ્તુતિ, સામુદ્રીનાં અન્ય દેવીઓ સાથે તાલ પર્વતની નજીક નિવાસ કરવાની સમુદ્રની આજ્ઞા સામુદ્રી અને અન્ય દેવીઓ વિષે પ્રચલિત કથાનો ચમત્કારિક અંશ અહીં સહાયભૂત થયો છે.

દધીચિનું આખ્યાન, પિપ્લાદનો જન્મ, વિપ્પલવાસિનીનું પ્રાગટ્ય, જિલ્લાનંદ કુંડ કે જીલણિયા તળાવની રચના, બાલકૂપ સાથે સંકળાયેલી રજકાવલીનું પ્રાગટ્ય, આ ક્ષેત્રનાં તીર્થો સાથે સંબંધિત કરી પ્રાચીનતા સિદ્ધ કરવાનો પ્રયાસ છે. રજકાવલી - રજકો - (ધોબીઓ અને રંગારા) જોડવામાં આવ્યો છે એમ જણાય છે. પુરાણકાર આ ક્ષેત્રનાં તીર્થો અને દેવ-દેવીઓનાં માહાત્મ્યને સાંકળવા સભાન હોય તેમ જણાય છે (કં.પુ.અ. 9/120).

અ.10માં આવતી નિત્યા અને મંડિતાની કથા કાંપિલ સ્થાનમાં રહેલ ઉપમન્યુકુળના વિષ્ણુ અને નિત્યા, તેમના પુત્ર માધવ અને પુત્રવધૂ મંડિતા (કશ્યપકુળની) ગાલવ ની મુલાકાત, માધવના ચાર પુત્રો અને એક પુત્રી - સુલક્ષણા), કપિલ સ્થાનના વેદ દ્વારા સુલક્ષણાની તેમના પુત્ર સત્યના લગ્ન અને તેમને પ્રાપ્ત થયેલા ઐશ્વર્ય અને સંપત્તિની કથા કોઈક સ્થાનિક કુટુંબની કથા જણાય છે. સંભવતઃ પુરાણકારના વંશની પ્રચલિત અનુશ્રુતિ ને આ પુરાણમાં સમાવવામાં આવી હશે.

અ-11માં સત્યયુગનું કણ્વાલય (કં.પુ. 11/1), ત્રેતાનું કલુષાહ (કં.પુ. 11/1), દ્વાપરનું કાંપિલ અને કળિયુગનું કંડુલ (કં.પુ. 11/1) નામાભિધાન જણાવી રામાયણની રામકથાને ત્રેતાયુગની કથા તરીકે બ્રહ્મહત્યા નિવારણ માટે કણ્વના સ્થાપેલા પાંચાલ પ્રદેશના પાપાપમોદન તીર્થ, ગોમુખી ગંગા, ત્રિલોચન (ત્રિનેત્ર-તરણેતર)ની યાત્રા કરવા વસિષ્ઠે રામને કહ્યું હોવાની કથા કલ્પી રામાયણ સાથે આ સ્થાનને જોડી પ્રાચીનતા સિદ્ધ કરવામાં આવી છે[2] (કં.પુ. 11/3-54).

પાપાપનોદન તીર્થ, ગોમુખી ગંગા અને પ્રભાસની યાત્રા કરવા વસિષ્ઠે રામને જણાવ્યું હતું (કં.પુ. 11/42-44). વસિષ્ઠ અને લક્ષ્મણ સાથે રામે અહીં આવી ગોમુખી ગંગામાં સ્નાન કર્યું, ત્રિનેત્રનાં દર્શન કર્યાં, બકુલાદિત્ય અને દેવીઓને પૂજી, બ્રહ્મકુંડમાં સ્નાન કર્યું અને રામ બ્રહ્મ હત્યાના પાપમાંથી મુક્ત થયા (કં.પુ. 11/46-49). રામે અહીં સૌત્રામણિ યજ્ઞ કરી અનેક દાન આપ્યાં અને શ્રાદ્ધ ક્ર્યાં (કં.પુ. 11/50, 51). તેમણે આ તીર્થને કલુષાપહ નામ આપ્યું.[3]

આ પછી રામે પ્રભાસ ક્ષેત્ર અને દ્વારકાની યાત્રા કરી (કં.પ્ર. 11/53).

આમ આ તીર્થોને રામકથા સાથે જોડી તેને પ્રાચીન સિદ્ધ કરવામાં આવ્યું છ. સોમનાથ અને સોમ સિદ્ધાંતના પ્રવર્તક સોમેશ્વરના વૃત્તાંત ઉપરથી સોમનાથ, પ્રભાસ અને પ્રાચી સરસ્વતીની પ્રાચીનતા સિદ્ધ થાય છે. સોમનાથ નામ સાથે દક્ષના શાપથી ચંદ્રની મુક્તિની કથા જોડવામાં આવી છે. જ્યારે સોમેશ્વરે સોમ સિદ્ધાંત દ્વારા स-उमा - उमया सहितः सोमः ની આરાધનાને મહત્ત્વ આપ્યું છે. કાલિદાસના રઘુવંશના આરંભે આવતી સ્તુતિ પણ આનું સમર્થન કરે છે.[4]

પણ ઉમા સાથે સોમને જોડી અર્ધનારીશ્વરની ઉપાસનાનું સમર્થન કર્યું છે. શાકુંતલના ભરત વાક્યમાં परिगतशक्तिरात्मभूः ભગવાન नीललोहित ને પ્રાર્થના પણ આ જ સિદ્ધાન્તનું સમર્થન કરે છે. તંત્રસિદ્ધાન્ત પ્રમાણે શિવ અને શક્તિને સમાન મહત્ત્વ અપાતું હોવાથી આને સમયાચાર પરંપરા ગણવામાં આવે છે. આમ સોમનાથની પ્રાચીનતા ઇતિહાસ પ્રસિદ્ધ છે. સોમેશ્વરનો સોમ સિદ્ધાન્ત ઈ.સ. પૂ. પહેલા બીજા શતકમાં પ્રચલિત હતો.[5]

દ્વારકાનો ઉલ્લેખ મહાભારત - ભાગવતમાં હોવાથી દ્વારકા પણ પ્રસિદ્ધ તીર્થ છે. અલબત્ત આ દ્વારકા ક્યાં આવી તે ઐતિહાસિક અને પુરાતત્ત્વવિદો માટે આજે ય પણ સંશોધનનો વિષય છે. ડૉ. હસમુખ સાંકળિયા, ડૉ. આર.એન. મહેતા વગેરેએ આ વિષે સંશોધન કર્યું છે. અને હજીય સંશોધન ચાલે છે. પણ એટલું તો ચોક્કસ દ્વારકાનું તીર્થ પ્રાચીન સ્થાન છે. આમ છતાં અવતાર ક્રમે શ્રીકૃષ્ણ રામના પરવર્તી છે. શ્રીકૃષ્ણે દ્વારકા વસાવી હોવાથી રામચંદ્રની દ્વારકા યાત્રાનો ઉલ્લેખ (કં.પુ. 11/53) પ્રક્ષિપ્ત ગણાય.

સ્થળની પ્રાચીનતા સિદ્ધ કરવાના ઉત્સાહમાં પુરાણકારની ધ્યાન બહાર આ હકીકત જતી રહી છે.

આ બંને સ્થળોમાં અભિજ્ઞાન સરળતાથી થઇ શકે તેમ છે.

આ સ્થળને રામકથા દ્વારા સૂર્યવંશ સાથે જોડ્યા પછી પાંચાલમાં ચંદ્રવંશી કપિલ રાજાનો વૃત્તાંત આપ્યો છે (કં.પુ. 11/56). આ રાજાને મહાસેન કહેવામાં આવ્યો છે (કં.પુ. 11/57). વળી તેને દ્રુપદરાજાનો પૂર્વજ કહ્યો છે (કં.પુ. 11/57). તીર્થયાત્રા અહીં સ્થાન પ્રદેશમાં આવ્યો હતો (કં.પુ. 11/58). તેમના ગુરુએ તેને ત્રેતાયુગના કલુષાપહ તીર્થ તરીકે રામના કારણે પ્રખ્યાત બન્યું હોવાનું કહ્યું છે.[6]

તેમના ગુરુએ તેનું કાંપિલ નામ આપ્યું.[7]

આ વૃત્તાંતમાં પાંચાલ અને દ્રુપદ રાજાનો સંદર્ભ આ સ્થાને પાંચાલ સાથે જોડવા માટે ઈરાદાપૂર્વક પ્રયત્ન થયો છે. મહાભારતનાં પાંચાલ અને દ્રુપદ આ પાંચાલપ્રદેશ સાથે સંકળાયેલા હોવાનો કોઈ જ સંદર્ભ મહાભારતમાં મળતો નથી. આ પાંચાલનો ચંદ્રવંશી રાજા દ્રુપદનો વંશ જ કપિલ છે (કં.પુ. 11/56). તેને કાંપિલ તરીકે પાછળથી ઓળખાવ્યો છે (કં.પુ. 11/62). આ સ્થળનું નામ કાંપિલ આપ્યું છે. આ રાજા તીર્થયાત્રાના માટે અહીં આવ્યો હતો એમ અહીં જણાવાયું છે. દ્રુપદની કોઈ વંશાવળી પ્રાપ્ત થતી નથી.

લોકોની અનુશ્રુતિમાં જણાવાયેલા કાંપિલ નામ ઉપરથી કપિલ રાજાની કલ્પના અને મહાભારતના પાંચાલ-દ્રુપદ ઉપરથી આ પ્રદેશના પાંચાલ નામના આધારે દ્વાપર યુગનું પ્રખ્યાત તીર્થ ગણાવવાનો પ્રયત્ન પુરાણકારે કર્યો છે તે અહીં સ્પષ્ટ જણાઈ આવે છે.

કલિયુગમાં ‘કંડુલક’ નામે ઓળખાતું આ સ્થાન (કં.પુ. 11/63) કુંડના પુત્ર કંડુલક નામના બ્રાહ્મણના વૃત્તાંત સાથે જોડ્યું છે[8] (કં.પુ. 11/64).

ચિત્રાવ શાસ્ત્રી પ્રાચીન ચરિત્ર કોષમાં કંડુ નામના વાલ્મીકિ રામાયણમાં મળતા બ્રહ્મર્ષિની નોંધ લે છે.[9] કંડુ એક વર્ષના પુત્રનું વનમાં મૃત્યુ થતાં તે વનને તેમણે નિર્જળ (જળવિહોણું) બનાવ્યું હતું. તેમનું તપ નષ્ટ કરવા ઈન્દ્રે પ્રમ્લોચા નામની અપ્સરાને મોકલી હતી.[10] અલબત્ત અહીં ‘કંડુ’ નામધારી એક જ વ્યક્તિ સાથે બંને વૃત્તાંત જોડવામાં આવ્યા છે તે ઉચિત લાગતું નથી. બંને ભિન્ન વ્યક્તિ હોવાની સંભાવના છે.

ચિત્રાવ શાસ્ત્રી બીજા એક કંડુની નોંધ વાયુપુરાણ અને બ્રહ્માંડ પુરાણના આધારે લઈ તેમને વ્યાસની સામ શિષ્ય પરંપરામાં લાંગલિના શિષ્ય તરીકે ઓળખાવે છે.[11]

આ પુરાણમાં ઉલ્લિખિત કંડુ અને કંડુલક નામો માત્ર સ્થળના નામ ઉપરથી કલ્પ્યા છે. કંડોળિયા વિપ્રોના અભિધાન ઉપરથી સ્થળનું નામ કલ્પ્યું હોય તેવી સંભાવના પણ નકારી શકાય નહીં. આ પુરાણનું નામ પાંચાલપુરાણ આપવાને બદલે કંડુલપુરાણ આપવામાં આવ્યું છે. પાંચાલ પુરાણમાં પણ ચૌદ અધ્યાયો હોવાનું કહેવામાં આવે છે. પાંચાલપુરાણ કોઈ ભિન્ન પુરાણ હોવાનું કહેવું મુશ્કેલ છે. આ પુરાણમાં પાંચાલનાં જ તીર્થોનાં સંદર્ભો અને કથાઓ વિશેષ હોવાથી કંડુલ પુરાણને પાંચાલપુરાણ નામ આપવાનો પ્રયાસ થયો હોય તેમ જણાય છે.

કંડોળિયા વિપ્રોમાં પ્રચલિત અનુશ્રુતિનાં આધાર લઈ સ્થાનનું કંડુલ નામ પ્રચલિત બન્યું હોવાથી કંડુલક નામના કાણ્વ વિપ્રની ગોપાલક વૃત્તિ અને ગોસેવાની કથા આપવામાં આવી છે. સ્વજનોથી ત્યજાયેલો, યજમાનો દ્વારા ગોર(ગુરુ) તરીકે ત્યજાવાથી પૌરોહિત્યથી ચાલતી આજીવિકા બંધ થતાં તેણે ગોચારણને આજીવિકાનું સાધન બનાવ્યું.[12]

યજ્ઞ વગેરે કર્મ કાંડમાં જે વ્યંગ (જેને અંગે કોઈ ખોડખાંપણ હોય તે કાર્ય કરી શકે નહીં. આ ધર્મશાસ્ત્રીય નિયમનો આધાર લઈ કંડુલકની ગોચારણ-ગોપાલક વૃત્તિનું નિરૂપણ થયું છે.

'બ્રાહ્મણોની ગાયો ચરાવીને' એમ કહીને પુરાણકાર સૂચવે છે કે આ ગામમાં બ્રાહ્મણોની વસ્તી વધુ હતી. ગાયોનું પ્રમાણ પણ આ ગામમાં વધુ હતું.

ગોચારણની સાથે ગોસેવાનું મહત્ત્વ પ્રસ્થાપિત કરવા ગાયોના મુખે અશરીરિણી વાણી બોલાવી ગાયોને રુદ્રોની માતા, વસુઓની પુત્રીઓ અને સૂર્યની બહેનો ગણાવી છે.[13]

સમગ્ર વૃત્તાન્તમાં ગોસેવાના કથનનું આ નાભિબિન્દુ છે. વેદમાં પણ 'माता रुद्राणां' કહી છે. કંડુલકની લેવાથી આ સ્થાન કંડુલક તરીકે ગાયોએ અશરીરિણી વાણી દ્વારા પ્રસ્થાપિત કર્યું છે.[14]

સ્થાન-થાનનું કંડુલક નામાભિધાન અહીં કેન્દ્રમાં છે. કંડુલકનું ગંગા સ્નાન, તેમજ ત્રિનેત્રેશ્વર પાસેની ગોમતી ગંગામાં સ્નાન નોંધપાત્ર છે (કં.પુ. 11/74).

ગોચારણ પ્રસંગે એકવાર ઉઠેલો વંટોળિયો, અને કઠિયારાઓનું ઊંટ ઉપર આવી ગોહરણ માટે થયેલું આક્રમણ[15] ગાયો દ્વારા પ્રતીકાર, કંડુલકે કરેલો સામનો, કઠિયારા (કાઠી) લોકોનું ભાગી જવું (કં.પુ. 11/76-87). આ કથાનાં મુખ્ય સૂત્રો છે.

काष्टिक - કઠિયારા - કાઠી લોકોની પ્રાચીનતા, વાલિયા લુંટારાના સમયથી પ્રસિદ્ધ છે. તેમનો લૂંટફાટનો વ્યવસાય પણ સૂચિત છે, અહીં કાષ્ટિક લોકો વિષે વિશેષ કોઈ વિગતો આપી નથી. પરંતુ તેમના પૂર્વપુરુષ તરીકે વેનના દેહના મંથનમાંથી થયેલો પુરુષ હતો. આથી અનુમાન કરી શકાય કે આ સ્થાનમાં કાઠી લોકોનો ઉપદ્રવ, ગામની પુનઃસ્થાપના, કંડુલનગર નામાભિધાન, આદિ લોકોમાં પ્રચલિત અનુશ્રુતિ ઉપર આધારિત જ છે. ગોગ્રહણ અને ગોરક્ષણ (કં.પુ. 11/92)ની ઘટના તો મહાભારતના ગોગ્રહણથી પ્રેરિત હોવાની સંભાવના નકારી શકાય નહીં.

આ અધ્યાયના અંતિમ શ્લોકો જોતાં ત્રિનેત્રેશ્વર, બકુલાર્ક, ગાયનું કંડુલ નગર નામ, કંડુલક બ્રાહ્મણની સાથે ગોગ્રહણ પ્રસંગે ત્રિનેત્રેશ્વરના વૃષભે કરેલું રક્ષણનું પરાક્રમ અહીંના નંદીનું માહત્મ્ય વધારે છે (કાં.પુ. 11/94-96). આ સ્વયંભૂ શિવનું મંદિર છે (કં.પુ. 11/98).

આમ આ અધ્યાયમાં સ્થાન-પાંચાલની પ્રાચીનતા સિદ્ધ કરવાનો સભાન પ્રયત્ન થયો છે.

અધ્યાય-12માં સાંબકુંડ અને મચ્છધરાના માહાત્મ્ય સાથે સંબંધિત કથા આપવામાં આવી છે. સામ્બપુરાણ અને શ્રીકૃષ્ણ-સામ્બ વૃત્તાન્ત સંબંધિત પુરાણોમાં આવતી કથા અને શ્રીકૃષ્ણના દ્વારકાનિવાસ સાથે સંકળાયેલી કથાનો અહીં આધાર લેવાયો છે. સામ્બને કૃષ્ણના શાપથી કોઢ થતાં (અ.12/14) કણ્વાલયમાં આવી સામ્બે બકુલાર્કનું આરાધન કર્યું. સૂર્યની મૂર્તિની તેણે કરેલી સ્થાપના, સારંગ શૃંગ ઉપર તેનો નિવાસ, સામ્બ કુંડમાં સ્નાન (કં.પુ. 12/15, 16), સૂર્યના આરાધનથી સામ્બ શાપ મુક્ત થવું (કં.પુ. 12/18) - આ ઘટનાઓ આ સ્થાનને તેના નામ સાથે જોડે છે.[15] જે કુંડમાં સામ્બ સ્નાન કરતો હતો. તે સામ્બકુંડ કહેવાયો (અ.12/19). જ્યાં તેણે નિવાસ કર્યો હતો. તે પુરી साम्बपुरी કહેવાઈ (અ.12/ 20). સૂર્યે ત્યાં નિવાસ કર્યો[16] (કં.પુ.12/21).

મચ્છધરા સાથે જાજલિનું વૃત્તાન્ત પણ સાંકળ્યું છે. મૂળે જાજલિ અને તુલાધાર વૈશ્યનો સંવાદ અને જાજલિના ગર્વનો નાશ મહાભારત અને ભાગવતમાં આવે છે. (મ.ભા.શાં. પ. 253-257, ભા.પુ. 4.31.2). ચિત્રાવ શાસ્ત્રી નોંધે છે કે વિષ્ણુપુરાણ, વાયુપુરાણ, બ્રહ્માંડપુરાણ અને ભાગવતના મતે વ્યાસની આથર્વણ પરંપરામાં તે વશ્યના શિષ્ય હતા. આ નામે બીજા એક ઋગ્વેદી બ્રહ્મર્ષિ પણ છે (પ્રા.ચ.કો.P. 231).

અહીં જાજલિના મત્સ્યધરામાં માછલાંનો વિશાળ પરિવાર જોઈ તેમને ગૃહસ્થાશ્રમ માંડવાની ઈચ્છા થઈ. માંધાતાની પચાસ કન્યાઓએ તપોબળથી દિવ્ય યુવાન સુંદર બનેલા જાજલિને પસંદ કરી વરી જાજલિએ પણ અનેક રૂપ ધરી પચાસેય પત્નીઓને સંતોષ આપ્યાની

કથા સ્થળની પ્રાચીનતા, ગૃહસ્થાશ્રમની મહત્તા અને યોગસિદ્ધિ બતાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. અંતે જાજલિએ સંસાર ત્યજી સપત્ની વનમાં જઈ બ્રહ્મનું ધ્યાન ધરી દિવંગત થયા. આ ધરો માત્સ્યહૃદ કહેવાયો.[17] અહીં સ્નાન કરવાથી પુત્ર પૌત્રાદિકનું સુખ વધે છે.[18]

તાલપર્વત સાથે તાલ નામના દૈત્યની કથા જોડવામાં આવી છે. ઈન્દ્રે તેને વજ્રથી માર્યો હતો (કં.પુ. 12/61). આ સ્થળે સૌભારિ મુનિએ નિવાસ કર્યો હતો (કં.પુ. 12/62).

ચિત્રાવ શાસ્ત્રી તાલ નામના કોઈ દૈત્યની નોંધ લેતા નથી. અલબત્ત કૃષ્ણે તાલકેતુને માર્યો છે[19] અને કુવલયાશ્વે તાલકેતુને માર્યાનો ઉલ્લેખ માર્કંડેય પુરાણમાં મળે છે.[20] કદાચ પુરાણ પ્રસિદ્ધ તાલકેતુ ઉપરથી તાલ દૈત્યની કથા પર્વતના નામ સાથે જોડી દીધી હશે. આ વિસ્તારમાં તે પર્વત-ડુંગરો ઊંચો હશે.

સ્થાનાંતરણ સાથે મહદંશે શત્રુઓનાં આક્રમણ અને દુકાળ કારણભૂત જણાયાં છે. અહીં અધ્યાય-13માં સ્થાન-થાન-પાંચાલ પ્રદેશ છોડી અનાવૃષ્ટિના સમયે લોકો ચાલ્યા ગયા હતા અને સુકાળ થતાં પાછા ફર્યા ત્યારે ત્રિનેત્રેશ્વરની જગ્યા ખંડેર બની ગઈ હતી (કં.પુ.13/1-3). આ દુકાળનો ઘણો લાંબો સમય સૂચવે છે. શિવજીના પુનઃ પ્રાગટ્ય સાથે ગાયનું દૂધ ઝરી જવું અને ગોવાળ દ્વારા પૂજનને છોડી તેના પુનર્નિર્માણનો નિર્દેશ કરવામાં આવ્યો છે (કં.પુ. 13/4-5,8). આ સ્થાન ઘણા સમય સુધી નિર્જન ખંડેર બની ગયું હશે એમ સહેજે કલ્પી શકાય.

જિલ્લાનદમાં સ્નાન, બકુલાર્કનું પૂજન અને ચામુંડાનું દર્શન અહીં ઈચ્છિત આવનાર ગણાવાયું છે (કં.પુ. 13/10).

અહીં સ્થળની પ્રાચીનતા અને પાંચાલ પ્રદેશનું બ્રહ્માના આદેશથી સર્જન દર્શાવવું યુધિષ્ઠિરની શ્રીકૃષ્ણને પ્રાર્થના, વનવાસ દરમિયાન પાંડવોનું કાંપિલ નગરમાં આગમન અહીં

નિરૂપાયા છે. તાલ પર્વત નજીક સામુદ્રી દેવીના સ્થાન વાસે નિવાસ કર્યો (કં.પુ. 13/11-20). અહીં પાતાલગંગાના પ્રાગટ્ય સાથે શ્રીકૃષ્ણના સૂચનથી અર્જુને બાણથી પાતાળભેદી જળ આણ્યું (કં.પુ. 13/38, 39). તે ઘટના જોડવામાં આવી છે તે બાણગંગા કહેવાઈ (કં.પુ. 13/41). શ્રીકૃષ્ણે તેમને વિરાટનગરમાં જવાનું સૂચન કર્યું (કં.પુ. 13/45). અર્જુનના બાણપ્રહારથી પ્રગટ થયેલી ગંગા પાતાલગંગા કે બાણગંગા કહેવાઈ.[21]

આ બાણ ગંગાના કિનારે શ્રાદ્ધ ક્રિયાને મહત્ત્વ અપાયું છે (કં.પુ. 13/49, 50). શ્રીકૃષ્ણના ચરણ પ્રક્ષાલનથી આ સ્થાન 'વિષ્ણુપદ' કહેવાયું (કં. પુ. 13/51) છે. પ્રસિદ્ધ ગયાતીર્થ અને મહાભારત પ્રસિદ્ધ બાણગંગાના આધારે આ વૃત્તાન્ત કલ્પવામાં આવ્યો છે.

કણ્વસ્થાનની યાત્રાનું મહત્ત્વ આ પુરાણના પ્રધાન વર્ણ્યવિષય છે (કં.પુ. 13/62-68).

આ પુરાણનું જ્ઞાતિપુરાણ તરીકે અનુસંધાન જાળવવા. બ્રાહ્મણો અને વણિકોની સ્થાપના વિષે વંશવક્તાઓ (વહીવંચા બારોટોને) કહ્યું (કં.પુ. 13/72). આ બતાવે છે કે કંડોલિયા બ્રાહ્મણો અને કપોલ-સોરઠિયા વણિકોના વૃત્તાંતના ઐતિહાસિક આધાર વહીવંચા બારોટોની નોંધ છે. પરંતુ તેમના સ્થાનાંતરણ, વ્યવસાય અને પરંપરાઓ વિષે વિશેષ કહેવાયું નથી. તથા કેવળ સગોત્ર વિવાહ કે ભિન્ન જાતિ વિવાહના નિષેધની વાત કણ્વે વંશવક્તા (વહીવંચા બારોટો)ને કહી છે (કં.પુ. 13/76). અર્થાત્ બારોટોએ પુરાણકારને આ વિગતો આપી હતી.

અ. 13ના છેલ્લા પદ્યોમાં પુરાણના પઠન-શ્રવણના ફળકથન પછી અ.14 માત્ર કપોલ-સોરઠિયા વણિકોના વિભાગના વૃત્તાંત જોડવા રચાયા હોય તેમ લાગે છે. કણ્વના કહેવાથી હનુમાન બ્રાહ્મણો અને વણિકોને લઈ આવ્યાનો વૃત્તાંત પુરાણમાં આગળ આવી ગયો છે. અહીં હનુમાનના જન્મ, શૈશવ, સૂર્ય તરફ હનુમાનનું ગમન, ઈન્દ્રનો વજ્રપ્રહારની

કથા જોડાઈ (કં.પુ. 3-9) છે. પુરુષસૂક્તમાં આવતી વર્ણોત્પત્તિને અનુલક્ષી પછી વર્ણોત્પત્તિ આપવામાં આવી છે (કં.પુ. 14/11,12). વણિકોને બ્રહ્માના માનસપુત્રો ગણાવ્યા છે (કં.પુ. 14/13).

અહીં પ્રાગ્વાટ-સૌરાષ્ટ્ર (સોરઠીયા પોરવાડ) અને કપોલ પોરવાડના ભેદોની વાત કરી વણિકોને ઉપનયન માન્ય કર્યું છે (કં.પુ. 14/10,15,16,20).

અહીં કણ્વે કરેલા નીલોત્સર્ગનો વૃત્તાન્ત શિથિલ રીતે જોડી દેવા સતીના દેહત્યાગ, શંકરની દિગંબર અવસ્થા, શંકર પાછળ દોડતી મુનિપત્નીઓને લીધે મુનિઓનો શંકરને શાપ, શંકરના લિંગનું પતન (કં.પુ. 14/20), નીલવૃષભ રૂપે શંકરનો જન્મ (કં.પુ. 14/21). વૃત્તાંત આપી મરનાર પાછળ નીલોત્સર્ગથી પ્રેતોદ્ધારનું મહત્ત્વ દર્શાવ્યું છે. શિવના લિંગપતન મૂળે વિકૃતસૃષ્ટિની ઉત્પત્તિ સાથે સંકળાયેલી છે.

અહીં પ્રેતોદ્ધારના વિધિ અને નીલોત્સર્ગ નિરૂપાયાં છે. આ સ્થાન માહાત્મ્યનો જ અંશ છે (14/29). અમરકંટક લિંગની ઉત્પત્તિની કથા આનો આધાર જણાય છે (કં.પુ. 14/30). આ અધ્યાયના 14/34-38 વૃત્તાન્ત (કં.પુ. 14/37-40). આને કાષ્ઠિકો વચ્ચે રહેતા ધર્મનિષ્ઠ ધર્મ નામના ચારણની કથા (કં.પુ. 14/40), યાત્રિકોના સંઘમાં ચારણની યાત્રા - ઝિલાનદમાં અને બ્રહ્મકુંડ - ગોમુખીમાં સ્નાન - વગેરેના નિરૂપણ સાથે ગૌતમ - અહલ્યના વૃત્તાંતને ગૌતમીની ઉત્પત્તિ સાથે સાંકળી લેવામાં આવ્યો છે (કં.પુ. 14/64-92). અહીં પ્રસૂયમાના ગાયના પ્રદક્ષિણાને પૃથ્વીના પ્રદક્ષિણા સાથે સાંકળી લઈ સ્થળ માહાત્મ્ય વધારવામાં આવ્યું છે (કં.પુ. 14/74, 78, 79). અહીં સિંહસ્થ ગુરુ હોય ત્યારે સ્નાનનું મહત્ત્વ તેમજ તીર્થશ્રાદ્ધની અગત્ય દર્શાવી છે (કં.પુ. 14/94, 95). આની પાછળ સ્થળ માહાત્મ્ય વધારવાનો હેતુ સ્પષ્ટ છે.

અહીં બ્રહ્મકુંડનું મહત્ત્વ દર્શાવવા કૌશિકના તપની વાતને જોડી છે (કં.પુ. 14/95).

પાપાપનોદન સ્થાને એક કુંડના સ્થાને પહેલાં પાંચકુંડ હતા. લખતરના મહારાજાએ પાંચકુંડોનો એક કુંડ બનાવ્યો ત્યાં ભાદરવા સુદ-4,5,6નો મેળો ભરાય છે. અહીં આવેલી શિલા વિષે અનેક માન્યતાઓ ચાલે છે (કં.પુ. 3/1).

ચારણ દ્વારા આરાધન (કં.પુ. 14/98), ગાયો અને વૃષભોનું પ્રાગટ્ય) પણ ત્રિનેત્રેશ્વરના સ્વયંભૂ લિંગ વિષે પ્રવર્તે છે (કં.પુ. 14/107).

કણ્વે નિરીહ (ઇચ્છારહિત) હોવા છતાં આ સ્થાનનું નિર્માણ કર્યું છે (કં. પુ. 14/112-116). તેમનું કાર્ય લોકહિત માટે હતું. લોકહિત માટે કરેલું કાર્ય કર્મદોષથી લેપાતું નથી (કં.પુ. 14/117). આ નિરૂપણ ઉપર ગીતાના કર્મયોગની અસર છે. અહીં અંતે બે શ્લોકો 14/118 અને 119માં ફલશ્રુતિ આવી છે.

### 5.4.2 ભૌગોલિક સ્થાનોનાં અભિજ્ઞાન[22] : (કં.પુ. ખં.-૧ પે. )

પાંચાલ દેશ સૌરાષ્ટ્રની મધ્યમાં આવ્યો છે. સૌરાષ્ટ્ર કે કાઠિયાવાડ માટે પાંચાલ નામ પ્રયોજાયું છે. પાપાપનોદન વનમાં તપ કરતા પાંચ ઋષિઓ - કણ્વ, ગાલવ, ઔતિથ્ય, આંગિરસ અને બાર્હસ્પત્યના સેવનને કારણે આ પ્રદેશ પાંચાલ કહેવાયો છે (કં.પુ. 1/25, 28, 130, 131). पञ्चानां ब्रह्मर्षीणाम् आलयः इति पञ्चालः ।

**પાપાપનોદન :-** આ પ્રદેશમાં આવેલું વન પાપનોદન તરીકે ઓળખાવાયું છે ત્યાં સાર્થ પાપનાસણું નામે તીર્થ છે. અહીં પાંચ ઋષિઓના નામે પાંચ કુંડ હતા. તે સ્થાને હાલ એક કુંડ છે. સં. 1970માં મહારાણા શ્રી કરણસિંહજીએ પોતાના પ્રિય પુત્ર કુમારશ્રી માનસિંહજીની શાંતિ અને સ્મૃતિમાં પાંચ કુંડમાંથી એક કુંડ બનાવરાવ્યો

હતો. આ કુંડનું વર્ણન આ પુરાણમાં (5/50, 6/78-79, 7/19, 11/47-54) કરવામાં આવ્યું છે.

**બ્રહ્મકુંડ :-** આ સ્થળે બ્રહ્મા તપ કરીને પાપમાંથી મુક્ત થયા હોવાથી તે સ્થળે બ્રહ્મકુંડ સ્થપાયો છે. રામચંદ્ર આ કુંડમાં સ્નાન કરીને પાપમાંથી મુક્ત થયા હતા.

**કલુષાપહ :-** રામચંદ્ર બ્રહ્મકુંડમાં સ્નાન કરી બ્રહ્મહત્યા, સ્ત્રીહત્યા જેવાં પાપોમાંથી મુક્ત થયા હોવાથી તે તીર્થ કલુષાપહ કહેવાયું છે.

## બ્રહ્મશિલા-ધર્મશિલા :-

આ પુરાણમાં (5/46-48)માં બ્રહ્મશિલા અને પ્રેતશિલાનું વર્ણન છે. આમાંથી એક શિલા પાપાપનોદન કુંડની નજીક અગ્નિ ખૂણામાં વડના ઝાડ નીચે આવેલી છે. તે વિષે અનેક માન્યતાઓ પ્રચલિત છે.

## ગૌમુખી ગંગા :-

કંડુલ પુરાણ (8/38-48)માં ગૌમુખી ગંગાનું વર્ણન છે. આ સ્થળે મીઠા પાણીનો વોકળો આવેલો છે. તે સ્થાન 'હરણમોક્ષી' તીર્થ તરીકે ઓળખઆય છે. આ વિષે પ્રચલિત વાયકા છે કે સપ્તર્ષિઓએ આ સ્થળે એક હરણીનો મોક્ષ કર્યો હતો. આ વોકળો (નદી) ત્રિનેત્રેશ્વરની પાસેથી વહે છે.

આ પુરાણમાં સપ્તર્ષિઓ દ્વારા હરણીના મોક્ષની વાત આવતી નથી. શંકરના તપ દ્વારા ગંગાજી પ્રાગટ્ય (અ.8) અને ગૌતમ અહલ્યાનો વૃત્તાંત (અ.14) આ નદીના પ્રાગટ્ય સાથે સાંકળવામાં આવ્યો છે.

## ત્રિનેત્રેશ્વર :

આ પુરાણ (અ.8)માં ત્રિનેત્રેશ્વરનું વર્ણન છે. આ શિવાલય થાનરોડ સ્ટેશનથી છ માઈલ અને પાપનાસણાં તીર્થથી એક માઈલ પૂર્વમાં છે. કણ્વ મુનિએ તપ દ્વારા શંકરને પ્રસન્ન કરેલા. તેમણે કણ્વની સ્થાન (થાન) સ્થાપવાની ઈચ્છા પૂર્ણ કરી હતી (8/98-99).

દીર્ઘ દુષ્કાળના સમયે નષ્ટ થયેલા આ શિવાલયનું પુનઃ નિર્માણ થયાની ઘટના અ.13માં વર્ણવાઈ છે. મંદિરની ત્રણે બાજુએ ફરતો કુંડ છે. તે બ્રહ્મકુંડ, વિષ્ણુકુંડ અને શિવકુંડ કહેવાય છે.

આ મંદિરનો જીર્ણોદ્ધાર સં. 1958 શ્રાવણ સુદ-5 શુક્રવાર 8-8-1902ના રોજ લખતર રાજ્યના સ્થાપક મહારાણાશ્રી અભયરાજની અગિયારમી પેઢીએ રાજકર્તા ઝાલાકુળના મહારાણાશ્રી કરણસિંહજીએ પોતાની જ્યેષ્ઠ કુંવરી સુંદરબાના સ્મરણાર્થે કરાવ્યું છે. મંદિરથી થોડે દૂર એક ભોંયરું છે.

ત્રિનેત્રેશ્વરથી બે ગાઉ (ચારેક માઈલ) પૂર્વમાં એક વડ દ્રૌપદી વડ કહેવાય છે ત્યાં નવલખો કૂવો છેઃ ત્યાં એક ચોરી છે.

પાંડવોના વનવાસ અને ગુપ્તવાસની કથા અહીં પુરાણમાં છે પણ આ સ્થળનો કોઈ ઉલ્લેખ આ પુરાણમાં મળતો નથી.

## બકુલાર્ક :-

આ પુરાણ (3/84-112)માં સૂર્યનારાયણ બકુલાર્ક નામે ઓળખાવાયા છે. આ સૂર્યમંદિર થાનરોડ સ્ટેશનથી ઉત્તરમાં બે એક માઈલ દૂર આવેલું છે.

આ સૂર્યને કાઠી લોકો ઈષ્ટદેવ રૂપે પૂજે છે. કાઠીઓ પોતાને સૂર્યવંશી રાજપૂતો માનતા હોવાની વાતનું અહીં સમર્થન છે ત્યાં વણ ઉકેલાયા ઘણા જૂના શિલાલેખો છે. આ મંદિરમાં બકુલાદિત્ય, રન્નાદે અને વિષ્ણુની મૂર્તિઓ છે. આગળના ભાગે અરુણની મૂર્તિ પણ છે. અહીં ઘણી મૂર્તિઓ ખંડિત દશામાં છે. મંદિર ઉપર ત્રણ શિખર છે.

મંદિરના આગળના ભાગે ગિરનાર પર્વત ઉપર બિરાજતા અંબાના ગોખ જેવો ગોખ છે.

અહીં પ્રાચીન કલાકારીગરી જોવા મળે છે. આ મૂળ મંદિર નષ્ટ થવાથી નવું બંધાવાયું હશે. મૂળ મૂર્તિઓ સોનાની હતી તે આજ નથી એમ કહેવાય છે.

**નાગકૂપ :-**

આ મંદિરની પૂર્વમાં નાગકૂપ છે. તેમાં અસલ સપ્તધાતુની સૂર્ય, રન્નાદે, સોનાની આંગ અને રથ પધરાવામાં હોવાની કથા છે. આ મુસ્લિમોના આક્રમણનું પરિણામ હોઈ શકે. આવી લોકવાયકા ઘણા સ્થાનો વિષે પ્રચલિત જણાય છે. આ નાગકૂપનો આ પુરાણમાં ઉલ્લેખ નથી. અર્થાત્ આ પુરાણનાં કેટલાક સ્થળો ખાસ કરીને બકુલાદિત્યનું સ્થાન મુસ્લિમોના આક્રમણ પહેલાંનું હોય તેમ વર્ણવાયું છે. અન્યથા નાગકૂપનો ઉલ્લેખ થયો હોત !

**ગૌતમાશ્રમ :-**

આ સ્થળથી થોડે દૂર પર્વતની તળેટીમાં સૂર્યકુંડ, અગ્નિકુંડ, બ્રહ્મકુંડ, દેવ સરોવર, ધર્મવાવ, કપિલાવાવ, ધનેશ્વર મહાદેવની જગ્યા, સપ્તદેવીઓની ખંડિત મૂર્તિઓ, ગૌતમમુનિનો આશ્રમ અને એક તળાવ છે. આમાંના ઘણા સ્થાનોનાં ઉલ્લેખ આ પુરાણમાં નથી.

આ પુરાણના આશ્રમમાં ગૌતમમુનિના આશ્રમનો ઉલ્લેખ માત્ર મળે છે. તે સાથે ગૌતમ-અહલ્યાનો વૃત્તાન્ત જોડી દેવાયો છે.

## જીલણિયા તળાવ (જિલાનદ) :

આ તળાવનું વર્ણન આ પુરાણ (9/98-101)માં કરવામાં આવ્યું છે. દેવીઓએ જળક્રીડા માટે રચેલું હોવાનું કહેવાય છે. આ તળાવનો ઉલ્લેખ છે પણ તેના નિર્માણ વિષે અહીં કાંઈ કહેવાયું નથી.

## હનુમાનજી :

આ સ્થાનના નિર્માણમાં હનુમાનનો વિશેષ ફાળો છે. તેની કથા 9/98-100માં મળે છે. થાનરોડથી એક માઈલ દૂર ઉત્તરમાં કંડુલિયા હનુમાન આવ્યા છે. (કં.પુ. અ-3, 4/36માં તેનો ઉલ્લેખ મળે છે. ઘણા જ પ્રાચીન ઓટલા ઉપર ઝાડ નીચે આ મૂર્તિ છે.

ગામ વસાવાય ત્યાં ઉત્તરમાં દક્ષિણાભિમુખ હનુમાન અને દક્ષિણમાં ઉત્તરાભિમુખ ગણેશની સ્થાપના કરવાની પરંપરા જોતાં આ હનુમાનનું સ્થાન થાનનગરીની ઉપર સીમા ગણાય. આ પુરાણમાં પાંડવો દ્વારા ગણેશની સ્તુતિ ગણપતિના સ્થાન સંબંધિત હોઈ શકે. પરંતુ તેનો કોઈ ઉલ્લેખ નથી કે સંદર્ભ આ પુરાણમાં નથી. આ પુરાણનાં હનુમાનનું વર્ણન આ દષ્ટિએ અગત્ય ધરાવે છે.

## બ્રહ્મગુફા :

જીલણિયા તળાવ અને સૂર્યમંદિરથી ઉત્તરે અર્ધો માઈલ દૂર ગુફા વસાવેલી છે તે બ્રહ્મગુફા હોવાથી સંભાવના છે. તેનું મુખ શિલાથી ઢાંકી દેવામાં આવ્યું છે ત્યાં રામ, લક્ષ્મણ, સીતાની મૂર્તિ છે. આ સ્થાનનો જીર્ણોદ્ધાર થાનના કુંભારે કરાવ્યો.

આ પુરાણમાં રામના પ્રાયશ્ચિત્તની કથાનો આ પ્રેરણાસ્રોત જણાય છે.

અહીં આવેલો ડુંગર સોનગઢનો ડુંગર કહેવાય છે. અહીં ગુફામાં ગેબી બાબા એક સમયે રહેતા હોવાથી આજે તે ગુફા ગેબી ગુફા તરીકે ઓળખાય છે.

**અનસૂયા શ્રમ :**

ગેબી ગુફા કે બ્રહ્મગુફાથી થોડે દૂર પશ્ચિમમાં આવેલા આશ્રમ અને ત્રણકુંડ પણ પાપાપનોદન તીર્થનાં સ્થાનો છે. અહીં ઘણા મુનિઓ રહેતા હતા. અત્રિ-અનસૂયા પણ એક કાલે રહેતા હશે એવું અનુમાન કરી શકાય. પરંતુ આ સ્થાનની પ્રાચીનતા બતાવવા અનુશ્રુતિમાં આવી કથા રચાતી હોય છે.

આ પુરાણમાં આ સ્થાનનો કોઈ ઉલ્લેખ મળતો નથી.

**સપ્તમાતૃકા-સામુદ્રીદેવી :**

અનસૂયાના આશ્રમથી ઉત્તરે સામુદ્રી માતાના મંદિરે જતાં ભેટ ગામની સીમમાં સપ્તમાતૃઓનું મંદિર છે. એક ઓરડામાં સાત મૂર્તિઓ છે. આ સ્થાન વિશે ઘણી માન્યતાઓ પ્રચલિત છે. અહીં ખીંટા ઉપર લટકતી સાંધા અને ફાડ વગરની લાકડાની સાંકળ છે, લોખંડની સાંકળ નથી. તે આ સ્થાનની એક વિશિષ્ટતા છે.

આ સ્થાનથી પાંચેક (ગાઉ દસેક ગાગાઉ) દૂર ઉત્તરે અસુરોના સંહાર અને ભક્તોનું સંકટ સમયે રક્ષણ કરવા સામુદ્રી માતાનું મંદિર આવેલું છે.

આ પુરાણમાં આ બંનેનું કથાનક આપવામાં આવ્યું છે.

આ સમગ્ર સંકુલમાં આવતાં તરણેતર, વમાધર, ઊંડવી, ભેટ, નાળ, રાયપર, સુંદરિયું

વગેરે ગામો આવે છે. સુંદરિયું ગામ સુંદરી ભવાની સાથે કોઈક રીતે જોડાયેલું હશે ! એમ અનુમાન થઈ શકે.

આજે સામુદ્રીમાતાનું મંદિર ધ્રાંગધ્રા સ્ટેટમાં છે. દસા-વીસા સોરઠિયા, કપોળ, કંડોળિયા જ્ઞાતિઓનું કુળદેવીનું આ સ્થાન છે.

આ ભૂમિની માટી રક્તવર્ણી છે.

આ મંદિર વાંકાનેરથી ચોવીસ માઈલ ઉત્તરે છે. વચ્ચે ભીમોડુ, માથક વગેરે ગામો આવે છે. ગામનું નામ ભીમોડું ભીમના પગલા ઉપરથી પડેલું હોવાનું મનાય છે. પાંચાલમાં પાંડવોના વનવાસની કથા આ પુરાણમાં છે.

સામુદ્રી માતાના મંદિરના દક્ષિણ દરવાજાથી આશરે ત્રીસેક ડગલાં દૂર શ્રીકૃષ્ણ, પાંડવો, દ્રૌપદીનાં પૂતળાં ખુલ્લામાં છે. શ્રીકૃષ્ણ-પાંડવો, પાંડવોના વનવાસ, ગુપ્તવાસ વગેરે આ પુરાણમાં આવતા વૃત્તાંતનું પ્રેરણાસ્થાન છે.

આ પુરાણમાં આપતા શ્રીકૃષ્ણ-પાંડવોનો વૃત્તાંત આ પૂતળાંના અસ્તિત્વ ઉપરથી રચાયો હશે.

## ભીમકુંડ :

મંદિર અને કિલ્લાના પશ્ચિમે ભીમકુંડ આવ્યો છે. તેમાં પાણીના રંગ લીલું છે. ગિરનાર ઉપરના ભીમકુંડનું પાણી પણ લીલું છે. તે એક આશ્ચર્યકારક બાબત છે. કદાચ મહાભારતમાં ભીમને મારવા દુર્યોધને ઝેરના લાડુ ખવડાવ્યાની ઘટના આવા જળાશયના જળ ઉપરથી મહાભારતની ઘટના સાથે જોડી દેવામાં આવી હશે.

**ભોજનવાવ :**

લોકવાયકા પ્રમાણે મંદિર અને કિલ્લાથી વાયવ્યમાં લગભગ ત્રણસો ડગલાં દૂર વાવમાં એક મૂર્તિ ઊંધી પડેલી છે. મૂળે એ અહીં માતાની મૂર્તિ પ્રતિષ્ઠા વખતે ઊલટી પડી હતી. વાવ પુરાઈ ગયેલી અવસ્થામાં જણાય છે. પાણી જમીનની ઉપર અને બે હાથ ઊંડુ છે. આ વાવનો કોઈ ઉલ્લેખ આ પુરાણમાં નથી. સામુદ્રી કે સુંદરી ભવાનીની મૂર્તિસ્થાપના કે મંદિરના પુનર્નિમાણ સાથે સંકળાયેલી ઘટનાનું અનુમાન કરી શકાય.

**બાણગંગા :**

મંદિરની દક્ષિણે બાણગંગા આવેલી છે. શ્રીકૃષ્ણના પગ પખાળવવા અર્જુને ધરતીમાં બાણ પ્રહાર કરી ગંગાને પ્રગટાવી હતી.[23] તેવાં ઉલ્લેખ આ પુરાણમાં છે.

મંદિરના બાહ્ય ભાગથી પશ્ચિમે વાયવ્ય ખૂણામાં કણ્વેશ્વરનું મંદિર આવ્યું છે. કણ્વે શંકરના કરેલા આરાધનની સાક્ષી પૂરે છે. આ પુરાણમાં કણ્વ દ્વારા શંકરનું આરાધન અને આ સ્થાનની સ્થાપના અંગે વૃત્તાન્ત આવેલો છે.

કંડુલ પુરાણમાં ઉલ્લિખિત ક્ષેત્રપાળ (કં.પુ. 5/142-149)નું સ્થાન આ જગ્યાએ મળતું નથી. સામાન્ય રીતે દેવીના મંદિર સાથે શિવાલય અને ભૈરવ સંકળાયેલા હોય છે.

થાનથી સામુદ્રી માતા આવવાના રસ્તે ઘણાં ખરાં સ્થાનો આવી જાય છે. આ વીસેક માઈલનો પટ્ટો છે. હળવદથી 12થી 14 કિલોમીટરનું અંતર થાય છે. તેમાં આ સ્થળો આવતાં નથી.

**સાંબનગરી - સારંગ પર્વત :**

પ્રાચીન કંડુલ નગર સૂર્યમંદિરથી સારંગ પર્વત છે. શાંબુ (સામ્બ) નગરી તેની નજીક

હોવી જોઈએ. સારંગ પર્વતની ચૌદેક માઈલ દૂર ભાટુકા નજીક પ્રાચીન શહેરનાં ખંડરોના અવશેષો પુરા તત્ત્વ ખાતા દ્વારા ઉત્ખનનની અપેક્ષા ધરાવે છે.

**મત્સ્યધરા (મચ્છધરો) :**

હાલમાં વાંકાનેરની ઉત્તરે મચ્છુ નદીમાં આવેલો છે. તે મચ્છધારા તરીકે પ્રસિદ્ધ છે. સૂર્યમંદિરથી પશ્ચિમે ચૌદેક માઈલ દૂર છે.

**તાલપર્વત :**

પાંચાલમાં ઉત્તરે તાલ પર્વતનો ઉલ્લેખ આ પુરાણમાં છે. તે હાલ સરા અને માથક ગામની નજીક આવેલો છે.

**ચૌલુક્ય પર્વત (ચોટીલા) :**

પાંચાલની દક્ષિણે ચૌલુક્ય પર્વતનો ઉલ્લેખ આ પુરાણમાં છે. આ પર્વત બલ્કે ડુંગરો ચોટીલા ગામની નજીક છે. ચોટીલા ઉપર ચામુંડા માતાનું સ્થાનક આવેલું છે. આજે આ સૌરાષ્ટ્રનું પ્રખ્યાત શક્તિ સ્થાન છે.

પાંચાલની મધ્યમાં સપ્ત દેવીઓ, પૂર્વમાં ભોગા દેવી, પશ્ચિમે હોલમાતા, દક્ષિણે ચામુંડા અને ઉત્તરે સામુદ્રી દેવીનું સ્થાન. કણ્વ સ્થાપિત નગરીને શક્તિઓના નિવાસથી સુરક્ષિત બનાવે છે.

આમ આ પુરાણમાં મળતી ભૌગોલિક વિગતોનાં અભિજ્ઞાન સરળતાથી થઈ શકે તેમ છે.

• • •

## પાદટીપ

1. स्थानस्यास्य मुनेश्चात्र पवित्रे देशसत्तमे ।

सप्तकोशवती सीमा चतुर्दिक्षु प्रवर्तताम् ॥

प्राच्या सारंगं शृङ्गं च प्रसिद्धा शांबुपुर्यपि ।

मात्स्यो ह्रदः प्रतीच्यां च कौबेर्यां तालपर्वतः ॥

चौलुकयो दक्षिणस्यां च तथा ब्रह्मगुहा च सा ।

यस्यां कृताधिवासो मां ब्रह्मा संदिष्टवानिदम् ॥ (કં. પુ. 4/27-29)

2. अस्ति तीर्थं रघुश्रेष्ठ सर्वकल्पषनाशनम् ।

कण्वेन स्थापितं स्थानं पाञ्चाले देश उत्तमे ॥ (કં. પુ. 11/41)

3. तीर्थेनापहृतं पापं महद्यदखिलं मम ।

अस्तु तस्मादिदं तीर्थं विख्यतिं कलुषापहम् ॥ (કં.પુ. 11/51)

4. वागर्थाविव संपृम्क्तौ वागर्थप्रतिपत्तये ।

जगतः पितरौ वन्दे पार्वतीपरमेश्वरौ ॥ (રઘુ. 1.1)

5. ગુજરાતી વિશ્વકોષ ખંડ-૨૪, જુઓ સોમ સિદ્ધાંત P.

6. महापापहरं राजन् रामाच्च ख्यातिमागमत् । (કં.પુ. 11/60)

7. चक्रे तत् द्वापरे चास्तु कापिलं मदुदीरणात् ।

कांपिलः नामतो राजा कृत्वा तत्स्थानमुत्तमम् ॥ (કં.પુ. 11/61)

8. कण्डुलको द्विजः कण्डुपुत्रः काणो बभूव ।

पितर्युपरते बाल्ये गोपालत्वमुपागतः ॥ (કં.પુ. 11/64)

9. वा.रा.कि. 48

10. વિષ્ણુ. પુ. 1/15, ભા.પુ. 4/30

11. પ્રા.ચ.કો. P. 111

12. स्वजनैः स निषिद्धोऽपि यजमानैर्धनार्पणैः ।

शुश्रूषणे मतिर्भव्या धर्मतश्चायेद् गाम् ॥

ब्राह्मणानां च गाः सर्वाः काम्पिलस्थानिवासिनाम् ।

चारयित्वा वने विप्रः संध्यायां प्रापयत् पुरम् ॥ (કં.પુ. 11/65, 66)

13. जनन्य सर्वरुद्राणां वसूनां तनया शुभाः ।

आदित्यानां स्वसारो वा जगज्जीवातमो (के) पणाः (मताः ?) । (કં.પુ. 11/70)

સરખાવો રુદ્રાષ્ટાધ્યાયી - माता रूद्राणां - અ-6/2

14. अस्मत्प्रसादात् विप्र तव सिद्धस्य नामतः ।

कण्डुलकेति विख्यातं स्थानमेतद्भविष्यति ॥ (કં.પુ. 11/72)

15. उष्ट्राश्च वाहना ये तु काष्टिका दुष्टबुद्धयः । (કં.પુ. 11/79)

15. इदं स्थानं त्वदीयं हि भवत्वापापरं नृणाम् । (અ.12/18)

16. प्रसिद्धं साम्बपुर्यत्र सारंगशृङ्गगमुत्तमम् ।

17. ततः प्रभृति मत्स्येन्द्र्यां मात्स्यह्रद इति स्मृतः । (કં. પુ. 12/57)

18. तस्मिन् स्नात्वा च प्राप्नोति पुत्रपौत्रादिकं सुखम् । (કં. પુ. 12/58)

19. મ.ભા. ભી. 45-9; ઉ. 148.5

20. માર્ક.પુ. 18-23

21. बाणेनाथ समानीता गङ्गेयं च कीरिटिना ।

पातालाद्बाणगङ्गेति लोके रव्यातिमुपैष्यति ॥ (કં.પુ. 13/47)

22. ततः सौरष्ट्रमध्यस्थं पाञ्चालदेशमाययौः । (કં.પ. 4/97)

23. धरातलं पार्थोऽयं बाणेनाहत्य रंहसा ।

पातालादानयद्गङ्गां पावमानां जगज्जलैः ॥ (કં.પુ. 13,39);

बाणेनात्र समानीता गङ्गेयं च कीरिटिना ।

पातालाद्बाणगङ्गेति लोके ख्यातिमुपैत्यति ॥ (કં. પુ. 13/47)

• • •

(1) વર્ણધર્મ (2) આશ્રમધર્મ (3) વર્ણાશ્રમધર્મ (4) નૈમિત્તિક ધર્મ (5) ગુણધર્મ[13] તન્ત્રવાર્તિક અનુસાર ધર્મશાસ્ત્રોનું કાર્ય એ છે કે વર્ણો તથા આશ્રમવાસીઓ ધર્મનું શિક્ષણ આપવું.[14]

મહાભારતમાં 'ધર્મ' શબ્દનાં બે વ્યુત્પત્તિગત અર્થ આપ્યા છે.[15] (1) ધન-પૂર્વક ऋ ધાતુને क्तन् પ્રત્યયનો યોગ થવાની 'ધર્મ' શબ્દ બને છે. જેનો 'જેના દ્વારા ધનની પ્રાપ્તિ થાય તે 'ધર્મ' અર્થ થાય. ધર્મ શબ્દનો અહીં પાર્થિવ-અપાર્થિવ પ્રકારનું ધન સમજવું જોઈએ. (2) ધારણાર્થક ધૃञ् ધાતુ સાથે मन् પ્રત્યયનો યોગ થવાથી ધર્મ શબ્દ બને છે. 'જે સર્વને ધારણ કરે છે' તે ધર્મ છે અર્થાત્ લોકસ્થિતિ જેની પર નિર્ભર હોય.

તૈત્તિરીય ઉપનિષદ્ વિદ્યાર્થી માટે 'સત્ય બોલવું' 'ધર્મનું આચરણ કરવું' વગેરે આદેશો કર્તવ્યના અર્થને પ્રતિબિંબિત કરે છે.[16] શ્રીમદ્ ભગવદ્ગીતા પણ આ જ અર્થનાં સૂર પુરાવે છે.[17]

મનુસ્મૃતિ અનુસાર ધર્મના પાંચ ઉપાદાન છે. સંપૂર્ણ વેદ, વેદજ્ઞાનની પરંપરા, વ્યવહાર, સાધુઓના આચાર તથા આત્મતુષ્ટિ[18] યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ પણ વેદ, સ્મૃતિ, સદાચાર, ઉચિત સંકલ્પથી ઉત્પન્ન અભિકાંક્ષા તથા પ્રિય એ પાંચને જ ધર્મોપાદાન માને છે.[19] ગૌતમ ધર્મસૂત્ર વૈદિક સાહિત્યને જ ધર્મનું મૂળ માને છે.[20] આપસ્તમ્બ ધર્મસૂત્ર અનુસાર જે વેદને જાણે છે તથા જે ધર્મજ્ઞ છે. તેનો જ મત ધર્મ પ્રમાણ માનવામાં આવે છે.[21]

શાસ્ત્રો અનુસાર જે ધર્મજ્ઞ હોય તથા જે આદર્શ પુરુષ હોય તેને ગુરુ બનાવવા જોઈએ. ગુરુના માર્ગદર્શન અનુસાર ચાલવાથી પથભ્રષ્ટ થવાનો ભય કે ડર રહેતો નથી. ગુરુએ દર્શાવેલા માર્ગને ન અનુસરતાં માનવી જીવનમાં ઘણી ભૂલો કરી બેસે છે. ઉપદેષ્ટા તેનો યોગ્ય પથદર્શક બની રહે છે.

## વિભાગ-2

## પ્રકરણ-7

# કંડુલપુરાણમાં સ્તુતિઓ

આ પ્રકરણમાં કંડુલપુરાણમાં આવતી સ્તુતિઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.

### 7.1 સ્તોત્ર-સ્તુતિ :

ष्टुञ् स्तुतौ । अदादि ગણ (બીજો ગણ)નો ઉભયપદી ધાતુને स्त्रियां क्तिन् પ્રત્યય લાગી સ્તુતિ શબ્દ બને છે. न् ની इत् સંજ્ઞા થતાં હ્રસ્વ इ કારાન્ત સ્તુતિ શબ્દ બને છે.

'ઈષ્ટ દેવતાની સ્તુતિ કરવી' એ ભક્તનો પરમ ધર્મ છે અને ભક્તનો ગુણધર્મ છે. स्तुतिर्नाम गुणकथनम् અર્થાત્ જેની સ્તુતિ કરવામાં આવે તેના ગુણોનું કીર્તન કરવામાં આવે છે. આમ સ્તુતિમાં આરાધ્ય દેવ કે ઈષ્ટદેવના ગુણોનું કીર્તન કરવું એ તેનો લાક્ષણિક અર્થ છે. સ્વામી દયાનંદ સરસ્વતી કહે છે કે, 'જેની સ્તુતિ કરવાની છે તેના ગુણો અને દોષોનું કીર્તન કરવામાં આવે તેને સ્તુતિ કહે છે.'[1]

સ્તુતિ એટલે જ સ્તોત્ર. સ્તુતિનો પર્યાય સ્તોત્ર છે. કોઈ વ્યક્તિ સાધારણ મનુષ્યની અથવા તો વિશિષ્ટ વ્યક્તિનાં વખાણ કરે તો તેને પ્રશંસા કહે છે. તે સ્તુતિ નથી. સ્તુતિ તો ઉપાસક અથવા વ્યક્તિ પોતાના ઈષ્ટદેવ કે આરાધ્ય દેવ વિષે દિવ્ય ભાવોથી આર્ત બનીને જે ગુણકીર્તન કરે છે તે સ્તુતિ છે. તે જ સ્તોત્ર છે. બંનેમાં સ્તુ ધાતુ રહે છે. આમ સ્તોત્ર કે સ્તુતિમાં દિવ્યભાવ છે, જ્યારે પ્રશંસામાં લૌકિક ભાવ જ હોય છે. પ્રશંસા ક્ષુદ્ર

કે તુચ્છ હોઈ શકે પરંતુ સ્તુતિ કે સ્તોત્રમાં તુચ્છતા ન હોઈ શકે. પ્રશંસા લૌકિક હોવાથી તેમાં સત્ય-અસત્યનું મિશ્રણ હોઈ શકે. તેથી પ્રશંસા લૌકિક છે, જ્યારે સ્તુતિ કે સ્તોત્ર સંપૂર્ણ રીતે દિવ્ય છે.

સ્તુતિ કે સ્તોત્રમાં વ્યક્ત પરમાત્મા અને ઈષ્ટદેવના ઉપકારોથી અભિભૂત થઈ ભક્ત તેમની સ્તુતિ કરે છે તેમાં અસત્યનો અંશ હોતો નથી. વ્યક્ત લૌકિક હોઈને તેનો માપદંડ કે દૃષ્ટિકોણ લૌકિક હોા છતાં પરમાત્મા પ્રતિ સ્તુતિના વિચારો ઉદાત્ત અને ભવ્ય કે દિવ્ય હોય છે. તેમાં કૃતજ્ઞતાનો ભાવ અભિવ્યક્ત થતો હોય છે જેમકે, પુષ્પદંત નામના ગંધર્વે ભગવાન શિવની સ્તુતિ કરતાં કહ્યું છે કે, "હે ભગવાન ! આપના મહિમાનો પાર નથી. તેથી બ્રહ્મા વગેરે દેવો પણ આપનું વર્ણન કરવા સમર્થ નથી. એટલે આ મારો આપની સ્તુતિ કરવાનો નમ્ર પ્રયાસ છે.'[2]

આચાર્ય મમ્મટે પણ કાવ્ય પ્રકાશમાં કાવ્યનાં છ પ્રયોજનોમાં એક પ્રયોજન શિવેતર ક્ષતિ ગણાવ્યું છે.[3] અર્થાત્ અમંગળનું નિવારણ કરવા માટે કવિઓ પોતાના સ્તોત્ર કાવ્યો દ્વારા પોતાના ઈષ્ટદેવની ભાવપૂર્ણ સ્તુતિ કરીને પરમાત્મપદ પામે છે. આમ સ્તુતિ કે સ્તોત્રથી અમંગળ કે અશિવ દૂર થાય છે. ભગવતી સરસ્વતીની સાધનાને માર્ગ અક્ષુણ્ણ બને છે.

## સ્તોત્ર શબ્દની વ્યુત્પત્તિ :

સ્તોત્ર શબ્દ વ્યાકરણની દૃષ્ટિએ स्तूयते अनेन इति स्तोत्रम् થાય છે. અર્થાત્ સ્તોત્ર એટલે જેના દ્વારા સ્તુતિ થાય તે. સ્તોત્ર પદમાં ष्टुञ स्तुतौ ધાતુથી दाम्बीश सदुयुजस्तुतुदसिसिचमिमहपतदर्शनहः करणे । (पा.सू. 3.2.182) સૂત્રથી स्तु ધાતુને ण्ट्रन् પ્રત્યય થાય છે અને तितुत्रदसिसुरकसेषु च (पा.सू. 7-2-9) इडागम નો નિષેધ થતાં इत्

થયો નહીં અને सर्वधातुकार्धधातुकयोः (पा.सू.7.3.84) થી स्तु નો ગુણ स्तो થતાં 'स्तोत्र' પદ થયું. અને નપું. માં स्तोत्रम् રૂપ થાય છે.

## 7.2 સ્તોત્ર કાવ્યનું સ્વરૂપ :

સ્તોત્ર ઈષ્ટદેવના ગુણકીર્તનનું ઉત્તમ સાધન છે. ભક્ત, સાધક કે કવિ પોતાની વાણીથી પોતાના ઈષ્ટદેવનું આરાધન કરે ત્યારે ગુણકીર્તન થવું સ્વાભાવિક છે. ગુણકીર્તન દ્વારા જ સાધ્ય ઈશ્વરનો સાક્ષાત્કાર થઈ શકે છે. આમ, સાધક અને પરમાત્મા વચ્ચેનું માધ્યમ એ સ્તોત્ર છે. સ્તોત્ર એ જ સ્તુતિ છે. આથી સ્તુતિનું મહત્ત્વ ઘણું છે. કોઈપણ ભક્ત કે સાધક સર્વોચ્ચ બ્રહ્મ તત્ત્વની સ્તુતિ કર્યા સિવાય તેમની નજીક કેવી રીતે જઈ શકે ? આમ, સ્તોત્ર કે સ્તુતિથી ભક્ત અને ઈષ્ટદેવ વચ્ચેનો માયાનો પડદો હટે છે. અજ્ઞાન કે અવિદ્યાનો અંધકાર નાશ પામે છે, અને જ્ઞાનનો ઉદય થાય છે. તેથી સંસ્કૃત સાહિત્યમાં સ્તોત્ર સાહિત્ય ખૂબ જ અગત્ય ધરાવે છે.

અમરકોષ પ્રમાણે કોઈ દેવતાદિનું છંદોબદ્ધ ગુણગાન કરવું તે સ્તોત્ર છે.[4] સ્તોત્ર એ પરમાત્માની પ્રીતિ સંપાદન કરવાનું ઉત્તમ સાધન છે. स्तोत्रं कस्य न तुष्टये । અર્થાત્ સ્તોત્રથી કોણ સંતુષ્ટ થતું નથી ! સ્તોત્રથી માનવી તુષ્ટ થાય છે તો પરમાત્મા તો પ્રસન્ન થાય જ. સ્તોત્રથી ભક્ત કે સાધકમાં દીનતાનોલ ભાવ પ્રગટ થાય છે. જ્યાં સુધી ભક્તનું હૃદય આર્દ્ર કે આર્ત ન બને ત્યાં સુધી તેમાં જોમ આવતું નથી. આ ભાવોદ્રેકતા સ્તોત્ર કે સ્તુતિ કાવ્યને ઊર્મિ કાવ્યની કક્ષામાં લાવી દે છે. આમ જેટલી ભાવોદ્રેક્તા ઉત્કત બને તેટલું સ્તોત્ર કાવ્ય ઉત્તમ બને.

ઉપમન્યુનું જયશંકર સ્તોત્ર એક ઉત્તમ સ્તોત્ર છે. તેમાં કવિ ભક્ત કહે છે, 'હે

ઈશએ ! આપનું સ્મરણ જ પવિત્ર કરનારું છે. તો પછી સ્તુતિયુક્ત વાણીથી આપનું ગુણગાન કરીએ તો શું કહેવું ? દૂધ તો સ્વાભાવિક રીતે મીઠું હોય તેમાં જો સફેદ સાકર નાખવામાં આવે તો પછી માધુર્યનું પૂછવું જ શું ?[5] આમાં કવિની ઈષ્ટદેવ પ્રતિ ભાવાભિવ્યક્તિ અને ભક્તિ અભિવ્યક્તિ થાય છે.

કવિ કે ભક્ત સ્તુતિ કે સ્તોત્ર દ્વારા પોતાના આરાધ્ય દેવતાનો મહિમાં વ્યક્ત કરે છે. તેમાં ઈષ્ટદેવતાનાં નામ, ધામ, રૂપ, સ્વરૂપ, ગુણ અને કાર્યોનું વિસ્તારથી વર્ણન કરે છે. આમ, સ્તોત્ર ખૂભ જ હૃદ્ય, મનોરમ અને સામાન્ય માનવીને ગમી જાય તેવું સાહિત્ય કે સ્તોત્ર કે સ્તુતિ પ્રેમનો મહિમા પ્રગટ કરે છે. તો ઈષ્ટદેવને ભાવની અંજલિ પણ આપે છે. દેવતાના નખશિખ વર્ણનોથી આપણા ગ્રન્થો વેદકાળથી ભરેલા છે. ઋગ્વેદ વગેરેમાં અગ્નિ, ઈન્દ્ર, વરુણ, ઉષા, મરુત્ વગેરે દેવતાઓની સ્તુતિએ આવે છે તેના દ્વારા તે તે દેવોનું મહત્ત્વ દર્શાવાયું છે. ઋગ્વેદના મંત્રોમાં ઈન્દ્રના પરાક્રમો, સૂર્યની સ્તુતિઓ મળે છે.[6] આમ, વૈદિક સૂક્તોમાં આપણાં સ્તોત્ર સાહિત્યની ગંગોત્રી છે.

પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યના સ્તોત્રો કે પુરાણોમાં જોવા મળતી સ્તુતિઓમાં આ સિવાય વિશિષ્ટ યાચના પણ હોય છે. સ્તોત્ર કે સ્તુતિના અંતે ફલશ્રુતિ પણ આપવામાં આવે છે.

## 7.3 સ્તોત્રનું મહત્ત્વનું લક્ષણ :

સ્તોત્ર કે સ્તુતિમાં મહત્ત્વની બાબત આત્મનિવેદન છે. ભાવોદ્રેકતાની ચરમસીમા છે. આત્મનિવેદનમાં સંપૂર્ણ શરણાગતિ હોય છે. સંપૂર્ણ શરણાગતિ બે પ્રકારની છે. મર્કટ અને માર્જાર તેનાં ઉદાહરણ છે. જે રીતે વાંદરીનું બચ્ચું એક જગ્યાએથી બીજે જવા માતા વાનરી વળગી રહે તેમ ભક્ત પરમાત્માને વળગી રહેવા પ્રયત્ન કરે છે. આ વૈધી ભક્તિ

છે. પરંતુ ભક્ત ઈષ્ટદેવને સંપૂર્ણ જવાબદારી સોંપે તો તે માર્જાર ભક્તિ બને છે. બિલાડી જ પોતાના બચોળિયાને મોંમાં પકડીને ઈજા ન થાય તેમ એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જાય છે તેમ ભક્ત ઈષ્ટદેવને શરણે જાય છે. આમાં પણ બે ભેદ થાય. બિલાડીથી બચોળિયા ઉપર કૃપા ઉતરે તેમ પરમાત્માની કૃપા ઉતરે તે પુષ્ટિ અને ભક્ત ઈષ્ટદેવને શરણે જાય તે પ્રપત્તિ. વલ્લભાચાર્ય પુષ્ટિ અને રામાનુજાચાર્ય પ્રપત્તિને મહત્ત્વ આપે છે. ભાગવતમાં ગોપીઓ રાસલીલા દરમિયાન શ્રીકૃષ્ણને સમર્પિત થાય છે. પણ પોતાના સદ્ભાગ્યનું અભિમાન થતાં શ્રીકૃષ્ણ અદશ્ય થાય છે. આથી આત્મનિવેદન કે શરણાગતિમાં અહંકારને સહેજે સ્થાન નથી. ભલે, પછી તે સાત્ત્વિક અહંકાર કેમ ન હોય ! પાનબાઈએ પણ પોતાના ભજનમાં ક્યાં નહીં કહ્યું કે, ‘ભક્તિ રે કરવી તેણે રાંક થઈને રહેવું. છોડવું અંતરનું અભિમાન રે !’ આમ, આત્મનિવેદન કે શરણાગતિ સ્તોત્રકાવ્ય કે સ્તુતિનું મહત્ત્વનું અંગ છે.

આથી જ ભક્ત ઈષ્ટદેવની કૃપા માટે કરુણ રૂદન કરે છે કે કાકલૂદી કરે છે. પોતાના અપરાધોની ક્ષમા માંગે છે. શ્રી શંકરાચાર્ય देव्यपराधक्षमापनस्तोत्रम् માં કહે છે કે, ‘હે જગદંબા ! જો મારા ઉપર તારી કૃપા હોય તેમાં શું આશ્ચર્ય છે ? કારણ કે અપરાધોની પરંપરાથી ઘેરાયેલો હોય તો પણ માતા પોતાના પુત્રની ઉપેક્ષા કરતી નથી. તે પુત્રને ક્ષમા જ આપે છે - नहि माता समुपेक्षते सुतम् ।

રામાયણ-મહાભારતમાં આનાં અનેક સ્તોત્રો મળે છે. રામાયણ, મહાભારત કે ભવિષ્યોત્તર પુરાણોનાં સાહિત્ય આદિત્યનાં સ્તોત્ર પ્રસિદ્ધ છે. રામાયણમાં મહર્ષિ અગસ્ત્ય રામને રાવણ ઉપર વિજય મેળવવા આદિત્ય સ્તોત્રનો ઉપદેશ આપે છે. તો ભવિષ્યોત્તરપુરાણનું

આદિત્ય હૃદય રોગ-નિવારણ માટે છે. ભગવાનનાં વિવિધ સામર્થ્ય દર્શાવતાં નામોનું ગાન કરવામાં આવ્યું છે. નામ સ્તોત્રો પણ પ્રસિદ્ધ થયાં છે. મહાભારતનું વિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર, ગોપાલ સહસ્ર નામ, પુરુષોત્તમ સહસ્રનામ જેવાં સ્તોત્રોનું પ્રેરણા સ્થાન બન્યું છે. અદ્‌ભુત રામાયણમાં રામે સીતાને સહસ્રનામ સ્તોત્રથી અંજલિ આપી છે. સીતાની શક્તિ રૂપે સ્તુતિ કરી છે. વિવિધ પુરાણોમાં શિવ સહસ્રનામ સ્તોત્રો પણ ગૂંથાયા છે. તેની બારેક સંખ્યા થાય છે. મહાભારતમાં શરશય્યા ઉપર સૂતેલા ભીષ્મે શ્રીકૃષ્ણની કરેલી સ્તુતિ ભીષ્મ સ્તવરાજ તરીકે પ્રસિદ્ધ છે. પુરાણો તો સ્તોત્રકાવ્યોની ખાણ છે. જ્ઞાતિપુરાણોમાં પણ આવાં જ સ્તોત્રો છે.

## 7.4 ફલશ્રુતિ :

સ્તોત્ર કાવ્યમાં અંતે ફળકથન હોય છે. સ્તોત્ર પાઠથી અનિષ્ટ નિવારણ અને ઈષ્ટ પ્રાપ્તિ થતી હોવાનું બનાવાય છે. શિવ મહિમ્ન સ્તોત્રમાં સ્તોત્રની શિવની વાઙ્મયી પૂજા કરી છે. શિવલોકની પ્રાપ્તિ તેનું ફળ છે. વિષ્ણુ સહસ્ર નામમાં પણ આવી જ રીતે ફલશ્રુતિ મળે છે. ગીતા માહાત્મ્યમાં પણ ગીતાના પાઠ-શ્રવણનું ફળ બતાવાયું છે. વળી માહાત્મ્ય સિવાય સ્તોત્ર પાઠને અપૂર્ણ માનવામાં આવ્યું છે. ઈષ્ટદેવતાના દર્શન, નામ સ્મરણ, સ્તોત્રપાઠ વગેરેનાં ફળ પણ આપવામાં આવે છે.

હિન્દુધર્મમાં અનેક દેવ-દેવીઓ છે. વેદમાં પણ અનેક દેવતાઓ મળે છે. પરંતુ ઋષિઓએ એકરાર કરી સત્ય પ્રસ્થાપિત કરતાં કહ્યું છે કે, ‘સત્ય તત્ત્વ એક જ છે તેને જ્ઞાનીઓ અનેક રૂપે - નામે વર્ણવે છે. (एकं सद् विप्राः बहुधा वदन्ति ।) વેદનો આ એકેશ્વર વિશિષ્ટ પ્રકારનો છે. અનેકતામાં એક તત્ત્વનું દર્શન છે. અથર્વશીર્ષ ઉપનિષદો અને સ્તોત્રોમાં ઈષ્ટદેવની જ આવા એક તત્ત્વ તરીકે ઓપ આપે છે. દેવોમાં ભેદ દૃષ્ટિ

પતન તરફ દોરે છે. ગીતાકાર આથી જ કહે છે કે, 'જે તેને ભજે તેને તે પામે. મારો ભક્ત મને પામે જ.' આ અભેદ દૃષ્ટિ ભક્તને ઉન્નતિના માર્ગે દોરી જાય છે. પણ સાંપ્રદાયિક ભેદદૃષ્ટિ સંઘર્ષક નિમિત્ત બને છે. હિન્દુ ધર્મ તો આ એકેશ્વરવાદ ઉન્નતિનો જ રાહ બતાવે છે. આ અભેદ દૃષ્ટિ જ અનિષ્ટ નિવારણ કરે.

## 7.5 સ્તોત્ર કાવ્યના પ્રકારો :

શ્લોકોની સંખ્યાના આધારે દેવદેવીઓમાં સ્તોત્રોના પ્રકારો થયા છે. પંચક, અષ્ટક, દશક, પંચદશી, શતક, સહસ્ર આવા અનેક ભેદો છે. કવચ, અર્ગલા, કીલક, ન્યાસ જેવા સ્તોત્રો તંત્રશાસ્ત્રમાં પ્રભાવથી જન્મ્યા છે.

દેહના અંગોનું દેવોનાં નામ સાથે સુરક્ષા સ્થાપવી તે કવચ સ્તોત્રો છે. આવતાં વિઘ્નોના નિવારણ માટે ઘરની સુરક્ષા માટે આગળો દેવાય તેમ આગળો દેવા અર્ગલા સ્તોત્ર થાય. બારણા ઉપર ખીલા જડીને સુરક્ષા થાય તેથી કીલક સ્તોત્રો પણ રચાયાં છે. તંત્રમાં હૃદય સ્તોત્રો પણ મહત્ત્વનાં બને છે. તેમાં રહસ્ય પણ પ્રગટ થતું હોય છે. આવાં સ્તોત્રોમાં મંત્રો કે મંત્રો તારવવા માટે મંત્રોદ્ધાર પણ આપવામાં આવે છે. અથર્વશીર્ષ સ્તોત્રોમાં મંત્રોદ્ધાર જોવા મળે છે. મંત્રોદ્ધારની માફક તંત્ર ગ્રંથોમાં મંત્રોદ્ધાર પણ આપવામાં આવે છે. આ ઉપરાંત નામ સ્તોત્રો પણ મળે છે. સપ્તશતીની શક્રાદય સ્તુતિ કે રુદ્રાભિષેકના રુદ્રમંત્રો નામ, સ્વરૂપ, કાર્ય આદિને ગૂંથે છે. દાર્શનિક સ્તોત્રોમાં પરમતત્ત્વ, મુક્તિના ઉપાય આદિ વર્ણવામાં આવ્યા હોય છે. નામ સ્તોત્રોના પણ પંચક, અષ્ટક, શતક પંચશતી, સહસ્ર નામ સ્તોત્રો જાણીતાં છે. ઋગ્વેદના एकं सद् विप्राः बहुधा वदन्ति નું સમર્થન યાસ્કે નિરુક્તમાં કર્યું છે. તે કહે છે કે तासां महाभाग्यात् देवताया एक एव आत्मा बहुधा स्तूयते । પરબ્રહ્મ

તત્ત્વ નિર્ગુણ નિરાકાર હોવા છતાં ઉપાસના માટે સગુણ સાકટ સ્વરૂપે દેવદેવીઓની કલ્પના કરી સ્વરૂપ, આયુધ પરાક્રમ, ભક્તવત્સલના આદિને ગૂંથીને સ્તોત્રો રચે છે. આવાં અનેકવિધ સ્તોત્રોમાં કંડુલપુરાણમાં મળતી સ્તુતિઓની પણ નોંધ લેવી ઘટે. આવી સ્તુતિઓ કે સ્તોત્રો વિષે હવે આપણે જોઈએ -

## 7.6 કંડુલપુરાણમાં આવતી સ્તુતિઓ :

પોતાના ઈષ્ટ અર્થની સિદ્ધિ માટે દેવો તથા મનુષ્યો પોતાનાથી ચડિયાતી શક્તિની સ્તુતિ કરે છે અને પેલી શક્તિ તેનાથી પ્રસન્ન થઈને સ્તોતાને અભીષ્ટ ફલ આપી તેને કૃતાર્થ કરે છે. પુરાણોમાં આ પ્રકારનું આલેખન અનેક વખત મળી આવે છે. કંડુલપુરાણમાં પણ કેટલાક દેવદેવીઓની સ્તુતિઓ મળી આવે છે.

તેમાંની કેટલીક સ્તુતિની સમીક્ષા કરીએ :

### 7.6.1 સૂર્યસ્તવન :

કણ્વમુનિ રાજા માંધાતાને પોતાની પાસે વાસ કરવાની આજ્ઞા કરે છે. પોતે બ્રાહ્મણોનું મહાસ્થાન ઊભું કરવાની કામના પ્રકટ કરે છે. આ અભિલાષા સિદ્ધ થાય તે માટે મુનિ સૂર્યનારાયણની સ્તુતિ કરે છે.

પોતાની સ્તુતિમાં મુનિ સૂર્યને વિશ્વવિધાતા, વિશ્વસાક્ષી, વિશ્વૈકનેત્ર અને વિશ્વને સુખ આપનાર તરીકે વર્ણવે છે.[6]

સૂર્યની પ્રવૃત્તિ વિષે ખ્યાલ આપતાં મુનિ કહે છે :

(1) સૂર્યના ઉદયથી જગત ઊંઘમાંથી ઊઠે છે,

(2) તે હજારો કિરણોની માળા ધારણ કરનાર છે,

(3) કિરણો વડે પૃથ્વીનો રસ ખેંચીને લોકકલ્યાણ માટે વરસાવે છે.[7]

અહીં आदित्य आदत्ते रसान्निति નિર્વચન બંધ બેસે છે. પર્જન્ય એ જ સૂર્ય એવો ભાવ અહીં છે.

(4) તેનાં કિરણોના સ્પર્શથી જલ પવિત્ર બને છે,

करसंस्पर्शनात् શબ્દો સૂર્ય કિરણો શુદ્ધિનું પરણ કરણ જણાવે છે.[8]

(5) જલમાં સ્નાન કરીને મુનિઓ તેનું ધ્યાન કરે છે, (કં.પુ. 3, 83, 84)

(6) તે અખિલ કર્મની સિદ્ધિ માટે જગતને પ્રવૃત્ત કરે છે.

(7) તેના મંડલને બ્રહ્મા, ઈન્દ્ર, નારાયણ, રુદ્ર વગેરે નમસ્કાર કરે છે.[9]

(8) પદ્મનો વિકાસ કરવામાં તેનાં કિરણો કારણરૂપ છે,

(9) મેષાદિકાલરચનામાં તે કુશલ છે,[10]

(10) તે શરણાગતોની રક્ષા કરે છે,

(11) તે ગાયત્રીમંત્રના જપનું સત્ફલ આપે છે,[11]

(12) તેનાં કિરણો લાલ તામ્ર જેવાં છે,

(13) તે બ્રહ્મા રૂપે જગતનું સર્જન કરે છે,[12]

(14) તે વિષ્ણુ સ્વરૂપે જગતનું ભરણપોષણ કરે છે,[13]

(15) તે હરસ્વરૂપે જગતનો સંહાર કરે છે.[14]

(બ્રહ્મા, વિષ્ણુ અને શંકર વચ્ચેના અદ્વૈતને કેવી વૈજ્ઞાનિક રીતે અહીં આલેખી દીધું છે !)

(16) તે પૂજન - પ્રણામ - સ્મરણ કરવાથી જગતમાત્રને કલ્યાણ આપે છે,[15]

(17) તે સત્કર્મના સાક્ષી છે.

(18) તેની કૃપાથી વિદ્યાઓ ઉત્પન્ન થાય છે,[16]

(19) તેને લીધે હૃદયમાં ગદ્યપદ્યનું જ્ઞાન થાય છે,[17]

(20) તે ભક્તોની મહત્તાને વધારે છે.[18]

સૂર્યના આ સ્તવનમાં ઋષિએ વિજ્ઞાન અને પૌરાણિકતા, તર્ક અને શ્રદ્ધાનો સમન્વય કર્યો છે અને પોતે બ્રાહ્મણો માટેનું જે સ્થાન સ્થાપિત કરવા ઈચ્છે છે, તેમાં તે દેવની સહાયતા માટે યાચના કરે છે. તેમની યાચનાની પૂર્તિ માટે સૂર્યનારાયણદેવ ત્યાં પ્રકટ થાય છે અને બકુલાર્ક નામ ધારણ કરે છે.[19]

તેમનાં દર્શન કરીને હર્ષમાં આવેલા મુનિ ફરીથી તેમની સ્તુતિ કરે છે. વાલબિલ્વોએ તેમની સ્તુતિ કરી છે.[20] અહીં પણ સૂર્યનાં સંબોધનો નોંધપાત્ર છે :[21]

(1) તેજોમંડલમધ્યસ્થ, દુર્નિરીક્ષ્ય, સહસ્રધિષ્ણ્ય

(2) સૂર્યનાં અનેક નામોમાંથી નીચેનાં નામો નોંધપાત્ર છે.

सवितृ, सूर्य, विश्वनेत्र, भानु, सर्वव्यापक, विजयवान्, विष्णुस्वरूप,

(3) વાલખિલ્ય નામના ઋષિઓ દ્વારા સ્તુતિ કરાયેલા દેવ[22]

(4) અંધકારના નાશ કરનાર, पद्महस्त, दिननाथ, जगन्नाथ, हंसस्वरूप, अरुणसारथि, व्याधिविध्वंसहेतु, सतां सेतु, वृष्टिनिदान, जगतां जीवनप्रद्योतेन, मित्र, क्षीणक्षिप्राधिप, तपनीयप्रभ, पद्मप्रबोधपटु, प्रभाकर, वर्णाश्रम-सर्वधर्मप्रवर्तक, ग्रहाधिनाथ, विश्वात्मन्, सर्वविद्याप्रद આ બધાં અભિધાનો તેમના સ્વરૂપને વ્યક્ત કરે છે.[23]

આ સ્તુતિથી પ્રસન્ન થયેલા સૂર્યદેવ મહર્ષિને વચન આપે છે કે તમારા મનની ઈચ્છા મને કહો. તે દુર્લભ કે દુઃસાધ્ય હશે તો પણ હું તે પૂર્ણ કરીશ વરદાન માગો (103).

મુનિ દેવને આ ઉત્તમ ક્ષેત્રમાં નિવાસ કરવા પ્રાર્થે છે (104-105).

અહીં સ્તુતિના અંતે ફલશ્રુતિ પણ આપી છે (3/108-109).

સૂયદેવ સાક્ષી બની રહી તે સ્થાનનું રક્ષણ કરવાનું વચન આપે છે અને આ પ્રકારની સ્તુતિ કરનારને પોતે મનોરથપૂર્તિ, આરોગ્ય, લક્ષ્મી, પુત્ર-પૌત્રસંપત્તિ વગેરેનું પ્રદાન કરવાનું વચન આપે છે.[24]

## 7.6.2 कामधेनुस्तुति ( अ.4 ) :

કણ્વમુનિએ વિશ્વકર્માની સહાયથી સ્થાનનગરની રચના કરી. તે નગરીનું દર્શન કરતાં મુનિએ કામધેનુનું સ્મરણ કર્યું. ઋષિની કામના છે કે નગરનાં બધાં ઘરો ધનધાન્યથી સમૃદ્ધ બને અને પોતાને અન્નપાન, અખૂટ ધન અને યજ્ઞની સામગ્રી મળી રહે.

આ સ્તુતિ ચોથા અધ્યાયના શ્લોક 152 થી 162 સુધીમાં આવેલી છે.

ઋષિ કામધેનુને -

विश्वजननी, जगद्वन्द्या, देवसुरभि, कामधेनु વગેરે નામ સંબોધે છે.[25]

કામધેનુની દિવ્યતાનું વર્ણન કરતાં ઋષિ કહે છે.

હે માતા, તમારા ચાર પગ તે વેદો છે

- તમારા આંચળા તે સમુદ્ર છે

- તમારી બન્ને આંખો તે સૂર્ય અને ચંદ્ર છે

- તમારા રૂવાડાં તે સઘળા દેવો છે[26]

- તમારા શીંગડાં તે બધા પર્વતો છે

- તમારા કાન પવનરૂપ છે

- તમારા સ્કન્ધસ્થાનમાં બ્રહ્મા અને મસ્તકમાં ઈશ્વર વાસ કરે છે.[27]

- તમારા હૃદયમાં વિષ્ણુ વસે છે.

- તમારા પૂછડામાં સર્પો છે.

- તમારી નાભિમાં અમૃત વસે છે,

- તમારા આંચળોમાં પાતાળ છે.[28]

- તમારા મૂત્રસ્થાનમાં સાધ્યો છે.

- તમારા મળસ્થાને ઈન્દ્ર છે.

- તમારા અસ્થિસ્થાને બધા યજ્ઞો અને ગુહ્ય સ્થળે બધા ગુહ્યકો વાસ કરે છે (156).

તમારા મુખમાં પિતૃઓ, દાંતમાં આઠ વસુઓ, ગળામં કિન્નરો અને ગતિમાં યુગોનો સમાવેશ થાય છે.[29]

તમારી ખરીનાં અગ્રભાગમાં દૈત્યો તથા દાનવો ખરીના મધ્યમાં પિશાચો અને ઉપલાં ભાગમાં વિદ્યાધરો તથા અપ્સરાઓના સમૂહો વાસ કરે છે.[30]

તમારા ગોમયમાં લક્ષ્મીજી, ગોમૂત્રમાં ધર્મ તથા સાંધાઓમાં બ્રહ્મા વગેરે દેવો વાસ કરે છે.[31]

તમારા નેત્રોમાં પુષ્કર વગેરે તીર્થો ગંગા વગેરે નદીઓ તથા સૂર્ય, ચંદ્ર અને તારા વાસ કરે છે.[32]

તમારા રૂવાંડામાં ગૌતમ, વીલખિલ્ય, નારદ, સનકાદિ, મહર્ષિઓ તથા યોગીઓ અને ઈન્દ્રાદિ દેવો વાસ કરે છે.[33]

અહીં સામાન્ય રીતે કોઈપણ ગાય અને વિશેષ રીતે કામધેનુ વિષેની પરંપરાગત ભારતીય વિચારધારાને રજૂ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. મુનિએ પોતાની કામના પૂર્ણ કરવા પ્રાર્થના કરી છે અને કામધેનુ "તથાસ્તુ" કહે છે. અને કણ્વમુનિ ત્યાં વાજપેય યજ્ઞની શરૂઆત કરે છે. અંતે વરદાન ફલશ્રુતિરૂપ છે. તે ઈચ્છિત પૂર્ણ કરે છે.[34]

### 7.6.3 બ્રહ્માની લોકોએ કરેલી સ્તુતિ :

છઠ્ઠા અધ્યાયમાં લોકોએ બ્રહ્માને કરેલી સ્તુતિ પ્રસ્તુત કરવામાં આવી છે. આમાં લોકો બ્રહ્માને સત્યલોકમાં પધારવા પ્રાર્થના કરે છે. આ છઠ્ઠા અધ્યાયના શ્લોક 90 થી 92માં આ સ્તુતિ આવેલી છે.

અહીં લોકો સૃષ્ટિકર્તા રજોગુણ વિલાસી, પંકજયોનિ સ્વયંભુ, બ્રહ્માને સ્તુતિ કરે છે. (90) બ્રહ્માને વિશ્વરૂપ રક્ષણકર્તા અને સત્ત્વગુણ તરીકે ઓળખાવવામાં આવ્યા છે. સાથે સાથે તેમને શંકરરૂપે પણ રજૂ કરીને બધા ગુણોના સમન્વય તરીકે વર્ણવી ઋગ્વેદની एकं सद् विप्रा बहुधा वदन्ति ની વિભાવનાને ચરિતાર્થે કરવામાં આવી છે. બ્રહ્મા ત્રણેય ગુણો ધરાવતા દેવ છે (91).

અહીં બ્રહ્માના રજોગુણો, બ્રહ્મમાંથી ઉત્પત્તિની ખાસ નોંધ લીધી છે. તેથી તે સત્ત્વગુણ અને રક્ષણ સાથે જોડી વિષ્ણુ સાથે અભેદ કર્યો છે.

આ સ્તુતિમાં લોકો બ્રહ્માને જગદાનંદ, સદાનંદ, પિતામહ એવા સંબોધનો કરીને જણાવે છે કે તમે અમારા નગરમાં લાંબા સમયથી તપ કરી રહ્યા છો માટે હવે તપ કરવું બંધ કરી સત્યલોકમાં પધારી સર્વને આનંદ આપો (92).

આ સ્તુતિથી પ્રસન્ન થયેલા બ્રહ્મા પોતે કરેલા તપને લીધે પવિત્ર બનેલા સ્થાનનો મહિમા વધારતાં કહે છે : "નિષ્પાપ થયેલા મેં અહીં અધ્યયન કર્યું છે માટે ખરેખર આ બ્રહ્મસભા પાપનો નાશ કરનારી વેદશાળા થયેલી છે (93).[35]

અહીં ફલશ્રુતિ આપવામાં આવી નથી.

કણ્વમુનિને ઉદ્દેશીને બ્રહ્મા કહે છે : "હે મુનિ, આ પાપાપનોદ વનમાં બ્રાહ્મણો તથા વણિકજનોની સ્થાપના કરવાથી તમે મોટી ખ્યાતિ પામશો. તેમાં કોઈ સંશય નથી (96).

બ્રહ્મા આ પ્રમાણે કહીને ઋષિઓ તથા દેવો સાથે સત્યલોકમાં પધાર્યા (98).

પુરાણકાર પોતે વર્ણવેલાં સ્થળોની પવિત્રતાનું પ્રતિપાદન કરે એ ભારતીય પરંપરાનું

અહીં પણ પાલન થયું છે. બ્રહ્માના તપથી પવિત્ર થયેલા સ્થળની અલૌકિકતા અને દિવ્યતા એ સ્થળને ગૌરવાન્વિત બનાવી દે છે.

## 7.6.4 પરબ્રહ્મની સ્તુતિ ( अ. 8 ) :

કણ્વમુનિ ફરતા ફરતા પાંચાલ પ્રદેશમાં આવે છે અને ત્યાં પાપાપનોદન નામક વન જુએ છે. અને ત્યાં નિવાસ કરે છે. આ વનની પવિત્રતાનું દર્શન કરીને મુનિએ પોતાની ઈચ્છાનુસાર ઋષિઓ માટે પણ શાળાઓથી યુક્ત આશ્રમોનું નિર્માણ કર્યું.

આ આશ્રમો શ્રમને દૂર કરનારા કલ્યાણકારક અને સવાર-સાંજ હોમ-હવન થવાને લીધે પ્રજ્વલિત અગ્નિ વડે શોભતા હતા. કણ્વમુનિ આ આશ્રમમાં તપ કરવા લાગ્યા. અષ્ટાંગ-યોગવાળા પદ્માસન વાળીને બેઠેલા, પરમમંત્રનો જપ કરતા તથા બ્રહ્મનું ચિંતન કરતા મુનિ એક દિવસ બ્રાહ્મમુહૂર્તમાં યજ્ઞ માટે વનમાં ગયા અને ત્યાં ક્યાંય જળ જોવામાં ન આવતાં બ્રહ્મકુંડ ક્યાં હશે ? એમ વિચારવા લાગ્યા. મુનિ આ રીતે ચિંતન કરતા હતા ત્યાં જ તેમની સમક્ષ નિર્મલ જલવાળો બ્રહ્મકુંડ પ્રકટ થયો. તે સ્થળે રહીને મુનિએ પરબ્રહ્મનું ચિંતન અને સ્મરણ કર્યું.

તે જ વખતે તેમની સમીપે પરમ આશ્ચર્ય પમાડનારું તેજ પ્રકટ થયું. તેને પ્રણામ કરીને મુનિએ તેની સ્તુતિ કરી.[36]

“અનંત, બ્રહ્મસ્વરૂપ, અમૂર્તમૂર્ત અને મારા આશ્રયરૂપ પરમ જ્યોતિને નમસ્કાર હો.[37]

જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહાર કરનાર, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ સ્વરૂપને નમસ્કાર હો.[38]

“હિરણ્યગર્ભ, વિશ્વગર્ભ, ત્રણ ગુણોના આશ્રય કરીને દેહને ધારણ કરનારા તેમ જ મોહનો નાશ કરનાર હે જગદાધાર હું આપને નમસ્કાર કરું છું.

કણ્વે જ્યારે આ રીતે સ્તુતિ કરી ત્યારે દેવે તેમને કહ્યું તે આ સ્તુતિની ફલશ્રુતિ છે.[39]

“તમે કુંડમાં સ્નાન કરીને બ્રહ્મનું ધ્યાન ધર્યું છે, માટે જે કોઈ મનુષ્ય આ પરમ બ્રહ્મસ્વરૂપ બ્રહ્મકુંડમાં સ્નાન કરશે, તે પાપરહિત થઈ અવિનાશી બ્રહ્મલોકમાં જશે.[40] પોતાના આશીર્વાદને આગળ વધારતાં દેવે કહ્યું : “વળી જે કોઈ પણ મનુષ્ય દૂરથી જ બ્રહ્મકુંડનું સ્મરણ કરશે, તે નિષ્પાપ થઈને અખંડ સુખ મેળવશે.[41] અને બ્રહ્મકુંડનું ધ્યાન ધરીને તમે કરેલા સ્તોત્રનો જે કોઈ પાઠ કરશે, તે નિષ્પાપ થઈને શાશ્વત બ્રહ્મલોકમાં જશે.[42]

આમ, સ્નાન, સ્મરણ અને સ્તોત્રપાઠનું ફળ કહેવાયું છે.

આ પ્રમાણે કહીને પરમ જ્યોતિ અંતર્ધાન થઈ ગયું અને ત્યાર પછી તે બ્રહ્મકુંડ ત્રણ લોકમાં પ્રસિદ્ધ થયો.[43]

કણ્વ મુનિએ કરેલી આ બ્રહ્મસ્તુતિમાં પૌરાણિક અને વેદાન્ત શૈલીના સ-રસ સમન્વય થયેલા જોવા મળે છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશના સ્વરૂપ તે પરમ તેજની સ્તુતિ કરીને પુરાણકાર વ્યક્તની ઉપાસના પદ્ધતિને વાચા આપી છે. તો હિરણ્યગર્ભ પરમ જ્યોતિ વગેરે વિશેષણો દ્વારા વેદનાની વિચારધારાને મુખરિત કરી છે. પુરાણસુલભ રીતે પ્રસન્ન થયેલા દેવ તીર્થસ્થળોનું માહાત્મ્ય વધે તેવા આશીર્વાદ આપે છે.

### 7.6.5 गंगास्तुति ( अ. 8 ) :

કણ્વમુનિએ પાપાપનોદન વનમાં દુષ્કર તપ કરવા માંડ્યું. તેઓ વર્ષાઋતુમાં ખુલ્લા મેદાનમાં બેસીને પરબ્રહ્મનું ધ્યાન કરવા લાગ્યા. શરદ્ઋતુમાં મિતાહારી થઈને ભગવાન શંકરનું ધ્યાન ધરવા લાગ્યા. કાર્તિક માસમાં કૃચ્છ્ર ચાંદ્રાયણાદિ વ્રતો વડે દેહનું દમન કરવા લાગ્યા. આવી કઠોર તપશ્ચર્યાથી તેમણે ભગવાન સદાશિવને પ્રસન્ન કર્યા.

ત્યાર પછી દુઃસહ પોષ માસમાં કુશહસ્ત થઈને ગંગાની સ્તુતિ કરી.[44]

"હે ત્રિપથગા જનની, કામધેનુ, ભાગીરથી, સુરભિ ગંગામાતા હું આપને નમસ્કાર કરું છું (8-36).

અહીં ત્રિપથગા તરીકે સ્વર્ગ, પૃથ્વી અને પાતાળમાં વહેતા ગંગાના પ્રવાહની નોંધ લીધી છે. કામધેનુ ઈચ્છાપૂર્તિ સૂચવે છે.  ભાગીરથી ભાગીરથ દ્વારા ગંગાવતરણની કથા સૂચવાઈ છે.

હે વિષ્ણુપાદોદકી, સૂર્યભગિની ગંગા, મહાભાગા, રુદ્રમાનિની, હું આપને નમસ્કાર કરું છું (8-37).

विष्णुपाराग्रसंभूते गङ्गे गिपथगामिनी ।

धर्मद्रवेति निरव्याता पापं मे हर जाह्नवि ॥ શ્લોક યાદ કરવો ઘટે

આ રીતે સ્તુતિ પામેલ ગંગાએ મુખમાંથી જલધારા પ્રકટ કરી અને ત્યાં કામધેનુ સ્વરૂપે પ્રકટ થયાં અને કહ્યું : અહીં ગોમુખમાંથી વહેતી ગંગા વિષે પ્રચલિત લોકકથાની નોંધ લેવાઈ છે.[45]

"હે વત્સ, તમે કરેલી આ સ્તુતિ વડે કામધેનુ સહિત હું તમારા પર પ્રસન્ન થઈ

છું. માટે મારી પાસેથી ઈચ્છિત વરદાન માગો (8-40).

પોતાનો પરિચય આપતાં ગંગા કહે છે :

"હે મુનિ, કામધેનુની સ્તુતિ કરતી વખતે તમે મારી પણ સ્તુતિ કરી હતી. માટે કામધેનુના ગર્ભમાં વાસ કરીને હું તેના મુખમાંથી પ્રકટ થયેલી છું" (8-41).

તેથી મારું નામ "ગૌમુખીગંગા" એ રીતે પ્રસિદ્ધ થશે. અને તેમાં સ્નાન કરવાથી તથા તેના જલનું પાન કરવાથી મનુષ્યો પાપરહિત થશે (8.41).

પોતાના માહાત્મ્યનું પ્રતિપાદન કરતાં તેને ગોમુખીગંગા કહી છે.

"માઘમાસમાં પ્રયાગમાં ગંગાસ્નાન કરવાથી મનુષ્યને જે પુણ્ય મળે છે, તે જ પુણ્ય ગોમુખી ગંગાનાં દર્શન કરવાથી મનુષ્યોને મળશે. કુરુક્ષેત્રમાં સૂર્યગ્રહણ સમય ગંગામાં સ્નાન કરવાથી જે ફલ મળે છે, તેના કરતાં લાખ ગણું ફલ ગોમુખી-ગંગામાં સ્નાન કરવાથી મનુષ્યને મળશે. અહીં સ્નાન કરીને જે કોઈ મનુષ્ય જપ, તપ, દાન તથા દેવપૂજન કરશે, તેને અનંત પુણ્યનું ફલ તથા બધી અર્થ સિદ્ધિઓ પ્રાપ્ત થશે (8.43-45).

પોતાના વરદાનને આગળ વધારતાં કામધેનુ કહે છે : "હે મુનિ, તમે મારું સ્મરણ કરેલું છે, માટે તમે સ્થાપેલું આ સ્થાન લોકોમાં પ્રસિદ્ધ થશે. અને પાપનો નાશ કરનારી આ ગોમુખી ગંગા પ્રખ્યાતિને પામશે. તથા તમારા સ્થાનની શોભાને વધારતાં રહીને મનુષ્યોને આનંદ આપશે (8.46-47).

આ પ્રમાણે વરદાન આપીને કામધેનુ અંતર્ધાન થયાં અને જલપ્રવાહને વિસ્તારતાં તથા પાપના સમૂહનો નાશ કરતાં ગોમુખીગંગા તે સ્થાનમાં શોભવા લાગ્યાં.

આ સ્તુતિમાં કામધેનુના મુખમાંથી પ્રકટ થયેલ ગોમુખીગંગા અને કામધેનુ એમ

ઉભયની સ્તુતિ કરવામાં આવી છે. પૌરાણિક રીતે તે બન્નેનો ઉપયોગ સ્થાનની પવિત્રતાનં પ્રતિપાદન કરવામાં કરી લીધો છે. આ રીતે તીર્થમાહાત્મ્યનું પ્રતિપાદન એ પુરાણ લક્ષણ કંડુલપુરાણે પણ જાળવી રાખ્યું છે.

સ્તોત્રકાવ્યના લક્ષણ પ્રમાણે અંતે માહાત્મ્ય આપ્યું છે.

### 7.6.6 શંકરસ્તુતિ[46] :

કણ્વ વિવિધ તીર્થસ્થળોની સ્થાપના કરતા જાય છે અને તે કાર્યમાં સફલતા માટે દેવદેવીઓની સહાય માટે યાચના કરતા જાય છે. એ વિષે વર્ણન કરતાં પુરાણકાર કહે છે :

''આવી રીતે ત્યાં વાસ કરીને તપ તપી રહેલા તે મુનિના તપથી પ્રસન્ન થઈ હસતા મુખવાળા ભગવાન ત્રિનેત્રેશ્વર ત્યાં પ્રકટ થયા અને કહેવા લાગ્યા : ''હે મહામુનિ, તમે કરેલા તપથી હું પ્રસન્ન થયેલો છું. માટે તમે ઈચ્છિત વરદાન માગો'' (8.74).

અહીં પુરાણકારે શંકરનું સ્વરૂપ 8/71-74 માં વર્ણવ્યું છે. ધૂર્જટિ (જટાવાળા), ગંગાધર, અર્ધનારીશ્વર, ભસ્માંગભૃત, વાસુકિકંકણ, નીલકંઠ, ચંદ્રશેખર, પંચવક્ત્ર, દશભુજ, ત્રિનેત્ર, ત્રિશૂલધારી, વૃષભારૂઢ, કર્પૂરગૌર સ્વરૂપ તાદશતા ઊભી કરે છે.

કણ્વ મુનિએ ભગવાન શંકરને જોઈને પ્રણામ કર્યાં અને બન્ને હાથ જોડીને નીચે પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા.

શ્લોક 76-93 માં શિવનાં વિવિધ નામો નામસ્તોત્ર બતાવે છે 94-96. રુદ્રાધ્યાયનાં નમસ્તેની યાદ આપે છે.

''હું આપને વારંવાર નમસ્કાર કરું છું. હે પ્રભુ, જો આપ મારા પર પ્રસન્ન થયા

હો, તો આપ મન વરદાન આપો કે આ ગોમુખી ગંગાના કાંઠે આપ હમેશાં વાસ કરશો. હું આપને મારા પર આવી કૃપા કરવા પ્રાર્થું છું. હું આપને શરણે આવેલો છું (8.97).

ઋષિની આવી પ્રાર્થના સાંભળીને ભગવાન ત્રિનેત્રેશ્વર બોલ્યા :

"હે કણ્વમુનિ, તમારા કહેવા પ્રમાણે હું ગોમુખી ગંગાના કિનારા પર વાસ કરીશ. અને તમે સ્થાપેલા સ્થાનોનું નિરંતર રક્ષણ કરીશ."

**ફલશ્રુતિ :**

આ નામ સ્તોત્રને ચિરંજીવી બનાવી ત્રિનેત્રેશ્વરની ભક્તિને દૃઢ કરે છે.

આ વરદાન આપીને ભગવાન શંકરે આ તીર્થ-સ્થલના માહાત્મ્યની બાબતમાં ભવિષ્યવાણી કરી : "આ મારું લિંગ સ્વયંભૂ જ્યોતિર્લિંગ કહેવાશે. જે માણસ આ નદીમાં સ્નાન કરીને તથા પોઠિયાને નમીને મારું પૂજન કરશે, તે સર્વ પાપમાંથી મુક્ત થઈ શિવલોકમાં જશે અને સુખી થશે. સાથે સાથે આ નદીના કિનારા ઉપર જે માણસ શ્રદ્ધાથી પિંડદાન કરશે, તે મનુષ્યે કરેલું શ્રાદ્ધ અક્ષય ફલ આપનારું બની રહેશે. તદુપરાંત, હે મુનિ, મારાથી રચાયેલા આ સ્તોત્રનો પાઠ કરશે અગર તો સાંભળશે (8.100-102) તો તે પાઠના પ્રભાવથી સર્વ પાપમાંથી મુક્ત થશે તેમજ સર્વ સંપત્તિને પ્રાપ્ત કરશે (8.103) અને જે વિદ્યાર્થી વિદ્યા, પુત્રાર્થી પુત્ર અને જયની ઈચ્છાવાળો જયને મેળવશે (8.104).

પોતાના આ વરદાનને આગળ વધારતાં ભગવાન ત્રિનેત્રેશ્વર કહે છે.

"કન્યાની ઈચ્છાવાળો કન્યાને મેળવશે અને કન્યા સારા પતિને મેળવશે તથા જે જે ઈચ્છાઓ ધરાવશે, તે તે ઈચ્છાઓને પૂર્ણ કરશે" (8-106).

આગળ ચાલતાં તેમણે ઉમેર્યું : ''ભોજન કરતા બ્રાહ્મણોની આગળ જે આ સ્તોત્રનો પાઠ કરે તેના પિતૃઓ તૃપ્તિ પામે છે. આ સ્તોત્રનો પાઠ કરવાથી અગર સાંભળવાથી મનુષ્યોને આધિ, વ્યાધિ, ચોર, રાજા, ભૂત તેમજ શાકિની તથા સિંહવ્યાઘ્રાદિનો ભય રહતો નથી. અને તેના સુખશાન્તિમાં વધારો થાય છે'' (8.107-108).

આ પ્રમાણે વરદાન આપીને ભગવાન ત્રિનેત્રેશ્વર ત્યાંથી અંતર્ધાન થઈ ગયા (8.108).

ત્યાર પછી કણ્વ મુનિ તે વરદાન મેળવીને કૃતકૃત્ય થયા.

આ સ્તુતિમાં પુરાણકારે પરંપરાગત સહસ્ર નામની શૈલીમાં ભગવાન શંકરને સંબોધન કરેલાં છે. તે તે નામ સાથે તમે આવા આવા છો એમ કહીને ભગવાન શંકરનું ગુણકીર્તન કરેલું છે.

આ પ્રકારની શૈલીનું આકર્ષક પાસું અહીં એ છે કે એ સંબોધનો કે પ્રથમા વિભક્તિમાં યોજાયેલા પદો વર્ણમાલાના અનુક્રમે શરૂ થતા પદો દ્વારા પ્રારંભ થાય છે. આવા પ્રકારના પદોની સંખ્યા 100 જેટલી છે.

આ સ્તુતિ પછી ભગવાનને પ્રકટ થતા વર્ણવવા અને વરદાન આપતા દર્શાવવા એ પૌરાણિક શૈલીનું અનુસરણ સ-રસ રીતે કરવામાં આવ્યું છે.

અહીં ઉલ્લિખિત ભગવાન શંકર ત્રિનેત્રેશ્વર નામધારી છે. આજે પણ ત્રિનેત્રેશ્વર શબ્દનું અપભ્રંશરૂપ ''તરણેતર'' થઈને સમાજમાં નામ પ્રચલિત છે અને ત્યાં જે મેળો ભરાય છે, તેના દ્વારા સમાજમાં આ પુરાણની સ્મૃતિ જળવાઈ રહી છે. આ સંસ્કૃતિના પરિચાયક ભાતીગળ મેળા તરીકે પ્રખ્યાત છે.

## 7.6.7 દેવી ચામુંડાની સ્તુતિ ( અ.9 ) :

કણ્વમુનિએ સ્થાન નગરીની સ્થાપના કરી અને તેનું રક્ષણ કરવા માટે દૈત્યોનાં મસ્તકોની માળા ધારણ કરનારાં દેવી ચામુંડાની સ્તુતિ કરી[47] (9.5).

"હે માતા, ચંડમુંડ નામના મહા અસુરો તથા તેમના જેવા અનેક અન્ય અસુરોનાં મસ્તકોને છેદી તેમનાં મસ્તકોની માળા ગળાભ્માં ધારણ કરવાથી કલિયુગમાં આપનું નામ 'ચામુંડા' પડ્યું છે. માટે દૈત્યના રક્તનું પાન કરવામાં ઉત્સુકતા ધરાવવાવાળા હે રક્તચામુંડા આપને હું નમસ્કાર કરું છું. આપ મારા પર પ્રસન્ન થાઓ (9.6, 7).

વળી ભક્તો પર દયા બતાવી યુદ્ધમાં અનેક રાક્ષસોનો સંહાર કરી હે માતા, આપે રાક્ષસોના ભયમાંથી વખતોવખત જગતનું રક્ષણ કરેલું છે" (9.8). અને પ્રલયકાલમાં વિષ્ણુ ભગવાનને ઉદ્દેશીને બ્રહ્માએ જેની સ્તુતિ કરેલી છે તેવા તથા મધુકૈટભ નામના દૈત્યોનો નાશ કરીને પ્રકાશી રહેલાં હો અંબિકા ! હું આપને નમસ્કાર કરું છું" (9.9). અને અત્યંત ઉદ્ધત બની ગયેલા યારંભ નામના રાક્ષસના પુત્ર મહિષાસુરનો નાશ કરીને જેમણે વિષ્ણુ ભગવાનને ત્રણેય લોકો પાછા અર્પણ કરેલા છે, એવાં હે મહાલક્ષ્મી, આપને હું નમસ્કાર કરું છું (9.10).

આપે ધૂમ્રલોચન નામના દૈત્યનો પણ નાશ કરેલો છે. તે જ રીતે રક્તબીજ તથા ચંડમુંડ પણ આપના હાથે સંહાર પામ્યા છે. આવાં ભયંકર પરાક્રમો કરનારાં ચામુંડા મા ! હું આપને નમસ્કાર કરું છું. આની સાથે સાથે પુરાણકાર આ સ્તુતિમાં મા ચામુંડા દ્વારા કરવામાં આવેલા રક્તબીજ, ચંડ, મુંડ, શુંભ-નિશુંભના સંહારતો ઉલ્લેખ માતાનાં પરાક્રમ તરીકે કરીને નમસ્કાર કરે છે.

રાક્ષસવધ એ દેવીનું એકમાત્ર અવતારકાર્ય નથી. માએ તો સમાધિ નામના વૈશ્ય તથા સુરથ નામના રાજા ઉપર પ્રસન્ન થઈને તેમને વરદાનો આપીને તેમનાં ઉદ્ધાર કર્યો છે. એનો પણ ઉલ્લેખ કરે છે. સ્તુતિ કરતાં કરતાં કવિ માનાં જુદાં જુદાં નામોનો ઉલ્લેખ પણ કરે છે અને માને પોતાનાં માતા તથા પિતા કહીને ઓળખાણ આપે છે.

ઉપર્યુક્ત વર્ણન સાથે કવિ નિમ્નલિખિત વિશેષણો દ્વારા માતાના વ્યક્તિત્વનો ખ્યાલ આપે છે અને તેમના પ્રકટ થવાની વાત કરે છે -

शववाहिनी नृमुंडमाला, शशिलेखा અને सुखिणी ન ધારણ કરતાં છે (9.18).

नानायुधधरा, अनेकहस्ता, लोहितवर्णभृत्, चामुरचर्मवसना, भैरवा, रावभीषणा (9.19) अतिप्रसारितमुखा, रसनालालनीत्कटा, कृशाङ्गी, वरदा, भक्तवत्सला આદિ (9, 20, 21).

આવાં મા કણ્વમુનિને કહે છે :

"હે મુનિ, તમે મારું સ્મરણ તથા સ્તુતિ શા માટે કર્યાં છે, તે સર્વ મને વિસ્તારથી કહો. હું તેનો ઉપાય જલદીથી કરીશ."

પછી મુનિ માને પ્રાર્થના કરે છે કે આપ મેં સ્થાપેલા આ સ્થાનનું આ સ્થાને રહીને રક્ષણ કરો, અને વિઘ્ન કરનારાનો નાશ કરો (9.22).

માએ 'તથાસ્તુ' કહીને તે સ્થળે સાત દેવીઓનું સ્મરણ કર્યું અને તત્કાળ તે દેવીઓ ત્યાં પ્રકટ થઈ. અને પોતાનું સ્મરણ શા માટે કરવામાં આવ્યું છે, તે વિષે પૂછયું. ચામુંડામાએ તેમને જણાવ્યું કે આપ સૌ સખીઓની સાથે મારી અહીં રહેવાની ઈચ્છા છે. તેમની ઈચ્છાને માન્ય રાખવાની સંમતિ સૌ ભગવતીઓએ આપી અને સમુદ્રપુત્રી સામુદ્રીનું સ્મરણ કરવાનું સૂચન કર્યું.

આ સ્તુતિ માર્કંડેય પુરાણના સપ્તશતીથી અનુપ્રેરિત એમ અભિધાનો અને કાર્યોની નોંધ ઉપરથી સ્પષ્ટ થાય છે.

કણ્વમુનિ પોતે વસાવેલાં સ્થાનોની સુરક્ષા માટે દેવદેવીઓની સહાયતા શોધતા રહે છે. તેમણે નવમા અધ્યાયમાં ભગવતી ચામુંડાની સ્તુતિ કરી છે અને સપ્તમાતૃકાની સહાયથી મા ચામુંડાએ કણ્વે નિર્દેશેલા સ્થાનોની રક્ષા કરવાની તત્પરતા દાખવી છે.

સપ્તમાતૃકાઓએ દેવી સામુદ્રીને પણ સહાયમાં બોલાવવાનું સૂચન કર્યું. તેથી પુરાણના કથાવસ્તુમાં કુલદેવી સામુદ્રીનો પ્રવેશ સ્વાભાવિક રીતે થઈ ગયો છે.

## 7.6.8 સામુદ્રી માતા - માતૃશક્તિની સ્તુતિ :

ભગવતી સામુદ્રીએ પ્રકટ થવું અને સપ્તમાતૃકાઓ સાથે રહીને તે તે સ્થાનોની સુરક્ષા માટેની તૈયારી દાખવી.

સામુદ્રી દેવીની ખ્યાતિ સમુદ્રની પુત્રી તરીકેની છે, આથી તે શક્તિની સહાય લેવા માટે મુનિ તથા અન્ય દેવીઓ સમુદ્રની સ્તુતિ કરે છે.[48]

''અમારી સાથે રહી આ સ્થાનની રક્ષા કરવા માટે આપ આપની પુત્રી સામુદ્રીને અમારી સાથે રહેવાની અનુજ્ઞા આપો. અને તેમ કરી અમારી તથા કણ્વ મુનિની ઈચ્છા પૂરી કરો'' (9.35).

આપની પુત્રી સામુદ્રી અમારી પ્રિય સખી છે. અને તેના વિના અમે અહીં રહેવાને સમર્થ નથી માટે કૃપા કરી તેને અહીં રહેવાની અનુમતિ આપો (9.36).

સાગરદેવને પ્રાર્થના કરતાં કણ્વ મુનિ કહે છે :

"હે સાગર, આપ પ્રાણીમાત્રના જીવનરૂપ જલસ્વરૂપ છો અને તેજના પણ આપ કારણરૂપ છો. વળી ભગવાન નારાયણ આપની અંદર વાસ કરી શયન કરે છે" (9.37).

માટે હે સરિતાના પતિ ! કૃપા કરી અમારા પર પ્રસન્ન થાઓ અને આ દેવીઓ જે કહે છે, તે પ્રમાણે સામુદ્રીને અહીંયા રહેવાની આજ્ઞા કરીને અમારું કાર્ય સફળ થાય, તેવી વ્યવસ્થા કરો.

આ પ્રકારની સ્તુતિ સાંભળી સમુદ્ર કહેવા લાગ્યા :

"હે મુનીશ્વર ! ભલે, તમારી ઈચ્છાપૂર્ણ થાઓ. આજે મારી પુત્રી છે, તે આપની જ પુત્રી છે. જે સામુદ્રી દરેક દેવીઓની માતારૂપ છે,તેના ભાગ્યનું શું વર્ણન કરવું ? (9.39)

સમુદ્રદેવે સામુદ્રીને આજ્ઞા કરી.

"હે વિનયવતી, વિશ્વમાતા સામુદ્રી ! તમે ખુશીથી આ દેવીઓની સાથે અહીં વાસ કરો અને કણ્વ મુનિની કૃપા મેળવીને આ સ્થાનનું અહીં રહીને પાલન કરો" (9.40).

આટલું કહી સમુદ્ર અંતર્ધાન થઈ ગયા અને સામુદ્રીદેવી પણ પિતાની આજ્ઞા મેળવીને તે દેવીઓની સાથે તે સ્થાનમાં આનંદથી વાસ કરવા લાગ્યા.

સામુદ્રી દેવી વિષે આ વિસ્તારના લોકોમાં એવી માન્યતા પ્રવર્તે છે કે "પોતાનાં દર્શન કરવા આવતા યાત્રાળુ જો રસ્તામાં ભૂલા પડી જાય તો તે લોકોને અન્ય રૂપ ધરી રસ્તો બતાવવા માટે દેવીએ પોતાના વાહન સિંહ વગેરેને પ્રેરણા કરી રાખી છે (9.42).

આ માન્યતા સામુદ્રી માતા વિષે પ્રચલિત લોકવાયકા ઉપર આધારિત છે. તે સ્પષ્ટ છે. ઘણાં સ્થાનોના આવા ચમત્કારોની કથાઓ લોકોમાં વહેતી હોય છે.

## 7.6.9 શ્રીકૃષ્ણની સ્તુતિ ( अ. 13 ) :

આ સ્તુતિ 13 મા અધ્યાયમાં આવેલી છે. સ્થાનનગરની નજીકના વનમાં પાંડવોએ લગભગ 12 વર્ષ સુધી નિવાસ કર્યો અને ત્યાર પછી ગુપ્ત રહેવાના તેરમા વર્ષમાં ત્યાંથી તેઓ રવાના થાય છે, તે વખતે ધૌમ્ય મુનિને અગ્નિહોત્રનું કામ સોંપીને તથા બધા મુનિઓની રજા લઈને પાંડવો ત્યાંથી કાંપિલ નામના અજ્ઞાન સ્થળમાં આવે છે અને ત્યાંથી તાલ નામના પર્વત પર આવીને ત્યાંથી સામુદ્રી માતાના મંદિરે આવે છે અને ત્યાં ભગવાન કૃષ્ણની સ્તુતિ કરે છે :

આ સ્તુતિમાં ભગવાન કૃષ્ણની ભાગવત-વર્ણિત બાળલીલાઓનો નિર્દેશ કરવામાં આવ્યો છે. આ નિર્દેશ વિવિધ સંબોધન દ્વારા કરવામાં આવ્યો છે :

(1) पूतनाया विषस्तन्यपायिने (22)

(2) यमलार्जुनपातिने (23)

(3) वत्सपालाय, ब्रह्मणः संस्तुताय

(4) गोपहस्तगृहीतान्नकवलाय (24)

(5) कालियजिते

(6) कालिन्दीदोषहारिणे

(7) धेनुकघ्नाय, प्रलम्बघ्नाय

गिरिमहाव्याजात् इन्द्रकोपकराय, गोवर्धनधृते, गोपीमिः क्रीडते रासैः, केशिघ्नाय,

अघासुरघातिने, दत्तोग्रसेनराज्याय, अधीतविद्यात्मने, सांदीपनिगुरोः पुत्रदायिने (25- 31).

(8) विरोधितजरासन्धदग्धगोमन्तकाद्रये, यवनव्याजमुचुकुन्देष्टदायिने

(9) સમુદ્રના કાંઠા ઉપર વિશ્વકર્માએ બનાવેલી દ્વારકાપુરીમાં મથુરામાંથી લોકોને યોગબળથી લઈ જનાર,

(10) રુકિમણી, જાંબવતી, સત્યભામા વગેરે પટરાણીઓના નાથ, નરકાસુર (ભૌમાસુર) નો નાશ કરનાર, સત્યભામા માટે સ્વર્ગમાંથી પારિજાત નામના વૃક્ષને પૃથ્વી પર લઈ આવનાર, સોળ હજાર કન્યાઓથી વીંટળાઈને રહેનાર (35).

આ રીતે પોતાના ઈષ્ટદેવ શ્રીકૃષ્ણનાં પરાક્રમોનો નિર્દેશ કરી યુધિષ્ઠિર તેમને શરણે જાય છે અને રક્ષા માટે યાચના કરે છે.

આથી પ્રસન્ન થઈને ચતુર્ભુજ સ્વરૂપ, ગાઢ મેઘ સમાન શ્યામસ્વરૂપવાળા, માલા-ચક્ર-ગદાદિ ધારણ કરનારા શ્રીહરિ ત્યાં પ્રકટ થાય છે.

પાંડવો પરંપરાગત રીતે પાદ્ય, અર્ધ્ય વગેરે ઉપચારોથી શ્રીકૃષ્ણની પૂજા કરે છે. અને તેમની સમક્ષ પોતાની દુઃખદ સ્થિતિનો ઉલ્લેખ કરીને કહે છે.

"વનવાસનાં દુઃખોથી પીડાયેલા અમને આપ શા માટે ભૂલી જાઓ છો ? આપે તો નિરંતર અમારી સંભાળ રાખવી જોઈએ. અમે વનવાસના બાર વરસ પૂરાં કર્યા છે. હવે એક વરસ ગુપ્ત રહેવાનું છે. અમારે તે વરસ ક્યાં પસાર કરવું તે અમને દર્શાવો"(44).

શ્રીકૃષ્ણ કહે છે : ‘‘હે ધર્મરાજ, મત્સ્યદેશના અધિપતિ વિરાટ રાજા ધાર્મિક છે. અને તે વિદ્યા કર્મ તથા યશથી યુક્ત છે માટે તેમ એક વરસ સુધી તે સ્થળે વાસ કરો(45).

ત્યાં જઈને પાંડવોએ શું શું કરવું એના વિષે માર્ગદર્શન આપતાં શ્રીકૃષ્ણ જણાવે છે. ‘‘આ સ્થળે તમારે વરદન આપનારા ગણપતિની સ્તુતિ કરવી. આમ કરવાથી તમે ગુપ્ત રીતે સુખેથી રહી શકશો (46).

શ્રીકૃષ્ણના પગ ધોવા માટે જે ગંગાને પ્રકટ કરવામાં આવી હતી, તેનું માહાત્મ્ય વધારતાં ભગવાન કહે છે : ‘‘આ સ્થળે અર્જુન પોતાના બાણ વડે ગંગાને પાતાળમાંથી લઈ આવેલ છે, માટે આ જલપ્રવાહ બાણગંગા તરીકે પ્રસિદ્ધ થશે. જે મનુષ્યો અહીં સ્નાન કરશે, તેઓ પાપ મુક્ત થઈને વિષ્ણુપદને પ્રાપ્ત કરશે’’ (48).

આગળ તેઓ કહે છે : જે મનુષ્ય આ સ્થળે વિધિપૂર્વક શ્રાદ્ધ કરશે તેનાથી તેનાં પિતૃઓને અક્ષય તૃપ્તિ મળશે. તેમજ એક જ પિંડ આપીને સ્વસ્થ મનથી અહીં શ્રાદ્ધ કરશે, તેનાં કુળમાં થયેલા પ્રેતનો મોક્ષ થશે (49-50).

વળી, તેઓ ઉમેરે છે કે તમે પાંડવોએ આ સ્થળે મારા પગ ધોયેલા છે, માટે આ સ્થળ પિતૃઓને તૃપ્તિ આપનારું ‘‘विष्णुपद’’ નામથી વિખ્યાત થશે (51). જે મનુષ્ય ભક્તિભાવથી અહીં શ્રાદ્ધ કરશે, તેનાથી પિતૃઓને ગયાશ્રાદ્ધ જેવી તૃપ્તિ મળશે (52).

પછી શ્રીકૃષ્ણ પાંડવોને સૂચન કરે છે કે તેઓ તે સ્થળે એક માસ સુધી નિવાસ કરે અને તે પછી વિરાટનગર જાય તેમ કરવાથી ગુપ્ત રીતે તેઓ સુખેથી રહી શકશે. એવી ખાતરી ભગવાન આપે છે. તેમના ઉજ્જવલ ભવિષ્યની ઝાંખી કરાવતાં ભગવાન ઉમેરે છે. ‘‘કાંપિલ નગરની યાત્રા તથા સામુદ્રી દેવીનું પૂજન કરવાથી નિષ્પાપ બનીને, હે પાંડવો, તમે સુખેથી એક વર્ષ સુધી ગુપ્ત રહી શકશો’’ (54).

આ સ્તુતિમાં સંક્ષેપમાં ભગવાનની બાલલીલાઓનો નિર્દેશ કરીને તેમની પરાક્રમ કરવાની ક્ષમતાનું દર્શન કરાવી દેવામાં આવ્યું છે. સાથે સાથે કેટલાંક સંબોધનોમાં विष्णुसहस्रनामનો પડઘો પણ સાંભળી શકાય છે.[49]

આમ શ્રીકૃષ્ણચરિત અને વિષ્ણુસહસ્ર નામની અસર વરતાય છે. ભાગવતની અશર પણ સ્પષ્ટ રીતે વરતાય છે.

શ્રીકૃષ્ણ પાંડવોના માર્ગદર્શક તરીકે અહીં દેખાડે છે. તેમનું માર્ગદર્શન ગુપ્તવાસ દરમ્યાન ઉપયોગી નીવડે છે, તેની વાત મહાભારત પરથી જાણી શકાય છે. પુરાણકારે પરંપરાગત શૈલીનો આધાર લઈને શ્રીકૃષ્ણનું શબ્દચિત્ર સુંદર રીતે પ્રસ્તુત કર્યું છે.

સમસ્યાની માફક કૃષ્ણ કથા પણ ગૂંથવાનો કવિનો પ્રયાસ છે.

## 7.6.10 શ્રીગણેશની સ્તુતિ ( अ. 13 ) :

પાંડવોએ ગુપ્તવાસનો સમય ક્યાં પસાર કરવો, એ વિષે માર્ગદર્શન આપીને ભગવાન કૃષ્ણ ચાલ્યા ગયા પછી યુધિષ્ઠિરે વરદ અને સિદ્ધિબુદ્ધિના દાતા ગણેશની સ્તુતિ કરી.[50]

અહીં ગણેશના શરીરનાં અંગો પરથી પાડવામાં આવેલાં નામો તેમની સાથે જોડાયેલા કેટલાક આયુધાદિને ધારણ કરનાર એવાં નામો દ્વારા ચાર શ્લોકોમાં નમસ્કાર કરવામાં આવ્યા છે. એ નામો આ પ્રમાણે છે -

वरद, एकदन्त, चतुर्दन्त, चतुर्भुज, भयदस्त्याय पाशी, कुशहस्त, द्विनेत्र, उपवीती, वरकल्पतरुच्छायाश्रितपद्मासन, केयूरी, हारी, वरकुण्डलधारी, अणिमादिदाता, कामधेनुश्री, मूषकवाह, गौरीपुत्र, भक्तिप्रिय, हेरम्ब.

આ સ્તુતિમાં ગણેશને નમસ્કાર પ્રસ્તુત કરવામાં આવ્યા છે. અહીં રજૂ થયેલાં કેટલાંક

નામો પરંપરાગત છે. કેટલાંક નામો પરંપરાપરાથી પ્રચલિત ન હોય એવાં છે. ગણેશનાં કેટલાંક જીવનકાર્યોનો નિર્દેશ પણ અહીં આવી જાય છે.

આ રીતે સ્તુતિ પામેલા ગણેશ તે સ્થળે પ્રકટ થાય છે. અને પાંડવોને કહે છે. ''હે પાંડવો, મારી કૃપા પડે તમે ગુપ્ત રીતે સુખેથી એક વર્ષ વ્યતીત કરી શકશો. (60)

આ ફલશ્રુતિ આગળ ચાલે છે અને ભગવાન ગણેશ વચન આપે છે કે : ''જે મનુષ્ય ભક્તિભાવથી 'વરદ' નામધારી મારું અને આશ્વિનમાસમાં નવરાત્રિ દરમ્યાન ચામુંડા વગેરે દેવીઓનું પૂજન ઉત્સવ વગેરે કરશે તે મનુષ્ય પોતાના ઈચ્છિત ફલને મેળવશે અને મારી કૃપાથી તેમની સર્વ કામનાઓ પૂર્ણ થશે (62).

**ફલશ્રુતિ :**

આગળ ચાલતાં ભગવાન ગણેશ ઉમેરે છે : ''જે બ્રાહ્મણ બ્રહ્મકુંડના જળમાં સ્નાન કરીને તથા બ્રહ્મશાળામાં રહીને વેદનું અધ્યયન કરશે તે બ્રહ્મસ્વરૂપ થશે. જન્મમરણનાં બંધનમાંથી મુક્ત થશે (63). વળી હે પાંડવો, કાર્તિકેય મારી તથા ચામુંડા દેવીની જે કાર્તિક માસમા ગંધ, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય વગેરેથી પૂજા કરશે, તે ભક્તો સ્વર્ગમાં જશે (64).

**ફલશ્રુતિ :**

ગણેશોપાસના અને તેની ભક્તિને દૃઢ કરે છે.

જે સ્થાનની પવિત્રતા માટે તેમનું આગમન થયું છે, તે સ્થાનનું માહાત્મ્ય વધારતાં તેઓ કહે છે.

"કણ્વઋષિએ સ્થાપેલા આ સ્થાનની યાત્રા જે માણસો કરશે તે બધાં પાપોમાંથી મુક્ત થઈને ઈચ્છિત ફળ મેળવી શકશે (65).

આમ, અહીં કંદુલપુરાણમાં સૂર્ય, કામધેનુ, પરબ્રહ્મા, ગંગા, શંકર, ચામુંડા, કૃષ્ણ તથા ગણેશની સ્તુતિઓ કરવામાં આવી છે.

આ સ્તુતિઓ કરનાર કણ્વમુનિ છે. એક ઋષિ સમાજના હિતનું ચિંતન કરે તો તેણે કયા કયા દેવોની સહાય લેવાની રહે છે, તેનો સુંદર આલેખ અહીં પ્રસ્તુત થયો છે.

અહીં ગંગા અને સૂર્ય જેવા પ્રકટ દેવતાઓ છે. સાથે સાથે કામધેનુ જેવી દંતકથારૂપ દેવીને પણ સ્તુતિપાત્ર ગણવામાં આવેલ છે. પુરાણકારનું મોટું જમા પાસું એ છે કે એણે નિરૂપિત કરેલા મુનિ કણ્વ કોઈ એક જ દેવ કે સંપ્રદાયના હઠાગ્રહી નથી. અહીં પરબ્રહ્મ સ્વરૂપે બ્રહ્મા, કૃષ્ણસ્વરૂપે વિષ્ણુ અને શંકર ત્રણેય દેવોની સ્તુતિ પ્રસ્તુત કરવામાં આવી છે. પરંતુ ક્યાંય પુરાણકારને શેવ, વૈષ્ણવ કે શાક્ત એવું લેબલ લગાવી શકાય તેમ નથી. આમ આ પુરાણકાર ઉદારમતવાદી છે.

દેવીની સ્તુતિમાં પણ ચામુંડા, સપ્તમાતૃકાની સાથે સામુદ્રીને જોડી દેવામાં પુરાણકારને ક્યાંય વાંધો આવ્યો નથી. ઊલટાનું કાંઈ એક જ માતાજીને સર્વસ્વ માનનારા લોકોને પાઠ જાણવા મળે તેવું આલેખન કરવામાં આવ્યું છે કે આ દેવીઓ એક બીજાની સખીઓ છે અને એકબીજાનું માન જાળવવા માટે તત્પર રહે છે.

અહીં બધાં દેવીદેવતાઓ કણ્વમુનિની સમાજના હિતની ચિંતામાં પોતાનું યોગદાન આપવા તૈયાર રહ્યાં છે એ વાત મહત્ત્વની બની રહે છે.

આ બધાં દેવીઓ તથા દેવોની હાજરીથી કણ્વે સ્થાપેલા સ્થાનોનું મહત્તવ વધી જાય છે અને તેથી તેમનો આશ્રયલેનાર યાત્રિક કે ભક્તજનને ઈચ્છિત ફલ મલે છે. મહાભારતના વિરાટપર્વમાં ગુપ્તવાસની સફળતા માટે દુર્ગાસ્તુતિ કરાઈ છે. અહીં ગણેશ સ્તુતિ છે. ગણેશનું મહત્ત્વ ઈ.સ.ના પાંચમાં શતક પછી વધ્યું છે. જ્યારે શક્તિ ઉપાસના તેનાથી પ્રાચીન છે એમ જણાય છે.

આમ, કંદુલ પુરાણમાં આવતી સ્તુતિમાં ઘણું ખરું સ્તોત્રકાવ્યનાં લક્ષણો ધરાવે છે. પુરાણોમાં આવી સ્તુતિઓ વિવિધ દેવો પ્રતિ લોકશ્રદ્ધાને વ્યક્ત કરે છે. સાંપ્રદાયિક ઔદાર્થને પોષે છે. પુરાણોમાં બહુ ઓછી જગ્યાએ સાંપ્રદાયિક કટ્ટરતા મળે છે. આ પુરાણમાં તેમ નથી. શિવ, વિષ્ણુ, શક્તિ, સૂર્ય અને ગણેશ પંચેય દેવોની મળતી સ્તુતિ પુરાણોની દેવપંચાયતની પરંપરાને સજીવ અને સુવ્યક્ત દર્શાવે છે.

• • •

# પાદટીપ

1. स्तुतिर्हि देवतागुणदोष कीर्तनं भवति । ત્ર.ભા.ભૂ. P. 137
2. શિ મહિમ્ન સ્તોત્ર - શ્લોક - 1
3. काव्यं...शितरक्षतमे । का.प्र. 1-2
4. अमरकोश
5. मधुरं हि पदः स्वभावः किमु सितशर्करायुतम् । ઉપમનુયૂ સ્તોત્ર શ્લોક-5
6. કં.પુ. 3.80
7. सहस्त्ररश्मिभिस्तीव्रैः समाकृष्य रसं भुवः । वर्षति प्रायशो लोके तं पर्जन्यं नमाम्यहम्॥

   कं.पु. 3/82
8. કં.પુ. 3/83
9. કં.પુ. 3/85
10. કં.પુ. 3/85
11. કં.પુ. 3/86
12. કં.પુ. 3/87
13. કં.પુ. 3/87
14. કં.પુ. 3/87
15. કં.પુ. 3/88

16. કં.પુ. 3/89

17. કં.પુ. 3/89

18. કં.પુ. 3/90

19. કં.પુ.3.81-107

20. કં.પુ. 3/92

21. કં.પુ. 3/93-102

22. કં.પુ. 3/92

23. કં.પુ. 3/92-102

24. કં.પુ. 3/108-109

25. કં.પુ. 4/152

26. કં.પુ. 4/153

27. કં.પુ. 4/154

28. કં.પુ. 4/155

29. કં.પુ. 4/157

30. કં.પુ. 4/158

31. કં.પુ. 4/159

32. કં.પુ. 4/160

33. કં.પુ. 4/161-162

34. કં.પુ. 4/163

35. કં.પુ. 6/90-93

36. કં.પુ. 8/21-23

37. કં.પુ. 8/21

38. કં.પુ. 8/23

39. કં.પુ. 6/26-27

40. કં.પુ. 8/23-25

41. કં.પુ. 8/26

42. કં.પુ. 8/27

43. કં.પુ. 8/28

44. કં.પુ. 8/36-39

45. કં.પુ. 8/40-45

46. કં.પુ. 8/71-108

47. કં.પુ. 9/5-17

48. કં.પુ. 9/35-37

49. કં.પુ. 13/21-54

50. કં.પુ. 13/56-59

• • •

# પ્રકરણ-૮

# પ્રકરણ-8

# કંદુલપુરાણનું જ્ઞાતિપુરાણ તરીકે મૂલ્યાંકન

## 8.0 પ્રાસ્તાવિક :

### વર્ણ અને જાતિ :

ઈતિહાસના પરિપ્રેક્ષ્યમાં પ્રાચીન ભારતીય સમાજવિચાર અને સમાજવ્યવસ્થા સમજવા માટે આશ્રમ વ્યવસ્થા કરતાં પણ વર્ણવ્યવસ્થા વિશેષ મહત્ત્વની છે. કેટલીક વાર તો "વર્ણાશ્રમધર્મ"માં વર્ણ તથા આશ્રમને ભેગાં કરી દેવામાં આવે છે.

એક રીતે વર્ણવ્યવસ્થાને પ્રાચીન ભારતીય સમાજવ્યવસ્થાનો પાયો કહી શકાય. વર્ણ વ્યવસ્થા એ ભારતીય સંસ્કૃતિનું બળ છે. અને આજે ય તેમાંથી ઉદ્ભવેલી જાતિવ્યવસ્થા તેના વિકૃત સ્વરૂપ તરીકે નિંદા પામેલી હોવા છતાં ભારતીય સમાજ પર ઊંડો પ્રભાવ ધરાવે છે. આના જેવી કોઈ વ્યવસ્થા પશ્ચિમની કોઈ સંસ્કૃતિમાં જોવા મળતી નથી. વર્ણવ્યવસ્થા એ પ્રાચીન ભારતીય સમાજજીવનનું એક વિશિષ્ટ અંગ છે. જાતિઓ વર્ણોના વૈવાહિક આંતર સંબંધથી અસ્તિત્વમાં આવી હોવાનું યાજ્ઞવલ્ક્યે પોતાની સ્મૃતિમાં નોંધી જાતિના અપકર્ષ અને ઉત્કર્ષ વિષે ચર્ચા કરી છે.

ભારતીય સમાજવિચારમાં આવરી લેવાતા બીજા અનેક પ્રશ્નો કરતાં વર્ણવ્યવસ્થાના પ્રશ્ન અનેક પાશ્ચાત્ય અને પૌરસ્ત્ય વિદ્વાનોમાં આકર્ષણ ઊભું કર્યું છે. પરિણામે વર્ણવ્યવસ્થાના મૂળ ઉત્પત્તિ અને વિકાસ વિષે વિદ્વાનોમાં ઘણા મતભેદો પ્રવર્તે છે.

આ વ્યવસ્થાની સાથે નિમ્નલિખિત પ્રશ્નો સંકળાયેલા છે.

1 'વર્ણ' શબ્દનો અર્થ

2 વર્ણમાંથી જાતિઓ કઈ રીતે ઉદ્ભવી.

3 વર્ણ અને વ્યવસાયનો સંબંધ

4 વર્ણ અને જાતિનો સંબંધ વગેરે વગેરે.

## 1. વર્ણ શબ્દનો અર્થ :

સંસ્કૃતિમાં 'વર્ણ' શબ્દનો અર્થ રંગ એવો પરંતુ આ અર્થના પાયામાં રહેલી છે એક માન્યતા તદનુસાર આર્યો બહારથી ભારતમાં આવ્યા હતા તેમણે અહીં રહેતા જે લોકો હતા તે આ બન્નેના વર્ણો જુદા જુદા હતા. આર્યો ગૌર વર્ણના હતા અને ભારતના મૂળ નિવાસી લોકોની ચામડીનો રંગ કાળો હતો.

2 વર્ણના મૂળ અને ઉદ્ભવ  વિષે બે અલગ અલગ દૃષ્ટિકોણો છે :

## (1) પાશ્ચાત્ય દૃષ્ટિકોણ :

આ દૃષ્ટિકોણના પાયામાં રહેલ છે ઉપર્યુક્ત માન્યતા તદનુસાર આર્યોએ ભારત પર આક્રમણ કર્યું હતું અને તેને પરિણામે તેમણે ભારતની મૂળ પ્રજાને ગુલામ બનાવી હતી.

આર્યો ભારતમાં વિજેતા તરીકે આવ્યા. ક્રમશઃ વિસ્તાર સાધ્યો અને મૂળ અનાર્ય પ્રજાઓ તેમની સાથે ભળતી ગઈ. અને શૂદ્ર કહેવાવા લાગી. અહીં ચાતુર્વર્ણ્ય ઉદ્ભવ્યું એમ આ દૃષ્ટિકોણ માને છે.

## (2) પૌરસ્ત્ય બ્રાહ્મણમત :

આ મત માને છે કે વર્ણોની ઉત્પત્તિ અને તેનો વિકાસ દૈવી છે. બ્રહ્માના શરીરના ચાર અંગોમાંથી ચાર વર્ણોની ઉત્પત્તિ થઈ છે. પુરુષ સૂક્તમાં મુખ, બાહુ, ઊરુ અને પગમાંથી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર ઉત્પન્ન થયા હોવાનું કહ્યું છે.

આ બે દૃષ્ટિકોણોએ ક્રમશઃ વર્ણવ્યવસ્થા બાબત અને ખાસ કરીને જાતિવ્યવસ્થા બાબત અનેક મંતવ્યોને જન્મ આપ્યો છે. પશ્ચિમના કેટલાક વિદ્વાનોએ વર્ણ અને જાતિ વચ્ચેનો ભેદ સમજાવવામાં પણ મુશ્કેલી અનુભવી છે. તેમણે બન્ને માટે 'CASTE' શબ્દનો પ્રયોગ કર્યો છે.

વર્ણવ્યવસ્થાના મૂળ વિષે અલગ અલગ મતો નીચે પ્રમાણે છે -

(1) ઋગ્વેદના પ્રસિદ્ધ पुरुषसूक्त (10.90.12) માં મળી આવતા નિર્દેશ અનુસાર દૈવી ઉત્પત્તિનો ભારતીય પ્રાચીન આચાર્યોનો મત.

મનુ આ મતનો સ્વીકાર કરી તેને વિસ્તારે છે.[1] (મનુસ્મૃતિ 1. 88,89,90,91 વગેરે)[1] અન્ય સ્મૃતિકારો આ મત જ સ્વીકારે છે આ મત અનુસાર ચાર મૂળ વર્ણો છે. તેમની ઉત્પત્તિ સ્વયંભૂ અથવા બ્રહ્માના દેહમાંથી થઈ છે. ચાર વર્ણો જ મૂળ છે અને દેવનિર્મિત છે, તેથી આ વ્યવસ્થા શ્રેષ્ઠ છે. આ મતને લક્ષમાં રાખીને સ્વામી વિદિતાત્માનંદ લખે છે કે –

"આમ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રએ ચાર વર્ણ ભારતમાં જ છે એવું નથી. સમગ્ર જગતમાં તે છે. ભારતના લોકો બુદ્ધિમાન છે, તેથી તેમણે આ ચાર પ્રકારનાં માનસ

ધરાવતા લોકોને જુદા ઓળખી તેમનાં નામ આપ્યાં. બીજે ઠેકાણે નામ આપ્યા વગર તેનું તેજ ચાલી રહ્યું છે. પશ્ચિમના દેશોમાં પણ વિચાર કરનારા માણસો હોય છે જે બ્રાહ્મણ છે. ત્યાં પણ રક્ષણ કરનારા લોકો છે જેને આપણે ક્ષત્રિય કહી શકીએ. વેપાર કરનારા વૈશ્ય પણ ત્યાં છે અને માત્ર શારીરિક કર્મ કરનારા લોકો જેને આપણે શૂદ્ર કહીએ છીએ તે પણ ત્યાં છે. આવા વર્ગો તો બધે જ હોય છે. અને એ ન હોય તો સમાજ ચાલે જ નહીં સમાજનાં બધાં અંગો સહકારની ભાવનાથી કર્મ કરે તો જ સમાજની વ્યવસ્થા ચાલે.'' (પુરુષસૂક્ત પ્રવચનો પૃ.37) તેમના મતે આવા સામાજિક વર્ગો એ વર્ણોનું સ્વરૂપ છે.

અન્ય સ્મૃતિકારો મનુના આ મતને જ સ્વીકારે છે.

(2) કેટલાક વિદ્વાનો આ મતનો આધાર લઈને કહે છે કે આ મંત્રમાંથી સમજી શકાય છે કે જુદા જુદા વર્ણોના વ્યવસાયો જુદા જુદા હતા અને એ વર્ણોના જુદા જુદા વ્યવસાયોની ભૂમિકા પર જ આ ચારેય વર્ણો અને પાછળથી જાતિઓનો ઉદ્ભવ થયો.

વ્યવસાય વિશેષતા એ આ રીતે વર્ણધર્મનો પાયો છે. માનવનાં શક્તિ, બુદ્ધિ, વૃત્તિ એ વારસા અનુસાર તેનો વ્યવસાય નિશ્ચિત થાય છે. આ રીતે એકબાજુ દરેક વ્યક્તિને અનુચિત હરીફાઈ વિના પોતાની આજીવિકાના સાધનરૂપ વ્યવસાય સ્વભાવગત રીતે જ મળી રહે છે. બીજી બાજુ આ રીતને લીધે સમાજજીવનની બધી જ જરૂરિયાતો પોષાય છે.

(3) વર્ણ એટલે 'રંગ' વર્ણવ્યવસ્થાના મૂળમાં સમાજના લોકોમાં જોવામાં આવતા ચાર રંગો છે.

(1) બ્રાહ્મણોનો ઊજળો સફેદ,

(2) ક્ષત્રિયોનો લાલ

(3) વૈશ્યોનો પીત અને

(4) શૂદ્રોનો શ્યામ

ઋગ્વેદ જેટલી જૂની આ માન્યતા છે. તેમાં અનાર્યોને શ્યામવર્ણના વર્ણવવામાં આવ્યા છે. તેમના આર્યો સાથેના સંબંધમાંથી શૂદ્રવર્ણનો ઉદ્‌ભવ થયો છે. મૂળ આર્યો પ્રમાણમાં ઊજળા હતા અને તે પછી કેટલીક પરદેશી પ્રજાઓ આર્યોમાં ભળી તે લાલ અને પીત હતી. આ સર્વના સમન્વયમાંથી ચાતુર્વર્ણ્યનો ઉદ્‌ભવ થયો. વિશ્વની પ્રજાઓના ત્વચાના રંગના આધારે આ ચાર વિભાગ બરાબર જણાય છે.

(4) સ્વદેશની જૂની અને પરદેશી પ્રજાઓના સંપર્કને લીધે આર્યોને જાતિગત શુદ્ધિ અને શ્રેષ્ઠતા જાળવી રાખવાની જરૂરિયાત લાગી. સાથે સાથે તેમને પોતાનું રાજકીય અને સાંસ્કૃતિક પ્રભુત્વ પણ જાળવી રાખવાની જરૂર જણાઈ. આથી આથી ઊંચનીચના ભેદવાળી ચાર વર્ણોની વ્યવસ્થા ઉદ્‌ભવી.

આ મત ધરાવનારા માને છે કે વર્ણવ્યવસ્થાના મૂળમાં આર્યોની શુદ્ધિ તથા પ્રભુત્વ જાળવી રાખવાની વૃત્તિ જ કામ કરે છે.

(5) કેટલાક વિદ્વાનો માને છે કે ચાતુર્વર્ણ્ય ભારતીય લોકોની સમન્વયવૃત્તિ અને સહિષ્ણુતાની પરિચાયક છે. માત્ર અનાર્યો જ નહીં પણ વિદેશીઓ પણ ભારતમાં આવીને વસ્યા અને ધીરે ધીરે આર્યધર્મનો આચાર અપનાવીને આર્યો સાથે ભળી ગયા. આપ તમામ લોકો આર્યો બની ગયા.

અને ‘‘સમય જતાં ચાતુર્વર્ણ્યમાંથી એક એવી પરિસ્થિતિ ઊભી થઈ, જેમાં આર્યો સાથે અનાર્યો અને પરદેશીઓ પણ આર્યો બની ગયા. આનો અર્થ એ થયો કે અનાર્યો

અનાર્યો મટી ગયા, પરદેશીઓ પરદેશી ન રહ્યા. બન્નેને આર્યોએ પોતામાં ભેળવી દીધા.''[3]

આ મત સ્વીકારનારા વિદ્વાનોમાં ડૉ. એસ.એ. લતિફ આ પરિસ્થિતિનું મૂલ્યાંકન કરતાં લખે છે ''આ રીતે વર્ણવ્યવસ્થા એ વિવિધતામાં એકતાનાં દર્શનના હિન્દુઓના પાયાના સિદ્ધાન્તની સંસ્થાકીય અભિવ્યક્તિ હતી. તેનો ઉદ્દેશ એ હતો કે વિભિન્ન સંસ્કૃતિઓનાં ઉત્તમ તત્ત્વોને અંતર્ગત કરતા સમાન વારસાને વિકસાવીને જુદી જુદી જાતિઓ પરસ્પર સહભાવથી રહે તેમ કરવું.''[4]

(6) કેટલાક વિદ્વાનો માને છે કે વર્ણવ્યવસ્થા ઉપર બતાવેલી એક કે બીજી પરિસ્થિતિ નહીં, પરંતુ તમામ પરિસ્થિતિઓના સમન્વિત પ્રભાવમાંથી પરિણમે છે. માત્ર વ્યવસાય કે આર્યોના પ્રભુત્વ કે એવાં એક યા બીજાં કારણોમાં વર્ણવ્યવસ્થાનું મૂળ જોવું તે યોગ્ય નથી. અને જાતિવ્યવસ્થાનો આનાથી પણ ઘણી બધુ ક્લિષ્ટ છે રીઝલી Caste ની વ્યાખ્યા આ રીતે આપે છે -

''કોઈક પ્રાચીન માનવ કે દૈવી પૂર્વજને નિર્દેશતા કે તેની સાથે સંકળાયેલાં સમાન નામને ધારણ કરતાં કુટુમ્બોનો સમૂહ કે કુટુમ્બોનું જૂથ એટલે (જાતિ અને)વર્ણ. તેઓ એક જ વ્યવસાયને અનુસરનારાં હોવાનો દાવો કરે છે. અને તદ્‌વિદ અધિકારીઓ તેને એકવિધ બનેલા સમુદાય તરીકે ગણે છે.''[5]

વર્ણોમાંથી જાતિઓ અથવા જ્ઞાતિઓના ક્રમશઃ કઈ રીતે વિકાસ થયો તેના વિષે અવલોકન કરીએ તો પાછળની સંહિતાઓ અને બ્રાહ્મણો તથા ઉપનિષદોના સમયમાં આ વર્ણો વધુ વ્યવસ્થિત બનતા ગયા અને તે સાથે તેમના વ્યવસાયો વગેરે, તેમજ સામાજિક

સ્થાન અને દરજ્જો દઢ થતાં ગયાં. આ સાથે બ્રાહ્મણો એ સમાજમાં શ્રેષ્ઠ અને શૂદ્રો નિમ્નતમ એ માન્યતા રૂઢ થતી ગઈ.

આમ થયું તેમાં દરેક વર્ગની જ્ઞાનસાધના સંસ્કારસાધના, વ્યવસાયનું માનેલું ઊંચાનીચાપણું, નીતિમત્તાના ખ્યાલ, આચાર વગેરે તત્ત્વોએ ભાગ ભજવ્યો છે અને ભવિષ્યમાં આ ચાર વર્ગો કે વર્ણોમાંથી અનેક જાતિઓ ઉદ્ભવવાની સ્થિતિનાં મૂળ પણ આ જ સમયમાં નંખાઈ ગયાં છે.

સ્મૃતિયુગમાં મનુસ્મૃતિમાં આપણને ગુણકાર્ય દ્વારા વર્ણ અને જન્મ દ્વારા જ વર્ણ એવી બે વ્યવસ્થાને માન્યતા આપેલી જોવા મળે છે, તેમાં પહેલા એટલે કે ગુણકર્મ દ્વારા વર્ણનો ખ્યાલ પ્રાચીન છે. શ્રીમદ્ભગવદ્ ગીતા કહે છે :-

"ગુણ અને કર્મના વિભાગ અનુસાર મેં ચાતુર્વર્ણ્યનું સર્જન કર્યું છે."

આ વિચાર વર્ણ વ્યવસ્થાના પ્રાચીન ખ્યાલને પ્રકટ કરે છે. પરંતુ એની સાથે સાથે જ "સ્રીઓ, વૈશ્યો અને શૂદ્રો પણ પરા ગતિને પામે છે." એવો વિચાર જે વ્યક્ત કરવામાં આવ્યો છે, ત્યાં એમ લાગ્યા વિના રહેતું નથી કે સ્રીઓ, વૈશ્યો અને શૂદ્રોને અન્ય લોકો કે વર્ણો કરતાં નીચાં ગણવામાં આવતાં હતાં. આના પરથી ફલિત થાય છે કે પ્રાચીન સમયમાં પણ વર્ણવ્યવસ્થામાં ઊંચનીચનો ભાવ તો હતો જ.

છતાંય ધીમો ધીમો એક આંતરપ્રવાહ (undercurrent) એવો પણ વહેતો રહ્યો છે, જેમાં આપણે જોઈ શકીએ છીએ કે પોતાનાં ગુણકર્મને લીધે કેટલીક વ્યક્તિઓએ પોતાના વર્ણનમાં પરિવર્તન આણ્યું હોય એની સાથે પાછળના સમયમાં શૂદ્ર વર્ણ પ્રત્યે જે અણગમો અને સૂગ ઊભાં થયાં, તે આ સમય સુધી ખાસ જોવા મળતાં નથી. બ્રાહ્મણ અને ક્ષત્રિય

સમાજમાં ઉચ્ચતમ દરજ્જો પામ્યા છે, તે છતાં એક વર્ણમાંથી બીજા વર્ણમાં ગમન ચાલુ રહ્યું છે. આવા વર્ણ પરિવર્તનનાં ઉદાહરણો પ્રસ્તુત કરતાં ડૉ. રમેશ બેટાઈ લખે છે - “જન્મે ક્ષત્રિય વિશ્વામિત્ર તપના તથા કર્મના બળે બ્રાહ્મણ બન્યા છે, તો જન્મે બ્રાહ્મણ પરશુરામ કર્મના બળ ક્ષત્રિયનું જીવન જીવ્યા છે. આધ્યાત્મિક સિદ્ધિને કારણે ક્ષત્રિયરાજા જનક વિદેહ, કેકય, અશ્વપતિ વગેરે બ્રાહ્મણત્વનું સન્માન પામ્યા છે. વળી વસિષ્ઠ વેશ્યાપુત્ર હતા એવી માન્યતા છે. વેદોના, મહાભારત તથા પુરાણોના રચયિતા તરીકે જાણીતા વેદવ્યાસની માતા જાતિની માછીમાર હતી અને તેમના પિતા પરાશર ચાંડાલના પુત્ર હતા........વળી સત્યકામ જાબાલના પિતાની જાતિ શંકાસ્પદ હતી અને જાનશ્રુતિ શૂદ્ર હતા. આ છતાં બન્ને સાધના તથા ગુણકર્મના યોગે બ્રાહ્મણ ઋષિઓ ગણાયા છે. આની સામે કર્મના યોગે વૈશ્યો અને શૂદ્રોની સ્થિતિ બ્રાહ્મણો તથા ક્ષત્રિયોને પ્રાપ્ત થયાના દાખલા ખાસ મળતા નથી જો કે ઉલ્લેખ તો છે જ કે પોતાના કરતાં હીન જાતિનો વ્યવસાય કોઈ કરે તો તેનાથી તેનો જાતિભ્રંશ થાય છે.”[8]

આથી માની શકાય કે આવા દાખલા પણ પ્રાચીન કાળમાં હશે ખરા. એ પ્રકાશમાં આવ્યા નથી. તે પણ સાબિત કરે છે કે વર્ણવ્યસ્થાનાં ગુણગાન ગાતા સુવર્ણકાળમાં પણ ચારેય વર્ણ વચ્ચે સમતા ન હતી, પાછળના સમય અને આ સમયમાં તેની ઉત્કષ્ટતાની માત્રામાં ફેર છે, પ્રકારમાં નહીં.

આ ચર્ચા પરથી સિદ્ધ થાય છે કે વર્ણ અને વ્યવસાયનો સંબંધ તે યુગમાં ન હતો, એ દૃષ્ટિએ કે માણસ જન્મે એટલે તેનો વર્ણ નક્કી જ થઈ જાય અને તે પોતાના વ્યવસાય સ્વૈચ્છિક રીતે પણ બદલી ન શકે છતાં સામાન્ય રીતે કહીએ તો વર્ણોના વ્યવસાયો નિયત થયા છે, રૂઢ થતા જાય છે.

આ પરિસ્થિતિમાં પણ એક રસપ્રદ હકીકત એ જોવા મળે છે કે એક જ કુટુંબના સભ્યોના વ્યવસાય અલગ અલગ હોય. ઋગ્વેદની એક ઋચામાં કહેવામાં આવ્યું છે કે ''હું મંત્રોની રચના કરું છું, મારા પિતા વૈદ્ય છે, મારી માતા અનાજ દળે છે, અમે બધા જુદા જુદા વ્યવસાયોમાં પડ્યાં છીએ.''

આ સાથે આ જ પ્રાચીન યુગમાં બ્રાહ્મણ ક્રમશઃ ઉત્તમ અને શૂદ્ર ક્રમશઃ અધમ ગણાતો જાય છે એવાં પ્રમાણો આપણને મળી રહે છે. તે સાથે જ વર્ણોના વ્યવસાયો રૂઢ થતા જાય છે અને આખી વ્યવસ્થા ગુણકર્મ દ્વારા વર્ણના પાટા પરથી જન્મ દ્વારા વર્ણ ના પાટા તરફ ચાલી જાય છે. તેનાં પ્રમાણોમાંનાં કેટલાંક નિમ્નલિખિત છે -

(1) શતપથબ્રાહ્મણ શૂદ્રની હલકી પડતી જતી દશાનાં પ્રમાણો આપે છે.

(2) કાઠક સંહિતા કહે છે કે શૂદ્રો ગાયો દોહી શકતા નથી.(31-3)

(3) ઐતરેય બ્રાહ્મણમાં તો એટલે સુધીનો ઉલ્લેખ છે. કે શૂદ્ર યથાકામવધ્ય છે.

શૂદ્રને વારસાનો અધિકાર નથી એવા ઉલ્લેખો પણ મળી આવે છે.

બ્રાહ્મણોની સેવા એ શૂદ્રનો મુખ્ય વ્યવસાય છે એમ પણ કહેવામાં આવ્યું છે.

આ રીતે સમાજજીવનમાં વર્ણવ્યવસ્થા ક્રમે ક્રમે વધુને વધુ વ્યવસ્થિત થતી જાય છે અને જેમ જેમ વ્યવસ્થિતતા વધતી જાય છે, તેમ તેમ તેમાં રૂઢતા વધતી જાય છે, ગતિશીલતા ઘટતી જાય છે અને ''જન્મ દ્વારા વર્ણ''નો સિદ્ધાન્ત સ્વીકારાતો જોવા મળે છે.

આ દિશામાં મનુ સ્મૃતિકાળના પ્રતિનિધિ શાસ્ત્રકાર છે. તેમને અનુસરીને અને સ્મૃતિકારો પ્રાચીન સમાજવ્યવસ્થામાં વર્ણ તથા વ્યવસાયના દૃઢ સંબંધ, જન્મ દ્વારા વર્ણતા વિશેષ આગ્રહ, વર્ણવ્યવસ્થામાં પેસી ગયેલ ઊંચનીચનો ભાવ, શૂદ્રોની સામાજિક દરજ્જાની

અને વ્યાવસાયિક દૃષ્ટિએ અધોગતિ, વૈશ્ય દ્વિજ હોવા છતાં પણ લગભગ શૂદ્રનો સમકક્ષ ગણાય ઈત્યાદિ માન્યતાઓ તરફ વળી જતા જોવામાં આવે છે.

આ વલણને પરિણામે સવર્ણ વિવાહની શ્રેષ્ઠતાનો ખ્યાલ સમાજમાં રૂઢ થતો જાય છે અને તેની સાથે વર્ણોમાંથી અનેક જાતિનો ઉદ્ભવ થાય છે. એનો વિસ્તાર થાય છે. દ્વિજોમાં પણ ઊંચનીચના ભેદ વધુ ને વધુ તીવ્ર બનતો જાય છે. અને આ જાતિઓ વચ્ચેના સંબંધોને સવિશેષ નિશ્ચિત બનાવે છે. પરિણામે સવર્ણવિવાહ ઉત્તમ અને તે સાથે સવર્ણ વિવાહથી જન્મેલી પ્રજા ઉત્તમ એવો મત આપે છે. છતાં સમાજમાં અન્યાન્ય પ્રકારના વિવાહો થતા રહે છે. પરિણામે મનુ તેમનાથી થતી સંતતિ માટે ચાર વર્ણોની મર્યાદામાં જ વિકસતી એવી જાતિઓ નક્કી કરી આપે છે.

આ રીતે વર્ણમાં જાતિ અને તેના વ્યવસાયો પણ એ વર્ણના નિયત વ્યવસાયો પૈકી ઊતરતી કક્ષાના હોય. આમાંથી ભવિષ્યમાં પ્રત્યેક વર્ણમાં એકથી વધારે જાતિઓ ઉદ્ભવે અને તેમના પરસ્પર સજાતિય, અનુલોમ કે પ્રતિલોમ વિવાહોથી બીજી અનેક જાતિઓ ઉદ્ભવ એક જ વર્ણમાં આ રીતે અનેક જાતિઓ વિસ્તાર પામે.

મહાભારતમાં જુદે જુદે સ્થળે વર્ણવ્યવસ્થાની ચર્ચા મળી આવે છે. તેમાંથી પણ ગુણકર્મ દ્વારા વર્ણ અને જન્મ દ્વારા વર્ણ એ બન્ને સિદ્ધાન્તો પ્રાપ્ત થાય છે. જાતિઓનો પરિચય પણ મળે છે. ભવિષ્યમાં જાતિઓ કઈ રીતે વિસ્તરતી જશે અને કઈ રીતે તેમાં રૂઢતા, જડતા આવતી જશે તેની દશા પણ નક્કી થઈ ગઈ છે. આમ છતાં યક્ષ-યુધિષ્ઠિર સંવાદમાં ગુણ-કર્મને મહત્ત્વ આપતાં યુધિષ્ઠિર જણાવે છે. માતા જ પિતાને જાણે છે. પિતાના આધારે જ વર્ણ નક્કી થાય. છે.

આ રીતે હિન્દુ સમાજ જાણે કે સમાજ મટીને નાની નાની જાતિઓમાં વિભાજિત

થઈ ગયો. અને ખાદ્યાખાદ્યની મર્યાદા તથા વિવાહની સીમાઓ અવિલોપ્ય બની ગઈ. આનો માનસિક પ્રત્યાઘાત હિજરાતા વર્ગો પર એવો પડ્યો કે તેઓ જાતે પોતાની જાતને પતિત અને હીન માનતા થઈ ગયા.

## જાતિ અથવા જ્ઞાતિ :

ભારતીય વ્યવસ્થાની દષ્ટિએ જાતિ અને જ્ઞાતિએ શબ્દો સમાનાર્થી છે. મનુએ મોટા ભાગે 'જાતિ' શબ્દ ઉપયોગમાં લીધો છે.[9] તે છતાં આ જ અર્થમાં "જ્ઞાતિ" શબ્દ પણ જાણીતો છે.[10] તે જ્ઞાતિ શબ્દને પિતૃપક્ષનાં સગાં, સગાં અને જ્ઞાતિબંધુઓના અર્થમાં લે છે. આ જ રીતે યાજ્ઞવલ્ક્ય પણ 1.90 અને 1.96 એ બે શ્લોકમાં "જાતિ" શબ્દનો ઉપયોગ કરે છે.[11]

આથી આપણે કહી શકીએ કે જાતિ અને જ્ઞાતિ જાતિ વ્યવસ્થા અને જ્ઞાતિવ્યવસ્થા એ શબ્દો છેક સ્મૃતિકાળથી સમાનાર્થી શબ્દો છે. ફેર એટલો છે કે સ્મૃતિયુગમાં 'જાતિ' એ શબ્દ વધુ પ્રચલિત છે. મોટા ભાગના વિદ્વાનોએ 'જાતિ' અને 'જ્ઞાતિ' એ શબ્દોના પર્યાય તરીકે અંગ્રેજી ભાષાનો શબ્દ Caste પસંદ કર્યો છે.

આ ચર્ચા પછી વાસ્તવિક હકીકત તરફ નિર્દેશ કરતાં ડૉ. રમેશ બેટાઈ લખે છે :

"ભારત જેવડા વિશાળ અને બહુભાષી દેશમાં વિશાળ હિન્દુ સમાજમાં વિકસેલી આ જાતિઓના મૂળમાં માત્ર આજે જ નહીં, પરંતુ ખુદ સ્મૃતિયુગમાં પણ આ વ્યવસ્થા સરળ રહી નથી અને તેની સંકુલતા તથા ક્લિષ્ટતા બતાવે છે કે જુદી જુદી જાતિઓમાં, જુદા જુદા સમયે કામ કરતાં રહેલાં મુખ્ય તત્ત્વો છે વ્યવસાય, સામાજિક, દરજ્જો, સંસ્કાર,

શુદ્ધિનો આગ્રહ, વિવાહ સંબંધોના નિયંત્રણો, ખાદ્યાખાદ્યના વિધિનિષેધ, સ્પૃશ્યાસ્પૃશ્યના ખ્યાલ વગેરે.''[12]

જાતિઓના વિસ્તારનાં કારણો જે મૂળ હતાં તે હવે બદલાવા લાગ્યાં છે અને હવે પ્રાદેશિકતા સ્થળ-મહત્ત્વ અને બીજા નવા કારણો પ્રવેશ્યાં છે. પરંતુ ''જન્મથી જાતિ'' એ માન્યતાએ અત્યંત મહત્ત્વની ભૂમિકા જાળવી રાખી છે.

## 8.1 કંડુલપુરાણ : જ્ઞાતિપુરાણ

વર્ણ, જાતિ અથવા જ્ઞાતિ સંસ્થાનું આપણે ઐતિહાસિક રીતે અવલોકન કરી ગયા છીએ. કંડુલપુરાણ એક જ્ઞાતિ-પુરાણ છે. તેમાં ઉપર્યુક્ત ઐતિહાસિક તથ્યોનું આલેખન કઈ રીતે મળી આવે છે, તે જોવાનો ઉપક્રમ અહીં અપનાવવામાં આવ્યો છે. અન્ય જ્ઞાતિ-પુરાણોનું વિહંગાવલોકન અલગ પ્રકરણમાં કરવામાં આવ્યું છે.

કંડુલપુરાણ પણ જ્ઞાતિ તથા તેની સાથે સંકળાયેલાં ઐતિહાસિક સ્થળો તથા તીર્થોનું આલેખન કરતું પુરાણ છે. આ ગ્રંથના સંપાદક અને અનુવાદક જ્યોતિષી શ્રી માધવરાય કરશનજી અધ્વર્યુ પોતાને કંડુલપુરાણની પ્રાપ્તિ કઈ રીતે થઈ તેની વાત કરતાં લખે છે -

''આ સંસ્કૃતગ્રંથ જોવાની તેમજ તેને પ્રસિદ્ધ કરવાની મને તીવ્ર ઈચ્છા હતી આપણી ઉત્પત્તિને બતાવનાર ''कंडोलपुराण'' નામનો ગ્રંથ છે, એવું મારા સાંભળવામાં આવતાં તે મેળવવા ઘણો જ પ્રયાસ કર્યો અને ઘણા સમયે તે હસ્તલિખિત ગ્રંથ સિહારમાંથી હું મેળવી શક્યો. તે સિવાય બ્રાહ્મણોત્પત્તિમાર્તંડની અંદર આપણી ઉત્પત્તિનો ઈતિહાસ વાંચવામાં આવ્યો. પરંતુ તેમાં કંડોલપુરાણનો ટૂંકમાં ઉતારો જ લેવામાં આવેલ જોવામાં આવ્યો.'' આ પુરાણની ઉપલબ્ધિનો ઈતિહાસ આગળ વધારતાં શ્રી મા.ક. અધ્વર્યુ લખે છે.'' ઉપરોક્ત

હસ્તલિખિત જૂનો ગ્રંથ સિહોરથી મેળવ્યા પછી તેને છપાવી પ્રસિદ્ધ કરવા તરફ મનની વૃત્તિઓ દોરાણી પણ આર્થિક સ્થિતિ નબળીના કરાણે તે કામ ઘણું જ કઠણ થઈ પડ્યું. આખરે આ હસ્તલિખિત જૂનો ગ્રંથ કોઈ પણ રીતે હયાતી ધરાવે તેવી ઈચ્છાથી રાજકોટથી પ્રસિદ્ધ થતાં "જય સામુદ્રીય" માસિકમાં તે શ્લોકો થોડા થોડા આપવાની શરૂઆત કરી અને તે શ્લોકો દાનવીર ગૃહસ્થ અભેચંદભાઈના વાંચવામાં આવતાં તેઓશ્રીએ આ ગ્રંથ છપાવી બહાર પાડવા સંબંધી પોતાનો અભિપ્રાય બતાવ્યો કે જે શેઠશ્રીયુત રા.રા. અભેચંદભાઈ ગીરધરભાઈના પ્રતાપથી આ ગ્રંથ બહાર પાડી જ્ઞાતિ સેવામાં મૂકી આપણી પૂર્વની ખરી સ્થિતિનું અવલોકન કરાવવા હું ભાગ્યશાળી થઈ શક્યો છું."

તે પછી બીજા એક દાનવીર શેઠ લલ્લુભઈ ત્રિભોવનદાસનો ઉલ્લેખ કરે છે અને તેમનું અચાનક અવસાન થતાં તેમના સુપુત્ર ભાઈ જગમોહનદાસનો કૃતજ્ઞતાપૂર્વક ઉલ્લેખ કરે છે.

આ પુરાણ વિષે વાત કરતાં શ્રી અધ્વર્યુ લખે છે "આ ગ્રંથના જુદા જુદા ચાર ભાગો પાડવામાં આવેલ છે. પહેલા ભાગમાં સંસ્કૃત ઈતિહાસ ઉપરથી કપોળ કંડોલીઆ તથા સોરઠીઆ ત્રણે જ્ઞાતિની ઉત્પત્તિ મૂળથી બતાવેલી છે. તથા તે ઈતિહાસને લગતાં પુરાતન સ્થળોનાં ચિત્રો આપવામાં આવેલાં છે કે જેને અંગે આપણી મૂળ સ્થિતિ તથા પુરાતન સ્થળોની આદ્ય ઉત્પત્તિનું આપણને જ્ઞાન થઈ શકે છે.બીજા ભાગમાં કંડોલીઆ બ્રાહ્મણનો ઈતિહાસ કંડોલિયા નામ પડવાનું કારણ, ગોત્રો, શાખા, પ્રવરો તથા ગોત્રદીઠ વંશાવળીની ટૂંક હકીકત જેટલી મારા જાણવામાં આવી તેટલી આપેલી છે."

ત્રીજા ભાગમાં કનકેશ્વરીનું વર્ણન કપોળવાચક સંજ્ઞા ગોત્રાદિ વિભાગ, અટકો તથા પ્રતિષ્ઠિત પુરુષોના ટૂંકમાં જીવનચરિત્રો તથા તેમને લગતી વંશાવળીનું વર્ણન કરવામાં આવેલ છે.

તેવી જ રીતે ચોથા ભાગમાં દસા તથા વીસા સોરઠીઆ જ્ઞાતિનો ઈતિહાસ અને પ્રતિષ્ઠિત પુરુષોના જીવનચરિત્રો વગેરેનું ટૂંકમાં વર્ણન લખવામાં આવેલ છે.

દસા સોરઠિયા અને પ્રાગ્વાડ બ્રાહ્મણો વચ્ચે જે જ્ઞાતિભેદ પ્રવર્તે છે, જે ગેરસમજણ પ્રવર્તે છે તેના વિષે શ્રી અધ્વર્યુ લખે છે -

"દસા સોરઠિયા જ્ઞાતિની અંદર જે ભાઈઓ પોતાને પ્રાગવાડ બ્રાહ્મણો હોવાનું માને છે....તે કલ્પના તદ્દન અસંભવિત છે. તેનું મુખ્ય કારણ ખરા આધાર સિવાયની દંતકથાઓ તથા બારોટોની પરંપરાગતમાન્યતા અને આપણો સંસ્કૃત ઈતિહાસ અદ્યાપિ દટાઈ રહ્યો છે, એ જ છે. આ બાબતમાં કંડુલપુરાણના નિમ્નલિખિત શ્લોકો વાંચવાથી પ્રતીતિ થશે કે સોરઠિયા વણિકો પ્રાગ્વાડ શા કારણથી કહેવાયા તાત્પર્ય એ છે કે ત્રીસ હજાર વણિકો જે સોરઠિયા કહેવાયા તેમને કણ્વમુનિએ પ્રાग्वाटो શબ્દથી સંબોધેલા હતા :

(i) ब्रह्मणो मनसो जातास्तदमी वणिजो मुदा ।
कण्वार्थं ब्रह्मणा सृष्टाः स्वदत्तवरदानतः ॥ अ.नु. 4.13

(ii) पूर्वं सौराष्ट्रसंज्ञाय वणिजो विधिनोदिताः ।
ततः संस्थाप्य कण्वेन प्राग्वाटो इति ते कृताः ॥ 14.14

(iii) अतस्ते खलु सौराष्ट्रा प्राग्वाडा इति ते मताः ।
देवद्विजगुरूणां च भक्तियुक्ता दयालवः ॥ 14.15

(iv) गालवा गालवोक्ता ये धृतचंचत्कुंडलाः ।
पृथक्स्थितास्तु कण्वेन कपोला इति त कृताः ॥ 14.16

સંસ્કૃત ભાષામાં મળી આવતા ઈતિહાસ પ્રમાણે પ્રભાસ ક્ષેત્રમાં 18 હજાર બ્રાહ્મણો તથા 36 હજાર વણિકોનું જવાનું થયું હતું. અને ત્યાંથી વણિકો તથા બ્રાહ્મણોને સાથે લઈને ગાલવમુનિ પાંચાળ દેશમાં ગયા હતા. અને તે સ્થળે વાસ કરવાથી બ્રાહ્મણો (કાણ્વા) (કણ્વમુનિના શિષ્યો) કહેવાયા. અને ત્યાર પછી સત્યાદિ યુગોમાં કણ્વમુનિએ સ્થાપેલા સ્થાનગર(થાનગઢ)નાં જુદાં જુદાં નામો થવાથી કળિયુગમાં તે જ નગર કંડુલનગરના નામથી ઓળખાયું અને કંડુલનગરના વતની હોવાથી કળિયુગમાં તે બ્રાહ્મણો કંડોળિયાના નામથી ઓળખાયા. હજી પણ તે નગરનાં ખંડેરો થાન કંડોળાના નામથી ઓળખાય છે.

તેવી જ રીતે 36 હજાર વણિકોમાંથી તેમાંના 30 હજાર વણિકો તેઓનું ઉત્પત્તિસ્થાન સૌરાષ્ટ્ર હોવાથી તેઓ સોરઠિયા કહેવાયા. બાકીના 6 હજાર જો કે સૌરાષ્ટ્રના વાસીઓ હોવા છતાં તેઓ ગાલવ મુનિના શિષ્યો તરીકે સંબોધાવાથી કપોળ કહેવાયા.

ઉપર મુજબ અને સંસ્કૃત ઈતિહાસ અનુસાર તો સોરઠિયા વણિકોનું સ્થાન બ્રાહ્મણોની અંદર કોઈ પણ રીતે મુકરર થઈ શકતું નથી. અને તે તદ્દન ગાલવપુરાણની જ વાત માની શકાય છે. અને તેમ માનવું પણ ભૂલ ભરેલું છે. આશ્ચર્યની વાત તો એ છે કે દસા સોરઠિયામાં સાક્ષર ગણાતા પુરુષો પણ પોતાને પ્રાગ્‌વાડ બ્રાહ્મણો હોવાનું માનતા આવ્યા છે. તેનું મુખ્ય કારણ સત્ય વસ્તુ તદ્દન અંધકારમાં જ રહેવાનું છે. પ્રાગ્વાટ શબ્દ બતાવે છે કે તેઓ નગરની પૂર્વ દિશામાં રહેતા હતા.

## 8.2 કંડોલિયા (કપોલ) બ્રાહ્મણ જ્ઞાતિનો ઈતિહાસ :

કંડોળિયા બ્રાહ્મણોની ઉત્પત્તિ કેવી રીતે કયે સ્થળે કોના વખતમાં તથા કયા ઋષિથી થઈ તે આપણે આગળ જોઈ ગયા છીએ.

કણ્વઋષિથી સ્થપાયેલા નગરનાં નામો નીચે પ્રમાણે ચારેય યુગોમાં બદલાયાં છે. સત્યયુગમાં કણ્વાલય, ત્રેતાયુગમાં કલુષાપહ; દ્વાપરમાં કાંપિલ અને કલિયુગમાં કંડુલક (કંડુલ) એ પ્રમાણે ચાર યુગોમાં જુદાં જુદાં નામો બદલાયાં.[13]

અર્થાત્ કલિયુગમાં કંડુલ નામનું તે નગર હોવાથી ત્યાંના રહેવાવાળા બ્રાહ્મણો કંડુલિયા (કંડોળિયા) કહેવાયા. કારણકે અમુક દેશના અગર તો અમુક ગામના અગાઉ વતની હોવાથી તે ગામના નામ પ્રમાણે જાતિ અથવા તો અટક પડે છે. દા.ત. માલવા દેશના વતની તે માલવિયા, ચીતલ ગામના વતની તે ચીતલિયા એવી જ રીતે કલિયુગમાં કંડુલક ગામમાં રહેવાવાળા બ્રાહ્મણો કંડુલિયા કહેવાયા અને ત્યાર પછી કંડુલિયાને બદલે કંડોળિયા થયા.

કેટલાક વિદ્વાનો માને છે કે કંડોળિયા બ્રાહ્મણો પહેલાં વાલમ બ્રાહ્મણો હતા. પણ તે વાજબી લાગતું નથી. કંડોળિયા બ્રાહ્મણો માત્ર વંશ રાખવાના હેતુથી વાલમ બ્રાહ્મણોની કન્યાઓ સાથે હત્યાકાંડ પછી પરણેલા હતા. અને વાલમ બ્રાહ્મણોની કન્યાઓ સાથે લગ્ન કરવાથી પોતાની જ્ઞાતિના મટી કન્યા પક્ષવાળાની જ્ઞાતિના બની જતા નથી. માટે ખરી બીના કલિયુગમાં કંડુલક નગરના વતની હોવાથી કંડુલિયા અગર તો કંડોલિયા કહેવાયા તે વાત વધારે મહત્ત્વની અને માનવા જેવી લાગે છે.

હવે તે જ્ઞાતિનાં ગોત્રો, વેદ, પ્રવર, શાખા વગેરેના વિભાગો જોઈએ. આ જ્ઞાતિનાં કણ્વઋષિએ નીચે બતાવેલા 18 ગોત્રો સ્થાપેલાં હતાં -

| | | |
|---|---|---|
| 1. ગૌતમ | 2. સાંકૃત | 3. ગર્ગ |
| 4. વત્સસ | 5. પારાશર | 6. ઉપમન્યુ |
| 7. બંદિલ | 8. વશિષ્ઠ | 9. કુત્સ |
| 10. પુલ્કસ | 11. કશ્યપ | 12. કૌશિક |
| 13. ભારદ્વાજ | 14 કપિષ્ઠિલ | 15 સારંગિરિ |
| 16 હારિત | 17 શાંડિલ્ય તથા | 18 શનકિ - શનક |

ઉપર્યુક્ત અઢાર ગોત્રોમાંથી ગોત્રદીઠ એકએક બ્રાહ્મણની પૂજા કણ્વમુનિએ પોતાના યજ્ઞમાં કરી હતી.[14]

કણ્વમુનિએ કરેલી ગોત્રોની સ્થાપના સત્યયુગમાં થયેલા રાજા માંધાતાથી લઈને કલિયુગમાં રાજા શિલાદિત્યના વખત સુધી અવિચ્છિન્નપણે ચાલી અને ત્યાર પછી સં. 202 ની સાલમાં કણ્વમુનિએ બંધાવેલા અને કલિયુગમાં કંડુલ (થાન કંડોલા) નામથી ઓળખાતા નગરનો નાશ થયો. ત્યાર પછી તે નગરવાસી બ્રાહ્મણો તથા વણિકો જુદા જુદા પ્રદેશોમાં જઈને વસ્યા. તેમાંના કેટલાક બ્રાહ્મણો તથા વણિકો વળા[15]માં જઈને વસ્યા અને તે સ્થળે રંકકાકુએ (રાંકાએ) બ્રાહ્મણો તથા વણિકો વચ્ચે લગ્નમંડપમાં મતભેદ પડતાં આબાલવૃદ્ધ સર્વ બ્રાહ્મણોનો વધ કર્યો અને તે હત્યાકાંડમાંથી બચી નવ બ્રાહ્મણો મા સામુદ્રીને શરણે ગયા અને માતાજીની સ્તુતિ કરી[16] તે સ્થળે તેમને મારવા માટે રંકકાકુએ ઘણા જ પ્રયત્નો કર્યા પણ તેમાં તે નિષ્ફળ ગયો.[17]

બ્રાહ્મણોનો આ હત્યાકાંડ સંવત 765 ની આસપાસ રાજા શિલાદિત્યના વખતમાં થયેલો એમ માનવામાં આવે છે. તે વખતે રંકકાકુ મારવાડમાં આવેલા પાલી ગામમાંથી ઘણી જ કંગાળ દશામાં વલભીપુરમાં આવીને વસ્યો હતો.

ત્યાં આવ્યા બાદ તેને કોઈ યોગી પાસેથી સુવર્ણ પુરુષ તથા સુવર્ણશ્વાનની પ્રાપ્તિ થયેલી હતી. એમ કહેવામાં આવે છે કે

- કાકુએ તે વખતે તે યોગીનો વધ દગાથી કર્યો હતો,
- ઘી વેચવાવાળી રબારણને છેતરીને તેની પાસેથી દગાથી મોણવેલની ઇંઢોણી પડાવી લીધી હતી,
- પોતાને ત્યાં થાપણ તરીકે મૂકવામાં આવેલ રસના કૂપાને બ્રાહ્મણ પાસેથી પચાવી પાડેલો હતો.[18]

આ બધાં કૃત્યો તેની આસુરી પ્રકૃતિને પ્રકટ કરે છે.

આ ઉપરાંત દેશદ્રોહી તથા રાજ્યદ્રોહી બની તેણે શિલાદિત્ય અને વલભીપુરની નિર્દોષ પ્રજાનો નાશ મુસ્લિમોને હાથે કરાવ્યો હતો. યવનો સમક્ષ રાજા શિલાદિત્યના મૃતદેહનું અપમાન કરવા પણ તે તૈયાર થયો હતો પણ મુસ્લિમ રાજાએ તેને તેમ કરતાં અટકાવ્યો હતો. અને મૃત રાજા માટે પોતાનો આદર પ્રકટ કર્યો હતો. આ ઘટના પણ તેની નીચતા પર પ્રકાશ ફેંકે છે. આવો કઠોર હૃદય માણસ નાની એવી વાતમાં બ્રાહ્મણોનું નિકંદન કાઢી નાખે તે આશ્ચર્યની વાત નથી.[19]

હત્યાકાંડમાંથી માત્ર નવગોત્રના નવ બ્રાહ્મણો ને તે પણ પુરુષો જ બચવા પામેલા હતા. તેથી તેમણે આપદ્ ધર્મ સમજી નાશ પામતા પોતાના વંશનું રક્ષણ કરવા માટે તે નવેયે વાલમ બ્રાહ્મણોની કન્યાઓ સાથે લગ્ન કર્યા અને તેમનો પરિવાર વિસ્તરવા લાગ્યો.

કં.પુ.અ. 5 શ્લોક 106 થી 123 અનુસાર ઉપર્યુક્ત બ્રાહ્મણોના ગોત્ર પ્રવર, વેદ વગેરે નીચે પ્રમાણે છે.

| ક્રમ | ગોત્ર | અટક | વેદ | શાખા | દેવી | ઋષિ | પ્રવર |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ગૌતમ<br><br>સાંક્રત | પંડ્યા<br><br>- | યજુર્વેદ<br><br>ઋગ્વેદ | માધ્યંદિની<br><br>ચલાઈની | ચામુંડા<br><br>સામુદ્રી | ઔતિથ્ય<br><br>અંગિરા | ગૌતમ, ઉતથ્ય અને આંગિરસ<br><br>સાંક્રત, અંગિરા, ગૌરી અને વત્સ |
| 2 | ગાર્ગસ (ગર્ગ) | જોશી | સામવેદ | કૌથુમી | વારાહીદેવી | વત્સસ | ગર્ગ, વત્સ અને અંગિરા |
| 3 | વત્સસ્ | ભટ્ટ, અધ્વર્યુ (અધ્યારુ) | યજુર્વેદ | માધ્યંદિની | રજકાવલી | ચ્યવન<br><br>જમદગ્નિ | વત્સ, ચ્યવન, ઔર્વ, આપ્નવાન અને |
| 4 | પારાશર | પંડ્યા | યજુર્વેદ | માધ્યંદિની | ચામુંડા | વશિષ્ઠ | પારાશર, વશિષ્ઠ અને મચ્છુ |
| 5 | ઉપમન્યુ | જોશી, વ્યાસ તથા અધ્યારૂ | યજુર્વેદ | માધ્યંદિની | નિત્યા | ચ્યવન | ઉપમન્યુ, ચ્યવન, આંગિરસ |
| 6 | બંદિલ | વ્યાસ | યજુર્વેદ | માધ્યંદિની | મંડિતા | ઉપમન્યુ અંગિરા | અત્રિ, ઔતથ્ય |
| 7 | કશ્યપ | - | યજુર્વેદ | માધ્યંદિની | અંબિકા | નૈદ્રવ | કાશ્યપ,વત્સ અને નૈદ્રવ |
| 8 | કૌશિક | અધ્યારૂ | યજુર્વેદ | માધ્યંદિની | ઈશ્વરી | આંગિરસ | કૌશિક,આંગિરસ અને બાર્હસ્પત્ય |
| 9 | વશિષ્ઠ | જોશી | અથર્વવેદ | દાધ્યંગિકી | સિદ્ધેશ્વરી | - | વશિષ્ઠ એક જ પ્રવર |

## 8.3 કપોળ જ્ઞાતિનો ઉદ્ભવ અને વિકાસ :

કપોલ જ્ઞાતિમાં ઉપર્યુક્ત રીતે એકંદર 18 ગોત્રો હતાં. આ ગોત્રોની યોજના કણ્વમુનિએ કરેલી હતી. પરંતુ તેમાંથી અત્યારે કપોલ જ્ઞાતિમાં ચૌદ ગોત્રનાં મનુષ્યોની હયાતી રહેલી છે.બાકીનાં ચાર ગોત્રોનો વંશ વચ્ચેથી બંધ પડી ગયેલાં જોવામાં આવે છે. તેમાં ગોત્ર સંબંધિત માહિતી કંડોલિયા તથા કપોલ જ્ઞાતિના સભ્યોને યાદ રહેલી છે. પરંતુ સોરઠિયા જ્ઞાતિમાં ગોત્રની માહિતી ભાગ્યે જ કોઈકને છે. આ માહિતી હોવાનું કારણ માત્ર તેમના બારોટો જ છે. તે બારોટોએ પોતાના ચોપડામાં લગભગ બે હજાર વર્ષની માહિતી વંશપરંપરાથી સાચવેલી છે.

હવે બારોટના ચોપડામાં આપેલાં ગોત્રો તથા પુરાણોમાં આપેલાં ગોત્રો તેમાં થોડા ઘણા ફેરફાર સાથે જણાય છે. બન્નેની સંખ્યા 18 ની છે, પણ તેમાં કવચિત્ નામફેર તથા વત્તાઓછાપણું જોવામાં આવે છે. કંડુલપુરાણમાં આપેલાં ગોત્રો તેમજ બ્રાહ્મણોત્પત્તિ માર્તંડમાં આપેલાં ગોત્રો બરાબર મળતાં આવે છે.

બારોટના ચોપડામાં સાંક્રત, કુત્સ, પુલ્કસ તથા સનકી-આ ચાર ગોત્રોનું વર્ણન નથી. તેમ તેમનાં નામો પણ નથી. પણ તે ચાર ગોત્રોને બદલે યદુકરણ, કણ્વ, ભાર્ગવ તથા પિપ્પલાદ એમ ચાર ગોત્રો જુદાં બતાવવામાં આવ્યાં છે. તેમાંના ભાર્ગવ ગોત્રમાં મોદી અને પીપ્પલાદ ગોત્રમાં દેસાઈ વગેરે હજુ હયાતી ધરાવે છે.

પ્રાચીન સમયમાં હિન્દુઓમાં માત્ર બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એમ જ ચાર જ વર્ણો (અથવા આજનો શબ્દ વાપરીએ તે જ્ઞાતિઓ) હતી. સમય પસાર થતાં તેમાં ફેરફાર થવા લાગ્યા. એક જાતિાંથી પેટા શાખાઓ જુદી જુદી થવા લાગી. તેમ થવાના કારણો નીચે મુજબ ગણાવી શકાય :

(1) જુદા જુદા ઋષિમુનિઓની સેવા કરવી.

(2) એક સમુદાયમાંથી છૂટા પડી ત્યાંથી બીજે સ્થળે નિવાસ કરવા.

(3) વેપાર ધંધા અંગે ્ક ગામમાંથી બીજા ગામ ચાલ્યા જવું.

(4) વિદેશીઓનાં આક્રમણોથી ત્રાસ પામીને અન્યત્ર ચાલ્યા જવું.

## ''કપોલ'' શબ્દાર્થ તથા અન્ય વિગતો :

કપોલ એ સંસ્કૃત શબ્દ છે. તેનો અર્થ થાય છે ગાલવ કંડુલપુરાણમાં દર્શાવ્યા પ્રમાણે સ્થાન નગરીની સ્થાપના કરતી વખતે કણ્વમુનિની આજ્ઞાથી બ્રાહ્મણો તથા વણિકોને તેડી લાવવા માટે ગાલવમુનિ પાંચાલ પ્રદેશમાંથી પ્રભાસક્ષેત્રમાં ગયા (કં.પુ. અધ્યાય 4 શ્લોક 37 થી 112) અને ત્યાંથી બ્રાહ્મણો તથા વણિકોને સાથે લઈ ગાલવમુનિ કણ્વમુનિ પાસે આવ્યા. શિષ્યના આ કામથી પ્રસન્ન થયેલા કણ્વ ગાલવમુનિને વરદાન માગવા કહ્યું.

ગાલવમુનિએ વરદાન માગતાં કહ્યું :

''આપની કૃપાથી વેદના જાણકાર બ્રાહ્મણો તથા ધર્મકર્મના જાણકાર હજારો વણિકો અહીં આવેલા છે. માટે આપ શુભ મુહૂર્તમાં તેમના માટે સ્થાનની સ્થાપના કરો. અહીં આવેલા 36 હજાર વણિકોમાંથી છ હજાર વણિકો મને આપો. તેમના માટેના સ્થાનની સ્થાપના હું કરીશ. આપની કૃપાથી તે વણિકો મારા નામથી પ્રખ્યાત થાઓ.''[20]

'કપોલ' કહેવાયા તેનું બીજું કાણ તેમણે પોતાના કાનમાં પહેરેલાં કુંડલોનું તેજ કપોલ (ગાલ) સ્થલ ઉપર પડતું હતું અગર તો કાનમાં પહેરેલા કુંડલોની કાન્તિથી તે લોકોના કપોલ (ગાલ) શોભી ઊઠતા હતા. તેથી તેમને કપોલ એ નામથી સંબોધવામાં આવે છે.[21] અને બાકીના ત્રીસ હજાર સૌરાષ્ટ્ર પ્રદેશમાંથી આવેલા હોવાથી સ્થાનનગરમાં તેઓ સૌરાષ્ટ્રીયા - સોરઠિયાના નામથી ઓળખાયા.

ઉપર પ્રમાણે ગાલવમુનિના છ હજાર શિષ્યો, કપોલ કહેવાયા કપોળ જ્ઞાતિનાં ગોત્ર, અટક, વેદ, શાખા અને પ્રવર વગેરેનું કોષ્ટક.

| ક્રમ | ગોત્ર | અટક | વેદ | શાખા | ગોત્રદેવી | પ્રવર |
|---|---|---|---|---|---|---|
| 1 | શાંડિલ્ય | છાજડિયા વડગામા, ભુવા, કળથિયા, ભૂતા, સાયર ચીતળિયા, દેવાવી, સંઘવી મથુરિયા | સામવેદ | કૌથુમી | કંટેશ્વરી (અંબાજી) | શાંડિલ્ય, દેવલ અને અસિત[22] |
| 2 | વશિષ્ઠ | મહેતા મસિતિયા પીછડિયા, શેઠ, સંજીયા, પટેલ, ભગત | અથર્વવેદ | દાધ્યંગિકી | ચામુંડા | વશિષ્ઠ (એક જ પ્રવર) |
| 3 | પારાશર | કણકિયા, ગાંધી, રેશમિયા, દોસી લક્કડ | યજુર્વેદ | માધ્યંદિની | કનકાઈ (કનકેશ્વરી) | પારાશર, વશિષ્ઠ અને મચ્છુ |

| ક્રમ | ગોત્ર | અટક | વેદ | શાખા | ગોત્રદેવી | પ્રવર |
|---|---|---|---|---|---|---|
| 4 | વત્સસ | મેતા (મહેતા) લહેરી, પારેખ ગાંધી | યજુર્વેદ | માધ્યંદિની | કંટેશ્વરી (અંબાજી) | વત્સસ્, ચ્યવન, ઔર્વ, આપ્નવાન અને આંગિરસ |
| 5 | ઉપમન્યુ | સૈજીયા, ગુડેલ, વડાલિયા, ફગાસિયા, હકાણી, મહેતા બુટાણી, બુસા, મોદી, કોઠારી, ઢેઢાતર, ઝેરી | યજુર્વેદ | માધ્યંદિની | અંબાજી | ઉપમન્યુ, ચ્યવન અને, આંગિરસ |
| 6 | ગૌતમ | મહેતા, પેપડી કલંધર, ગોટાળા સુરાણી, ધાનાણી, પારેખ, નાયાણી, કટકિયા, ડમરાળીયા | યજુર્વેદ | માધ્યંદિની | દ્વારવાસિની | ગૌતમ, આંગિરસ અને ઔતિથ્ય |
| 7 | ભારદ્વાજ | મહેતા, જાગધારિયા કરવત, બંદા, કોઠારી | ઋગ્વેદ | ચલાયિની | દ્વારવાસિની | ભારદ્વાજ, આંગિરસ અને બાર્હસ્પત્ય |

| ક્રમ | ગોત્ર | અટક | વેદ | શાખા | ગોત્રદેવી | પ્રવર |
|---|---|---|---|---|---|---|
| 8 | કશ્યપ | વોરા, (વહોરા) કિકાણી | યજુર્વેદ | માધ્યંદિની | ચૌરવાટેશ્વરી ઝુંડમાતા | કશ્યપ, વત્સ અને નૈડ્રવ. (નૈદ્રવ) |
| 9 | ભાર્ગવ | મોદી | યજુર્વેદ | માધ્યંદિની | સપ્તશૃંગી | ભારદ્વાજ, આંગિરસ અને બાર્હસ્પત્ય |
| 10 | કૌશિક | ડાંડિયા મહેતા તથા રતનપારેખ | યજુર્વેદ | માધ્યંદિની | અંબિકા | કૌશિક, આંગિરસ અને બાર્હસ્પત્ય |
| 11 | ગર્ગ (ગાર્ગસ) | મુનિ, દાદાણી, મહેતા | સામવેદ | કૌથુમી | મેમાઈ (મહુવા) | ગર્ગ, વત્સ અને અંગિરા |
| 12 | હારિત (હરિતસ્) | હુંડિયા, પારેખ, ડમરાળિયા, મહેતા | સામવેદ | કૌથુમી | વારાહી (વેરાઈ) | હારિત, કુશ, શંખદર્ભ અને પૈંગિક |
| 13 | પિપ્પલાદ | દેસાઈ ગોરડિયા ગાંધી | યજુર્વેદ | માધ્યંદિની | પિપ્પલ વાસિની | શાંડિલ્ય, અસિત અને દેવલ |
| 14 | સારંગિરિ | મહેતા, (ત્રાપજ ધોળકા, લુણી વગેરે સ્થળે રહે છે) | અથર્વવેદ | દાધ્યંગિકી | - | વત્સ, ઔર્વ, ચ્યવન, આપ્નવાન અને જમદગ્નિ |

ઉપર્યુક્ત કોષ્ટકમાં નિર્દિષ્ટ ગોત્ર, વેદ, વેદ, પ્રવર અને શાખાઓની વિગતો કં.પુ.અ.૫ શ્લોક 107 થી 123 માંથી લેવામાં આવી છે.

## કપોળ જ્ઞાતિમાં સોળ તથા બારના વિભાગો :

કપોળ જ્ઞાતિમાં ઘોઘારી તથા દેલવાડિયા (સોળ તથા બાર) ના વિભાગો સં. 765 ની સાલ આસપાસ રંકકાકુના વખતથી પડેલા છે.

એમ માનવામાં આવે છે જૂના વખતમાં વરકન્યાના લગ્ન વખતે એક મોટો મંડપ બાંધવામાં આવતો હતો. અને તે ઘણાં લગ્નો એક સાથે થતાં હતાં. તેથી તે સ્થળે નાતમેળો ભરાતો હતો.

એક વખત લગ્નમંડપ વલભીપુરમાં બાંધવામાં આવેલો હતો. લગ્નવિધિ ચાલતી હતી તે દરમ્યાન જ્ઞાતિના ગોરા બ્રાહ્મણોના દાપા તરીકે સવાશેર સુવર્ણના હાથી આપવામાં આવતો હતો.તે બારામાં કંઈક વાંધો પડ્યો. પુરોહિતો અને યજમાનો વચ્ચે વાટાઘાટ ચાલી રહી હતી, તે અરસામાં દૈવયોગ બે ખૂંટિયા લડતા લડતા આવી પહોંચ્યા અને ઘણાં વરઘોડિયાંનો નાશ કરી નાખ્યો. તેથી કેટલાંક યુગલો ખંડિત થયાં. કેટલીક કન્યાઓ નાશ પામી અને કેટલાક વંશ મોતને ભેટ્યા

આ દૈવી પ્રકોપથી સત્તા અને લક્ષ્મીના મદથી છકેલા રંકકાકુનો કોપ બ્રાહ્મણો પર ઊતર્યો અને તેણે આ ઘટના માટે બ્રાહ્મણોને દોષિત ઠરાવ્યા. તેણે સૈન્યની મદદથી ઘણાબધાં બ્રાહ્મણકુટુંબોને મોતને ઘાટ ઉતારી દીધાં. તેમાંથી માત્ર નવ કંડોળિયા બ્રાહ્મણો માતા સામુદ્રીને શરણે જવાથી બચી ગયા.

હવે ઉપરના બનાવથી જે જોડાં ખંડિત થયેલાં હતાં તેનું શું કરવું તે બાબતમાં મહાજનમાં ચર્ચા ચાલી. જે કન્યાઓના પતિ ચાર ફેરા ફર્યા પછી મૃત્યુ પામ્યા હતા તે કન્યાઓને અવિવાહિતા ગણવી કે કેમ, એ બાબતમાં ખૂબ ચર્ચા ચાલી. તેમાં નિમ્નલિખિત બે મત ઊપસી આવ્યાં

(1) તેવી કન્યાઓના લગ્ન ફરીથી ન થઈ શકે.

(2) જ્યાં સુધી કન્યા 'અક્ષતયોનિ' હોય ત્યાં સુધી તે કન્યા ફરીથી લગ્ન કરી શકે.

ઉપર પ્રમાણે ચર્ચા થતાં દેલવાડા તરફના લોકોએ વાંધો ઉઠાવ્યો કે તેવી કન્યાઓનાં લગ્ન ફરીથી નહીં થાય; અને 'ઘોઘા તરફના લોકોએ અક્ષતયોનિને માટે ફરીથી લગ્ન કરવામાં વાંધો નથી,' એમ ઠરાવી તેવી કન્યાઓનાં લગ્ન ફરીથી કરાવી દીધાં; તેથી કપોળ જ્ઞાતિમાં દેલવાડિયા (16) તથા ઘોઘારી (12) એવી રીતના બે વિભાગો પડી ગયાં. દેલવાડા તરફના મતમાં જે ભળ્યા તે દેલવાડિયા અને ઘોઘા તરફના મતમાં જે ભળ્યા તે ઘોઘારી કહેવાયા.

## 8.4 સોરઠિયા જ્ઞાતિનો ઈતિહાસ :

સોરઠિયા વણિક જ્ઞાતિની ઉત્પતિ કયા સ્થળે અને કયા હેતુથી થઈ તથા સૌરાષ્ટ્રીય (સોરઠિયા) શા કારણથી કહેવાયા વગેરે બાબતોની ચર્ચા કં.પુ.ના પાંચમા અધ્યાયમાં વર્ણવી છે.

બ્રહ્માની સૃષ્ટિથી ઉત્પન્ન થયેલા 36 હજાર વણિકો પૈકીના 30 હજાર વણિકોને કણ્વમુનિએ સૌરાષ્ટ્રીયના નામથી સંબોધ્યા તેથી તેઓ સોરઠિયા કહેવાયા.[23]

આ જ્ઞાતિમાં કપોળ જ્ઞાતિની પેઠે અઢાર ગોત્રો છે. પરંતુ આ જ્ઞાતિના લોકોને પોતાની જ્ઞાતિના પૂર્વ ઈતિહાસનો બહુ ખ્યાલ નથી. તેનું મુખ્ય કારણ તેમના બારોટોની બેદરકારી છે.

## દશા સોરઠિયા જ્ઞાતિમાં મળી આવતી કેટલીક અટકો :

આ જ્ઞાતિમાં જુદા જુદા ધંધા તથા અલગ અલગ ગામોને લીધે ઘણી જ અટકો અસ્તિત્વમાં આવી છે. પોતાનાં ગોત્રોની બરાબર ખબર ન હોવાથી આ જ્ઞાતિના લોકો માત્ર અટક ઉપર જ આધાર રાખી અંદર કન્યાઓની લેવડદેવડ કરે છે. આથી જ્ઞાતિની અવનતિ થાય છે.

સગોત્રમાં વિવાહ કરવાનો ધર્મશાસ્ત્રમાં નિષેધ કરવામાં આવ્યો છે. એટલું જ નહીં પણ યાજ્ઞવલ્ક્ય મુનિ અસમાનાર્ષગોત્રજ જેમાં સમાન પ્રવરો હોય તેવી કન્યાઓની સાથે પણ વિવાહ ન કરવાનું કહે છે, તો પછી એક ગોત્રમાં કન્યાઓની લેવડદેવડ કરવી તે ધર્મશાસ્ત્રથી વિરુદ્ધ અને સામાજિક અને રાષ્ટ્રીય અવનતિનું જનક બની રહે છે.

## દશા સોરઠિયા જ્ઞાતિમાં મળી આવતી કેટલીક અટકો :

આણંદપરા, આદ્યશેઠ, કચ્છી, કાટકોરીઆ પારેખ, કુલર, કોઠારી, ગત્રલાણી, ગાદોયા, ગોરસીઆ, ધીઆ, જસાપરા, ઝવેરી, દોશી, દ્યુશેઠ, ડોળાસીઆ, ધાબળીઆ, ધોળકીઆ, પારેખ, મયાણી, મણિયાર, માલાણી, મલકાણ ધ્રુવ, મંડેરા, માડવિયા, માદાણી, માલવિયા, મોતીપરા, મોદી, ભુપ્તાણી, રધાણી, લોટીઆ, વસાણી, વખારિયા, વીરાણી, વૈદ્ય, વિભાકર, સંઘાણી, સિદ્ધપરા, શાડબત્રીસા, શેલારકા, શેઠ, સાંગાણી વગેરે

ઉપર્યુક્ત અટકો ઉપરાંત પણ અન્ય અટકો મળી આવે છે.

### વીસા સોરઠિયા :

સોરઠિયા જ્ઞાતિમાં દસા સોરઠિયા અને વીસા સોરઠિયા એમ બે વિભાગો અનાદિ કાળથી ચાલ્યા આવે છે. તે વિભાગો શા કારણથી કોના વખતમાં પડેલા છે, તે અત્યારે કોઈના જાણવામાં નથી.

દસા તથા વીસા સોરઠિયા એક જ જ્ઞાતિ છે છતાં એકબીજા પક્ષમાં કન્યાઓની લેવડદેવડ લાંબા સમય સુધી થતી નથી. હવે નવા જમાનાની અસર જરૂર પડી છે. આથી તે બન્નેની વચ્ચેના રીતરિવાજોમાં પણ ઘણો ફેરફાર થઈ ગયેલો જોવા મળે છે.

## 8.5 કપોળ જ્ઞાતિનું સામાજિક ક્ષેત્રે પ્રદાન :

ભારતીય આર્યોના સામાજિક ઈતિહાસ સાથે એવી માન્યાતા સંકળાયેલી જોવામાં આવે છે કે તેમાં પરંપરાગત રીતે જે વૈશ્ય વર્ગ છે, તેના બે વિભાગો છે.

(1) જે લોકો દેશની અંદરના ભાગોમાં વ્યાપાર કરતા હોય તેવા વૈશ્ય.

(2) જે લોકો દરિયાપારનો આયાત- નિકાસનો વેપાર કરતા હોય તેવા વૈશ્યો વણિકો.

કપોળ જ્ઞાતિ વણિકોની જ્ઞાતિ હોઇ સાહસપ્રિયતા અને પ્રયોગશીલતા એને માટે સ્વભાવગત છે. ઈતિહાસનો પ્રદેશ પાથરી શકાય ત્યાં સુધી એટલું સત્ય અવશ્ય સાંપડે છે કે સૌરાષ્ટ્રના વિશાળ સાગરકાંઠા આવા સાગરપારના વ્યાપાર માટે પ્રાચીન સમયથી અનુકૂલ હોઇ, કપોળ વણિકોનું ઉદ્ગમ સ્થાન સૌરાષ્ટ્રમાં ઇ.સ.પૂર્વની પાંચમી સદીમાં ગણાવે છે.સામાન્ય જૂથ પોતાને જ્યારે પરિસ્થિતિવશાત્ ખસવું પડે છે, ત્યારે સ્થળાંતર કરી બીજા

પ્રાન્તમાં અથવા દેશમાં જાય છે. પરંતુ અસામાન્ય જૂથ ઉજ્જવલ ભાવિની ઝંખના સાથે વણજારાની માફક આગળને આગળ વધે છે.

સૌરાષ્ટ્રમાંથી કપોળ કુટુંબો પ્રાયઃ મુંબઈમાં સ્થાયી થતાં છે અને વિદેશમાં પણ વસ્યાં છે. સૌરાષ્ટ્રમાં હાલાર, ઝાલાવાડ, ગોહિલવાડ કે સોરઠમાં વિવિધ ગામો અને નગરોમાં,વસવા ઉપરાંત આ કુટુબો ઉત્તરમાં દિલ્હી, દક્ષિણમાં ચેન્નઇ(મદ્રાસ) અને પૂર્વમાં કોલકાતા સુધી મોટી સંખ્યામાં સ્થાયી થયા છે.

આ વર્ગ માત્ર આપણા દેશ પૂરતી જ પોતાની પ્રવૃત્તિ મર્યાદિત રાખી નથી. તેણે પૂર્વમાં મંચુરિયા અને મોંગોલ સુધી, પશ્ચિમમાં મેક્સિકો સુધી, ઉત્તરમાં ગ્રીસ અને રોમ સુધી તથા દક્ષિણમાં ઈન્ડોનેશિયા, જાવા, સિંહલદ્વીપ તથા સુમાત્રા સુધી સાત સમુદ્રો ઓળંગી નવખંડ પૃથ્વી પર વ્યાપાર ખેડતો રહ્યો છે.

ભારતમાં આર્યોનું આગમન બહારથી થયું છે, એ માન્યતા સ્વીકાર કરીએ તો આર્યોનો એક સમૂહ જમીન માર્ગે ભારતમાં આવ્યા ત્યારે બીજો સમૂહ ફિનિશિયા થઈને સાગર-માર્ગ ભારતમાં આવ્યો. આ સમૂહ સાગરીય વ્યાપારકળામાં કુશલ હોવા ઉપરાંત ધાતુ વિજ્ઞાન આદિ વિજ્ઞાનોની વિવિધ શાખાઓનું ઊંડું જ્ઞાન ધરાવતો હતો. આ લોકો ફિનિશિયાથી આવેલા હોવાથી પણિ કે "પણિક" કહેવાતા અને એના ઉપરથી "વણિક" કહેવાયા. ગ્રીક અને લૅટિન ભાષામાં "કૉપ્યુલા" તથા "કયુપોલા" નામના શબ્દો છે. આ શબ્દો ફ્રેંચ વગેરે યુરોપીય ભાષાઓમાં પણ પ્રચલિત છે. વ્યાપાર અર્થે વણિકો અન્ય દેશો સાથે સંબંધો જોડતા હોવાથી "કયુપોલા" શબ્દ પરથી આ "કપોલ" કે "કપોળ" શબ્દ બન્યો હોવાનું વિદ્વાનોનું અનુમાન છે.

આવો જ બીજો શબ્દ ''કયુપોલા'' ધાતુવિજ્ઞાન સાથે સંબંધ ધરાવે છે. વિવિધ ધાતુઓ શોધવી, એકઠી કરવી, શુદ્ધ કરવી અને એમાંથી કલાકૃતિઓ સાધનો તથા આભૂષણો બનાવવાં એ તેમનો મુખ્ય વ્યવસાય હતો, આથી તેઓ મૂલ્યવાન ધાતુઓ તથા રત્નો આદિની પરીક્ષા કરવામાં કુશળ હોઇ-''પરીક્ષક'' ઉપરથી પારેખ કહેવાયા.[24]

આ વૈશ્યો- વણિકો- વિદેશ ખાતે કાપડની નિકાસ કરતા. મિસર દેશમાં મૃતદેહને સાચવી રાખવા માટે -લપેટવા માટે તેઓ ભારતીય વિશિષ્ટ વસ્ત્ર પૂરા પાડતા અને રોમન શહેનશાહોને પણ તેઓ મૂલ્યવાન વસ્ત્રો તથા આભૂષણો પૂરાં પાડતા. તેઓ વિદેશોમાં મરી, લવરિંગ, ચંદન, નારિયેળ, સાકર, લોખંડ, મીણ, ચોખા, માટીનાં કલાત્મક પાત્રો તથા ધાતુઓની વિવિધ ચીજોની નિકાસ કરતા અને પરદેશથી ઘોડા, ખજૂર, મીઠું, ગંધક, લાંબું, પારા, સિંદુર, સીસું વગેરેની આયાત કરતા હતા.

આ પણિકો ખડતલ અને ખમીરવંતા હતા. પોતાના વ્યાપારના રક્ષણ માટે લશ્કર પણ રાખતા. આજે પણ કપોળ જ્ઞાતિમાં જે કષ્ટ સહન કરવાની તાકાત તથા સાહસવૃત્તિ છે, એનાં મૂળ. આમ ઘણાં જ ઊંડાં છે. રાજાઓમાં તથા પ્રજામાં વણિકોનું ઘણું જ માન હતું.

બૌદ્ધકાળના જાતકગ્રંથોમાં વાણિકોની સમુદ્ર યાત્રાનું વર્ણન કરવામાં આવ્યું છે. તે લોકોએ વ્યાપાર વાણિજય ખૂબ જ વિકસાવેલાં હોવાથી ચન્દ્રગુપ્ત મૌર્યના સમયમાં ચાણક્યે પણ્યાધ્યક્ષ તથા શુલ્કાધ્યક્ષની નિયુક્તિ કરવાની સલાહ પોતાના અમરગ્રંથ ''અર્થશાસ્ત્ર'' માં આપી છે.

આ વાણિકો આ સમય ઇરાન તથા મેક્સિકોમાં પણ રહેવા લાગ્યા હતા. રોમન

ઇતિહાસકાર પેરિયનસ પછી મેગેસ્થનિસ આ વણિકોનું વર્ણન કરતાં તેમને શાન્ત પ્રકૃતિના ગણાવ્યા છે. આ બન્ને પ્રવાસીઓએ જાણે કે કંડુલ પુરાણકારના આ લોકો વિષેના ઉચ્ચ અભિપ્રાયના સુચારુ રીતે પડધો પાડયો છે. આપણે ત્યાં પણ કાંઇકે સરસ રીતે કહ્યું છે કે ભગવાને વૈશ્યને તથા ગાયને એક જ સમય ઉત્પન્ન કર્યાં છે.

માર્કોપોલો, ઇબ્નબતુતા તથા બાર્બોસા જેવા પ્રવાસીઓએ પણ આ વણિક કૉમનાં ભારોભાર વખાણ કર્યાં છે.

વૈશ્ય- વણિક- વર્ણાના આ ઇતિહાસનું મહત્ત્વ ઘણું છે કારણ કે મનુષ્યના વ્યક્તિત્વના ઘડતરમાં તથા વિકાસમાં નૃવંશશાસ્ત્ર પ્રમાણે પોતાની કોમ ઘણો જ અગત્યનો ભાગ ભજવે છે. વારસગત ગુણોની પેઠે આવા કોમગત ગુણો પણ માણસમાં ઓછાવતાં પ્રમાણમાં ઊતરી આવે છે.

“ઉપપુરાણોની રચનાની પરંપરામાં પાછળથી ” સ્કન્દપુરાણમાં આવેલા “કણ્વકંડુલ ઉપાખ્યાન” ઉપરથી કંડુલપુરાણની રચના થઇ છે પરંતુ એમાં જણાવેલી હકીકતો વંશપરંપરાથી ચાલતી આવી હોય એ શક્યતા પણ નકારી શકાય તેમ નથી. કપોળ જ્ઞાતિની ઉત્પત્તિ ઇ.સ. પૂર્વે 400 થી 600 ના સમયમાં થઇ હોવાનું મનાય છે, પરંતુ એ સમયમાં આ જ્ઞાતિસમૂહ પોતે ચોક્કસ કપોળજ્ઞાતિ તરીકે ઓળખાવાનો પ્રારંભ કર્યો હશે એમ જણાય છે.[25]

કંડુલપુરાણના વર્ણન અનુસાર કણ્વ મુનિએ ગાલવમુનિને બ્રાહ્મણ તથા વૈશ્યોને આમંત્રણ આપી બોલાવી લાવવાનું કામ સોપ્યું હતું. ગાલવમુનિ પ્રભાસ પાટણ ગયા અને ત્યાંથી 18000 બ્રાહ્મણો તથા 36000 વણિકોને યજ્ઞ કરવા તેડી લાવ્યા.ગાલવમુનિના આ

કાર્યથી સંતુષ્ટ અને પ્રસન્ન થયેલા કણ્વ મુનિએ તેમને વરદાન માગવા કહ્યું ત્યારે ગાલવમુનિએ પેલા 36000 વણિકોમાંથી 6000 પણિકો માગી લીધા અને તેમને વસાવવાની જવાબદારી પોતે ઉપાડી લીધી. પછી તેમણે આ વણિકોને સ્થાન પ્રદેશમાં વસાવ્યા આ વણિકોને ગાલવમુનિએ વસાવ્યા હોવાથી તેઓ ''ગાલ્લા''વણિક કહેવાયા.

આ ગાલ્લા-ગાલવા- ગાલા-વણિકો કપોળ કેમ કહેવાયા તે સંદર્ભમાં કંડુલપુરાણમાં એક કથા છે. આ કથાનો સારાંશ આ પ્રમાણે છે, ''એ સમયે વૈશ્યો અતિશય સમૃદ્ધ હોવાથી મૂલ્યવાન આભૂષણો ધારણ કરતા હતા. એક સમય ગાલવ મુનિએ કુંડલ આદિ આભૂષણોથી શોભતા આ વણિકોને સંસ્કૃતમાં ''हे महाजनाः, कपोलाद्भुतकुंडलाः' (જેમના ગાલ પર અદ્‌ભુત કુંડલ શોભી રહ્યાં છે,એવા હે મહાજનો) એ પ્રમાણે સંબોધન કર્યું, ત્યારથી આ વણિકો 'કપોલ' તરીકે ઓળખવા લાગ્યા.[26]

ભાવાર્થ એ છે કે ગાલવ મુનિના જે શિષ્યોએ કાનમાં તેજસ્વી કુંડલો પહરેલાં હતાં, તેમને કણ્વ મુનિએ ગાલવમુનિના શિષ્યો કહી જુદી પંક્તિમાં મૂક્યા તેથી તેઓ 'કપોલ' નામથી ઓળખાયા. એ સમયે સૌરાષ્ટ્ર રાસનૃત્યો માટે પ્રખ્યાત હોવાથી ''આનર્તપ્રદેશ'' તરીકે ઓળખતો હતો. આનર્ત પ્રદેશના ઉલ્લેખો રામાયણ,મહાભારત,વિવિધ પુરાણો તથા અન્ય શાસ્ત્રોમાં મળી આવે છે.

## શ્રીમદ્‌ભાગવતને આધારે કપોળ જ્ઞાતિની ઉત્પત્તિ :

લોકસાહિત્યકાર શ્રીઅમરદાસ ખારાવાલાએ કપોળ જ્ઞાતિની ઉત્પત્તિની ગંગોત્રી શ્રીમદ્‌ભાગવતમાંથી શોધવાના પ્રયાસ કર્યા છે. તેમણે શ્રીમદ્‌ભાગવતનાં નવમ સ્કંધમાંથી શ્લોકો ટાંકીને જણાવ્યું છે કે બ્રહ્માના મનથી મરીચિ, મરીચિના પુત્ર કશ્યપ અને એમના પુત્ર વિવસ્વાન (સૂર્ય) નો જન્મ થયો.

વિવસ્વાનની પત્ની સંજ્ઞાથી મનુનો જન્મ થયો. તેના દસ પુત્રો પૈકી દિષ્ટ થયા. દિષ્ટના પુત્ર નાભાગ થયા. આ નાભાગ માટે શ્રીમદ્ભાગવત જણાવે છે કે દિષ્ટના પુત્રનું નામ હતું નાભાગ.તે પોતાનાં કર્મને કારણે વૈશ્ય થઇ ગયો. તેના પુત્ર થયો વત્સપ્રીતિ...[27]

આમ નાભાગ ક્ષત્રિય હોવા છતાં કર્મને લીધે વૈશ્ય થયો હતો. એ સમયમાં ગુણાકર્માનુસાર વર્ણપરિવર્તન થઇ શકતું હતું. ચારેય વર્ણના વ્યવસાયોનું વર્ણન કરનાર સ્મૃતિકારોએ પણ સમય અને સંજોગ અનુસાર એક વર્ણ બીજાવર્ણના વિશિષ્ટ વ્યવસાય પણ કરે તે પરિસ્થતિને માન્યતા બક્ષેલી છે.

આ નાભાગના વંશમાં મરુત્ત રાજા થયો. એણે કરાવેલા યજ્ઞમાં બધી વસ્તુઓ સોનાની તથા સુંદર હતી. આ હકીકત નાભાગના વૈશ્યવંશની પ્રતીતિ કરાવે છે.

આ વંશમાં થઇ ગયેલા સુધૃતિ, વિશાલ, શૂન્યબંધુ, હેમચંદ્ર, ભલંદન, સોમદત્ત, તથા સુમતિ વગેરે નામો વૈશ્યવંશને યોગ્ય છે. કપોળ જ્ઞાતિમાં ક્ષત્રિયોની જે સહસિકતા, અડગતા અને ધૈર્ય જેવા ગુણો છે, તેનું આ જ રહસ્ય છે.

આમ મનુના વંશમાંથી દિષ્ટ નામના પુત્રના વંશજથી વણિક જ્ઞાતિની કપોળ જ્ઞાતિની ઉત્પત્તિ થઇ. આ અભિપ્રાય પણ જ્ઞાતિસંશોધનની દષ્ટિએ વિચારણીય છે.

ઇ.સ.448 માં ક્ષત્રપ રાજાના સેનાપતિ ભટ્ટાર્કે સૌરાષ્ટ્ર જીતી લઇ વલભીપુર રાજ્યની સ્થાપના કરી. આ વલભીપુર રાજયને સમૃદ્ધ કરવામાં કપોળ પણિકોનાં ફાળો અતિશય મહત્ત્વનો હતો.

'કપોળ' વણિકો વિષે એક રસપ્રદ કલ્પના કરવામાં આવી છે. સિકંદરના ભારતમાં

આગમન પૂર્વે ગ્રીસ સામેના ભારતના સંબંધો ઈતિહાસમાં જાણિતા જ છે. કોઈપણ દેશની સંસ્કૃતિ જ જે તે દેશના પૌરુષ અને પુરુષાતનની સાબિતી પૂરી પાડતી હોય છે. કપોળ જ્ઞાતિ અને ગ્રીકભાષામાં બોલાતો શબ્દ 'કયુપોલા' નો અપભ્રંશ થયેલો શબ્દ ''કપોલ'' છે. ભારત દેશની સંસ્કૃતિને ગ્રીસદેશની એ વખતની સંસ્કૃતિ સાથ ઘણું બધું સામ્ય હતું.

બ્રાહ્મણ સમાજના નવયુવકો ભારતીય પૂજા, વેદો અને ઉપનિષદોને હૃદયમાં સંઘરી રાખી વહાણમાર્ગ ગ્રીસ પહોંચ્યા. આ આપણા દેશની સંસ્કૃતિને વિદેશમાં પ્રસ્થાપિત કરવાનો યશ આ બ્રહ્મસમાજના ફાળે જાય છે જે લોકો ગ્રીસમાં આવ્યા, તેમની વિદ્વત્તાથી પ્રભાવિત થઇ તે સમયના રાજપુરુષોએ પોતાની રાજકુમારીઓ તેમને પરણાવી અને ભારત પાછા ફરતાં આ બ્રહ્મસમાજના વંશજોએ ગ્રીસ સાથેના વ્યવહાર ભાવનાસભર રીતે શરૂકર્યા સિકંદરના લશ્કરી વડાઓએ લગ્નસંબંધો બાંધ્યા હતા  અને ચાણાકયના આશીર્વાદ તેમને મળ્યા હતા. એ ઈતિહાસ અને સમાજશાસ્ત્ર બહુ પ્રાચીન નથી.

નૃવંશશાસ્ત્રીય દૃષ્ટિ જોતાં પણ ગ્રીકોનું લોહી ગુજરાત, કચ્છ, સૌરાષ્ટ્ર વગેરે પ્રદેશોનો લોકોના લોહી સાથે બહુ મળતું આવે છે. એ હકીકત પણ કપોળ જ્ઞતિના બ્રહ્મસમાજ સાથેના ઘનિષ્ઠ સંબંધોની દ્યોતક છે.

સૌરાષ્ટ્ર તથા દક્ષિણ કિનારાનાં નગરોમાં તે સમયે કપોળ વૈશ્યોની વસતી ઘણી હતી. તેઓ પૂર્વમાં તત્કાલીન જાવા અને સુમાત્રા દ્વીપો સુધી વ્યાપાર માટે જતા હતા ત્યાં તેઓ સારી કમાણી કરતા હતા. વલભીપુરની જાહોજલાલીના સમયમાં ચીની પ્રવાસી હ્યુ-એન-ત્સંગે સમૃદ્ધિની નોંધ લીધી હતી. તે ઇ.સ. 628થી 643 સુધી ભારતમાં ફર્યો હતો.

ઇ.સ. ની છઠ્ઠી સદીમાં થઇ ગયેલા કવિ દંડીએ પોતાના ગ્રંથ ''દશકુમાર ચરિત''

માં ઉલ્લેખ કર્યો છે કે મહારાષ્ટ્રના રાજકુમારો વિદ્યાસંપાદન કરવા માટે વલભીપુરમાં રહેતા હતા.

વ્યાપાર અને વાણિજ્યને કારણે અહીં તેઓ ગ્રીક લોકો, બેકેટ્રિયનો, યહુદીઓ વગેરે વિવિધ પ્રજાઓના સંપર્કમાં આવતા હતા. આને પરિણામે કપોળ જ્ઞાતિમાં પ્રથમથી જ વિશાળ દૃષ્ટિના વિકાસ થયેલો દૃષ્ટિગોચર થાય છે.

સ્થાનપ્રદેશ અને વલભીપુર ઉપરાંત કપોળ વણિકો સાથે સંકળાયેલું મહત્ત્વપૂર્ણ સ્થાન દીવ વિસ્તાર છે .ઇ.સ. 1592માં દીપ ટાપુ પોર્ચુગીઝાએ કબજે કર્યો હતો અને વેપારની શરૂઆત કરી ત્યારે દેખીતી રીતે જ નજીકના વલભીપુર ઓગથીપુર(હાલનું ઓગટ) અને ગંગુલીપુર (હાલનું ધાંધળી)ના કપોળ વાણિકા દીપબંદર તરફ આકર્ષાયા હતા. કારણકે વિદેશીઓ સાથેના વેપારની બાબતમાં તેઓ નિપુણ હતા. પોર્ચુગીઝ અમલ નીચેના દીપમાં કપોળ વણિકા પુષ્કળ ધન કમાઇ સમૃદ્ધ બન્યા હતા.

અઢારમી સદીના ઉત્તરાર્ધમાં થઇ ગયેલા જૈન ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ દીવના વેપારીઓની સમૃદ્ધિનું મનોહર વર્ણન કરતાં લખ્યું છે : “ દીવબંદરમાં સ્ફટિકનાં બનેલાં મકાનોની શ્વેત કાન્તિની સમુદ્રના જલ સાથે સંગતિ થતાં સહાય ગંગા અને સાગરનો સંગમ થતો હોય એવી પ્રતીતિ થાય છે.”[28]

આમ કપોળ જ્ઞાતિનો ઇતિહાસ સતત પ્રગતિનો ઇતિહાસ છે. એમાં પરાભવ કે પીછેહઠને કોઇ સ્થાન નથી. નિરાશા અને નિષ્ક્રિયતાને કોઇ સ્થાન નથી.

સ્થાળાંતર તથા સમયનાં ઇતિહાસ અને નિયતિનાં પરિબળોના પ્રભાવને પરિણામ ચાર વર્ણો જેમ અકબંધ રહી શકયાં નથી, તેમ જ્ઞાતિઓ પણ અકબંધ રહી શકી નથી.

જ્ઞાતિઓમાં પણ આવી જ પ્રક્રિયા અનુસાર વિભાજન થાય છે, છતાં પણ ભાવાત્મક એકતા જળવાઇ રહે છે. તેમ આ કપોળ જ્ઞાતિ પર પણ વિભાજનની પ્રક્રિયા થઇ છે અને ફરી પાછી વિભાજનમાંથી સંયોજનની પ્રક્રિયા પણ ચાલુ રહી છે.

## સોળ અને બારનાં તડાં :

જ્ઞાતિઓમાંથી ઉપજ્ઞાતિઓનું સર્જન થાય, તેની પાછળ ઐતિહાસિક કારણો હોય છે. સમય જતાં આવાં ઐતિહાસિક કારણો ભુલાઇ જાય છે અને આવી ઉપજ્ઞાતિઓ વચ્ચેની અગાઉની ભેદરેખામાંથી દીવાલ પણ રચાઇ જાય છે. કાલચક્ર કવચિત્ આવી દીવાલનો નાશ પણ કરે છે. કપોળ જ્ઞાતિમાં જે "સોળ" અને"બાર" નાં તડાં પડેલાં હતાં, તેની પાછળ પણ ઇતિહાસ છે.

વલભીપુર નગરનો નાશ થયો ત્યારે તેનાં ખંડેર ઉપરવળા નામનું ગામ ઇ.સ. 1307માં વસ્યું. આ ગામમાં એભલ ઠાકોર નામનો રાજા હતો. આ ગામમાં રાંકા અને વાંકા નામથી ઓળખાતા બે ધનિક કપોળ વણિક વેપારી બંધુઓ રહેતા હતા. આ બન્ને ભાઇઓનું રાજદરબારમાં ઘણું માન હતું .

આજથી લગભગ સાતસો વરસ અગાઉ આ બન્ને ભાઇઓ એ સમૂહ લગ્નનું આયોજન કરેલું હતું. કન્યાદાનનું પુણ્ય પ્રાપ્ત કરવાના આશયથી આ બન્ને ભાઇઓએ જ્ઞાતિની કન્યાઓને સમૂહમાં પરણાવતાં જે ખર્ચ થાય તે પોતે જ ઉઠાવશે એવી જાહેરાત કરી હતી.

રાજા એભલની સંમતિથી આ ઉત્સવની શરૂઆત થઇ. પરંતુ કપોળ જ્ઞાતિના ગોર મહારાજો (કંડોળિયા બ્રાહ્મણો) એ ઘણી મોટી રકમની માગણી કરી, એને લીધે તકરાર થઇ. સમજાવટના બધા પ્રયાસો નિષ્ફળ નીવડયા. ત્યારે એભલ ઠાકોરે બ્રાહ્મણોને વિખરાઇ જવાની આજ્ઞા કરી. તેઓ ન માનતાં તેમના પર ગાંડા હાથીને છોડી મૂકવામાં આવ્યા.

તે લોકોએ ભાગંભાગી શરૂ કરી. પરંતુ વરવધૂઓમાંથી કેટલાંક વરવધૂ બન્ને, કેટલાક વર તથા કેટલીક વધુઓ કરુણ રીતે કચરાઇને ત્યાં ને ત્યાં જ મૃત્યુ પામ્યાં. હાહાકાર શમી ગયો ત્યારે 25 કન્યાઓ એવી બાકી રહી હતી, જેમના વર મરણ પામ્યા હતા. આ કન્યાઓ વિધવા ગણાય કે કુમારિકા એવો સવાલ ઊભો થયો.

આ સમસ્યાનું નિરાકરણ કરવા માટે કોઇ ગોર મહારાજ ત્યાં હાજર નહતા, કેમ કે 'તેમનામાંના નવગોત્રના બ્રાહ્મણો તો હાથી આવે છે,' એ સમાચાર સાંભળીને ગામ બહાર પલાયન થઈ ગયા હતા અને બાકીના હાથીના પગ તળે કચડાઇ મૃત્યુ પામ્યા હતા.

આથી સોળ કન્યાઓના વાલીઓએ પોતાની કન્યાઓને વિધવા ગણી, જયારે બાર કન્યાઓના વાલીઓએ તેમને કુંવારી ગણી, અન્ય વરો શોધીને પરણાવી દીધી. આમ જ્ઞાતિમાં આ ઘટનાને પરિણામે ''સોળ'' અને ''બાર''નાં તડાં પડયાં. ''સોળ''વાળા કપોળ જ્ઞાતિજનો દેલવાડા બાજુના હોવાથી ''દેલવાડિયા'' કહેવાયા, જયારે ''બાર''વાળા કપોળ જ્ઞાતિજનો ''ઘોઘા'' તરફના હોવાથી ''ઘોઘારી '' તરીકે ઓળખાયા. કેટલાક જ્ઞાતિજનો આ વિષેમાં તટસ્થ રહ્યા. તેમણે બન્ને જૂથો સાથે વ્યવહાર ચાલુ રાખ્યો .

ધીમે ધીમે''સોળ'' અને ''બાર'' વચ્ચે કન્યાની લેવડદેવડ પણ બંધ થઇ ગઇ. લગ્ન માટેની પસંદગી મર્યાદિત બની ગઇ. પરિણામે કોઇ એક તડામાં કન્યાની સંખ્યા વધી જતી ત્યારે મૂંઝવણ ઊભી થતી. આમાંથી કન્યાવિક્રય, બાળાલગ્ન, વૃદ્ધલગ્ન જેવાં અનિષ્ટો ઉત્પન્ન થવા લાગ્યાં. પોતાના જૂથ બહાર કન્યા આપનારનો એના જ્ઞાતિજૂથ તરફથી બહિષ્કાર કરવામાં આવતો .એને ત્યાં સારાનરસા પ્રસંગે કોઇ આવતું જતું નહીં. આમાંય પાછો જ્ઞાતિના પટેલોનો હઠાગૃહ એટલો બધો કે એમની સામે અવાજ ઉઠાવી શકાય નહીં. પરિણામે જે તડમાં કન્યાઓ વધી પડતી ત્યાં વૃદ્ધપુરુષો કિશોર વયની કન્યાઓ સાથે પરણી જતા. કયારેક કન્યાનાં મા-બાપ પોતાના ગરીબી રાળવા કન્યાવિક્રય પણ કરતાં .

વણિકની જ્ઞાતિ એટલે મૂરતિયાનું મૂલ્યાંકન માત્ર એની લક્ષ્મીથી થતું. પરિણામે ઘણા ચારિત્ર્યવાન, ગુણવાન અને ખાનદાન કુટુંબના ગરીબ યુવાનોને કન્યા આપવા ભાગ્યેજ કોઇ તૈયાર થતું.

## 8.5.1 કંડુલ પુરાણમાં પ્રતિબિંબિત સામાજિક રીતરિવાજો :

દરેક સમાજમાં ભૌગોલિક સ્થિતિ અનુસાર સભ્યતા અને સંસ્કૃતિનો વિકાસ થાય છે. આ પુરાણમાં કપોલ વણિકો, સોરઠિયા વણિકો, અને કપોલ બ્રાહ્મણોને કણ્વના કહેવાથી ગાલવ લઈ આવ્યો અને તેમણે કણ્વ સ્થાન નગરમાં વસાવ્યા. 18000 બ્રાહ્મણો અને 36000 વણિકોની સ્થપાયેલી વસાહતની ગંગોત્રી પ્રભાસ ક્ષેત્ર ગણાવાયું છે. આથી બહુ દૂરથી આવીને આ લોકોને વસાવવામાં આવ્યા એટલું ચોક્કસ.

કંડુલ પુરાણના ચોથા અધ્યાયમાં બ્રાહ્મણો અને વણિકોને વસાવ્યા હોવાનું કહ્યું છે. આ વણિકો તીર્થયાત્રાના વિષે પ્રભાસ ક્ષેત્રમાં આવ્યા હતા (કં.પુ. 4/78). આ બધા વણિકોને નિમંત્ર્યા પહેલાં બ્રાહ્મણોને નિમંત્રણ આપતાં તેમણે કહ્યું છે કે બ્રાહ્મણો માટેનો સ્થાન પરિગ્રહ સવિશેષ ઘોર હોય છે. स्थानपरिग्रहो घोरो विशेषेण द्विजत्वनाम् (કં.પુ. 4/76) અર્થાત્ આ બ્રાહ્મણો અપરિગ્રહવૃત્તિવાળા હતા. છતાં વરદાનથી ના ન પાડી શકવાથી જ તેમણે સ્થાન ગ્રહણ કર્યું.

બ્રાહ્મણોની આજીવિકા માટે બ્રાહ્મણોની સંખ્યાથી બેવડી સંખ્યામાં વણિકોને નિમંત્રણ આપી વસાવી બબ્બે વણિક કુટુંબો એકેક બ્રાહ્મણ કુટુંબ તે પોષે તેવી વ્યવસ્થા સ્વીકારી છે.

જે વણિકોને વસાવવામાં આવ્યા તે सौराष्ट्रदेशीयाः છે. તેઓ સજ્જન, દયાળુ અને દાનવર છે. ગાંભીર્ય શાસ્ત્રજ્ઞતા આદિ ગુણો ધરાવે છે. આ વણિકો धृतोपवीताः હોવાથી તેમનામાં યજ્ઞોપવીત સંસ્કાર કરવામાં આવતા હતા (કં.પુ. 4/79). તેઓ વૈષ્ણવો હતા

(કં.પુ. 4/80). ગીત, નૃત્ય, ગોષ્ઠિમાં વિનોદ કરવાની વૃત્તિ સુખી અને સંપન્ન હોવાનું સિદ્ધ કરે છે (કં.પુ. 4/81). તીર્થસ્થાન અને બ્રહ્મભોજનની પરંપરા તેઓ પામી રહ્યા છે (કં.પુ. 4/82).

તેઓ વૈષ્ણવ હોવાથી વૈષ્ણવ શાસ્ત્રો સાંભળતાં હરિને પૂજતાં અને સ્તુતિ કરતા હતા (કં.પુ. 4/83). અર્થાત્ વૈષ્ણવોમાં પ્રવર્તતી હરિની આરાધનાની પરંપરાનું તેઓ પાલન કરતા હતા.

પ્રભાસક્ષેત્રમાં પ્રાપ્ત સરસ્વતીના કિનારે પિતૃકાર્ય કરવામાં લોકોને શ્રદ્ધા હતા. તેઓ પિંડદાન કરી પૂર્વ તેને પ્રસન્ન કરતા હતા (કં.પુ. 4/84). તર્પણ, પિંડદાન, ભોજન અને આપાન્નદાનથી પિતૃકાર્ય સંપન્ન કરવામાં આવતું હતું.

સ્થાનનગરમાં વણિકો અને બ્રાહ્મણો આવીને વસ્યા (કં.પુ. 4/86). આ બ્રાહ્મણો તેમના ગુરુ (ગોર) થયા (કં.પુ. 4/87).

આ વણિકોને કવિ (હનુમાને) અહીં આવવા પ્રેર્યા હતા (કં.પુ. 4/92-94, 101).

પાતાળ તોદન વનમાં વસતા કણ્વની જણી આંખ ફરકવાથી તે શકુન શુભ ગણાયા છે (કં.પુ. 4/107-109).

નગરની સ્થાપના શુભ નક્ષત્રમાં થતી હતી. આ માટે શુભ લગ્ન જોવાનું હતું (કં.પુ. 4/110). આ વસાહતમાં 18000 બ્રાહ્મણો, 30000 વણિકો અને 6000 ગાલવ શિષ્ય વણિકો સ્થાપવામાં આવ્યા હતાં (કં.પુ. 4/121).

આ નગરને ચોમેર પરિખા, ઊંચો પ્રાકાર, ઉત્તમ બગીચા, યજ્ઞશાળાઓ, દેવમંદિરો, બધા ઉપકરણો યુક્ત બનાવ્યું હતું (કં.પુ. 4/126/127). વિશ્વકર્માએ દરેક બ્રાહ્મણ અને

વિણક માટે પ્રાકાર અટારીવાળાં ઘર બનાવ્યાં હતાં. વસ્તુશાળા, બજાર, ગોશાળા, હાથીખાનાં, રથશાળા, ઠેકઠેકાણે ચોક, યૂપયુક્ત યજ્ઞમાર્ગ, વિપ્રોના અધ્યયન માટે એકાન્ત સ્થળો, ઈન્દ્રનીલ-સુવર્ણ જડિત બારીઓ, કમળવાવડીઓ, સરોવરો, ઉપવનો આદિ અસંખ્ય બનાવ્યાં (કં.પુ. 41-130-145). આમ, આ નગરીની સમૃદ્ધિ સુખ સાહ્યબી સૂચવે છે. કામધેનુ દ્વારા અન્નાદિસંપત્તિથી આ નગર પૂર્ણ થયું (કં. પુ. 4-165).

બકુલાદિત્ય હનુમાન, કુળદેવતા, ક્ષેત્રપાલ આદિનું પૂજન અર્ચન, બલિદાન અને કર કરવા અહીં કહેવાયું (કં.પુ. 5/146).

સૌરાષ્ટ્ર-સોરઠમાં રહેનારા સોરઠિયા વણિકો કૃષિ અને વેપાર સાથે સંકળાયેલા થયા.

सौराष्ट्रे निवृत्ताः श्रेष्ठे वसन्तु वणिगुत्तमाः ।
सौराष्ट्रा एव विख्याता भवन्तु मत्प्रसादतः ॥
अर्थैरेवार्थसम्पन्नाः कृषिवाणिज्यजीविनः ।
गुरुदेवार्चनपराः विप्रभक्ताः भवन्त्विह ॥ (કં.પુ. 6/13,14)

પ્રભાસમાં જનારા કલ્પગ્રામ નિવાસીઓ પણ અહીં ગણાવાયા છે (6/15).

સામુદ્રી માતાના વર્ણનમાં પંથ ભૂલેલા મુસાફરોને સામુદ્રી માતા માર્ગ બતાવે છે.

पान्थान् पथि परिभ्रष्टान् सामुद्री वीक्ष्य कानने ।
सिंहादीन् प्रेरयातेषां मार्गसन्दर्शनाय सा ॥ (કં.પુ. 9/42)

આ પરંપરાગત શ્રદ્ધા સામુદ્રી માતાના ભક્તોમાં પ્રચલિત હોવાનું જણાય છે.

દધીચિ મુનિની પત્નીના શાપથી દધીચિ મૃત્યુ પામ્યા અને તેની પાછળ તે સતી થવા તત્પર થઈ (काष्ठभक्षोन्मुखीम् 9/72). સતી સ્ત્રી હોવા છતાં સુભદ્રાએ પતિનું રક્તરંજિત

કૌપીનપહેરી સ્નાન કર્યું હતું. આથી તેણે અન્યથા દૂષિત થઈ હોવાની ભ્રાન્તિથી આ શાપ આપ્યો હતો (કં.પુ. 9/64). શાપમાં શ્રદ્ધા અને સતી થવાની પરંપરા લોકોમાં પ્રચલિત હોવાનું અહીં જણાવવામાં આવે છે.

દધીચિના પુત્ર પિપ્પલાદે ઉત્પન્ન કરેલ કૃત્યાગ્નિને સરસ્વતીએ સમુદ્રમાં પધરાવી છે (9/81-89). પ્રભાત ક્ષેત્રમાં સરસ્વતીએ આ અગ્નિને પધરાવ્યો. તે આ પ્રાચી સરસ્વતીની આ કથા લોકોની આભિચારિક ક્રિયાઓ ઉપર શ્રદ્ધાને વ્યક્ત કરે છે. પિપ્લવાસિની દેવી ચામુંડાની સ્થાપના વિષે પ્રચલિત લોકકથા તેનો આધાર છે (કં.પુ. 9/95).

નગરની સ્થાપના પ્રસંગે થયેલો યજ્ઞ યજ્ઞપરંપરા અને વાસ્તુવિધાનમાં લોકોની શ્રદ્ધાને વ્યક્ત કરે છે (કં.પુ. 5/1-7). આવા પ્રસંગે સ્ત્રીઓ ગીતો ગાતી હતી (કં. પુ. 5/8). પાતિવ્રત્યનું ગૌરવ કરાતું હતું. (એજન)

અન્નદાન (5/10), વેદપારાયણ - પુરાણકથન અને શ્રવણ (5/11), નૃત્ય-ગીત દ્વારા મનોરંજન (51/12) થતાં હતાં. ગાયની સ્થાપના પ્રસંગે બ્રાહ્મણો તે ગોત્રાનુસાર એકએકને બોલાવી પાદપ્રક્ષાલન, મધુપર્ક, વસ્ત્રાદિ, અલંકરણ આપી. શ્રાદ્ધ અને નીલોત્સર્ગપૂર્વક ભૂમિદાન કરી કણવે નગર વસાવ્યું (5/14-16). દાનનો સ્વીકાર 'સ્વસ્તિ' બોલીને થતો હતો (કં.પુ. 5/20).

ચૈત્ર અને ભાદરવાની સુદ છઠ્ઠે બકુલાર્કની પૂજાનું વિધાન બતાવે છે કે તિથિવિશેષે વિશિષ્ટ દેવનાં અર્ચનને ભારે ફળદાયી માનવામાં આવતું હતું. આવા પ્રસંગે મહોત્સવ થતો. ઉપવાસ, અને જાગરણ કરવામાં આવતું હતું (કં.પુ. 5/32-35). ધ્વજારોહણ આવા પ્રસંગનો એક ભાગ મનાતો હતો (5/35). વ્રત, ઉપવાસ, જાગરણ અને દાન પરસ્પર સંકળાયેલાં હતાં (5/36).

ગાલવે સ્થપાયેલા વણિકો ગાલવ (ગાલા) તરીકે ઓળખાયા. બાકીના કુંડળ પહેરવાથી ઝળહળતા ગાલવાળા હોવાથી કપોલ કહેવાય.

गालवा स्थापित ह्येते गालवाः सन्तु नामतः ।

तथापि कपोलाख्याः कपोलाद्भुतकुण्डलाः ॥ (5/58)

નગરની પૂર્વ રહેનારા प्राग्वाडवा - प्राग्वाट - પોરવાડ કહેવાયા. (કં. પુ. 5/59,60), સોરઠિયા અને ગાલવ બંનેમાં પ્રચલિત અભિધાન બન્યું.)

તેમનાં ગોત્ર, કુળદેવી, ક્ષેત્રપાલ અલગ અલગ ગણાવી તેમના ભેદને સ્પષ્ટ કરી બ્રાહ્મણોને અગ્નિહોત્ર અને યજ્ઞો કરવાનો આદેશ આપ્યો છે (5/66). બ્રહ્મમુહૂર્તમાં ઊઠી ગુરુ-દેવ-ઋષિનું ચિંતન કરી પ્રાભાવિક માંગલ્ય-પ્રભાતમંગલ સ્તોત્ર - પ્રભાતિયાં ગાવાનું જણાવવામાં આવ્યું (5/67). હોવાથી દુઃસ્વપ્નનાશ થાય. અને દિવસ સારો જાય (5/75). એવી માન્યતા પ્રવર્તતી હતી.

અહીં બતાવાયેલી દિનચર્યા શય્યાત્યાગ, હરિસ્મરણ, ઉત્સર્ગ, શુદ્ધિ, દેહશુદ્ધિ, સ્નાન, પિતૃતર્પણ, દેવપૂજા, શકુનપૂર્વક બહિર્ગમન, કુલધર્મપાલન, નિષિદ્ધ આચાર, સદાચાર આદિનું વર્ણન સામાન્ય આચારધર્મને લગતા હોવાથી સૌને પાલન કરવા યોગ્ય હોવાનું આ અધ્યાયમાં બતાવાયું છે.

જિલ્લાનંદ કૂપમાં ત્રણ વર્ષના બાળકને ડૂબતો બચાવ્યાની કથાનો ચમત્કારિક અંશ દૈવીકૃપા ઉપરની લોકોની શ્રદ્ધા વ્યક્ત કરે છે (9/105). આ જળદેવીઓ વિષયક લોકોમાં પ્રચલિત કથા અહીં નિરૂપાઈ છે (કં. પુ. 9/109). તે બાળકૂપ કહેવાયો (કં.પુ. 9/111).

આનાથી લોકવાયકાએ માતૃસ્થાને માતૃપૂજાની પરંપરા ઊભી કરી છે (કં. પુ. 9/114). આમ, અનેક ઉપહાર, બલિદાન, દીપદાન, ધૂપ, આરતી, બિલિપત્ર, અખંડદીપ, દાન, નૃત્યગીત આદિથી જળદેવીઓની પૂજા કરવામાં આવતી હતી (9/115-118). આની નજીકમાં 'રજકાવલી' તરીકે આ માતાઓ પ્રખ્યાત થઈ (9/120). આ ધોબીઓની માતાઓ જણાય છે. રજક શબ્દ રંગારા માટે પણ પ્રયોજાય છે.

ઉપમન્યુકુળના વિષ્ણુ અને નિત્યાના પુત્ર માધવ અને કશ્યપગોત્રની મંડિતાને ચાર પુત્રો અને લક્ષ્મી નામે પુત્રી થઈ. તેનું માગું તેમની જ જ્ઞાતિમાં વેદ નામના વિપ્રે કર્યું. तवास्ति तनया योग्या मत्पुत्राय दीयताम् । (કં. પુ. 10/133) મંડિતાના કાકા થતા હોવાથી સંબંધમાં સંબંધ જોડવો યોગ્ય લાગ્યો.

संबंधित्वमितः पूर्वः पुनः साम्ब्ध्यमर्हति ।

नैकसम्बन्ध सुश्लाध्य वरं सम्बन्धिनो मिथः ।

सम्बन्धः सुखकृज्ज्ञेयोऽन्योन्यविज्ञातशीलयोः ॥ (કં. પુ. 10/35, 36)

અને વિષ્ણુએ પોતાની પૌત્રી સુશીલા વેદના સત્ય નામના પુત્રને આપી.

सुशीलानामधेया सा सत्यनाम्ने मयार्पित्ता । (કં. પુ. 10/38)

આ વૃત્તાંત ઉપરથી સમજાય છે કે સમાજમાં બને ત્યાં સુધી જાણીતામાં જ લગ્ન થતા હતાં.

એક જ ગામમાં વિવાહ થતાં સ્ત્રી સાસરે અને પિયર જમતી.

मात्रा ज्ञातं भर्तृगृहे भुङ्क्तेयं दुहिता मम ।

श्वस्रा ज्ञातं पितृगृहे भुक्ता द्वाभ्यां तमोजिता ॥ (કં. પુ. 10/41)

આ સામાજિક પરંપરા નાગરો અને અન્ય જ્ઞાતિઓમાં પણ આજે પ્રચલિત છે. સવારે સાસરે અને સાંજે પિયરમાં જમે.

સ્ત્રીના પગલે સમૃદ્ધિ આવે. સુશીલાના પગલે સત્ય-વેદને ત્યાં અણિમાદિ સિદ્ધિ આવી. ગાલવનું વરદાન તો હતું જ. (કં.પુ. 10/42)

પવિત્ર દિવ્ય આત્માઓના મહાપ્રસ્થાન સમયે તેજ પ્રગટ થાય છે. એવી માન્યતા માધવ-પંડિતાના અંત સમયે ચરિતાર્થ થાય છે. આવા તેજને આકાશમાં જતું લોકોએ જોયું (કં. પુ. 10/43,44). કેટલાક દેવોનો નિવાસ માંડિતાના દેહમાં આવ્યો હતો એમ મનાયું. દુ:ખના સમયે ધીરજથી સાસુ સસરાની કરેલી સેવાનું ફળ પામ્યું (કં.પુ. 10/46). તો કેટલાક મંડિતાને યોગિની માનવા લાગ્યા. ગાલવની કૃપાથી મંડિતાને જ્ઞાન લાધ્યું હતું. નિત્યાએ નિત્યજ્ઞાન ગ્રહણ કર્યું (કં.પુ. 10/47-49). મંડિતા અને નિત્યાની કથા લોકોમાં દિવ્ય સ્ત્રીઓનાં જીવન, પ્રભાવ અને પરિણામ વિષે ચમત્કારિક અંશની ધારણા બાંધે છે. આવી ધારણા અહીં આ કથામાં વ્યક્ત થઈ છે.

કંડુલ સ્થાન નગર વિષે પ્રચલિત ચારેય કથાઓ ગ્રામ સ્થાપન વિષે લોકસાહિત્યો અને ગામની પ્રાચીનતા સિદ્ધ કરવાના પ્રયાસનું પરિણામ છે (કં. પુ. 11).

કંડુલક નામે કુંડનો પુત્ર કાણો હોવાથી પોતાના મૃત્યુ પછી ગોવાળ બન્યો (કં.પુ. 10/64). યજમાનોએ તેની આજીવિકા બંધ કરી અને કુટુંબીઓએ તેનો ત્યાગ કર્યો (કં. પુ. 10/65). તે કાંપિલ ગામના બ્રાહ્મણોની ગાયો ચરાવતો અને ગોસેવા કરતો હતો (10/66-69). પ્રસન્ન થયેલી ગાયોને તેણે સર્વ રુદ્રોની જનની, વસુઓની પુત્રીઓ અને આદિત્યોની બહેન કહી છે. જગતના જીવન રૂપ વિશ્વમાતાઓ માની તેમની કેવળ ભક્તિ માગી (जनन्य

सर्वरुद्राणां वसूना तनयाः शुभाः ।

आदित्यानां स्वसारो वा जगज्जीवातमो(वो?) मताः ॥

भवतीभिर्वृतं विश्वं त्रैलोक्यं विश्वमातरः ॥ (કં. પુ. 10/70-71)

તેના નામે આ ગામ કંડુલ કહેવાયું. (10/72) કંડુલની ગોસેવા (10/74-78), દુર્બુદ્ધિ કાઠીઓ (કોષ્ઠિકા)નું આક્રમણ (10/79), ગાયો દ્વારા બચાવ અને કંડુલનું પરાક્રમ (કં. પુ. 10/81-88), ગાયોનું થયેલું રક્ષણ (10/90). કાઠીઓના ત્રાસ અને લૂંટફાટનો નિર્દેશ કરે છે. ગાયો દ્વારા ચમત્કારિક બચાવમાં લોકોની શ્રદ્ધા અહીં સ્ફુરિત થઈ છે.

અ. 12માં આવતું સામ્બનું કથાનક સૂર્યોપાસના, કુષ્ટરોગ નિવારણ અને નારદના કપટનો ભોગ બનતા સામ્બ ઉપર આસક્ત શ્રીકૃષ્ણની પત્નીઓનો વૃત્તાંત. અમીર પુરુષની સહજ કામવૃત્તિનો દ્યોતક ભાગ છે. આથી જ મનુએ ઠીક જ કહ્યું છે કે માતા, બહેન કે દીકરી સાથે એકાંતમાં ન રહેવું કારણ કે, बलवान् हि इन्द्रियग्रामो विद्वांसमपि कर्षति। આ વૃત્તિનો ભોગ ન બનાર માટે મા-બહેન-દીકરી સાથેના સંબંધોને અતિપવિત્ર ગણી નીતિ અને ધર્મનાં ધોરણો ઘડાયાં છે. સમાજમાં સંસ્કૃતિ અને સભ્યતાનો આધાર બન્યાં છે.

જાજાલિએ મત્સ્યધરામાં મત્સ્યરાજને સપરિવાર જોતાં તેમને વૃદ્ધાવસ્થામાં પણ ગૃહસ્થાશ્રમ માંડવાને વિચાર આપ્યો.

अहो गृहाश्रमः श्रेष्ठः सकुलेष्वाश्रमेषु च ।

यमर्थयन्ति सततं पितृदेवनरादयः ॥

गृहाश्रमात्परं किञ्चिन्न परं स्वर्गमोक्षदम् ॥ (કં.પુ. 12-2,29)

ત્યાંથી નીકળી જાજાલિ માંધાતાને ત્યાં ગયા. તેની પચાસ કન્યાઓમાંથી જે પસંદ

કરે તેની સાથે લગ્ન કરાવવા માંધાતા તૈયાર થયો. વૃદ્ધ મુનિએ તપોબળે સુંદર યુવાન સ્વરૂપ ધારણ કરતાં પચાસે કન્યાઓ તેમને પરણવા ઈચ્છતાં માંધાતાએ એમ કર્યું. પુત્રીઓ સુખી છે કે કેમ તે જાણવા ગયેલા માંધાતા દરેક પુત્રી સાથે મુનિ રહેતા હોવાનું જાણી આશ્ચર્ય પામ્યા. (કં.પુ. 11)

આ સમગ્ર વૃત્તાંત શ્રીકૃષ્ણચરિતથી પ્રેરિત જણાય છે. તપથી અનેક સ્વરૂપ ધારણ કરવાની શક્તિ વિષે લોકોમાં શ્રદ્ધા પ્રવર્તતી હતી. મચ્છુ નદીની ઉત્પત્તિના આ વૃત્તાતમાં માંધાતાએ જણાવ્યું છે કે કન્યાઓ વરને પસંદ કરે છે.

अस्माकं कुलधर्मोऽस्ति कन्या वरयते वरम् ।
त्वां चेद्वरयते कन्या मया तुभ्यं प्रदीयते ॥ (કં. પુ. 10/39)

અહીં પ્રાજાપત્ય અને ગાંધર્વ લગ્નનું મિશ્ર સ્વરૂપ પ્રચલિત થયું હોવાનું અનુમાન કરી શકાય. આથી હવે દીકરા-દીકરી પરસ્પર પસંદ કરે તેને માતાપિતા મંજૂરીની મહોર મારે છે. આ વૃત્તાંત બાળવિવાહ કે વૃદ્ધવિવાહનું સમર્થન કરતો નથી.

કંડુલપુરાણના ચૌદ અધ્યાયોમાંથી ચૌદમો અધ્યાય શિથિલ રીતે જોડાયેલો જણાય છે. અ.13માં યુધિષ્ઠિરે કરેલી ભગવાન સ્તુતિમાં સ્થાનગરમાં પડેલો દુકાળ દૂર થતાં સુકાળ થતાં લોકોનાં પુનરાગમન સાથે નગર ઉજ્જડ થયું હોવાનું જણાવાયું છે (કં.પુ. 13/11-31). ત્રિનેત્રેશ્વરનું લિંગ દટાઈ ગયું. દટાયેલા શિવલિંગ ઉપર ગાય દ્વારા દૂધનો અભિષેક, ગોવાળ દ્વારા ઉદ્ધાર (13/6,7). મંદિરનું નવનિર્માણ નિરૂપતાં યુધિષ્ઠિરનું ગુપ્તવાસ માટે આગમન અને વિરાટનગરમાં ગુપ્તવાસનો વૃત્તાંત જોડી આ સ્થાનના પાંચાલ નામને ચરિતાર્થ બનાવવામાં આવ્યું છે. શ્રીકૃષ્ણના સૂચન મુજબ કાંપિલ સ્થાનની યાત્રા કરી. સામુદ્રીનું પૂજન કરી ગુપ્ત વાસ કરવા કહેવામાં આવ્યું છે (કં.પુ. 13/54). વરદ ગણેશનું આરાધાન અને આસો નવરાત્રીમાં ચામુંડાનું આરાધન - ઉત્સવ કરીને અભીષ્ટની પ્રાપ્તિ કરવાનું શ્રીકૃષ્ણનું

સૂચન (કં.પુ. 13/61,62) છે તે આ પુરાણને મહાભારતના પાંડવોના વનવાસ સાથે જોડે છે.

આ પછી પુરાણનું ફળ કથન (કં.પુ. 13/66-74) આ પુરાણની સમાપ્તિ સૂચક છે. અહીં અંતે જણાવાયું છે કે ગોત્રેના વિભોગનું પાલન કરવું (કં.પુ. 13/74). અહીં સ્વગોત્ર વિવાહ કે ભિન્નજાતિમાં લગ્ન ન કરવાની સૂચના આદેશાત્મક છે.

गोत्राणां हि विभागांश्च तनुत तद्धिताय-वै ।

यतस्तेषु गोत्रेषु न कुर्युः भिन्नजातिषु ।

कन्यानां व्यवहारं च स्वे स्वे धर्मे स्थितः ॥ (કં. પુ. 13/75)

## 8.5.2 વણિકોના રીતરિવાજ :

અંતિમ અધ્યાયમાં કપોલ અને સોરઠિયા વણિકોના થયેલા વિભાગ આપવામાં આવ્યા છે. હનુમાને કણ્વનું દાસપણું કર્યાનું કહેતાં કહ્યું છે કે -

આ વણિકોને વેદાધ્યયન અને ઉપનયન સંસ્કારનો અધિકાર છે.

यदभूद्वेद्युतानां वणिजां सोपवीतता । (કં. પુ. 14/10)

કંડુલ પુરાણમાં સોરઠિયા, ગાલા, ક્પોળનાં ગોત્રો, અટકો, કુળદેવી, ક્ષેત્રપાલ વગેરેનું વર્ણન છે પણ વેદાધિકાર, ઉપનયન સંસ્કાર કે પાંચાળ અંગભૂત દેવોના આરાધન, કુળદેવીના કર, ઉત્સવો આદિ સિવાય બીજા સંદર્ભો આ પુરાણમાં મળતા નથી. તેમના થયેલા વિભાગોની કથા પણ અહીં નથી. માત્ર જાણીતામાં જ વિવાહ, બનેનો એક ગામમાં વિવાહ, સગોત્ર વિવાહનો નિષેધ, મૃત્યુના અગિયારમાં દિને નીલોદ્વાહ જેવી બાબતોના ઉલ્લેખો છે.

પરંતુ કપોલ, સોરઠિયા કે ગાલા, કંડોળિયા વિપ્રોના રીત રિવાજોના સીધા સંદર્ભો આ પુરાણમાં આવતા નથી.

જે પરંપરાઓના સંદર્ભો છે તે ધર્મશાસ્ત્ર કે અન્ય પરંપરાઓને અનુલક્ષીને છે એમ કહી શકાય.

- આ બ્રાહ્મણો અને વણિકોને બ્રહ્માએ કણ્વનું વચન પૂરું કરવા મનથી ઉત્પન્ન કર્યા હોવાથી તેઓ બ્રહ્માના માનસપુત્રો છે. (કં.પુ. 14/14)
- સોરઠિયા જ પ્રાગ્વાડા કહેવાયા છે.

    अतस्ते खलु सौराष्ट्राः प्राग्वाडा इति ते यतः ॥ (કં. પુ. 14/15)

- ગાલવે કહેલા ગાલવના શિષ્યો કણ્વે જુદા પાડેલા કપોળ નામે ઓળખાયા છે.

    गालवे गालवोक्त्या ये धृतचञ्चत्कुण्डलाः ।

    पृथक्स्थितास्तु कण्वेन कपोला इति ते कृताः ॥ (કં.પુ. 14/16)

- નીલોદ્વાહનો વૃત્તાંત (કં.પુ. 14/17) ના મૃત્યુદિનથી અગિયારમા દિવસે શ્રાદ્ધમાં નીલોદ્વાહ કરવાનું વિધાન આપવામાં આવ્યું છે (કં.પુ. 14/29).
- વેનના દેહનું મંથન કરતાં ઉત્પન્ન થયેલા પુરુષથી કાઠીઓ ઉત્પન્ન થયા (કં.પુ. 14/41-42).

    काष्ठवज्जा वेन्नस्य-शरीरात्तु पुरोद्गताः ।

    पापिष्ठाः काष्ठिन इति विख्याताः पश्चिमाब्धिगाः ॥ (કં.પુ. 14/42)

મૂળે આ લોકો શક જાતીય છે.

पापिष्ठा शकजातीयाः सर्वधर्मबहिष्कृताः । (કં.પુ. 14/41)

કાઠીઓ વચ્ચે વિષ્ણુ ભક્તિ પરાયણ ચારણ નિવાસી હતો. કાઠીઓ તે માનતા નહીં. પણ ચરણ અવધ્ય મનાતો હતો. चारणेति ते मत्वा तद्देहघातं न कुर्वते । (કં.પુ. 10/45) ચારણના વૃત્તાંતને ત્રિનેત્રના ઉત્સવ સાથે જોડી ચારે વર્ણનો તે ઉત્સવ ગણાવાયો છે.

ગૌતમીની ઉત્પત્તિઓ વૃત્તાંત ગૌતમ અહલ્યા સાથે જોડી બેજીની ગાયની પ્રદક્ષિણા ને પૃથ્વીની પ્રદક્ષિણા તુલ્ય ગણાવે છે.

सूयमाना यदा क्वापि यावद्गर्भ न मुञ्चति ।

तावद्गौः पृथिवीज्ञेयेत्युचुः पौराणिकाः द्विजाः ॥ (14/74)

આવી ગાયની પ્રદક્ષિણા દાતા અને પ્રતિગૃહીતાને તારે છે (14/76-79).

ત્રિનેત્ર દ્વારા ચારણના સ્થળની કથા લોકવાયકા સમી છે (14/101-108).

• • •

# પાદટીપ

(1) (i) अध्यापनमध्ययनं यजनं याजनं तथा ।
दानं प्रतिग्रहश्चैव ब्राह्मणानामकल्पयत् ॥

(ii) प्रजानां रक्षणं दानभिज्याध्ययनभेव च ।
विषयेष्वप्रसक्तिश्च क्षेत्रियस्य समासतः ॥

(iii) पशूनां रक्षणं दानमिज्याध्ययनमेव च ।
वणिक्पयं कुसीदं च वैश्यस्य कृषिमेव च ॥

(iv) एकमेव तु शूद्रस्य प्रभुः कर्म समादिशत् ।
एतेषामेव वर्णानां शुश्रूषामनसूयया ॥ (મનુ. 1/88-91)

2. પુરુષસૂક્ત પ્રવચનો - સ્વામી વિદિતાત્માનંદ પૃ. 37

3. ભારતની પ્રાચીન સામાજિક સંસ્થાઓ ડૉ. રમેશ સુંદરજી બેટાઈ- પૃ. 85

4. Thus caste system was a successful constitutional expression of the basic principle of Hindu philosophy of unity in diversity, and was more of lessintend to enable the different races to live in harmony by evolving a common heritage embodying the rest elements of the different cultures."

- "Cultural History of India" S.A. Latif. P.20

5. Caste is......"A collection of families of groups of families, bearing a common name which denotes or is associated with a mythical ancester

human or divine; prosessing to follow the same calling; and regarded by those who are competent to give an opinion as forming a single hamoseneous Community." (ડૉ. બેટાઈના પુસ્તકમાં ઉદ્ધૃત) પૃ.113

6. चातुर्वर्ण्यं मया सृष्टं गुणकर्म विभागशः ॥ भ.गी. 5.13

7. स्त्रियो वैश्या वै शूद्रास्तेऽपि यान्ति परां गतिम् ॥ भ.गी. 9.32

8. ભારતની પ્રાચીન સામાજિક સંસ્થાઓ ડૉ. રમેશ બેટાઈ પૃ.88

9. મનુસ્મૃતિના નીચેના શ્લોકો આ સંદર્ભમાં નોંધવા જેવા છે -

(i) जातिमात्रोपजीवी वा कामं स्याद् ब्राह्मणब्रुवः ।
धर्मप्रवक्ता नृपतेर्न तु शूद्रः कथंचन ॥ 8.20

(ii) जातिजानपदान्धर्माञ्श्रेणीधर्मांश्च धर्मवित् ।
समीक्ष्य कुलधर्मांश्च स्वधर्मं प्रतिपादयेत् ॥ 8.41

(iii) शनकैस्तु क्रियालापादिमाः क्षत्रियजातयः ॥
वृषलत्वं गता लोके ब्राह्मणादर्शनेन च ॥ 10.42

(iv) मुखबाहूरुपज्जातानां या लोके जातयो बहिः ।
म्लेच्छवोचश्चार्यवाचः सर्वे ते दस्यवः स्मृताः ॥ 10.45

(v) या लोभादधमो जात्या जीवेदुत्कृष्टकर्ममिः ।
तं राजा निर्धनं कृत्वा क्षिप्रमेव प्रवासयेत् ॥ 10.96

(vi) जातिभ्रंशकरं कर्म कृत्वाऽन्यतममिच्छया ।
चरत् सांतपनं कृच्छ्रं प्राजापत्यमनिच्छया ॥ 11.124

10. મનુસ્મૃતિના નીચેના શ્લોકો આ સંદર્ભમાં વિચારીય છે -

(i) ज्ञातिभ्यो द्रविणं दत्त्वा कन्यायै चैव शक्तितः ।
कन्याप्रदानं स्वाच्छन्द्यादासुरो धर्म उच्यते ॥ 3.31

(ii) यासां नाददते शुल्कं ज्ञातयो न स विक्रयः ।
अर्हणं तत्कुमारीणामानृशंस्यं च केवलम् ॥ 35.4

(iii) प्रक्षाल्य हस्तावाचम्य ज्ञातिप्रायं प्रकल्पयेत् ।
ज्ञातिभ्यः सत्कृतं दत्त्वा बान्धवानपि भोजयेत् ॥ 3.263

(iv) ऋत्विक्पुरोहिताचार्यैर्मातुलातिथिसंश्रितैः ।
बालवृद्धातुरैर्वैद्यैर्ज्ञातिसंबंधिबान्धवैः ॥ 4.79

11. યાજ્ઞ.સ્મૃતિ. 1/90, 96

12. ભારતની પ્રાચીન સામાજિક સંસ્થાઓ પૃ. 105

13. (1)कृत कण्वालयं नाम्ना (2)त्रेतायां कलुषापहम् ।
(3)द्वापरे कांपिलं चैतत् (4)विद्धि कंडुलकं कलौ ॥ - कं.पु.अ. 5/31 ; 11/1,2 વગેરે જુદા જુદા શ્લોકોનાં ચાર ચરણો પણ આનું સમર્થન કરે છે.

14. समाप्य चाध्वरं कण्वो विप्रानामंत्रितानथ ।
एकैकं प्रतिगोत्रं सोऽष्टादशैवार्चयन्मुनिः ॥ કં.પુ.અ. 5.14.

15. વળા - સૌરાષ્ટ્રમાં ભાવનગર પાસે ધોળાથી લગભગ 20 કિ.મી. દૂરનું સ્થળ

16. માતાજીની સ્તુતિ - जयो जयो सामुद्री आइ जलकर्ता जे कुंडल जे मुख जोवाना कोड વગેરે. કંડોળિયા બ્રાહ્મણોમાં માતાજીના ઉત્સવ વખતે તથા વિવાહ વગેરે શુભ કામોમાં માતાજીનાં ભાણાં ભરતી વખતે (થાળ ધરાવતી વેળાએ) ખાસ કરીને ગવાય છે.

17. 'બ્રાહ્મણોનો આ હત્યાકાંડ સં. 1500 ની સાલમાં રાજા એભલવાળાના વખતમાં થયેલો.' એમ ઘણા વિદ્વાનો માને છે.

18. નારાયણ વસનજી ઠક્કુર એ વલભીપુરનો વિનાશ યાને અનંગભદ્રામાં કાકુની દુષ્ટવૃત્તિ પર પ્રકાશ પાડ્યો છે.

19. બ્રાહ્મણોનો નાશ કરવાનું કારણ એવું બતાવવામાં આવે છે કે જૂના સમયમાં લગ્નવિધિ કરાવવા માટે બધા પુરોહિતો (ગોળ) વચ્ચે સવાશેર સુવર્ણનો હાથી આપવામાં આવતો હતો. તે હાથી બાબતમાં ગોરો (પુરોહિતો) તથા યજમાનો વચ્ચે વાંધો પડતાં તે સંબંધમાં મનદુઃખ ઉત્પન્ન થયેલું. તેના પરિણામે ચીડાયેલા કાકુએ ઘણા બ્રાહ્મણોનો નાશ કરેલો હતો.

20. भवत्प्रसादनात् ब्रह्मन् ब्राह्मणा ब्रह्मवेदिनः ।
वणिजो धर्मकर्माणः समायाताः सहस्त्रशः ॥

तत्स्थानं स्थापय ब्रह्मन् मुहूर्तेऽस्मिन् शुभग्रहे ।
परं तुष्टोऽसि वणिजः षट् सहस्त्राणि दीयताम् ॥

त्वत्स्थानं स्थापनान्ते स्थापयिष्यामि तानहम् ।
मन्नाम्ना ख्यातिमायान्तु त्वत्प्रसादात्तु हे मुने ॥ (क.पु. 4/116-118)

21. कपोलाद्भूतकुण्डलाः । क.पु.अ. 5.58

22. देवलासितराण्डिल्याः शांडिल्यप्रवरास्त्रयः । कं.पु.अ. 5.118

23. कं.पु.अ. 5

24. શ્રી કપોળ ગૌરવ- ગ્રંથ, પૃ. 1-2

**પ્રકાશક :** શ્રીકપોળ ગૌરવ-ગ્રંથ પ્રકાશન સમિતિ, મુંબઇ (1982)

**સંપાદકો :** પીતાંબરદાસ દુર્લભદાસ વોરા, શામજી માવજી પારેખ

**સહસંપાદક :** શાન્તિકુમાર જ. ભટ્ટ

25. એજન પૃ. 3

26. गालवस्थापिता ह्येते गालवाः सन्तु नामतः ।

तथापि च कपोलाख्याः कपोलाद्भुतकुण्डलाः ॥

कं.पु. अ. पू. श्लोक 16

27. नाभागो दिष्टपुत्रोऽन्यः कर्मणा वैश्यतां गतः ।

भलन्दनः सुतस्तस्यवत्सप्रीतिर्भलन्दनात् ॥

- भा.पु. 9.2.23

28. अब्धिसंगतया शुभ्रभासा स्फटिकवेश्मनाम् ।

सदैव लक्ष्यते यत्र गंगासागरसंगमः ॥ तत्रेव

• • •

# પ્રકરણ-૯

## પ્રકરણ-9

# કંડુલપુરાણનું સાંસ્કૃતિક મહત્ત્વ

### 9.1 ભારતીય સંસ્કૃતિ :

ભારતીય સંસ્કૃતિના સ્વરૂપને જાણવા ઈચ્છનાર વ્યક્તિ પુરાણોનો સહારો લીધા વિના પોતાનું કાર્ય સાધી શકતો નથી. કેમ કે, પુરાણો ભારતીય સંસ્કૃતિના આધાર-સ્તંભો છે. પુરાણોની પીઠિકા પર જ આધુનિક ભારતીય સમાજનું પ્રતિસ્થાપન થયેલું છે. 'પુરાણ' શબ્દનો સૌપ્રથમ ઉલ્લેખ ઋગ્વેદના ત્રીજા[1] અને દશમા[2] મંડળમાં મળે છે. પરંતુ ત્યાં તે કોઈ ગ્રંથ-વિશેષના અર્થને નહીં પણ પ્રાચીનતાના અર્થને દર્શાવે છે. ગ્રંથ-વિશેષના રૂપમાં 'પુરાણ' શબ્દનું સૌપ્રથમ વિવેચન અથર્વવેદના વ્રાત્યકાંડમાં છે.[3] ત્યાં બૃહતી દિશામાં જ્યારે વ્રાત્ય ગતિ કરે છે. ત્યારે તેની સાથે જતાં વિષયો કે શાસ્ત્રોમાં ગાથા, નારાશંસી, ઈતિહાસ, પુરાણ એવો ક્રમ આવેલો છે. આ ક્રમનું અધ્યયન કરતાં, ગાથા એ વેદથી અસંબંધિત ધાર્મિક શ્લોક કે છંદ છે. તેમાં અનુભવનો વિશિષ્ટ અર્થ સમાયેલો છે. નારાશંસી એ મનુષ્યના સત્કૃત્યોની પ્રશંસા અને દુષ્કૃત્યોની નિંદા છે. તેમાં ગાથા કરતાં વધુ માનવ પ્રવૃત્તિ જોવા મળે છે. એના પ્રમાણમાં ઈતિહાસ માનવ પ્રવૃત્તિઓનું વિસ્તૃત વર્ણન આપે છે. 'ઈતિ-હ-આસ' એવી સંધિ આ બાબતને જ સ્પષ્ટ કરે છે. પરંપરાથી રામાયણ અને મહાભારત ઈતિહાસ ગણાય છે. ઈતિહાસની મર્યાદા મનુષ્યોનાં કર્તવ્યોમાં સીમિત છે. તેનાં કરતાં વધારે વિસ્તારપૂર્વક અનેક પ્રકારની જૂની કથાઓ જુદે જુદે પ્રસંગે સર્જન કરવાની અથવા નવસર્જન કરવાની પ્રક્રિયા 'પુરાણ' શબ્દમાં અભિપ્રેત છે. પુરાણની આ વિશાળ દૃષ્ટિને લીધે પુરાણની નાનામાં નાની વ્યાખ્યા પ્રમાણે

પાંચ લક્ષણો બંધાયાં. આ પાંચ લક્ષણોમાં સર્ગ, પ્રતિસર્ગ, વંશ, વંશાનુચરિત અને મન્વન્તરને સ્થાન આપવામાં આવ્યું છે.[4] આ પૌરાણિક પરંપરાના વિચારોની પ્રમાણ મીમાંસામાં પણ સારી ચર્ચા થયેલી છે. અને તેથી ઐતિહ્યના પ્રામાણ્ય પર પણ વિવિધ મતો જોવા મળે છે. પરંતુ વ્યવહારમાં અને માનવવિદ્યાનાક્ષેત્રમાં ઇતિહાસ અને પુરાણોના પુરાવાઓ ગ્રાહ્ય રાખવાનું જરુરી જણાય છે. આ પ્રકારનું વલણ ખાસ કરીને પૌરાણિકો, સૂતો, માગધો અને તેની પરંપરામાં ચાલુ રહેલા ભાટ, ચારણ, વહીવંચા આદિમાં જોવા મળે છે. તેઓની પરંપરામાં આ પ્રમાણ (ઐતિહ્ય) ગ્રાહ્ય રાખવામાં આવે છે.

## 9.2 ભારતીય સંસ્કૃતિની વિકાસ પરંપરા :

પુરાણોની આ મહત્તાને લીધે વેદપ્રણીત પરંપરામાં ય ઇતિહાસ અને પુરાણના ગ્રંથો સતત લખાતા રહ્યા છે. અને તેથી જ જેમ અત્યારના પાઠ્યપુસ્તકોમાં વિષયોની વૃદ્ધિ સાથે ફેરફાર થાય છે તેમ પુરાણોમાં પણ ચિરંતન ફેરફારો જોવા મળે છે. તેથી પુરાણો એટલે માત્ર ‘બહુ જૂના સમયમાં લખાયેલા ગ્રંથો’ એમ સંકુચિત વ્યાખ્યા અસ્થાને છે. પુરાણોની પરંપરા અઢારમી સદીમાં તો જોવામાં આવે જ છે. પરંતુ એટલું જ નહીં, તેની આછી પાતળી રેખા છેક ઓગણીસમી સદીમાં પણ દેખાઈ આવે છે અને આ સમયમાં પણ પૌરાણિક પ્રતીકોનો પ્રચુર માત્રામાં ઉપયોગ થયેલો છે. પૌરાણિક પરંપરા અનુસાર મહાપુરાણો, ઉપપુરાણો, તીર્થ-માહાત્મ્યો, જ્ઞાતિપુરાણો આદિ વિવિધ પ્રકારનું સાહિત્ય ઉપલબ્ધ છે. આ સાહિત્યની ગવેષણા કરવાનો આધુનિક વિદ્વાનોમાં કંઇક અભાવ જોવા મળે છે. આ અભાવનાં મુખ્ય કારણોમાં સંસ્કૃત ભાષાનું ઘટતું જતું જ્ઞાન, પૌરાણિક ભાષાનો સંસ્કૃત તજજ્ઞોમાં ઓછો અભિગમ, પૌરાણિક પ્રતીકોના ઉપયોગના વિશ્લેષણનો અભાવ અને પુરાણ વિરુદ્ધ અંગ્રેજી ભાષામાં લખાયેલું સાહિત્ય છે. પરંતુ પાર્જિટર, આર. સી. હાઝરા, વિલ્સન જેવા સુજ્ઞ

વિદ્વાનોએ જ્યારે સંવેદનપૂર્વક પુરાણોનું અધ્યયન કર્યું ત્યાર બાદ પૌરાણિક અધ્યયનની દિશા ધીમે ધીમે વિકસતી ચાલી છે. પુરાણોના સૂક્ષ્મ અધ્યયનથી જણાયું કે પુરાણો કોઇ એક વખતમાં લખાયા છે, એ એક ભ્રામક કલ્પના છે. ભારતીય જીવન પદ્ધતિમાં પુરાણો લખવાની લાંબી પરંપરા ચાલુ રહી છે અને વખતોવખત નવા વિચારો ઉત્પન્ન થયા છે અને ઉમેરાતા રહ્યા છે. આ વિચારોના આધારે તેમજ પશ્ચિમ ભારતના નાગરખંડ, મલ્લપુરાણ, શ્રીમાળપુરાણ, ધર્મારણ્ય, કૌમારિકાખંડ ઈત્યાદિ સ્કન્દપુરાણના ખંડ તથા અન્ય સાહિત્યના આધારે કંઈક વિશિષ્ટ દર્શન થયું છે. અને આ દર્શનના પરિણામે જાણી શકાયું છે કે, આ પુરાણોને સ્થાનિક પરંપરાઓએ પણ સાચવ્યા છે.[5] તેમાં સામાજિક રીત-રિવાજો, નીતિ-નિયમો અને ઈતિહાસના અંશો સચવાયા છે. એમ માનવા માટેના અનેક પ્રબળ પુરાવાઓ પ્રાપ્ત થયા છે. આ કાર્યને લીધે પૌરાણિક અભ્યાસ પુરાવસ્તુવિદ્યા - નામનો નવો વિષય વિકસ્યો. જેની મદદથી એક પક્ષે પુરાણોનો કાળક્રમ પુરાણોના રચનાકાળ આદિ જેમ સ્પષ્ટ થાય છે. તેમ બીજે પક્ષે અનેક સ્થાનિક અનુભવોની સમજૂતિ, સ્થાનિક લોકોની બુદ્ધિને સમજાય એ રીતે પુરાણો વર્ણવેલી જોવામાં આવે છે.

## 9.3 ભારતીય સંસ્કૃતિ અને જ્ઞાતિપુરાણો :

આમ ભારતીય ઈતિહાસ, રાષ્ટ્રિય ચેતના, ધર્મ-તત્ત્વજ્ઞાન પરંપરા અને જનજીવનનો ધબકાર ઝીલતું પ્રાસાદિક પુરાણ - સાહિત્ય સાંપ્રત સમયમાં પણ સાહિત્યિક નવજાગરણમાં અતીવ ઉપકારક છે. એવો અભ્યાસીઓનો મત બંધાયો છે.[6]એક સમય હતો કે જ્યારે કેટલાક અભ્યાસીઓ ભારતીય પુરાણોને ઉપેક્ષા દૃષ્ટિથી નિહાળતા, પરંતુ કેટલાક વર્ષોથી વિશ્વના મૂર્ધન્ય કોટિના પ્રાચ્યવિદ્યાવિશારદોએ પણ પુરાણ-સાહિત્યમાં ભારતીય ધર્મ, દર્શન, ઈતિહાસ, ભૂગોળ અને સમાજનું યથાર્થ દર્શન કરીને પુરાણોને 'ભારતીય જ્ઞાનકોશ' તરીકે

પ્રમાણ્યા છે. અઢાર મહાપુરાણો, તેનાથી ય વધુ સંખ્યામાં ઉપપુરાણો, જ્ઞાતિપુરાણો, સ્થળપુરાણો વગેરેમાં વિસ્તરેલ વ્યાપક પુરાણ - સાહિત્યનું હજી સુધી પર્યાપ્ત માત્રામાં વિધિવત્ સંપાદન - સંશોધન થયું નથી. એમાંય અધ્યયન-સંશોધનના ક્ષેત્રમાંથી 'જ્ઞાતિપુરાણો' તો પ્રાયઃ ઉપેક્ષિત રહી ગયા છે. ભારતીય જન-જીવન, આચાર-વિચાર અને સમાજ-વ્યવસ્થાનું દર્શન કરાવવામાં જ્ઞાતિપુરાણો આરસીરૂપ બની શકે તેવા છે. કેટલાક વિદ્વાનોએ આવા જ્ઞાતિપુરાણોનો વ્યાપક અભ્યાસ રજૂ કરવાનો પ્રશસ્ય ઉપક્રમ દાખવ્યો છે, પરંતુ હજુ પણ આ ક્ષેત્ર ઘણું જ વણખેડ્યું હોવાથી સંશોધનોને પૂરતો અવકાશ છે. પ્રા. અરુણોદય જાની, સંમાન્ય શ્રી કે. કા. શાસ્ત્રીજી, ડૉ. હરપ્રસાદ શાસ્ત્રી, ડૉ. ભોગીલાલ સાંડેસરા, ડૉ. આર. એન. મહેતા, શ્રી કનૈયાલાલ ભાઈશંકર દવે, તેમના જ માર્ગે ચાલનારા તેમના પુત્ર શ્રી એસ. કે. દવે, ડૉ. સુરેશભાઈ કાંટાવાલા, ડૉ. પ્રવીણભાઈ પરીખ જેવા પ્રથમ કોટના વિદ્વાનોની પ્રજ્ઞાનો સંસ્પર્શ પામી, આ જ્ઞાનધારા આપણી સામે અનેક ગ્રંથોના રૂપમાં પ્રગટ થવા પામી છે. વિદ્વાનોની આ પરંપરાને અનુસરતાં, પ્રસ્તુત શોધ પ્રબંધના આ બીજા વિભાગમાં 'કંડુલ પુરાણ' નું વ્યાપક સાંસ્કૃતિક અધ્યયન પ્રસ્તુત કરવામાં આવી રહ્યું છે. આ પુરાણ ગુજરાતનું એક મહત્ત્વનું જ્ઞાતિ પુરાણ છે. જેમાં કપોળ બ્રાહ્મણ તેમજ કપોળ અને દશા તથા વીસા સોરઠિયા વણિક જ્ઞાતિના ઇતિહાસો, આચારો, નીતિ-નિયમો વગેરેનું દિગ્દર્શન કરવામાં આવેલું છે.

## 9.4.1 કંડુલ પુરાણ :

પ્રસ્તુત શોધપ્રબંધના આધાર તરીકે 'કંડોળપુરાણ' કે 'કંડુલપુરાણ'નો મૂળ ગ્રંથ જ્યોતિષી માધવરાય કરશનજી અધ્વર્યુ, જુનાગઢવાળા દ્વારા પ્રકાશિત - ને ઉપયોગમાં લીધેલ છે. આ ગ્રંથનું પ્રકાશન તેમણે વિક્રમ સંવત 1992 (ઈ.સ. 1935માં) કરેલું છે. પુરાતની

સંસ્કૃત ગ્રંથ (હસ્તપ્રત) ઉપરથી ગુજરાતીમાં ભાષાંતર કરી ઈતિહાસ સહિત આ ગ્રંથ છપાવીને પ્રસિદ્ધ કરેલો છે. આ ગ્રંથ પ્રકાશિત થયા પૂર્વેની માહિતી આપતાં પ્રકાશક નોંધે છે કે –

"આ સંસ્કૃતગ્રંથ જોવાની તેમજ તેને પ્રસિદ્ધ કરવાની અને તીવ્ર ઈચ્છા હતી. આપણી ઉત્પત્તિને બતાવનાર 'कंडोलपुराण' નામનો ગ્રંથ છે એવું મારા સાંભળવામાં આવતાં તે મેળવવા ઘણો જ પ્રયાસ કર્યો. અને ઘણા સમયે તે હસ્તલિખિત ગ્રંથ સિહોરમાંથી હું મેળવી શક્યો. તે સિવાય 'બ્રાહ્મણોત્પત્તિમાર્તંડ'ની અંદર આપણી ઉત્પત્તિનો ઈતિહાસ વાંચવામાં આવ્યો. પરંતુ તેમાં કંડોલપુરાણનો ટુંકમાં ઉતારો જ લેવામાં આવેલ જોવામાં આવ્યો. તેથી ઉપરોક્ત હસ્તલેખિત જૂનો ગ્રંથ સિહોરથી મેળવ્યા પછી તેને છપાવી પ્રસિદ્ધ કરવા તરફ મનની વૃત્તિઓ દોરાણી."[7]

પ્રકાશકના ઉપરોક્ત વિધાન પરથી 'કંડુલપુરાણ'ના પૂર્વ રૂપ વિશે અંશતઃ માહિતી પ્રાપ્ત થાય છે. શોધકર્તાએ જૂનાગઢ જઈને હસ્તપ્રત જોવાની ઈચ્છા કરેલ પરંતુ એ પ્રયાસમાં સફળતા પ્રાપ્ત થયેલી નથી.

પ્રસ્તુત પ્રકાશિત 'કંડુલપુરાણ' જુદા જુદા ચાર વિભાગોમાં વહેંચાયેલ છે. જેમાં પ્રથમ ભાગમાં ગુજરાતી ભાષાંતર સાથે મૂળ સંસ્કૃતમાં કંડુલપુરાણના ચૌદ અધ્યાયો તથા કંડુલપુરાણમાં વર્ણવાયેલા પુરાતન સ્થળો જેવાં કે, બ્રહ્મશિલા તથા ધર્મશિલા, હરણમોક્ષી, પાપાપનોદ કુંડ, ત્રિનેત્રેશ્વર તથા સૂર્યદેવળ, ગેબીગુફા, માતા સામુદ્રી, ભીમકુંડ, ભોજનવાવ, બાણગંગા, સાકરકુઈ, થાનકંડોળાના પુરાતની ખંડેરો વગેરે વિશેની માહિતી તથા કેટલાક ચિત્રો રજૂ કરેલ છે. બીજા ભાગમાં કંડોલિયા બ્રાહ્મણોનો ઈતિહાસ તેઓનું કંડોલિયા નામ કઈ રીતે પડ્યું તેઓનાં ગોત્રો, શાખા, પ્રવરો તથા ગોત્રદીઠ વંશાવળીની વિગતો ટૂંકમાં

આપવામાં આવેલી છે. તૃતીય ભાગમાં કનકાઈના જંગલનું વર્ણન કપોળ જ્ઞાતિનો ઈતિહાસ, કપોળવાચકસંજ્ઞા, ગોત્રાદિ વિભાગો, અચકો તથા પ્રતિષ્ઠિત પુરુષોમાં ટૂંકમાં જીવનચરિત્રો તથા તેમને લગતી વંશાવળીઓનું વર્ણન કરવામાં આવેલ છે. જ્યારે અંતિમ ચતુર્થ ભાગમાં દસા તથા વિસા સોરઠિયા જ્ઞાતિનો ઈતિહાસ અને પ્રતિષ્ઠિત પુરુષોમાં જીવનચરિત્રો વગેરેનું ટૂંકમાં વર્ણન કરવામાં આવેલ છે.

હસ્તપ્રતના રૂપમાં પ્રાપ્ત થયેલ મૂળ સંસ્કૃત ગ્રંથ ઘણી જ ભાષાકીય અશુદ્ધિઓથી ભરેલો હશે. 'કંડુલપુરાણ' ના પ્રકાશક જ્યોતિષી માધવરાય કરશનજી અધ્વર્યુનું આ અંગે વિધાન છે કે –

"આ ગ્રંથ મૂળ સંસ્કૃત ભાષામાં ઘણો જ જૂનો તેમજ ઘણો જ અપભ્રંશ શ્લોકોમાં હતો. તેનો યથાબુદ્ધિથી સુધારો વધારો કરી ગુજરાતી ભાષામાં ભાષાંતર કરવામાં આવેલો છે."[8]

ઉપલબ્ધ 'કંડુલપુરાણ' માં પ્રકાશકે સુધારા-વધારા કર્યા હોવાનું આનાથી ફલિત થાય છે. તેમનો આ યત્ન યોગ્ય છે. પરંતુ સાથે - સાથે ઉપેક્ષણીય પણ છે. લહિયાઓની આવી આદતના કારણે જ જે તે ગ્રંથના મૂળ ભાષારૂપથી વંચિત રહી જવાય છે અને તેથી ગ્રંથના સમયને નિશ્ચિત કરવામાં એક અનિષ્ટ અંતરાય ઊભો થાય છે. ઉપરાંત એમ કરવા છતાંય કેટલીક ભૂલો તો રહેવા પામી જ છે. છતાં ગ્રંથને પ્રકાશિત કરવામાં તેમણે વેઠેલી મુશ્કેલીઓ તથા હસ્તપ્રતને હાથ કરવા ઉઠાવેલી જહેમત વગેરેને ધ્યાને લેતાં, એ બધું ક્ષમ્ય ગણી પ્રકાશકના પ્રયત્નને વખાણવો જ રહ્યો.

## 9.4.2 જ્ઞાતિઓ - સામાજિક અને રાષ્ટ્રીય કક્ષાએ એમનું મહત્ત્વ (વિશેષતઃ કપોળ વણિકજ્ઞાતિના સંદર્ભમાં)

આપણાં હિન્દુ શાસ્ત્રો અને પુરાણોમાં પ્રાચીનકાળથી સમાજવ્યવસ્થા માટે ચાર વર્ણો- વર્ગો- બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રની રચના થયેલી હોવાનાં પ્રમાણ અને વર્ણનો જોવા મળે છે. આ વર્ણો કે વર્ગોની રચના પરસ્પરનાં ઊંચનીચના ભેદો તરીકે નહીં, પણ તેમનાં કાર્યો અને ફરજોના આધારે થયેલી હતી.[૧]

પરંતુ કાળની ગતિ ન્યારી છે. તેના ચક્ર પ્રમાણે આ વર્ણોમાં ફાંટાઓ પડવા લાગ્યા અને તેનાં રૂપાંતર સ્વરૂપે જ્ઞાતિઓનું નિર્માણ થયું, તેનાં મહાજનો રચાયાં અને જ્ઞાતિઓ વ્યવસ્થિત રીતે ચાલવા લાગી.આ મહાજનોએ ફકત પોતાની જ્ઞાતિઓ પૂરતી જ નહીં, પણ સમગ્ર સમાજ અને દેશની અનેકવિધ સેવા કરેલી છે. તેથી સમાજે તેમનું મહત્ત્વ સ્વીકારીને પોતાના એક વિધાયક અંગ તરીકે તેમને માન્યતા આપેલી છે.

પરંતુ આ દિશામાં કેટલીક વાર પરસ્પર વિરોધી વિચારધારાઓ પ્રવર્તતી જોવા મળે છે . એક બાજુ આપણે જોઇએ છીએ કે કેટલાક નેતાઓ જ્ઞાતિવિરુદ્ધ ઉચ્ચરણો કરતા રહે છે. અને રાજકારણીઓ જ્ઞાતિના ધોરણે ચુંટણીઓ લડીને મેદાન મારી જાય છે.

તટસ્થ રીતે વિચારતાં લાગે છે કે 'જ્ઞાતિવાદ ' નુકસાનકર્તા છે, પરંતુ જ્ઞાતિઓમાં એ દૂષણ ન હોઇ શકે. જ્ઞાતિઓ સમાજ અને રાષ્ટ્રનાં જ અંગો છે, ભાગ છે. એ એક નક્કર હકીકત છે.

આ વાસ્તવિકતામાં ડોકિયું કરીએ તો જોવા મળે છે કે જ્ઞાતિઓની ભૂમિકા પાછળ સંકુચિતતાની નહીં, પણ સંગઠનની ભાવના રહેલી છે. કુટુંબ પછી સમાન સંસ્કાર અને પ્રકૃતિ ધરાવતું સૌથી નજીકનું અને વિસ્તૃત વર્તુલ આ જ્ઞાતિ જ છે. આ વિચારધારાની દૃષ્ટિએ અવલોકન કરતાં સ્પષ્ટ જણાઇ આવે છે કે જ્ઞાતિઓએ આ સાંસ્કૃતિક ભૂમિકા પર સમાજ અને રાષ્ટ્રના ભલા

માટે અનેકવિધ જનકલ્યાણનાં સાધનો અને સુવિધાઓ ઊભાં કરેલાં છે, તેમનો જોટો જડવો મુશ્કેલ છે. વળી આજે ખાનગીકરણની નોબતો વાગી રહી છે ત્યારે સ્પષ્ટ લાગે છે કે સરકાર અકેલે હાથે કદાપિ ગંજાવર રાષ્ટ્રીય યોજનાઓને સાકાર નહીં કરી શકે.ઉક્ત ખાનગીકરણના ભાગ તરીકે જ્ઞાતિનાં સંગઠનો દ્વારા કેટલાંક કાર્યો થાય તો એમાં કશું જ ખોટું નથી. વળી આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની વિચારસરણી પ્રમાણે પણ લોકોએ માત્ર એકલી સરકાર ઉપર દરેક કાર્યમાં આધાર રાખવો ન જોઇએ. લોકોનો પ્રજાના ફાળો જરૂરી છે.''

આ વિચારધારાના પ્રભાવ તળે જ્ઞાતિના લોકો-એના વહીવટ કરનારાં મહાજનો આ વાત બરાબર સમજી છે અને તે  રીતે પોતાની જ્ઞાતિ ઉપરાંત સમગ્ર સમાજને, રાષ્ટ્રને ઉપયોગી થાય તેવી રીતે પોતાનું યોગદાન આપતાં રહે છે. આ મહાજનોને આધુનિક પરિભાષામાં 'સમાજ ' એવું નામ આંકવામાં આવ્યું છે. દા.ત. બ્રહ્મ-સમાજ,લોહાણા સમાજ, રાજપૂત સમાજ , જૈન સોશિયલ ગ્રુપ વગેરે. આ સંગઠનોના નેજા નીચે સામાજિક કલ્યાણની અનેકવિધ પ્રવૃત્તિઓ ચલાવવામાં આવે છે અને જ્ઞાતિ ઉપરાંત અન્ય અંગોનું શ્રેય સધાતું રહે છે.

**કપોળ-વણિકજ્ઞાનિનું પ્રદાન :**

જ્ઞાતિઓ સમાજ અને રાષ્ટ્રને ઉપકારક છે, તે અંગે ટૂંકી સમીક્ષા કર્યા પછી કપોળ-વણિકજ્ઞાતિના સંદર્ભમાં જોઇએ તો ખ્યાલ આવશે કે આ જ્ઞાતિના સભ્યો મૂળ સૌરાષ્ટ્રમાંથી મુંબઇ અને દૂરના દેશોમાં જઇ વ્યાપાર ધંધામાં જોડાયા છે. તેમનો સ્વભાવ પરંપરાથી વારસગત રીતે સાહસપ્રિય હોવાથી તેઓ સારું કમાયા છે અને સારી સંપત્તિ એકત્ર કરી શક્યા છે. તેમનું મોટું જમા-પાસું એ રહ્યું છે કે તે સંપત્તિનો ઉપયોગ તેમણે કેવળ પોતાના

પૂરતા જ નથી કર્યા, દેશને અને સમાજને માટે પણ પ્રશંસાપાત્ર પ્રમાણમાં કર્યા છે.

દૂર દૂર દેશાવરમાં ઘણાં કષ્ટો વેઠીને જયાં જયાં આવણિકો ગયા છે અને વસવાટ કર્યા છે ત્યાં ત્યાં તેમણે ત્યાંના સ્થાનિક લોકો સાથે હળીમળીને, તેમના સુખે સુખી અને તેમના દુઃખે દુઃખ વહોરી લઈને નિશાળો, છાત્રાલયો, દવાખાનાં, બાલમંદિરો, કન્યાશાળાઓ, દેવસ્થાનો, સેનેટરિયમો, ધર્મશાળાઓ, સદાવ્રતો કે અન્નક્ષેત્રો, વાવ-કૂવાઓ, ઉદ્યોગો વગરે માટે કરોડો રૂપિયાનો પોતાનો અમૂલ્ય ફાળો સાર્વજનિક કાર્યોમાં આપ્યો છે.

આ પ્રકારના સામાજિક કાર્યનું એક જમાપાસું એ રહે છે કે એક જ્ઞાતિનાં સારાં કાર્યો જોઈને અન્ય જ્ઞાતિઓને આવાં કાર્ય પોતાની જ્ઞાતિ અને પોતાના વિસ્તારમાં કરવાની પ્રેરણા મળે છે. અને પરિણામે સમગ્ર સમાજને તેનો સાથ મળે છે.

આ રીતે થતાં સામાજિક કાર્યોનો વ્યાપ જે રીતે વધતો જાય છે તે જોતાં કહેવાનું મન થાય છે કે સમાજ સુધારકો અને રાજકારણીઓએ જ્ઞાતિઓને નાબૂદ કરવાની વાતો કરવાને બદલે તેમનો સહયોગ મેળવવાનો પ્રયાસ કરવો જોઈએ.તો જ સમાજ અને રાષ્ટ્ર વધારે સુખી અને સમૃદ્ધ બની શકશે.

અંતમાં દેશવિદેશના કેટલાક જાણીતા વિદ્વાનોના જ્ઞાતિ અંગેના વિચારો રજૂ કરી આ પ્રકરણની સમાપ્તિ કરીશું :

ડૉ. ધૂર્ય લખે છે :

''જ્ઞાતિવ્યવસ્થા એ ભારતીય સમાજનું ધ્યાનપાત્ર સંગઠન છે. એના જેવું લોખંડી માળખું બીજી કોઈ સંસ્કૃતિમાં જોવા મળતું નથી.''

ડૉ. યોગેન્દ્ર સિંહ લખે છે :

"જ્ઞાતિ એક તરફ સામાજિક એકીકરણનું રચનાત્મક એકમ છે તો બીજી બાજુએ વ્યવસ્થાતંત્ર પણ છે, તેથી કેટલાક સમાજશાસ્ત્રીઓ જ્ઞાતિને એક રચનાત્મક ઘટના કરે છે."

શ્રી હરન લખે છે :

"જ્ઞાતિવ્યવસ્થાએ ભારતીય સમાજને સંસ્કારી બનાવવામાં અગત્યનો ફાળો આપ્યો છે. ભારતીય 'શહેર સંસ્કૃતિ' સૈકાઓ જૂની સંસ્કૃતિ છે. અન્ય દેશોનાં શહેરા કરતાં તે જુદી તરી આવે છે.

જ્ઞાતિ તરફથી જ્ઞાતિજનોને હૂંફ મળે છે, તેના વિકાસમાં જ્ઞાતિનો મહત્ત્વનો ફાળો હોય છે. જ્ઞાતિના યુવાન વર્ગ તેમાં અવશ્ય રસ લેવો જોઈએ ...."

## વણિક જ્ઞાતિ ઉદ્‌ભવ અને વિકાસનાં સોપાનો :

વર્ણવ્યવસ્થા અને જ્ઞાતિવ્યવસ્થા આપણા દેશમાં અત્યંત પ્રાચીન સમયથી પ્રભાવશાળી રહી છે. અને આજે પણ સમયાનુરૂપ સુધારા સાથે તે વધુ બળવાન બનીને કલ્યાણમાં વધુ ને વધુ યોગદાન આપી રહી છે.

અત્યંત પ્રાચીન કાળથી વિદેશોની સમૃદ્ધિનો પ્રવાહ ભારત પ્રતિ વહેવડાવી દેશને સમૃદ્ધ અને શક્તિશાળી બનાવવાનો યશ વૈશ્યોને ફાળે જાય છે.

વેદની જે વિરાટપુરુષના કલ્પના છે, તેમાં મુખ, બાહુ તથા ચરણ સિવાયનો જે વિશાળ ભાગ છે એમાં હૃદય, ફેફસાં તથા પાચનક્રિયાનાં અવયવો આવેલા છે, તે આ વૈશ્યો છે. તેઓ પૂર્વમાં મંચુરિયા અને મોંગોલ સુધી,પશ્ચિમમાં મોકિસકો સુધી, ઉત્તરમાં

ગ્રીસ અને રોમ સુધી તથા દક્ષિણમાં ઈન્ડોનેશિયા, જાવા, સિંહલદ્વીપ તથા સુમાત્રા સુધી સાત સમુદ્રો પાર કરીને નવખંડ પૃથ્વી પર વ્યાપાર ખંડના વૈદિક સાહિત્યમાં આ વૈશ્યો-પણિઓના ઉલ્લેખો મળી આવે છે.

આર્યોના કેટલાક સમૂહો વાણિજ્ય વિષયક પ્રવૃત્તિઓમાં રોકાયેલા હતા. તેમાંથી કેટલાક જમીન માર્ગ એ પ્રવૃત્તિ ચલાવતા હતા ત્યારે બીજા કેટલાક ફિનિશિયા સાથે સાગરમાર્ગ આ જ પ્રવૃત્તિ કરી રહ્યા હતા.

આ બીજા પ્રકારનો સમૂહ સાગરીય વ્યાપારકળામાં નિપુર્ણ હોવા ઉપરાંત ધાતુ-વિજ્ઞાન,ભૂસ્તરવિજ્ઞાન આદિ વિજ્ઞાનની વિવિધ શાખાઓનું ઊંડું જ્ઞાન ધરાવતો હતો. તેમનો સંપર્ક ફિનિશિયનો સાથે હોવાથી તેઓ પણિક કે વણિક કહેવાતા હતા આજે રણ ઓમાનવાળા, દુબઈવાળા, એડનવાળા તરીકે કેટલાક લોકો ઓળખાતા જ હોય છે.

ગ્રીક અને લેટિન ભાષામાં "કાપ્યુલા" તથા "કયુપોલા" એવા શબ્દો પ્રચલિત છે. ફ્રેંચ વગર અન્ય યુરોપીય ભાષાઓમાં પણ આવા શબ્દો મળી આવે છે. આ પણિઓ કે વણિકો કે પણિકો વ્યાપાર અર્થે અન્ય દેશો સાથે સંબંધો ધરાવતા હોવાથી જરૂરિયાત પ્રમાણે તેઓ અન્ય વિજ્ઞાનોની મદદ પણ લેતા હશે. આથી તેમને કયુપોલા શબ્દ પરથી કકપોલ કે કવોળ શબ્દ દ્વારા ઓળખવામાં આવતા હશે.

વેપારવાણિજ્યમાં વિવિધ ધાતુઓને શોધવી, એકત્ર કરવી, તેમના પર રાસાયણિક પ્રક્રિયા કરવી વગેરે કાર્યા પણ આ જ સમૂહ કરતા હશે. સાથે સાથે આ પ્રક્રિયાઓમાંથી પસાર થયેલી ધાતુઓમાંથી કલાકૃતિઓ અન્ય સાધનો તથા આભૂષણો બનાવવાં એ પણ તેમના મુખ્ય વ્યવસાય રહ્યો હશે. તેઓ મૂલ્યવાન ધાતુઓ તથા રત્નો આદિની પરીક્ષા

કરવામાં નૈપુણ્ય ધરાવતા હશે. આથી તેમાંના કેટલાકને 'પારેખ' કહેવામાં આવ્યા હશે.

આ વૈશ્યો કે વાણિકો વિદેશોમાં કાપડની નિકાસ કરતા. મિસર દેશમાં મૃતદેહને સાચવવા માટે તેઓ ભારતીય વિશિષ્ટ પ્રકારનું કાપડ પૂરું પાડતા અને રોમન શહેનશાહોને પણ મૂલ્યવાન વસ્ત્રો તથા આભૂષણો પૂરાં પાડંતા તેઓ વિદેશોમાં મરી, લવીંગ, ચંદન, શ્રીફળ, સાકર, લોખંડ, મીણા, ચોખા, માટીનાં કલાત્મક પાત્રા તથા ધાતુઓની વિવિધ ચીજોની નિકાસ કરતા અને પરદેશથી ઘોડા, ખજૂર, મીઠું, ગંધક, તાંબું, પારા, સિંદૂર, સીસું વગેરેની આયાત કરતા.

આ વણિક ખડતલ અને ખમીરવાળા હતા. પોતાના વેપારના રક્ષણ માટે લશ્કર પણ રાખતા આજે પણ કપોળ જ્ઞાતિમાં  કષ્ટ સહન કરવાની તાકત તથા સાહસિકતા જોવા મળે છે. તેમના આ ગુણોનાં મૂળ આમ ઘણાં જ ઊંડાં છે. એમ લાગ્યા વિના રહેતું નથી.

રાજા મહારાજાઓમાં પણ આ મહાજનોનું ઘણું માન હતું. આથી અથર્વવેદના એક સૂક્તમાં વાણિજ્ય- વ્યવસાયને યશ મળે તે માટે પ્રાર્થના કરવામાં આવી છે - ''હે પરમાત્મા, વણિકોનું લૂંટારાથી રક્ષણ થાય, તેમને કષ્ટ સહન કરવાની શક્તિ પ્રાપ્ત થાય અને અવરોધો દૂર થાય તે માટે અમે યજ્ઞમાં આહુતિ આપીએ છીએ.''

બૌદ્ધકાળના જાતક ગ્રંથોમાં વણિકોની સમુદ્રયાત્રાનાં વર્ણોનો મળી આવે છે. તેમણે વ્યાપાર- વાણિજ્ય ખૂબ જ વિકસાવ્યાં હતાં. તેથી ચન્દ્રગુપ્ત મૌર્યના સમયમાં ચાણક્ય પણ્યાધ્યક્ષ અને શુલ્કાધ્યક્ષની નિમણૂક કરવાની સલાહ''अर्थशास्त्र'' માં આપી છે.

એમની નમ્ર પ્રકૃતિને ધ્યાનમાં રાખીને તૈત્તિરીય સંહિતામાં કહેવામાં આવ્યું છે, ''ભગવાને વૈશ્યને અને ગાયને એક જ સમયે ઉત્પન્ન કર્યાં.''

આ વણિકો જૂનાસમયમાં ઇરાન તથા મોક્સિકોમાં પણ સ્થાયી થતા હતા . રૉમન ઇતિહાસકાર પેરિપ્લસ પછી મેગેસ્થનીસે આ વણિકોનું વર્ણન કરતાં તેમને શાન્ત પ્રકૃતિના ગણાવ્યા છે.

માર્કોપોલો, ઇબ્નબતુતા તથા બાર્બોસા જેવા પ્રવાસીઓ અને ઇતિહાસકારોએ પણ આ વણિક કોમની ખૂબ પ્રશંસા કરી છે.

• • •

## પાદટીપ

1. 'सना पुराणमध्येम्तारान्महः पितुर्जनितुर्जामि तन्नः ।' ऋग्वेदः, 3/58/9.
2. 'पुराणा वां वीर्या प्र ब्रवा जनेऽथो हासुर्भिषजा मयोभुवा । ' ऋग्वेदः, 10/39/5
3. अथर्ववेदः, 15/1/6
4. મત્સ્યપુરાણ, 53/64
5. ડૉ. એસ. કે. દવે, 'વાલખિલ્યપુરાણનો વિવેચનાત્મક અને સાંસ્કૃતિક અભ્યાસ', પૃ.2
6. ડૉ. મણિભાઈ પ્રજાપતિ, એજન, अस्मदीयम्
7. કંડુલપુરાણ, પ્રસ્તાવના, પૃ. 1-2
8. એજન, પૃ. 318
9. (i) ब्राह्मणोऽस्य मुखमासीद् बाहू राजन्यः कृतः । ऋ . 10.190.

   (ii) चातुर्यर्ण्यं मया सृष्टं गुणकर्मविमागराः । - गीता

• • •

# પ્રકરણ-૧૦

# પ્રકરણ-10

# ઉપસંહાર

## 10.1 ઉપસંહાર :

આ મહાનિબંધ કુલ દસ પ્રકરણોમાં વહેંચવામાં આવ્યો છે. પ્રથમ વિભાગના પ્રથમ પ્રકરણમાં પુરાણ સાહિત્યનો પરિચય આપવામાં આવ્યો છે. આ માટે પ્રથમ પુરાણ શબ્દનું નિર્વચન આપી. પુરાણ શબ્દથી વિભાવના સમજાવતાં બતાવ્યું છે કે પુરાણની કેટલીક વિગતો પ્રાચીન હોય છે. તેમાં વખતોવખત તેમાં નવું નવું ઉમેરાયું હોય છે. આથી પુરાણો એ કાળ ક્રમે સર્વજ્ઞાનસંગ્રહનું સ્વરૂપ ધારણ કર્યું હોય છે. આથી પુરાણના સાંસ્કૃતિક અધ્યયનમાં યુગે યુગે ઝીલાયેલી છાયાઓનું અવલોકન અવશ્ય કરવું પડે.

પુરાણ અને વેદનો સંબંધ જોતાં વેદોમાં આવતા આખ્યાનોને શૌનકે બૃહદ્દેવતામાં સંકલિત કરી છે. તેની નોંધ યાસ્કે નિરુક્તમાં ઐતિહાસિકો કહી ને લીધેલી છે. આવી કથાઓએ પુરાણોમાં આખ્યાનો અને ઉપાખ્યાનોનું સ્વરૂપ ધારણ કર્યું છે.

પુરાણના સ્વરૂપ વિષે વિચારતાં ઋષિપરંપરાઓથી પ્રાપ્ત સર્ગ અને પ્રતિસર્ગ કે વિસર્ગ અને સૂત પરંપરામાંથી પ્રાપ્ત વંશાનુચરિત અને મન્વન્તર કથાઓમાં આત્માના સ્વરૂપમાં અવસ્થાનની દૃષ્ટિએ પાંચ લક્ષણો ઉમેરાતાં મહાપુરાણ થયાં છે. ઓછાં વત્તા લક્ષણોથી પુરાણ ઉપપુરાણ બન્યાં. અહીં પુરાણના સ્વરૂપ નિરૂપણ પછી પુરાણોના વર્ણ્ય વિષયો અને તેમનાં વર્ગીકરણની ચર્ચા કરવામાં આવી છે. પુરાણોના પ્રકારો, સંખ્યા અને પુરાણોની સાંપ્રદાયિકતા દર્શાવે છે.

પ્રકરણ-2માં કંડુલપુરાણ જ્ઞાતિપુરાણ હોવાથી પુરાણોના ઉપપુરાણ, ઉપોપપુરાણ વગેરે સ્વરૂપો અને ઉપપુરાણોના ભેદો જાણવા જરૂરી હોવાથી તે વિષે તેની ચર્ચા કરી છે. પ્રસ્તાવના, ઉપપુરાણનો અર્થ અને સ્વરૂપ, ચર્ચી ઉપપુરાણના ઉદ્ભવ અને વિકાસની રૂપરેખા આલેખી ઉપપુરાણોના સમય અને સંખ્યા દર્શાવ્યા છે. ઉપપુરાણ, ઉપોપપુરાણ અને ઔપપુરાણનો સૂક્ષ્મ ભેદને તારવવા પ્રયત્ન આ પ્રકરણમાં કર્યો છે.

પ્રકરણ-3 જ્ઞાતિપુરાણ વિષે છે. ગુજરાત જ્ઞાતિ પુરાણોની સંખ્યાની દૃષ્ટિએ સમૃદ્ધ છે. ઘણું ખરું આ જ્ઞાતિ પુરાણો તીર્થમાહાત્મ્યો સાથે સંકળાયાં હોય છે. આ અંગે પ્રસ્તાવના આપી જ્ઞાતિપુરાણના ઉદ્ભવને દર્શાવી તેના સ્વરૂપ વિષે ચર્ચા કરી કંડુલપુરાણ, જ્ઞાતિપુરાણ અને તીર્થમાહાત્મ્ય હોવાથી બધાં જ્ઞાતિપુરાણોના સંક્ષિપ્ત પરિચય આપવામાં આવ્યો છે.

વિભાગ-2માં કંડુલપુરાણનું સાંસ્કૃતિક અધ્યયન કરવાનું હોવાથી પ્રકરણ-4માં સમગ્ર કંડુલ પુરાણનો સાર પ્રત્યેક અધ્યાય અનુસાર સમીક્ષાપૂર્વક સાર આપવામાં આવ્યો છે. એ સિવાય પુરાણનું સમગ્રતયા જ્ઞાન વગર તેનું અધ્યયન કરી શકાય નહીં.

આ અધ્યયન માટે આધારભૂત પ્રકાશિત આવૃત્તિની નોંધ લેવામાં આવી છે. મૂળ હસ્તપ્રત વ્યાકરણના દોષોવાળી તેમજ ઘણી જગ્યાએ સંદિગ્ધ હતી. આથી પ્રકાશકે શક્ય તેટલી કાળજી રાખી સુધારવા પ્રયત્ન કર્યો છે. આમ છતાં તેમાં ઘણા દોષો રહી ગયા છે. આ મહાનિબંધમાં તેને સુધારવાનું શક્ય બન્યું નથી. અન્ય હસ્તપ્રતો માટેનો તુલનાત્મક અધ્યયન કરી પાઠ ભેદ તારવી શકાય. વળી, વ્યાકરણના દોષોનો પુરાણોમાં ઘણીવાર હોય છે. ઘણીવાર લહિયાઓ પણ તેમાં કારણભૂત હોય છે. તેની નોંધ લેવી ઘટે.

પ્રકરણ-5માં કંડુલપુરાણ ઈતિહાસ ભૂગોળની આરસીમાં મૂળવવાનો પ્રયાસ કર્યો.

કંડુલપુરાણોના પ્રાચીન સ્રોતની નોંધ લઇ સૌરાષ્ટ્ર અને આનર્તનો સંબંધ દર્શાવ્યો છે. પ્રભાસ ક્ષેત્રમાંથી બ્રાહ્મણો અને વણિકોના થયેલાં સ્થળાંતરણ કંડુલપુરાણના આધારે બતાવ્યાં છે. સ્થાનનગર-પાંચાલ પ્રદેશની સીમા દર્શાવી છે. આ પુરાણનાં ઉલ્લિખિત સ્થાનોની અભિજ્ઞાન પૂર્વક વિગતો આપી છે. આ કંડુલપુરાણ વસ્તુતઃ પાંચાલનાં તીર્થો અને નગરોની વિગતો પણ આપે છે. તેમાં ચોટીલા, તરણેતર, સુંદરીભવાની, મચ્છધરો, તાલપર્વત, સાંબપુરી જેવાં સ્થાનો ઐતિહાસિક પણ જણાયાં છે. આ સ્થળાંતરણ ઐતિહાસિક છે તો દુષ્કાળ અને સુકાળનાં વર્ણનો ઉપરથી આ સ્થળનું થયેલું પતન અને ત્રિનેત્રેશ્વર તો પુનરુદ્ધાર જેવી ઘટનાઓ ઐતિહાસિક જણાઈ છે.

પ્રકરણ-6માં કંડુલપુરાણમાં પ્રતિબિંબિત ધર્મ વિષે ચર્ચા કરતાં ધર્મની વિભાવનાને સ્પષ્ટ કરી ધર્મ અને સંપ્રદાયનો ભેદ દર્શાવ્યો છે. કંડુલપુરાણમાં નિરૂપિત શાકત, શૈવ, વૈષ્ણવ, સૌર, ગણપતિ સંપ્રદાયોની સાથે હનુમાનની ઉપાસનાનું મહત્ત્વ દર્શાવતાં દેવીનાં વિવિધ સ્વરૂપો ઉપરાંત આ પુરાણમાં ઉલ્લિખિત અન્ય દેવોનું નિરૂપણ દર્શાવ્યું છે.

કંડુલપુરાણનાં તીર્થોને ભૌગોલિક પરિપ્રેક્ષ્યમાં પ્રકરણ-4માં દર્શાવ્યાં હોવાથી પુનરાવર્તન કર્યું નથી.

અહીં આ ઉપરાંત ધર્મના આધાર તરીકે અહીં દાન, તપ, તીર્થયાત્રા, આહ્નિક, આચારો અને ઉપાસનાની પરંપરા આ પુરાણમાં તદ્વિષયક થયેલા નિરૂપણને અનુલક્ષીને ચર્ચા કરી છે.

પ્રકરણ 7માં કંડુલ પુરાણમાં આવતી સ્તુતિઓનું પરિશીલન કર્યું છે. સ્તુતિ અને સ્રોતનો વ્યુત્પત્તિજન્ય અર્થ આપી સ્તોત્ર અને સ્તુતિતા સ્વરૂપ વિષે ચર્ચા કરી છે. તેના

સાહિત્ય સ્વરૂપ વિષે સમજૂતી આપી સ્તોત્ર કે સ્તુતિમાં સ્તોતા કે ભક્તના આત્મ નિવેદનના ભાવનું મહત્ત્વ સમજાવી સ્તોત્રના અંતે આવતી ફલશ્રુતિનું અગત્ય સમજાવ્યુ છે. સ્તોત્ર, કાવ્યના પ્રકારો, પંચક, દશક, પંચાશત્, શતક, નામસહસ્ર, અષ્ટક સ્તોત્રા, દાર્શનિક, દેવવિષયક સ્તોત્રો આદિ પ્રકારોનો ખ્યાલ આપી કંડુલ પુરાણમાં આવતી. સૂર્ય (અ-3), કામધેનુ (અ-4), બ્રહ્મા (અ-6), પરબ્રહ્મ (અ-8), ગંગા (અ-8), શંકર (અ-8), ચામુંડા (અ.9) સામુદ્રી માતા અને સપ્તમાતૃકા (અ-9), શ્રીકૃષ્ણ (અ-13) અને શ્રી ગણેશ (અ-14)ની સ્તુતિઓના સાર આપી તેમનું સાહિત્યિક મૂલ્યાંકન કરી તેમની ફલશ્રુતિ દ્વારા તે તે દેવની મહિમા દર્શાવી છે.

પ્રકરણ-8માં કંડુલપુરાણનો સામાજિક સંદર્ભ તપાસી જ્ઞાતિપુરાણ તરીકે તેનું મૂલ્યાંકન કર્યું છે. કંડુલપુરાણ કેવળ તીર્થમાહાત્મ્ય નથી પરંતુ કપોલ વણિકો અને વિપ્રો, સોરઠિયા વણિકો, ગાલવ (ગાલા) વણિકો, તેમજ કંડોલિયા વિપ્રોનું જ્ઞાતિપુરાણ પણ છે. તેમનાં ગોત્રો, પ્રવર શાખા, કુળદેવી આદિનું નિરૂપણ થયેલું છે. તેથી તે તે જ્ઞાતિઓના ઉદ્ભવ અને વિકાસ દર્શાવી તેમના જ્ઞાતિના રીતરિવાજોની નોંધ લીધી છે. કપોલ જ્ઞાતિ એક સાહસિક જ્ઞાતિ તરીકે દેશવિદેશમાં પ્રસિદ્ધ છે. તેમણે ઔદ્યોગિક અને વેપારક્ષેત્રે કરેલા પ્રદાનની નોંધ લેવામાં આવી છે. 'કપોલ' શબ્દ તેમના ઝળહળતા કુંડળોના દ્યોતક હોવાથી તેમની સમૃદ્ધિ પણ સૂચવાય છે.

આ પુરાણમાં રજકાવલી દ્વારા રજકોની કુળદેવીની નોંધ જણાય છે. તેમના વિષે વિશેષ વિગત આપવામાં આવી નથી. તેઓ શાક્ત હોવાથી વિભાવના નકારી શકાય નહીં.

આ પુરાણમાં વેનના દેહના મંથન તથા કાષ્ટિક (કાઠી) લોકો ઉત્પન્ન થયાનું જણાવાયું છે. ગોગ્રહણ અને લૂંટ તેમના વ્યવસાયનું દ્યોતક છે. ત્રિનેત્રેશ્વરની ભક્તિ, તેમને શૈવ

માનવા પ્રેરે છે. તેઓ બકુલાર્કને પોતાના કુળદેવતા માનતા હોવાથી સૂર્યવંશી ક્ષત્રિયો હોવાનું માની શકાય. કંડુલની ગો સેવા અને ધર્મ નામના ચારણની શિવભક્તિ નોંધપાત્ર છે. કાઠીઓની નિર્દયતા, આચારહીનતા અને ધર્મવિમુખતાની આ પુરાણમાં ખાસ નોંધ લેવામાં આવી છે.

પ્રકરણ-9માં કંડુલપુરાણના સાંસ્કૃતિક મહત્ત્વ વિશેષ છે. સંસ્કૃતિનો વિકાસ ભૌગોલિક પરિસ્થિતિ અનુસાર થતો હોય છે. ભારતીય સંસ્કૃતિના વિકાસનાં સોપાનોમાં વૈદિક સંસ્કૃતિ, શ્રમણ સંસ્કૃતિનો ઉદય, શકહૂણ વગેરેના આક્રમણથી ભારતીય વૈદિક સંસ્કૃતિમાં આવેલું પરિવર્તન, મુસ્લિમોના આક્રમણથી પ્રવેશેલી સંકુચિતતા અને પરિણામે આવેલાં પરિવર્તનો, તેમજ અંગ્રેજોના આગમન પછી શિક્ષણ અને સમાજમાં આવેલાં પરિવર્તનોની સાથે દેશ વિદેશના સીમાડા સંકોચાતા ભારતીય સંસ્કૃતિના બદલાતા જતા સ્વરૂપની વિગતો આપી ભારતીય સંસ્કૃતિની વિકાસ પરંપરા આપેલી છે.

ભારતીય સંસ્કૃતિની સાથે જ્ઞાતિપુરાણો અને તીર્થ માહાત્મ્યો ગાઢ રીતે સંકળાયેલ છે. આ સંદર્ભમાં કંડુલપુરાણમાં આવતી કપોલ, કંડુલ, સોરઠિયા, ગાલા, કાઠી, રજકો આચારો, પરંપરાઓ, કુળદેવતા, વ્યવસાયો, વૈવાહિક સંબંધો, સંસ્કાર આદિ વિષે અહીંયા ચર્ચા કરી છે.

**10.2** આ અધ્યયન ઉપરથી તારવી શકાયું છે. કે –

1. કંડુલ પુરાણ અને પાંચાલ પુરાણ જુદાં હોવાનો દાવો યથાર્થ જણાતો નથી.
2. કંડુલ પુરાણમાં કપોલ, કંડોલિયા, વિપ્રો અને વણિકો, સોરઠિયા, ગાલા, વણિકો, પોરવાડ (પ્રાગ્વાટ), કાઠીઓ, ચારણોના આવતા સંદર્ભો સામાજિક

અને સાંસ્કૃતિક દૃષ્ટિએ મહત્ત્વના છે. ક્ષેત્રીય અભ્યાસપૂર્વક તેમનું અધ્યયન સામાજિક અને નૃવંશ શાસ્ત્રની દૃષ્ટિએ મહત્ત્વનું બને તેમ છે.

3. ઉપર્યુક્ત જ્ઞાતિઓમાં સ્થળાંતરણ ક્ષેત્રીય અભ્યાસનો વિષય બને છે.

4. કંડુલપુરાણમાં આવતા તીર્થોનાં માહાત્મ્ય ત્રિનેત્રેશ્વર સાથે ગોપાલકોના વિશેષ સંબંધ, બકુલાર્ક સાથે કાઠીઓનાં સંબંધ, સામુદ્રી માતા સાથે વણિકોનો વિશેષ, સંબંધ અને સામુદ્રીમાતાના અન્ય સ્થાનકોની લોકવાયકાઓ અને ઈતિહાસ, ચોટિલા (ચૌલુક્ય) ના સ્થાન અને લોક સંબંધ વિશેષ વિચારણીય બને છે.

5. કંડુલપુરાણની મુદ્રિત પ્રત ક્ષતિવાળી હોવાથી અન્ય પ્રતો મેળવી તેમનું તુલનાત્મક અધ્યયન કરી પાઠભેદો તારવીને શુદ્ધ કરવાની જરુર છે. વધુ પ્રતો મળે તો સમીક્ષિત આવૃત્તિ તૈયાર કરી આ પુરાણના રચનાકાળને નિશ્ચિત કરી શકાય.

6. આ પુરાણની સ્તુતિઓ તે તે સ્થળના માહાત્મ્યોનો પરિપાક રૂપ છે. તેની ઉત્પત્તિ અને સ્થાપના સાથે સંકળાયેલી છે.

7. આ પુરાણમાં રામની તીર્થયાત્રા દરમિયાન પ્રભાસ સાથે દ્વારિકાનો ઉલ્લેખ સમયના વ્યુત્ક્રમનું ઉદાહરણ છે.

8. શ્રીકૃષ્ણ-પાંડવોનો વૃત્તાંત 'પાંચાલ' અભિધાનથી પ્રેરાઈને ઉમેરાયેલો લાગે છે. વસ્તુતઃ કણ્વ, ગાલવ વગેરે પાંચ બ્રહ્મર્ષિઓની આ તપોભૂમિ છે.

9. વ્યાધ, વણિક, માંધાતાના વૃત્તાંતો આ સ્થાનને પ્રાચીન બતાવવા પુરાણકારે જોડેલા છે.

10. નિત્યા અને મંડિતની કથા લોકવાયકા ઉપર આધારિત છે.

11. આ પુરાણના અ-13ની ફલશ્રુતિ પુરાણોના વિસ્તારને સીમિત કરે છે. અ-14ની વિગતો વધુ પડતી સંકુલિત થઈ છે. વૃત્તાંતોમાં આ સંગતિ જણાય છે.

12. કંડુલ પુરાણ કંડુલ નગરને ચાર યુગોમાં અપાયેલાં જુદાં જુદાં નામ કણ્વાલય, કલુષાપહ, કાંપિલ અને કંડુલક (અ-4/31) અને સાત કોશ. વિસ્તરેલા નગરની પૂર્વમાં સારંગ શૃંગ અને શાંબુપુરી, પશ્ચિમમાં મચ્છધરો, ઉત્તરમાં તાલપર્વત અને દક્ષિણમાં ચૌલુક્ય (ચોટિલા) પ્રાચીન સ્થાન નગર (થાન) ને પાપાપતોદન ક્ષેત્રના થયેલા વિસ્તાર રૂપે છે.

13. કંડુલ પુરાણમાં ઉલ્લિખિત વણિકો અને વિપ્રોના રીતરિવાજો વિષે ઘણી અલ્પ વિગતો મળે છે.

14. કંડુલ પુરાણ પ્રાચીન અને અર્વાચીન કથાઓથી સમૃદ્ધ બતાવાયું છે.

15. કંડુલ પુરાણને પાંચાલપુરાણ નામ ન આપી મૂળે કંડોળિયા વણિકો અને વિપ્રો સાથે જોડવાનો ઉદ્દેશ સ્પષ્ટ છે. કંડુના પુત્ર કંડોલનો વૃત્તાંત આપદ્ ધર્મ અને ગૌસેવાનું મહત્ત્વ દર્શાવવા ચમત્કારિક અંશ સાથે જોડવામાં આવ્યું છે.

આમ, આ પુરાણનું સામાજિક અને ધાર્મિક અગત્ય વધુ છે. સામાજિક સંદર્ભને યથાર્થ રીતે પામવા જ્ઞાતિઓના વ્યવહાર, પરંપરાઓ, સ્થળાંતરણ આદિનો ક્ષેત્રીય અભ્યાસ થઇ શકે તેમ છે.

ગુજરાતના અન્ય જ્ઞાતિ પુરાણોનો પણ અભ્યાસ આ રીતે કરવામાં આ અધ્યયન માર્ગદર્શક બને તેમ છે.

• • •



# પરિશિષ્ટ



# સંદર્ભગ્રન્થસૂચિ

# પરિશિષ્ટ-1

## 1.1 વિપ્ર-વણિક ગોત્ર - પ્રવરાદિ :

| ક્રમ | ગોત્ર | અટક | વેદ | શાખા | દેવી | ઋષિ | પ્રવર |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ગૌતમ | પંડ્યા | યજુર્વેદ | માધ્યંદિની | ચામુંડા | ઔતિથ્ય | ગૌતમ, ઉતથ્ય અને આંગિરસ |
| | સાંક્ત | - | ઋગ્વેદ | ચલાઈની | સામુદ્રી | અંગિરા | સાંક્ત, અંગિરા, ગૌરી અને વત્સ |
| 2 | ગાર્ગ્સ (ગર્ગ) | જોશી | સામવેદ | કૌથુમી | વારાહીદેવી | વત્સસ | ગર્ગ, વત્સ અને અંગિરા |
| 3 | વત્સસ્ | ભટ્ટ, અધ્વર્યુ (અધ્યારૂ) | યજુર્વેદ | માધ્યંદિની | રજકાવલી | ચ્યવન જમદગ્નિ | વત્સ, ચ્યવન, ઔર્વ, આપ્રવાન અને |
| 4 | પારાશર | પંડ્યા | યજુર્વેદ | માધ્યંદિની | ચામુંડા | વશિષ્ઠ | પારાશર, વશિષ્ઠ અને મચ્છુ |
| 5 | ઉપમન્યુ | જોશી, વ્યાસ તથા અધ્યારૂ | યજુર્વેદ | માધ્યંદિની | નિત્યા | ચ્યવન | ઉપમન્યુ, ચ્યવન, આંગિરસ |
| 6 | બંદિલ | વ્યાસ | યજુર્વેદ | માધ્યંદિની | મંડિતા | ઉપમન્યુ અંગિરા | અત્રિ, ઔતથ્ય |
| 7 | કશ્યપ | - | યજુર્વેદ | માધ્યંદિની | અંબિકા | નૈડ્રવ | કાશ્યપ,વત્સ અને નૈડ્રવ |
| 8 | કૌશિક | અધ્યારૂ | યજુર્વેદ | માધ્યંદિની | ઈશ્વરી | આંગિરસ | કૌશિક,આંગિરસ અને બાર્હસ્પત્ય |
| 9 | વશિષ્ઠ | જોશી | અથર્વવેદ | દાધ્યંગિકી | સિદ્ધેશ્વરી | - | વશિષ્ઠ એક જ પ્રવર |

## 1.2 રંકકાકુનો વૃત્તાંત અને કપોલ વિપ્રો :

કણ્વે અઢાર બ્રાહ્મણોને પોતપોતાના ગોત્રના પ્રતિનિધિ તરીકે બોલાવ્યા હતા. ગૌતમ, સાંકૃત, ગર્ગ, વત્સસ્, પારાશર, ઉપમન્યુ, બંદિલ, વસિષ્ઠ, કુત્સ, પૌલ્કસ, કશ્યપ, કૌશિક, ભારદ્વાજ, કપિષ્ઠિલ, સારંગિરિ, હારિત, શાંડિલ્ય અને શનક (કં.પુ. 5/14)

કણ્વે સ્થાપેલી પરંપરા કલિયુગમાં શિલાદિત્ય સુધી અવિચ્છિન્ન રહી. સં. 202નાં કંડુલ (થાનકંડોલા) નાશ થયો. તેથી કેટલાક વિપ્રો અને વણિકો ભાવનગરના ધોળા જંકશન સાત ગાઉ દૂર જઈ વળામાં વસ્યા. ત્યાં રંક કાકુએ (રાંકાએ) બ્રાહ્મણો અને વણિકોના લગ્ન મંડપમાં સંહારનું તાંડવ રચ્યું. નવ બ્રાહ્મણો સામુદ્રી માતાના શરણે જવાથી બચી ગયા. આ હત્યાકાંડ સં. 765 લગભગ થયો. રંક કાકુ મારવાડના પાલીમાંથી આવી વલભીમાં વસ્યો હતો. તેને યોગી પાસેથી સુવર્ણ શ્વાન મળ્યો હતો. તેનો દગાથી નાશ કર્યો. ઘી વેચનારી સ્ત્રી ચિત્રકવેલ (હીરા જડિત ઇંડોળો) પડાવી લીધી હતી. બ્રાહ્મણના રસના કુંપાને પડાવી લીધો હતો. આ વિગતો નારણજી ઠાકુર કૃત વલભીપુરનો વિનાશ કે અનંગભદ્રામાં આપી છે. આ કાકુએ વલભીપુર આક્રમણ કરવા મુસ્લિમોને તેડ્યા હતા. માર્યા ગયેલા શિલાદિત્યના મૃતદેહને લાત મારવા તૈયાર થયેલા કાકુને મુસ્લિમ હાકેમે શિરચ્છેદ કરવાને બદલે હાંકી કાઢ્યો હતો.

કાકુના કારણે નવ ગોત્રના નવ બ્રાહ્મણો માત્ર પુરુષો જ હોવાથી વાલમ બ્રાહ્મણોની કન્યા સાથે પરણ્યા હતા.

સંભવતઃ આ વૃત્તાંત કંડુલપુરાણમાં વિષ્ણુ નામના બ્રાહ્મણની થાપણ ઓળવી જનાર વણિક તરીકે થયો છે. (કં.પુ. 1/115-128) તેમના ગોત્ર પ્રવર આ પ્રમાણે છે.

## 1.3 સ્થળાંતરણ અને નિવાસ :

| ગોત્ર | અટક | સ્થળ |
|---|---|---|
| (અ) વત્સલ ગોત્ર | અધ્વર્યુ, ભટ્ટ, જોશી | અમરેલી, મહુવા |

મૂળપુરુષ – હકા – ધરણી – જાગા અને નેણા...... તેમના વંશજોનું સ્થળાંતરણ અમરેલી, રાજકોટ, વેરાવળ, માંગરોળ, રાજુલા, સાવરકુંડલા, વડિયા, ડુંગર વગેરે સ્થળે થયું હતું.

(1) ડુંગર - મહુવામાં મીઠા જેઠાના વંશજો

(2) રાજુલામાં માધા કાળાનો વંશ.

(3) અમરેલીમાં નાનજી કલજીનો વંશ, ધનજી વ્યાસનો વંશ, કમલાકરના ભાઈ જાગાના પુત્ર વેણાનો વંશ, મોરરાજી ગિરધરનો વંશ, જાગાના પુત્ર ભરતનો વંશ, રામજી વેલાનો વંશ, હરિહર નાનજીનો વંશ, સુમેશ્વિરના પુત્ર માહેશ્વરનો વંશ, પરમાણંદ લાલનો વંશ, ઓધવજી સુખેશ્વરનો વંશ, ખીમા જુઠાનો વંશ, ત્ર્યંબક જુઠાનો વંશ, મકાણી કુટુંબ વગેરે.

(4) કુંડાલમાં રૂગનાથ ત્રિકમજીનો વંશ.

(5) સિહોરમાં ગોબર રણછોડનો વંશ.

(6) સરધારમાં ગૌરીશંકર કામેશ્વરનો વંશ.

(7) મહુવા કુંડલામાં વિઠ્ઠલ ઝુંઝાનો વંશ

(8) દેલવાડામાં પણ એક કુટુંબ આવી વસ્યું હતું.

મુંબઈ ભણી ઘણાં કુટુંબ ગયાં છે.

**(બ)** જાફરાબાદમાં જોશી અને ભટ્ટ કુટુંબમાં વંશ પ્રવર્ત્યા છે. જોશી જયેશ રામ, ગૌરીશંકર, હરિ શંકર, મનજી, વજેરામ, મોનજી, વીરજીનો વંશ અને ગોરાણી કુટુંબ.

**કૌશિક ગોત્ર** - માંગરોળના કલ્યાણજી રતનજી પ્રખ્યાત પુરુષ.

**ગૌતમ ગોત્ર** - પંડ્યા. અમરેલી, વસાવડ, અગસરા, સિહોર, ભાવનગર વગેરે

સોમજીનો વંશ

(1) બગસરામાં મીઠાનો અને મકનજીનો વંશ રહે છે. આણંદજીનો વંશ આવ્યો તથા દેવજીતાપના પુત્ર રત્નાકરે અમરેલીમાં સ્થળાંતર કર્યું હતું.

(2) ભાવનગરમાં પંડ્યા ત્રિભોવન ભવાની શંકાનો વંશ.

(3) સિહોરમાં મૂળ પુરુષ સોમજીના વંશજોના વંશ આવ્યો છે.

**ગાર્ગસ (ગર્ગ) ગોત્ર** - ભટ્ટ - કુતિયાણા - લીલાધરમાંથી અનેક વંશમાં આ વંશ વહેંચાયો છે.

અમરેલીમાં ઓધવ અને માધવના વંશોમાંથી બીજા વંશ આવ્યા છે.

## ઉપમન્યુ ગોત્ર

(1) કુતિયાણા - ગોવિંદજી મૂળ પુરુષમાંથી પરમાણંદ ચક્રનો વંશ, પોરબંદરનો નરોત્તમ ધારશીનો વંશ, બગસરાનું વ્યાસ કુટુંબ (પ્રવર ભેદ ધરાવતું કુટુંબ), મદન કોકાનો વંશ, જેકરસન મદનનો વંશ.

(2) ભાવનગરમાં આદિપુરુષ ભુરાથી વ્યાસ કુટુંબ વસ્યું હતું.

(3) બગસરામાં મૂળપુરુષ ડાયા અને મોટાના વંશજો. ઈશ્વર અંદરજીના વંશમાંથી ઊતરી આવ્યા છે.

(4) સિહોર અમરેલી રાજુલામાં વિ શ્વનાથ મૂળ પુરુષમાંથી ઊતરી આવેલા ભટ્ટ કુટુંબના વંશો છે.

(5) સોનગઢ અને સુરતમાં દુર્ગાશંકાથી ચાલેલો વંશ.

(6) નાસિક ત્ર્યંબક અચનમાં ભીખુભાઈ હરિકૃષ્ણાના આવેલ વંશજો

(7) ખંભાતમાં મગનલાલ ગૌરીશંકરનો વંશ.

(8) દેલવાડામાં વિઠ્ઠલ દામાનગર

(9) માંગરોળમાં ધીરેશ્વરના વંશજો પ્રવર્ત્યા છે.

**પારાશર ગોત્ર** - તળાજા, તણસા અને ભાવનગરમાં વસેલ પંડ્યા કુટુંબોનો મૂળ પુરુષ શામજી છે. તેના સંતાનોમાંથી અન્ય વંશો ઊતરી આવ્યા.

**બંદિલ ગોત્ર** - નાસિકામાં બાલકૃષ્ણ દાદાજીના વંશમાં નાસિક-ત્ર્યંબકમાં વસ્યા છે.

**કશ્યપ ગોત્ર** - સુરતમાં ગોવિંદરામ કૃષ્ણ શંકરના કુટુંબોનો વંશ છે.

**વસિષ્ઠ ગોત્ર** - દેલવાડામાં જોશી લક્ષ્મીરામ હીરજીના કુટુંબનો વંશ છે.

વસિષ્ઠ ગોત્રના માધવજી શાસ્ત્રી કંડુલપુરાણનું સંપાદન અનુવાદ સહિત કર્યું છે.

## કપોલ વણિકોનાં ગોત્રો

ગૌતમાદિ અઢાર ગોત્રોમાંથી આ જ્ઞાતિમાં ચાર ગોત્રો લુપ્ત થયાં છે. બારોટોના ચોપડામાં સાંક્રત, કુત્સ, પુલ્કસ અને શનકી ચાર ગોત્રોનું વર્ણન તથા તેને બદલે યદુકરણ, કણ્વ, ભાર્ગવ અને પિપ્પલાદ નામો મળે છે. ભાર્ગવ ગોત્રોમાં મોદી અને પિપ્પલાદ ગોત્રમાં દેસાઈ વગેરે અટકો છે.

કણ્વ પાસે ગાલવે છ હજાર વણિકો પોતાને નામે ઓળખાય માટે માગી લીધા. કુંડળથી ઝળહળતા ગાલવાળા કંપોલ કહેવાયા. સૌરાષ્ટ્રમાંથી આવેલા ત્રીસ હજાર વણિકો સૌરાષ્ટ્રિયા અર્થાત્ સોરઠિયા કહેવાયા.

કપોલ જ્ઞાતિના ગોત્ર, અટક, વેદ, શાખા, પ્રવર અને ગોત્ર દેવીનાં નામોનું કોષ્ટક આ પ્રમાણે છે. કં.પુ. 5/118 થી 129

| ક્રમ | ગોત્ર | અટક | વેદ | શાખા | ગોત્રદેવી | પ્રવર |
|---|---|---|---|---|---|---|
| 1 | શાંડિલ્ય | છાજડિયા વડગામા, ભુવા, કળથિયા, ભૂતા, સાયર ચીતળિયા, દેવાવી, સંઘવી મથુરિયા | સામવેદ | કૌથુમી | કંટેશ્વરી (અંબાજી) | શાંડિલ્ય, દેવલ અને અસિત[22] |
| 2 | વશિષ્ઠ | મહેતા મસિતિયા પીછડિયા, શેઠ, સંજીયા, પટેલ, ભગત | અથર્વવેદ | દાધ્યંગિકી | ચામુંડા | વશિષ્ઠ (એક જ પ્રવર) |
| 3 | પારાશર | કણકિયા, ગાંધી, રેશમિયા, દોસી લક્કડ | યજુર્વેદ | માધ્યંદિની | કનકાઈ (કનકેશ્વરી) | પારાશર, વશિષ્ઠ અને મચ્છુ |

| ક્રમ | ગોત્ર | અટક | વેદ | શાખા | ગોત્રદેવી | પ્રવર |
|---|---|---|---|---|---|---|
| 4 | વત્સસ | મેતા (મહેતા)<br>લહેરી, પારેખ<br>ગાંધી | યજુર્વેદ | માધ્યંદિની | કંટેશ્વરી<br>(અંબાજી) | વત્સસ્, ચ્યવન,<br>ઔર્વ, આપ્નવાન<br>અને આંગિરસ |
| 5 | ઉપમન્યુ | સૈજીયા,<br>ગુડેલ,<br>વડાલિયા,<br>ફગાસિયા,<br>હકાણી, મહેતા<br>બુટાણી, બુસા,<br>મોદી, કોઠારી,<br>ઢેઢાતર, ઝેરી | યજુર્વેદ | માધ્યંદિની | અંબાજી | ઉપમન્યુ, ચ્યવન<br>અને, આંગિરસ |
| 6 | ગૌતમ | મહેતા, પેપડી<br>કલંધર, ગોટાળા<br>સુરાણી,<br>ધાનાણી,<br>પારેખ, નાયાણી,<br>કટકિયા,<br>ડમરાળીયા | યજુર્વેદ | માધ્યંદિની | દ્વારવાસિની | ગૌતમ, આંગિરસ<br>અને ઔતિથ્ય |
| 7 | ભારદ્વાજ | મહેતા,<br>જાગધારિયા<br>કરવત, બંદા,<br>કોઠારી | ઋગ્વેદ | ચલાયિની | દ્વારવાસિની | ભારદ્વાજ, આંગિરસ<br>અને બાર્હસ્પત્ય |

| ક્રમ | ગોત્ર | અટક | વેદ | શાખા | ગોત્રદેવી | પ્રવર |
|---|---|---|---|---|---|---|
| 8 | કશ્યપ | વોરા, (વહોરા) કિકાણી | યજુર્વેદ | માધ્યંદિની | ચૌરવાટેશ્વરી ઝુંડમાતા | કશ્યપ, વત્સ અને નૈધ્રુવ. (નૈદ્રવ) |
| 9 | ભાર્ગવ | મોદી | યજુર્વેદ | માધ્યંદિની | સપ્તશૃંગી | ભારદ્વાજ, આંગિરસ અને બાર્હસ્પત્ય |
| 10 | કૌશિક | ડાંડિયા મહેતા તથા રતનપારેખ | યજુર્વેદ | માધ્યંદિની | અંબિકા | કૌશિક, આંગિરસ અને બાર્હસ્પત્ય |
| 11 | ગર્ગ (ગાર્ગસ) | મુનિ, દાદાણી, મહેતા | સામવેદ | કૌથુમી | મેમાઈ (મહુવા) | ગર્ગ, વત્સ અને અંગિરા |
| 12 | હારિત (હરિતસ્) | હુંડિયા, પારેખ, ડમરાળિયા, મહેતા | સામવેદ | કૌથુમી | વારાહી (વેરાઈ) | હારિત, કુશ, શંખદર્ભ અને પૈંગિક |
| 13 | પિપ્પલાદ | દેસાઈ ગોરડિયા ગાંધી | યજુર્વેદ | માધ્યંદિની | પિપ્પલ વાસિની | શાંડિલ્ય, અસિત અને દેવલ |
| 14 | સારંગિરિ | મહેતા, (ત્રાપજ ધોળકા, લુણી વગેરે સ્થળે રહે છે) | અથર્વવેદ | દાધ્યંગિકી | - | વત્સ, ઔર્વ, ચ્યવન, આપ્નવાન અને જમદગ્નિ |

નોંધ : કં.પુ. 107 થી 123; બારોટ અંબાસુસાદ ખંડેરાવના ચોપડા અને રાજ્યરત્ન પ્રતાપરાય ગિરધરરાયના જ્ઞાનચક્ર ઉપરથી બનાવ્યું છે. જ્ઞાનચક્રમાં કુત્સગોત્ર નથી.

**કપોલ જ્ઞાતિની વસાહત ધરાવતા ગામો :**

ભરૂચ, અંભેટા, દેજ, લખી ગામ, મનાર, સુરત, સોનગઢ, નવાપુરા, નંદુરબાર, નશીરાબાદ, નાસિક, ત્ર્યંબક, નાગપુર, વડોદરા, રણુ બોડેલી, ખંભાત, ગુડેલ, તામસા, વડગામ, પાંદડ, ગોસાણા, વરસડા, કસબારા, ગાણોલ, આંબારોલી, પાલડી, ધોળકા, સઈજ, પાલિતાણા, ગરિયાધાર, કરતેજ, નેસડા, ઉમરાળા, હળિયાદ, સમઢિયાળા, ઝુમરાળા, બરવાળા, કુંભણ, ખાખરિયા, નાંધણ વદર, ભાલવાવ, ધામેલ, ગુંદરણ, ઢાંગલા, ધામેસ, એકલેરા, હરિપર, બાંસોદર, લુવાટિયા, બંટાટિયા, પાડરશીંગા, ખારા, કાંકચ, પાંચતલાવડી, કેરાલા, અડતાળા, ખડકાળા, દામનગર, રામપર, તાજપર, નાનું રાજકોટ, લિલિયા મોટા, વેળાવદર, લિલિયા નાના, સલડી, નાના ભમોદ્રા, રસનાળ, કોટડા, જુનવદર, દેરડી (જાનબાઈની), કરિયાણા, લાઠી, પિપરિયા (શેખ), ચાવંડ, પિપળવા, કેરિયા, ચાંદગઢ, ગોઢાવદર, મોટા ગોખરવાળા, જાળિયા, બરવાળા, વરૂડી, રીંકડિયા, કુંકાવાવ, વાઘણિયા, જંગર, દેવળિયા, આંકડિયા (મોટા), આંકડિયા (નાના), અમરેલી, કેરિયાનાગાસ, લાલાવદર, લુણીધર, માચિયાળા મોટા, માચિયાળા નાના, નાના ભંડારિયા, દાડમા, જાળિયા (બાવીસી બરવાળા પાસ), કોટડા, જલાલપુર, માંડવા, ઝરખિયા, હીરાણા, કુંડળ મોટી, કુંડળ નાની, આંબરડા, બરવાળા બાવીસી, મદોદનનું દેવળિયું, વાંસાવડ, ચીત્તળ, વીરપર, ઈંગોરાળા, મોલાપુર, ભેલા, જીથુડી, ઈશ્વરિયા, શેડુભાર, કુંડલા, સાવર, મોટા ઝીંઝુડા, વાવેરા, મોટા ભમોદ્રા, જૂનું સાવર, પ્યાવા, પીઠવડી, મેવાસા, શેલણા,

ફીફાદ, ધોળા, ઠાંસા, અખતરિયા, અભરામપરા, દોલતી, ચિખલી, ઘાંડલા, મતીરાળા, હડમતિયું, વાંસીયાળી, ઠવી, લુવારા, લીખાળા, ધારી, જર, ચલાલા, કેરિયા ચાડ, બાબાપુર, વાંકિયાભાડ, ખાંભા, ડેડાણ, રાજુલા, બાઢડા, આગરિયા, ભાડેર, ઉના, હડમડિયા, દેલવાડા, કોડિનાર, ઘાંટવડ, જેતપુર, વેરાવળ, જૂનાગઢ, ઓખા, ઉઘાડા બાણા, જાફરાબાદ, ટીંબી, લુણાલાપુર, લોંઠપુર, નાગેશ્રી, ભેરાઈ, ખાખબાઈ, કાતર, ચોતરા, બારમઉ, કોટડી, ભાવનગર, ભુંભલી, તળાજા, સથરા, ત્રાપજ, તલાસા, ઈશ્વરિયા, બજુડ, લીંગાળા, ઝાંજમેવ, ખારી, ગળચર, કુઢડા, દેગવડા, જાંબુડા, બોડા, ઓથા, કંટાસર, ગતોલ, ખારસુરા, ભાદ્રોડ, કોંજળી, તરેડ, હરેરા, બીલા, ઉગલવણ, ખુંટવડા, સખેગઢ, આસરાણા, બાબરિયાધાર, ડોળિયા, ડુંગર, ઉઘાડા, મહુવા, કતપુર, મોણપર, બગડાળા, મુંબાઈ, નાગપુર, દિલ્હી, કટક, ભાલવાવ, ખોપાળા, ઝાંઝપર, માંડવા, રોહીશાળા, ચોગઠ, ભોજાવદર, પીપરણા, દડમતાલા, કોચીન, મદ્રાસ, કલકત્તા, રંગુન, અમદાવાદ, કાસુબોરડી, અલીણા, માંડવા (કુકણ પાસે), આવાસ (અલીબાગ પાસે), પેઇન, ઇસ્વી, ચીરાળા, કલ્યાણા, ભીમરઠા.

(કુંડલપુરાણ પેજ નં. 406-409 ઉપરથી)

આ ગામોમાંથી કપોલ જ્ઞાતિની સૌથી વધુ વસ્તી સુરત, સોનગઢ, નવાપુરા, વડોદરા, ધોળકા, પાલીતાણા, કરતેજ, નેસડા, હળિયાદ, ઝુમરાળા, બરવાળા, લાઠી, યાવંડ, ચીત્તળ, કુંડલા, વાવેરા, ચલાળા, રાજુલા, દેલવાડા (200 ઘર), જાફરાબાદ, લુણાસાપુર, લોંઠપુર, નાગેશી, ભેટાઈ, કોટડી, ભાવનગર, તળાજા, સથરા, ત્રાપજ, માંડવા, જોગઠમાં છે.

સને 1911માં જાફરાબાદ, સીહોર, મહુવા, અમરેલી, મુંબાઈ અને ગુજરાતનાં અન્ય સ્થળોનાં સીમો મળીને 18817નું કપોળવણિકોની વસ્તી છે. (કં.પુ. પે. 409)

આ કપોળ જ્ઞાતિના સં.765 લગભગ રંક કાકુને કારણે કપોલ જ્ઞાતિના ઘોઘારી (ઘોઘા તરફ વસેલા) અને દેલવાડિયા (સોળ અને બાર) વિભાગો થયા. (કં.પુ. પે.112)

રંક કાકુને કારણે ખંડિત થયેલાં યુગલોને પરણાવવા કે નહીં તે વિવાદ જાગેલો. આ વિષે બે મત થયા. કન્યાઓને અક્ષતયોનિ હોવાથી પરણાવી શકાય એવો એક મત ઘોઘા તરફના વણિકોએ દર્શાવ્યો. આ ફેરા ફરી હોવાથી લગ્ન ન થાય એવો મત દેલવાડા તરફના વણિકોએ બતાવ્યો. પરિણામે ઘોઘારી અને દેલવાડિયા બે તડાં પડ્યા. દેલવાડિયા - 16 અને ઘોઘારી - 12 થયા.

કપોળ જ્ઞાતિનો ઇતિહાસ કંડુલપુરાણના બીજા ભાગમાં વંશાવલીઓ સાથે આપવામાં આવ્યો છે. (કં.પુ. પે.412-614) માં બારોટોના ચોપડામાં અને અન્ય સામગ્રીના આધારે આ માહિતી આપવામાં આવી છે. આ જ્ઞાતિની આજની પરંપરાઓ આપવામાં આવી છે.

સોરઠિયા જ્ઞાતિના દસા અને વીસા ભાગો પ્રાચીનકાળથી ચાલ્યા આવે છે. રીત-રિવાજોમાં સમય પ્રમાણે પરિવર્તન થયાં છે. આ જ્ઞાતિની સ્ત્રીપુરુષ સંખ્યા 1850 જેવી છે. નબળી સ્થિતિને લીધે બારોટોનો તેમણે ત્યાગ કર્યો હતો. (કં. પુ. પે.615)

આ જ્ઞાતિના લોકો દીવની આસપાસના 5 થી 10 માઇલમાં વસ્યા છે. પ્રભાસપાટણથી દીવ-નાધેરમાં વસનાર મધ્યભાગમાં વસનાર ઘેડવાસી કહેવાય છે. સમગ્ર જ્ઞાતિનો વ્યવહાર એકરના કેટલાક લોકો જામનગર, ખંભાળિયા તરફ વસેલા છે. દેશ અને આચારભેદથી દસા વીસા ભેદ થયા હશે એમ મનાયું છે. (કં.પુ. પે.651)

ઈ.સ. 1921ની વસ્તી ગણતરી ઉપરથી જણાયું છે કે આ લોકો નીચેના ગામોમાં રહેતા હતા.

અખોદડ, અમરાપર, અલપાઈ, આદ્રી, આદિત્યાણા, ઔસા, ઈસરા, ઉપલેટા, ઊંબટી, કણજા, કણજડી, કદવાર, કાલીકટ, કંડોરણ, કાજ, કારાવાડ, કાંસા વડ, કુતિયાણા, કોઈમથુર (કોઈમ્બતુર?), કોચીન, કોટડા, કોડીનાર, કોયલાણા, ખંભાલિયા, આગેશ્રી, ગણોદ, ગીંગલી, ગોહેલની ખાણ, ઘોડાદર, છગીયા, છત્રાવા, જામનગર, જામજોધપુર, જાંબુ, જીંજરી, જુણેજ, ઝરીઆવાડા, ટીનમસ, ડાડુકા, ઢેલાણા, તીરપુર, દીવ, દીવાલા, દેરોદર, ધામલેજ, નત્રીયાણા, નાનાવડીઆ, નારંગી, પ્રભાસપાટણ, પ્રશ્નાઘડી, પાદરડી, પીપળી, પોરબંદર, ફરેલ, બરૂલા, બળેજ, બાદલપુરા, બાપોદડ, બામણાસા, બામણવાડા, બાલાગામ, બાલવા, ભડ, ભાયાવદર, ભીંડોરા, ભોગસર, મકતુપુર, મદ્રાસ, મટાણ, મંડેર, માંગરોળ, માધવપુર, માલ, માલસરમ, મેવાસા, મક્તિ-એરંડા-મોટી ખીલોટી, રહીજ, રાખેજ, રાણપુર, લાટા, લાલપુર, લોઈજ, લોઢવા, વડાળા, વડોદરા (ઝાલાનું) વરથંગ જાળીયા, વાવડી, વેરાડ, વેરાવળ, શેરડી, સૌની, સીંગસર, સીંડોકર, સીમર, સીલિ, સૂત્રાપાડા, સેંગરસ, સોનારીઆ અને હાથલા - લગભગ સો ગામમાં આ લોકો છે.

મલબાર તરફ રહેતા સોરઠિયા મોટેભાગે પોરબંદર બાજુના છે. આ જ્ઞાતિ વિષે અન્ય વિગતો કંડુલપુરાણના ચોથા વિભાગના પૃ. 651 થી 725માં આપવામાં આવી છે. તેમનાં ઘણાં કુટુંબોની પણ વિગતો છે.

કપોલ જ્ઞાતિની માફક સોરઠિયા જ્ઞાતિનો પણ અભ્યાસ થવો ઘટે.

•

# પરિશિષ્ટ-2

## બકુલાર્ક



# ત્રિનેત્રેશ્વર









B.K. Mitra

# સંદર્ભગ્રંથ સૂચિ

## संस्कृत


अहिर्बुध्न्यसंहिता : (श्रीपाञ्चरात्रागमान्तर्गता ।) पंडित वी.क्रिष्णामाचार्य
अद्यार लायब्रेरी एण्ड रीसर्च सेन्टर,
मद्रास ई.स.१९८६

उपनिषत्सङ्ग्रह : सं.पंडित जगदीश शास्त्री
मोतीलाल बनारसीदास,
दिल्ली, ई.स.१९८४

ऋग्वेदसंहिता : (सायण भाष्य ।)
वैदिक संशोधन मण्डल,
पूना, ई.स.१९४६

कात्यायन श्रौतसूत्र : डॉ.आल्बबर्ट वेबर
चौखम्बा संस्कृत सिरिझ,
वाराणसी ई.स.१९७२

धर्मसिंधु : काशीनाथोपाध्याय विरचित
श्रीमीहिरचन्द्रस्य टीका
श्री वेंकटेश्वर स्ट्रीम यंत्रालय,
मुम्बई, ई.स.१९६४

## સંદર્ભગ્રંથ સૂચિ


धर्मशास्त्र का इतिहास : डॉ.पी.बी.काणे
(हिन्दी अनुवाद

नारद पञ्चरात्र : संनवचन्द्र शिरोमणि
प्रकाशक - भुवनचन्द्र वसाक,
कलकत्ता, ई.१८८७

नारदीय भक्तिसूत्र : गीताप्रेस गोरखपुर
सं.२००६

निरुक्त : यास्क (दुर्गाचार्य टीका)
निर्णय सागर प्रेस,
मुम्बई, ई.स.१९२०

पराशर उपपुराणम् पौरादिग्दर्शनम् : माधवाचार्य शास्त्री

मनुस्मृति : कुल्लुक भट्ट
मोतीलाल बनारसीदास,
दिल्ली ई.स.१९८३

याज्ञवल्क्यस्मृति : नारायणराम आचार्य
निर्णयसागर प्रेस, मुम्बई, ई.स.१९४९

वराहपुराणम् : महेरचन्द लछमनदास
दिल्ली ई.स.१९८४

**સંદર્ભગ્રંથ સૂચિ**


| | | |
|---|---|---|
| शतपथ ब्राह्मण | : | चिन्नस्वामी शास्त्री<br>चौखम्बा संस्कृत संस्थान, वाराणसी<br>सं.२०४०, ई.स.१९८४ |
| शुक्ल यजुर्वेद संहिता | : | (महीधर भाष्य)<br>मोतीलाल बनारसीदास, दिल्ली,<br>ई.स.१९७८ |
| श्रीमद् भगवद्गीता<br>(शांकरभाष्य समेता) | : | मोतीलाल बनारसीदास<br>दिल्ली, ई.स.१९८१ |
| श्रीमन्महाभारतम् (मूलमात्रम्) | : | गीताप्रेस, गोरखपुर, प्रथमसंस्करणम्<br>सं.२०१४ |
| सांख्यकारिका | : | ईश्वरकृष्ण<br>विद्याविलास प्रेस, बनारस,<br>ई.स.१९०५ |
| सिद्धांत कौमुदी | : | भट्टोजी दीक्षित<br>(तत्त्वबोधिनी टीका) वैंकटेश्वर प्रेस,<br>मुम्बई, ई.स.१९०९ |

# English


| | | |
|---|---|---|
| Agni purāṇa - A Study | : | Dr. S.D. Gyani<br>chokhamba Publication,<br>Varanasi |
| Analysis of the purāṇa | : | H.H. Willsan<br>Naga Publisher, Delhi 1931 |
| Ancient Indian Historical Tradition | : | F.E. Pargiter<br>Motilal Banarasidas, Delhi 1962 |
| Āśvalāyana Gṛhyamantra Vyākhyā | : | By K.Sambasiva Sastri<br>Panini Vaidika Granthmala-5<br>Delhi 1982 |
| Encyclopaedia of Religion | : | Ethines Vol. X |
| Mastya purāṇam | : | A Study by V.S. Agrawal<br>All India Kashiraj Trust<br>Varanasi, 1963 |
| Studies in Epics and Puranas | : | A.D. Pusalkar<br>Bhratiya Vidya Bhuvan<br>Bombay, 1955 |
| Studies in the Puranic<br>Records of Hindu Rites and Custams | : | by R.C. Hazra<br>Motilal Banarasidas, Delhi 1975 |

## हिन्दी


| | | |
|---|---|---|
| अष्टादशपुराण परिचय | : | श्री कृष्णमणि त्रिपाठी<br>चौखम्बा प्रकाशन, वाराणसी, सं.२०१३ |
| आपस्तम्बधर्मसूत्र | : | डॉ.उमेशचन्द्र पाण्डे<br>चौखम्बा प्रकाशन, वाराणसी, सं.२०४० |
| इतिहासपुराण का अनुशीलन | : | डॉ.रामशंकर भट्टाचार्य<br>ईण्डोलोजिकल बुक हाउस, वाराणसी,<br>प्रथण संस्करण, ई.स.१९६३ |
| गौतम धर्मसूत्राणि | : | डॉ.उमेशचन्द्र पाण्डे<br>चौखम्बा प्रकाशन, वाराणसी<br>ई.स.१९६६ |
| धर्म का स्वरूप | : | डॉ.प्रशान्त वेदालंकार<br>प्रकाशक - गोविन्दराम हासानन्द, दिल्ली-६<br>प्रथम संस्करण, १९८२ |
| नारदीय एवं शाण्डिल्य भक्ति<br>सामग्री का समीक्षात्मक अध्ययन | : | डॉ.सुचीरा रेना, प्रथम संस्करण, १९८९<br>ईस्टर्न बुक लिंकर्स, दिल्ली |
| पुराणगत वेदविषयक<br>सामग्री का समीक्षात्मक अध्ययन | : | रामशंकर भट्टाचार्य,<br>हिन्दी साहित्य संमेलन, प्रयाग |

સંદર્ભગ્રંથ સૂચિ


| | | |
|---|---|---|
| पुराणतत्त्वमीमांसा | : | डॉ.श्रीकृष्णमणि त्रिपाठी<br>३८, यू.ए. बंगलारोड, जवाहरनगर,<br>दिल्ली, द्वितिय संस्करण, ई.स.१९९० |
| पुराणतत्त्व विमर्श | : | प्रं.थानेशचन्द्र उप्रैति<br>परिमलपब्लिकेसन्स,<br>दिल्ली, प्रथम संस्करण, १९८६ |
| पुराणपर्यालोचनम् | : | श्रीकृष्णमणि त्रिपाठी<br>चौखम्बा प्रकाशन,<br>वाराणसी |
| पुराणविषयानुक्रमणी | : | राजबली पाण्डेय<br>हिन्दू विश्वविद्यालय,<br>काशी, ई.स.१९५७ |
| पुराण परिशीलन | : | पं.गिरीधर शर्मा चतुर्वेदी<br>बिहार राष्ट्रभाषा परिषद,<br>पटना |
| पुराण विमर्श | : | आचार्य बलदेव उपाध्याय<br>चौखम्बा विद्याभवन,<br>वाराणसी, प्रथम संस्करण, १९६५ |

સંદર્ભગ્રંથ સૂચિ


| | | |
|---|---|---|
| भक्ति का विकास | : | मुन्शीराम शर्मा<br>विद्याभवन राष्ट्रभाषा, ग्रन्थमाला-१५,<br>बनारस, ई.स.१९५८ |
| भारतीय दर्शन | : | डॉ.बलदेव उपाध्याय<br>शारदा मंदिर, काशी सप्तम संस्करण<br>ई.१९६६ |
| भारतीय दर्शन का इतिहास | : | सुरेन्द्रनाथ दासगुप्ता<br>राजस्थान हिन्दी ग्रंथ अकादमी<br>जयपुर, प्रथम संस्कर |
| भारतीय धर्म और दर्शन | : | बलदेव उपाध्याय<br>चौखम्बा ऑरियन्टालिया,<br>वाराणसी, प्रथम संस्करण-१९७७ |
| मत्स्यपुराण | : | रामप्रताप त्रिपाठी<br>हिन्दी साहित्य संमेलन,<br>प्रयोग ई.१९८८ |
| महाभारत : शान्तिपर्व का आलोचनात्मक अध्ययन | : | डॉ.सुमेधा विद्यालड्कार<br>ईस्टर्न बुक लिंकर्स,<br>दिल्ली, प्रथम संस्करण<br>ई.१९९४ |

સંદર્ભગ્રંથ સૂચિ


| | | |
|---|---|---|
| वराहपुराणम् | : | नाग पब्लीशर्स,<br>दिल्ही |
| वायुपुराण | : | रामप्रताप त्रिपाठी<br>हिन्दी साहित्य संमेलन,<br>प्रयाग द्वितीय संस्करण, ई.स.१९८७ |
| वैदिक चिन्तन | : | डॉ.कृष्णलाल<br>परिमल पब्लिकेसन्स, दिल्ली<br>प्रथम संस्करण, ई.स.१९९० |
| वैष्णव धर्म संप्रदायों के<br>दार्शनिक सिद्धांत और<br>कृष्णभक्तिकाव्य | : | डॉ.शेरसिंह विपट<br>ईस्टर्न बुक लिंकर्स, दिल्ही,<br>प्रथण संस्करण, ई.स.१९९० |
| वैष्णववाद, शैववाद<br>और अन्य धार्मिक मत | : | रा.गो.भांडारकर, अनु.उमाशंकर व्यास<br>इन्डोलोजिकल बुक हाऊस,<br>दिल्ली, ई.स.१९७८ |

## ગુજરાતી


| | | |
|---|---|---|
| અવતાર અને અવતારવાદ | : | ડૉલરરાય માંકડ<br>શેઠ ભો.જે. વિદ્યાભવન,<br>અમદાવાદ. ઈ.સ.૧૯૭૮ |
| આપણો ધર્મ | : | આનંદશંકર ધ્રુવ<br>સંપાદક – રા.વિ. પાઠક<br>આર.આર. શેઠની કંપની,<br>અમદાવાદ. |
| કાલિકા પુરાણ | : | ડૉ. એ.એન. જાની |
| ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ | : | ભોગીલાલ સાંડેસરા, ભો.જે. સંશોધન ભવન, અમદાવાદ<br>કે.કા. શાસ્ત્રી, ભો.જે.વિદ્યાભવન, અમદાવાદ. |
| ગુજરાતના બ્રાહ્મણોનો ઈતિહાસ | : | ડૉ. શિવપ્રસાદ રાજગોર,<br>ગુજરાત વિદ્યાસભા,<br>અમદાવાદ. |
| નિર્ણયસિંધુ | : | કમલાકર ભટ્ટ રચિત અનુ. પંડિત રવિશંકર જેષ્ઠરામ<br>ગુજરાતી પ્રિન્ટીંગ પ્રેસ,<br>મુંબઈ, ઈ.સ.૧૯૫૭ |

**સંદર્ભગ્રંથ સૂચિ**


| | | |
|---|---|---|
| પુરાણ વિવેચન | : | દુર્ગાશંકર કે. શાસ્ત્રી<br>ગુજરાત વર્નાક્યુલર સોસાયટી,<br>અમદાવાદ. પ્રથમ આવૃત્તિ, ૧૯૩૧ |
| બ્રાહ્મણોત્પત્તિમાર્તંડ | : | વેંકટેશ્વર પ્રેસ, મુંબઈ, ૧૯૪૭ |
| ભારતીય તત્ત્વજ્ઞાનની રૂપરેખા | : | ચંદ્રશંકર પ્રાણશંકર શુક્લ<br>ગુજરાત વિદ્યાસભા,<br>અમદાવાદ, ૧૯૫૪ |
| હિન્દુ તત્ત્વજ્ઞાનનો ઈતિહાસ | : | નર્મદાશંકર દેવશંકર મહેતા<br>ગુજરાત વિદ્યાસભા,<br>અમદાવાદ. બીજી આવૃત્તિ, ઈ.સ.૧૯૬૨ |
| વરાહપુરાણ | : | વાસુદેવ મહાશંકર જોષી<br>સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય,<br>અમદાવાદ. ઈ.સ.૧૯૭૦ |
| વાલમિલ્ય પુરાણનો વિવેચનાત્મક<br>અને સાંસ્કૃતિક ઈતિહાસ | : | ડૉ. એસ.કે. દવે |
| શક્તિતત્ત્વ અને શિવતત્ત્વ | : | જયકૃષ્ણ હ. દવે<br>ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય,<br>અમદાવાદ. દ્વિતીય આવૃત્તિ, ૧૯૮૭ |

**સંદર્ભગ્રંથ સૂચિ**


શાંખાયન ગૃહ્યસૂત્ર : રા.રા. મોતીલાલ રવિશંકર ઘોડા
પ્રકાશક - ગિરજાશંકર રવિશંકર,
જૂનાગઢ ઈ.સ.૧૯૪૨

શૈવધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ : દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી
પ્રકાશક - શ્રી ફાર્બસ ગુજરાતી સભા
મુંબઈ, ઈ.સ.૧૯૩૬

## કોશ, અંક વગેરે


| | | |
|---|---|---|
| अमरकोश | : | पंडित अमरसिंह<br>प्रकाशक - अत्यभामाभाई पांडुरंग<br>निर्णयसागर प्रेस,<br>मुम्बई, १९८८ |
| प्राचीन चरित्रकोश | : | म.म. सिद्धेश्वर शास्त्री, चित्राव<br>भारतीय चरित्रकोश मंडल,<br>पुना. ई.स.१९६४ |
| हिन्दु धर्मकोश | : | डॉ.राजबली पाण्डे<br>उत्तरप्रदेश हिन्दी संस्थान, लखनौ,<br>ई.स.१९८८ |
| પૌરાણિક કથા કોશ | : | બેરિસ્ટર ડાહ્યાભાઈ દેરાસરી<br>ગ્રંથલોક, અમદાવાદ |
| कल्याण पुराण कथा | : | राधेश्याम खेमचा<br>वर्ष-६३, गीताप्रेस<br>गोरखपुर, ई.स.१९८९ |
| वराहपुराण अङ्क वर्ष - ५१ | : | जनवरी, १९७७<br>कल्याण कार्यालय, गीताप्रेस<br>गोरखपुर |

| | | |
|---|---|---|
| વેદપુરાણ સૌરભ - (અંક) | : | સંપાદક - અ.નં.જાની<br>મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી,<br>વડોદરા. સંવત-૨૦૩૫. |
| સ્વાધ્યાય - (ત્રૈમાસિક અંક)<br>પૃ.૨૧૩થી ૨૨૦ | : | સંપાદક - સ્વાધ્યાય પ્રાચ્યવિદ્યા મંદિર,<br>વડોદરા |


●●●

# ● पूरक ग्रन्थसूचि ●

## સંસ્કૃત


| | | |
|---|---|---|
| અમરકોશ | - | અમરસિંહ<br>ચૌખમ્બા સંસ્કૃત સીરીઝ ઓફિસ,<br>બનારસ, ઈ.સ. ૧૯૫૭ |
| અથર્વવેદ | - | સંપા. પં. શ્રીપાદ દામોદર સાતવળેકર,<br>સ્વાધ્યાય, મંડલ, પારડી |
| ઋગ્વેદસંહિતા | - | સંપા. પં. શ્રીપાદ દામોદર સાતવળેતર<br>સ્વાધ્યાય મંડલ, પારડી, ચોથું સંસ્કરણ |
| કાવ્યપ્રકાશ | - | મમ્મટ, સંપા. એ.બી. ગજેન્દ્રગડકર<br>ડૉ. એસ.એન. ગજેન્દ્રગડકર,<br>પોપ્યુલર બુક ડેપો, મુંબઈ - ૧૯૫૯ |
| કાવ્યમાલા | - | સંપા. પં. દુર્ગાપ્રસાદ અને કાશીનાથ પાડુરંગ<br>પરબ,<br>નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ - ૧૯૩૮ |
| કાવ્યાદર્શ | - | દંડી, હિન્દી વ્યાખ્યા સહિત, વ્યાખ્યાકાર<br>આચાર્ય રામચંદ્ર મિશ્ર, ચૌખમ્બા<br>વારાણસી ઈ.સ. ૧૯૫૮ |

**સંદર્ભગ્રંથ સૂચિ**


| | | |
|---|---|---|
| કાવ્યાનુશાસન | - | હેમચંદ્રાચાર્ય,<br>સંપા. ડૉ. તપસ્વી નાન્દી,<br>એલ.ડી. ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડોલોજી,<br>અમદાવાદ, ઈ.સ. ૨૦૦૧ |
| ગીતગોવિન્દ | - | જયદેવ<br>સંપા. ડૉ. વી.એમ. કુલકર્ણી, |
| ધ્વન્યાલોક | - | આનંદવર્ધન, વ્યાખ્યાકાર<br>આચાર્ય વિશ્વેશ્વર, જ્ઞાનમંડળ લિમીટેડ,<br>વારાણસી, ઈ.સ. ૧૯૬૨ |
| નારદભક્તિસૂત્ર | - | ગીતાપ્રેસ - ગોરખપુર<br>ચતુર્થ સંસ્કરણ, સં. ૨૦૧૩ |
| નિરુક્ત | - | યાસ્ક, સંસ્કૃત હીન્દી ટીકા સહિત,<br>મહેરચંદ લક્ષ્મણદાસ, દીલ્હી સં. ૧૯૬૪ |
| ભગવદ્ગીતા | - | સંપા. ડૉ. એસ.કે. બેલ્વેલકર,<br>હિન્દુ વિશ્વવિદ્યાલય,<br>સંસ્કૃત પબ્લિકેશન બોર્ડ, વારાણસી |
| ભાગવતપુરાણ | - | વ્યાસ<br>મૂળ તથા સમશ્લોકી અનુ. શાતિશંકર મહેતા,<br>શાંતિ પ્રાર્થના મંદિર, ભાવનગર, ઈ.સ. ૧૯૬૨ |

**સંદર્ભગ્રંથ સૂચિ**


| | | |
|---|---|---|
| ભક્તિરસામૃતસિંધુ | - | રૂપ ગોસ્વામી<br>સંપા. ડૉ. નગેન્દ્ર, દિલ્હી વિશ્વવિદ્યાલય,<br>ઈ.સ. ૧૯૬૩ |
| ભક્તિરસાયન | - | મધુસૂદન રસસ્વતી,<br>સંપા. જનાર્દન શાસ્ત્રી પાંડેય,<br>પ્રકા. ગિરિજેશકુમાર પાંડેય,<br>વારાણસી, બીજું સંસ્કરણ સં. ૨૦૩૩ |
| મહાભારત | - | વ્યાસ<br>સંપા. શ્રીપાદ દામોદર સાતવળેકર,<br>પારડી - ૧૯૭૮ |
| રામાયણ | - | વાલ્મિકી<br>સંપા. અમરેન્દ્ર લક્ષ્મણ ગાડગીલ<br>શ્રીરામકોશ મંડળ, પુણ્યપત્તનમ્ |
| શાંડિલ્ય ભક્તિસૂત્ર | - | શાંડિલ્ય<br>ગીતાપ્રેસ, ગોરખપુર, સં. ૨૦૦૯ |
| સર્વદર્શન સંગ્રહ<br>હિન્દી ભાષ્ય સહિત | - | માધવાચાર્ય<br>ભાષ્યકાર, પ્રો. ઉમાશંકર શર્મા,<br>'ઋષિ' ચૌખમ્બા, વારાણસી |
| સાહિત્યદર્પણ | - | વિશ્વનાથ<br>વ્યાખ્યાકાર ડૉ. સત્યવ્રતસિંહ<br>ચૌખમ્બા, વારાણસી ઈ.સ. ૧૯૬૩ |

## હિન્દી


| | |
|---|---|
| मधुररस : स्वरूप और विकास | भाग-१, रामस्वार्थ चौधरी 'अभिनव' राजकमल प्रकारण, दिल्ली १९६८ |
| भारतीय दर्शन | डॉ. राधाकृष्णन्, राजपाल एन्ड सन्स, दिल्ली १९६६ |
| भारतीय दर्शन | पं. बलदेव उपाध्याय, शारदामन्दिर, वाराणसी, १९७१ |
| भारतीय दर्शन का इतिहास | एस.एन. दासगुप्ता, अनु. मोहनलाल शर्मा राजस्थान हिन्दी ग्रन्थ अकादमी, जयपुर-१९८९ |
| वैष्णव, शैव और अन्य धार्मिक मत | रामकृष्ण गोपाल भांडारकर, अनु. महेश्वरी प्रसाद, भारतीय विद्याभवन, वाराणसी १९६७ |
| संस्कृत साहित्य का इतिहास | पं. बलदेव उपाध्याय, द्वारकामन्दिर, वाराणसी, सप्तम संस्करण-१९२५ |
| संस्कृत साहित्य का इतिहास | ए.बी.कीथ, अनु. डॉ. मंगलदेव शास्त्री, मोतीलाल बनारसीदास, दिल्ही १९६० |
| संस्कृत साहित्य का इतिहास | वाचस्पति गैरौला, वाराणसी-१९३० |


## ગુજરાતી


| | |
|---|---|
| મધ્યયુગીન ભારત ખંડ-૨ | ડૉ. છોટુભાઈ નાયક, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |

**સંદર્ભગ્રંથ સૂચિ**


| | |
|---|---|
| સંસ્કૃત સ્તોત્રકાવ્ય<br>ઉદ્‌ભવ-વિકાસ અને સ્વરૂપ | ડૉ. મણિભાઈ ઈ. પ્રજાપતિ<br>શ્રી દ્વારકાધીશ સંસ્કૃત એકેડમી,<br>દ્વારકા, પ્રથમ આવૃત્તિ-૧૯૭૮ |
| સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ | મેકડોનલ, અનુ.પ્રા.એમ.પી.દવે,<br>પોપ્યુલર પબ્લિસીંગ હાઉસ, સુરત<br>દ્વિતીય આવૃત્તિ, ઈ.સ. ૧૯૬૮ |
| સંસ્કૃત સાહિત્યમાં મધુરરસ | ડૉ. હંસાબેન હિંડોચા,<br>સંસ્કૃત સાહિત્ય અકાદમી,<br>ગાંધીનગર-૧૯૯૮ |
| સંસ્કૃત સ્વાધ્યાય મંજૂષા | ડૉ. મણિભાઈ ઈ. પ્રજાપતિ<br>સંસ્કૃત સાહિત્ય અકાદમી,<br>ગાંધીનગર, પ્ર. આવૃત્તિ, ૧૯૯૯ |
| હિન્દ તત્ત્વજ્ઞાનનો ઈતિહાસ | ન.દે.મહેતા<br>ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ-ઈ.સ. ૧૯૬૨ |
| સંસ્કૃત કાવ્યશાસ્ત્ર અને<br>ભક્તિશાસ્ત્રમાં ભક્તિરસની<br>વિચારણા | ડૉ. હેમરાજભાઈ આર. પટેલ<br>યુનિ. ગ્રંન્થનિર્માણબોર્ડ, ગુજરાત રાજ્ય,<br>અમદાવાદ- પ્રથમ આવૃત્તિ - ૨૦૦૧ |
| વૈષ્ણવ પુરાણોનાં સ્તોત્રોમાં<br>ભક્તિ અને દર્શન | ડૉ. રવીન્દ્રકુમાર પી. પટેલ<br>પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ |

શંકરાચાર્યના સ્તોત્રોમાં ભક્તિ અને દર્શન — ડૉ. ડાહ્યાપુરી એચ. ગોસ્વામી, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ


## English


History of Classical Sanskrit Literature : by M. Krishnamacharia, Motilal Banarasidas, Varanasi, First Reprint, 1970

History of Sanskrit-Literature, Vol.1 : by S.N. Dasgupta and S.K. De, Uni of Calcutta, 1962

History of Sanskrit Literature : by V. Varadachari, Allahabad, 1952

History of South India : by K.A. Nilkantha Sastri, Oxford Uni, Press, Madras, 1965

Sakti or Divine Power : by S.k. Das, Uni of Calcutta, 1934


•••

# સંકેતાક્ષર સૂચી

| | | |
|---|---|---|
| અ.વે. | – | અથર્વવેદ |
| અ.પુ. | – | અગ્નિપુરાણ |
| આ.ધ.સૂ. | – | આપસ્તમ્બ ધર્મ સૂત્ર |
| આ.પ.ધ.સૂ. | – | આપસ્તમ્બ શ્રોત સૂત્ર |
| આ.શ્રૌ.સૂ. | – | આશ્વલાયન શ્રોત સૂત્ર |
| ઐ.બ્રા. | – | ઐતરેય બ્રાહ્મણ |
| ઋ.વે. | – | ઋગ્વેદ સંહિતા |
| કઠ.ઉ. | – | કઠોપનિષદ્ |
| કા.પ્ર. | – | કાવ્ય પ્રકાશ |
| કાલિકા.પુ. | – | કાલિકાપુરાણ |
| કુમા. | – | કુમાર સંભવ |
| કૂ.પુ. | – | કૂર્મ પુરાણ |
| ગ.પુ. | – | ગરુડ પુરાણ |
| ગો.બ્રા. | – | ગોપથ બ્રાહ્મણ |
| ગોભ્રિલ.ગ.સ. | – | ગોભિલ ગૃહ્યસૂત્ર |
| ગૌ.ધ.સૂ. | – | ગૌતમ ધર્મસૂત્ર |
| છાં.ઉ. | – | છાંદોગ્યોપનિષદ્ |
| તૈ.આ. | – | તૈત્તિરીય આરણ્યક |
| તૈ.ઉ. | – | તૈત્તિરીપોનિષદ્ |

| | | |
|---|---|---|
| તૈ.બ્રા. | – | તૈત્તિરીય બ્રાહ્મણ |
| તૈ.સં. | – | તૈત્તિરીય સંહિતા |
| નિરુ. | – | નિરુક્ત (યાસ્ક) |
| પ.પુ.<br>પદ્મ.પુ. | – | પદ્મપુરાણ |
| પા.અ.<br>પા.સૂ. | – | પાણિનીય અષ્ટાધ્યાય |
| પા.ધા. | – | પાણિનીય ધાતુપાઠ |
| પ્રા.ચ.કો. | – | પ્રાચીન ચરિત્રકોષ |
| બૃ.ઉ. | – | બૃહદારણ્યકોપનિષદ્ |
| બૌ.ધ.સૂ. | – | બૌધાયન ધર્મસૂત્ર |
| બ્ર.પુ. | – | બ્રહ્મપુરાણ |
| બ્રહ્મા.પુ. | – | બ્રહ્માંડપુરાણ |
| બ્ર.વૈ. | – | બ્રહ્મવૈવર્તપુરાણ |
| ભ.ગી. | – | ભગવદ્ગીતા |
| ભ.વિ.પુ. | – | ભવિષ્યપુરાણ |
| ભા.પુ. | – | ભાગવતપુરાણ |
| મનુ.<br>મનુ.સ્મૃ. | – | મનુ સ્મૃતિ |
| મ.પુ.<br>મત્સ્યપુ. | – | મત્સ્યપુરાણ |

| | | |
|---|---|---|
| મ.ભા. | – | મહાભારત |
| મા.પુ.<br>માર્ક.પુ. | – | માર્કંડેયપુરાણ |
| યજુ.વા.સં. | – | યજુર્વેદ વાજસનેયીસંહિતા |
| યાજ્ઞ.સ્મૃ. | – | યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ |
| યો.સૂ. | – | યોગસૂત્ર (પાતંજલ) |
| રઘુ. | – | રઘુવંશ |
| લિં.પુ. | – | લિંગપુરાણ |
| વ.પુ.<br>વા.પુ. | – | વારાહપુરાણ |
| વ.ધ.સૂ. | – | વસિષ્ઠ ધર્મસૂત્ર |
| વિ.પુ. | – | વિષ્ણુપુરાણ |
| શ.બ્રા. | – | શતપથ બ્રાહ્મણ |
| શં.સ્મૃ. | – | શંખ સ્મૃતિ |
| શાં.ગૃ.સૂ. | – | શાંખાયન ગૃહ્યસૂત્ર |
| શાં.બ્રા. | – | શાંખાયન બ્રાહ્મણ |
| શિ.પુ. | – | શિવ મહાપુરાણ |
| સ્કં.પુ. | – | સ્કંદપુરાણ |
| હ.પુ. | – | હરિવંશપુરાણ |

રજી. નં. ૨૯૩૭ તા. ૧૭-૨-૨૦૦૩

# ABSTRACT

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટની વિનયન વિદ્યાશાખાની**
**પીએચ.ડી. (સંસ્કૃત)ની પદવી માટે રજૂ થનાર મહાનિબંધનો સારાંશ**

## ❖ મહાનિબંધ-શીર્ષક ❖

## કંડુલપુરાણનું સાંસ્કૃતિક અધ્યયન
## (A Cultural Study of Kaṇḍula Purāṇa)

## ❖ પ્રસ્તુતકર્તા ❖


**પ્રા. હરેન્દ્ર એલ. શુક્લ**
વ્યાખ્યાતા, સંસ્કૃત વિભાગ,
શ્રી ડી. વી. રાવલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ,
હળવદ, જિ. સુરેન્દ્રનગર


## ❖ માર્ગદર્શક ❖


**ડૉ. હંસાબેન હિંડોચા**
પૂર્વ અધ્યક્ષા, સંસ્કૃત ભવન,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ.


## ❖ માર્ગદર્શકશ્રીની સહી ❖

સંસ્કૃત વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ-૩૬૦૦૦૫.

# મહાનિબંધનો સારાંશ (ABSTRACT)

(યુ.જી.સી. પત્રાંક : એફ. ૧૫-૧૦/૮૩ (સી.પી.),
તા. ૧૦-૧૦-૧૯૮૩ અનુસાર મહાનિબંધ સાથે રજૂ કરવાનો એબ્સ્ટ્રૅક્ટ)

શીર્ષક : કંડુલપુરાણનું સાંસ્કૃતિક અધ્યયન

પ્રસ્તુતકર્તા : પ્રા. હરેન્દ્ર એલ. શુક્લ

માર્ગદર્શક : ડૉ. હંસાબેન હિંડોચા

# કંડુલપુરાણની મુદ્રિત આવૃત્તિ

શ્રી માધવરાય કરસનજી અધ્વર્યુએ સિહોરમાંથી મેળવેલી હસ્તપ્રતનો અનુવાદ કરી જૂનાગઢથી સં. ૧૯૯૨માં પ્રસિદ્ધ કર્યો છે. તેની પ્રસ્તાવનામાં તેમણે જણાવ્યું છે કે આ ગ્રંથનો પ્રાયઃ ઉતારો બ્રાહ્મણોત્પત્તિ માર્તંડમાં મળે છે. રાજકોટથી 'જય સામુદ્રીય' માસિકમાં થોડા થોડા શ્લોકો આપવા માંડ્યા. શ્રેષ્ઠીઓની આર્થિક સહાયથી કપોલ વિપ્રો અને વણિકો, સોરઠિયા વણિકોના ઈતિહાસ અને વંશાવળીઓ મેળવી ત્રણ ભાગમાં આ ગ્રંથ પ્રકાશિત કર્યો છે. પ્રથમ ભાગમાં કંડુલપુરાણના ચૌદ અધ્યાયો ગુજરાતી અનુવાદ સાથે આપ્યા છે. બીજા ભાગમાં કપોલ જ્ઞાતિનો ઈતિહાસ, ગોત્ર અને ગોત્રોમાંથી ઊતરી આવેલી પેઢીઓ અને ત્રીજા ભાગમાં સોરઠિયા જ્ઞાતિનો ઈતિહાસ કેટલાક કુટુંબોની વિગતો સાથે આપી જ્ઞાતિનું ગૌરવ વધાર્યું છે.

આ પુરાણના શ્લોકો પ્રાયઃ અનુષ્ટુપ છંદના ૯, અનુષ્ટુપ છંદના કુલ ૧૪૮૭ શ્લોકો છે. ઉપજાતિ છંદના ૬ અને વસંતતિલકા છંદના ૮ શ્લોકો છે. આમ મૂળ પ્રતના કુલ ૧૫૦૪ શ્લોકો છે.

હસ્તપ્રતના આરંભે આપેલા ત્રણ મંગળ પદ્યોમાં પ્રથમ પદ્યમાં શિવપાર્વતીને અનુષ્ટુપ છંદમાં નમસ્કાર છે. બીજા દૂષિત રથોદ્ધતામાં ગણેશનું બ્રહ્મ તરીકે ધ્યાન ધર્યું છે. ત્રીજો દૂષિત છંદ છે. 'ससजगागा' માં સરસ્વતીને પ્રાર્થના છે.

કંડુલપુરાણની આ પ્રતમાં પ્રકાશકે જણાવ્યા પ્રમાણે દૂષિત પાઠો અવાચ્ય અક્ષરોને લઈને થયા છે. પાઠશુદ્ધિની આવશ્યકતા છે. વળી ઘણીવાર અનુવાદમાં પણ જાતિઓ રહી ગઈ છે. છતાં પ્રકાશકશ્રી માધવરાય કરસનજી અધ્વર્યુએ કપોલ

જ્ઞાતિ અને સોરઠિયાના વણિકો અને કપોલ વિપ્રો માટે આ ગ્રંથ સુલભ કરાવી આપી જ્ઞાતિજનો, પુરાણના અધ્યેતાઓ અને સંશોધકોને માટે ઘણું ઉપકાર-પરોપકારનું કાર્ય કર્યું છે. આ કાર્ય બિરદાવવા અને અભિનંદનને યોગ્ય છે. આ માટે જેટલાં અભિનંદન આપીએ તેટલાં ઓછાં છે. આ ગ્રંથને શુદ્ધિપૂર્વક પુનઃ પ્રકાશિત કરવાની આવશ્યકતા છે. મારા આ અધ્યયનમાં દૂષિત પાઠો, વ્યાકરણના દોષો તેમજ અનુવાદની મતિઓની ઉપેક્ષા કરી ગુણગ્રાહિણી મતિથી આ પુરાણની સારી બાબતો પ્રકાશમાં લાવવાનો પ્રયત્ન કર્યો છે.

**- હરેન્દ્ર એલ. શુક્લ**

# <u>મહાનિબંધનો સારાંશ</u>

# (ABSTRACT)

## શીર્ષક : કંડુલપુરાણનું સાંસ્કૃતિક અધ્યયન

### ૧. ભૂમિકા

પુરાણ સાહિત્ય ભારતીય લોકોનું પ્રિય સાહિત્ય છે. ભાગવત, દેવભાગવત આદિપુરાણોનાં થતાં પારાયણ (સપ્તાહ) તેના પ્રમાણરૂપ છે. આ પુરાણોના પુરાણ, મહાપુરાણ, ઉપપુરાણ, ઔપપુરાણ, ઉપોપપુરાણ વગેરે ભેદો પણ સ્વીકારાયા છે. પુરાણોની સર્ગવિદ્યા અને પ્રતિસર્ગ કે વિસર્ગ વૈવિધ્ય ભરી સૃષ્ટિને પામવા વિભિન્ન દિવ્ય ક્ષેત્રો અને તીર્થોનાં માહાત્મ્ય રચાયાં છે. પુરાણની વંશ પરંપરા અને વંશાનુચરિતોએ પોતપોતાની જ્ઞાતિનાં મૂળ પુરાણોમાં શોધવા પ્રયત્ન કર્યો છે. આવા પ્રયત્નોના પરિપાક રૂપે ગોત્રપ્રવર્તક ઋષિઓના વંશો-અનુવંશો કે પ્રવરો, વેદ, શાળાની વિગતો વર્તમાન સ્થિતિનું પ્રાચીન પરંપરામાં મૂળ શોધી કે જોડીને પોતપોતાની જ્ઞાતિઓની પ્રાચીનતા સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે. આના પરિણામે પુરાણ સાહિત્યમાં ક્ષેત્ર માહાત્મ્યો, તીર્થ માહાત્મ્યો અને જ્ઞાતિપુરાણો અસ્તિત્વમાં આવ્યાં છે.

સામાન્ય રીતે પુરાણોમાં પ્રયાગ, મથુરા, ગયા, વારાણસી, નર્મદા આદિનાં માહાત્મ્યો મળે છે. ક્યારેક પ્રસિદ્ધ પુરાણો સાથે સ્થળોનાં માહાત્મ્ય જોડવામાં આવ્યાં છે. વેંકટાચલ માહાત્મ્ય આવું માહાત્મ્ય છે.

સમગ્ર ભારતમાં આવાં સ્થળ પુરાણો કે તીર્થ માહાત્મ્યો અને જ્ઞાતિ પુરાણો હશે પણ તેની માહિતી - ખાસ કરીને જ્ઞાતિપુરાણોની માહિતી બહુ પ્રસિદ્ધ થઈ નથી. પરંતુ ગુજરાતમાં આવા લગભગ એકવીસ તીર્થ માહાત્મ્યો અને જ્ઞાતિપુરાણો મળે છે. આવાં

પુરાણોની ગંગોત્રી ક્યારેય સ્કંદપુરાણ કે પદ્મપુરાણમાં મળે ખરી. ગુજરાતનું વાયડા વણિકો અને વિપ્રોનું જ્ઞાતિપુરાણ માત્ર એક શ્લોકના આધારે પ્રસિદ્ધ વાયુ પુરાણ સાથે જોડાયેલું છે. નામભેદથી કેટલાંક પુરાણોની ઓળખ સંદિગ્ધ બની છે. લિંબચપુરાણ કે લિંબચ માહાત્મ્ય અને નાપિતપુરાણ જુદાં છે કે કેમ ? પાંચાલ પુરાણ અને કંડુલપુરાણ એક છે કે કેમ ? કંડુલ પુરાણને પાંચાલ માહાત્મ્ય કહી શકાય કે કેમ ? આવા પ્રશ્નોનાં સમાધાન શોધવા તેમજ જ્ઞાતિઓનો ઈતિહાસ તપાસવા આવાં પુરાણનું અધ્યયન આવશ્યક છે.

## ૨. પ્રસ્તુત શોધ-નિબંધની વિશેષતાઓ

૧. કંડુલપુરાણનો સમીક્ષાત્મક અને સાંસ્કૃતિક અભ્યાસ આ મહાનિબંધમાં રજૂ કર્યો છે તે પાંચાલ ક્ષેત્રોનાં તીર્થો અને કપોલ-સોરઠિયા જ્ઞાતિઓના ઉત્પત્તિ અને ગોત્રાદિ જ્ઞાન અને સ્પષ્ટતાઓ માટે ઉપાદેય બની રહેશે.

૨. કંડુલપુરાણ બિનસાંપ્રદાયિક જ્ઞાતિપુરાણ છે તારવી શકાય તેમ છે. તીર્થો, સ્તુતિઓ અને તેની સાથે સંલગ્ન કથાઓ આ બાબતનું સમર્થન કરે છે.

૩. ધર્મ અને સંપ્રદાય, જ્ઞાતિના વિશિષ્ટ આચારો, વ્રત, દાન, યજ્ઞ, તીર્થયાત્રા આદિના જ્ઞાન માટે આ પુરાણ ઉપકારક છે.

૪. આ પુરાણમાં ઉલ્લિખિત, ત્રિનેત્રેશ્વર, સામુદ્રીદેવી ચામુંડા, સામ્બકુંડ, ગોમતી અને મચ્છધરામાં થતાં પિતૃકાર્યની મહત્તા જાણવા આ પુરાણની વિગતો ઉપકારક અને ઉપાદેય બને તેમ છે.

૫. સ્તુતિઓ, તામ સ્તોત્રો, સ્થળ માહાત્મ્યની સાથે સાથે ઉપાસનાની દૃષ્ટિએ મહત્ત્વના જણાયાં છે.

૬. જ્ઞાતિપુરાણોના અધ્યયન માટે આ પુરાણનું અધ્યયન ઉપકારક અને માર્ગદર્શક બને તેમ છે.

૭. ગુજરાતમાં માત્ર શ્રીમાળપુરાણ, વાલખિલ્ય પુરાણ અને કાલિકાપુરાણનાં અધ્યયન થયાં છે. અન્ય જ્ઞાતિપુરાણો અને તીર્થ માહાત્મ્યોનાં અધ્યયન કરવા આ પુરાણનું અધ્યયન પ્રોત્સાહિત કરનાર હોવાથી ઉપાદેય છે.

## ૩. ઉદ્દેશ

પ્રસ્તુત મહાનિબંધના ઉદ્દેશો આ પ્રમાણે છે :

૧. પુરાણ સાહિત્યની પરંપરા વિભાવનાની સ્પષ્ટતા સાથે આ પુરાણનું સ્વરૂપ સ્પષ્ટ કરવું.

૨. ગુજરાતમાં જ્ઞાતિપુરાણોની પરિચયાત્મક અને વિશિષ્ટતાદર્શક વિગતો સંકલિત કરી પ્રકાશમાં લાવવી.

૩. કંડોળિયા અને કપોલ વિપ્રો, કપોલ વણિકો, સોરઠિયા વણિકો, પોરવાડ, કાઠી અને રજકોની જ્ઞાતિ વિષે આ પુરાણમાં ઉપલબ્ધ વિગતોને રજૂ કરવી અને તેની સમીક્ષા કરવી.

૪. કપોલ વિપ્રો અને વણિકો અને સોરઠિયા વણિકોનાં ગોત્ર, પ્રવર આદિની વિગતો તારવવી.

૫. આ પુરાણમાં નિર્દિષ્ટ પાપાપનોદન ક્ષેત્રમાં સ્થાન (થાન) નગરની સ્થાપના, સમૃદ્ધિ, પતન, વિભિન્ન તીર્થોની વિગતો તારવી તેનાં અભિજ્ઞાન આપવાં.

૬. ત્રિનેત્રેશ્વર (તરણેતર), સામુદ્રી દેવી (સુંદરી ભવાની), કંડોળિયા હનુમાન, ચૌલુક્યની દેવી (ચોટીલાની ચામુંડા) વગેરેનાં માહાત્મ્યો,

તેની સાથે સંકળાયેલી કથાઓ અને સ્તુતિઓનું અધ્યયન કરવું. કંડોળિયા હનુમાનનું સ્થાન દર્શાવવું.

૭. માંધાતા, કણ્વ, ગાલવ, ગૌતમ-અહલ્યા, શ્રીકૃષ્ણ-પાંડવો, રામની આ ક્ષેત્રની યાત્રા જેવી વિગતોનું સમીક્ષાત્મક અધ્યયન કરવું.

૮. આ પુરાણના અધ્યાય-૧૩ અને ૧૪નું વિશેષ અધ્યયન કરી તેની સમીક્ષા કરવી.

૯. જ્ઞાતિપુરાણ અને તીર્થ માહાત્મ્યની આ પુરાણના સાંસ્કૃતિક અધ્યયનની દૃષ્ટિએ ઉપાદેયતા તારવવી.

## ૪. વિષય પસંદગીની પ્રેરણા

૧. દ્વારકાની શારદાપીઠ સંસ્કૃત એકેડેમીમાંથી એમ.એ. કર્યા પછી પ્રિ. ડૉ. એસ. કે. દવે સાથે ગુજરાતમાં પુરાણોના અધ્યયતા પ્રોજેક્ટમાં જુનિયર રિસર્ચ ફેલો તરીકે કામ કરવાની તક મળતાં આ પુરાણોનું અધ્યયન કરવાની પ્રેરણા મળી.

૨. શારદાપીઠ સંસ્કૃત અકાદમીના પૂર્વ નિયામક ડૉ. મણિભાઈ પ્રજાપતિ, ડૉ. હંસાબેન હિંડોચા અને ડૉ. એસ. કે. દવેના અધ્યયન અધ્યાપન અને સંશોધનનાં કાર્યો સંશોધન માટે પ્રેરણારૂપ બન્યાં.

૩. દ્વારકામાંથી કંડુલપુરાણ મળ્યું. આ પુરાણમાં ઉલ્લિખિત કપોળ-વિપ્રો અને વણિકો, સોરઠિયા વણિકોની જ્ઞાતિનો ઈતિહાસ જાણવાની ઉત્કંઠાએ આ દિશામાં અધ્યયન અને સંશોધન કરવા મને પ્રોત્સાહિત કર્યો.

## ૫. સામગ્રી સંકલન

ડૉ. મણિભાઈ પ્રજાપતિ, ડૉ. હંસાબેન હિંડોચા, ડૉ. ડી. જી. વેદિયાનાં અંગત ગ્રંથાલયો, પ્રાચ્ય વિદ્યામંદિર, વડોદરા, શારદાપીઠ અકાદમીનું ગ્રંથાલય, દ્વારકાની આર્ટ્સ કૉલેજનું પુસ્તકાલય, ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ, ગુજરાત વિદ્યાપીઠનું ગ્રંથાલય આદિમાંથી કંડુલપુરાણના અને પુરાણ સાહિત્યના અધ્યયન માટે સામગ્રી અને સહાયક સામગ્રી મળી છે. આ મહાનિબંધ તૈયાર કરવામાં મેં મુખ્યત્વે નીચેના મૂળગ્રંથો અને સંદર્ભગ્રંથોનો આધાર લીધો છે.

(૧) પુરાણ પરિશીલન, (૨) પુરાણ પંચલક્ષણ (૩) ગુજરાતના જ્ઞાતિપુરાણો (૪) કંડુલપુરાણ (૫) શ્રીમાળપુરાણનું સાંસ્કૃતિક અધ્યયન (૬) કંસારા જ્ઞાતિનું કાલિકાપુરાણ (૭) વાયુપુરાણ વગેરે.

આ ઉપરાંત અન્ય સંદર્ભ ગ્રંથોની સંપૂર્ણ સૂચિ મહાનિબંધના અંતે પરિશિષ્ટ તરીકે રજૂ કરી છે.

## ૬. પ્રસ્તુત મહાનિબંધના મુખ્ય નોંધપાત્ર મુદ્દાઓ

પ્રસ્તુત મહાનિબંધ કુલ દસ પ્રકરણોમાં વિભાજિત છે. અગિયારમું પ્રકરણ ઉપસંહાર અને નિષ્કર્ષ વિષયક છે. આ મહાનિબંધનના અંત ભાગે પરિશિષ્ટોમાં વિપ્રો અને વણિકોના ગોત્ર પ્રવર આદિ, સંભવિત સ્થળાંતરને અનુલક્ષી વિપ્ર વણિક કુટુંબોની વિગતો તેમજ ત્રિનેત્રેશ્વર, સામુદ્રીમાતા, બકુલાર્કના ફોટોગ્રાફ્સ આપ્યા છે.

**પ્રકરણ-૧**માં પુરાણ શબ્દનું નિર્વચન આપી, તેનો અર્થ સ્પષ્ટ કરી પુરાણની ઉત્પત્તિ અને વિકાસ દર્શાવી પુરાણના વર્ણ્ય વિષયો, પુરાણના પ્રકારો અને સંખ્યા નિરૂપી પુરાણોમાં સાંપ્રદાયિકતા વિષે ચર્ચા કરી છે.

**પ્રકરણ-૨**માં ઉપપુરાણનો અર્થ અને તેનું સ્વરૂપ દર્શાવી ઉપપુરાણના ઉદ્ભવ, વિકાસ, ઉપપુરાણોનો સમય, સંખ્યા વિષે ચર્ચા કરી ઉપપુરાણ, ઉપોપપુરાણ, ઔપપુરાણના ભેદને સ્પષ્ટ કરવામાં આવ્યો છે.

**પ્રકરણ-૩**માં જ્ઞાતિપુરાણનો ઉદ્ભવ, વિકાસ અને સ્વરૂપની ચર્ચા કરી ગુજરાતના જ્ઞાતિપુરાણોનો પરિચય આપવામાં આવ્યો છે.

**પ્રકરણ-૪**માં કંડુલ પુરાણના ચૌદેય અધ્યાયોના સાર આપી પ્રત્યેક અધ્યાયની સમીક્ષા કરવામાં આવી છે.

**પ્રકરણ-૫**માં કંડુલપુરાણનો પ્રાચીન સ્રોત દર્શાવી સૌરાષ્ટ્રનો આનર્ત સાથે સંબંધ ચર્ચી સ્થાન (થાન) નગરની રચના, વિપ્રો અને વણિકોનાં સ્થળાંતરણ, નિરૂપી કંડુલ પુરાણનાં ઉલ્લિખિત સ્થાનો અને તીર્થો તારવી તેનાં અભિજ્ઞાન આપવામાં આવ્યા છે. ઈતિહાસ અને ભૂગોળની દૃષ્ટિએ આ સ્થાનનું મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે.

**પ્રકરણ-૬**માં ધર્મની વિભાવના સ્પષ્ટ કરી ધર્મ અને સંપ્રદાયનો ભેદ દર્શાવી કંડુલપુરાણમાં નિરૂપિત સંપ્રદાયો સાક્ત, શૈવ, વૈષ્ણવ, સૌર, ગાણપત્ય આદિનું નિરૂપિત સમીક્ષાપૂર્વ દર્શાવી આ સ્થાનના દેવદેવીઓનો પરિચય આપ્યો છે. આ સ્થાનનાં તીર્થો વિષે તો પ્રકરણ-૫માં દર્શાવ્યું નથી.

**પ્રકરણ-૭**માં સ્તોત્ર અને સ્તુતિનો વ્યુત્પત્તિજન્ય અર્થ આપી, સ્તોત્ર સાહિત્યનું સ્વરૂપ સ્પષ્ટ કરી સ્તુતિ-સ્તોત્રમાં આત્મનિવેદનના ભાવનું મહત્ત્વ દર્શાવી કંડુલપુરાણમાં આવતી સ્તુતિઓનો સાર આપી તેમનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. આ પુરાણમાં દસ સ્તુતિઓ છે.

**પ્રકરણ-૮**માં કંડુલપુરાણમાં પ્રાપ્ત સામાજિક સંદર્ભે તપાસ કપોલ-કંડુળ,

વિપ્રો અને વણિકો, સોરઠિયા વણિકોની ઉત્પત્તિ વિષયક વિગતો ચર્ચી તેમનાં ગોત્ર, પ્રવર, કુળદેવી વગેરે વિગતો આપી કપોળ જ્ઞાતિનું સામાજિક ક્ષેત્રે પ્રદાન દર્શાવવામાં આવ્યું છે.

**પ્રકરણ-૯**માં મહાનિબંધનો વિષય કંડુલપુરાણનું સાંસ્કૃતિક અધ્યયન હોવાથી વૈદિકયુગથી અદ્યાપિ ભારતીય સંસ્કૃતિના વિકાસના સોપાનો યજ્ઞપ્રધાન સંસ્કૃતિ, શ્રમણ પરંપરા, શક, હૂણ વગેરેનાં આક્રમણ, મુસ્લિમોનાં આક્રમણ અને શાસન, અંગ્રેજો, ફ્રેંચ વગેરે પ્રજાઓનું ભારતમાં આગમન અને દેશવિદેશની વધેલી યાત્રાઓના પરિણામે મૂળ ભારતીય સંસ્કૃતિમાં આવેલાં પરિવર્તનો દર્શાવી ભારતીય સંસ્કૃતિની વિકાસ પરંપરા આવેલી છે. ભારતીય સંસ્કૃતિ અને જ્ઞાતિપુરાણોનો સંબંધ દર્શાવી કંડુલપુરાણનું સાંસ્કૃતિક મહત્ત્વ પ્રસ્થાપિત કર્યું છે.

**પ્રકરણ-૧૦** આ મહાનિબંધનો સાર આપી નિષ્કર્ષ તારવવામાં આવ્યો છે.

મહાનિબંધ અને પરિશિષ્ટોમાં સહાયક સંદર્ભગ્રંથોની સૂચિ અકારાદિ ક્રમે સંસ્કૃતિ, હિન્દી, ગુજરાતી અને અંગ્રેજીમાં વર્ગીકૃત કરીને આપવામાં આવી છે.

**(પ્રા. હરેન્દ્ર એલ. શુક્લ)**
પીએચ.ડી.ના
વિદ્યાર્થીની સહી

**(ડૉ. હંસાબેન હિંડોચા)**
સંસ્કૃત વિષયમાં પીએચ.ડી.ના
માર્ગદર્શકશ્રીની સહી

તારીખ : -૬-૨૦૧૦